શ્લોકમાં કહી છે. ભગવાનની ભક્તિ અને શરણાગતિ કરવી જોઈએ, - તેવું તેને ભાન છે.

પોતાની શરણાગતિ, જીવ-બ્રહ્મનો ભેદ, જીવની ન્યૂનતાથી નમન, સત્સંગથી નમનસંભવ, હરિનું હિતકર્તૃત્વ, કૃપાપ્રાર્થના, પ્રભુને બદલો દેવા જીવની અશક્તિ, પ્રભુનું જ્ઞાન દેવાપણું, સંસારની દુષ્ટતા અને તેનો અભાવ, - જીવ પોતાની સ્તુતિમાં કહે છે.

तस्योपसन्नमवितुं जगदिच्छयात्त–नानातनोर्भुवि चलच्चरणारविन्दम् ।
सोऽहं व्रजामि शरणं ह्यकुतोभयं मे येनेदृशी गतिरदर्श्यसतोऽनुरूपा ॥ (१२)

“જેણે મને દુષ્ટને આ પ્રકારનું જ્ઞાન આપ્યું (ગતિ દર્શાવી) તે, પોતે પ્રકટ કરેલા વિશ્વની રક્ષા માટે વિવિધ અવતાર લેનાર, સર્વ તરફથી ભયરહિત, પ્રભુનાં ચરણારવિંદને શરણે હું જાઉં છું. એ પ્રભુ પોતે કરેલા આ ઉપકારથી પોતે જ સંતુષ્ટ થાઓ ! આપ દીનાનાથ છો. અમે આપનું શું પ્રિય કરી શકીએ ? બે હાથ જોડવા સિવાય આપને માટે હું કાંઈ જ કરી શકું તેમ નથી ! પ્રભુના ઉપકારને બદલે પ્રત્યુપકાર કંઈ જ કરી શકાય તેમ નથી !” દીનતા જીવની છે અને તેનાથી જીવ પ્રભુને વિનવે છે. ત્યાં તો, પ્રસૂતિકાલ પાસે આવતાં, બાલક બિચારો જન્મે છે; અને વળી પાછો, જન્મમરણના ચક્રમાં આથડે છે. અનેક પ્રકારનાં સુખદુઃખ બાલ્યાવસ્થામાં માણતો, યુવાવસ્થામાં સુખ શોધવામાં રાચતો, વૃદ્ધાવસ્થામાં વળી દુઃખાનુભવ કરે છે. તેવા સંસારીનો સંગ ન કરવો. જન્મમરણની જંજાળમાં તે ફસાય છે, ભટકે છે. તેમાં તેને વધારેમાં વધારે ફસાવનાર, ભાન ભુલાવનાર મારી બલવતી માયા છે. મા, માયા તમે આંખ સામે જોઈ છે ?

ભગવાનની બલવતી માયા-સ્ત્રી :

बलं मे पश्य मायायाः स्त्रीमय्या जयिनो दिशाम् ।
या करोति पदाक्रान्तान् भ्रूविजृम्भेण केवलम् ॥ (३८)

દિગ્વિજય કરનારાઓ પણ સ્ત્રી પાસે હારે છે. સ્ત્રીરૂપ મારી માયાનું બલ જો ! પ્રમદાનો સંગ ક્યારેય ન કરવો. જેનામાં દેહમદ છે, સ્વરૂપમદ છે, યૌવનમદ છે, તેવાં સ્ત્રીજન પ્રમદા છે. તેનો સંગ ન કરવો. જેને યોગની પાર પહોંચવું છે, તેણે સ્ત્રીસંગરૂપ નરકના દ્વારથી દૂર રહેવું. પ્રમદા કામાત્મક છે અને કામને ગીતાજીમાં ભગવાને નરકનો દરવાજો કહ્યો છે. ભગવદ્ભાવ જેનામાં ન હોય તેને, “પ્રમદા” મોહ ઉત્પન્ન કરે. ભય, લાચારી, વ્યાકુલતા વગેરે છોડી, ધૈર્ય રાખી, નિઃસંગ થઈ, જીવગતિ જાણી, માનવ સંયમ પ્રાપ્ત કરે. ભ્રમણશીલ રહે, યોગ અને વૈરાગ્યવાળી બુદ્ધિથી આત્મદર્શનતત્પર રહે તો જીવ કૃતાર્થ થઈ શકે છે.

અધ્યાય : ૩૨

સગુણ-લોકોને મળતી વિવિધ ઉત્તમગતિ :

સાત્ત્વિક, રાજસ અને તામસ ગુણવાળા જીવોએ કરવાનાં સાધન અને ફલનો સર્વ નિર્ણય સંક્ષેપમાં હવે કરે છે. જીવને મળતી ઉત્તમ-ગતિનું પણ અહીં નિરૂપણ છે.

ગૃહસ્થાશ્રમનું યથાર્થ ધર્માનુસાર સેવન, ઘરને ઋષિના આશ્રમ જેવું, શ્રમ હરનાર, બનાવે

છે. મોહમાં ફસાઈને ધર્મ અને ભગવાનથી વિમુખ થવાથી, ઘર ગળી જનારા અજગર જેવું બને છે. તે બધી તરફથી શ્રમ વધારી સંસારમાં ભટકાવે. ગૃહસ્થાશ્રમમાં ભગવદ્ધર્મોનું આચરણ સરલતાથી થાય, દોષનું નિવારણ અને ગુણોનું પોષણ થાય, પુરુષાર્થ સિદ્ધ થાય; પણ તામસ-લોકો અનેક ઈચ્છાઓથી મૂઢ થઈ જાય છે. ભગવદ્ધર્મથી વિમુખ બને છે. માત્ર પોતાના લાભ માટે દેવો અને પિતૃઓનું પૂજન, વ્રત અને યજ્ઞ વગેરે કરે છે. તે ચન્દ્રલોક સુધી જઈને પાછા આવે છે. લોકો પોતાની લૌકિક-કામનામાં ભગવાનને પણ ભૂલે છે, છોડે છે, ભવમાં ભટકે છે, ભયમાં જીવે છે.

નિષ્કામ સાત્ત્વિક-લોકો શુદ્ધ અંતઃકરણથી નિષ્કામ કર્મ કરી, મુક્તસંગ થઈ, સૂર્યદ્વારથી પ્રભુને પ્રાપ્ત કરે છે. બ્રહ્માજીના આયુષ્ય સુધી તે લોકો ત્યાં પરના લોકમાં રહે છે.

ભગવાનના ભક્તો ભગવાનને પ્રાપ્ત કરીને કૃતાર્થ થાય છે. અભિમાન હોય તો જ્ઞાન, યોગ વગેરેથી પણ સફલતા મળતી નથી. પ્રભુનું માહાત્મ્ય સાંભળીને, ભગવન્માર્ગ પ્રમાણે, પ્રેમથી પ્રભુને શરણે જવું.

રાજસ-લોકો શ્રદ્ધાપૂર્વક કર્મ કરીને, ઈન્દ્રિય-વિજયાદિ ન હોવાથી, બ્રહ્મલોકનાં સુખ ભોગવી પુનઃ પાછા આવે છે.

સંસારાસક્ત, લોકો લોકની વાતો જ સાંભળે છે, ભગવાનની કથા સાંભળતા નથી. દૈવે જ તેમને તેવા બનાવીને હણેલા છે. ઉત્તરક્રિયાઓ થઈ હોય તે આવા લોકો અર્યમાના દક્ષિણમાર્ગથી પિતૃલોકમાં જઈ પાછા જન્મે છે.

સર્વભાવે ભગવાનને ભજવા :

तस्मात्त्वं सर्वभावेन भजस्व परमेष्ठिनम् ।
तद् गुणाश्रयया भक्त्या भजनीयपदाम्बुजम् ॥ (२२)

સેવવા યોગ્ય ચરણકમળવાળા ભગવાનનું, તેમના ગુણોથી થતી ભક્તિથી, સર્વભાવે, તું ભજન કર.

લોકો ગમે તે પ્રકારના હોય, જેને જેમ રુચે તેમ કરે, કૃતાર્થ થવું હોય તેણે સર્વભાવથી ભગવાનનું ભજન કરવું. જેટલાં સેવવા (ભજન કરવા) યોગ્ય સ્વરૂપો છે, આ લોક અને પરલોકનાં સાધનો છે, દેહથી લઈને પ્રભુપર્યંતના સઘળા જેટલા, જે રીતે ભજન કરવા યોગ્ય છે, તે બધા જ પ્રકારના ભાવ ભગવાનમાં જ કરવા, તે સર્વભાવ છે. સર્વ તરફ થતો, સર્વ પ્રકારનો (ઉત્તમ) ભાવ ભગવાનમાં કરવો, - તે - સર્વભાવ ! સર્વમાં ભગવદ્‌ભાવ રાખવો, તે પણ સર્વભાવ છે.

વાસુદેવ ભગવાનમાંનો ભક્તિયોગ ઝડપથી વૈરાગ્ય અને ભગવદ્દર્શન થાય તેવું જ્ઞાન ઉત્પન્ન કરે છે. એક જ ભગવાન્ અનેક રૂપે વિરાજતા દેખાય છે ! જ્ઞાન સંગરહિત બનાવે છે, તેથી કૃતાર્થ થવાય છે. ભગવન્નિષ્ઠ જ્ઞાનયોગ અને નિર્ગુણ-ભક્તિયોગ બંનેનું ફલ ભગવાન્ છે ! તે ભગવાન્ અનેક ધર્મયુક્ત હોવાથી શાસ્ત્રના જુદા જુદા મતથી જુદી જુદી રીતે ભાસે છે. દ્રષ્ટાના ભાવભેદથી જુદાં સ્વરૂપ લાગે છે. જેમ એક જ વ્યક્તિ કોઈના માટે કાકા, મામા, પિતા, ભાઈ, પુત્ર તરીકે જુદી લાગે, તેમ એક જ ભગવાન્ ભાવાનુસાર જુદા લાગે છે !

આ સિદ્ધાન્ત-શ્રવણના અનધિકારી અને અધિકારી :

નવ પ્રકારના લોકોને આ સિદ્ધાન્ત ન સંભળાવાય, ઉપદેશનો લાભ તેમને ન થાય, - (૧) દુર્જન, (૨) ઉદ્ધત, (૩) અશ્રદ્ધાળુ, (૪) બીજા મતને અનુસરનાર, (૫) પાખંડી, (૬) લોભી (વિષયી), (૭) ગૃહાસક્ત, (૮) અભક્ત, (૯) ભક્તદ્વેષી.

અગિયાર પ્રકારના લોકો સાંભળી, લાભ મેળવી, કૃતાર્થ થાય છે, - (૧) શ્રદ્ધાળુ, (૨) ભક્ત, (૩) વિવેકી, (૪) ઈર્ષા-રહિત, (૫) પ્રાણીમાત્રનું હિત કરનાર, (૬) સેવારત, (૭) લોકમાં વૈરાગ્યવાળા, (૮) શાંત, (૯) દ્રોહ-રહિત, (૧૦) પવિત્ર, (૧૧) ઉપર કહેલા નવ દોષ હોવા છતાં પણ પ્રભુમાં અત્યંત પ્રીતિયુક્ત; દઢ પ્રભુપ્રીતિથી દોષ પણ ગુણરૂપ બની જાય !

શ્રોતા અને વક્તા, પ્રતિષ્ઠા કે પૈસાને બદલે પ્રભુપ્રીતિ માટે શ્રવણ-કીર્તન કરે તો ઉભય કૃતાર્થ થાય.

અધ્યાય : ૩૩

ભગવાનની કૃપાથી કૃતાર્થ થયેલાં મા દેવહૂતિજીની ગુરુસ્તુતિ અને અંતે ગુરુમાં સાયુજ્ય :

અહીં, "સ્ત્રી-મુક્તિ" કહી છે. મુક્તિ ભગવાનની કૃપાથી થાય છે, શાસ્ત્ર કે સાધનથી થતી નથી. આનંદરૂપ પ્રભુની કૃપા દુર્લભ છે. કૃપા તો સંબંધ વગેરેથી પણ થતી નથી. કૃપા પ્રભુની પ્રસન્નતાથી થાય. પ્રસન્નતા સ્તુતિથી સંભવે. અહીં સ્તુતિ, કૃપા, મુક્તિ ત્રણે કહેલાં છે. શાસ્ત્ર સાચું સમજ્યા પછી, પ્રભુની કૃપા મેળવવા પ્રયત્ન કરવો જોઈએ. શીલ, સેવા, સત્સંગ, સ્વધર્મ ને સન્નિષ્ઠાની સમ્પત્તિથી સુયોગ્ય ને સફલ થવાય.

મા દેવહૂતિ પાસે એ સમ્પત્તિ હતી. સાંખ્યશાસ્ત્રપ્રવર્તક, જ્ઞાનકલાના અવતાર, ભગવાન્ કપિલદેવજીની વાત સાંભળીને દેવહૂતિજીએ પ્રભુનાં પાદપદ્મમાં પ્રણામ કર્યા, સ્તુતિ કરી. દેવહૂતિની દીનતા અને કપિલની કરુણા પ્રકટ થઈ, - "ભગવન્ ! આપ જન્મરહિત છો ! વિશ્વના કારણ રૂપ, અનન્ત શક્તિવાળા છો, છતાં મારા પુત્ર રૂપે પધાર્યા ! વિશ્વ આપના ઉદરમાં છે. આપ મારા ઉદરમાં કઈ રીતે વિરાજ્યા ? હા, પ્રલય સમયે વટપત્ર ઉપર પણ પોઢો છો. પગના અંગુષ્ઠને ચૂસતાં રસપાન દો છો !"

ભગવાનનું સ્વરૂપ આશ્ચર્યકારક છે. ભગવન્નામ અધમને પણ ઉત્તમ બનાવે છે. દોષો દૂર કરી, ગુણ પ્રકટ કરે છે. શ્રવણ, કીર્તન, સ્મરણથી કૃતાર્થ કરે છે. વાલ્મીકિજી નામસ્મરણથી લૂંટારામાંથી ઋષિ થયા, આદિ કવિ થયા.

"વેદગર્ભ ! કપિલ મુને ! હું આપને વંદન કરું છું !" માએ વંદન કર્યાં. સ્તુતિથી સરસ્વતીરૂપ કપિલ સંતુષ્ટ થયા. ભગવાન્ કપિલે કૃપા કરી, - "મારાં કહેલાં અસંપ્રજ્ઞાત-સમાધિ અને પછી ભગવત્સાયુજ્ય મેળવશો !" - એમ કહી વિદાય થયા.

પ્રભુના પધારતાં, વાછરડું ચાલ્યું જતાં જેમ ગાય દુ:ખી થાય તેમ, વત્સલ મા દુ:ખી થયાં ! કપિલે આપેલા જ્ઞાનને યાદ કરી શોક નિવૃત્ત કર્યો, યોગ-સાધન કર્યું. દિવ્યવિમાન અને કિશોરીઓ પાસે જ હતાં, પણ તેમાં આસક્ત ન થયાં. એકમાત્ર પ્રભુમાં પરાયણ થયાં, ભગવદ્ગતિ પ્રાપ્ત

કરવાનો સમય આવ્યો. માએ વિચાર કર્યો, - "કપિલ વાણી રૂપ છે, અગ્નિરૂપા બની સાયુજ્ય સિદ્ધ થઈ શકે, પણ તો ગુરુની કીર્તિ કોણ ગાશે ?" ખૂબ બુદ્ધિશાળી હતાં. પોતે જલ રૂપ સ્વીકાર્યું. શ્રેષ્ઠ જલ રૂપ થયાં. સરસ્વતીજીમાં મળ્યાં. ગુરુનો અમર યશઃ પૃથ્વીમાં પ્રકટ કરતાં વહેવા લાગ્યાં !

સિદ્ધિ-પ્રદ-સ્થાન માતૃગયા સિદ્ધપુર : ત્રણ દર્શનશાસ્ત્રો ગુજરાતનાં દીધેલાં છે :

આ સ્થાન સિદ્ધિ દેનારું થયું. "સિદ્ધપદ" - સિદ્ધપુર "માતૃગયા" ગણાયું ! આ ગૌરવપ્રદ ગાથા ગરવી ગુજરાતના સિદ્ધપુરમાં થયેલી છે. ત્યાં મહર્ષિ કર્દમજીએ, ભગવાન્ કપિલે અને મા દેવહૂતિજીએ સિદ્ધિ પ્રાપ્ત કરી. ગુજરાતના ગૌરવ રૂપે સાંખ્યદર્શનના પ્રણેતા ત્યાં થયા. છ દર્શનશાસ્ત્રમાંથી ત્રણ દર્શનના પ્રણેતા ગુજરાતના હોવાનું સંભળાય છે ! સાંખ્યશાસ્ત્રના પ્રણેતા ભગવાન્ કપિલ સિદ્ધપુરમાં થયા. સૌરાષ્ટ્રમાં વળા નામના ગામમાં કણાદ મુનિ થયા. તેમણે વૈશેષિક-દર્શનનું નિરૂપણ કર્યું. નવસારી આગળ પૂર્ણાનદીના કિનારા ઉપર યોગશાસ્ત્રના પ્રણેતા પતંજલિજી થયા.

કપિલ મુનિજીનો આ સાંખ્યમત સાંભળે, સંભળાવે - તે કાલની કનડગત વિના, પ્રભુમાં દૃઢબુદ્ધિ પ્રાપ્ત કરી, કૃતાર્થ થાય, પ્રભુને પ્રાપ્ત કરે.

य इदमनुश्रृणोति योऽभिधत्ते कपिलमुनेर्मतमात्मयोगगुह्यम् ।
भगवति कृतधीः सुपर्णकेतावुपलभते भगवत्पदारविन्दम् ॥ (३७)

ફલશ્રુતિમાં ફલરૂપ ભગવાનની પ્રાપ્તિ જ યુક્ત છે ! હૃદયપુષ્પમાંથી પ્રકટ થતો પ્રેમપરિમલ પ્રભુને પણ પરવશ બનાવે. પ્રવેશ પ્રાપ્ત કરાવે, તેથી પુષ્પિતાગ્રામાં ગાન કર્યું છે.

◆



श्रीहरिः
श्रीगोपीजनवल्लभाय नमः ॥
विजयते श्रीबालकृष्णः प्रभुः ॥

શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ

(સાત્વતસંહિતા)

ચતુર્થ-સ્કન્ધ

અધ્યાય : ૧

વિવિધ અને વિશિષ્ટ-સર્ગ તે વિસર્ગ છે :

ત્રીજા સ્કંધમાં સ્વાયંભુવ મનુનાં પુત્રી દેવહૂતિજીની કથા કરી. મનુનાં પાંચે સંતાન અપ્રાકૃત છે. મનુનાં પાંચે સંતાનોને ત્યાં ભગવાનના અવતાર થયા છે.

मनोस्तु शतरूपायां तिस्रः कन्याः प्रजज्ञिरे ।
आकूतिर्देवहूतिश्च प्रसूतिरिति सुव्रताः ॥ (૧)

મનુને ત્રણ કન્યા હતાં. આકૂતિ, દેવહૂતિ અને પછી વચમાં "च"-કાર છે. તે સૂચવે છે કે, પ્રસૂતિ માના આગ્રહથી મળેલાં કન્યા છે.

આ કથાથી આરંભ કર્યો, - ભગવાનની વિસર્ગલીલાનો! "विविधः सर्गः विसर्गः ।" વિધવિધ પ્રકારનો સર્ગ-વિસર્ગ છે; એટલો જ અર્થ બરોબર નથી; પણ "विशिष्टः सर्गः विसर्गः ।" વિશિષ્ટ પ્રકારનો સર્ગ તે - વિસર્ગ! આ બિસર્ગ લીલામાં જેમની કથા છે, તે સૌએ ભગવત્-સામર્થ્ય પ્રાપ્ત કર્યું છે; અને તેના પ્રભાવે ફલ પ્રાપ્ત કર્યુ છે, તેથી તેમનો સર્ગ વિશિષ્ટ છે. ભગવાનનું માહાત્મ્ય તેમાં સમજાય છે. તે લૌકિક નથી, અલૌકિક છે. "विसर्गः पौरुषः स्मृतः ।"- ભગવાનનાં પરાક્રમ - પૌરુષ-ને વિસર્ગ છે. ભગવાનનું સામર્થ્ય - પરાક્રમ - અનેક પ્રકારનું છે. માનવ માટે સદ્બુદ્ધિના પરિણામ રૂપે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ પ્રાપ્ત કરવાના છે. તે ભગવાનની સેવાથી, કૃપાથી, પ્રસન્નતાથી જ મળે. તે વિસર્ગ લીલામાં સ્પષ્ટ સમજાય છે.

વિસર્ગ-લીલાનો વિશેષ-વિચાર :

વિસર્ગલીલામાં ૩૧ અધ્યાય છે. શ્રીનાથજી બાવાનો તે વામ કરકમલ છે. કર ક્રિયા રૂપ છે. ક્રિયા બે હાથે થાય. એક શ્રીહસ્ત સર્ગ રૂપ, બીજો વિસર્ગ રૂપ છે. આ સર્ગ આખોય અલૌકિક છે. અલૌકિક દેવતા રૂપ સર્ગના ૩૧ અધિષ્ઠાતાઓ છે. શ્રુતિમાં દેવતાઓનો જે ક્રમ ગણાવ્યો છે, તેનાથી અહીં ઊલટો ક્રમ છે. આઠ વસુ, અગિયાર રુદ્ર અને બાર સૂર્ય મળીને એકત્રીસ છે. ભગવાનની લીલા વિચિત્ર છે, તેથી તેમાં ઉપર કરતાં વિપરીતક્રમ છે. તેમાં પહેલાં સૂર્ય છે. બાર સૂર્ય રૂપ બાર અધ્યાયની કથા પહેલાં છે. સૂર્ય પુરુષાર્થ પ્રદાન કરનાર છે. “આરોગ્ય ભાસ્કર (સૂર્ય) પાસેથી મળે.” આરોગ્ય

ધર્મ અને અર્થ-પ્રાપ્તિમાં પણ ઉપયોગી થાય. આમ, ધર્મ અને અર્થ નામના બે પુરુષાર્થ આરોગ્ય દેનારા સૂર્યની સંખ્યાના સૂચક છે. તેમાં પહેલા સાત અધ્યાયોમાં ધર્મ - પ્રકરણ, ધર્મ યજ્ઞાત્મક છે. યજ્ઞ સાત પ્રકાર (તંતુઓ) વાળો છે, - અગ્નિષ્ટોમ, ઉક્થ્ય, ષોડશી, અતિરાત્ર, આપ્ત, અર્યામ અને વાજપેય. તે સાત સંસ્થારૂપ સાત અધ્યાયો ધર્મ-પ્રકરણમાં છે. અર્થપ્રકરણમાં પાંચ અધ્યાયો છે. તેમાં ધ્રુવજીને અર્થસિદ્ધિ થઈ, એની કથા છે. ધર્મપ્રકરણમાં ધર્મસિદ્ધિ દક્ષને થઈ. અર્થસિદ્ધિ ધ્રુવજીને થઈ - સાધનથી, સાધ્યથી, મનુના ઉપદેશથી, વૈરાગ્યથી અને ફલપ્રાપ્તિથી; તેથી પાંચ અધ્યાય છે. પછી ૧૧ અધ્યાય કામપ્રકરણના છે, - રુદ્ર ૧૧ છે તેથી ! પૃથુરાજાને કામસિદ્ધિ થઈ. કામોપભોગ ૧૧ ઈન્દ્રિયો દ્વારા થાય છે, તેથી તેના ૧૧ અધ્યાય છે; પછી આઠ વસુઓ રૂપ આઠ અધ્યાયની કથા મોક્ષપ્રકરણ છે. તેનાં બે સ્વરૂપ, - એક બ્રહ્મભાવ અને બીજું સાયુજ્ય. બ્રહ્મભાવ - અવિદ્યાનાં પાંચ પર્વો (- દેહાધ્યાસ, ઈન્દ્રિયાધ્યાસ, પ્રાણાધ્યાસ, અંતઃકરણાધ્યાસ અને સ્વરૂપ - વિસ્મૃતિ -) નિવૃત્તિ થતાં પ્રાપ્ત થાય; અથવા અવિદ્યાની નિવૃત્તિ વિદ્યાનાં પાંચ પર્વ (સાંખ્ય, યોગ, તપઃ, ભક્તિ અને વૈરાગ્ય)થી થાય; તેથી પણ બ્રહ્મભાવ પ્રકરણના પાંચ અધ્યાયો છે. સાયુજ્યના ત્રણ અધ્યાય છે, - સાધન, પુરુષાર્થ અને ફલ ! આમ, કુલ ૩૧ અધ્યાયોમાં ભગવાનની વિસર્ગલીલા છે. તેમાં ધ્રુવજીને અર્થપ્રાપ્તિ થઈ અને પૃથુરાજાને કામપ્રાપ્તિ થઈ.

અવિધમાન્ પૂર્વ-અર્થ અને વિધમાન્-પૂર્વ કામનો વિચાર :

લોકો અર્થ એટલે પૈસા, પ્રયોજન વગેરે કંઈ સમજે અને કામમાં કદાચ સ્ત્રી, વિષયભોગ વગેરે સમજે, તો તે બરાબર નથી. તે તો લૌકિક છે. અહીં તો ભગવાનના અલૌકિક-સામર્થ્યનું ગાન છે. **"अविद्यमान् पूर्वोऽर्थः ।"** - પૂર્વમાં કોઈએ જે પદાર્થ પ્રાપ્ત ન કર્યો હોય, તે અર્થપુરુષાર્થ છે. **"विद्यमान्पूर्वः कामः ।"** - પૂર્વમાં વિધમાન્ હોય તે મેળવવું, તે કામ પુરુષાર્થ છે. ધ્રુવજીએ ભગવાનનું ધ્રુવસ્થાન મેળવ્યું. પહેલાં તે ધ્રુવસ્થાન કોઈનેય પ્રાપ્ત થયું નથી, એટલા માટે અર્થ-પુરુષાર્થ છે. પૃથુરાજાએ પૃથ્વીનું દોહન કર્યું. પૃથ્વી જે બીજ ગળી ગયાં હતાં તે, પૃથ્વીમાં જે રસ હતા તે, વિશેષરૂપમાં પ્રાપ્ત થયા છે, પણ હતા તે જ મળ્યા છે, તેથી તે કામ-પુરુષાર્થ છે.

કામ-પુરુષાર્થ પ્રાપ્ત કરનારા રાજા પૃથુ છે. તેમને અંતે મોક્ષ મળ્યો છે. કામ-પ્રકરણના અંતે મોક્ષપ્રકરણનો આરંભ કરવો છે. તેના ઉપોદ્‌ઘાત તરીકે પૃથુરાજાના મોક્ષનું નિરૂપણ છે. ધર્મસંમત કામનું ફલ કુત્સિત (ખરાબ) હોઈ શકે જ નહિ. શિષ્ટકામ મુક્તિ જ અપાવે, સંયમ તેનાથી શિથિલ ન થાય. વાત્સ્યાયન મુનિએ "કામસૂત્રો" લખ્યાં છે, તેમાં ઉદ્‌ઘોષણા કરી છે, - **"अस्य शास्त्रस्य तत्त्वज्ञो भवत्येव जितेन्द्रियः ।"** - આ કામશાસ્ત્રને તત્ત્વતઃ જાણનાર જિતેન્દ્રિય બને છે, લંપટ બની શકે નહિ.

ભગવાનની લીલાના ક્રમ પ્રમાણે તેમની કથાનો ક્રમ છે, તેમાં કોઈ લૌકિક-કારણ નથી :

વિસર્ગલીલાના આરંભમાં ધર્મપ્રકરણ છે. તેમાં દક્ષને થયેલી ધર્મસિદ્ધિની ગાથા છે. સ્વાયંભુવ મનુને ત્રણ કન્યા હતાં. તેમાં દેવહૂતિજીની કથા સર્ગલીલામાં કહી. ચોથા સ્કન્ધમાં બીજાં બે પુત્રીની કથા પહેલાં છે. કન્યાઓની કથા પહેલાં અને દીકરાઓની કથા પછી. વળી, મધ્યમ દીકરીની કથા પહેલાં, મોટી અને નાનીની પછી ! તેમાં કોઈ લૌકિક-કારણ નથી. ભગવાને પોતાની જે શક્તિ

જેનામાં પધરાવી છે, તે શક્તિથી થતી ભગવાનની લીલાના ક્રમ પ્રમાણે તેમની કથાનો ક્રમ છે. શ્રીમદ્ ભાગવતની કથાઓમાં ભગવાનની લીલાઓનો ક્રમ છે. વ્યાસજીએ લીલાનુસારે ક્રમ કર્યો છે. ભગવાને જેનો અંગીકાર જે લીલામાં કર્યો, તે લીલામાં તેનું લીલાના અંગ તરીકે ગાન છે. આ રીતે દેવહૂતિજીનો અંગીકાર સર્ગલીલામાં છે. આકૂતિ, પ્રસૂતિ અને ઉત્તાનપાદનો અંગીકાર વિસર્ગલીલામાં છે. પ્રિયવ્રતનો સ્વીકાર સ્થિતિલીલામાં છે. તે ક્રમમાં તેમની કથાઓ છે. ભાગવતમાં કોઈ વ્યક્તિ કે રાજાઓની કથા ઉદ્દિષ્ટ નથી, પણ ભગવાનની લીલાઓની કથા જ મુખ્ય ઉદ્દેશ છે.

ભગવાન્ સુયજ્ઞ-"પુત્રિકાપુત્ર": - દત્તકવિધાનનો આદર્શ :

વિસર્ગલીલામાં મનુપુત્રી આકૂતિની કથાનો આરંભ કર્યો. આકૂતિ યજ્ઞની બાહ્યક્રિયાનું સ્વરૂપ છે. તેમને રુચિ-ઋષિ સાથે પરણાવ્યાં. મનુએ એક શરત કરી કે, પુત્રીને ત્યાં પુત્ર થાય તે પોતાને મળે ! મન્વન્તરરક્ષા માટે ભગવદવતારરૂપ પુત્રની ઈચ્છા કરી. "પુત્રિકાપુત્ર" માગ્યો. બ્રહ્માના પુત્ર રુચિ પહેલાંની સૃષ્ટિમાં થયેલા મનુ પછીની સૃષ્ટિમાં થયા. રુચિ પૂર્વકાલના હોવાથી તેમણે આ શરત સ્વીકારી, તેમાં ઉદારતા છે, પોતાનો પુત્ર કોઈકનું કલ્યાણ કરે, સંતોષ દે, તે માટે ઉદારતાથી આપ્યો. દત્તકવિધાનનો આ આદર્શ છે. મિલકત મેળવવાનો નહિ ! કોઈને પણ સન્માર્ગે સંતોષ દેવો તે ઈશ્વર-પૂજન છે. દ્રવ્યની દૃષ્ટિ, લાલચ તો ક્લેશ વધારે છે.

શાસ્ત્રના નિયમો માણસો માટે છે; પશુઓ કે પ્રભુ માટે નથી :

પોતાની પરિસ્થિતિમાં સ્ત્રીનો સંતોષ,-એ શાંતિ - સફલતાનો ઉપાય છે :

રુચિ અને આકૂતિને ત્યાં એક કુમાર અને કુમારી સાથે પ્રકટ થયાં. તે લક્ષ્મીનારાયણના અંશરૂપ હતાં. મનુ પુત્રને લઈ ગયા. "સુયજ્ઞ" તેમનું નામ થયું. પુત્રી રુચિ-ઋષિને ત્યાં રહ્યાં. "દક્ષિણા" તેમનું નામ, પણ લક્ષ્મી અને નારાયણ બે જુદાં ન રહે. દક્ષિણાને અપેક્ષા થઈ. ઉભયનો વિવાહ થયો ! અહીં ભાઈ-બહેનનો વિવાહ નથી. શાસ્ત્રના નિયમો માણસ માટે છે, પશુ માટે કે પ્રભુ માટે નથી. પ્રાકૃત-લોકોને શાસ્ત્રના નિયંત્રણની આવશ્યકતા છે, ભગવાન્ અપ્રાકૃત છે, સૌના આત્મારૂપ છે. સઘળું ભગવાનના સ્વરૂપમાંથી જ પ્રકટ થાય છે, તેથી દોષ નથી. "तुष्टायां तोषमापन्नः ।" - દક્ષિણાને સંતોષ હતો. ભગવાન્ સંતુષ્ટ થયા. સ્ત્રીનો સંતોષ સ્વર્ગનું સુખ ઘરમાં આપે, અસંતોષ આગ લગાડે. સ્ત્રીના સંતોષથી પતિને અને સૌને સંતોષ થાય. પતિને પ્રસન્ન કરવાનો, ગૃહસ્થાશ્રમની સફલતાનો, સરલ ઉપાય બતાવ્યો - "પોતાની પરિસ્થિતિમાં સ્ત્રીનો સંતોષ !"

સુયજ્ઞ અને દક્ષિણાના બાર પુત્ર "તુષિતા" નામના દેવો થયા, સુયજ્ઞને દક્ષિણા વર્યા, અર્થાત્ યજ્ઞ દક્ષિણાથી પૂર્ણ થાય. દક્ષિણા આપે નહિ, ત્યાં સુધી યજ્ઞ અધૂરો ! યજ્ઞમાં દક્ષિણા આપ્યા પછી આશીર્વાદનો વિધિ છે, પછી યજ્ઞ પૂર્ણ થાય.

નવ બ્રહ્મર્ષિયોને કર્દમજીનાં નવ કન્યાઓ પરણાવ્યાં :

મનુનાં બીજાં પુત્રી દેવહૂતિકર્દમ-ઋષિને વર્યાં. સર્વ કાર્ય કરવા છતાં પણ દમરૂપ, ઈન્દ્રિય-સંયમશીલ, કર્દમ છે. દેવોને પ્રત્યક્ષ બોલાવે તેવાં, ઈન્દ્રિયના દેવોને વશ રાખનારાં, ઈન્દ્રિયોને

સંયમપૂર્વક સેવામાં વાળનારાં, સાત્ત્વિક બુદ્ધિરૂપ, દેવહૂતિ છે. તેના પુત્ર રૂપે પ્રભુ પધાર્યા. કપિલ કહેવાયા. કપિ જેવી ચંચલતાને - વિષયભોગવૃત્તિઓને - પોતાના જ્ઞાનોપદેશથી છેદી નાંખે, દૂર કરે તે - વિવેકરૂપ કપિલ છે ! પોતાના ઉપદેશથી સુખનો અનુભવ આપે તે-કપિલ ! કર્દમનાં નવ પુત્રીઓ નવ ગુણવૃત્તિરૂપ છે. તે નવ બ્રહ્મર્ષિઓને પરણાવ્યાં. મરીચિને કલા, અત્રિને અનસૂયા, અંગિરાને શ્રદ્ધા, પુલસ્ત્યને હવિર્ભૂ, પુલહને ગતિ, ક્રતુને ક્રિયા, ભૃગુને ખ્યાતિ, વસિષ્ઠને અરુન્ધતી અને અથર્વાને શાન્તિ. સૌને ત્યાં સુયોગ્ય સંતાન થયાં.

આત્મદાની દત્તાત્રેયજીનો અવતાર :

અત્રિ-ઋષિ બ્રહ્માજીની પ્રેરણાથી કુલાચલમાં તપઃ કરતા હતા. સો વર્ષ પર્યન્ત એક પગે ઊભા રહીને તપઃ કર્યું. પ્રભુની શરણાગતિ કરી. તેમની પાસે બ્રહ્મા, વિષ્ણુ અને શંકર-ત્રણે પ્રસન્ન થઈને પ્રકટ થયા. ઋષિ રાજી થયા. વંદન કર્યાં. મધુર વાણીમાં સ્તુતિ કરી. પોતે એકને આરાધ્યા છતાં ત્રણ પધાર્યા ! આશ્ચર્ય અનુભવ્યું. પ્રજાની પ્રાર્થના કરી. દેવો દેવા આવ્યા હતા. પતિ-પત્ની બે હતાં, ત્રીજું સંતાન ન હતું તે, અત્રિ ! પત્ની કોઈની પણ અદેખાઈ ન કરે તેવાં અનસૂયા - મહાસતીજી ! પ્રપન્ન (શરણાગત) પર પ્રસન્ન થઈ દેવો પોતાના અંશ ભાગે પુત્ર રૂપે પ્રકટ થયા. બ્રહ્માજીના અંશથી વંશ ચલાવનાર ચન્દ્ર થયા. વિષ્ણુએ પોતે પોતાનું દાન કર્યું. - **''दत्तो मयाऽहमिति यद् भगवान् स दत्तः''** - તે દત્ત થયા ! અત્રિના પુત્ર આત્રેય કહેવાય. બંને મળીને કહેવાય છે, - દત્તાત્રેય ! યોગથી તે રક્ષણ (સ્થિતિ) નું કાર્ય કરે છે. શંકરના અંશથી દુર્વાસા થયા. તે તપઃથી કૃપા અને શાપરૂપ શિક્ષા કરે છે.

બ્રહ્મા-વિષ્ણુ-શંકર ત્રણે પરબ્રહ્મના ગુણાવતાર-અંશ - છે, વિષ્ણુ ભગવાન્ છે :
કૃષ્ણ પૂર્ણભગવાન્ છે :

અત્રિએ ભગવાનનું ભજન સામાન્ય રીતે કરેલું, તેથી કર્મના ત્રિવિધ (રાજસ, સાત્ત્વિક, તામસ) પણાથી તેના અધિષ્ઠાતારૂપ ત્રણ દેવો તેમની પાસે પ્રકટ થયા. લોકો કોઈ સ્વરૂપનો અજ્ઞાનથી અનાદર ન કરે તે માટે, - “જેનું ધ્યાન કરો છો તે અમે છીએ.” **''यद्वै ध्यायत्ति ते वयं''** -કહીને, ત્રણેની એકતા કહી; અથવા એકની ત્રિવિધતા કહી. દક્ષના યજ્ઞમાં અંતે પ્રકટ થયેલા પ્રભુએ પણ, - **''दधे संज्ञां क्रियोचित्तां''** - “ક્રિયાને ઉચિત નામ ધારણ કરું છું” ! - કહીને એકત્વ કે ત્રૈવિધ્ય કહ્યું છે, - તે દ્વેષ દૂર કરવા માટે છે. દ્વેષથી દુઃખ થાય, ફલ ન મળે. ત્રણે દેવો પરબ્રહ્મના ગુણાવતાર અંશ છે. કર્મમાર્ગમાં તો સૌ દેવ સરખા ! પરબ્રહ્મ પણ દેવ જ ગણાય ! ઋષિઓ સર્વજ્ઞ છે, છતાં તેમનામાં મતભેદ દેખાય છે. કર્દમ માત્ર ભગવાનને સેવે છે. અત્રિ સામાન્ય રીતે ત્રિદેવને ! ઋષિઓ બ્રહ્મને જાણનારા છે, છતાં પોતાની શ્રદ્ધા-રુચિ અને અધિકાર પ્રમાણે વર્તે છે, સ્વભાવ અને તેના ગુણ તેમાં ભાગ ભજવે છે. રુચિ અને સ્વભાવના જુદાપણાથી મતભેદ દેખાય છે. તેમની દૃષ્ટિમાં તો બ્રહ્મ છે; પણ પોતાના સ્વભાવ કે રુચિ પ્રમાણેનાં બ્રહ્મનાં સ્વરૂપને તેઓ ભજે છે. સર્વ સમર્થ ભગવાન્ સૌની શ્રદ્ધાનુસાર તે રૂપે અનુભવ આપે છે. સ્થિતિમાં સર્વ કૃતિ અપેક્ષિત છે; ભગવાન્ જ સર્વફલ દે છે; તેથી વિષ્ણુ ભગવાન્ છે. આ મુખ્ય સિદ્ધાન્ત છે. વિષ્ણુનું ગુણાભિમાનીપણું ખંડસિદ્ધાંત છે. પૂર્ણાનન્દનો અનુભવ પૂર્ણ ભગવાન્ કૃષ્ણ કરાવે છે. તેમાં કાંઈ દોષ નથી.

મનુપુત્રી પ્રસૂતિ અને દક્ષનાં સોળ કન્યાઓની સંતાન-પરંપરા :

ધર્મ જીવનમાં આવશ્યક રીતે વણાઈ ગયેલો હોય :

મનુએ પોતાનાં ત્રીજાં પુત્રી પ્રસૂતિને દક્ષ સાથે વરાવ્યાં. દક્ષ કર્મકાંડમાં નિષ્ણાત હતો. દક્ષ એટલે નિપુણ. નિપુણતા સફલતા આપે, પણ તેમાં પ્રભુકૃપા ન સમજાય તો અભિમાન આવે ! અભિમાન અનર્થ કરે. દક્ષ મનોમય છે. મનની ૧૬ કલારૂપ ૧૬ દીકરીઓ તેને થઈ. દીકરીઓને પરણાવવાની ચિંતા-દક્ષને થઈ. દક્ષે ઉપાય શોધ્યો. ધર્મ સાથે ૧૩ કન્યાઓ વરાવી.

પત્ની પતિને સાનુકૂલ હોય. પતિ પત્નીનું હિત કરે. પરસ્પરનો સુમેળ સફલતા, સુખ, શાંતિ આપે. ધર્માચરણ કરનારના ધર્મની સફલતા માટે તેનામાં પત્નીરૂપ ગુણ, લક્ષણ જરૂરી છે. સારા ગુણથી સારું ફલ મળે. તે પુત્રરૂપ ગણાય. અહીં મુખ્યકથા સાથે આ સંકેત પણ સમાયેલો છે. ધર્મનાં પત્ની અને પુત્રોની કથામાં તેમનાં નામના અર્થમાં તે વણાઈ ગયો છે. ધર્માચરણ કરનારમાં પત્ની તરીકે ઓળખાવેલો ગુણ હોય તો, તેના પુત્ર તરીકે ગણાવેલું ફલ-લાભ તેને થાય. પત્નીના નામે ઓળખાવેલો ગુણ ન હોય, તો ધર્મ અધૂરો રહે અનર્થ તેમાં ઘૂસે; અશાંતિ અનુભવાય.

ધર્મ અમુક સમયે જ થાય તેવી કોઈ અમુક ક્રિયા માત્ર નથી. ધર્મ તો જીવનનું અનિવાર્ય અંગ છે. ધર્મ જીવનમાં વણાઈ જવો જોઈએ. હમેશાં સર્વકાલમાં ધર્માચરણ થાય, ધર્માનુકૂલ જ જીવાય. તે સૂચવવા બાર માસના પ્રતીકરૂપ ૧૨ કન્યા દીધી. અધિક માસમાં ધર્મ અધિક હોય, તે બતાવતાં ૧૩માં કન્યા મૂર્તિ પણ પરણાવ્યાં. મૂર્તિ યજ્ઞની મૂર્તિમંત આંતરક્રિયા છે. બાહ્યધર્મથી કલ્યાણ-લાભ-થાય. (શુદ્ધિ, ભાવરૂપ)- આંતરધર્મથી પ્રભુ પ્રસન્ન થાય. ધર્મનું ફલ પ્રભુની પ્રસન્નતા-પ્રાપ્તિ-હોય, તેથી છેલ્લે પ્રભુ નરનારાયણ રૂપે પ્રકટ થયા ! આ સાત અધ્યાયના ધર્મપ્રકરણમાં પણ છેલ્લે દક્ષના યજ્ઞમાં પ્રભુ પ્રકટ થયા. તે જ યજ્ઞરૂપ ધર્મનું ફલ છે.

ધર્મનાં પત્ની	**પુત્ર**	**ભાવાર્થ**
૧ શ્રદ્ધાથી	શુભ	પ્રત્યક્ષ ન દેખાવા છતાં, કે પોતાને ન સમજાવા છતાં, (શાસ્ત્રમાં કહેલી વાતોનો) શંકા વગર આદરથી સ્વીકાર તે-શ્રદ્ધા ! શ્રદ્ધાપૂર્વકનાં ધર્મકાર્ય સફલ થાય, શુભપ્રદ બને. શ્રદ્ધા વગર ફલ ન મળે,
૨ મૈત્રીથી	પ્રસાદ	સૌ સાથે મૈત્રી કરે, હિત કરે, વૈર ન રાખે, તેનું મન બળે નહિ, પ્રસન્ન રહે. પ્રસાદ એટલે પ્રસન્નતા.
૩ દયાથી	અભય	સૌનાં દુઃખ દૂર કરવાની ઈચ્છા તે-દયા ! સૌ તેનાથી નિર્ભય બને.
૪ શાન્તિથી	સુખ	અંતઃકરણની સ્વસ્થતા, ક્ષોભનો અભાવ, ઉગ્ર કે વ્યગ્ર ન થવું તે,- શાન્તિ ! શાન્તિથી જ સુખ અનુભવાય.
૫ તુષ્ટિથી	મુદ્	તુષ્ટિ એટલે સંતોષ. સંતોષથી હર્ષ-આનંદ થાય, અસંતોષથી ઉદ્વેગ રહે. ઉદ્વેગ પ્રગતિનો વેગ અટકાવે.

૬ પુષ્ટિથી	સ્મય	પુષ્ટિ એટલે પોષણ-કૃપા. પોતાના સ્વધર્મનું પોષણ થતાં, તેમાં કૃપા મળતાં, આત્મગૌરવ (સ્વમાન), ધર્મગૌરવ કે સેવ્યગૌરવ મળે, - તે સ્મય છે. તે ધર્મ- સંબંધી હોવાથી અભિમાન નથી. આવું ગૌરવ અનન્યતા-દૃઢતા-આપે.
૭ ક્રિયાથી	યોગ	ક્રિયા એટલે કર્તવ્યપરાયણતા, આળસ વગરનું કાર્ય. તેનાથી મેળવવા ઈચ્છેલાં ફળ મળે. મળવું તે યોગ.
૮ ઉન્નતિથી	દર્પ	ઊંચે લઈ જાય તે-ઉન્નતિ ! તેનાથી દર્પ આવે, પોતાના ધર્મની શ્રેષ્ઠતાનું ભાન થાય, તે અન્યત્ર આથડતાં અટકાવે.
૯ બુદ્ધિથી	અર્થ	બુદ્ધિ સારી સમજ અને સાચો નિર્ણય આપી, શંકા દૂર કરી, સન્માર્ગ સૂઝાડે. તેનાથી અર્થ-પ્રયોજન-સિદ્ધ થાય.
૧૦ મેધાથી	સ્મૃતિ	ધારણ કરનારી બુદ્ધિ-મેધા ! તેનાથી સજ્જન, સ્વજન અને પ્રભુના ઉપકારોની યાદ, સ્મૃતિ રહે.
૧૧ તિતિક્ષાથી	ક્ષેમ	સૌના અપરાધ સહન કરવા તે તિતિક્ષા. તેનાથી મળેલાં સત્ફલ-ભાવાદિ ટકી રહે.
૧૨ હ્રીથી	પ્રશ્રય	હ્રી એટલે લજ્જા. અયોગ્ય - કાર્ય કરવામાં થતો સંકોચ. તેનાથી વિવેક થાય - તે પ્રશ્રય.
૧૩ (સત્ત્વ) મૂર્તિથી	નર-નારાયણ	મૂર્તિ એટલે હૃદયનો ધર્મ, સત્ત્વ, ભગવત્-સ્વરૂપ કે ચિત્રજી, તેના સેવનથી ભગવાન્ મળે. પ્રભુ-પ્રાપ્તિ તે ધર્મનું શ્રેષ્ઠ-ચરમ-ફલ.

ધર્મ હોય ત્યાં પત્ની રૂપે કહેલા તેર ગુણો આવે, તેથી પુત્ર રૂપે કહેલાં સત્ફલ મળે, પ્રભુ મળે ! તે ધર્મની પૂર્ણતા છે. સ્વધર્મમાં મૂર્તિ (આંતરધર્મ, હૃદયનો ભાવ) હોય, તો ભગવાન્ મળે. નર-નારાયણ માગ્યા વગર મળ્યા છે! દેવાદિને મૂર્તિ માનીને ભાવ વગરના યંત્રવત્ સેવનથી સાક્ષાત્કાર ન થાય.

નર-નારાયણનો અવતાર :

જગતની રક્ષા માટે પ્રભુ પધારે છે. મર્યાદા અને પુષ્ટિ બંને સંબંધી ક્રિયા, જ્ઞાન વગેરે જણાવવા પ્રભુ નર-નારાયણ રૂપે પધાર્યા. બ્રહ્માંડરૂપ પુરુષ અને અંતર્યામી - એ બે સ્વરૂપથી નારાયણે અવતાર લીધો. તે તપ:પરાયણ છે. સર્વ કાર્ય કરતા હોવાથી સર્વરૂપ છે, પણ મુક્તિ કે ભક્તિ પ્રાય: દેતા નથી! તે તો પૂર્ણાવતાર શ્રીકૃષ્ણ દે છે. નર-નારાયણનો શ્રીકૃષ્ણમાં પ્રવેશ છે, પછી નરે અર્જુનમાં પ્રવેશ કર્યો. નર સ્વાવધારક છે, અવતાર જેવો અંશ ધારણ કરે છે. નારાયણ જ્ઞાન અને ક્રિયા બંનેનો અવતાર

છે. આ અધ્યાયમાં પહેલાં કહેલા સુયજ્ઞ ભગવાન્ ક્રિયા-અવતાર છે અને દત્તાત્રેય જ્ઞાનાવતાર છે. દત્ત અને નારાયણ સર્વ મન્વન્તરમાં ઉપકારક છે. ક્રિયાવતાર જુદા થાય છે. નર-નારાયણ પ્રકટ થતાં દેવોએ ઉત્સવ મનાવ્યો, સ્તુતિ કરી. બદરીકાશ્રમમાં નર-નારાયણ તપઃ કરે છે.

દક્ષે સ્વાહા નામની કન્યા અગ્નિને પરણાવ્યાં. અગ્નિમાં હોમ “સ્વાહા” - બોલીને થાય. સ્વધા નામની કન્યા પિતૃઓને દીધાં. તર્પણમાં “સ્વધા” - બોલાય.

સૌથી નાનાં પુત્રી સતી. દક્ષના અભિમાનનો અવતાર-તામસ - છે. ચતુર દક્ષે તમોગુણના અધિષ્ઠાતા શંકર સાથે વરાવ્યાં. તેમને સંતાન નહિ. નિર્દોષ શંકરનો દક્ષ દ્વેષ કરતો હોવાથી, સતીએ યોગથી દેહત્યાગ કર્યો !

અધ્યાય : ૨

દેવોના યજ્ઞમાં દક્ષને અપમાન લાગતાં શંકરને શાપ-વગેરે ક્લેશ-પ્રસંગ :

વિદુરે પૂછયું, - “શંકરમાં શ્રેષ્ઠ શીલ છે. દક્ષમાં પુત્રી પ્રત્યે પ્રેમ છે. બંને વચ્ચે વૈર કેમ થયું ?” સુશીલ કોઈની સાથે ક્લેશ ન કરે. સ્નેહ-સંબંધી ક્લેશ ન થવા દે.

મૈત્રેય મુનિએ કહ્યું, “પહેલાં વિશ્વસૃજ દેવોના સત્રમાં ઋષિયો, - દેવો સૌ એકઠા મળ્યા હતા. ત્યાં દક્ષ આવ્યો. તેને માન દેવા સૌ ઊભા થયા. બ્રહ્માજી અને શંકર ઊભા ન થયા. દક્ષને અપમાન લાગ્યું ! જેને બહુમાન મળતું હોય એનું અપમાન કરવું ન પડે, માન મળે નહિ એટલા માત્રથી જ તેને અપમાન લાગે ! દક્ષ એટલે ક્રિયાનિપુણ. નિપુણતા અભિમાન આપે તો ભાન ભુલાય. અભિમાન સાથે અદેખાઈ, ઉદ્ધતપણું, અસહિષ્ણુતા અને અધઃપતન વણાયેલાં જ હોય. દક્ષને અકારણ અપમાન લાગ્યું. ગુસ્સે થયો. બ્રહ્માજીને પિતા વિચારી કાંઈ ન બોલ્યો. ગુસ્સો ઊતર્યો શંકર ઉપર ! “દીકરી લેનાર પણ પિતા-તુલ્ય ગણાય. મેં બ્રહ્માજીના કહેવાથી મારી સુંદર દીકરી આ “મર્કટલોચન”ને પરણાવી; છતાં તે આદર પણ આપતો નથી ! તેને દેવો સાથે યજ્ઞમાં ભાગ ન મળો !”

શાપ દઈ દક્ષ ગયો. દક્ષનું અભિમાન સતી રૂપે જન્મ્યું છે. સતી દક્ષને પ્રિય છે. તેને યાદ કરવાથી દક્ષમાં અભિમાન અને દ્વેષ વધે છે. શંકર શીલવાનોમાં શ્રેષ્ઠ છે, છતાં સતીના સંપર્કે દક્ષને માન ન દીધું. સ્મરણ અને સંગ બંને મન પર અસર કરે. પ્રાણી, પદાર્થ કે પ્રસંગના સ્મરણથી કે સંગથી પણ તેની અસર મન પર થાય, પછી તે ક્રિયામાં આવે. પિતા બ્રહ્માને પણ દક્ષે બાકી ન છોડયા. સીધું તો કાંઈ કહેવાય નહિ, એટલે અપયશઃ આપ્યો. “दत्ता बत मया साध्वी चोदिते परमेष्ठिना ।”- “બ્રહ્માના કહેવાથી મેં તેને સુશીલ દીકરી દીધી !” વિવાહમાં અને વ્યવહારમાં વચમાં રહેનારને યશઃ ન મળે. સારું થાય તો પોતાના ભાગ્યે થયું સૌ ગણે, અને કાંઈ બગડે-ઝઘડે તો જેણે કરાવ્યું હોય તેને તરત અપવાદ આપે !

દક્ષે શાપ દીધો, છતાં શંકર શાંત રહ્યા. અપમાનને ઓગાળીને પી જાય, માન ન માગે, હર્ષ-શોકને સ્વસ્થતાથી હૃદયમાં શમાવી દે, અમંગલમાં પણ મંગલ ભરી દે, અપરાધીનું પણ કલ્યાણ કરે, તેવા ભગવાન્ શંકર છે. દક્ષના “मर्कटलोचनः”- શબ્દમાં અનર્થ ન જોયો. સદર્થ સમજ્યા ! “मर्कटान् मर्कटतुल्यान् लोचते कृपया पश्यतीति”- માંકડા જેવાને પણ કૃપાનજરે નિહાળે તે -

મર્કટલોચન ! વૃકાસુર જેવા દુષ્ટને વરદાન દીધું, ભસ્માસુર બનાવ્યો. શંકરને પોતાને માથે હાથ મૂકવા દોડ્યો, છતાં તેને પોતે માર્યો નહિ ! નહિ તો ત્રિપુરને બાળનાર, પ્રલય કરનાર, રુદ્રને વૃકાસુર જેવા તણખલાનો શો હિસાબ ? પણ પોતે જેના પર કૃપા કરી, તેને મરાય કેમ ? વૃકાસુર જેવાને પણ કૃપા નજરે નિહાળ્યો છે, - ભગવાન્ શંકરે !

પુષ્ટિરૂપા શ્રીયમુનાજીની કૃપાથી યજ્ઞમાં સંઘર્ષ-ક્લેશ થવા છતાં યજ્ઞફલ માટે દેવોનું ગંગા-યમુના-સંગમમાં સ્નાન :

દક્ષે શાપ દીધો, છતાં શંકર શાન્ત રહ્યા; પણ સેવક નન્દીશ્વરે પ્રતિશાપ દીધો, - "શંકરનો દ્રોહ કરનાર તત્ત્વવિમુખ બને, દક્ષને બકરાનું માથું મળો !" ભૃગુએ શાપ દીધો, - "કાપાલિકાદિ-દીક્ષા અયોગ્ય ગણાવ !" આ પ્રસંગથી શંકર કાંઈક નારાજ થઈને પધાર્યા. યજ્ઞમાં સંઘર્ષ થયો, તેથી દેવોને પોતાના યજ્ઞની પૂર્ણતામાં શંકા પડી, એટલે જ્યાં ગંગાજી યમુનાજીને મળતાં હતાં ત્યાં આવીને સૌએ સ્નાન કર્યાં. "आप्लुत्यावभृथं यत्र गङ्गायमुनयान्विता ।"- શ્રીગંગાજીમાં સ્નાન કરવાથી કૃતાર્થ તો થવાય, પણ શ્રીયમુનાજી કૃપા (પુષ્ટિ) રૂપ છે. શ્રીયમુનાજીની કૃપા થાય તો વગર સાધને પણ પરિપૂર્ણ થવાય. ભગવાનની યાદ અને નામોચ્ચારથી તપઃ-યજ્ઞાદિ અધૂરું હોય તે તરત સંપૂર્ણ - મધુરું - થઈ જાય !- "यस्य स्मृत्या च नामोक्त्या तपोयज्ञक्रियादिषु । न्यूनं सम्पूर्णतां याति सद्यो वन्दे तमच्युतम् ।"- શ્રીયમુનાજી પ્રભુની યાદ સ્વતઃ દે છે. - "स्मरपितुः श्रियं बिभ्रती"- તેથી દેવોએ ગંગામાં નહિ, પણ યમુના-સંગમમાં સ્નાન કર્યાં, પછી બધા દેવો સ્વધામ ગયા.

અધ્યાય : ૩

દ્વેષથી યજ્ઞ કરતા દક્ષ-યજ્ઞમાં જવા વિનવતાં સતીને ભગવાન્ શંકરે દીધેલી સમજ :

પતિ-પ્રભુ-ગુરુની આજ્ઞા ન માનનારનું મંગલ ક્યાંથી થાય ? :

દક્ષના મનમાં દ્વેષ અતિશય વધતો ગયો. બ્રહ્માએ તેને પ્રજાપતિનો અધિપતિ બનાવ્યો. અધિકાર અભિમાન આપે, પતન કરાવે. બ્રહ્મા ચતુરાનન છે, ચતુર છે, દીર્ઘદષ્ટિ વાપરી. માન દઈને દક્ષનું અભિમાન ઉતારવાનો ઉપાય કર્યો ! પદગર્વિષ્ઠ દક્ષે વાજપેય-યજ્ઞ કર્યો. વાજપેય-યજ્ઞ કર્યા પછી બૃહસ્પતિસવ થાય. તેમાં પૂર્વનો અગ્નિ રાખી મૂકવો પડે, પણ વારંવાર યજ્ઞ કરતો હોવાથી, દક્ષે તેમ ન કર્યું ! દક્ષના યજ્ઞમાં ત્રણ દોષ થયા, - (૧) અધિકારના અભિમાનથી દક્ષે આ યજ્ઞ કર્યો, ભગવાનમાં પ્રીતિ રાખી નથી કર્યો, પણ શંકર પ્રત્યે દ્વેષવૃત્તિથી કર્યો. (૨) બ્રહ્મજ્ઞાનવાળા પુરુષોની - બ્રાહ્મણોની - અવજ્ઞા કરી. (૩) કાલગ્રસ્ત-ભૂમિમાં યજ્ઞ કર્યો. અભિમાન, દ્વેષ અને ઉત્તમ પુરુષનો તિરસ્કાર કરનારનું કલ્યાણ ન થાય. અયોગ્ય સ્થળે સત્કર્મ કરવાથી સફલતા ન મળે.

દક્ષને ત્યાં યજ્ઞ શરૂ થયો. સૌને નિમંત્રણ આપ્યાં. ભગવતી સતીને ત્યાં નિમંત્રણ ન મોકલ્યું ! શંકરને બોલાવવાના જ ન હતા. સતીએ આકાશમાં જતાં વિમાનોમાં બેઠેલાં દેવ-સ્ત્રીઓને જોયાં. તેમની વાતોમાંથી પોતાના પિતા દક્ષને ત્યાં યજ્ઞમહોત્સવ છે, - તે જાણ્યું ! શંકર પાસે આવ્યાં. દક્ષપુત્રી ખૂબ ચતુર છે. ખૂબ પ્રેમપૂર્વક બોલ્યાં, - "આપના સસરાને ત્યાં યજ્ઞમહોત્સવ છે !" પોતાના પિતાને

ત્યાં-એવું નથી બોલ્યાં. નામ સતી છે ને ! સતી પતિને અનુકૂલ હોય. પરણ્યા પછી પિતા સાથેનો સંબંધ પણ પતિના સંબંધને કારણે જ હોય. સ્વતંત્ર-સંબંધ એને કોઈની સાથે ક્યારેય ન હોય. અહીં લખે છે, - “यज्ञमहोत्सवः” યજ્ઞ શાસ્ત્રીય છે; અને મહોત્સવ લૌકિક છે. નિપુણ-દક્ષને ત્યાં ધાર્મિક-કાર્યમાં પણ પ્રાયઃ વ્યવહાર વણાઈ જાય, લોક-સંબંધ તેમાં આવે જ. ધર્મ કરીને પણ લોકો પ્રાયઃ યશઃ જ શોધે છે, માત્ર પ્રભુ- પ્રસન્નતા માટે ધર્માચરણ કરતા નથી, તેથી ધર્મકાર્ય ગૌણ થઈ જાય;, અને રાગ-દ્વેષ, લૌકિક-ખર્ચ, લૌકિક-કાર્ય મુખ્ય થઈ જાય !

વિવેકી સતીએ સ્નેહાળ શંકરને વિનવ્યા,-“આકાશમાર્ગે દેવો જઈ રહ્યા છે. મારાં બહેન, બનેવી આવ્યાં હશે. આપ સાથે પધારો !” “भवताभिकामये”- આપની સાથે જવાની કામના છે. સ્ત્રીને માટે ગૌરવનો વિષય છે કે, પોતાના પતિની સાથે પિયરમાં જતી હોય ! એકલાં જવામાં અલ્પતા છે. વળી, માની યાદે દીકરી પીગળી ગયાં ! - “क्लिन्नधियं च मातरं द्रक्ष्ये ।”- માની મમતામાં મગ્ન થયાં. દીકરીને જોતાં મા મગ્ન બને, બુદ્ધિ કાંઈ વિચારી ન શકે, હૃદયનો સ્નેહ બુદ્ધિને પણ ભીંજવી દે ! બધાં કામ ગૌણ બને, દીકરી મુખ્ય. માને મળવાનું મન પહેલું થયું, પછી “द्रक्ष्ये अध्वरध्वजं”- શ્રેષ્ઠ-યજ્ઞનાં દર્શન કરીશ !” - કહ્યું. સ્નેહ પહેલાં, (શાસ્ત્ર) ધર્મ પછી. તેમાં કારણ, - “योषिदतत्त्वविच्च दीना ।”- “હું સ્ત્રી, તત્ત્વ ન જાણું. દીન, દયાપાત્ર છું !” દયા-યાચના કરી. “દીકરીને પિતાને ત્યાં મંગલ-પ્રસંગે જવાનું મન કેમ ન થાય ?” શરીર-સંબંધી ન હોવા છતાં સ્નેહિજનો પણ વગર બોલાવ્યાં જાય છે. “સ્નેહી, પ્રભુ, પતિ, ગુરુ અને પિતાને ત્યાં નિમંત્રણની રાહ ન જોવાય !” - સતીએ સ્નેહમાં શિખામણ દીધી. માગણી પૂરી કરવા વિનવ્યા, “प्रसीद”- કહ્યું. - “પ્રસન્ન થાવ !” તેમાં કારણ કાંઈ ન જોઈએ. “कारुणिकः”- દયાળુ છો ! ભૂલને ભૂલી જાય, સરલતાથી સુધારી લે, દુઃખ દૂર કરે તે, દયાળુ ! સાંભળીને શંકર બોલ્યા, - “સતી ! તમારી વાત સુંદર છે. વગર નિમંત્રણે જવાય, અજાણતાં કે આત્મીયતાથી આમંત્રણ ન આપ્યું હોય તો;, પણ ઈરાદાપૂર્વક, ઈર્ષાથી, અનાદરથી - આમંત્રણ અટકાવે ત્યાં ન જવાય. વિદ્યા, તપઃ, ધન, શરીર, વય, કુલ, આ બધાં સજ્જન માટે ગુણસમ્પતિ બને, નમ્ર બનાવે છે, પણ તે સમ્પત્તિ દુર્જનને તો ઉદ્દંડ (અવિનયી) બનાવે છે. બાણ તનને પીડા કરે. વચનબાણ મનને પીડા કરે. તનની પીડા મટે - મનની પીડા વધે. તમે પ્રજાપતિનાં પુત્રી છો, છતાં મારે કારણે તમને બોલાવ્યાં નથી !” - શંકરે સમજાવ્યું.

આટલા સમય સુધી શંકરે સસરા સાથેના સંઘર્ષની વાત પણ કરી નથી, સુશીલ છે. પિતાના વાંકે પુત્રીને દંડ કેમ દેવાય ? આજે બોલ્યા,- “દેવોના યજ્ઞમાં હું નિર્દોષ, છતાં દક્ષે મારો અપશબ્દોથી તિરસ્કાર કર્યો, તેથી તમારો પિતા હોવા છતાં તે મારો દ્વેષી છે. તેને મળવું પણ યોગ્ય નથી !”

સતીએ પ્રસંગ જાણ્યો. પૂછ્યું, - “દક્ષ સભામાં આવ્યા ત્યારે તમે ઊભા કેમ ન થયા ?” શંકરે સમજ દીધી - “सुमध्यमे”- “સદ્‌ભાવસંપન્ન સતી ! માન ત્રણ રીતે દેવાય. પ્રિય કે પૂજ્ય આવે તો ઊભા થઈને સામા જવાય. સામાન્ય કે સમાન આવે તો આદરથી આવકાર અપાય. અધિકારી કે ગુરુજન આવે તો વંદન અને વિવેકથી આદર થાય, પણ “गुहाशयायैव न देहमानिने ।”- માન દેહને નહિ, દેહમાંના દેવને દેવાય છે ! સંસારી સત્તા, સમ્પત્તિ, સંબંધ કે લોકોપચારથી સન્માન દે છે.

સાધુપુરુષો પ્રેમપરવશ પ્રભુસંબંધે સન્માન દે છે. મેં પ્રભુનો આદર કર્યો છે, પણ દેહાભિમાની દક્ષને ભાન દેવા દયા કરી છે !"

સઘળીય વાર્તા સંભળાવી, પછી બોલ્યા, - "સતિ ! મારું ન માનીને જશો તો મંગલ નહિ થાય !" પતિ, પ્રભુ કે ગુરુની આજ્ઞા ન માનનારનું મંગલ ક્યાંથી થાય ? સ્વમાનશીલને અપમાનનો આઘાત સહવો અઘરો છે.

અધ્યાય : ૪

હઠથી પિતાને ઘેર જતાં સતીને શંકરે સ્નેહથી વિદાય કર્યાં, પિતાના યજ્ઞમાં શંકરની અવજ્ઞા જોતાં સતીનો શરીરત્યાગ : મોટાનો અપરાધ કરનારનો જન્મ ધિક્કાર રૂપ છે :

સમજાવ્યા છતાં સતી ન માન્યાં ! જવા માટે આકુળવ્યાકુળ થયાં. ભગવાન્ શંકરે જોયું, - સતી અંદર આવે છે અને બહાર જાય છે. ચઢે છે અને ઊતરે છે. દ્વિધામાં છે. વિચાર્યું,- "નહિ જવા દઉં તો અહીં મરશે અને જવા દઈશ તો ત્યાં મરશે ! અહીં મરશે તો દક્ષનો દ્વેષ વધશે." ભગવાન્ શંકરે સતીને નંદીકેશ્વર પર પધરાવ્યાં. જે કાંઈ ચીજવસ્તુઓ જોઈએ તે સાથે આપી. સ્નેહથી સજાવ્યાં. અમીભરી આંખે નિહાળ્યાં. મતભેદ અને વિષાદને અંતરમાં સમાવ્યો. વહાલથી વિદાય દીધી. શંખનાદ કરાવ્યા. સતી પિતાને ત્યાં આવ્યાં. માને મળ્યાં, બહેનને મળ્યાં, પ્રેમસભર થયાં; પણ પિતાએ ન બોલાવ્યાં ! "પિતા યજ્ઞ-કાર્યમાં રોકાયા છે,"- એમ માની યજ્ઞભૂમિનાં દર્શન સતી કરવા લાગ્યાં. રુદ્રનું સ્થાન મંડપમાં ક્યાંય ન દેખાયું ! પતિનું અપમાન સમજાયું. સંતાપ થયો. પ્રેમાળ, સુશીલ-સ્વામીના સ્મરણે સંતાપ પશ્ચાત્તાપમાં પરિણમ્યો. પોતાની અને પિતાની ભૂલ સમજાઈ. ગુસ્સે થયાં. વિશ્વને બાળતાં હોય એમ બોલવા લાગ્યાં, - "નિર્વૈર શંકરનો વિરોધ તમારા વિના કોણ કરે ? કોઈના દોષને પણ ગુણ ગણે, અલ્પ ઉપકારને પણ અમૂલ્ય સમજીને યાદ કર્યા કરે, તેવા પુણ્યતમ પુરુષો તો કોઈક હોય. દુષ્ટ પુરુષોને તો ગુણમાં પણ દોષ જ દેખાય. પ્રિય, પ્રભુ કે પૂજ્યની નિંદા થતી હોય તે સાંભળ્યા વિના કાન બંધ કરીને ચાલ્યા જવું. સામર્થ્ય હોય તો નિંદકને બોલતો બંધ કરવો, અથવા પ્રાણ દઈ દેવા. તમારો દીધેલો દેહ પણ ભારરૂપ છે. મોટાનો અપરાધ કરનારનો જન્મ ધિક્કારરૂપ છે. શંકરના અપમાનમાં નિમિત્ત થનારો દેહ હું છોડી દઈશ !"

સતીએ ભગવાન્ શંકરનાં ચરણારવિંદ હૃદયમાં ધારણ કર્યાં. અનલ (અગ્નિ) અને અનિલ (વાયુ)ની ધારણા કરી. યોગાગ્નિ પ્રકટ થયો. સતીનું શરીર ભસ્મસાત્ થયું. હાહાકાર થઈ ગયો. રુદ્રપાર્ષદો લડવા આવ્યા. ભૃગુએ યજ્ઞવિઘ્ન-નિવારક મંત્રોથી દક્ષિણાગ્નિમાં હોમ કર્યો. ઋભુ દેવો થયા. તેમણે શંકરના પાર્ષદોને માર્યા, - કાઢી મૂક્યા.

અધ્યાય : ૫

રુદ્રની જટામાંથી ઉત્પન્ન થયેલા સતીના અવતાર રૂપ વીરભદ્રે દક્ષયજ્ઞનો નાશ કર્યો : મહાપુરુષના દ્વેષથી મોટું દુઃખ અને કૃપાથી મોટું શુભફલ મળે :

શંકરને દેવર્ષિ નારદ પાસેથી સમાચાર મળ્યા. સતીનો દેહત્યાગ જાણ્યો. અતિશય ગુસ્સે થયા.

જટા છોડી. નીચે ફેંકી. અટ્ટહાસ્ય કર્યું. જટામાંથી એક વિકરાલ પુરુષ ઉત્પન્ન થયો. હાથ જોડયા, "શું કરું ?" - પૂછવા લાગ્યો. "દક્ષ અને એના યજ્ઞનો નાશ કર." - વીરભદ્રને રુદ્રે આજ્ઞા કરી.

દક્ષ દ્વેષી છે. યજ્ઞ પણ દોષવાળો છે, અધિદેવતા વગરનો છે, તેથી શંકરે નાશની આજ્ઞા વીરભદ્રને કરી. દક્ષનું અભિમાન સતી રૂપે જન્મ્યું. સતીએ અંતકાલે શંકરને સ્મર્યા, તેથી તે શંકરના મસ્તકમાં આવ્યું. તેને કાઢવા શંકરે જટા ખોલી નાખી. અભિમાન તેમાંથી વીરભદ્ર રૂપે પ્રકટ થયું. સતી તે રૂપે વૈર લેવા ચાલ્યાં. સતીએ પતિવ્રતાધર્મ, શંકરભજન અને દક્ષ-શંકરના વૈરની શાંતિ માટે દેહનું બલિદાન દીધું. મોટાં કામ મોટો ત્યાગ માગે !

દક્ષની ઉન્નતિ તેના પ્રારબ્ધથી થઈ, પણ શંકર જેવા મહાપુરુષનો અપરાધ કર્યો. મહાપુરુષના દ્વેષ કે અપરાધથી પ્રતિકાર ન થઈ શકે તેવું દુ:ખ મળે. મહાપુરુષની કૃપાથી પુણ્ય કર્યા વગર પણ, નાશ ન પામે તેવું શુભફલ મળે. તે સિવાય સામાન્ય રીતે, શુભ કે અશુભ પ્રારબ્ધ ભોગવવાથી નાશ પામે.

વીરભદ્ર અને રુદ્રસૈન્યે દેવોનાં હાડકાં તોડ્યાં, કુંડની મેખલાઓ તોડી, પાત્ર તોડ્યાં, ભૃગુની મૂછો ખેંચી કાઢી, ભગની આંખો ફોડી, પુષાના દાંત પાડ્યા. દક્ષની પાસે આવ્યા. શસ્ત્રથી મારવાનો પ્રયાસ કર્યો. ન મર્યો. શ્રુતિ યાદ આવી, - "યજમાન યજ્ઞપશુ છે." પશુસંજ્ઞપન-વિધિથી અંદર શ્વાસ રોકીને વધ કર્યો. શસ્ત્રથી મરે તો ફરી જીવે નહિ. યજ્ઞના પશુનો દેહ નૂતન થાય છે, તેથી તે વિધિથી મારતાં ફરી જીવાડી શકાય. યજમાન યજ્ઞરૂપ છે. તેને મારવાથી યજ્ઞનાશની શંકરની આજ્ઞા પણ પળાય. સાક્ષાદ્ યજ્ઞ તો ભગવદ્રૂપ છે. દક્ષને તેથી માર્યો. તેનામાં દ્વેષ અને અભિમાન ભરેલાં છે, તે મસ્તકમાં હોય. તે દોષ ટાળવા મસ્તકને દક્ષિણાગ્નિમાં હોમ્યું. વીરભદ્ર સ્વસ્થાને ગયા.

અધ્યાય : ૬

બ્રહ્માદિ-દેવોએ વિનંતીથી પ્રસન્ન શંકરને યજ્ઞોચ્છિષ્ટને રુદ્રભાગ રૂપે આપ્યું :

દેવો બ્રહ્માજી પાસે આવ્યા. સઘળી વિગત કહી. ભગવાન્ નારાયણ અને બ્રહ્માજી દક્ષના યજ્ઞમાં પધાર્યા ન હતા. દેવોએ વિનંતી કરી. બ્રહ્માજી ભોળાનાથને મનાવવા સૌની સાથે ચાલ્યા.

ભગવાન્ શંકરનો સમૃદ્ધ કૈલાસ પર્વત જોયો. અનેક સિદ્ધ-પુરુષોનું તે વાસસ્થાન છે. જન્મ, ઔષધિ, તપ:, મન્ત્ર, યોગ, મણિ વગેરેથી સિદ્ધિઓ મળે. કૈલાસની અકલ્પ્ય સમૃદ્ધિ દેવોએ જોઈ ! ત્યાં માર્ગમાં અલકાપુરી, સૌગન્ધિક-વન, નન્દા અને અલકનન્દા જોયાં. સો યોજન ઊંચો અને પંચોતેર યોજન ઘેરાવાવાળો, પક્ષીના માળા વગરનો, યોગમય વટવૃક્ષ જોયો ! નીચે શાંત વિરાજતા, બ્રહ્મ વિચાર કરતાં, શંકરને જોયા. દેવો વિસ્મિત થયા. યજ્ઞભાગ બંધ થવાથી ત્યાં દારિદ્રય નહોતું આવ્યું. સતીના મરણથી આવેલો ક્રોધ કે શોક ન હતો. પ્રસન્ન, સ્વસ્થ, ગંભીર બ્રહ્મચર્ચા ચાલતી હતી !

દેવોએ નમસ્કાર કર્યા. સ્તુતિ કરી. બ્રહ્મદૃષ્ટિએ ભગવાન્ શંકરને વર્ણવ્યા. યજમાનના જીવનની પ્રાર્થના કરી. અંગ જેમનાં તૂટયાં હતાં, તેમનાં પુન: યાચ્યાં. યજ્ઞનું ઉચ્છિષ્ટ રુદ્રભાગ રૂપે દીધું. ઉચ્છિષ્ટ એટલે માત્ર વધેલું કે એઠું નહિ, પણ ઉચ્છિષ્ટ એટલે સર્વોત્કૃષ્ટ ! પ્રસાદ પણ ઉચ્છિષ્ટરૂપ ગણાય. યજ્ઞનું ઉચ્છિષ્ટ સર્વ પાપ દૂર કરે છે.

અધ્યાય : ૭

બાલીશ દક્ષનો અપરાધ ક્ષમા કરીને શંકરે તેને "અજ" - મસ્તક દીધું : તેના વૈષ્ણવયાગમાં ફલ રૂપે ભગવાનનો "પ્રભુ" - નામનો અવતાર :

દેવોની સ્તુતિ સાંભળી. મહાદેવજી હસ્યા. બોલ્યા, - "નાઽઘં પ્રજેશ બાલાનાં વર્ણયે નાનુચિન્તયે ।" "હે પ્રજાપતે ! નાનાં બાલકોનો અપરાધ હું વર્ણન કરતો નથી, વિચારતો નથી."

કોઈની ભૂલો યાદ રાખીએ અને એની વાતો કર્યા કરીએ તો, આપણા મનમાં એ વ્યક્તિ પ્રત્યે કટુતા જ થાય, ક્યારેય મીઠાશ ન થાય. સ્નેહ સાચવવો અને વધારવો હોય તો કોઈની ભૂલ દેખાય તો, તેને વિચાર અને વાતોથી વાગોળ્યા કરવી નહિ. સ્હેજ કાંઈક વાંકું પડતાં બહાર લોકો પાસે તેનું વર્ણન કરનાર સંબંધી હશે, પણ સ્વજન કે સુજન નથી. મોટાની મોટાઈ નાનાની ભૂલો ભૂલી જવામાં છે, સ્નેહથી સમજાવીને સુધારી લેવામાં છે. જ્ઞાન, વય, અધિકાર, સ્થાન વગેરેમાં અધૂરા તે બધા નાના, ક્ષમા યોગ્ય ગણાય !

દક્ષને "અજ" - મસ્તક દીધું. દક્ષનું કર્મમય, દ્વેષ અને અભિમાનપૂર્ણ - મસ્તક કપાયું, બળી ગયું. જ્ઞાનપૂર્ણ અવિનાશી, નિર્દોષ, ભક્તિયુક્ત મસ્તક મળ્યું ! દેવોનાં ભાંગેલાં અંગ સાંધી દીધાં. સર્વને સુવિધા દીધી. શંકર યજ્ઞમાં પધાર્યા. શંકરને યજ્ઞમાં ઉચ્છિષ્ટ ભાગ દીધો. પરિણામે, શંકરે પણ નૂતન અવયવો ન આપ્યાં, પણ સાંધી આપ્યાં. શંકરનો અધિકાર પણ સર્જન કરવાનો નથી, સંહાર કરવાનો છે. યજ્ઞમાં યજમાન પણ પશુરૂપ હોવાથી, પશુ - અજનું માથું યજમાન દક્ષના ધડ પર મૂકતાં દક્ષ જીવતો થયો, બકરાના મુખવાળો થયો ! તેણે સર્વને નમસ્કાર કર્યા. અપરાધની ક્ષમા માગી. ભગવાન્ શંકરે ક્ષમા આપી. યુદ્ધ થયું હતું, તેથી શુદ્ધિ માટે યજ્ઞભૂમિમાં વૈષ્ણવયાગ થયો. પહેલાંના યજ્ઞનો પૂરેપૂરો નાશ થયો હતો. તેનો સમય પણ હતો નહિ. અગ્નિ બૂઝવવો વગેરે વિઘ્નોથી આધિભૌતિક, રુદ્રગણના સ્પર્શાદિથી આધ્યાત્મિક અને યજમાન દક્ષના મરવાથી આધિદૈવિક સ્વરૂપનો નાશ થયો. યજ્ઞપાલન માટે વૈદિક-રીતે તેમણે વૈષ્ણવયાગ કર્યો. ભગવાન્ પ્રકટ થયા ! અષ્ટભુજાવાળા ભગવાનનાં દર્શન થયાં. આ "પ્રભુ" નામનો ભગવાનનો અવતાર કહેવાય છે. સૌએ નમસ્કાર કર્યા. જ્યાં સુધી ભગવાન્ ન મળે, ભગવાનમાં પ્રીતિ ન થાય, ત્યાં સુધી ધર્મ અધૂરો છે. ધર્મનું ફળ ભગવાન્ કે ભગવાનમાં પ્રીતિ હોઈ શકે. યજ્ઞરૂપ-ધર્મના ફલ રૂપે દક્ષના યજ્ઞમાં નારાયણ પ્રકટ થયા ! અપરાધ કર્યો હોવાથી સૌએ પોતાના ભાવ પ્રમાણે ભગવાનની સ્તુતિ કરી. દરેકે જુદા જુદા છંદઃમાં ભગવાનને ગાયા.

ત્રિદેવની સમાનતા : સતી પાર્વતીરૂપે શંકરને વર્યાં : આ મતાન્તરકથા છે :

ભગવાને બ્રહ્મા, વિષ્ણુ અને શંકર એ ત્રણેની વચમાં સમાનતા સમજાવી. ત્રણે મૂલ ભગવાનના અંશ છે, તેથી સમાનતા છે, ગુણ ભિન્ન છે. દ્વેષ દૂર કરવા ઉપદેશ દીધો. દક્ષનો ધર્મ ફલિત થયો. દેવોએ દક્ષને ધર્મમાં બુદ્ધિ રહેવાનું વરદાન દીધું. સૌ સ્વધામ ગયા.

સતીનું ચિત્ત શંકરમાં હતું, એટલે દેહ છોડ્યા પછી તે પુનઃ હિમાલયને ત્યાં મેના દ્વારા પ્રકટ થયાં. પાર્વતી રૂપે પુનઃ ભગવાન્ શંકરને વર્યાં !

બૃહસ્પતિના શિષ્ય ઉદ્ધવજી પાસેથી સાંભળેલી કથા મૈત્રેયે કહી. મતાન્તરકથા ગણાય. આ પવિત્ર શંકરચરિત નિત્ય પ્રેમપૂર્વક શ્રવણ-કીર્તનથી યશઃ - આયુષ્ય દેનારું, પાપ દૂર કરનારું છે.

અધ્યાય : ૮

પ્રભુની પ્રસન્નતાથી જીવન-સફલતા સુલભ થાય; ગૃહસ્થાશ્રમમાં તે સરલતાથી સધાય : વિવેકથી જીવન દિવ્ય-તપોવન બને :

ધર્મ-પુરુષાર્થ દક્ષને ફલિત થયો. ધર્મના ફલ રૂપે ભગવાન્ મળ્યા, દર્શન થયાં. પ્રભુની પ્રસન્નતાથી તે શક્ય થયું. પુરુષના પ્રયત્ન અને પ્રભુની પ્રસન્નતાથી પુરુષાર્થ સફલ થાય. તેમાં પ્રભુની પ્રસન્નતા જ મુખ્ય છે, પ્રયત્ન તો ગૌણ છે !

પાંચ વર્ષનો નાનકડો બાલક. પિતાએ પ્રેમ ન દીધો. અપરમાએ અકળાવ્યો. વચનથી વીંધ્યો. સ્વમાતાએ નિકટ ન રાખ્યો. વિકટ વનમાં વિદાય કર્યો. પ્રભુને પ્રસન્ન કરવા પ્રેર્યો. માર્ગે ભગવદ્ભક્ત મળ્યા. ઉપદેશ આપ્યો. કુમારે તપઃ કર્યું. પ્રભુએ દર્શન દીધાં. કૃપા કરી. બાલકે સ્તુતિ કરી. પ્રભુ પ્રસન્ન થયા. સર્વોત્તમ દિવ્ય-સ્થાન આપ્યું. કુમારનો અર્થ નામનો પુરુષાર્થ સિદ્ધ થયો. પહેલાં કોઈને ન મળ્યું હોય તેવું સ્થાન મળ્યું. કુમાર કૃતાર્થ થયા. ધ્રુવજી તેમનું નામ ! બધા પુરુષાર્થોની પૂર્ણતા પ્રભુની પ્રસન્નતામાં છે. પ્રભુ પ્રસન્ન થાય તો, સુકુમાર કુમાર પણ કઠિન કાર્ય કરી શકે, સર્વોત્તમ સફલતા મેળવી શકે.

પ્રભુએ ધ્રુવજીને આલોક અને પરલોક બંનેમાં ઉત્તમ સ્થાન આપ્યું. રાજા ઉત્તાનપાદ પાસેથી પૃથ્વીનું રાજ્ય અને ધ્રુવસ્થાન ધ્રુવજીને મળ્યાં, સઘળી ઈચ્છાઓ પ્રભુએ પૂર્ણ કરી.

પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરવાની સઘળી સાનુકૂલતા ગૃહસ્થાશ્રમમાં મળી શકે; પણ વિવેકબુદ્ધિ ન હોય તો તેમાં વાસના, વિષય અને વ્યવહારથી વ્યર્થ વ્યથા જ વધે. વ્યર્થ વાતો અને વિચારો વ્યગ્ર બનાવી મૂકે. પ્રભુભજન ન થાય. પ્રભુભજનનો અધિકાર પ્રાણીમાત્રને છે.

જીવન દિવ્ય તપોવન છે. અનેક પ્રકારના સંતાપના પ્રતાપે તપઃનો લાભ તેમાં અનાયાસે મળે. શોક કરવાથી તો સંતાપ પીડા વધારે. પ્રભુનું ભજન કરવાથી સંતાપ તપઃ બને. આ જીવન-વનમાં ઋષિના આશ્રમ જેવા ચાર આશ્રમ છે. બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યસ્તાશ્રમ. તેમાં ગૃહસ્થાશ્રમ બાકીના ત્રણે આશ્રમનો આધાર છે, - પોષક છે. તેમાં દેવ, અતિથિ, પિતૃ અને પ્રાણીમાત્રનો સંતોષ સધાય, પ્રભુ પ્રસન્ન થાય, છતાં પ્રમાદ-પરવશ માનવ, વિવેક વગર જીવન અને ગૃહસ્થાશ્રમ વ્યર્થ વેડફી દે છે, આસક્ત બનીને આથડે છે. જ્ઞાનિપુરુષો લૌકિક-આસક્તિથી અળગા રહેવા માટે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરે છે.

સનક વગેરે ચાર કુમારો, નારદ, ઋભુ, હંસ, અરુણિ અને યતિ ઊર્ધ્વરેતસ્ થયા. બ્રહ્માજીના આ પુત્રો બ્રહ્મચર્ય પરાયણ થયા. વિદ્યાભ્યાસ, ભગવદ્ભજન, સામર્થ્યસંચય તથા સત્કાર્ય-સફલતા માટે બ્રહ્મચર્ય - સંયમ-આવશ્યક છે. શરૂઆતમાં સાવધપણે સંયમ સ્વાભાવિક થઈ જાય, સુદૃઢ થાય. યોગી, તપસ્વી કે જિતેન્દ્રિયને સંયમ સાચવવો પડે. જ્ઞાનીને સંયમ સહેલો લાગે. ભક્તને સંયમ

સ્વાભાવિક હોય.

અર્થ પોતે અનર્થ રૂપ નથી, પણ તે અનર્થ રૂપ સંસારાસક્તિ વધારે છે, તેથી અનર્થરૂપ છે :

પ્રતિસર્ગની કથા સાંભળતાં અનર્થથી દૂર રહેવાની ઈચ્છા થાય :

બ્રહ્માજીના સંયમી પુત્રોએ ગૃહસ્થાશ્રમ ન કર્યો. તેને અધર્મ નથી ગણ્યો ! અધર્મ ધર્મથી વિરુદ્ધ હોય. અધર્મ અને તેની અસરો (પરિણામ)ને ઓળખવા માટે અહીં અધર્મનો વંશ (પરંપરા) વર્ણવે છે.

અધર્મનું વર્ણન ધર્મપ્રકરણમાં થઈ શકે, છતાં અર્થપ્રકરણમાં કર્યું છે, – તે સૂચક છે. અર્થમાંથી અધર્મરૂપ અનર્થ ઉદ્‌ભવે છે. પ્રભુપરાયણતા ઘટે અને અર્થપરાયણતા વધે, તેમ તેમ અધર્મ જ આવે. અંતે અનર્થ થાય. અર્થ પોતે અનર્થરૂપ નથી, પણ તે અનર્થરૂપ સંસારાસક્તિ વધારે છે, તેથી અનર્થરૂપ છે ! ભગવાનની કૃપાથી મળેલો અર્થ પુરુષાર્થ રૂપ છે. તે સંસારમાં વૈરાગ્ય કરાવે છે. અર્થનો અધર્મ સાથે સંબંધ સમજાવવા તેની પરંપરા અહીં વર્ણવી. માત્ર પૈસા, પ્રયોજન, સ્વાર્થ કે પદાર્થ-પ્રાપ્તિ પાછળ પડેલાના જીવનમાં અનર્થની પરંપરા દેખાય છે. અધર્મની પત્નીનું નામ મૃષા ! જ્યાં અધર્મ હોય ત્યાં સાથે જૂઠાણું અવશ્ય આવે. અધર્મ બ્રહ્માજીની પીઠમાંથી પ્રકટ થયેલો છે. અધર્મ અને અસત્ય આવે એટલે અનર્થની પરંપરા આગળ વધે. અધર્મ અને મિથ્યા વાણી હોય ત્યાં દંભ અને માયા જન્મે. અધર્મને છુપાવવા દંભ કરવો પડે, ધર્મનો દેખાવ કરવો પડે. તેની રક્ષા માટે જૂઠાણાં અને છલકપટ કરવાં પડે. તે બંને પરણે. ભાઈબહેન તો છે જ. નાનપણમાં સાથે હોય, પણ મોટપણમાં પરણે એટલે છૂટાં થાય, પણ અહીં તો મૂલમાં જ અધર્મ છે, તેથી સદા સાથે રહેવા પરણે, – તે સૂચવે છે કે, અધર્મપરંપરામાં સ્ત્રી-પુરુષ રૂપે ગણાવેલા દોષો હમેશાં સાથે રહે છે. એક દોષ હોય ત્યાં બીજો પણ હોવાનો અને પરંપરા ચાલવાની !

દંભ અને કપટને નિર્ઋતિ નામનો રાક્ષસ દત્તક લે છે. દંભ અને માયા આવે તેનામાં અસુરભાવ, કઠોરતા આવે જ, ભગવદ્‌ભાવ કોમલતા રહે નહિ ! એમને ત્યાં લોભ અને શઠતા જન્મ્યાં ! ઠંડે કલેજે કરતો હોય તેમ જ કર્યા કરે, સાચું કે સારું સાંભળે કે સ્વીકારે નહિ, પણ ગમે તે રીતે, પોતે જ સાચો છે તેમ સૌને આગ્રહથી ઠસાવ્યા કરે, – તે શઠતા ! આવું ઠસાવવા, ધર્મનો દંભ કરવા, પૈસા ખર્ચવા પડે, તેથી જીવ બળે, લોભ થાય, બીજેથી પૈસા મેળવવા પ્રયત્ન કરે. તેમાં અયોગ્ય યુક્તિઓ કરે, શઠતા આવે ! લોભ અને શઠતા મળતાં ક્રોધ અને હિંસા જન્મે ! લોભ આવે અને ધાર્યું કામ ન થાય, ઈચ્છેલું ન મળે, એટલે ક્રોધ આવવાનો. ક્રોધ વાણી કે વર્તન દ્વારા પણ કોઈને પીડે, તેથી કલહ (કલિ) અને દુરુક્તિ થવાનાં ! ક્લેશ અને કઠોર ભાષા (અપશબ્દો)ના – પરિણામે ઉત્પન્ન થાય – ભય અને મૃત્યુ ! જીવનભર ભય સતાવે. અંતે મરે ત્યારે મળે નિરય (નરક) અને ત્યાં ભોગવવી પડે યાતના ! (૧) અધર્મ – મૃષા, (૨) દંભ – માયા, (૩) લોભ – શઠતા, (૪) ક્રોધ – હિંસા, (૫) કલહ – દુરુક્તિ, (૬) ભય – મૃત્યુ, (૭) નરક – યાતના. આ સાત અધર્મ-પરંપરા છે, તેનાથી દૂર રહેવું; પછી ધર્માચરણ સરલ બને. આ વંશ ત્રણ વખત સાંભળે, તો મનોમલ જાય ! સાંભળતાં પરિણામની ભયાનકતા સમજાય, તો અનર્થથી દૂર રહેવાની ઈચ્છા થાય.

પવિત્રકીર્તિવાળા મનુવંશની કથા : નીતિ નિશ્ચિત - "ધ્રુવ" - કલ્યાણ - ફલ દે છે, જેની રુચિ જેમાં હોય તે તેને ઉત્તમ લાગે, તેમાં કલ્યાણ ન પણ હોય ! :

રુચિથી નીતિ દબાઈ જાય છે, - અણગમતી થાય છે ! :

પ્રતિસર્ગની કથા કર્યા પછી હવે, ઉત્તમ વિસર્ગની કથા આરંભવી છે, તેથી નિસર્ગ શુદ્ધ મંગલવાચક "अथ"- શબ્દથી આરંભ કર્યો "अथातः कीर्तये वंशं पुण्यकीर्तेः कुरुद्वह."- "હવે, પવિત્ર કીર્તિવાળા મનુવંશની કથા કહું છું !" - ભગવાનની વિસર્ગલીલામાં ઉપયોગી ચાર પુરુષાર્થમાંના અર્થ, કામ અને મોક્ષ ક્રમશ: ધ્રુવ, પૃથુ અને પ્રચેતસોને મળ્યા. તે ઉત્તાનપાદના વંશમાં જન્મ્યા, તેથી પ્રભુકૃપાપ્રાપ્ત મનુવંશનું વર્ણન કરે છે.

સ્વાયંભુવ મનુના પુત્ર પ્રિયવ્રત અને ઉત્તાનપાદ. ઉત્તાનપાદ રાજાને બે રાણી. સુનીતિ અને સુરુચિ. ઉત્તાન એટલે ભોળું, પાદ એટલે ચરણ-આચરણ. નિષ્કપટ આચરણવાળો તે-ઉત્તાનપાદ ! પહેલાં તેણે પગ ઊંચા રાખીને તપ: કર્યું હોવા પણ સંભવે છે. કપટરહિત મોટાના વંશમાં તે જન્મેલો, તેથી તેના અંત:કરણની રુચિ અને જીવનની નીતિ બંને સારાં,-સુરુચિ અને સુનીતિ ! વૃત્તિ અને પ્રવૃત્તિમાં બંને વણાયેલાં હોય, પણ ભોળાને નીતિ કરતાં રુચિ પ્રમાણે જીવવું વધારે ગમે. જેમાં રુચિ હોય તે સઘળું ઉત્તમ લાગે. નીતિ ધ્રુવ (અચલ) કલ્યાણરૂપ ફલ દેનારી હોય. ઉત્તાનપાદને સુરુચિ રાણી પ્રિય. સુનીતિ રાણી ખરાં, પણ પ્રિય નહિ. સુરુચિનો પુત્ર ઉત્તમ, સુનીતિનો ધ્રુવ. નીતિનું પરિણામ ગમે કે ન ગમે, પણ કલ્યાણકારક જ આવે, તે ધ્રુવ (નિર્ણીત) છે. રુચિનું પરિણામ ઉત્તમ લાગે, પણ તે કલ્યાણકારક હોય તે નક્કી નહિ; અથવા ગર્ભ માના ઉદરમાં હોય ત્યારે, એના પગ ઊંચા અને મસ્તક નીચે હોય, - તે પણ ઉત્તાનપાદ છે. માણસને જેમાં રુચિ હોય તે જ પ્રિય લાગે, નીતિવાળી પ્રવૃત્તિ કરવી ન ગમે, તેથી સુરુચિ પ્રિય અને સુનીતિ અપ્રિય ! મન માને તેવું જીવવું સૌને ગમે, નીતિ પ્રમાણે જીવવું ન ગમે, છતાં પવિત્ર વંશ છે, તેથી ન ગમે તો પણ નીતિ છે તો ખરી જ ! તે પણ સુનીતિ છે, અનીતિ તો નથી જ, પણ સુનીતિ હોવા છતાં સુરુચિથી દબાયેલી-અણગમતી ! પરિણામે પનોતા પુત્ર ધ્રુવને ખોળામાં બેસાડવો તે નીતિ-ધર્મ પણ સુરુચિ સામે દબાઈ ગયો, કાંઈ જ બોલી ન શક્યો.

મોંએ મીઠાશ અને મનમાં મલિનતા તો વ્યવહારુ લોકોની સ્વાભાવિક્તા છે :

સુરુચિએ ધ્રુવજીની અવજ્ઞા કરીને વાણીથી વીંધવા છતાં દબાયેલા મોહવશ પિતાએ પ્રેમ-ન્યાય ન દઈ શકતાં દુભાયેલા કુમાર ધ્રુવ :

एकदा सुरुचेः पुत्रमङ्कमारोप्य लालयन् ।
उत्तमं नारुरुक्षन्तं ध्रुवं राजाभ्यनन्दत ॥ (९)

એક દિવસ સુરુચિના પુત્ર ઉત્તમને ખોળામાં બેસાડીને લાડ કરતા રાજાને ધ્રુવે જોયા. બાલકનો સ્વભાવ અનુકરણ કરવાનો ! ઉત્તમને જોઈ ધ્રુવ પિતાને ખોળે બેસવા ઉલ્લાસથી આવ્યા. રાજાએ કાંઈ ઉત્સાહ ન બતાવ્યો, બોલાવ્યા નહિ, અટકાવ્યા પણ નહિ, પણ સુરુચિએ રાજાના સાંભળતાં, દેખતાં, ઈર્ષા અને અભિમાનથી ધ્રુવને અટકાવ્યા ! રાણી છે, અટપટી રીત આવડે છે.

શબ્દતો મધુર છે, પણ મનમાં મલિનતા છે, અંતરમાં આગ છે, હોઠે તો અમૃત છે! રાજનીતિ અને વ્યવહારનિપુણ લોકોની આ સ્વભાવિકતા છે. "वत्स"- સંબોધન તો સુંદર છે. "બેટા!" - કહ્યા, પણ અંતરથી છેટા રાખ્યા. નાનકડો, ઉત્સાહથી ઉભરાતો કુમાર ઊભો રહી ગયો. સુરુચિએ હસતાં પણ ડસતાં હોય તેમ કહ્યું, - "તમે રાજાના ખોળામાં બેસવા યોગ્ય નથી !" નિર્દોષ કુમાર ડઘાઈ ગયા, છતાં દબાઈ ન ગયા, ચતુર હતા. બોલ્યા, - "મા ! ભાઈ બેઠા છે ને !" "એ તો રાજકુમાર છે !" - ઉત્તર મળ્યો. "હું પણ રાજકુમાર છું !" - સ્વમાની કુમારે પ્રતિવાદ કર્યો. ઉત્તરમાં ન સમજાય તેવી વિચિત્ર વાત મળી, - "રાજાના કુમાર, પણ રાણીના નહિ !" રાજ્ય માત્ર રાજાના પુત્રને નહિ, રાણીના પુત્રને મળે ! કુમારે આ ન સમજાતાં ભોળપણે હસીને કહ્યું, - "મારી મા પણ રાણી છે !" ઉત્તર મળ્યો, - "માનીતી નહિ, અણમાનીતી !" કુમાર મૂંઝાયા. નિર્દોષ કુમારને આ ન સમજાયું. સુરુચિએ સ્પષ્ટતા કરી, - "अन्यस्त्रीगर्भसंभृतं"- "તમે મારા પુત્ર નથી, અન્ય સ્ત્રીના છો. મારા પુત્ર હો તો રાજ્યાસન મળે. મનોરથ દુર્લભ છે, છતાં વનમાં જાવ, પ્રભુને ભજો. તેમની કૃપાથી મારા પુત્ર થાવ, તો રાજ્યાસન મળે !"

બાણ જેવાં વાક્ય સાંભળ્યાં. પ્રાણઘાતક લાગ્યાં. વધારે વ્યથા તો બીજી થઈ. "पितरं सन्नवाचं"- પિતા જોતો હતો, છતાં કાંઈ બોલી શકતો ન હતો, દબાઈ ગયો હતો ! પિતા તરીકે પ્રેમ તો નહોતો દેતો, પણ રાજા તરીકે ન્યાય પણ નહોતો કરી શકતો !

સ્ત્રીના મોહમાં ફસાયેલો માનવ ભાન ભૂલે છે. નીતિ અને કલ્યાણને અવગણે છે. કુટુંબ, સંસ્થા કે રાષ્ટ્રનો વિનાશ તેના મુખ્યપુરુષોના નીતિવિરુદ્ધ વ્યવહારોમાંથી સર્જાય છે. પોતાની રુચિ પ્રમાણે જીવતો સંસારી, અનાયાસે આવતા કલ્યાણને પણ મોહવશ થઈને અવગણે છે. તેને સંસાર પ્રિય છે, રુચિ સંસાર-સુખમાં છે, તે ઉત્તમ લાગે છે, પરિણામે પ્રભુ-સંબંધી (ધ્રુવ, કલ્યાણ) કાર્યમાં પ્રમાદ કરે છે. બહાનાં બતાવી તેનાથી દૂર રહ્યા કરે છે ! ભાગવત, રામાયણ, ગીતા, ઉપનિષદ્ વગેરે ભગવાને-ઋષિમુનિયોએ-સામેથી દીધાં. પોતે પરિશ્રમ કરી, સંસારીઓને અનાયાસે આપ્યાં, છતાં તેનો અભ્યાસ કરી આદર કરનાર કેટલા ? અને સંસારપ્રવાહમાં ગળાડૂબ રહી તેની અવજ્ઞા કરનારા કેટલા ? - અને તે પણ સમજીને !

અહીં, અવજ્ઞા માત્ર ધ્રુવની નહિ, પ્રભુની પણ થઈ છે ! પોતાને મળેલી ઉત્તમતાથી ભાન ભૂલેલાઓ તે ઉત્તમતા ભગવાનની ભેટ છે, - દયા છે, - તેમ પણ સમજતા નથી. બધાની અવગણના તો ઠીક, પ્રભુની પણ અવગણના તે રીતે કરે છે.

સુરુચિ પોતાના પદ અને માનના તાનમાં ભાન ભૂલેલી. તેણે ભગવાનની અવજ્ઞા કરી. ધ્રુવજીને કહ્યું, - "ભગવાન્ કૃપા કરી મારો પુત્ર બનાવે તો રાજ્ય મળે !" ભગવાનને પણ રાજ્ય દેવું હોય તો ધ્રુવને સુરુચિના પુત્ર બનાવવા પડે ! અભિમાન આંખ અને અંતઃકરણનું આવરણ બની જાય છે. અત્યંત પ્રયત્નપૂર્વક ઊંચું પદ મેળવીને, પ્રભુની અવજ્ઞા કરે તો પતન જ થાય. દેવોએ દશમ-સ્કન્ધમાં ગર્ભસ્તુતિમાં કહ્યું, - "आरुह्य कृच्छ्रेण परं पदं ततः । पतन्त्यधोऽनादृत-युष्मदङ्घ्रयः ।"- અભિમાનથી કરેલી પ્રભુની અવજ્ઞાને લીધે સુરુચિને વનના અગ્નિમાં બળવાનું થયું.

સ્વવિવાહિત સ્ત્રી સુનીતિની અવજ્ઞા તો રાજા કરી ચૂક્યા છે, સાથે બીજી અવજ્ઞા થઈ, ભગવદ્ભક્તની, ધ્રુવની, નાનકડા નિર્દોષ બાલકની ! નાનાં (બાલકો)ની અવજ્ઞા થાય, તેમની લાગણીઓ કચડાય, તેમને સ્નેહ ન મળે, તો જે કોઈ સ્થળે તેમને સહાનુભૂતિ દેખાય, તે માર્ગે તેઓ વળી જાય છે. તરછોડાયેલાં, દુભાયેલાં બાલકો ભલે ન સમજે, ન ઈચ્છે, સામનો ન કરે, પણ તેમના હૃદયમાંથી વડીલોનું સ્થાન નીકળી જવાનું ! આજે બાલકોની અવજ્ઞા મોટાં કરે, પછી તે બાલકો મોટાંની અવજ્ઞા જ કરે ! કોઈની પણ શક્તિને ઊતરતી સમજીને અવજ્ઞા ન થાય, અપમાન ન થાય. ભગવાનની કૃપા હોય તો જ બાલકના મનમાં પ્રત્યાઘાત ઊભો ન થાય.

સુરુચિએ અવજ્ઞા કરી, - વાણી અને વર્તનથી ! રાજાએ અવગણના કરી, - સ્ત્રીમોહમાં મૌન-સંમતિથી ! ધ્રુવ જેવા ગુણિયલ પુત્રને દુભવ્યા. મનુપુત્ર ધર્મરક્ષક હોવા છતાં, રાજા ઉત્તાનપાદે સ્ત્રીના મોહમાં આ અધર્મ કર્યો ! નાનાંઓની અવજ્ઞા મોટા કરે અને મોટાંની અવજ્ઞા નાનાં કરે, પરિણામે અવજ્ઞા આગ બને, સ્નેહ સળગી જાય, કુટુંબ, સંસ્થા કે રાષ્ટ્ર તેમાં નાશ પામે.

ધ્રુવની અવજ્ઞા થઈ. દુઃખી કુમારને પિતા પણ પરાયો લાગ્યો ! માના ખોળા વિના કોઈ આધાર ન દેખાયો. દોડયા. માના ખોળામાં પડતું મૂકયું. ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા ! વત્સલ મા, વગર સમજ્યે પણ દીકરાને રડતો જોઈને રડવા લાગી ! વારંવાર પુત્રને પૂછવા લાગી. માને દુઃખ ન થાય માટે ધ્રુવજીએ કાંઈ કહ્યું નહિ. સજ્જન પોતાના દુઃખે કોઈને દુઃખી ન કરે. નગરના લોકોએ રાજસભામાં બનેલો બનાવ કહ્યો. સાંભળતાં માનું ધૈર્ય છૂટી ગયું. છૂટે મોંએ રડવા લાગી. આજ સુધી બધાં દુઃખ મૌન રહીને સહ્યાં, પણ આજે પોતાના પનોતા પુત્રનું દુઃખ અસહ્ય થયું ! દુઃખનો અંત દેખાતો ન હતો. જેના મુખ સામે જોઈ સુખ માનતી, દારુણ દુઃખ ભૂલતી, તે લાડકવાયા લાલને રડતો જોતાં માને અપાર વેદના થઈ. છતાં, તે સુનીતિ હતી. પીડામાં પિસાવા છતાં પણ તેના સંસ્કારની સુવાસ ફેલાઈ રહી !-

પુત્રના દુઃખે દુઃખી મા સુનીતિનો પુત્ર ધ્રુવજીને સંસ્કાર-સૌરભ-સભર સદુપદેશ :

मामङ्गलं तात परेषु मंस्था ।
भुङ्क्ते जनो यत्परदुःखदस्तत् ।। (૧૭)

સુખડ ઘસાય, કપાય, છતાં સુવાસ આપે. ડમરો દબાય છતાં દુર્ગંધ ન આપે, અગરબત્તી બળે તો પણ સુરભિ ફેલાવે; સંતો અને સજ્જનો સંતાપમાં પણ સંસ્કારનો સુગંધ જ આપે ! આ સુનીતિ હતી. અનીતિ ન હતી ! તેના અંતરનું અમૃત અકળામણમાં પણ શબ્દમાં સર્યું, - "બેટા ! અમંગલ કોઈનું ન ઈચ્છશો; અન્યને દુઃખ આપણે આપ્યું હશે, તેનું ફલ આજે આપણે ભોગવીએ છીએ !"

સુનીતિની વાણીમાં કોઈને અપવાદ નથી, અભિશાપ નથી, ઉકળાટ નથી, વસમી વ્યથામાં પણ વિવેક વિસરાયો નથી. પોતાના દુઃખમાં કોઈને નિમિત્ત ગણી તેના પર ગુસ્સે ન થવાય. તેનું અમંગલ ન ઈચ્છાય. પોતે જ કરેલાં કર્મ પોતાને દુઃખી કે સુખી કરે છે. સુખી થવું હોય તો કોઈને સુખ દેવું ! દુઃખી થવું હોય તો કોઈને દુઃખ દેવું !

સુનીતિ સમજે છે! દબાયેલા, દુભાયેલા દિલનું દર્દ શાપ દે તો સાચો પડે! શાપ દેવો સહેલો છે, આશીર્વાદ આપવો અઘરો છે! સુનીતિએ દુઃખની જવાબદારી પોતે વહોરી લીધી, – "यद् दुर्भगाया उदरे गृहीतः ।"– "હું દુર્ભાગી, તું મારો દીકરો થયો! મારા દુર્ભાગ્યે તું સદ્‌ભાગી છતાં દુઃખી થયો. સુરુચિએ સાચું કહ્યું છે. ઉત્તમની તું અદેખાઈ ન કરીશ. ઉત્તમ જેવું રાજ્યાસન ઈચ્છતો હોઉં તો ભગવાનનાં ચરણને શરણે જા! તારા દાદા મનુને પ્રભુએ જ સુખ દીધું છે."

દુઃખમાં પણ વત્સલ મા દીકરાને સન્માર્ગ સુઝાડે છે. દુઃખથી ડરવા કે ડગવાને બદલે, દબાવા કે દુભાવાને બદલે, ગભરાવા કે આંસુથી કે ક્રોધથી ઉભરાવાને બદલે, ભગવાનનાં ચરણનું શરણ થાય, સ્મરણ થાય. પ્રભુની શરણાગતિ જ દુઃખ દૂર કરી સુખ મેળવવાનો સાચો – સરલ ઉપાય છે. રુચિ બીજાના દોષ જુએ! નીતિ પોતાના દોષ જુએ! સુનીતિ સન્માર્ગ સુઝાડે છે.

तमेव वत्साश्रय भृत्यवत्सलं मुमुक्षुभिर्मृग्यपदाब्जपद्धतिम् ।
अनन्यभावे निजधर्मभाविते मनस्यवस्थाप्य भजस्व पूरुषम् ॥ (२२)

"વત્સ! બેટા! ગાયને જેટલું વાછરડું વહાલું હોય તેમ તું મને વહાલો છે. એકનો એક છે, છતાં પણ ગરીબડી મા કેટલુંક સુખ દઈ શકે? બેટા! આશ્રય એકમાત્ર ભગવાનનો કરજે! બીજા કોઈનો આશ્રય ન કરીશ!" ભગવાન્ "भृत्यवत्सल"છે. દુનિયામાં દુઃખ જ દેખ્યું હોય, આદર, આત્મીયતા કોઈએ ન આપ્યાં હોય, તો ભગવાનના શરણે જજો! ભૃત્ય (સેવક, દાસ) ભગવાનના થઈ જજો. મારો ભગવાન્ ભૃત્યવત્સલ છે. ગાય જેમ પોતાના વાછરડાની પાછળ પાછળ ફર્યા કરે છે, તેમ ભગવાન્ પોતાના ભૃત્યની પાછળ પાછળ ફર્યા કરે છે! વનમાં ગાયો ચર્યા કરે છે, કૃષ્ણ તેની પાછળ ફર્યા કરે છે! ભગવાનને તમારે શોધવા નહિ પડે. ભગવાન્ તમને શોધતા આવશે! પોતાનાં ભરણ-પોષણ-રક્ષણ વગેરેનો સઘળો યે આધાર ભગવાન્ ઉપર રાખે, – એનું નામ ભગવદ્‌ભૃત્ય! ભાવભર્યો ભૃત્ય ભગવાનના સુખ માટે જ મથ્યા કરે છે. સર્વસ્વનું સમર્પણ સ્નેહથી સેવા માટે કરી દે છે. ભૃત્ય ભગવાનને અતિપ્રિય લાગે છે. ભૃત્યને ભગવાન્ પ્રાણપ્રિય લાગે છે.

વત્સલા ગાય પોતાના વાછરડાના શરીર પર ચોંટેલા સઘળાયે મલને ચાટીને કાઢી નાખે છે, શુદ્ધ કરે છે, તેમ ભગવાનના ભૃત્ય બનતાં, બધાયે દોષો ભગવાન્ પોતે પ્રયત્ન કરીને દૂર કરી દે છે. જીવ પોતાના દોષ દૂર કરવા પ્રયત્ન કરે, – તે મર્યાદા! પ્રભુ સ્વયં ઉધમ કરી જીવના દોષો દૂર કરે, તે પુષ્ટિ – ભગવાનની કૃપા! દોષને પણ ગુણ ગણે તે વાત્સલ્ય છે. ભગવાન્ અતિ-ઉદાર છે. ગાય કોઈક સાધન દ્વારા વાછરડાના શરીરનો મેલ દૂર નથી કરતી, જીભથી ચાટીને સ્વરૂપથી દૂર કરે છે. ભગવાન્ ભૃત્યના દોષ પોતાના સ્વરૂપબલથી – પ્રમેયથી દૂર કરે છે. સાધન દ્વારા દોષ દૂર કરે તે મર્યાદા, પણ ભગવાન્ સ્વરૂપબલ દ્વારા જીવના દોષો દૂર કરે તે – પુષ્ટિ!

ગાય વત્સનું કાળજીથી પોષણ કરે તેમ, ભગવાન્ કાળજી રાખી પોતાના ભૃત્યની સઘળી ઈચ્છાઓ પરિપૂર્ણ કરતાં એનું પોષણ – રક્ષણ કરે છે! ગાય કદાચ ચરવા દૂર ગઈ હોય, પણ તેનું ચિત્ત વાછરડામાં જ રહે, તેમ કદાચ ભગવાન્ સાક્ષાદ્ દર્શન નહિ આપતા હોય, તો પણ ભગવાનનું ચિત્ત પોતાના ભક્તમાં જ રહે! વાછરડાનું ચિત્ત જેમ ગાયમાં, તેમ ભગવદ્‌ભૃત્યનું ચિત્ત પણ એના

ભગવાનમાં ! ભૃત્ય-સંબંધ પરસ્પર નિરોધ સિદ્ધ કરનારો છે. આશ્રય કરવા જેવો હોય, તો એકમાત્ર આ ભૃત્યવત્સલ ભગવાનનો ! અનાથ પણ શરણે આવે, સનાથ થાય, શ્રીનાથ એનો સ્વીકાર કરે, હાથ પકડે, સાથ દે, કૃતાર્થ કરે ! ભગવાન્ સિવાય હૃદયમાં કશું ન વસે, ભગવત્પ્રાપ્તિ સિવાય હૃદયમાં કોઈ ઉદ્દેશ ન હોય, – એ અનન્યભાવ છે. અનન્યભાવે ભગવાનનું ભજન થાય, નિજધર્મથી ભગવાનનું સેવન થાય. નિજધર્મ એટલે ભૃત્યધર્મ. ભૃત્યનો ધર્મ સ્વામી પાસેથી સુખ મેળવવાનો નથી, સ્વામીને સુખ દેવાનો છે: પોતે પ્રભુને સાનુકૂલ થવાય, ભગવાનને સાનુકૂલ કરવાનો પ્રયત્ન ન થાય:

માએ દૃઢતાપૂર્વક ભગવાનને ભજવાનો આદેશ દીકરાને દીધો. એકમાત્ર ભગવાન્ જ પુરુષ છે. બાકીનું આખું જગત સ્ત્રીમય છે, માટે "પુરુષ"ની આરાધના કરવા કહ્યું, – "બેટા ! ભગવાન્ સિવાય દુ:ખ દૂર કરે એવું જગતમાં બીજું કોઈ હું જોતી નથી !"

અનેક લોકો લક્ષ્મીને લક્ષ્યમાં રાખીને આથડે છે, છતાં લોકોને લક્ષ્મી મળતી નથી. તે કોમલ લક્ષ્મીજી પોતાનું ઘર કમલવન છોડી, પ્રભુને મેળવવા તપ: કરે છે. હાથમાં કમલ લઈને પ્રભુને અને પ્રભુની પ્રસન્નતાને શોધે છે. લોકો પોતાના સુખ માટે લક્ષ્મીને શોધે છે ! લક્ષ્મીજી પોતાના સુખ માટે પ્રભુને શોધે છે. ભ્રાન્ત લોકો આ સમજીને સુખ માટે પણ ભગવાનને ભજે !

પિતાના પુરમાંથી એકલવાયા ચાલ્યા જતા દીન ભક્ત ધ્રુવજીને કૃપાલુ ભગવાને પોતાના ભક્ત નારદજીનો સત્સંગ દીધો :

ધ્રુવજીની દૃઢતાથી પ્રસન્ન નારદજીએ ધ્રુવજીને પ્રભુ-પ્રસન્નતાનો સુગમ માર્ગ બતાવ્યો :

ડાહ્યા દીકરાએ મમતાભરી માની વાત માની. ''निश्चक्राम पितुः पुरात्''- પિતાના પુરમાંથી બહાર નીકળ્યા, માના ઉરમાંથી ન નીકળી શક્યા ! માને મૂર્છિતપ્રાય: મૂકીને સુકુમાર કુમાર નગર બહાર આવ્યા. પિતા રાજા હતા, વૈભવ અખૂટ હતો; છતાં આજે નાનકડા કુમાર એકલા-અટૂલા હતા ! ગરીબડી વહાલસોયી મા ન હતી ! તે ભાને દીનતા ઉભરાઈ. "માંરુ કાંઈ નથી, મારું કોઈ નથી, પ્રભુ જ માત્ર મારા છે !" – એ અનુભવે દીનતા આવે, દીનબંધુ-ભગવાન્ પ્રસન્ન થાય, તરત મળે, પણ વગર પ્રયત્ને પ્રભુ મળે તો પાછળથી ધ્રુવજીને અભિમાન આવે, તો અનર્થ થાય. – એવો અનર્થ અટકાવવા ભગવાને પોતાના પ્રિય નારદજીને ધ્રુવ પાસે મોકલ્યા.

ભગવાન્ ભક્તોનું હિત કરવા સદા તત્પર છે. દેવર્ષિ નારદજી ધ્રુવજી પાસે પધાર્યા. ધ્રુવ રાજ્યકામનાથી પ્રભુને મેળવવા જાય છે. સકામ ભજનમાં વિધિ આવશ્યક છે. ધ્રુવજીને કોઈ વિધિ ખબર નથી ! સઘળું છોડી દૃઢ નિર્ણયથી પ્રભુ માટે ચાલી નીકળ્યા છે. કોઈ કામનાથી પણ, પ્રભુને પ્રસન્ન કરવા માટે દૃઢ નિર્ધારપૂર્વક, સર્વસ્વ છોડીને, પ્રયત્નપરાયણ થનારને, પ્રભુ ઉદારતાથી સંતો, સન્માર્ગ અને સત્સંગ જરૂર આપે છે, પ્રસન્ન થઈને પોતે પણ પ્રકટ થાય છે !

પ્રભુએ પ્રેરેલા નારદજી આવ્યા. નિર્દોષ કુમારને જોયા, પ્રેમથી પીગળી ગયા. પોતે પણ પૂર્વે પાંચ વર્ષના, પણ દાસીના દીકરા. આ પણ પાંચ વર્ષનો, પણ રાજાનો કોમલ કુમાર ! પોતે સાધુસેવા કરી જ્ઞાન મેળવેલું. આ માત્ર માના વહાલમાં ઉછરેલો અજ્ઞાન બાલક ! પોતે માના મરતાં નિરાધાર થઈ, પ્રભુની પ્રેરણાથી વનમાં ગયેલા. આ કુમાર તો રાજ્ય-વૈભવને, માની મમતાને છોડી, માત્ર

માના ઉપદેશથી પ્રભુ માટે વનમાં વિચરે છે ! આ વિચારતાં તપસ્વી નારદનું અંતઃકરણ ઉભરાયું, વિસ્મિત થયા. પ્રેમથી પુત્રને માથે હાથ મૂકીને પાવન કરી દીધો ! - "स्पृष्ट्वा मूर्धन्यघघ्नेन पाणिना प्राह विस्मितः ।" - દોષ દૂર કરી દીધા. પરીક્ષા કરવા માટે પ્રભુની પ્રસન્નતા મેળવવાની કઠિનતા કહી. કામનાઓ છોડવા કહ્યું. પ્રારબ્ધવશ મળેલાં સુખ-દુઃખમાં સંતોષ માનનારને શાન્તિ મળે છે. ભક્તને તો પ્રિય પ્રભુએ દીધેલી બધી પરિસ્થિતિ પ્રિય જ લાગે. દુઃખથી દૂર રહેવાનો ઉપાય બતાવ્યો, -

गुणाधिकान्मुदं लिप्सेदनुक्रोशं गुणाधमात् ।
मैत्रीं समानादन्विच्छन्न तापैरभिभूयते ॥ (३४)

સંસારમાં સંતાપ સતાવે નહિ તેવો સુગમ માર્ગ બતાવ્યો,- "પોતાના કરતાં અધિક ગુણીઅલને જોતાં આનંદ માણવો, ઈર્ષ્યા ન કરવી. પોતાના કરતાં ઊતરતાને જોઈને દયા કરવી, તિરસ્કાર ન કરવો. સમાનને જોઈને સ્નેહ કરવો, - સખ્ય કરવુ, વૈર ન કરવું."

ઋષિનો સદુપદેશ સાંભળ્યો. ઘેર પાછા જવાની વાત ન ગમી, છતાં ખૂબ વિવેકથી મધુર ઉત્તર આપ્યો, - "આપે તો ઉદાર અનુગ્રહ કર્યો. અલભ્ય ઉપદેશ આપ્યો, પણ હું અવિવેકી છું. સુરુચિના વચને હૃદય વીંધાયું છે. તેમાં હું ઉપદેશ સાચવી શકતો નથી. ભગવન્ ! સર્વોત્કૃષ્ટ સ્થાન મેળવવાની મારી ઈચ્છા પૂર્ણ કરવાનો ઉપાય બતાવો !"

સુકુમાર કુમારની દૃઢતા જોઈ નારદ પ્રસન્ન થયા. દીક્ષા અને શિક્ષા દીધાં. -

धर्मार्थकाममोक्षाख्यं य इच्छेच्छ्रेय आत्मनः ।
एकमेव हरेस्तत्र कारणं पादसेवनम् ॥ (४१)

"બેટા ! માએ કલ્યાણનો માર્ગ બતાવ્યો છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ વગેરે આત્મકલ્યાણ રૂપ સર્વ પુરુષાર્થોની પ્રાપ્તિમાં એકમાત્ર પ્રભુનાં પાદપદ્મનું સેવન જ કારણ રૂપ છે. સઘળી પુરુષાર્થસિદ્ધિ પ્રભુનાં ચરણમાં છે, સેવાથી સુલભ બને !"

માનવને સન્માર્ગે વાળે, - વત્સલ માતા અને વત્સલ સાધુપુરુષો - ભગવદ્‌ભક્તો ! બંનેના સંગે બાલક ભક્ત બને, - દિવ્ય બને. માની મમતા અને ભક્તનો ભાવ જીવનના માર્ગને ઉજ્જવલ બનાવે. સંતાનને સન્માર્ગે વાળવા મા આંસુ સારતી હોય; સંતો સ્નેહ કરતા હોય, તો પથ્થર શાં પુત્ર કે પુત્રી પણ પીગળે, પ્રભુના માર્ગે વળે; પણ સંસારના સ્વાર્થે, પૈસા માટે મા પ્રેરતી હોય, સંતોનો સંગ ન દેતી હોય, સંસારનાં સુખ કે સંઘર્ષ જ અંતરમાં ઉતારતી હોય, પિતા પામર બનીને પ્રેક્ષક બને, તો, - "किं कुर्मः कं प्रतिब्रूमो गरदायां स्वमातरि ।"- "મા સંતાનને પ્રાયઃ સંસારનું ઝેર દેતી હોય તો શું કરીએ ? કોને કહીએ- ?" ઉત્તાનપાદ અને સુરુચિનો આવો જ વ્યવહાર હતો ને ? ભગવદ્દયાથી ધ્રુવજીને મા સુનીતિ અને ભક્ત નારદ પ્રભુના માર્ગે જવામાં સાનુકૂલ થયાં. પ્રેમપુલકિત નારદજીએ આજ્ઞા, આશિષ અને ઉપદેશ સાથે આપ્યાં. ગુરુજનની આજ્ઞા, આશિષ અને ઉપદેશથી સફલતા મળે.

तत्तात गच्छ भद्रं ते यमुनायास्तटं शुचि ।
पुण्यं मधुवनं यत्र सान्निध्यं नित्यदा हरेः ॥ (४२)

“બાપ ! – તાત”- કહીને વાત્સલ્ય વરસાવતાં આદર કર્યો ! "गच्छ"- કહીને, જવાની આજ્ઞા આપી. "भद्रं ते"- કહીને, આશિષ આપી ! ભાગવતજીમાં "भद्रं ते"- ઘણી જગાએ દેખાય છે. પ્રથમ સ્કન્ધમાં સૂતને ઋષિ-લોકો "सूत जानासि भद्रं ते"- કહે છે. સપ્તમ-સ્કન્ધમાં નૃસિંહજી પ્રહ્‌લાદને "प्रह्लाद भद्र भद्रं ते"- કહે છે. આમ ઘણા સ્થળે છે. ભાગવત-કલ્યાણ કરનારું-અનુગ્રહરૂપ છે. ભગવાન્ અને ભાગવત (પુરાણ અને ભક્ત) ભદ્ર જ કરે છે. ધ્રુવજીનું ભદ્ર ભગવાન્ મળવામાં, કામના પૂર્ણ થવામાં ! ભક્ત- બ્રાહ્મણનાં વચન ભગવાન્ સાચાં કરે છે. ધ્રુવની સફલતા થઈ ચૂકી !

ઉપદેશ આરંભાયો, "यमुनायास्तटं... शुचि"- પવિત્ર યમુના-કિનારે જજે ! ત્યાં પવિત્ર મધુવન છે. મધુ નામના રાક્ષસનું તે વન છે, છતાં પ્રભુના વિરાજવાથી પવિત્ર છે. અત્યંત અયોગ્ય પણ પ્રભુના સાન્નિધ્ય માત્રથી અત્યંત સુયોગ્ય પવિત્ર બને છે. મધુવનમાં પ્રભુ નિત્ય વિરાજે છે. પ્રભુ પાંચ સ્થળોમાં નિત્ય વિરાજે છે, - (૧) ગંડકી નદીના કિનારા ઉપર પુલહાશ્રમમાં, (૨) દ્વારકામાં, (૩) મધુવનમાં, (૪) મથુરામાં; અને (૫) શ્રીરંગક્ષેત્રમાં. સર્વ દોષ દૂર કરનારાં કાલિન્દીજીના જલમાં ત્રણ વખત સ્નાન કરવાનો નારદે ધ્રુવજીને ઉપદેશ કર્યો. યમ-નિયમ-આસન બતાવ્યાં. પ્રાણાયામથી પ્રાણ, ઈન્દ્રિય અને મનની શુદ્ધિ સૂચવી. પ્રત્યાહાર પણ કહ્યો. બત્રીસ લક્ષણવાળા ભગવાનની ધારણા બત્રીસ વિશેષણોથી બતાવી. "वरदर्षभ" - વર દેનારાઓમાં શ્રેષ્ઠ પ્રભુનું ધ્યાન સમજાવ્યું. સબીજ-સમાધિનું નિરૂપણ કર્યું. દ્વાદશાંગ - પુરુષના અર્ચન માટે દ્વાદશાક્ષર-મંત્રની દીક્ષા દીધી. પ્રભુની પરિચર્યાનો પ્રકાર કહ્યો. ધ્રુવે પ્રેમથી નારદજીને વંદન કર્યાં, પરિક્રમા કરી, મધુવનમાં આવ્યા.

નારદજી રાજા ઉત્તાનપાદ પાસે આવ્યા. રાજા કોઈને શોધવા મોકલી ધ્રુવના તપઃમાં વિઘ્ન ન કરે તે માટે પશ્ચાત્તાપ ન કરવા રાજાને આશ્વાસન દીધું, પછી નારદજી પધાર્યા.

ભક્ત નારદજીની આજ્ઞાનુસાર ધ્રુવજીનું તપશ્ચરણ : શ્રીયમુનાજીનો અનુગ્રહ : પ્રભુની પ્રસન્નતા :

કુમાર ધ્રુવ મધુવનમાં આવ્યા. નારદજીએ કરેલી આજ્ઞાનુસાર ભગવાનનું પૂજન કરતા હતા. પહેલે માસે ત્રીજે ત્રીજે દિવસે ઈચ્છાનુસાર કોઠાં અને બોર ખાધાં. દુઃખ હરનાર હરિ - ભગવાનનું અર્ચન કર્યું. બોર અને કોઠાંનો સ્વભાવ ઉધરસ કરાવે તેવો, પણ કાલિન્દીના કાંઠે તેના પણ દોષ ગયા, “સ્વભાવવિજય” સિદ્ધ થયો ! કુમારને કોઈ તેવું વિઘ્ન ન થયું. બીજે માસે છઠ્ઠે છઠ્ઠે દિવસે તૃણ અને પર્ણનું ભક્ષણ કર્યું. સમર્થ વિભુનું અર્ચન કર્યું. તૃણ અને પર્ણમાં પોષણ કરવાનું સામર્થ્ય અલ્પ છે, પણ શ્રીયમુનાજીએ એમાં સામર્થ્ય પધરાવ્યું ! "ध्रुवपराशराभीष्टदे"- ધ્રુવ અને પરાશરનું અભીષ્ટ શ્રીયમુનાજીએ દીધું છે. ધ્રુવને અભીષ્ટ ત્રણ રીતે દીધું : (૧) ભોજન, (૨) ભજન, (૩) ભગવાન્. - લૌકિક અને અલૌકિક ! ત્રીજે માસે નવમે નવમે દિવસે માત્ર જલપાન કર્યું. જલ તો પયઃ છે. દીકરાનું પોષણ મા કરે. શ્રીયમુનાજીએ સ્વપયઃ દ્વારા કુમારનું પોષણ કર્યું ! - "न जातु यमयातना भवति ते पयःपानतः ।"- યમયાતના દૂર કરી ! પોતાના ઉત્તમ યશઃથી નિર્દોષ બનાવનાર, ભક્તિપ્રિય ઉત્તમશ્લોક ભગવાનનું આરાધન ધ્રુવે કર્યું. ચોથે માસે બારમે બારમે દિવસે કુમારે કેવળ શ્વાસ લીધો. શ્રીયમુનાજીએ પોતાના જલસ્પર્શથી શીતલ વાયુ દીધો ! કુમારે લીલાપરાયણ દેવને હૃદયમાં ધારણ કર્યા. પાંચમે માસે કુમાર ધ્રુવે શ્વાસ લેવાનો બંધ કર્યો. એક પગે સ્થિર ઊભા રહ્યા. વ્યાપક બ્રહ્મનું

ધ્યાન કર્યું. સર્વાધારનું ધ્યાન થયું. ભગવાનનું તે અક્ષરસ્વરૂપ છે. મુખ્યપ્રાણ સાથે અક્ષરનો હૃદયમાં આવિર્ભાવ થયો. મુખ્યપ્રાણ ત્યાં હોવાથી સૌને પીડા થવા લાગી. ધ્રુવ શ્વાસ લેતા ન હતા. સૌ તેથી વ્યાકુલ થયા ! સર્વાત્મક ભગવાનનાં ચરણરૂપ અક્ષર અને જગતના પ્રાણરૂપ મુખ્યપ્રાણ હૃદયમાં પધાર્યા. લોક કંપવા લાગ્યા. પૃથ્વી નમવા લાગી. દેવો પણ ગભરાયા. પ્રભુની પાસે આવ્યા. શરણાગતિ કરી. દુઃખ દૂર કરવા વિનવ્યાં.

ભગવાને કહ્યું, - "ચિંતા ન કરશો ! ઉત્તાનપાદ-રાજાના કુમાર મારામાં પ્રાણ પરોવીને તપઃ કરે છે. તેને નિવૃત્ત કરીશ. તમે તમારા ધામમાં જાવ !"

અધ્યાય : ૯

પ્રસન્ન પ્રભુ મધુવનમાં ધ્રુવજીના હૃદયમાં અને બહાર દર્શન દે છે;
શંખસ્પર્શથી જનોઈ વગરના બાલકને પણ અર્થસહિત વેદનું જ્ઞાન કૃપાથી દઈ દે છે ! :

सहस्रशीर्षाऽपि ततो गरुत्मता मधोर्वनं भृत्यदिदृक्षया गतः । (१)

દેવોને વિદાય કર્યા. પ્રભુ મધુવનમાં પધાર્યા. પ્રભુનાં દર્શન કરવા લોકો જાય. ભગવાન ભૃત્યનાં દર્શન કરવા મધુરાક્ષસના વનમાં પણ પધાર્યા ! પ્રભુ ગરુડારૂઢ છે. ગરુડ કાલરૂપ છે. પોતાના ભક્તનો ગ્રાસ કરી, કાલ ત્રાસ ન આપે માટે ગરુડને સાથે લઈને પધાર્યા. ભગવાન્ સહસ્રશીર્ષા - સર્વસ્વામી પધાર્યા છે. અલ્પ અધિકારવાળાને અભિમાન આવે, પણ પ્રભુ સર્વના સ્વામી હોવા છતાં, ભક્ત પાસે સામે ચાલીને પધાર્યા.

સર્વનું પાલન કરનાર, આનંદરૂપ ભગવાને ધ્રુવના હૃદયમાં વીજળીના ઝબકારની જેમ દર્શન દીધાં. ક્ષણમાં તિરોહિત થયા. તે જ રૂપે બહાર પ્રકટ થઈને દર્શન દેવા લાગ્યા ! પાલક રૂપે વિશ્વ અને ધ્રુવની રક્ષા કરી. આનંદ રૂપનાં દર્શને ધ્રુવજી પ્રેમપુલકિત થયા. પૃથ્વી પર પડી દંડવત્ પ્રણામ કર્યા. આંખથી અંતરમાં ઉતારતાં જાણે પાન કરતા હતા ! ભુજાથી જાણે ભેટતા હતા ! કાંઈક કહેવા ઈચ્છતા હતા, પણ બોલાતું ન હતું ! ભગવાને કૃપા કરી. હાથ જોડતા નાના બાલકને વિવશ દશામાં જોયો. ગાલે પોતાનો શંખસ્પર્શ કરાવ્યો !

ભગવાનનો શંખ વેદનું-શબ્દબ્રહ્મનું-રૂપ છે. ધ્રુવજીને હજુ યજ્ઞોપવીત-સંસ્કાર થયા ન હતા. વેદનો અધિકાર ન હતો, છતાં ભગવાને શંખનો સ્પર્શ કરાવી અર્થસહિત વેદનું જ્ઞાન આપ્યું ! આ પુષ્ટિ-કૃપા-છે. અનેક પ્રકારનું સામર્થ્ય ધ્રુવને તેનાથી મળ્યું. યજ્ઞોપવીત મળ્યા પછી ગુરુ પાસે રહીને વેદજ્ઞાન મેળવે એ મર્યાદા છે. પ્રભુકૃપાથી વેદજ્ઞાન મળતાં ધ્રુવે ભક્તિભાવે ભગવાનની સ્તુતિ કરી. દ્વાદશાક્ષરથી આરાધેલા, દ્વાદશાંગ - પુરુષને દ્વાદશ શ્લોકમાં ગાય.

ધ્રુવજીએ યથાર્થ વેદજ્ઞાન-પૂર્વક કરેલી પ્રસન્ન ભગવાનની સ્તુતિ :

योऽन्तः प्रविश्य मम वाचमिमां प्रसुप्तां संजीवयत्यखिलशक्तिधरःस्वधाम्ना ।
अन्यांश्च हस्तचरणश्रवणत्वगादीन् प्राणान्नमो भगवते पुरुषाय तुभ्यम् ॥ (६)

ઈન્દ્રિયો તો જન્મથી મળી છે, પણ તે બધી બહિર્મુખ છે, લૌકિકનો અનુભવ કરે છે, અલૌકિક

ભગવાનનો અનુભવ કરતી નથી, પ્રસુપ્ત છે. ભગવાને અંતઃપ્રવેશ કર્યો. જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયને સેવોપયોગી બનાવી, પોતાનો અનુભવ આપ્યો, સંજીવન દીધું, તે પુરુષરૂપ ભગવાનને નમસ્કાર કર્યા.

"स्वधाम्ना"- પદે - "ओं"કાર કહ્યો. "नमो भगवते"- પદ દ્વાદશાક્ષર-મંત્રસ્થ બોલ્યા. વેદાર્થજ્ઞાનનું કૃપાથી દાન કરનારને ઈન્દ્રિયોના સ્વાનુભવ રૂપે - "वासुदेव"ને વર્ણવ્યા. "तुभ्यं"- થી ચતુર્થી કહીને, વંદનનો વિનિયોગ સ્વરૂપમાં કરાવ્યો. દ્વાદશાક્ષર-મંત્ર સ્તુતિમાં ગૂઢ રીતે ગૂંથી લીધો !

એક ભગવાન્ પોતે જ પોતાના સામર્થ્યથી વિશ્વસર્જન કરી, તેમાં પ્રવેશ કરી, અનેક રૂપે દેખાય છે !

ભગવાન્ કૃપાથી જ્ઞાન આપે તો મોહ ન થાય, મોક્ષ મળે. તે ઉપકારક ભગવાનને ભુલાય કેમ ? ભોગ માટે ભગવાનને ભજનારા ભાન ભૂલેલા છે, - માયા મોહિત છે.

यानिर्वृतिस्तनुभृतां तव पादपद्म-ध्यानाद्भवज्जनकथाश्रवणेन वा स्यात् ।
सा ब्रह्मणि स्वमहिमन्यपि नाथ माभूत् किंत्वन्तकासिलुलितात्पततां विमानात् ॥ (१०)

ઉત્તમ સુખ બે રીતે, - (૧) પ્રભુનાં ચરણકમલના ધ્યાનથી, (૨) ભક્તોની કથાના રસપાનથી, કે ભક્તો દ્વારા ભગવત્કથારસપાનથી ! બ્રહ્મચિંતનથી કે મોક્ષથી મળતા બ્રહ્માનન્દ કરતાં પણ અધિક આનંદ કથામાં મળે છે. સ્વર્ગનાં ક્ષણિક સુખથી શું પ્રયોજન ? કથાપાન-લાભ માટે ભક્ત-સંગની યાચના કરી, -

भक्तिं मुहुः प्रवहतां त्वयि मे प्रसङ्गो भूयादनन्त महताममलाशयानाम् ।
येनाञ्जसोल्बणमुरुव्यसनं भवाब्धिं नेष्ये भवद्गुणकथामृतपानमत्तः ॥ (११)

પ્રભુની ભક્તિ કરનારા, નિર્મલ અંતઃકરણવાળા, મહાપુરુષોનો સંગ પ્રભુની કૃપાથી જ મળે. ભક્તોનાં મુખમાંથી સ્રવતી - ભગવદ્ગુણાનુવાદસુધાનું પાન મત્ત બનાવે, ભાન ભુલાવે, ભયંકર ભવસાગર પાર કરાવે. ભગવદ્ગુણના સુખસ્પર્શે દુઃખ દેખાય પણ નહિ. ભગવાનમાં પ્રીતિવાળા સન્નિષ્ઠ ભક્તોના સત્સંગથી દેહ-ગેહાદિનું સ્મરણ પણ ન રહે, નિરોધ પ્રભુમાં થાય.

વિશ્વ ભગવાનનું સ્થૂલ રૂપ છે. અંતે વિશ્વ પ્રભુમાં સમાય છે. તેનો આદિ પણ પ્રભુ છે, છતાં ભગવાન્ તેનાથી ભિન્ન પણ છે. તે ભગવાન્ આનન્દ રૂપ છે. ધ્રુવે તે ભગવાનની શરણાગતિ કરી. ભજનાર માટે ભગવાન્ સર્વપુરુષાર્થ રૂપ છે. માએ કહ્યું હતું, - "तमेव वत्साश्रय भृत्यवत्सल", ધ્રુવે સ્વાનુભાવે તે વત્સલ પ્રભુને ઓળખાવ્યા, - "अप्येवमार्य भगवान् परिपाति दीनान् वास्रेव वत्सकमनुग्रहकातरोऽस्मान् ।" - શરણાગત દીનનું સંપૂર્ણ રક્ષણ અને પોષણ ભગવાન્ કરે છે. તે દીનનાથ છે, પણ પોષણ કે રક્ષણ કરીને આભારના ભાર નીચે ભગવાન્ કોઈને કચડતા નથી ! સંસારીના આભારનો ભાર તો કચડી નાખે. તેનો "આ-ભાર" માનવો પડે ! ભગવાન્ "આ-ભાર" નથી કરતા, કૃપા કરે છે ! કૃપા માનવાની વસ્તુ નથી, માણવા માટે જ છે ! સુંદર ઉદાહરણ દીધું, - "वास्रेव वत्सकं"-"वास्रा" એટલે નવપ્રસૂતા ગાય. "वत्सकं" - એટલે તરતનું જન્મેલું નાનકડું વાછરડું. ગાય વાછરડાને ચાટીને સાફ કરે, દૂધ પાઈને પોષે, શિંગડાંથી રક્ષે, તેની પાછળ પાછળ

ફર્યા કરે, બધી ચિંતા રાખે. સ્નેહની તે સ્વાભાવિકતા છે, તેમાં "આ-ભાર" ક્યાં ચઢાવે છે ? ભગવાન્ પણ આવા ભૃત્યવત્સલ છે. વાત્સલ્યની વિશેષતા છે કે, તે દોષને પણ ગુણ ગણીને તેમાં રાચે ! માને પોતાના નાનકડા બાલકનાં તોફાન પણ ગમે, - ગુણ લાગે, મા તેમાં રાચે ! વાસ્તવમાં, તોફાન દોષ છે, છતાં માના વાત્સલ્યને તેમાં દોષ ન દેખાય, તિરસ્કાર ન થાય. ભગવાનને ભૃત્યના દોષ પણ ગુણ લાગે, તેમાં પ્રભુ રાચે છે ! ભૃત્યવત્સલ છે, તેથી "अनुग्रहकातरः"- કહ્યા. પ્રભુ કૃપાતુર છે ! અનુગ્રહ કરવાની ઉતાવળ ભગવાનને છે. માનવને કૃપા મેળવવાની જેટલી ઝંખના નથી, તેટલી આતુરતા પ્રભુને કૃપા કરવાની છે !

શ્રીનાથજી બાવા પોતાનો ડાબો શ્રીહસ્ત ઊંચો કરીને ભક્તોને પોતાની પાસે બોલાવે છે. સંસારમાં સુખ નથી. જગતમાં આનંદ નથી. પ્રભુ સુખરૂપ છે, પૂર્ણાનન્દ છે. આનન્દાનુભવ, સુખદાન માટે ભગવાન્ ભક્તોને બોલાવે છે, - "અન્યત્ર આથડશો નહિ, મારી પાસે આવો !" ધ્રુવજીની સ્તુતિ સાંભળી ભગવાન્ પ્રસન્ન થયા. "तस्मा अदाद् ध्रुवगतिं... गृणते प्रसन्नो"- સ્તુતિથી પ્રસન્ન થયેલા પ્રભુએ તેને ધ્રુવગતિ આપી. પૂર્વાવતારમાં ધ્રુવજી ઋષિ હતા. તેમણે કોઈ રાજકુમારને જોયો. રાજ્યસુખ મેળવવાની સ્પૃહા થઈ. અંતકાલે આ ધ્યાન રહ્યું. પરિણામે રાજકુમાર થયા, છતાં ઉગ્રતપ: બાલ્યાવસ્થામાં કરી શક્યા.

પ્રસન્ન પ્રભુનું ધ્રુવજીને ચિંતિતાધિક, અલબ્ધપૂર્વ, અર્થરૂપ, ધ્રુવસ્થાનનું વરદાન :

વર જતાં, દાન રહેતાં, વરદાનથી ધ્રુવજીનો પશ્ચાત્તાપ :

પ્રસન્ન પ્રભુએ ધ્રુવને કહ્યું, - "રાજકુમાર ! તારા હૃદયનો અભિલાષ હું જાણું છું. તે તને આપું છું "भद्रं ते"- તારું કલ્યાણ થાવ !"

ધ્રુવજીએ ભક્તિ પણ માગી છે, છતાં ભગવાને એનું અનુમોદન નથી કર્યું ! ભક્તિ આપે તો ધ્રુવજીને મોક્ષ મળે. ધ્રુવજીના હૃદયમાં તો અર્થપ્રાપ્તિ-રાજ્યલાભની ઈચ્છા છે. ભગવાને તેને અર્થ દેવા ઈચ્છ્યું છે. ભગવાનની ઈચ્છા બલવતી છે, તેથી રાજ્ય દીધું, ભક્તિ ન આપી ! રાજ્ય દેતાં "भद्रं ते"- બોલ્યા. સત્તા અને સંપત્તિ રૂપ રાજ્ય તો અનર્થ કરનારું છે. પોતાના ભક્તને મોહ ન થાય, રાજ્ય કોઈ અનર્થ કરે, તેથી ભગવાન્ બોલ્યા, - "તારું કલ્યાણ થજો !" ભગવાને આપેલો અર્થ જ કલ્યાણ કરે છે. પ્રારબ્ધ કે પ્રયત્નથી પ્રાપ્ત થયેલો બધો જ અર્થ સંસારમાં આસક્ત કરી અનર્થ કરનારો છે. ૩૬૦૦૦ વર્ષ પર્યંત રાજ્ય કર્યા પછી, સપ્તર્ષિઓથી પરિક્રમા કરાતા ધ્રુવસ્થાનની અંદર વાસ મળવાનું વરદાન પ્રભુએ દીધું.

"ઉત્તમ યક્ષ સાથેના યુદ્ધમાં મરશે. સુરુચિ તેને શોધતી દાવાગ્નિમાં બળશે. તમે ખૂબ દક્ષિણાવાળું યજન કરી કૃતાર્થ થશો. અંતે મારું સ્મરણ કરશો. મારા ધામમાં આવશો, જ્યાં ગયેલો ક્યારેય પાછો નથી આવતો !" - કહી ગરુડધ્વજ ભગવાન્ બાળકના દેખતાં તિરોહિત થયા. ભગવાનની અવજ્ઞા અને ભક્તનો અપરાધ (ઈર્ષ્યા) આગ જેવાં છે, કરનારને બાળે છે, તેથી સુરુચિને બળવાનું થયું.

પ્રભુ તિરોહિત થયા, પછી કુમાર ધ્રુવજી ભગવદાજ્ઞાપાલન માટે નગરમાં પાછા પધારવા

લાગ્યા. મનની અંદર પશ્ચાત્તાપ થયો, - "અરે ! છ માસની અંદર મોક્ષદ પ્રભુને પ્રસન્ન કર્યા, પણ મોક્ષ ન માગ્યો ! ભવોચ્છેદક પાસેથી ભવ માગ્યો !" ધ્રુવને ભય લાગ્યો. ભૂલનું ભાન અને તેનું દુઃખ પ્રભુકૃપાથી થાય. ભગવાનના ભક્તો તો દાસ્ય વિના બીજું કાંઈ ઈચ્છતા નથી.

પિતાને ધ્રુવજીના પ્રથમ પ્રણામ - માતાને પછી : તે પુષ્ટિ :

પ્રભુ જેના પર પ્રસન્ન હોય તેને સૌ નમતા આવે :

રાજાને ધ્રુવજીના આગમનની વધાઈ મળી. મંગલ વધાઈ દેનારને કિંમતી હાર દીધો. આદરથી કુમારને વધાવવા ચાલ્યા. કુમાર આવ્યા. સૌથી પહેલાં પિતાને પગે પડયા. તે પુષ્ટિ છે. મર્યાદામાં પહેલાં માતાને વંદન થાય. "मातृदेवो भव" પછી "पितृदेवो भव" છે ! અપરમાતા સુરુચિને રુચિથી વંદન કર્યાં. તેના ઉપદેશે વનમાં ગયા, પ્રભુ મળ્યા. ઉત્તમને ભેટ્યા. સ્વમાતા સુનીતિને મળ્યા. મા ભેટી પડયાં. વત્સને વાત્સલ્યે વધાવ્યા. આંસુનો અભિષેક કર્યો. હાથણી પર બેસાડી ધ્રુવજીને નગરમાં પધરાવી લાવ્યા.

यस्य प्रसन्नो भगवान् गुणैर्मैत्र्यादिभिर्हरिः ।
तस्मै नमन्ति भूतानि निम्नमाप इव स्वयम् ॥ (४८)

પ્રભુ પ્રસન્ન થાય તો લોકોને પ્રસન્ન કરવા ન પડે. લોકો પ્રસન્ન થતા, - નમતા આવે, પાણી નીચાણમાં વહે તેમ !

સુયોગ્ય કુમારને રાજ્યાધિરૂઢ કરી, આનંદ મનાવતા ઉત્તાનપાદ રાજા વનમાં ગયા. ધ્રુવજીને પ્રભુમાં વિશ્વાસ દૃઢ થયો.

અધ્યાય : ૧૦

ઉત્તમનું વૈર લેવા, લોકરીતે યક્ષો સાથે, યુદ્ધ કરતા ધ્રુવજીને, મુનિયોએ મૃત્યુનિવારક પ્રભુસ્મરણ કરાવીને, માયા અને ક્રોધમાંથી બચાવ્યા :

કુમાર ધ્રુવ રાજા થયા. શિશુમારનાં પુત્રી ભ્રમિને વર્યા. કલ્પ અને વત્સર બે પુત્રો થયા. વાયુનાં પુત્રી ઈલા સાથે લગ્ન કર્યાં. ઉત્કલ નામના પુત્ર થયા.

ઉત્તમે વિવાહ કર્યો ન હતો. એક દિવસ શિકારે ગયો. યક્ષોના હાથે મરાયો. મા સુરુચિ વનમાં ગયાં. દાવાગ્નિ લાગ્યો. ભસ્મસાત્ થયાં. રાજા ધ્રુવે, (૧) લોકાપવાદ ટાળવા - લોકરીતિને અનુસરીને ભાઈનું વૈર વાળવા, (૨) ભાઈ પ્રત્યેના સ્નેહથી, (૩) રાજા તરીકે શત્રુવધની સ્વાભાવિકતાથી, યક્ષો સાથે યુદ્ધ કર્યું. યુદ્ધમાં ક્રોધ થાય. ક્રોધથી ભગવાન્ ભૂલાય, ભગવાનને ભૂલવાથી અનેક અનર્થ ઊભા થાય. આપત્તિ અને સંપત્તિના અનર્થમાંથી પ્રભુપ્રપત્તિ (શરણ) જ બચાવે. ભગવત્સ્મરણ શરણમાં સુદૃઢ રાખે.

યક્ષોએ યુદ્ધમાં અનેક માયા કરી. મુનિજન આવ્યા. ધ્રુવને મૃત્યુનિવારક ભગવાનનું સ્મરણ કરાવ્યું. પ્રભુસ્મરણથી માયાનિવારણ સામર્થ્ય સ્ફુરે, ક્રોધ કાબૂમાં આવે !

અધ્યાય : ૧૧

વૈર સાધુને ન શોભે, પ્રભુ પ્રસન્ન થાય તેમ વર્તવું, દોષદર્શનને બદલે ગુણદર્શનથી - સદુપદેશથી-દાદા મનુએ ધ્રુવજીને વૈર છોડાવ્યું :

રાજા ધ્રુવે યક્ષોનો સંહાર નારાયણાસ્ત્રથી કરવા માંડ્યો. ભગવાને શંખસ્પર્શ કરાવ્યો હતો, તેથી ધ્રુવમાં સર્વસામર્થ્ય આવ્યું હતું. યુદ્ધમાં પણ ધ્રુવજીએ પરાક્રમ બતાવ્યું. યક્ષો મરવા લાગ્યા.

સ્વજન-વિયોગનો શોક અને પરજન-યુદ્ધનો ક્રોધ ઉદ્વેગ કરાવે. ઉદ્વેગ અજન ભગવાનની સેવામાં પ્રતિબંધ બને છે. હિતોપદેશ દેવા દાદા આવ્યા : "બેટા ! ક્રોધ તો નરકનું દ્વાર છે. ઉત્તમ દૈવવશ મર્યો. યક્ષો તો ઉપદેવો છે. તેમનો વધ ન થાય. એકના કારણે અનેકનો વધ ઉચિત નથી. ક્રોધ આપણા કુલને ઉચિત નથી !"

नायं मार्गो हि साधूनां हृषिकेशानुवर्तिनाम् ।
यदात्मानं पराग्गृह्य पशुवद्भूतवैशसम् ॥ (૧૦)

આત્માને જુદો ગણીને પશુની જેમ વૈર કરવું તે, સર્વોપકારક પ્રભુને અનુસરનારા, ઉદાર સાધુપુરુષોનો માર્ગ નથી. ભક્તો કોઈ સાથે વૈર ન કરે. વૈર સ્નેહના સ્વૈરને અટકાવે. વૈર તો પશુબુદ્ધિ છે, પ્રભુ તેનાથી પ્રસન્ન ન થાય. પ્રભુ પ્રસન્ન થાય, - ચાર રીતે,-

तितिक्षया करुणया मैत्र्या चाखिलजन्तुषु ।
समत्वेन च सर्वात्मा भगवान् सम्प्रसीदति ॥ (૧૩)

(૧) ગુરુજન તથા પુણ્યજન અવજ્ઞા કરે અને સ્વજન કે અજ્ઞજન અપરાધ કરે, તે સહન કરવાં, - તે "તિતિક્ષા"થી, (૨) પ્રાણીમાત્ર પર દયા રાખવી, - તે "કરુણા"થી, (૩) સૌ સાથે સ્નેહ કરવો, હિત સૌનું કરવું, તે - "મૈત્રી"થી, (૪) સૌ પ્રત્યે સમાનભાવ રાખવો, સૌમાં પ્રભુ વિરાજે છે-એ ન ભૂલવું, - તે "સમત્વ"થી. "स त्वं हरेरनुध्यातस्तत् पुंसामपि सम्मतः"- મનુએ દોષનિવારણ માટે અસરકારક ઉપાય અજમાવ્યો. કોઈને દોષ વારંવાર બતાવ્યા કરવાથી દોષ દૂર ન થાય. કહેનાર - સાંભળનાર બંનેનું મન બગડે. ઠપકો આપવાથી જ ખરાબ કરતાં બધા અટકી જાય નહિ. વ્યકિતમાં રહેલા સદ્‌ગુણની કદર કરવાથી અને શક્તિને પ્રોત્સાહન આપવાથી પણ દોષો દબાઈ જાય ! ચતુર વત્સલ મનુએ ધ્રુવજીને એમના ગુણનું ભાન કરાવ્યું. દોષના માત્ર ઠપકાને બદલે, સાથે સદ્‌ગુણોનું અભિનંદન, વધારે અસરકારક રીતે વ્યક્તિને સુધારે. "અરે ! તમે આવા ગુણવાળા, તમારાથી આવું થતું હશે ?" - સાંભળતાં જ માણસ અયોગ્ય આચરતાં અટકી જાય. મનુએ ધ્રુવને કહ્યું, - "તમે પ્રભુનું ધ્યાન કરનાર, ભક્તોના માનીતા, તમે આવું અયોગ્ય કઈ રીતે કર્યું ? તમે પાંચ વર્ષે ઘર છોડીને વનમાં ગયેલા. તપઃ કરેલું. ભગવાનનાં દર્શન કરેલાં. સર્વોત્તમ સ્થાન મેળવેલું. તેને આવો ભેદ (વૈરબુદ્ધિ) અયોગ્ય લાગે છે. વૈર છોડો ! કુબેરજીને રાજી કરો !" દાદા મનુએ ઉપદેશ દીધો. ક્રોધના આવેશરૂપ દોષ અને યક્ષોને મારવાના સામર્થ્યભાને આવેલું અભિમાન દૂર થયું. ભાન ભગવાનનું થયું. મનુ સ્વધામ ગયા.

અધ્યાય : ૧૨

વૈરત્યાગથી કુબેરજી પાસેથી ભગવાનની અચલ-સ્મૃતિનું વરદાન મેળવીને, રાજ્યસુખ ભોગવીને, ધ્રુવજી મૃત્યુના મસ્તકે પગ મૂકીને, વૈકુંઠમાં પધાર્યા:

ધ્રુવજીએ વૈરનો પરિત્યાગ કર્યો. કુબેર રાજી થયા. ધ્રુવ બાલક છે. બાલકમાં ગુણદોષને સ્થાન ન હોય, - તેમ ગણીને ધ્રુવ પોતાની પાસે ન આવ્યા, છતાં કુબેર આવ્યા ! ધ્રુવજીએ દર્શન કર્યાં. કુબેર બોલ્યા, - "નિષ્પાપ ક્ષત્રિયપુત્ર ! તેં દુસ્ત્યજ વેર ત્યજ્યું. તેં યક્ષોને નથી માર્યા. યક્ષોએ તારા ભાઈને નથી માર્યો. કાલ જ સર્વનું કારણ છે ! "तद्गच्छ ध्रुव भद्रं ते ।"- જા, ધ્રુવ ! તારું કલ્યાણ થજો ! ભગવાનનું ભજન કર. મારી પાસેથી ઉત્તમ વરદાન નિઃશંકપણે માગ !"

ક્ષત્રિયમાં વૈર સ્વાભાવિક હોય, ન છૂટે. ધ્રુવે ઉપદેશથી છોડ્યું. ઉપદેશ દેવો સહેલો છે, આચરણ કરવું અઘરું છે. ઉપદેશનું આચરણ ઉન્નત બનાવે ! ધ્રુવે ભગવાનની અચલ-સ્મૃતિ માગી. "हरौ स वव्रेऽचलितां स्मृतिं यया, तरत्ययत्नेन दुरत्ययं तमः ।"- શ્રીહરિની અચલ-સ્મૃતિ, પ્રકૃતિની અને કૃતિની વિકૃતિમાંથી બચાવે, સુકૃતિ બનાવે ! વરદાન દઈ કુબેર અંતર્ધાન થયા.

ધ્રુવજી નગરમાં આવ્યા. સુખપૂર્વક રાજ્ય કરવા લાગ્યા. ૩૬૦૦૦ વર્ષ પર્યંત રાજ્ય કર્યું ! અનેક યજ્ઞો કર્યાં. એક દિવસ દિવ્ય વિમાન આવ્યું. નંદ અને સુનંદ નામના, ભગવાનના બે પાર્ષદો આવ્યા. પૂર્વે કોઈને ન મળેલા ધામમાં જવા ધ્રુવને વિમાનમાં બેસવા વિનવ્યા. વિવેકી ધ્રુવજીએ મુનિગણને વંદન કર્યાં. વિમાનની પરિક્રમા અને પૂજા કરી. પાર્ષદોને વંદન કર્યાં. બેસવા જતા હતા, ત્યાં મૃત્યુ આવ્યું. "मृत्योर्मूर्ध्नि पदं दत्त्वा आरुरोहाद्भुतं गृहम् ।"- મૃત્યુના મસ્તકે ચરણ પધરાવી ધ્રુવજી અદ્ભુત વિમાનમાં બેઠા ! મૃત્યુનું મસ્તક એટલે મોટાં મોટાં સાહસ ! પાંચ વર્ષની વયે સઘળું છોડી વનમાં જવું, તપઃ કરવું વગેરે મહાસાહસ છે. સાહસ વગર સિદ્ધિ સહેલી નથી. સાહસ વગરની સિદ્ધિમાં સ્વાદ નથી. ભગવાનના ભક્તો ભગવાન્ માટે સર્વત્યાગ રૂપ મહાસાહસ કરે છે, ભગવાનને સરળતાથી પ્રાપ્ત કરે છે. પોતાની સલામતી અને સુખની ચિંતા કર્યા સિવાય, ભગવાનને મેળવવા મથે, તેને ભગવાન્ જરૂર મળે ! યજ્ઞ દ્વારા ધ્રુવજીના ક્રિયાના દોષ દૂર થયા. ભગવત્સ્મરણથી યક્ષવધ દોષ દૂર થયો. ભગવાનના ધ્યાનથી ભગવત્સંબંધના અભાવમાં આવેલો આસુરાવેશ રૂપ દોષ દૂર થયો, પછી કુમાર ધ્રુવજીને પ્રભુ-પ્રાપ્તિ થઈ. ધ્રુવસ્થાનમાં સદેહ વાસ મળ્યો, કૃતાર્થ થયા. જતાં જતાં જનની - જેણે સૌ પહેલાં પ્રભુપંથે જવા આદેશ દીધો તે - યાદ આવી. દેવદૂતને પૃચ્છા કરી, - "મા ક્યાં ?" સ્વર્ગ જતી સુનીતિના વિમાનનાં દર્શન કર્યાં. ધ્રુવ નિશ્ચિંત થયા.

સંતાનની સુશીલતા, ભક્તિ, ઉત્તમતા એ વડીલોની સદ્ગતિનું સોપાન છે, સ્વર્ગનું વિમાન છે ! ધ્રુવ-સ્થાનમાં આવી વિરાજ્યા. પ્રચેતસોના સત્રમાં પણ નારદ મહર્ષિજીએ ભક્તોનો યશઃ ગાયો. સર્વ સાધન કરતાં ભક્તિની ઉત્તમતા બતાવી. સંસ્કાર, સ્વાધ્યાય, મનન, યજ્ઞ, તપઃ કરતાં પણ વિષયવાસના રહિત થઈને ગુરુના ઉપદેશથી, પ્રભુ વિરાજતા હોય ત્યાં રહી, ભગવદ્-ભજન કરવું ઉત્તમ છે. તેનાથી ભગવાનની કૃપા શીઘ્ર થાય છે. તેમાં પણ સાક્ષાત્કાર થવા છતાં, ભગવાનની સેવા દુર્લભ છે ! તે સમજાવતાં હર્ષભર્યા નારદજીએ ગાયું,-

આજ્ઞાપાલક શિષ્ય અને તેની સફલતા તો ગુરુનું ગૌરવ છે ! : નારદજીએ ધ્રુવજીનું યશોગાન કર્યું : ભક્તોનાં ગુણગાનથી ભક્તિ થાય, ક્લેશ જાય : લોકોને કૃપાથી સાચું સમજાવતાં પ્રભુપ્રસન્ન થાય :

यः पञ्चवर्षो गुरुदारवाक्शरैर्भिन्नेन यातो हृदयेन दूयता ।
वनं मदादेशकरोऽजितं प्रभुं जिगाय तद्भक्तगुणैः पराजितम् ॥ (४२)

પાંચ વર્ષની વયે અપરમાનાં વાગ્બાણે વીંધાયા, દુભાતા હૃદયે વનમાં જતાં મારો ઉપદેશ સ્વીકાર્યો ! પોતાના ભક્તોના ગુણથી પરાજિત, અજિત પ્રભુને પણ પ્રેમપરવશ કર્યા !

સંતાનની શ્રેષ્ઠતા વડીલોનો વૈભવ છે. શિષ્યની સફલતા એ ગુરુનું ગૌરવ છે. શિષ્યના ગુણ ગુરુએ ગાયા, ગૌરવ અનુભવ્યું ! - "मदादेशकरः". નિર્મત્સર સાધુપુરુષોમાં જ આ સંભવે. ભાગવતમાં નિર્મત્સર સંતોના ધર્મ છે. તેનું આ સ્પષ્ટ નિદર્શન છે. ગુરુનાં વખાણ શિષ્ય કરે તે - મર્યાદા ! શિષ્યનાં ગુણગાન ગુરુ કરે છે, - તે પુષ્ટિ છે !

ભગવાનના ભક્તોનાં શ્રદ્ધાપૂર્વક, વારંવાર ગુણગાનથી ભગવાનમાં ભક્તિ થાય, ક્લેશનો લેશ પણ ન રહે,-

श्रुत्वैतच्छ्रद्धयाभीक्ष्णमच्युतप्रियचेष्टितम् ।
भवेद्भक्तिर्भगवति यया स्यात् क्लेशसंक्षयः ॥ (४६)

કોઈ અપેક્ષા વગર, માત્ર દયાથી, અજ્ઞાની લોકોને સાચું સમજાવી, પ્રભુમાં પ્રીતિ કરાવે, તેના પર દેવો પ્રસન્ન થાય છે,-

ज्ञानमज्ञाततत्त्वाय यो दद्यात्सत्पथेऽमृतम् ।
कृपालोर्दीननाथस्य देवास्तस्यानुगृह्णते ॥ (५१)

અધ્યાય : ૧૩

મોક્ષ કહેવા માટે કામ-પ્રકરણ-કથા :

ધ્રુવજીની મંગલ, મધુર, મંજુલ કથા મૈત્રેયે વિદુરજીને સંભળાવી. અર્થ-પુરુષાર્થનું નિરૂપણ થયું.

હવે, અધ્યાય ૧૩ થી ૨૩ સુધીના ૧૧ અધ્યાયોમાં કામપ્રકરણમાં પૃથુરાજાની પુણ્યગાથા ગાય છે. ઈન્દ્રિયો દ્વારા કામ પૂર્ણ થાય. ઈન્દ્રિયો ૧૧ છે, તેથી ૧૧ અધ્યાય છે. ૧૩ થી ૧૬ અધ્યાયમાં સર્વની કામનાથી પૃથુની ઉત્પત્તિ, ૧૭-૧૮ અધ્યાયમાં પૃથુ દ્વારા સર્વની કામનાઓની પૂર્તિ અને ૧૯ થી ૨૩ સુધીમાં પૃથુની સ્વકામનાસંતુષ્ટિની કથા છે. આ અધ્યાયોમાં સર્વત્ર કામનાઓની કથા છે, તેથી કામપ્રકરણ છે. આ શાસ્ત્ર- નિષિદ્ધ, ધર્મવિરુદ્ધ, કામની કથા નથી. ધર્મસંમત કામ પુરુષાર્થ છે. સ્ત્રીકામનાથી ભગવાનનું ભજન ન થાય, પણ ભગવાનના ભજનમાં સાનુકૂલતા માટે સ્ત્રીકામના હોય તો, ભગવદ્‌ભજન થઈ શકે ! કામ સ્ત્રી-પુરુષ ઉભય-સાપેક્ષ છે, તેથી પૃથુ સાથે અર્ચિની કથા છે. પૃથુ રાજાને મોક્ષની કામના ભગવદાવેશ નિવૃત્ત થતાં થઈ. તેમણે સનત્‌કુમારોના ઉપદેશથી

સકામભક્તિ કરી. તે ભક્તિ જ્ઞાન ઉત્પન્ન કરનારી છે. તેના વંશમાં થયેલા પ્રચેતસોને ભક્તિમાર્ગીય મુક્તિ મળી છે. મોક્ષપ્રકરણ કહેવા માટે કામપ્રકરણનો આરંભ કરે છે.

શ્રોતાને પ્રભુમાં પ્રીતિ કરાવે, અને વિશેષ સાંભળવાની ઝંખના જગાડે, તેમ પ્રભુના ગુણાનુવાદ ગાવામાં વક્તાની વિશિષ્ટતા છે, નારદજીએ પ્રચેતસોની સભામાં ધ્રુવજીનાં યશોગાન કર્યાં. તે વાત મૈત્રેય પાસેથી સાંભળતાં, વિદુરને પ્રભુમાં પ્રેમ દૃઢ થયો. પ્રસન્ન થયા. પૃચ્છા કરી, - "પ્રચેતસો કોણ હતા ? કોના પુત્ર હતા ? કોના વંશમાં થયા ? તેમણે સત્ર ક્યાં કર્યો ?"

પુણ્યપુરુષો તથા તેમના પૂર્વજો અને પ્રસંગોનું સ્મરણ પણ પુણ્યરૂપ બનાવે, માર્ગદર્શન અને દીનતા દે. મુનિ મૈત્રેયે ધ્રુવના વંશનું વર્ણન આરંભ્યું. ભક્તિમાર્ગાનુકૂલ રીતે કરેલી ભક્તિનું ફલ પુરુષોત્તમની પ્રાપ્તિ; અથવા ભક્તિ જ હોય ! ધ્રુવની ભક્તિથી પ્રભુ પ્રસન્ન થયા. તેનું મુખ્ય-ફલ તેના વંશમાં પ્રચેતસોને થયું. પૃથુને ગૌણફલ થયું. બ્રહ્માનંદ સુધીનું ફલ ગૌણ છે.

ભગવાનની વત્સલતા અને ભક્તિની પ્રબલતા સ્પષ્ટ કરવા માટે વંશવર્ણન કર્યું :

ધ્રુવના મોટા પુત્ર કલ્પ. પોતાને નાનપણમાં પડેલાં દુઃખની યાદથી ધ્રુવ વિરક્ત હતા ત્યારે જન્મેલા, પરિણામે, કલ્પ વિરક્ત થયા ! ધ્રુવને રાજ્યવૈભવ ભોગવીને વૈરાગ્ય થયો. ત્યારે ઉત્કલ નામના પુત્ર થયા. તે પણ વિરક્ત થયા. "अङ्गादङ्गात्समुत्पन्नो हृदयादधिजायते"- પુત્રમાં પિતાની આકૃતિ અને હૃદયની પ્રકૃતિ ઉતરી આવે. ધ્રુવના આ બે પુત્રો વિરક્ત થયા. ધ્રુવની રાગદશામાં પુત્ર થયા, - વત્સર ! ધ્રુવ કાલચક્રના અધિષ્ઠાતા છે. વત્સર વર્ષરૂપ છે. મંત્રીઓએ વત્સરને રાજા બનાવ્યા.

વત્સરના પુત્ર થયા પુષ્પાર્ણ, તેના વ્યુષ્ટ, તેના સર્વતેજા, તેના ચક્ષુ (મનુ), તેના ઉલ્મુક, તેના અંગ. અંગ રાજા મૃત્યુની કન્યા સુનીથાને પરણ્યા. અંગ સ્વભાવથી ધર્મપરાયણ હતા, પણ રાજાએ કાલાનુકૂલ- ધર્માચરણમાં પ્રમાદ કર્યો. પ્રમાદ મૃત્યુરૂપ છે, તેથી મૃત્યુની અધર્મરૂપ કન્યા સુનીથા સાથે જ તેને સ્નેહ થયો ! અંગમાં આવતી આળસ અને અંતઃકરણની અસાવધતારૂપ પ્રમાદથી ધર્માચરણમાં શિથિલતા આવે, તેમાંથી અધર્મ ઉદ્‌ભવે, નિષ્ક્રિયતા કે વિમુખતા રૂપ મૃત્યુ સાથે જ તે સંબંધ કરાવે ! આ બધા દોષના નિવારણ માટે અંગે અશ્વમેધ-યજ્ઞ કર્યો. તેમાં દેવો ન આવ્યા. રાજાએ સદસ્યોને પૃચ્છા કરી. સદસ્યોને કહ્યું, - "પુત્ર નથી, તેથી દેવો ન આવ્યા !"

કેવલ યજ્ઞથી આધિભૌતિક અને આધ્યાત્મિક દોષો દૂર થાય, વંશ અને મુક્તિ મળે. આ વિચારે સદસ્યોએ વૈષ્ણવયાગ કરાવ્યો. યજ્ઞનારાયણ પ્રકટ થયા. ચરુ આપ્યો. રાણીએ ખાધો. સગર્ભાવસ્થામાં સુનીથા પિતા મૃત્યુને ઘેર રહેવા ગયાં. સંતાન ઉપર મૃત્યુની ભયંકરતાની અસર પડી. માના ઉદરમાં જ્યારે સંતાન હોય ત્યારે, માના વિચાર-આહાર અને આસપાસના વાતાવરણની અસરો બાળક ઉપર પડયા સિવાય રહેતી નથી. તદુપરાંત, ભગવાને ભક્ત ધ્રુવજીના વંશની રક્ષા કરી છે. ભગવાન્ છ ગુણવાળા છે. ભગવાને પોતાના એક એક ગુણ દ્વારા છ પુરુષોની રક્ષા કરી. અંગ સાતમો. તેની રક્ષા કરનાર ગુણ રહ્યો નહિ, એટલે તેનામાં દોષ આવ્યો ! દોષ દૂર કરવા યજ્ઞ કર્યો. અંગ નિર્દોષ થયા. તેમના દોષ રૂપે વેન જન્મ્યો ! વંશ રહ્યો; પણ ભયંકરતા આવી ! યજ્ઞના પવિત્ર ચરુભક્ષણના પુણ્યફલ રૂપે વેનના પુત્ર પૃથુ થયા !

વેન દોષરૂપ થયા. સૌને પીડનારા થયા. પ્રજાપીડક પુત્ર જોઈને પિતાને દુઃખ થયું. પોતાનો પુત્ર પ્રજાને પીડે એ ઋષિહૃદય અંગ રાજાને અસહ્ય થયું. ઘર છોડી દઈને ચાલ્યા ગયા. અનર્થમાંથી પણ આશ્વાસન શોધ્યું, - "कदपत्यं वरं मन्ये ।"- સર્વત્ર સાર ગ્રહણ કરવો. "ખરાબ દીકરો મળ્યો તો વૈરાગ્ય થયો, નહિ તો હું રાજ્યભોગમાં આસક્ત થાત !" - અંગે વિચાર્યું, ભગવાન્ જે કોઈ પરિસ્થિતિ આપે તેને સુખ માનીને વધાવી લેવાની ! અંગે રાજ્યશાસન પુત્રને સોંપ્યું ન હતું. અયોગ્યને અધિકાર મળતાં અનર્થ વધે, દોષ અધિકાર દેનારને પણ લાગે. પ્રજા અને પુરોહિત રાજાને શોધવા ગયા. ન મળ્યા. સુરક્ષા કરનાર મળે તેવી કામના સૌના મનમાં હતી.

અધ્યાય : ૧૪

પાખંડથી પોતાને પ્રભુ ગણાવતો રાજા વેન; પ્રજાને ધર્મ-પરાયણ રાખતાં દાન-હોમ-પૂજન તેણે અટકાવી દીધાં, ઋષિયોએ તેને હણીને પ્રજા પર દયા કરી :

ઊરુમથનમાંથી પાપને "નિષાદ" રૂપે દૂર કર્યાં :

ભૃગુ વગેરે ઋષિયો સર્વજ્ઞ હતા. વેનની દુષ્ટતા જાણતા હતા. છતાં વેને સ્પષ્ટ રીતે પ્રજાદ્રોહ ન કર્યો હોય ત્યાં સુધી, લોકો તેની દુષ્ટતા જાણે નહિ, વેનને રાજ્ય ન દેવામાં પક્ષપાતનો અપવાદ આપે. અયોગ્યતાનો અનુભવ થાય તો, પ્રજા શાસકને બદલવા સંમત થાય, પછી સુયોગ્ય રક્ષક મળે ! આ દીર્ઘદૃષ્ટિથી ઋષિયોએ વેનને રાજા બનાવ્યો. વેનમાં રાજાનો ગુણ અને ભયંકરતારૂપ દોષ બંને હતાં.

વેને કઠોર શાસન ચલાવ્યું. ચોર લૂંટારા તેના રાજ્યમાંથી ત્રાસીને ચાલ્યા ગયા. અભિમાન રાજામાં ઊભરાયું. પોતાને જ પ્રભુ માની બેઠો. ઢંઢેરો પીટાવ્યો, -

न यष्टव्यं न दातव्यं न होतव्यं द्विजाः क्वचित् ।

દાન, હોમ અને પૂજન અટકાવી દીધાં. દાન, હોમ અને પૂજા પ્રજાને ધર્મપરાયણ રાખે, આર્થિક આધાર આપે, સામાજિક શિષ્ટાચાર સ્થાપે, પ્રભુપરાયણ બનાવે ! સ્નેહ, સહકાર, સદાચાર, શ્રમ? સન્મતિ, સમર્પણ, શ્રદ્ધાનો સુમેળ સધાય ! સમાજવાદ સાચા અર્થમાં સરલતાથી આવે ! મંગલ-મધુર વાતાવરણ બને ! "यज्"- ધાતુ દેવપૂજા અને સંગતિકરણ સૂચવે છે. શ્રદ્ધા અને સ્નેહપૂર્વકનું સમર્પણ દેવપૂજા, સેવાકાર્યમાં હોય. તન, મન, ધન અને સ્વજનને શ્રદ્ધા તથા સ્નેહપૂર્વક કલ્યાણકાર્યમાં અહંકાર વિના સંગત કરી દેવાં- યોજવાં - તે યજન છે.

દાન અનેકવિધ આવશ્યકતાઓને સંતોષે, નિરભિમાનપણે આદરપૂર્વક, ઉદારતાથી અર્પણ કરતાં શીખવે. સમાજની ઉન્નતિનું પણ તે અંગ બને. દેવાલય, વિદ્યાલય, છાત્રાલય, પુસ્તકાલય, ઔષધાલય, અપંગાલયમાં તન, મન અને ધનથી સહકાર દેવાય. સમાજને સ્વસ્થ અને સમુન્નત રાખનાર સંસ્કારશીલતાનું સર્જન થાય.

હોમમાં વપરાતાં દિવ્ય દ્રવ્યોથી વાતાવરણ પવિત્ર બને. રોગનાં જંતુઓ નષ્ટ થાય. અતિવૃષ્ટિ, -અનાવૃષ્ટિરૂપ આપત્તિ ટળે. વરસાદ વ્યવસ્થિત થાય. અન્ન અધિક થાય. અસંતોષનો અનર્થ ઓસરે.

તન, મન અને ધનની ગરીબાઈ જનમાત્રની ટળે, ખમીર આવે, લોકો અમીર બને. આયુષ્ય, આરોગ્ય અને ઐશ્વર્યમાં અભિવૃદ્ધિ થાય, લોકને શોક કરવાનો ન રહે.

ઋષિયોએ યજન-દાન-હોમના વ્યવસ્થિત વિજ્ઞાનનું જ્ઞાન દીધું. વેનને ગળે ન ઊતર્યું. અભિમાનથી પોનાને પ્રભુ માની બેઠો હતો, પાખંડપરાયણ થયો હતો. એકાદ વાક્યથી આખી સિદ્ધાંતની વાતને કાઢી નાખવી એ પણ પાખંડ કહેવાય,- "अयमेव हि पाषण्डो लेशेनाखिलबाधनम्।" રાજામાં પ્રભુનો અંશ ખરો, પણ તેથી પ્રભુની અવજ્ઞા કરી, રાજા પ્રભુ થઈ બેસે તે પાખંડ !

જ્ઞાનવૃદ્ધ ઋષિયોને "બાલિશ"- કહી વેને તેમનો ઉપહાસ કર્યો ! આગ્રહ પોતાનો પકડી રાખ્યો. ઋષિયોનું અપમાન કર્યું. પ્રભુની નિંદાથી હણાયેલા વેનને એક ક્ષણમાં ઋષિયોએ હું-કાર માત્રથી હણી નાખ્યો ! ઔષધવિજ્ઞાનવિધિથી સુનીથાએ શરીર સાચવી રાખ્યું. ઋષિયો આશ્રમમાં આવ્યા. દયાહીન, ક્રૂર માનવ જીવતો છતાં મરેલો છે. ઋષિયોએ વેનને હણી પ્રજા પર દયા કરી, તેથી દોષ ન લાગ્યો. થોડા વખતમાં ઋષિયોએ પ્રજાને પીડાતી જોઈ, લૂંટારાઓ વધેલા જોયા.

ઋષિયોને થયું, - "જે કાર્ય કરીએ અને પરિણામ આવે તેનું ફલ આપણે ભોગવવું પડે. આ પાપ આપણને લાગશે. યોગ્ય શાસન ન હોવાથી પ્રજા પીડાઈ રહી છે!" પુનઃ, સુવ્યવસ્થિત રાજ્યશાસન દેવા માટે ઋષિવરો કટિબદ્ધ થયા.

ब्राह्मणः समदृक् शान्तो दीनानां समुपेक्षकः ।
स्रवते ब्रह्म तस्यापि भिन्नभाण्डात्पयो यथा ॥ (४१)

શાન્તિપ્રિય, બુદ્ધિજીવી વર્ગ, માત્ર પ્રેક્ષક બનીને પ્રજાના ભક્ષકને જોયા ન કરે, - રક્ષક બને ! રાષ્ટ્રની, સમાજની સુવ્યવસ્થા, સંસ્કાર, સમુન્નતિ અને શીલની સંભાળ લે, સંવર્ધન કરે ! સમદૃષ્ટિવાળા શાન્ત બ્રાહ્મણનું તેજઃ પણ દુઃખીની અવજ્ઞા કરવાથી ઘટતું જાય, કાણા વાસણમાંથી પાણી વહી જાય તેમ !

ઋષિયો રાજદ્વારે આવ્યા. વેન રાજાના ઊરુનું મથન કર્યું. પાપપુરુષને "નિષાદ" - રૂપે બહાર કાઢી નાખ્યો ! બહાર ન દેખાતું ચૈતન્ય વેનના શરીરમાં હતું. ઋષિયોએ તે જાણીને મથન કર્યું. પુરુષનો નાભિથી નીચેનો ભાગ અપવિત્ર છે, ઉપરનો ભાગ પવિત્ર છે. પાપને દૂર કરવા સાથળનું મથન કર્યું, દોષ દૂર થયા.

અધ્યાય : ૧૫

વેનના બાહુ-મથનમાંથી થયેલાં ભગવદવતાર-રૂપ પૃથુ-અર્ચિ : પ્રભુસેવામાં દેવોએ ઉત્તમ પદાર્થોનું સમર્પણ કર્યું : સત્પુરુષો પ્રભુનાં ગુણગાન કરે, પોતાનાં કે અન્યનાં નહિ :

"अथ" - શબ્દથી, પાપ દૂર થયા પછી, નિર્દોષ મંગલ-કથાનો પ્રારંભ કર્યો. પવિત્ર થયેલા વેનના દેહના બે બાહુનું મથન શરૂ કર્યું. હૃદયનું મથન કરે તો સ્વતંત્ર અવતાર પ્રકટ થાય, ધર્મરક્ષા થાય, પણ વંશપરંપરા ન ચાલે ! ક્ષત્રિયત્વ માટે, કામનાપૂર્તિ માટે, બલના આશ્રયરૂપ બાહુઓનું મથન કર્યું. ભગવાન્ વિષ્ણુ અને લક્ષ્મીજીના અંશરૂપ એક યુગલ પ્રકટ થયું ! ઋષિયોએ પૃથુ અને અર્ચિ

એમનાં નામ કહ્યાં. કામ - પુરુષાર્થની સિદ્ધિ માટે પ્રકટ થયેલા યુગલને સૌએ વધાવ્યું.

દેવો સાથે બ્રહ્માજી આવ્યા. પૃથુના જમણા હાથમાં ગદાનું અને ચરણમાં પદ્મનું ચિહ્ન જોયું. વિષ્ણુનાં તે ચિહ્ન છે. પૃથુનો રાજ્યાભિષેક કર્યો. આનંદ મંગલ સૌ મનાવવા લાગ્યા. પોતપોતાની પાસેની સમૃદ્ધિ લાવીને લોકપાલોએ પૃથુને સમર્પણ કરી. રાજા તરીકેના ગુણો પૃથુમાં સ્વાભાવિક હતા.

કુબેરજીએ સુવર્ણનું સુંદર આસન લાવીને આપ્યું. ભગવદ્વિભૂતિ અન્યના આસને ન બેસે. વેનના દોષવાળું રાજ્યાસન પૃથુને ન દેવાય. વરુણે જલ સ્રવતું, ચન્દ્ર જેવા તેજઃવાળું છત્ર આપ્યું, વાયુએ ચામર આપ્યાં. ધર્મે કીર્તિમયી માલા આપી. ઈન્દ્રે ઉત્તમ મુકુટ આપ્યો. યમરાજાએ સંયમ કરનારો દંડ આપ્યો. બ્રહ્માએ વેદમય કવચ આપ્યું. સરસ્વતીજીએ ઉત્તમ હાર આપ્યો. શ્રીહરિએ સુદર્શન-ચક્ર આપ્યું. લક્ષ્મીજીએ અખૂટ લક્ષ્મી દીધાં. રુદ્રે તલવાર આપી. ઢાલ અંબિકાએ આપ્યાં. ચંદ્રે થાકે નહિ તેવા અશ્વો આપ્યા. ત્વષ્ટાએ સુંદર રથ આપ્યો. અગ્નિએ ધનુષ આપ્યું. સૂર્યે કિરણરૂપ બાણ આપ્યાં. ધૌએ પુષ્પાવલી દીધાં. નાટ્ય, સંગીત, વાજિંત્ર, અંતર્ધાન ખેચરોએ દીધાં. ઋષિયોએ સત્ય આશિષ આપી. સમુદ્રે શંખ આપ્યો. સમુદ્ર, પર્વત, નદીઓએ રથનો માર્ગ દીધો. પૃથુનો રથ સર્વત્ર જઈ શકે! માર્ગ, પુલ નાળાં વગેરે તે વખતે બંધાયાં, - તેવો આધુનિક-વિજ્ઞાનદર્શક અર્થ થઈ શકે.

ઋષિવરોએ પ્રેરણા કરતાં સૂત, માગધ અને બંદિજન સ્તુતિ કરવા લાગ્યા. સૂત પૌરાણિક કહેવાય! વંશવર્ણન કરનાર-માગધ! પ્રસંગોચિત સ્તુતિ કરનાર - બંદિજન!

સાધુપુરુષો પોતાની સ્તુતિ સાંભળીને સંકોચ પામે, સ્વદોષને સ્મરે. સામાન્ય પુરુષો પોતાની સ્તુતિ સાંભળીને સંતોષ પામે. પૃથુએ સ્તુતિ કરનારને અટકાવ્યા, "મારા ગુણો અપ્રકટ છે. મારું સ્તવન ન કરશો!" "सत्युत्तम लोकगुणानुवादे जुगुप्सितं न स्तवयन्ति सभ्याः ।" -સુશીલ પુરુષો ઉત્તમશ્લોક ભગવાનના ગુણાનુવાદ કરે, - કરાવે, પોતાના નહિ! સભાયોગ્ય સભાન પુરુષો વ્યર્થ વાણીવિલાસ ન કરે, અયોગ્યનું ગાન કરે નહિ, - કરાવે નહિ.

અધ્યાય : ૧૬

ઋષિયોની પ્રેરણાથી બંદિજનોએ કરેલું સર્વ લોકોપકારક પરાક્રમનું ગાન - રાજોચિત ગુણો ગણાવ્યા :

ઋષિયોએ પ્રેરણા કરતાં સૂત, માગધ, બંદિજન પુનઃ આવ્યા. પૃથુ રાજાનું ગાન કરવા લાગ્યા. પૃથુ ભવિષ્યમાં જે પરાક્રમ કરવાના હતા, તે ગાવા લાગ્યા. ઋષિમુનિઓએ સ્વતઃ સ્તુતિ ન કરી. બંદિજનો પાસે સ્તુતિ કરાવડાવી! એક ભવિષ્યજ્ઞ પુરાણવક્તા સૂત બોલી જતો હતો, તે સાંભળીને બંદી ગાન કરતા હતા. પૃથુરાજાનું પરાક્રમ કેવળ ઋષિયો ઉપર ઉપકાર કરનારું નહોતું; પણ સામાન્ય રીતે સમગ્ર જનતાનું કલ્યાણ થવાનું હતું. પૃથ્વીનું દોહન કરવાથી જે સમૃદ્ધિ - પોષણ મળવાનાં હતાં, તે સર્વ પ્રજાને ઉપયોગી હતાં, તેથી બંદી પાસે સ્તવન કરાવ્યું! - "આપના મહિમાનું વર્ણન કરતાં તો બૃહસ્પતિની બુદ્ધિ પણ ભ્રમિત થાય. સ્વયં ભગવાન્ અવતાર લઈને પધાર્યા છો! અમે આપનું માહાત્મ્ય ગાવા સમર્થ નથી. તમે પૃથ્વીનું દોહન કરશો. સૌને સુખ દેશો. અનેક પ્રકારના યજ્ઞો કરશો. સનત્કુમાર દ્વારા નિર્મલ જ્ઞાન મેળવશો. નિર્મલ યશઃ સર્વત્ર ફેલાશે. પૃથુ મહાનુભાવ પૃથ્વીપતિ થશે!"

રાજોચિત સઘળા ગુણોની ગણના કરાવી. શાસન કરનારના સઘળા વ્યવહારની અસર

રાજ્યમાં પડે, તેના ગુણ-દોષ પ્રજામાં પ્રસરે. સુયોગ્યશાસકમાં ધર્મનિષ્ઠાપૂર્ણ નિર્મલ જીવન, ન્યાયપૂર્ણ શિસ્તસમ્પન્ન- શાસન, જ્ઞાન, વિજ્ઞાન, સમૃદ્ધિસંવર્ધનથી પ્રજાપ્રેમ-સંપાદન, સ્વાભાવિક રૂપમાં હોય. "धर्मभृतां श्रेष्ठः"- પોતે સ્વધર્મ-સન્નિષ્ઠ હોય તે, અન્ય ધર્મનો પણ આદર કરે, સર્વધર્મ-સહિષ્ણુ બને, પ્રજાને ધર્મપરાયણ રાખે. સુખ, શાંતિ, સમૃદ્ધિ માટે આ અનિવાર્ય છે; તેથી "लोकं धर्मेऽनुवर्तयन् ।" - લોકોને ધર્માનુકૂલ બનાવે. શાસકથી શેહશરમ કોઈની ન રખાય. "शास्ता तत्परिपन्थिनाम्"- ધર્મ કે રાષ્ટ્રહિતનું ઉલ્લઘંન કરનારને કડક દંડ દેવાય !

આઠ લોકપાલોના ધર્મો પૃથુમાં એકસાથે હતા. સફલ શાસકમાં આ ગુણો જરૂરી છે :

૧. "सूर्यवद्विभु:"- સૌનું સમાન હિત કરે. કર લઈને પ્રજાહિત માટે તેનો યોગ્ય સમયે ઉપયોગ કરે. ઉદ્યોગો વધારે. તે સૂર્યનો ગુણ, - સૂર્ય જલ શોષીને વરસાદ રૂપે પાછું આપે છે.

૨. "क्षितिवृत्तिमान्"- પૃથ્વીની જેમ ક્ષમાશીલ, પરોપકારી, દુઃખીનો આધાર બને. ભૂતલમાંની સમૃદ્ધિ પ્રકટ કરે.

૩. "इन्द्रवत्"- ઈન્દ્ર વરસાદ વરસાવે, તેમ ભેદભાવ વિના સૌ પર સુખ-સમૃદ્ધિની વર્ષા કરે, પોષણ કરે. આપત્તિમાં રક્ષા કરે, અન્નમાં સ્વાવલંબી બને. વરસાદ પણ વરસાવે. વરસાદ વરસાવવાની વૈજ્ઞાનિક-સિદ્ધિ પણ તેમાં ગણાય. પૃથુ ભગવદવતાર છે.

૪. "अमृतमूर्तिना"- ચંદ્રની જેમ અમૃત વરસાવતાં મધુર વચનથી સૌને આશ્વાસન અને સંતોષ દે. હમેશાં પ્રસન્ન રહે. પ્રજાપ્રેમ વધારે. લલિત કલાદિનું પોષણ કરે. વિદ્યા-શાખાઓનો વિકાસ કરે. સ્વદેશ અને વિદેશમાં મિત્રો વધારે.

૫. "प्रचेता इव संवृतात्मा"- વરુણની જેમ પોતાના અભિપ્રાય ગુપ્ત રાખીને પ્રજાનો મનોભાવ જાણે. રાજ્યકાર્યમાં નિત્ય સાવધ રહે. સમૃદ્ધિની રક્ષા કરે. ધનમાં સ્વાવલંબી બને. વ્યાપારાદિનો વિકાસ કરે.

૬. "उत्थितोऽनलः"- સળગતા અગ્નિની જેમ દુશ્મનોને દુઃસહ બને. સૈન્ય અને સંરક્ષણમાં અન્ય પર આધાર ન રાખે. દુષ્ટોને દંડ દે. શુદ્ધિ સૌની કરે.

૭. "वायुरात्मेव"- વાયુ સર્વત્ર ફરે તેમ ગુપ્તચરો દ્વારા શત્રુ-મિત્ર સૌની વૃત્તિ-પ્રવૃત્તિ જાણે. પોતે બધાથી નિર્લેપ રહે. માત્ર પોતાની પ્રજા અને રાષ્ટ્રનું હિત જ મુખ્ય રાખીને વ્યવહાર કરે.

૮. "धर्मपथे स्थितः"- શત્રુ અને મિત્રનો પણ સંકોચ કે શેહ-શરમ વિના તદ્દન યોગ્ય ન્યાય કરે. ન્યાયમાં વિલંબ ન કરે. કાયદો પોતે પાળે અને પળાવે. ધર્મમાર્ગે દઢ રહે.

આવા ગુણો સાથેનું પવિત્ર જીવન અત્યંત પ્રભાવશાળી સફલ શાસનકર્તા બનાવે.

અધ્યાય : ૧૭

ભગવત્કથા સાંભળવા ઈચ્છતા વિદુરજીના પ્રશ્નથી ભગવદાવેશ-કથા :

રાજાપૃથુએ પ્રજાને પુષ્કળ અન્ન દેવા દીર્ઘદૃષ્ટિથી વિચારીને કરેલું પૃથ્વીનું શાસન :

મંત્રિમંડલની મતભેદ કે મનોભેદ વગરની એકમતિ સફલ શાસન માટે અનિવાર્ય બને છે.

પૃથુ મંત્રિમંડલને વિશ્વાસમાં લઈને સાનુકૂલ રાખતા ! વિદુર પણ રાજ્યમંત્રી હતા. તેમને તો આવા અનુભવ અનેક હતા. પૃથુની સામાન્ય રાજા તરીકેની વાતમાં તેમને રસ ન હતો. વિદુરની ભક્તિ તો ભગવત્કથા સાંભળવા તલસે છે, તેથી વચમાં તેમણે પ્રશ્ન પૂછ્યો. ગાયના રૂપવાળી પૃથ્વીનું દોહન પૃથુએ ભગવદાવેશથી કર્યું. પ્રજાની કામના પૂર્ણ કરી, - તે કહેવા વિનંતી કરી !

મૈત્રેયે કહ્યું, - "પૃથુ રાજા થયા. એક વખત પ્રજા અન્ન વગર પીડાઈ. રાજાને વિનંતી કરી. "**तन्नो भवानीहतु रातवेऽन्नम् ।**"- "આપ અમને અન્ન આપવા ક્રિયા કરો !"

પ્રજાને સૌથી મોટી આવશ્યકતા છે, અન્નની ! ઉધોગ કરતાં પણ અન્નની આવશ્યકતા અધિક છે. અન્ન મોંઘું બને તો બધું મોંઘું બને. ઉદરપોષણ વિના પ્રજાને ન ચાલે. અન્નના ભાવ વધતાં તેની અસરોથી લોકોને વેતન વધારે દેવું પડે. તેનો ભાર ઉધોગ પર પડે, તેથી તેનું ઉત્પાદન મોંઘું બને. સસ્તું અને પૂરતું અનાજ સૌને મળે તો આબાદી વધે ! શ્રુતિમાં પણ "**अन्नं बहु कुर्वीत**"- આદેશ છે. અનાજનું ઉત્પાદન વધારો ! રોકડીઆ (તમાકુ વગેરે) પાકનું નહિ. લોકોએ પૃથુને અન્ન દેવા વિનંતી કરી, પણ રાજકારભારમાં વિલંબનો ડર રહે. પ્રજાના પ્રાણપ્રશ્નમાં થતો વિલંબ અસહ્ય બને, ભૂખ ભાન ભૂલાવે, સર્વનાશ નોતરે, તેથી ચેતવણી આપી "**यावन्न नङ्क्ष्यामह उज्झितोर्जाः ।**"- "અનાજ વિનાના અશક્ત અમે નાશ ન પામીએ ત્યાં સુધીમાં અન્ન આપો !" પ્રજાપરાયણ પૃથુરાજાએ પલના પણ વિલંબ વિના દીર્ઘ-વિચાર કર્યો, - "**दीर्घं दध्यौ**" દીર્ઘદષ્ટિથી પરિણામનો, કાર્યનો, વ્યવસ્થાનો, સ્વસામર્થ્યનો વિચાર કરીને કામ હાથમાં લેવાય, તો સફલતા મળે, લોકસુખ મળે.

પૃથુરાજા ધનુષ્ય-બાણ લઈ પૃથ્વીનું શાસન કરવા માટે તૈયાર થયા. ગાયનું રૂપ ધારણ કરી આધિદૈવિક રૂપે પૃથ્વીદેવી આગળ દોડવા લાગ્યાં. આધિદૈવિક રૂપ સર્વફલદાન સમર્થ છે. પૃથ્વી પરીક્ષા કરવા બોલ્યાં, - "પૃથુરાજા ! સ્ત્રીનો વધ તમારાથી ન થાય !" પૃથુએ જવાબ આપ્યો, - "પ્રજાનું કલ્યાણ કરવા માટે વધ કરવામાં રાજાને દોષ નથી. વસુધે ! મારા શાસનથી વિમુખ થયેલી તને સજા કરીશ !" - "**वसुधे त्वां वधिष्यामि मच्छासनपराङ्मुखीम् ।**" - ગાય જેવી ગરીબ લાગે, છતાં શાસન ન માનતી પ્રજા સજા યોગ્ય ગણાય. ! "**नमुञ्चस्यात्मरुद्धानि ।**"- છુપાવેલાં બીજ દેતી નથી !- તે સૂચવે છે કે, પ્રજાની જરૂરિયાતની ચીજો સ્વાર્થ માટે છુપાવી રાખનાર સજાપાત્ર છે. "**यवसं जग्ध्यनुदिनं नैवदौग्ध्यौधसं पयः ।**"- ઘાસ ખાવા છતાં દૂધ નથી દેતી ! તે સૂચવે છે કે, - પગાર કે નફો લેવા છતાં, વફાદારીથી પૂરતું કામ ન દેનાર શિક્ષાપાત્ર છે ! પ્રમાદ અને પ્રમોદ પ્રજાને પાયમાલ કરે છે. સત્તા ચલાવનાર સાવધ રહી બંનેને દૂર કરે, કર્તવ્યનિષ્ઠ સૌને બનાવે.

પૃથ્વીએ પૃથુ રાજાની પ્રજાનિષ્ઠા જોઈ, પ્રજા ઉપર એનો પ્રેમ જોયો. સ્તુતિ કરી. વંદન કર્યાં.

અધ્યાય : ૧૮

માનવકલ્યાણના અનુભવસિદ્ધ ઉપાયો ઋષિયોએ વિચારી રાખેલા છે, - યજ્ઞ અને જ્ઞાન ! :
સ્વાર્થીઓ સઘળો સાર શોષી રહ્યા છે :

પૃથુને પૃથ્વીએ ઉપાય બતાવ્યો,

अस्मिँल्लोकेऽथवामुष्मिन् मुनिभिस्तत्त्वदर्शिभिः ।
दृष्टायोगाः प्रयुक्ताश्च पुंसां श्रेयःप्रसिद्धये ॥ (३)

આ લોક અને પરલોકમાં માનવના કલ્યાણ માટે તત્ત્વજ્ઞ મુનિજનોએ ઉપાયો વિચાર્યા છે, આચર્યા છે. અનુભવસિદ્ધ એ ઉપાયો છે. શ્રદ્ધાથી તેને અનુસરે તે કૃતાર્થ બને, પણ ઉપેક્ષા કરે તે ગતાર્થ બને ! આ લોકના સુખ માટે વિજ્ઞાન - ખેતી વગેરે અને પરલોકના સુખ માટે જ્ઞાન - યજ્ઞ વગેરે છે.

આજના વિજ્ઞાન સાથે અનર્થ પણ વિકસે છે. ઋષિયોનું વિજ્ઞાન અનર્થ વિના કૃતાર્થ કરે છે. જ્ઞાન અને વિજ્ઞાનનો ઉપયોગ કલ્યાણમાં જ થવો જોઈએ. વિકાસ તેનું ધ્યેય છે, - વિનાશ નહિ. પણ લોકોએ તેમાંથી સ્વાર્થવશપણે થયા અનર્થ વહોર્યો. "असद्भिरधृतव्रतैः ।" - સર્વ-કલ્યાણની કામના વગરના, અસંયમી, સાધનસંપન્ન, લોલુપ-લોકોએ વિજ્ઞાન - ઔષધિ વગેરેનો દુરુપયોગ કર્યો ! ઔષધિનું સત્ત્વ ગયું. "अपालितानादृता च भवद्भिर्लोकपालकैः ।" - સત્તાધીશોએ પોતાના ફાયદા માટે કાયદાનો ગેરલાભ લેતાં, જ્ઞાન-વિજ્ઞાન-યજ્ઞ વગેરેની ઉપેક્ષા કરતાં, તેજસ્વિતા તેમાંથી ગઈ. "चोरीभूतेऽथलोके....।" - લોકોની મનોવૃત્તિ અને પ્રવૃત્તિ ચોર જેવી થઈ ગઈ ! સ્વાર્થ માટે જીવનોપયોગી ખાદ્યાદિ - પદાર્થોમાં ભેળસેળ-પ્રવૃત્તિ, ઓછી મહેનતે વધારે મહેનતાણું મેળવવાની વૃત્તિ, છેતરવાની વૃત્તિ-પ્રવૃત્તિ, સંગ્રહખોરી, લાંચ-રૂશ્વત વગેરે અનર્થોને પરિણામે અન્ન અને અંતઃકરણનાં અમી (મધુરતા) ઘટતાં જાય છે ! "वत्सं कल्पय मे वीर" - "મારાં વાછરડાં લાવો !" - પૃથ્વીએ કહ્યું, "હું ઈચ્છેલું દૂધ દઈશ !" વહાલભર્યાં વાછરડાં હોય, તેને જોતાં જ ગાય દૂધ દેવા માંડે.

પ્રજા પ્રત્યે પ્રીતિ રાખનાર અને પ્રજા જેના પ્રત્યે પ્રીતિ રાખે છે, - તેવા લોકસેવકો, સમાજસુધારકો, પોતાના ક્ષેત્રના સર્વોત્તમ નિપુણો, શીલસંપન્ન, સેવાસન્નિષ્ઠ તથા સદાચારી લોકોને યોગ્ય સ્થાન-માન દેવાય, તો ઈચ્છેલાં ફલ-લાભ અને સફલતા મળે. સત્તા અને પ્રજાનો સહકાર તેનાથી સધાય, તો સમૃદ્ધિ સરલતાથી મળે. ઋષિયોએ આપેલું વિજ્ઞાન અને જ્ઞાન, સંપાદન અને સહકાર, ઉપાર્જન અને અર્પણ શીખવે છે.

પૃથ્વીએ કૃષિવિજ્ઞાન બતાવ્યું, - "પૃથુ રાજા ! ક્રોધ ન કરશો. મને સમાન બનાવો. જલસંગ્રહ થાય તો અન્ન પાકશે !" પૃથુ રાજાએ ધનુષ્યના અગ્રભાગથી પૃથ્વીના ખાડા ટેકરાઓ સમાન કર્યા. નાનાં ખેતરોને બદલે વિશાળ ખેતરો કર્યાં, વધારેમાં વધારે અન્ન પાકે એવું સંશોધન કર્યું. ખેતી-વિજ્ઞાન પૃથુ રાજાએ આરંભ્યું !

પૃથ્વી ગોરૂપ ધરીને ઊભાં હતાં તેમનું વિવિધ લોકો માંટે વિવિધ વત્સો દ્વારા વિવિધ દોહન :

૧. પૃથુએ મનુને વત્સ બનાવ્યા. પોતાના પાણિ (હાથ)ને પાત્ર બનાવ્યા. સકળ ઔષધિનું દોહન કરી લીધું ! મનુ બુદ્ધિરૂપ અથવા ધ્યાનરૂપ છે. માનવ ધ્યાન રાખે, બુદ્ધિનો ઉપયોગ કરે અને બે હાથથી પૂરતી મહેનત કરે તો, પૃથ્વી પાસેથી સર્વ પ્રકારની ઔષધિ પ્રાપ્ત કરી શકે.

ઉદ્યોગથી ઉત્પાદન, કાયદાથી કર, શિક્ષણથી સંસ્કાર, વિજ્ઞાનથી વૈભવ અને જ્ઞાનથી ગતિ મેળવવાં, - તે દોહનરૂપ છે. સૌને પોતાના ઈચ્છેલા પદાર્થ પૃથ્વી પાસેથી પ્રાપ્ત થયા ! - "सर्वकामदुघां

પૃથ્વીં દુદુહુઃ પૃથુભાવિતામ્ ।" પૃથુમાં ભગવાનનો આવેશ છે, તેથી ઈચ્છેલા પદાર્થો સૌને સુલભ થયા. મનુ બુદ્ધિરૂપ છે. પૃથુ રાજા છે. હાથ પાત્ર છે. તે શાસનક્રિયા વ્યવસ્થારૂપ છે. આ દોહનને "મનુસ્મૃતિ" રૂપે રાજાને ઉપયોગી રાજ્યવ્યવસ્થા માટેનું વ્યવસ્થાતન્ત્ર, પ્રજા-માટેનું ધર્મનિરૂપણ વગેરે પણ ગણી શકાય.

૨. ઋષિયો બૃહસ્પતિને વત્સ બનાવીને, ઈન્દ્રિય-પાત્રમાં વેદરૂપ દૂધ દોહી ગયા. વિશ્વકલ્યાણ કરનારું વેદજ્ઞાન ગુરુ દ્વારા મળે. અન્ન દ્વારા તન અને વેદ દ્વારા મન સ્વસ્થ રહે, નીરોગી રહે. તનનું પોષણ જેટલું જરૂરી છે, તેટલું જ મનનું પોષણ જરૂરી છે. લોકો માટે ભોજન અને ભજન બંને જરૂરી છે.

૩. દેવો ઈન્દ્રને વત્સ બનાવી સુવર્ણમય પાત્રમાં સોમરૂપ દૂધ દોહી ગયા.

૪. દાનવો-દૈત્યો પ્રહ્લાદને વત્સ બનાવી લોહમય પાત્રમાં સુરા-આસવરૂપ દૂધ દોહી ગયા. (આ પ્રહ્લાદ બીજા છે, ભક્ત નહિ)

૫. અપ્સરા-ગંધર્વો વિશ્વાવસુને વત્સ બનાવી પદ્મમય પાત્રમાં મધુર સંગીતરૂપ દૂધ દોહી ગયા.

૬. પિતૃઓ અર્યમાને વત્સ બનાવી (કાચી માટી) આમમય પાત્રમાં કાવ્યરૂપ દૂધ દોહી ગયા.

૭. સિદ્ધો કપિલને વત્સ બનાવી આકાશરૂપ પાત્રમાં સંકલ્પ માત્રથી ઈચ્છિત દેતી અણિમા વગેરે સિદ્ધિઓ રૂપ દૂધ દોહી ગયા. (દૂરશ્રવણ, - દૂરદર્શનથી રેડીઓ, ટેલિફોન, ટેલિવિઝન વગેરે કહી શકાય.)

૮. વિદ્યાધરો કપિલને વત્સ બનાવી આકાશમય પાત્રમાં ખેચરીવિદ્યા રૂપ દૂધ દોહી ગયા.

૯. માયાવિલોકો મયને વત્સ બનાવી આકાશમય પાત્રમાં માયારૂપ દૂધ દોહી ગયા.

૧૦. યક્ષાદિ રુદ્રને વત્સ બનાવી મનુષ્યકપાલ-પાત્રમાં રુધિર (આસવ) રૂપ દૂધ દોહી ગયા.

૧૧. નાગો (અજગર) (ફણા વગરના અને ફણાવાળાં સર્પો, વીંછી વગેરે) તક્ષકને વત્સ બનાવી દર રૂપ પાત્રમાં વિષરૂપ દૂધ દોહી ગયા.

૧૨. પશુઓ નંદીશ્વરને વત્સ બનાવી અરણ્યમય પાત્રમાં લીલા ઘાસ રૂપ દૂધ દોહી ગયા.

૧૩. દાંતવાળા-ક્રવ્યાદિ પશુઓ સિંહને વત્સ બનાવી સ્વકલેવરમય પાત્રમાં ક્રવ્યરૂપ દૂધ દોહી ગયા.

૧૪. પક્ષીઓ ગરુડને વત્સ બનાવી સ્વક્લેવરમય પાત્રમાં કીટ-ફલ રૂપ દૂધ દોહી ગયા.

૧૫. વનસ્પતિયો વડને વત્સ બનાવી સ્વકલેવરમય પાત્રમાં રસ રૂપ દૂધ દોહી ગયા.

૧૬. પર્વતો હિમાલયને વત્સ બનાવી શિખરમય પાત્રમાં ધાતુ-રત્ન રૂપ દોહી ગયા.

પૃથ્વી પાસેથી ખૂબ અન્નનું ઉત્પાદન કરીને, તેની રક્ષા-વ્યવસ્થા-માટે, સૌ પ્રથમ પૃથુએ ગામડાં-નગર-વગેરે વસાવ્યાં ! :

સર્વને ઈચ્છેલું મળ્યું. સર્વની સર્વકામના પૃથુએ પૂર્ણ કરી. પૃથ્વીને પૃથુએ પુત્રી રૂપે ગણી ! "दुहितृत्वे चकारेमां ।"- પૃથુ રાજા તરીકે પૃથ્વીપતિ ગણાય, છતાં પૃથ્વીના પિતા થયા, પ્રજાને પુત્રી જેવી ગણી ! પૃથ્વી પાસેથી સઘળી સમૃદ્ધિ મળી. સુશીલ શાસનકર્તા સંપત્તિ-સમૃદ્ધિનું સંપાદન,

સંવર્ધન અને સંરક્ષણ સુવ્યવસ્થિત કરે, પછી સદુપયોગ થાય.

પૃથુએ પુર, ગ્રામ, નગરની યોગ્ય રચનાઓ કરાવી. કિલ્લાઓ બનાવડાવ્યા. ઈતિહાસકારો કહે છે, – આર્યો ટોળામાં સાથે વસ્યા. એક વસ્યાં, બે વસ્યાં, તેમાંથી ગામડાં થયાં ! વધારે વસ્યાં એટલે શહેર થયાં ! પણ "प्राक्पृथोरिह नैवेषा पुरग्रामादिकल्पना ।" – પૃથુ રાજાની પહેલાં અહીં ગામડાં, નગર વગેરેની કલ્પના પણ નહોતી ! પૃથુ રાજાએ સૌથી પહેલાં આ રચનાઓ કરી. ખેતરની અંદરનાં ખળાં (અનાજ માટેની જગ્યા), અગ્નિહોત્રીઓને વસાવવાનાં સ્થાન, વ્રજ-સ્થાન, સૈન્ય-શિબિર, ખાણો વગેરેની વ્યવસ્થા પણ પૃથુએ કરી.

અધ્યાય : ૧૯

મનને મલિન બનાવતી પ્રવૃત્તિ પ્રિય લાગે તેવી હોવા છતાં સંત-સંમતિથી છોડી દેવી :

"अथादीक्षत राजा तु हयमेध - शतेन सः ।" - "अथ"થી આરંભ કર્યો. સર્વકામનાપૂર્ણ થયા પછી સ્વકામના-પૂર્તિનો મંગલારંભ કર્યો ! આ લોકમાં સુખ દેતી સમૃદ્ધિ મહારાજ પૃથુએ સૌની કામનાઓ સંતુષ્ટ કરતાં પ્રાપ્ત કરી, સર્વમંગલ કર્યું. લૌકિક-કામના ગયા પછી, અલૌકિક-કામના થાય ! સ્વાન્તઃશુદ્ધિ તે માટે આવશ્યક બને. સ્વમંગલકામના માટે શુદ્ધિસંપાદક સો અશ્વમેધયજ્ઞ કરવાની દીક્ષા લીધી. – બ્રહ્માવર્તમાં યજ્ઞમહોત્સવ શરૂ થયા. સમૃદ્ધિના સદુપયોગની શિક્ષા, પૃથુરાજા સૌને યજ્ઞદીક્ષાથી દઈ રહ્યા છે, – સમૃદ્ધિનો સંચય અને માત્ર સ્વોપભોગ (મોજશોખ) માનવને વિલાસ અને વિનાશના માર્ગે દોરી જાય. સાવધ પુરુષો સંપત્તિનો સદુપયોગ કરી સ્વવધ જેવા વિલાસમાંથી બચી, વિપુલ વિકાસ સાધે છે.

પૃથુરાજાના યજ્ઞમાં લોકપાલો, દેવો, મુનિગણ, ગંધર્વ, દૈત્યવર્ગ, સિદ્ધો, પ્રભુના પાર્ષદો અને ભગવદ્‌ભક્તો આવ્યા. સત્કાર્ય શિષ્ટસમાજનું સંમેલન સાધે છે. પૃથ્વીએ સર્વ પદાર્થો પ્રેમથી દીધા. રસની નદીઓ વહેવા લાગી ! વૃક્ષો ફલ-ફૂલની અઢળક વૃષ્ટિ કરવા લાગ્યાં, મધુધારા વહાવતાં હતાં ! સર્વવિધ સમૃદ્ધિ સુલભ હતી !

ઈન્દ્રને અસૂયા થઈ. પૃથુની સમૃદ્ધિ જોઈ, જ્યાં સ્વયં ભગવાન્ ભક્તો સાથે પધારેલા, તેવા સર્વોત્તમ નિષ્કામયજ્ઞ જોયા. ભગવાન્ સુયજ્ઞ આ સમયે ઈન્દ્રરૂપ હતા. તેમણે ભગવદિચ્છા જાણી યજ્ઞમાં વિઘ્ન આરંભ્યું ! સો અશ્વમેધયજ્ઞ અને ઈન્દ્ર થવાની ઈચ્છા થાય તો ઈન્દ્રપદ મળે ! તે ભગવાનની કામલીલામાં સાનુકૂલ ન હતું. સમૃદ્ધિ અને સત્તામાં સંઘર્ષની સ્વાભાવિકતા હોય તે, પ્રકટ કરી. કોઈ પોતાનું પદ પડાવી લે, સમાન થાય, તે સત્તા અને સંપત્તિલાલસ સહન ન કરી શકે. પૃથુ કદાચ ઈન્દ્ર બને તો ? સ્વર્ગરૂપ સર્વ સમૃદ્ધિમાં રહેનારને પણ ઈર્ષા મનમાંથી જતી નથી. ઈન્દ્રે છેલ્લા અશ્વમેધયજ્ઞમાં ઈર્ષાથી અશ્વ હરવા માટે બનાવટી વેશ ધરી ત્રણ વખત પ્રયત્ન કર્યા ! પૃથુપુત્ર પાછળ જઈ અશ્વ પાછો લઈ આવ્યો. વિજિતાશ્વ-નામ પડ્યું. ઈન્દ્રે પાપના ખંડ (અંશ) રૂપ વેષ લીધા, પાખંડપંથ પ્રારંભાયા ! સત્તા-સંપત્તિનાં સંઘર્ષની પાપયુક્ત યુક્તિ-પ્રયુક્તિઓમાં પાખંડ છે. પ્રમાણ વિનાનું ધર્માચરણ પણ પાખંડ ગણાય. સત્કાર્યમાં પણ સંઘર્ષ વિઘ્ન કરે ! વારંવાર વિઘ્નથી પૃથુને મનમાં ગ્લાનિ થઈ, અશુદ્ધિ મનમાં આવી. ઈન્દ્રને શિક્ષા કરવાની તીવ્ર ઈચ્છા થઈ, દ્વેષ જાગ્યો. શુદ્ધિના

સત્કાર્યમાં પણ અશુદ્ધિ આવી ! ઈન્દ્રનો વધ કરવા તૈયાર થયા. બ્રાહ્મણો યજ્ઞમાં ઈન્દ્રને બોલાવીને હોમી દેવા તૈયાર થયા ! મંત્રોચ્ચાર કરવા માંડયા. બ્રહ્માજી આવ્યા. પૃથુના મનમાં શુદ્ધિને બદલે અશુદ્ધિ વધવા માંડી. બ્રહ્માજીએ યજ્ઞ બંધ રખાવ્યો: પૃથુના નવ્વાણું યજ્ઞ થયા હતા; છતાં ઈચ્છેલી શુદ્ધિ એને આપી ! સોમા યજ્ઞમાંથી અટકાવી દીધા ! પૃથુએ યજ્ઞ બંધ રાખી ઈન્દ્ર સાથે સંધિ કરી. પણ હજી મનમાંથી દ્વેષ નહોતો ગયો, છતાં બ્રહ્માજીનું વચન માની યજ્ઞ બંધ રાખ્યો. સૌને દાન, -માન દઈ વિદાય કર્યા. આપણું મન જેનાથી મલિન બને, પ્રભુ સંબંધ-રહિત બને, તેવી પ્રવૃત્તિ - ગમે તેવી પ્રિય હોય, આવશ્યક લાગે, ધર્મમય લાગે, છતાં સંતોની સંમતિથી છોડી દેવી.

અધ્યાય : ૨૦

પૃથુના દોષને દૂર કરવા પ્રસન્ન પ્રભુ ઈન્દ્રને સાથે લઈને પધાર્યા :

માનવ પોતાને અતિશય ગમતી પ્રવૃત્તિ કોઈના કહ્યાથી કદાચ છોડી દે, તો પણ અંતઃકરણમાંથી એ પ્રવૃત્તિ નીકળી જતી નથી. અંતઃકરણની વૃત્તિ તેમાં રહ્યા કરે છે. આસક્તિનો એ સ્વભાવ અને પ્રભાવ છે. માનવ તેનો નિભાવ કરે છે, પરિણામે સદ્ભાવ કે ભગવદ્ભાવ થતો નથી.

યજ્ઞ બંધ થયો. શુદ્ધિરૂપ ફલ મળી ગયું, છતાં પૃથુના મનમાંથી દ્વેષ ગયો ન હતો ! તનના દાઝેલાનો ડાઘ દેખાય, તેમ મનના દાઝેલાનો પણ ડાઘ દીર્ઘકાલ સુધી રહે છે. પ્રભુકૃપાથી જ મન પુનઃ મધુર-નિર્મલ- બને !

પૃથુરાજાને કર્માસક્તિ અને દ્વેષ દૂર કરી, જ્ઞાનાધિકાર દેવા ઈન્દ્રને લઈને પ્રભુ પધાર્યા ! સાધનમાર્ગમાંથી આસક્તિ અને મનના ડાઘને આનંદરૂપ ભગવાન્ જ દૂર કરે. અત્યારે, આવશ્યક હતો એટલે જ ઉપદેશ માત્ર દેવા પ્રભુ પધાર્યા હતા ! ઉપદેશથી અને યજ્ઞવિઘ્નથી પ્રભુ સામાન્ય ધર્મકાર્ય કે સત્કાર્યમાં પણ ક્વચિત્ હિત માટે વિઘ્ન કરાવે છે ! ભક્તોએ તો સાનુકૂલતા કે પ્રતિકૂલતામાં પણ પ્રભુની કૃપા જ સમજવી.

અપેક્ષા વગર, રાગદ્વેષ વગર, ભગવાનને ભજે તેનું મન શુદ્ધ થાય, તેવા સમચિત્તવાળાને પ્રભુ સુલભ થાય :

પ્રસન્ન પ્રભુએ પૃથુને દ્વેષ છોડવા ઉપદેશ દીધો. સાધુપુરુષો કોઈ સાથે કડવાશ કરતા નથી. મહાપુરુષોના સત્સંગલાભ પછી પણ, મનમાંથી કટુતા, કઠોરતા અને કપટ ન જાય, મોહ અને મલિનતા ન જાય, તો સત્સંગ શ્રમરૂપ જ ગણાય ! ક્ષણના પણ સત્સંગથી સદ્ભાવ સહજમાં પ્રાપ્ત થાય.

यः स्वधर्मेण मां नित्यं निराशीः श्रद्धयान्वितः ।
भजते शनकैस्तस्य मनो राजन् प्रसीदति ॥ (९)

સ્વધર્મનિષ્ઠ રહી, અપેક્ષા વગર, શ્રદ્ધાપૂર્વક ભગવાનને ભજે, તેનું મન ધીમે ધીમે દોષ-રહિત થાય, પ્રસન્ન રહે, શાન્તિનો અનુભવ કરે.

યજ્ઞથી, તપથી, યોગથી ભગવાન્ સુલભ નથી. રાગદ્વેષ-રહિત સમચિત્તવાળાને પ્રભુ સુલભ છે ! - ''नाहं मखैर्वै सुलभस्तपोभिर्योगेन वा यत् समचित्तवर्ती ॥ (૧૬) ''सम''- એ નિર્દોષ બ્રહ્મનું

લક્ષણ પણ છે. "निर्दोषं हि समं ब्रह्म ।"સમાન-ચિત્તવાળામાં નિર્દોષતા હોય. નિર્દોષ ભગવાન્ તેનાથી હૃદયમાં પધારે, - સુલભ બને. "अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः । तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः ॥"- ગીતામાં પણ ભગવાને પોતાની સુલભતા બતાવી છે. અનન્યચિત્તથી નિત્યયુક્ત રહી હમેશાં પ્રભુને સતત સ્મરનારને પ્રભુ સુલભ છે. પ્રભુ સહેલાઈથી મળે તેમ છે, - એ સમજાય તો ઉત્સાહથી પ્રયત્ન પરાયણ થવાય. ભગવાનને અલભ્ય માની લઈએ તો પ્રયત્ન ન થાય, પ્રમાદ પોષાય, ક્ષુલ્લક-લાભમાં પણ સંતોષ થઈ જાય ! રાગ-દ્વેષ ચિત્તને અન્યત્ર ખેંચી જાય છે, એકાગ્ર થવા દેતાં નથી, પ્રભુમાં તેથી અનન્ય રહેવાતું નથી, મનમાં વિક્ષેપ થયા કરે છે. ચિત્તમાંથી રાગદ્વેષ ચાલ્યા જતાં, ચિત્ત ક્યાંય ખેંચાઈ જતું નથી, સ્થિર થાય છે, સતત સ્મરણ સંભવે છે, તેથી પ્રભુ સુલભ બને છે ! "प्रस्थानाभिमुखोऽप्येनमनुग्रहविलम्बितः ॥"- પ્રભુ પધારવા તૈયાર થયા, પણ કૃપા કરવા પધારવામાં વિલંબ પોતે કરતા હતા. ભક્ત પાસેથી જવાનું ભગવાનને ન ગમે.

પૃથુએ કરેલી ભગવત્સ્તુતિ :

મહત્તમ-પુરુષોના મુખેથી ભગવત્કથા-શ્રવણ માટે દશહજાર કાનનું વરદાન :

પ્રભુની પ્રસન્નતા અંતઃકરણમાં રહેલા દોષ દૂર કરે છે. પૃથુ શુદ્ધ હતા. ઈન્દ્રાસનની અપેક્ષા જ હતી નહિ. શુદ્ધિ આજે સિદ્ધ થઈ ચૂકી હતી. ઈન્દ્રને ભેટ્યા. પ્રભુ સાક્ષાત્ પધાર્યા હતા, શુદ્ધિની પરીક્ષા માટે વરદાન માગવા પ્રેરણા કરતા હતા. પૃથુરાજાએ નમસ્કાર કર્યા. સ્તુતિ કરી. સંપૂર્ણ શુદ્ધિ સ્પષ્ટ થઈ. ગદ્‌ગદ કંઠે પ્રેમભર્યા પૃથુ બોલ્યા, -"નરનું સુખ તો નરક જેવું છે. મુક્તિપતે ! તેવું વરદાન હું માગતો નથી !"

न कामये नाथ तदप्यहं क्वचिन्न यत्र युष्मच्चरणाम्बुजासवः ।
महत्तमान्तर्हृदयान्मुखच्युतो विधत्स्व कर्णायुतमेष मे वरः ॥ (२४)

"મહત્તમ-પુરુષોના મુખમાંથી સ્રવતો આપનાં ચરણકમલનો આસવ જ્યાં ન હોય, તેવું કાંઈ પણ હું ઈચ્છતો નથી. મને દશ હજાર કાન આપો ! - તે વરદાન હું માગું છું." ભગવાનનું ચરણ કમલ છે. પ્રભુનાં ચરણકમલની સુંદરતા અને સૌરભને માણે તે-મહાન્ ! તે શબ્દથી સદ્‌ભાવે સંવેદન અનુભવે છે. ચરણકમલની શીતલતા, સુંદરતા અને સૌરભને માણે, નિત્ય સ્મરણે સન્નિધિ સાધે, શબ્દથી સાક્ષાત્કાર કરે, ગુણસ્પર્શથી દુઃખનો દાહ દૂર કરે, - તે - મહત્તર ! ચરણકમલમાં રહેલા મકરન્દ (ભક્તિ) રસને શીતલતા, સુંદરતા, સૌરભ અને કોમલતા સાથે માણે, ભ્રમરની જેમ તેમાં લોલુપ બને, મગ્ન રહે, શબ્દ દ્વારા રસાસ્વાદ પર્યંત પહોંચે, સાક્ષાત્કાર પછી અનુભવનો આસ્વાદ અને આહ્‌લાદ માણે, તે,-મહત્તમ ! ભ્રમર રસપાન મત્ત બનીને ગુંજે તેમ, ભક્તિરસાસ્વાદમત્ત બનીને, પ્રેમ-પરવશપણે, પ્રભુને ગાયા કરે, તેના રસને ઝીલવા બે કાન પૃથુને પૂરતા ન લાગ્યા. બે કાનમાં દશ હજાર કાનનું સામર્થ્ય પૃથુએ પ્રાર્થ્યું ! ભગવાનના ચરણદાસ્યની વિનંતી કરી. પિતા જેમ બાળકનું હિત પોતે જ કરે, તેમ હિત હોય તેવું કરવા પ્રભુને પ્રાર્થના કરી. સાંભળીને પ્રભુ પ્રસન્ન થયા. ભક્તિનું વરદાન દીધું. બોલ્યા, - "मदादेशकरो लोकः सर्वत्राप्नोति शोभनम् ।"- ભગવાનની આજ્ઞા પાળે, ભગવાનને અનુકૂલ થઈને જીવે તે સર્વત્ર સુખી થાય. પ્રભુ પધાર્યા. રાજા પોતાના નગરમાં આવ્યા.

અધ્યાય : ૨૧

સ્વરૂપયોગ્યતા અને સહકારિ-યોગ્યતા કૃપાથી પ્રાપ્ત થતાં પુરુષોત્તમ-ભક્તિ-સુલભ બને છે :

– ભક્તિ દેવા છતાં પૃથુને પ્રભુએ પ્રજાપાલન પણ દીધું. પૃથુના અવતારની તેમાં સફલતા છે !

સત્સંગ, તત્ત્વજ્ઞાન, ફલની અપેક્ષા વગર કરેલાં વેદસંમત કર્મનું પ્રભુને સમર્પણ, વિષયોમાં અનાસક્તિ, સંસારમાં વૈરાગ્ય અને ભગવદાજ્ઞાપાલનથી ભક્તિ કરવાની યોગ્યતા આવે, છતાં પણ કૃપા જ મુખ્ય છે. સઘળાં સાધન કરવા છતાં, પ્રભુકૃપા વિના ભક્તિ ન થાય. સઘળું ભગવાનની ઈચ્છા પર આધાર રાખે છે. તે સાધન કરાવવા ઈચ્છે તો, સત્સંગ વગેરે સાધનો ભક્તિ માટેની સ્વરૂપ યોગ્યતા આપે છે. ચોખામાં ભાત રૂપે થવાની સ્વરૂપયોગ્યતા છે, છતાં તેમાં સહકારી (રાંધનાર વગેરે)ની જરૂર રહે છે, – તેમ સાધન દ્વારા યોગ્યતા મળ્યા પછી કૃપા સહકારી બને છે, ભક્તિ મળે છે. ભગવાન્ ઈચ્છે તો સાધન કરાવ્યા વગર પણ સ્વરૂપયોગ્યતા પોતાની કૃપાથી આપી દઈ ભક્તિ દે છે. અક્ષરબ્રહ્મના જ્ઞાનથી અવિદ્યા નિવૃત થતાં, પ્રાકૃતધર્મ રહિતપણાથી, શુદ્ધત્વ પ્રાપ્ત થતાં, પુરુષોત્તમપ્રાપ્તિની સ્વરૂપયોગ્યતા આવે છે. આવા જીવનું ભગવાન્ સ્વીય તરીકે વરણ કરે ત્યારે, ભક્તિભાવથી સહકારિયોગ્યતા વડે પુરુષોત્તમપ્રાપ્તિ થાય છે. પૃથુને પ્રભુએ વરદાનથી ભક્તિ અને ભોગ આપ્યાં ! રાજાએ ભગવદાજ્ઞાનું પાલન કર્યું.

પૃથુનો પ્રજાને ધર્મોપદેશ :

રાજા (સત્તાસંપન્ન) પ્રજાનો સેવક છે, સત્પુરુષોને સેવનારને સફલતા સામેથી મળે :

પૃથુરાજા ગંગા અને યમુનાની વચ્ચેના પ્રદેશમાં પોતાની રાજધાનીમાં આવ્યા. પ્રજાએ પ્રેમથી સ્વાગત કર્યું. પૃથુએ અનેક યજ્ઞો કર્યા, પ્રજાની રક્ષા કરી અને ઈન્દ્રે કરેલા પાખંડનો પ્રચાર અટકાવવા પ્રજાને વિસ્તારથી ધર્મનો ઉપદેશ દીધો. ઋષિજનોની તેમાં સંમતિ સાધી. વિપ્ર અને વૈષ્ણવ સર્વના હિત માટે જીવે, તેમની ઉપર કોઈથી શાસન ન થાય. પૃથુના રાજ્યમાં વિપ્ર અને વૈષ્ણવ પર રાજાજ્ઞા ન હતી ! આવા સુયોગ્ય રાજમાં એક સત્ર પ્રસંગે સુજન – સમાજમાં પૃથુએ પ્રજાને સુંદર, અલંકૃત, મધુર, સ્પષ્ટ, ગંભીર, અર્થપૂર્ણ વાણીમાં ધર્મોપદેશ દીધો, – "सभ्याः श्रृणुत भद्रं वः"– "સભ્યજનો ! આપનું ભદ્ર થાવ ! ઉપસ્થિત સાધુજનો ! નિવેદન સાંભળવા કૃપા કરો ! રક્ષણ, આજીવિકા અને મર્યાદાસ્થાપન માટે હું પ્રજાનો નિયોજિત રાજા છું. જે રાજા પ્રજા પાસેથી કર લે, પણ કર્તવ્ય કરે નહિ, ધર્મમાં પ્રજાને નિયોજિત કરે નહિ, તેને પ્રજાના પાપનો પુંજ પ્રાપ્ત થાય છે, સૌભાગ્યનો ક્ષય થાય છે. ઋષિજનો ! આમાં આપ અનુમોદન આપો ! નિર્દોષભાવે, નિ:સંગ થઈને, ભગવાનનાં ચરણનું શરણ લેનાર, ક્લેશરૂપ સંસારમાં પુન: આવતો નથી. તમે અંત:કરણપૂર્વક ભગવાનનું ભજન કરો ! અધિકારાનુસાર ફલ તેથી જરૂર મળે છે. ભગવાન્ પણ બ્રાહ્મણોની સેવાથી પ્રસન્ન થાય છે. તમે સર્વ રીતે બ્રાહ્મણકુલની સેવા કરો. સંપત્તિ, સફલતા, સર્વોત્કૃષ્ટતા તો ગુણધામ, શીલધન, કૃતજ્ઞ અને વૃદ્ધ (સર્વોત્તમ) પુરુષોની સેવા કરનારને સામે ચાલીને વરે છે.

गुणायनं शीलधनं कृतज्ञं वृद्धाश्रयं संवृणुते नु सम्पदः ।
प्रसीदतां ब्रह्मकुलं गवां च जनार्दनः सानुचरश्च मह्यम् ॥ (४४)

સદ્‌ગુણ, શીલ, ઉપકારસ્મરણ અને સુજનસંશ્રય,- આ ચાર માનવજીવનની સાચી સંપત્તિ છે. સઘળી સંપત્તિ તેનાથી આકર્ષાઈને અનાયાસે આવી મળે છે. લોહચુંબક પાસે લોહ આકર્ષાઈને સ્વતઃ આવે તેમ! કૃપા સઘળી સંપત્તિને જલદી મેળવી આપે. બ્રાહ્મણ, ગાય, ભગવાન્ અને ભક્તની સેવા અને કૃપાથી સઘળું સુલભ બને છે. બ્રાહ્મણની કૃપાથી સદ્‌ગુણ, ગોસેવાથી શીલ, ભક્તકૃપાથી ઉપકારસ્મરણ અને ભગવત્કૃપાથી વૃદ્ધાશ્રય મળે, ફળે, સર્વ સમૃદ્ધિ સ્વતઃ આવી મળે, તેથી ચારેની પ્રસન્નતા પ્રાર્થી, - "प्रसीदतां" ।- સન્નિધિ અને સેવા પછી પ્રસન્નતા મળે. સૌ સંમત થયા. સૌની સંમતિ સન્મતિની નિશાની છે.

અધ્યાય : ૨૨

ગૃહસ્થાશ્રમની ધન્યતા અતિથિ-સત્કારથી છે : સાધુસમાગમ સૌનું શ્રેયઃ સાધે : સનત્કુમારોએ પૃથુને નૈષ્ઠિકી-સાધન-ભક્તિનાં સાધન કહ્યાં, પૃથુએ જ્ઞાનમાર્ગીય-સમર્પણ ગુરુને કર્યું :

પૃથુ રાજાએ સૂર્ય જેવા તેજસ્વી ચાર કુમારોને ત્યાં આવતા જોયા. દીનતાપૂર્વક સ્વાગત કર્યું. સ્તુતિ કરી. સ્વધન્યતા વર્ણવી. અતિથિનો સ્નેહથી આદર ગૃહસ્થાશ્રમની ધન્યતા છે.

व्यालालयद्रुमा श्वै तेऽप्यरिक्ताखिलसम्पदः ।
यद्‌गृहास्तीर्थ - पादीयपादतीर्थ - विवर्जिताः ॥ (११)

ભગવાનના ભક્તો જે ઘરમાં પધારે નહિ, તે ઘરમાં સર્વ સમૃદ્ધિ હોવા છતાં, તે ઘર (સંસારરૂપ) સાપને રહેવાના રાફડાવાળા ઝાડ જેવું છે. "स्वागतं वो द्विजश्रेष्ठाः...।"- "વિપ્રવર્યો! આપનું સ્વાગત હો!" જ્ઞાનમાર્ગમાં કુશલપ્રશ્ન આવશ્યક નથી. જ્ઞાનમાં અભિરુચિવાળા પૃથુએ આત્મારામ જ્ઞાની કુમારોને કુશલપ્રશ્ન ન પૂછ્યા. પૃથુને જ્ઞાન આપે તેવી સાધનભક્તિ મળે માટે કુમારોનાં દર્શન થયાં છે. પૃથુએ કુમારોને સરલતાથી કલ્યાણ થાય તેવો ઉપાય પૂછ્યો. ગુરુમાં ભગવદ્‌બુદ્ધિ કૃતાર્થ કરે. "स्वानामनुग्रहायेमां सिद्धिरूपी चरत्यजः ।"- નિજજનો પર કૃપા કરવા ભગવાન્ સિદ્ધ-ગુરુ-રૂપે પૃથ્વી પર પરિભ્રમણ કરે છે. કુમારે નમ્રતા બતાવી. - "મહારાજ! જાણવા છતાં, સર્વના હિત માટે આપ પૂછો છો!"

सङ्गमः खलु साधूनामुभयेषां च सम्मतः ।
यत्सम्भाषणसम्प्रश्नः सर्वेषां वितनोति शम् ॥ (१९)

સાધુપુરુષોનો સમાગમ પરસ્પર મનગમતો છે. તેમાંથી પ્રશ્નોત્તર રૂપે અને સ્વાભાવિકપણે થતો સંવાદ સૌનું કલ્યાણ વધારે છે.

ભગવાનના ગુણાનુવાદમાં અચલ પ્રીતિ, અંતઃકરણમાંથી કામ, ક્રોધ, મોહ, કટુતા, ક્રૂરતા, કપટ વગેરે દોષોને દૂર કરી દે છે. ભાગ્યયોગે કથા સાંભળવાનું સંભવે પણ સમજવાનું તો મહાભાગ્યે મળે, પણ સ્વીકારવાનું તો સ્નેહથી સંભવે. અંતરમાં કે જીવનમાં ઉતારવાનું સ્નેહ વિના ન બને. રતિ

કથામાં ગતિ કરાવી મનને સ્થિર કરે, પણ પ્રતિકૂલતામાં કદાચિત્ કથાસેવનમાં આગ્રહ ન પણ રહેવા દે. કથા સાંભળતાં આપણને સાનુકૂલ કોઈક પ્રસંગ આવે તો મઝા પડે, પણ કોઈક બંધબેસતી પાઘડી આવે તો કડવું પણ લાગે ! કથા કડવી લાગે, એનું નામ નૈષ્ઠિક-રતિ નથી. કૃતાર્થ થવાય,- અચલરતિથી !

પ્રથમ તો, ''रतिर्दुरापा''- રતિ મેળવવી અઘરી, તેમાંય - ''नैष्ठिकी'' તો દુષ્પ્રાપ્ય ! પ્રભુકૃપાથી મળે, પૃથુને પ્રભુકૃપાથી મળી છે.

કુમારોએ સાધનસમુદાયનો ઉપદેશ પૃથુને કર્યો. સાધનભક્તિ સમજાવી, જેથી જ્ઞાન મળે. તે માટે, ''तत्त्वं हरेर्भगवतो भजनीयमङ्घ्रिं, कृत्वोडुपं व्यसनमुत्तर दुस्तरार्णम् ।''- "ભજવા લાયક ભગવાનનાં ચરણની નૌકા બનાવીને દુસ્તર, દુ:ખરૂપ ભવજલધિ તર !" પૃથુએ કુમારોને કહ્યું, ''साधूच्छिष्टं हि मे सर्वमात्मना सह किं ददे ।''- "સાધુકૃપાથી મને સઘળું મળ્યું છે. આત્મા સાથે શું દઉં ?" પૃથુરાજાએ કુમારોને સર્વસ્વનું નિવેદન કર્યું. આ જ્ઞાનમાર્ગીય નિવેદન છે, તેથી પૃથુએ રાજ્યનો ત્યાગ કર્યો નથી, ભોગ કર્યો છે, નિવેદન ગુરુને કર્યું છે.

"વેદશાસ્ત્રજ્ઞ વિપ્ર સર્વસ્વનો અધિકારી છે. બ્રાહ્મણની કૃપાથી જ સૌ સમૃદ્ધિ ભોગવે છે." - નમ્રતાથી પૃથુએ નિવેદન કર્યું. કુમારો વિદાય થયા.

ભક્તિ માટે ક્રિયાશીલ થવું. ભક્તિથી ગુણાનુવાદ ગાવા, સઘળાં કર્મ ભગવાનને સમર્પણ કરવાં,- તે ઉત્તમ છે, છતાં પૃથુએ આસક્તિ વિના કર્મ કરી તેનાં ફલ બ્રહ્મને અર્પણ કર્યાં. પૃથુ જ્ઞાનમાર્ગીય હોવાથી આત્મામાં સ્થિતિરૂપ મોક્ષ માટે કામના કરી છે. રાજ્યભોગ ભોગવતાં તેને આ જ્ઞાનસાધન પ્રભુની કૃપાથી પ્રાપ્ત થયાં ! ગુણનિધિ પૃથુની કીર્તિ ત્રિલોકમાં સર્વત્ર ગવાઈ રહી.

અધ્યાય : ૨૩

કાર્યપૂર્ણ થતાં, ભગવદાવેશ તિરોહિત થતાં, પૃથુ - અર્ચિનો વ્યાપિવૈકુંઠમાં પ્રવેશ :

પૃથુરાજામાં પ્રભુનો આવેશ હતો. કાર્ય પૂર્ણ થતાં તે તિરોહિત થયો. - ''निष्पादितेश्वरादेशो यदर्थमिह जज्ञिवान् ।'' પૃથુને મોક્ષ મેળવવાની કામના થઈ ! પોતાનું વાર્ધક્ય જોયું, જ્ઞાનમાં ત્યાગ આવશ્યક છે. વિજિતાશ્વને રાજ્ય આપ્યું. રાજારાણી વનમાં આવ્યાં. વય, વિત્ત, વપુ, વિલાસ, વૈભવ વધે, પણ જ્ઞાન- વૈરાગ્ય ન વધે, ભક્તિ ન વધે, તો જીવન વ્યર્થ છે. ભગવાન્ પુરુષોત્તમનું રાજાએ તપ:થી આરાધન આરંભ્યું. જ્ઞાનની અપેક્ષા હોવાથી સ્વતન્ત્રભક્તિ ન મળી, ભગવાનની સેવા ન કરી, ભજનરસનો અનુભવ ન થયો ! ભગવાનની ભક્તિ કલ્પવૃક્ષ જેવા સ્વભાવવાળી છે, જે ઈચ્છે તે આપે. જ્ઞાનથી મોક્ષ ઈચ્છનારને તે જ્ઞાન આપીને મોક્ષ દે. પૃથુને વૈરાગ્ય અને જ્ઞાન મળ્યાં. અવિદ્યા અને વિદ્યા નિવૃત્ત થયાં. યોગથી કારણદેહ નષ્ટ થયો, માયા દૂર થઈ, વ્યાપિવૈકુણ્ઠમાં પૃથુનો પ્રવેશ થયો.

સતી અર્ચિએ પતિને સાનુકૂલ થઈ, પતિચરણને સ્મરતાં અગ્નિપ્રવેશ કર્યો. પતિલોકમાં ગયાં. પતિનું ચિંતન કરતાં વૈકુણ્ઠ પ્રાપ્ત થયાં. મોક્ષદ સાધનભક્તિ કહી. દેવાંગનાઓએ અર્ચિને ધન્યવાદ દીધા, - ''अहो इयं वधूर्धन्या ।''- આદિથી અંત પર્યંત પતિની છાયા જેવી, સર્વથા સાનુકૂલ સન્નારીને ધન્ય છે !

મૈત્રેયે પૃથુચરિત-શ્રવણ-કીર્તનનાં અનેક ફલ કહ્યાં. સૌને સમુત્કૃષ્ટ બનાવતું આ ચરિત છે. ત્રણ વખત સાંભળવાથી સંપત્તિ અને સંતતિ મળે. સંગરહિત થઈને સાદર શ્રવણ કરતાં પ્રભુમાં પ્રીતિ પ્રાપ્ત થાય.

અધ્યાય : ૨૪

પૃથુના વંશમાં થયેલા પ્રચેતસો ! બ્રહ્મભાવ કરતાં સાયુજ્ય શ્રેષ્ઠ છે :
બ્રહ્મભાવથી આત્મામાં સુખ થાય, સાયુજ્યમાં સર્વવિધ સુખ થાય : કથાસંગતિ :

વિદુરજીએ પૃથુરાજાની કથામાં અનેક ફલ સાંભળ્યાં. લાગ્યું, આમાં માત્ર ભક્તિની વાત નથી, તેથી આ કથા વિવિધ કામનાઓવાળા માટે હશે ! પોતે પ્રચેતસ-સંબંધી પ્રશ્ન પહેલાં કર્યો હતો, એટલે વચમાં કાંઈ બોલ્યા નહિ. મૈત્રેયે પૂર્વાનુસંધાનમાં કથા આગળ કહી.

પૃથુના પુત્ર થયા – વિજિતાશ્વ ! તેને ઈન્દ્રે અંતર્ધાન થવાની વિદ્યા દીધી, તેથી તે અંતર્ધાન નામે ઓળખાયા. તેના પુત્ર હવિર્ધાન થયા. તેના પુત્ર બર્હિષદ્ થયા. કર્મકાણ્ડ અને યોગમાં તે નિષ્ણાત હતો. તેણે યજ્ઞમાં પ્રાચીદિશામાં દર્ભાગ્ર પાથરેલાં, તેથી પૃથ્વી ભરાઈ ગઈ, તેથી પ્રાચીનબર્હિ નામ પડયું. યોગ અને કર્મથી તેની શુદ્ધિ થયેલી. સમુદ્રપુત્રી શતદ્રુતિ અતિસુંદર હતાં, શુદ્ધ હતાં. તેની સાથે બ્રહ્માજીના કહેવાથી વિવાહ થયો. આવાં શુદ્ધ મા-બાપનાં સંતાન – પ્રચેતસ ! સમાનશીલવાળાં દશે સંતાનો એક જ નામે ઓળખાતાં !

૨૪ થી ૩૧ સુધીના આઠ અધ્યાયમાં પ્રાચીનબર્હિ અને પ્રચેતસોની મુક્તિકથા છે, તેથી આ મોક્ષપ્રકરણ છે. મોક્ષ બે પ્રકારનો છે, – (૧) બ્રહ્મભાવરૂપ; અને (૨) સાયુજ્ય. વિદ્યાથી અવિદ્યાનો નાશ થતાં સઘળું બ્રહ્મરૂપ લાગે, તે બ્રહ્મભાવ છે, ભગવાનની સેવાથી ભગવાનમાં ભળી જવું, તે સાયુજ્ય છે. બ્રહ્મભાવસંપન્ન, પ્રસન્ન, સમદૃષ્ટિવાળો, ભક્તિ પ્રાપ્ત કરે, યથાર્થ જ્ઞાન મેળવે, પછી સાયુજ્ય મળે. બ્રહ્મભાવમાં તો માત્ર તદ્રૂપતા લાગે છે. સાયુજ્યમાં પ્રભુમાં પ્રવેશ મળે છે, તેથી બ્રહ્માનંદનો અનુભવ અધિક થાય છે. બ્રહ્મભાવ કરતાં સાયુજ્ય શ્રેષ્ઠ છે !

૨૪મા અધ્યાયમાં પ્રચેતસોની ભક્તિકથા છે. ભગવાન્ ભક્તોને મુખ્ય-ફલ આપે છે; અને ભક્તોના સંબંધીઓને તો સંબંધમાત્રથી ગૌણફલ દે છે. ભક્તોને અલ્પ-આયાસે અધિક ફલ મળે છે. અવિદ્યાનાં પર્વો અને વિદ્યાનાં પર્વો પાંચ છે, તેથી બ્રહ્મભાવની કથા ૨૫ થી ૨૯ – પાંચ અધ્યાયમાં કહી છે, અને ૨૪ તથા ૩૦, ૩૧ અધ્યાયોમાં સાયુજ્યની કથા છે. પ્રાચીનબર્હિએ પ્રચેતસોને પ્રજા કરવાની આજ્ઞા કરી. તેઓ તપઃમાં પ્રવૃત્ત થયા. ભક્તિને તેમણે મુખ્ય ગણી. પ્રચેતસોના આ કાર્યથી પ્રાચીનબર્હિના સ્વાન્તઃની શુદ્ધિ થઈ. કાર્ય કરનાર, પ્રેરનાર અને સંમતિ દેનારને સમાન ફલ મળે. આ ફલલાભે થયેલી શુદ્ધિથી પ્રાચીનબર્હિએ નારદ પાસે નિર્મલજ્ઞાન માગ્યું છે. આમ, ૨૪મા અધ્યાયમાં પ્રચેતસોની કથા છે. પુનઃ, ૩૦-૩૧માં પ્રભુકૃપા અને રાજ્યભોગ પછી સાયુજ્યની કથા છે. ૨૫ થી ૨૯ અધ્યાયોમાં આત્માની સાથેના દેહસંબંધી પદાર્થોનું સ્વરૂપ કહી, સંદેહરહિત આત્માનું – બ્રહ્મનું જ્ઞાન દીધું છે. તેનાથી આત્મામાં સુખ થાય છે. સાયુજ્યમાં સર્વવિધ સુખનો અનુભવ થાય છે.

પ્રચેતસોની શુદ્ધિ : ગૃહસ્થાશ્રમ-યોગ્યતા-માટે જલમાં કઠિન તપઃ :

પ્રચેતસોને સ્વયં ભગવાને ફલદાન કર્યું. પ્રાચીનબર્હિ પાસે ભગવદવતાર રૂપ નારદ આવ્યા છે. "नारं द्यतीति नारदः"- મનુષ્ય-સમૂહનું ખંડન કરે તે, - નારદ ! નારદ ઈન્દ્રિય-સમુદાય રૂપ જીવને જ્ઞાનોપદેશથી છૂટો પાડે છે, તેનાથી આત્મા બ્રહ્મરૂપ હોવાનું જ્ઞાન થતાં, બ્રહ્મભાવથી પ્રાચીનબર્હિ કૃતાર્થ થયા. પ્રાચીનબર્હિની મુક્તિથી તેના પિતા હવિર્ધાનની મુક્તિ પણ કહી ન હોવા છતાં સમજાય તેમ છે. પિતાની મુક્તિથી પુત્રની મુક્તિ થાય.

બર્હિષદ્‌નું નામ પ્રાચીનબર્હિ પડયું તે તેનું ગૌરવ છે. કર્મકાંડમાં તેની નિષ્ઠા અને નિપુણતાનું તે સૂચક છે. નિષ્ઠા અને નિષ્ણાતપણું સફલતાના શિખરે પહોંચાડે. કલ્પના કે વાતોથી સફલતા ન મળે. કાર્યમાં પ્રાણ રેડવા પડે, કંટાળ્યા વિના અવિરત ઉત્સાહથી કાર્ય કરવું પડે ! વૈજ્ઞાનિકો કે શોધકોનાં નામ તેમની શોધો સાથે નિષ્ઠા અને નિપુણતાના ફલરૂપે સંકળાય છે. કાર્યગૌરવે બર્હિષદ્, - પ્રાચીનબર્હિ થયા ! તેના પુત્ર પ્રચેતસો થયા. શુદ્ધ - માબાપનું સંતાન એ આધિભૌતિકશુદ્ધિ થઈ. પૂર્વજોની મુક્તિ - એ આધ્યાત્મિકશુદ્ધિ થઈ. પ્રજા મેળવવા જતાં, તપ કરતાં, ભગવાનના ભજનની ઉત્તમતા વિચારી, પુરુષોત્તમની સેવા કરી, - તે આધિદૈવિકશુદ્ધિ થઈ.

પિતાએ પ્રજા કરવાની આજ્ઞા કરી. પ્રચેતસોએ ગૃહસ્થાશ્રમ તરત શરૂ ન કર્યો. સુયોગ્યતા માટે તપઃ અને પ્રભુભજનમાં પ્રવૃત્ત થયા ! ઉત્તમ સંતાનપરંપરા માટે પરણતાં પહેલાં, મા-બાપ થતાં પહેલાં, પોતાની જાતનું ઘડતર યોગ્ય રીતે કરી લેવું. જીવનના સિદ્ધાન્તો-નીતિ સ્પષ્ટ નક્કી કરી લેવાં. પોતાના કાર્યક્ષેત્રમાં નિપુણતા, શારીરિક અને માનસિક સુદૃઢતા, અંતઃકરણની નિર્મલતા, સ્વધર્મનું જ્ઞાન, પ્રભુપ્રેમ-વગેરે મેળવીને ગૃહસ્થાશ્રમમાં પ્રવૃત્તિ કરનારના જીવનમાં સફલતા, સુખ, શાંતિ સ્વતઃ મળે, સંતાનપરંપરા ક્ષુલ્લક ન રહે, સમર્થ બને.

પ્રચેતસોએ દશ હજાર વર્ષ સુધી જલમાં તપઃ કર્યું છે. કાર્યનો આરંભ બુદ્ધિનું એક લક્ષણ છે; અને આરંભેલાને પાર પહોચાડતાં સુધી, ઉત્સાહથી કાર્યરત રહેવું, - તે બુદ્ધિનું બીજું લક્ષણ છે. પ્રભુકૃપાથી જ સાતત્ય સંભવે. કાર્યનિષ્ઠા સતત પ્રયત્નપરાયણતાથી દેખાય. નિષ્ઠા વગર કોઈ ફલ ન થાય. ચિત્ત પ્રસન્ન થાય, તે કર્મનિષ્ઠાનો પરિપાક ! સર્વજ્ઞ થવાય, તે જ્ઞાનનિષ્ઠાનું પરિજ્ઞાન, અને શ્રીકૃષ્ણ પ્રસન્ન થાય ! તે ભક્તિ- નિષ્ઠાનું ચિહ્‌ન ! જેમ જેમ પ્રભુ કૃપા કરીને હૃદયમાં પધારે, તેમ તેમ સાધન, પ્રયત્નપરાયણતા વધતાં જાય, અંત પર્યંત ઉત્સાહ ટકી રહે !

સેવામાં કોઈ વિઘ્ન ન કરે એટલે પ્રચેતસો ઊંડા જલમાં તપઃ - ભગવદ્‌ભજન - કરે છે. પ્ર - પ્રકૃષ્ટ અને ચેતસ્ - જ્ઞાન ! ભગવાનની સેવા જ મુખ્ય છે, સ્વતંત્ર-પુરુષાર્થ છે, તેવું પ્રકૃષ્ટજ્ઞાન પ્રચેતસોને છે. અતિઊંડા જલમાં જલચર પણ વિઘ્ન ન કરે, ભૂમિનો લય થાય તો પણ વિઘ્ન ન થાય ! જલ નીચે વસવાનો પ્રયોગ આધુનિક વિજ્ઞાન વિકસાવે છે. પ્રચેતસો તો વર્ષો સુધી જલ નીચે રહ્યા હતા !

ભગવાન્ રુદ્રે પ્રકૃષ્ટજ્ઞાનવાળા-પ્રચેતસોને આપેલું "રુદ્રગીત" ! :

જ્ઞાનપૂર્ણ, ભક્તહૃદય, ભગવાન્ શંકરે તેમને પ્રભુ જલદી પ્રસન્ન થાય તેવું સ્તોત્ર આપ્યું.

પ્રભુ સેવાથી પ્રસન્ન થાય. સ્તોત્રથી શીઘ્રતા થાય. પ્રભુ પ્રકૃષ્ટ પ્રેમથી પ્રકટ થાય. માહાત્મ્યજ્ઞાન, સ્વરૂપચિંતન, ગુણગાન, ઉપકારસ્મરણ અને કૃપાથી પ્રભુમાં પ્રેમ થાય. ભગવાન્ શંકરે સર્વસંદેહનાશક, સર્વજ્ઞાનપ્રદ પોતાના સ્તોત્રમાં આ બધું વણી લીધું છે.

પિતાની આજ્ઞાથી પ્રચેતસો તપઃ કરવા જતા હતા. માર્ગમાં સમુદ્ર પાસે સુંદર સરોવર હતું, ત્યાં મધુર સંગીતનો ધ્વનિ સાંભળ્યો. મંગલવાદ્યો વાગતાં હતાં. વત્સલ ભગવાન્ રુદ્ર પધારતા હતા. પ્રચેતસો પ્રસન્ન થયા. શંકર પણ પ્રસન્ન થયા. પ્રસન્નતાનાં બે કારણ - ધર્મજ્ઞાન અને શીલ ! પ્રચેતસોમાં બંને છે. ધર્મજ્ઞાન અને શીલ પોતાને અને સંપર્કમાં આવનાર સૌને પ્રસન્ન રાખે. પ્રસન્નતા જીવનની સફળતાનું મૂલ બને !

રુદ્ર બોલ્યા, - ''अनुग्रहाय भद्रं व एवं मे दर्शनं कृतम् ।''- "તમારું કલ્યાણ થાવ ! કૃપા માટે મેં દર્શન દીધાં છે !"

अथ भागवता यूयं प्रियाः स्थ भगवान् यथा ।
न मद्भागवतानां च प्रेयानन्योऽस्ति कर्हिचित् ॥ (३०)

"તમે ભક્ત છો ! મને પ્રભુ જેવા પ્રિય છો ! મને ભક્તો જેવો કોઈ ક્યારેય પ્રિય નથી !" ભક્તોને ભક્તોમાં પ્રીતિ સહજ થાય.

પ્રચેતસોની શુદ્ધિ સમજી, ભક્ત હતા તેથી રુદ્રે સ્તોત્ર આપ્યું. એકાંતમાં જપ કરવા કહ્યું. સ્તોત્રનું નામ "રુદ્રગીત !" ૩૩ થી ૬૮ સુધીના શ્લોકમાં છે. ''सर्वस्मा आत्मने''થી પ્રિયત્વ માટે સર્વાત્મરૂપ કહ્યું. ''नमः'' - પદે જીવનું પ્રભુ-પ્રતિ કર્તવ્ય કર્યું, શરણાગતિ કરી. ''तृप्तिदाय च जीवानां......।'' ''त्रैलोक्यपालाय'' - જીવોને "તૃપ્તિ દેનારા, ત્રિલોકરક્ષક"થી ઉપકાર સ્મૃતિ કરી. ''रूपं प्रियतमं ।''થી આરંભીને સુંદર સ્વરૂપનું ચિંતન કર્યું. ''भवान् भक्तिमता लभ्यो दुर्लभः सर्वदेहिनाम्'' - "આપ પ્રેમપૂર્ણ ભક્તિવાળાને લભ્ય છો. સર્વ પ્રાણીઓને દુર્લભ છો !" - કહીને પ્રાપ્તિનો ઉપાય કહ્યો. માહાત્મ્યજ્ઞાન-કૃપા પણ તેમાં કહેવાઈ ગયાં.

સવારમાં આ સ્તોત્રગાનથી ઈચ્છાઓ પૂરી થાય, કર્મબન્ધનમાંથી છુટાય, પ્રભુ શીઘ્ર પ્રસન્ન થાય. પ્રચેતસોને વિશ્વાસ થાય માટે મહાદેવજીએ સ્તોત્રની પરંપરા પણ કહી ! બ્રહ્માજીએ શંકર, ભૃગુ વગેરેને આપેલું આ સ્તોત્ર છે. પ્રચેતસોએ સ્તોત્રને જ મુખ્ય-સાધન ગણ્યું !

અધ્યાય : ૨૫

પ્રચેતસોના તપઃ દરમ્યાન, ભગવદ્હૃદય નારદજીએ કર્મનિપુણ રાજા પ્રાચીનબર્હિને આદર થાય તેમ, હિત કરવા, ગૂઢાર્થવાળી પરોક્ષકથા-પુરંજન-વ્યાખ્યાન-રૂપે -કહી :

પ્રચેતસોને સ્તોત્ર દઈ ભગવાન્ ભવ તિરોહિત થયા. પ્રચેતસોએ ઊંડા જલમાં પ્રભુસેવા અને તપઃ શરૂ કર્યાં. દશ હજાર વર્ષ સુધી તેમાં રત રહ્યા. ભક્તિરસના અનુભવમાં મગ્ન થયા. ભગવાને પરીક્ષા કરવા ફલ દેવામાં વિલંબ કર્યો ! ભક્તોને ભક્તિમાં ક્લેશનો લેશ પણ ન સ્પર્શે ! પ્રચેતસો તપોમગ્ન હતા. ભગવાનની સેવા કરતા હતા. એમના પિતા પ્રાચીનબર્હિ યજ્ઞમાં આસક્ત હતા. એના

ઉપર કૃપા વિચારી દેવર્ષિ નારદ પધાર્યા. સાચું જ્ઞાન ગુમાન નથી દેતું, કોઈના અજ્ઞાનનો ઉપહાસ નથી કરાવતું, પણ અજ્ઞાની ઉપર દયા કરાવે છે !

પ્રાચીનબર્હિએ નારદજીને બોલાવ્યા ન હતા. નારદજી સ્વતઃ પધાર્યા ! રાજાએ અર્ચન કર્યું. નારદે પૂછ્યું, "કયું કલ્યાણ મેળવવાની કામનાથી આ કર્મ કરો છો ? માનવ તો જીવનમાં બે વસ્તુ મેળવવા મથે છે. - "दुःखहानिः सुखावाप्तिः"- દુઃખોને દૂર કરવાં અને સુખ મેળવવાં !" આ બેમાં ચારે પુરુષાર્થ સમાઈ જાય છે. ધર્મ અને અર્થથી દુઃખનાશ ! કામ અને મોક્ષથી સુખલાભ ! કેવલ કર્મથી તે પ્રાપ્ત થતાં નથી. નારદે ચિત્તશુદ્ધિની પરીક્ષા માટે પૂછ્યું હતું.

રાજાએ વિનંતી કરી, - "ब्रूहि मे विमलं ज्ञानं येन मुच्येय कर्मभिः ।"- "મને નિર્મલ જ્ઞાન દો, જેથી હું કર્મબંધનમાંથી છૂટું !" બંધનનું ભાન અને તેમાંથી છૂટવાની ઝંખના થતાં દીનતા આવે. દીનતા ચિત્તશુદ્ધિ સૂચવે છે. પ્રાચીન ઈતિહાસ રૂપે એક ગાથા નારદે આરંભી,-

आसीत् पुरञ्जनो नाम राजा राजन् बृहच्छ्रवाः ।
तस्याविज्ञातनामाऽऽसीत्सखाविज्ञातचेष्टितः ॥ (१०)

પ્રચેતસોના તપઃ પછી, ભગવદ્‌હૃદય, જ્ઞાનરૂપ, નારદજી રાજાને બ્રહ્મભાવ દેવા પધાર્યા છે. બ્રહ્મભાવ માટે સંસાર અને મોક્ષમાર્ગની સમજ દેવી પડે. સંસાર અને મોક્ષમાં જીવની ગતિ ભિન્ન પ્રકારે થાય છે, તેથી બંનેની કથા જુદી કહી. જીવને વાસના પ્રમાણે સ્ત્રી કે પુરુષનું શરીર મળે છે. સંસારમાં સરે છે, સત્સંગાદિ સાધન મળતાં મુક્તિ મેળવે છે.

मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः ।
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ॥

- ગીતાજીમાં સ્પષ્ટ છે. ભગવાન્ શ્રીકૃષ્ણનો આશ્રય કરીને સ્ત્રી, વૈશ્ય, શૂદ્ર અને જે કોઈ પાપજાતિવાળા હોય તે પણ, પરમગતિને પ્રાપ્ત કરે છે, તો પછી શ્રીકૃષ્ણના આશ્રયથી બ્રાહ્મણ, ઋષિ, પુણ્યશીલ ભક્તો, રાજા વગેરેને તો મુક્તિ મળે તેમાં કહેવાનું શું ?

આ કથા સરલ રૂપમાં કહે તો કર્મનિપુણ રાજાને આદર ન થાય, ઉપદેશથી અવજ્ઞા કરે, હિત કરવા માટે નારદે જ્ઞાનમાં આદર થાય તેમ, ગૂઢાર્થવાળી પરોક્ષકથા કહી.

જીવને વસ્તુઓનું જ્ઞાન જાગ્રત અને સ્વપ્ન બે અવસ્થામાં થાય છે. પચીસમા અધ્યાયમાં જાગ્રત- અવસ્થા કહે છે. છવ્વીસમામાં સ્વપ્નાવસ્થા કહે છે. સત્તાવીસમામાં અર્થનાશક સાધનોની પ્રાપ્તિ કહી છે. અઠ્ઠાવીસમામાં અર્થનાશ અને જ્ઞાન, ભક્તિ-સત્સંગાદિ દ્વારા સંસારનાશ કહ્યો છે. ઓગણત્રીસમા અધ્યાયમાં સંદેહનિરાકરણ કરીને બ્રહ્મભાવ રૂપ ફલપ્રાપ્તિ કહી છે.

નારદે પુરંજનની કથા પ્રારંભી :

પુર એટલે શરીર ! જન એટલે જેને કારણે જન્મ્યું કહેવાય છે તે,- જીવ ! - "पुरं जनयतीति पुरञ्जनो जीवः ।"શરીર તો અનેક પ્રાણી વગેરેનાં છે, પણ તેમાં સર્વ પ્રકારના ભોગ મળતા નથી. માનવદેહમાં તે સાનુકૂલ થાય છે. રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ - એ પાંચે વિષયોનો ભોગ માનવ

કરે છે. કર્માનુસાર શરીર પ્રભુ દે છે. પુણ્યપુંજ, શ્રેષ્ઠ-શરીર સંપાદનનું સાધન છે. ''द्वासुपर्णा...।''- શ્રુતિની કથાનું પ્રાસાદિક નિરૂપણ છે. એ સખા - જીવ અને અંતર્યામી-ની ગાથા છે. પુરંજન એટલે ''जायस्वेति म्रियस्वेति.....।'' જન્મ-મરણરૂપ પ્રવાહસૃષ્ટિનો સામાન્ય જીવ ! મરજી મુજબ જીવવું, સુખ મેળવવા મથવું એ તેની સામાન્યતા.

પુરંજનનો સખા અવિજ્ઞાત નામ અને અવિજ્ઞાત ચેષ્ટાવાળો - અંતર્યામી ! હૃદયમાં જીવની સાથે જ રહે, છતાં તેનુ નામ અને કામ જીવ ન જાણે ! પુરંજન ''शरणं''- વાસસ્થાનરૂપ ભોગાનુકૂલ દેહ શોધતો બધે ફર્યો. કોઈ ''पुरः''- પ્રાણીદેહ પસંદ ન પડ્યા; પણ ''हिमवतो दक्षिणे''- હિમાલયની દક્ષિણે ભારતમાં આવ્યો. ત્યાં, ''नवद्वार्भिः''- નવ દરવાજા - (બે કાન, બે નાસિકા, બે નેત્ર, મુખ, લિંગ, ગુદા) વડે શોભતું, ''पुरं''- ઘર, ધનયુક્ત સર્વ ભોગાનુકૂલ માનવશરીર જોયું. બહાર ''प्राकार''- કિલ્લો, રક્ષા કરનાર ચામડી, ''उपवन''- ઉપવનમાં વૃક્ષ જેવાં રોમ, ''अट्टाल''- અગાશીઓ-કપાળ, કપોલ વગેરે ''परीखा''- ચાર બાજુ ફરતી ખાઈ, - વિવેકને અટકાવતાં રાગ-મોહાદિરૂપ, ''अक्ष''- ગોખ, રોમછિદ્રો, ''तोरण''- આંખની પાંપણો વગેરે, આવેલાં છે. ''स्वर्णरौप्यायसैः शृङ्गैः''- સુવર્ણ, ચાંદી અને લોઢાનાં શિખરો-રાજસ્, સાત્ત્વિક અને તામસ સ્વભાવ કે પિત્ત, કફ અને વાયુથી વ્યાપ્ત છે. ''नील''- આંખની કીકી, ''स्फटिक''- દાંત, ''वैदूर्य''- નખ, ''मुक्ता''- નાસિકાગ્રભાગ, ''मरकत''- વાળ, ''अरुण''- લાલ હોઠ, મણિરૂપે જેમાં જડેલાં છે. ''हर्म्यस्थली''- હવેલીઓનો પ્રદેશ-હૃદય. ''सभा''- સભાસ્થાન - અંતઃકરણ, ''चत्वर''- ચકલાં-ચાર માર્ગ ભેગા મળે તે સ્થળ, તાળવાની નીચેનો ભાગ, જ્યાં નાક, કાન, આંખ અને મુખના માર્ગ મળે છે તે, ''रथ्या''- શેરીઓ - ઈડા, પિંગલા, સુષુમ્ણા વગેરે નાડીઓ, ''आक्रीडायतन''- રમતનાં મેદાન - ઈન્દ્રિયસ્થાન, ''आपण''- બજાર - મનઃપ્રદેશ, ''चैत्य''- ચોતરા- વિસામા - ચિત્તભૂમિ, ''ध्वज''- કેશકલાપ, ''पताका''- અવિદ્યા વગેરે. ''विद्रुमवेदी''- પરવાળાની ઓટલી - પરાદિ છ ચક્રસ્થાન, ''बाह्योपवन''- બહારનું ઉપવન - વિષય, ભોગાદિ, ''दिव्यद्रुमलत्ता''- પુષ્પમાલાદિ ભોગનાં બાહ્યસાધનો, ''नदद्विहङ्गालि''- કૂજન કરતાં પંખી - ભ્રમર, શબ્દ-વિષયના આધાર રૂપ પદાર્થો, ''हिमनिर्झर''- હિમઝરણાં-રસ વિષય, ''कुसुमाकर''- વાયુ-વસંતનો પવન - ગંધ, વિષય વગેરે વિલાસવાળું નગર જોઈને, ''चाहूतं मन्यते पान्थः''- પોતાને બોલાવ્યો હોય તેમ મુસાફર - (જીવ) માને છે. ''यदृच्छागतां तत्र ददर्श प्रमदोत्तमाम्''- ભગવદિચ્છાથી કે કર્મનાં ભગવાને આપેલાં ફલ રૂપે આવેલી ઉત્તમ પ્રમદાને ત્યાં જોઈ. પ્રમાદ અને પ્રમોદમાં પ્રેરે તે,- પ્રમદા ! તે મોહ કરાવે, ભાન ભુલાવે. "દેહ જ આત્મા છે," - તેવું ભાન કરાવતી બુદ્ધિ-અવિદ્યા રૂપ, મોહ કરાવતી સ્ત્રીરૂપ છે. અહંતા-મમતા રૂપ સંસારમાં પ્રવૃત્તિ તે કરાવે છે. બુદ્ધિ તો દેહમાં જ હોય, છતાં બહાર તેના ગુણો અનુભવાય, તેથી સ્ત્રી કહી. તેનાથી મોહ પામેલો જીવ તેને અનુસરે છે ! પ્રબલ મદવાળી હોય તે- પ્રમદા !

''भृत्यैर्दशभिः'' - દશ સેવકો - પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિય. ''पञ्चशीर्षाहिना''- પાંચ માથાવાળો નાગ, પાંચ (પ્રાણ, સમાન, ઉદાન, વ્યાન, અપાન) પ્રકારના પ્રાણવાયુથી રક્ષાયેલી છે. તે સ્ત્રી પતિને શોધતી હતી. યુવતી હતી. તેણે પુરંજનને જોયો. પુરંજને તેને પૃચ્છા કરી, - "તું

કોણ છે ? કોનાં સંબંધી છે ? શું કરવા ઈચ્છો છો ?" લૌકિક રીતે કામનાથી તેના આ પ્રશ્નો છે. જીવે હજુ (દેહ) પુરમાં પ્રવેશ કર્યો નથી, છતાં ઈન્દ્રિયો દેવરૂપ હોવાથી તેમાં કારણ રૂપે તાલુ વગેરે છે, તેથી ઉચ્ચાર થઈ શકે ! ત્રીજા સ્કંધમાં તત્ત્વરૂપ દેવોએ કરેલી ભગવાનની સ્તુતિ પણ છે. પુરંજનને તેને – "त्वं श्रीभवान्यस्यथ"- "તું લક્ષ્મી છે ? પાર્વતી છે ?" - પૂછ્યું. પછી, "नासां वरोर्वन्यतमां भुविस्पृक्...।"થી, પૃથ્વીનો સ્પર્શ કરતી હોવાથી તે દેવી નથી, અન્ય કોઈ છે ! - તેમ સ્પષ્ટ કરે છે.

દેવોને લીલા માટે દેહસંબંધ છે. તેમને (દેહ જ આત્મા છે તેવી) દેહાત્મભાવરૂપ બુદ્ધિ ન હોય. ભૂમિસ્પર્શથી આ દેહાત્મભાવવાળી બુદ્ધિ દેવરૂપ નથી - તેમ કહ્યું. બ્રહ્માદિ દેવોની જ્ઞાનેન્દ્રિયો જ્ઞાનમય અને કર્મેન્દ્રિયો યોગમય હોય છે, અહંકારથી ઉત્પન્ન થયેલી નથી ! ભગવાનની ઈચ્છાને તે વશ છે, માયાવશ નથી ! તેથી કાર્યરૂપ અવિદ્યાના દેહાદિ - અધ્યાસવિભાગ તેમનામાં નથી હોતા.

પુરંજન (જીવ) પાસે આ પ્રમદા (દેહાત્મમતિ) આવતા તે દેહ વિના રહેવા અશક્ત થયો ! પ્રમદાને પ્રાર્થના કરી. પ્રમદાએ પ્રત્યુત્તર આપ્યો, "न विदाम वयं सम्यक् कर्तारं पुरुषर्षभ । आत्मनश्च परस्यापि..।।"- "મારા પોતાના અને અન્યના કર્તાને હું સ્પષ્ટ જાણતી નથી !" બુદ્ધિ અને જીવ ઉભય હોવા છતાં, તેમનો કર્તા અજ્ઞાત છે, ભગવાન્ છે, તે માયિક નથી. સ્ત્રીએ પોતાના પરિકરનો પરિચય કરાવ્યો. આ નાગ-પ્રાણવાયુ-નગરની રક્ષા કરે છે. હું તમારી સાથે વિવાહ કરીશ. મોહ કોને થાય ? તે ગણાવ્યું, "अरतिज्ञं"- ભક્તિ-રહિતને, પ્રભુપ્રીતિથી અજાણ્યાને, "अकोविदं"- જ્ઞાન-રહિતને, "असंपरायाभिमुखं" મૃત્યુના વિચાર-રહિતને, "अश्वस्तनाविदं"- આ લોક-પરલોકના વિચારહીનને, "पशुं"- અજિતેન્દ્રિયને (પેટભરાને) !

આ આધિભૌતિક બુદ્ધિમાં કારણ રૂપે આધિદૈવિક બુદ્ધિ રહેલી છે. તે દેવતા રૂપ છે, તથા જીવ, પ્રાણ ઈન્દ્રિયોની સમીપમાં હોવાથી તેને વાણી છે ! જીવને જ્ઞાનપ્રકાશ થતાં દેહાત્મબુદ્ધિ નષ્ટ થાય, પણ ક્રિયાપરાયણ થાય તો અધ્યાસાદિ રહે, તેથી ક્રિયા રૂપ તેના કર (હાથ)નું વર્ણન - "भुजयोर्महाभुज"- કરતાં, બાહુમાં પોતાની આસક્તિ કહી.

પછી, બંનેએ પુરમાં પ્રવેશ કર્યો. -- "तां प्रविश्य पुरीं"- પ્રવેશ જન્મરૂપ છે. પંચાગ્નિવિદ્યામાં કહેલો નિર્દોષ, જ્ઞાનાધિકારીનો જન્મ અહીં કહેલો નથી; પણ કામવાળાનો જન્મ છે. દેહમાં જીવ સાથે અંતર્યામીનો પણ પ્રવેશ થાય છે. અંતર્યામીની પ્રેરણાથી જીવ કાર્ય કરે છે. અંતર્યામી પ્રેરક, અનાસક્ત, બુદ્ધિથી પર, બંધનરહિત છે; ઈશ્વર છે. ભગવાનની અનેક રૂપ થવાની ઈચ્છાથી-નિયામક-સાક્ષી તરીકે તેનો પ્રવેશ છે.

જીવના શરીરમાં પ્રવેશ પહેલાં બુદ્ધિનું વર્ણન છે. લિંગદેહ સાથે જીવનો સ્થૂલદેહમાં પ્રવેશ થાય છે. ગર્ભમાં પ્રવેશ પહેલાં તેને લિંગદેહ પ્રાપ્ત થાય છે. બુદ્ધિ, પ્રાણ, ઈન્દ્રિયો વગેરેના કર્તા ભગવાન્ છે. અવિદ્યાથી તો માત્ર અધ્યાસ થાય છે. જીવને દેહના અધ્યાસથી "હું દેહ (અમુક) છું," - તેવું ભાન થાય છે, તેમ ઈન્દ્રિયાદિમાં પણ અધ્યાસ થાય છે. "હું જાડો-પાતળો છું," - વગેરે દેહાધ્યાસ છે. જીવ તો ચૈતન્યરૂપ, ભગવદંશ, અણુ છે, શરીરથી જુદો છે, છતાં પ્રમદા સાથે પુરંજનના પુરપ્રવેશથી "દેહ જ આત્મા છે," - તેવી દેહાત્મ-બુદ્ધિ છે. કામવાળા જીવને અવિદ્યાનો સંબંધ થાય છે. પુરંજન

અને પ્રમદાએ પુર-પ્રવેશ કર્યો. ત્યારે સંગીત થતું હતું. “उपगीयमानो ललितं”- બાલક જન્મે ત્યારે તે રડે, પણ લોકો આનંદ મનાવે, અથવા પરોક્ષવાદમાં બાલકનું રુદન ગાનરૂપ છે.

પુરના વર્ણન પછી, બાહ્યવિષયોનું વર્ણન - “नदद्विहङ्गालि”- થી કર્યું. પછી, પુરપ્રવેશ કહ્યો છે. તે અહંતા - મમતારૂપ - સંબંધ સૂચવે છે. સંસારનું તે રૂપ છે. અહીં, જીવને સંસારપ્રાપ્તિ કહેલી છે. તે અવિદ્યાથી થાય છે. જીવનો કલ્પેલો આ સંસાર - “હું - મારું”-મિથ્યા છે; પણ દેહ વગેરે તો પ્રપંચરૂપ છે, પ્રભુએ બનાવેલાં છે, સત્ય છે. જીવને દેહ સાથે અવિદ્યાથી અહંતા - મમતાત્મક-સંબંધ છે. જ્ઞાન વગેરેથી અવિદ્યાનો નાશ થાય છે; અથવા વિષયોમાં રત - બુદ્ધિવાળો દેહ, જીવ અને અંતર્યામી વચ્ચે અંતરાયરૂપ છે, - બંધનરૂપ છે.

પુરપ્રવેશ પછી, પુરંજનના વિષયવિહાર શરૂ થયા. “खद्योत”- ઓછા પ્રકાશવાળી ડાબી આંખ, “आविर्मुखी”- વધુ પ્રકાશવાળી જમણી આંખ. તે બે દ્વારા “द्युमान्”- ચક્ષુ-ઈન્દ્રિય સાથે જીવ, “विभ्राजित”- રૂપવાળા પદાર્થોમાં જાય છે. જગતનાં રૂપ જુએ, જગદીશનાં નહિ. !“नलिनी”- ડાબું નાક, “नालिनी”- જમણું નાક - બંને દ્વારા - “अवधूत”- ઘ્રાણેન્દ્રિય સાથે, “सौरभ”- સુગંધ માણે. “मुख्या”- મોં દ્વારા, “आपण”- લોકરંજન કરતી વાણી અને “बहूदन”- સ્વાદમય ભોજન, “रसज्ञ”- રસનેન્દ્રિય અને “विपण”- વાગિન્દ્રિય સાથે માણે, પ્રભુપ્રસાદ અને ભગવન્નામથી દૂર રહે ! “पितृहूः”- દક્ષિણ કર્ણ, “देवहूः”- વામકર્ણ. બંને દ્વારા, “श्रुतधर”- કર્ણેન્દ્રિય સાથે, “दक्षिणपाञ्चालं”- પૂર્વમીમાંસા, “उत्तरपाञ्चालं”- ઉત્તરમીમાંસાનું ક્વચિત્ શ્રવણ કરે, લોકવાતો રસથી સાંભળે. ભગવાનની વાતો ઉપર ઉપરથી સાંભળે ! “भासुरी”- લિંગ દ્વારા “ग्रामकं”- ગ્રામ્ય-સુખ, “दुर्मदः”- જનનેન્દ્રિય સહિત માણે. “निर्ऋतिः”- મલદ્વારથી, “लुब्धकः”- પાયુ-ઈન્દ્રિય સાથે રહી, “वैशसं”- મલત્યાગ કરે. “निर्वाक्पेशकृतौ”- હાથપગ દ્વારા ગતિ અને કાર્ય કરે. “अन्तःपुरं”- હૃદયમાં, “विषूचीन”- અંતઃપુર- રક્ષક, મન સાથે મોહ - હર્ષ - પ્રસન્નતા વગેરેનો અનુભવ કરે છે.

પત્નીને તે સર્વથા અનુકૂલ રહે છે, મોહ પામેલો જીવ બુદ્ધિને અનુકૂલ રહી મગ્ન રહે છે ! અહીં, બાલ્યાવસ્થાનું વર્ણન છે. “क्वचित् पिबत्यां पिबति-।” સ્ત્રી પાન કરે ત્યારે પોતે પાન કરે, વગેરેથી બાલોચિત ચંચલતા કહેલી છે. બાલપણની જાગ્રત-અવસ્થા અને “ह्रदिनीमाविशत्” થી નિદ્રાવસ્થા કહેલી છે. બાલ્યાવસ્થામાં સ્વપ્નનો નિશ્ચય ન હોવાથી કહ્યું નથી. અધ્યાસવાળી બુદ્ધિને અનુકૂલ જીવ બને છે; તેમ “क्रीडामृगो यथा”- “વાનર જેવો” કહીને તેની ચંચલતા દર્શાવી છે.

અધ્યાય : ૨૬

પરોક્ષકથામાં જીવની સ્વપ્નાવસ્થાનું વર્ણન :

“स एकदा” - સ્વપ્નાવસ્થાનું વર્ણન કરે છે. કાંઈક પ્રૌઢ અવસ્થામાં સ્વપ્ન સ્પષ્ટ સમજાય છે. તેનું વર્ણન મૃગયા રૂપે કરે છે. શિકારમાં અસ્થિરતા હોય. સ્વપ્નમાં પણ સ્થિરતા ન હોય. નગરીમાં રહેતો પુરંજન રથમાં બેસીને “मृगयां”- શિકારે - સ્વપ્નવિહારમાં જાય છે. રથના પાંચ ઘોડા જ્ઞાનેન્દ્રિયો છે. પુણ્ય અને પાપ એ રથને ચલાવનારાં બે ચક્ર છે. અહંતા - મમતા એમાં “द्वीप”-

બે બાજુની જૂંસરી (ધૂંસરી) છે, મન લગામ છે, બુદ્ધિ સારથિ છે. "**त्रिवेणु**"- ત્રણ ધ્વજા, ત્રણ ગુણ છે. "**पञ्चबन्धुरं**"- પાંચ દોરી - પાંચ પ્રાણ છે. "**द्विकुबर**"- બે ધૂંસરી, બંધનસ્થાન-મોહ, શોક છે. "**पञ्चप्रहरणं**"- પાંચ આયુધ - પાંચ વિષય છે. "**सप्तवरुथं**"- સાત પડદા - સાત ધાતુ - ત્વક્, માંસ, રુધિર, મેદ, મજ્જા અસ્થિ, શુક્ર અને સ્નાયુ છે.

અનેક પ્રાણીઓને તે શિકારમાં મારે છે. થાકીને ભૂખ્યો, તરસ્યો ઘેર આવે છે. ગતશ્રમ થઈને સ્ત્રીને શોધે છે. અંતઃપુરમાં કુપિત સ્ત્રીને મનાવવા મથે છે. ભગવાનના ભક્ત અથવા બ્રાહ્મણ સિવાય જેણે તેનો અપરાધ કર્યો હોય તેને સજા કરવા કહે છે. "**अन्यत्र वै मुररिपोरितरत्र दासात्....।**"- સંસારી જીવ બહિર્મુખ છે, છતાં કદાચિત્ ભગવાનમાં કે સદ્ધર્મમાં પણ ચિત્ત જાય છે, પણ પુનઃ, પાછો સંસારમગ્ન જ બને છે !

અધ્યાય : ૨૭

પરોક્ષ-કથામાં, રજોગુણથી ભોગમાં વેડફાતું જીવન :

સંસારમાં દઢ આસક્તિથી, દેહને આત્મા માનતી બુદ્ધિથી આવતું પરિણામ બતાવે છે. બહિર્મુખદશા, વ્યવહાર-વશપણું અને લોકરુચિ જીવનને વ્યર્થ વેડફી દે છે, કાલધર્મો પીડે છે. યૌવનમાં થતો અતિભોગ જીવનને રોગમય બનાવે છે. યૌવનમાં સધાતો યોગ જીવનને જરાદિ-દોષોથી મુક્ત રાખે.

રજોગુણને પ્રભાવે ભોગમાં રુચિ વધે. ભોગવિલાસમાં પુરંજન-પુરંજનીનું યૌવન વેગમાં વીત્યું. ૧૧૦૦ પુત્રો-ઈન્દ્રિયનાં પરિણામ-વિષયવિકારો થયા. ૧૧૦ પુત્રીઓ બુદ્ધિની ક્રિયાઓ (ઈચ્છાઓ) થયાં. અંતઃકરણમાંનો સંસાર બહાર પ્રકટ થાય. અનેકનું આરાધન કરી ઈચ્છેલા ફલલાભ માટે યજ્ઞાદિ કરે છે, હિંસા કરે છે, અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, પશુ, ચાતુર્માસ્ય અને સોમ, - એ પાંચ યજ્ઞાત્મક ભગવત્સ્વરૂપ છે. તે સિવાય અન્યત્ર પશુવધ દોષરૂપ છે.

સર્વનાશક કાલનું આક્રમણ થયું. "**चण्डवेगः**"- પ્રચંડ ગતિવાળો - અટકાવી ન શકાય તેવો, કાલ આવ્યો. પુર (શરીર)ને ઘેર્યું. તેની સેનામાં ૩૬૦ ગંધર્વ-દિવસો, ૩૬૦-ગન્ધર્વી-રાત્રી છે. કાલ બાલપણમાં નાશ કરે છે, પણ "**प्रजागरः**"- જાગતા પ્રાણના પોષણથી મરણ થતું નથી ! પ્રાણ હોય ત્યાં સુધી દેહ ટકે, ઈન્દ્રિયો બલવતી રહે. ઈન્દ્રિયોની અશક્તિ પ્રાણની ક્ષીણતા સૂચવે છે. ઈન્દ્રિયો સ્થૂલ - પ્રાણથી કાર્યક્ષમ રહે. સૂક્ષ્મપ્રાણથી માત્ર જીવન નભે. ભોગથી ઈન્દ્રિયો કાલક્રમે ક્ષીણપ્રાણ થતી જાય છે ભોગાદિ પ્રારબ્ધાનુસાર પ્રાપ્ત થાય છે. પ્રાણ લડતાં થાકે, - ઈન્દ્રિયોની શક્તિ ઘટે, - "**कालस्य दुहिता**"- ઘડપણ આવે. લોકમાં તે કોઈને ગમે નહિ. દુર્ભાગી ગણાય. "**बृहद्व्रत**"- સંયમીને વૃદ્ધાવસ્થા પીડે નહિ, અશક્તિ વગેરે આવે નહિ. ભક્ત નારદને પીડી શકે નહિ. જરાએ નારદને ફરતા રહેવાનો શાપ દીધો. ચાલવું તે મોટી કસરત, શરીરને તે સ્વસ્થ રાખે. "**यवनेश्वरं भयं**"- રોગાદિનો સ્વામી, મૃત્યુ. ઘડપણ સાથે સામાન્યતઃ મૃત્યુ આવે. "**प्रज्वार**"- જ્વર, સન્નિપાતાદિ સાથે લોકમાં મૃત્યુ ઘૂમે છે. મૃત્યુએ જરા અને પ્રજ્વારને પોતાનાં ભાઈબહેન બનાવ્યાં !

અધ્યાય : ૨૮

પરોક્ષકથામાં, જીવને સ્ત્રીદેહ : સંપૂર્ણ દીનતાથી પ્રભુની પ્રસન્નતા :

આત્મદર્શન : અંશી બ્રહ્મનું શુદ્ધ-અદ્વૈત છે :

પ્રજ્વાર અને કાલકન્યા જરા, સાથે મૃત્યુ ભૂમિ પર ભમે છે, નગર ઉપર ચઢાઈ લાવે છે. કાલક્રમે જેમ વય વધતું જાય છે, તેમ તેમ ઘડપણ પાસે આવે, શરીરને પીડે, - એ છે આક્રમણ ! બચાવ માટે નગરરક્ષક પાંચ માથાવાળો નાગ (પ્રાણ) પ્રયાસ કરે છે, પણ બિચારો થાકે છે. શ્વાસના રોગની ધીમે ધીમે શરીરમાં શરૂઆત થઈ જાય છે. દેહાત્મબુદ્ધિવાળો જીવ એમાં પોતે જ પીડાયો હોય એવી પીડા અનુભવવા માંડે છે. જીવને ન ગમતી હોવા છતાં પણ, આ વૃદ્ધાવસ્થા શરીરમાં આવે છે. જરા શરીરની કાન્તિ, બુદ્ધિ, શક્તિ વગેરેનો નાશ કરે છે. સંસારાસક્ત જીવને મરતાં ભગવાન્ યાદ આવતા નથી, પણ સ્ત્રીમાં જ ચિત્ત રાખતો જીવ, શરીર છોડી દે ત્યારે, એને સ્ત્રીશરીર પ્રાપ્ત થાય છે, અંતે જેવી મતિ હોય તેવી ગતિ થાય. જીવ સાથે પ્રાણ, ઈન્દ્રિય, બુદ્ધિ પણ શરીરને છોડે છે. અધિકારી યમરાજા શરીરમાંથી અંગુષ્ઠ માત્ર જીવને બલથી બહાર કાઢે છે ! **''बभूव प्रमदोत्तमा''**- અંતે સ્ત્રીમાં ચિત્ત હોવાથી સ્ત્રીદેહ મળ્યો. શરીર મળવું એ જીવની ઈચ્છાને વશ નથી, જીવે કરેલાં કર્મો અને ભગવદિચ્છાને આધીન છે ! જીવ પોતે સ્ત્રી અથવા પુરુષ નથી. જાતિ શરીરનું સ્વરૂપ છે. અહીં, પુરુષપણું સ્વચ્છન્દતાસૂચક છે. સ્ત્રીપણું શાસ્ત્ર કે સત્સંગ કે પ્રભુને વશ રહેવાથી છે. સંસારમાર્ગ બહિર્મુખને મળે. તે કહ્યા પછી, અંતર્મુખ કે ભગવદભિમુખને મળતા મોક્ષનો માર્ગ કહે છે. "દેહ આત્મા છે," - તેવી સમજથી સંસાર મળે ! "ભગવાન્ આત્મા છે," - તેવી સમજપૂર્વકના સ્નેહથી સારરૂપ મોક્ષ મળે ! સ્વજનસંગ સંસાર આપે, ભક્તજનસંગ મુક્તિ આપે ! પ્રાકૃતબુદ્ધિથી પ્રાકૃત થવાય. આત્માને "બ્રહ્મ" રૂપે સમજાવતી બુદ્ધિથી બ્રહ્મભાવ થાય. મુક્તિમાર્ગમાં સત્સંગાદિ સઘળાં બાહ્યસાધનો અંતર્મુખ કે ભગવદભિમુખ બનાવે, બહિર્મુખતા જાય, વૃત્તિ અને પ્રવૃત્તિ પ્રભુ-સંબંધી થાય. સંસારમાર્ગમાં બાહ્યસાધનો બહિર્મુખ બનાવે, મનમાંની મમતા પણ બહિર્મુખ બનાવે, સર્વત્ર ભટકતા કરી મૂકે.

પુરંજનને સ્ત્રી રૂપે ભગવદિચ્છાથી દક્ષિણમાં જન્મ મળ્યો. ભગવાનની કૃપા પ્રાકૃત-હીન-ને પણ પાવન કરે. દક્ષિણ ભક્તદેશ છે. સત્સંગ અને ભક્તિ પ્રભુકૃપાથી મળે. સંસારી જીવ ભગવાનના કાર્યની અલૌકિકતા સમજ્યા વિના, અવિવેકથી જ ભક્તોનું અનુકરણ કરે છે. સ્ત્રી થયેલો પુરંજન વિદર્ભ રાજાની કન્યા થયો. વિ-દર્ભ એટલે કર્મત્યાગ પછીનો ભક્તિમાર્ગ ! મલયધ્વજ-ભક્તિનો અહંકાર ! તેની સાથે તેનાં લગ્ન થયાં. "હું સેવા-સ્મરણાદિ કરું છું," - તેવું ભાન-જાહેરાત-તે મલયધ્વજ ! તેના સાત પુત્ર - પહેલી સાત ભક્તિ ! તેના કરોડો પૌત્રો થયા. અનેક વાર શ્રવણાદિનું આવર્તન થાય ત્યારે કૃતાર્થ થવાય. **''असितेक्षणा''** - કન્યા એટલે સેવા-કથામાં અભિરુચિ થઈ. અગત્સ્ય-મન-તેને પરણ્યા, દઢતા-આવી. મન સેવા-કથામાં પરોવાયું. પ્રભુમાં પ્રીતિ થઈ. તેનો પુત્ર દઢચ્યુત-દઢ-વૈરાગ્ય-થયો. જીવ, પહેલાં પોતાનો અધિકાર સમજી અભિમાનથી સેવાદિ કરે છે, પછી પણ, પ્રીતિથી ભોગાદિમાં દઢ-વૈરાગ્ય થતાં આગ્રહપૂર્વક દીનતાથી સેવાદિ કરે છે. અન્ય પાસે સેવાદિ

ન કરાવતાં સ્વતઃ કરે છે, તે સિવાય રહી ન શકે, ત્યારે અધ્યાસ બધા ચાલ્યા જાય, પ્રભુ પ્રાણથી પણ પ્રિય લાગે! મલયધ્વજ મર્યો, - અહંકાર દૂર થયો. "હું કરું છું કે કરીશ,-" એ મનમાંથી ગયું. ભગવાનની સંપૂર્ણ શરણાગતિ થઈ. ભગવાનને વશ રહેવાથી સર્વ પુરુષાર્થ પૂર્ણ થાય. પહેલાંનો અહંકાર ગયો. સ્વદોષસ્ફૂર્તિ થઈ, પછી ભગવાનની મહત્તાના ભાને દીનતા વધી! મલયધ્વજનું મૃતશરીર અહંકારનો અંશ. તે ચિતામાં બળતાં સંપૂર્ણ દીનતા થઈ. ભક્તોનું દૈન્ય પ્રભુને પ્રસન્ન કરે! "મારાથી પ્રભુ માટે કાંઈ થઈ શકતું નથી," - એ દારુણ દુઃખ થયું. પોતાના સ્વરૂપનું જ્ઞાન ન હોવાથી, ચિતામાં બળી સ્વરૂપનાશ કરવાની તૈયારી કરી. ત્યાં અંતર્યામી પોતે પ્રકટ થયા! "सखा ब्राह्मण आत्मवान् ।"- સ્વરૂપ-વિસ્મૃતિ દૂર કરી, આત્મદર્શન કરાવ્યું. "द्वासुपर्णा"- શ્રુતિની કથા સમજાવી. અહીં, માત્ર જ્ઞાન દેવા માટે પ્રાકટ્ય છે. સ્ત્રી, - પુરુષ વગેરે જીવનું સ્વરૂપ નથી. જીવ બ્રહ્મનો અંશ છે. ભગવાનની માયાથી ભાન ભૂલે છે. વાસ્તવમાં, માયા- સંબંધ વગરનું, શુદ્ધ-અદ્વૈત ઉભયનું છે! જીવને સ્વરૂપાનુસંધાન કરાવ્યું. "बर्हिष्मन्नेतदध्यात्मं पारोक्ष्येण प्रदर्शितम् ।"- નારદજીએ છેલ્લે કહ્યું, કર્મજડ રાજા આ વાતને સામાન્ય રૂપે ન સમજે, તેથી સ્પષ્ટતા કરી. "આ અધ્યાત્મ-પરોક્ષ-કથા છે," ગૂઢાર્થવાળી કથા છે. પ્રભુને પરોક્ષ પ્રિય છે!

અધ્યાય : ૨૯

પરોક્ષકથાની સ્પષ્ટતા : કથા-પાનથી ભક્તિ, પ્રભુકૃપાથી જ જીવની લોક-વેદ-માં સ્થિર થયેલી બુદ્ધિ પ્રભુમાં લાગે : કર્મ એક જ - કૃષ્ણસેવા : જ્ઞાન એક જ - બ્રહ્મવાદ! :

કર્મમોહિત રાજા પ્રાચીનબર્હિને આ કથા ન સમજાઈ! નારદજીને સમજાવવા વિનંતી કરી. નારદજીએ સમગ્ર કથાનું રહસ્ય સ્પષ્ટ કર્યું. લૌકિકસંગથી બહિર્મુખ થવાય, - બંધન થાય. ભગવદીયસંગથી ભગવદભિમુખ થવાય, બંધન-મુક્ત થવાય!

ભગવદીય નારદે કર્મપરાયણ રાજાને બોધ કર્યો. અધિકારાનુસાર બોધ અને ફલ થાય. રાજાને ન સમજાતાં નારદે વિસ્તારથી સ્પષ્ટતા કરી. ભટકતા જીવને - "सारमेयः"- કૂતરા જેવો કહ્યો. કૂતરાને કોઈ વાર માર પડે અને કોઈ વાર ખાવા માલ મળે, તેમ કામનાવાળા જીવને હીન કે ઉત્તમ યોનિઓમાં કર્મફલ ભોગવતાં ભટકવું પડે છે. ભગવાનની ભક્તિ વિના બીજા કોઈ ઉપાયે દુઃખ દૂર થતું નથી. ભક્તિ કથાશ્રવણથી મળે.

तस्मिन्महन्मुखरिता मधुभिच्चरित्रपीयूषशेषसरितः परितः स्रवन्ति ।
ता ये पिबन्त्यवितृषो नृप गाढकर्णैस्तान्नस्पृशन्त्यशनतृड्भयशोकमोहाः ॥ (४०)

ભગવાનમાં ઉત્કટ ભાવવાળા ભગવદ્ભક્તો હોય ત્યાં ભગવત્કથાસુધા ચારે તરફથી ઉભરાય છે. તેનું એક ધ્યાને પ્રેમથી પાન કરે તેને ભૂખ, તરસ, ભય, શોક કે મોહ સ્પર્શતાં નથી. દેહ અને અંતઃકરણના ધર્મોથી તે પર બને છે.

લોકો દેહ અને અંતઃકરણના આ વિક્ષેપોથી કથારહિત અને ભગવદ્વિમુખ રહે છે! પ્રભુ કૃપા કરે તો, રૂઢ થયેલી લોકલાલસા અને શાસ્ત્રફલકામના છૂટી જાય.

यदा यस्यानुगृह्णाति भगवानात्मभावितः ।
स जहाति मतिं लोके वेदे च परिनिष्ठिताम् ॥ (४६)

નારદે સ્પષ્ટ રીતે કર્મત્યાગ કરવા રાજાને સમજાવ્યા અને કર્મનું તથા જ્ઞાનનું સાચું સ્વરૂપ સમજાવ્યું. "तत्कर्म हरितोषं यत्सा विद्या तन्मतिर्यया ।" - જેનાથી પ્રભુ પ્રસન્ન થાય તે, કર્મ ! અને જેનાથી પ્રભુમાં બુદ્ધિ પરોવાય, - તે વિદ્યા-જ્ઞાન ! ભગવાનને સંતોષ સેવાથી થાય અને ભગવાન્ ભગવજ્જ્ઞાનથી સમજાય. શ્રીમહાપ્રભુજીએ સ્પષ્ટ સમજાવ્યું, - કર્મ અને જ્ઞાનનું સ્વરૂપ. ! "कर्माप्येकं तस्य देवस्य सेवा"- કર્મ એક જ - શ્રીકૃષ્ણની સેવા. ! "अतस्तु ब्रह्मवादेन कृष्णे बुद्धिर्विधीयताम्"- બ્રહ્મવાદ દ્વારા શ્રીકૃષ્ણમાં બુદ્ધિ સ્થિર કરવી. બ્રહ્મવાદ તે જ વિદ્યા !

સંગ - સુખ છોડીને પ્રભુભજન કૃતાર્થ કરે છે : લિંગદેહવાળો આત્મા જ કર્તા છે, લિંગદેહ જીવનું સાધન છે : કથાની સમજથી રાજાની ભગવદ્ભજનથી કૃતાર્થતા :

ભગવાનનાં ચરણકમલ જ અભય આપે છે "क्षुद्रञ्चरं सुमनसां..."થી મૃગનું દૃષ્ટાન્ત દીધું. સ્ત્રી વગેરે સ્વજન-સંગમાં વિષયાદિ-સુખ લુબ્ધ મૃગશા માનવને આયુષ્યનું હરણ સમજાતું નથી, મરણ દેખાતું નથી, પ્રભુનું ચરણશરણ કરતો નથી ! "સ્મરણ તું પ્રભુનું કર, ઘર છોડ, પ્રભુને પ્રસન્ન કર !" - રાજાને નારદે કહ્યું.

રાજાએ પૂછ્યું, - "(૧) કર્મ કરે સ્થૂલદેહ આ લોકમાં અને ફલ ભોગવે સૂક્ષ્મદેહ પરલોકમાં, તે કેમ ?" નારદે સમાધાન દીધું, - "સ્થૂલદેહમાં કર્મ કરવાનું સામર્થ્ય નથી. સૂક્ષ્મદેહ વિના શબ નિષ્ક્રિય થઈ જાય છે. સૂક્ષ્મ(લિંગ)દેહમાં જ સામર્થ્ય છે, તેનાથી સ્થૂલદેહ કાર્ય કરે છે. સૂક્ષ્મદેહના સામર્થ્યનું પોષણ કોઈ પણ સ્થૂલદેહ કરે છે. પહેલાંનો જ સ્થૂલદેહ જોઈએ, તેવો નિયમ નથી. આમ, સૂક્ષ્મદેહ કર્તા છે; તેથી તે કર્મનાં ફલ ભોગવે છે." - આ સમાધાન સાંખ્યમતથી કર્યું.

પૂર્ણજ્ઞાન ન હોય ત્યાં સુધી, લિંગદેહવાળો આત્મા જ કર્તા છે. લિંગદેહ આત્માનું સાધન છે. અહંતા- મમતારૂપ અધ્યાસથી બંનેનો સંબંધ છે. અધ્યાસ અવિદ્યા રૂપ છે. પ્રભુ તે દૂર કરે. દા.ત. સુથાર રંધાથી લાકડું છોલવાનું કર્મ કરે છે. તેમાં સુથાર કર્તા (આત્મા). રંધો સાધન. રંધામાં અંદરનું લોઢાનું પાનું (સૂક્ષ્મદેહ) જ લાકડું છોલે છે. લાકડાના રંધાની (સ્થૂલદેહ) આકૃતિ છોલતી નથી, લોઢાના પાનાને આધારે આપે છે - (સ્થૂલદેહ) ! વાસ્તવમાં, આત્મા જ કર્મનો કર્તા છે. અવિદ્યાથી મુક્ત, ગુણાતીત શ્રીશુકદેવજી વગેરે ભગવાનનાં ગુણગાન કરે છે.

"एवं पञ्चविधं लिङ्गं....।" - પંચ તન્માત્રા અને અગિયાર ઈન્દ્રિય, બુદ્ધિ સહિત ત્રણ ગુણનો કાર્યભૂત લિંગદેહ છે. ચૈતન્યયુક્ત તે જીવ કહેવાય.

કર્મ જોવામાં ન આવતું હોવા છતાં, આત્માના આધારે રહે છે. આપણી ચિત્તવૃત્તિઓની વિચિત્રતા પૂર્વજન્મનાં કર્મને અનુકૂલ હોય છે. આ જન્મમાં ન જોયેલા, ન સાંભળેલા, છતાં મનમાં થતા, વિચિત્ર તરંગો-અનુભવ-પૂર્વજન્મનાં કર્મથી થાય છે.

રાજા પ્રાચીનબર્હિને "भज सर्वात्मना हरिं ।"- "સર્વાત્મપણે હરિને ભજ !" - કહી, ભગવદ્ભજનમાં જોડી, ભક્ત નારદજી વિદાય થયા. રાજા પુત્રોને રાજ્ય દઈ, કપિલાશ્રમે તપઃ માટે ગયા.

અધ્યાય : ૩૦

પ્રચેતસો પર પ્રભુની પ્રસન્નતા : વાર્ક્ષી કન્યા સાથે વિવાહથી દક્ષ-પુત્ર થયો :

વિદુરે પ્રચેતસોની કથા પૂછી. મૈત્રેયે કથા શરૂ કરી. પ્રચેતસોને આ લોક અને પરલોકના ફલની પ્રાપ્તિ પ્રભુ દ્વારા થઈ છે. પ્રચેતસો ઊંડા જલમાં પ્રભુનું આરાધન કરતા હતા. દશ હજાર વર્ષ થયાં ! પ્રભુ પ્રસન્ન થયા. દર્શન દીધાં. વરદાન દીધું. રુદ્રગીતનો સવાર-સાંજ પાઠ કરવાથી ભાઈઓમાં પ્રેમ વધે, પ્રભુ કામના પૂર્ણ કરે, નિર્મલ બુદ્ધિ આપે. પ્રભુએ પ્રચેતસોને કીર્તિ, કન્યા, રાજ્યસુખ અને અંતે સ્વધામ મળવાનું વરદાન આપ્યું.

गृहेष्वाविशतां चापि पुंसां कुशलकर्मणाम् ।
मद्वार्तायातयामानां न बन्धाय गृहा मताः ॥ (१९)

ઘરમાં રહી વિવિધ કુશલ કર્મ કરે, પણ ભગવાનની વાતોમાં વખત વીતાવે, તેને બંધન ન થાય.

પ્રચેતસોએ નમસ્કાર કર્યા. ભગવાનના વરદાન પછી એમણે સ્તુતિ કરી ! સામાન્ય રીતે પ્રભુ પધારે ત્યારે ભગવાનની સ્તુતિ થાય, ત્યાર પછી ભગવાન્ વરદાન આપે. પ્રચેતસોએ તપઃથી ફલ મેળવ્યું નથી, ભગવાને આપ્યું છે ! ભક્તિમાર્ગની વિશેષતા છે. પ્રભુના વચનથી ઉભરાતા આનંદે પ્રચેતસોએ સ્તુતિ કરી છે. ભક્તિમાં તો ભગવાન્ ભક્તોનો આત્મીય તરીકે અંગીકાર કરે છે, સર્વ ફલ આપે છે ! પોતાના અંગીકારથી, સર્વ-ઈન્દ્રિયોમાં ઉભરાતો આનંદ વાણીમાં સ્તુતિ રૂપે સાકાર થાય છે. આ આનંદ અધિકારરૂપ છે.

પ્રચેતસોએ- "नमः कमलनाभाय...."- વિભુના વિશ્વની કોમલતા કહી. "नमः कमलमालिने"- લક્ષ્મીજીનો અંગીકાર કહ્યો. ભાવભર્યા, કોમલ હૃદયવાળા, ભક્તોનો અંગીકાર પ્રભુ કરે છે. "नमः कमलपादाय।"- ભગવાનના ભક્તિમાર્ગની કોમલતા કહી, પ્રભુપ્રાપ્તિની સરલતા સમજાવી. "नमस्ते कमलेक्षण...।"- ભગવાન્ કૃપાકટાક્ષ-પરાયણ છે, પ્રભુ હમેશાં કૃપા વરસાવે છે.

एतावत्त्वं हि विभुभिर्भाव्यं दीनेषु वत्सलैः ।
यदनुस्मर्यते काले स्वबुद्ध्याभद्ररन्धन ॥ (२८)

કૃપાળુ સમર્થોએ સ્નેહથી દીનને સ્મરવાં, તે દોષને દૂર કરે છે. યાત્રાદિમાં યાદ કરવાનું આ પ્રયોજન છે.

પ્રચેતસોએ જન્મોજન્મ સત્સંગ યાચ્યો ! સત્સંગથી ભવમાં ભટકવું ન પડે. સત્સંગની ક્ષણ પણ સ્વર્ગ કે મોક્ષસુખથી અધિક છે ! પ્રચેતસોએ પોતાનાં સર્વ સત્કર્મનાં ફલ રૂપે પ્રભુની પ્રસન્નતા પ્રાર્થી. પ્રભુ પધાર્યા. પ્રચેતસો જલમાંથી બહાર આવ્યા. પૃથ્વી પર વધેલાં વૃક્ષો જોયાં. મુખમાંથી અગ્નિ પ્રકટ્યો ! વૃક્ષ બળવા લાગ્યાં. બ્રહ્માએ સમજાવ્યા. ચંદ્રે પોષેલી, કંડુ મહર્ષિની, પ્રમ્લોચા અપ્સરા દ્વારા જન્મેલી, કન્યા વાર્ક્ષી આપી ! સમાનશીલ-વ્યસન પ્રચેતસો તેને વર્યા.

પ્રચેતસો ઘેર આવ્યા. રાજ્યારૂઢ થયા. એમને ત્યાં દીકરો થયો. એનું નામ દક્ષ ! ચતુર્થસ્કંધમાં

કહેલા દક્ષનો તે અવતાર ! કર્મનિષ્ણાત હતો, તેથી તેને દક્ષ કહ્યો.

અધ્યાય : ૩૧

પ્રચેતસોને ભગવદ્ભજનથી સફલતા : પ્રભુને પ્રસન્ન કરનારાં ચાર વ્રતો :
મૈત્રેયજી પાસેથી કથા સાંભળતાં વિદુરજીની ભક્તિથી કૃતાર્થતા :

દક્ષને રાજ્ય દઈ જ્ઞાનસંપન્ન પ્રચેતસો જાજલિના સ્થાનમાં આવ્યા. એમની પાસે દેવર્ષિ નારદજી આવ્યા. પ્રચેતસોએ સ્વાગત કર્યું, વંદન કર્યાં, જ્ઞાન માગ્યું. જ્ઞાન ગુરુ દ્વારા મળે, તેથી ભગવાન્ સમજાય. શિવે આપેલું જ્ઞાન પ્રભુપ્રાકટ્યમાં સાધન થઈ વિરામ પામ્યું. તે સૃષ્ટિ-વંશ-ચલાવવામાં ઉપયોગી હતું. નારદે મોક્ષ માટે વિસ્મૃત થયેલા શિવના ઉપદેશનું સ્મરણ કરાવ્યું. સંસારમાં ભગવદ્ભજન કઠિન છે. ભગવદ્ભજનથી સર્વ ફલ મળે. ભગવાન્ ન મળે તો ઉચ્ચ-કુલમાં જન્મ કે સત્કર્મનું પણ શું પ્રયોજન ?

વૃક્ષના મૂળમાં પાણી રેડીએ તો વૃક્ષ આખુંય પોષાય, ડાળ ઉપર પાણી રેડવું પડતું નથી, – એમ ભગવદ્ભજનમાં બધું સમાઈ જાય છે.

दयया सर्वभूतेषु सन्तुष्ट्या येन केन वा ।
सर्वेन्द्रियोपशान्त्या च तुष्यत्याशु जनार्दनः ॥ (१९)

પ્રાણીમાત્ર પર દયા, મળે તેમાં સંતોષ, સર્વ-ઈન્દ્રિયોનો સંયમ, "च"-કારથી – એકાદશી અને ચાર જયંતીવ્રતના ઉપવાસથી, અવિધાનો નાશ કરનાર ભગવાન્ જલ્દી પ્રસન્ન થાય છે.

શ્રીશુકે પરીક્ષિતને સંબોધન કર્યું, – "નૃપસત્તમ !" સ્નેહ તેમાં સ્રવી રહ્યો છે. – "મેં તમને મનુપુત્ર ઉત્તાનપાદના વંશની કથા કહી. હવે, પ્રિયવ્રતની કથા સાંભળો ! પ્રિયવ્રતે નારદના ઉપદેશથી આત્મવિધા મેળવી, પછી રાજ્ય કર્યું, પછી પ્રભુ પ્રાપ્ત થયા !"

મૈત્રેય મુનિના મુખેથી આ ગાથાઓ સાંભળી વિદુરજી ખૂબ પ્રસન્ન થયા. ભગવાનના ભજનથી જ સર્વ ફલ મળે છે, બીજી કોઈ રીતે નહિ, તેમ આ કથાઓથી સમજ્યા. માહાત્મ્ય જાણી આદરથી ભગવાનની સેવા કરવી. પ્રેમ વિદુરજીના અંતઃકરણમાં ઉભરાયો. આંસુ રૂપે દેખાયો. વિદુરજીએ હૃદયમાં ભગવાનનાં ચરણારવિંદ ધારણ કર્યાં ! જ્ઞાન આપનાર ગુરુ મૈત્રેયનાં ચરણકમલને મસ્તક ધારણ કર્યાં ! નિર્દોષ થયા. ત્યાંથી ચાલી નીકળ્યા. કૃતાર્થ થઈ ગયા. પ્રભુપ્રેરણાથી હસ્તિનાપુર આવ્યા, અપકાર કરનાર ધૃતરાષ્ટ્ર પર પણ ઉપકાર કર્યો !

સંતો નિઃસાર સંસારમાં પણ પ્રભુપ્રીતિરૂપ સાર શોધી કૃતાર્થ થાય છે, કરે છે. આયુષ્ય, ધન, યશઃ, કલ્યાણ અને સદ્ગતિ અને ઐશ્વર્ય – આ પ્રભુપરાયણ ભક્તોની કથાઓ સાંભળવાથી મળે છે. છ ગુણ ભગવાનના, છ ફલ કથાનાં ! કથાનું પ્રભુરૂપ કહી, કથા દ્વારા પ્રભુપ્રાપ્તિ સૂચવી !

卐

श्रीहरिः

श्रीगोपीजनवल्लभाय नमः ।।
विजयते श्रीबालकृष्णः प्रभुः ।।

શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ

પંચમ-સ્કન્ધ

અધ્યાય : [illegible]

વિકુંઠ-ભગવાન[illegible] વિજય, તે સ્થિતિ - લીલા છે :
દેશ-કાલ-આત્મામ[illegible] એક સાથે સ્થિતિ માત્ર ભગવાન્ કરી શકે ! :

[illegible]प्रियव्रतो भागवत आत्मारामः कथं मुने ।
[illegible]हेऽरमत यन्मूलः कर्मबन्धः पराभवः ।। (१)

"પ્રિયવ્રત રાજા [illegible]ગવાનના ભક્ત છે, આત્મારામ છે. તેમણે ગૃહસ્થાશ્રમમાં કઈ રીતે પ્રીતિ કરી ? કર્મબંધન અને પરા[illegible]વ તેથી મળે." ચોથા સ્કન્ધને અંતે, શ્રીશુકે પ્રિયવ્રતની કથાનો ઉપોદ્ઘાત કર્યો. તેમાંથી પરીક્ષિતનો અ[illegible] પ્રશ્ન ઉદ્ભવ્યો.

શ્રીશુકે કથાનો પ્રારં[illegible] કર્યો. ચોથા સ્કન્ધમાં, અન્ય-સાધનની મર્યાદાથી પ્રાપ્ત થઈ શકે તેવા ધર્માદિ- પુરુષાર્થ, ભગવાને પો[illegible]ના (પૌરુષ) સામર્થ્યથી દક્ષાદિને પ્રાપ્ત કરાવ્યા. તે વિસર્ગલીલા થઈ. પાંચમા સ્કન્ધમાં ભગવાનની મર્યાદારૂપ લીલા કહેવામાં આવે છે. તેમાં ભગવાનની અલૌકિક સ્થાનલીલા છે. ભગવાનનો તે [illegible]ક્ષિણ ઊરુ છે. પંચમ-સ્કન્ધની લીલાનાં નામ બે દેખાય છે, - એક "સ્થિતિ", બીજું "સ્થાન !" "અ[illegible] સર્ગો"-માં "સ્થાનં" છે અને લક્ષણમાં - "स्थितिर्विकुण्ठविजयः ।" છે. વૈકુણ્ઠ ભગવાનનો વિજ[illegible] તે સ્થિતિ ! વશ કરવું તે વિજય ! પ્રભુની પદાર્થોમાત્રને વશ-સ્વાધીન-કરવાની લીલા ત[illegible] - સ્થાનલીલા ! પદાર્થ બે પ્રકારના, પ્રાકૃત અને અપ્રાકૃત. પ્રકૃતિના સંબંધવાળા પ્રાકૃતપદાર્થો-તત્ત્વ[illegible]-૨૪ છે. અપ્રાકૃત-આત્મા (જીવાત્મા) અને પરમાત્મા,- કુલ ૨૬, તેથી સ્થાનલીલાના ૨૬ અધ્યાય છે. સ્થાનનો અર્થ "स्थीयते अस्मिन् इति स्थानम् ।" અને "स्थितिरेवस्थानम्" થાય. જેન[illegible] આધારે રહેવામાં આવે તે સ્થાન અને સ્થિતિ તે જ સ્થાન ! અમુક કર્મ કરવાથી અમુક સ્થાન મળે, તે[illegible] નિયમ (મર્યાદા, સ્થિતિ) પણ આ સ્કન્ધમાં છે, તે પણ પ્રભુનો વિજય છે. વિજય એટલે વિશિષ્ટ જ[illegible] વિવિધ જય સ્થાન - દેશમાં, કાલમાં અને આત્મામાં મળે. દેશ ત્રણ પ્રકારનો, - પૃથ્વી, પાતાલ અ[illegible] સ્વર્ગ ! કાલ એકવીસ પ્રકારનો, - બાર માસ, પાંચ ઋતુ, ત્રણ લોક અને સૂર્ય. આત્મા બે પ્રકારનો, - [illegible]વાત્મા અને પરમાત્મા ! કુલ છવ્વીસ, એટલે પણ પાંચમા સ્કન્ધમાં કુલ અધ્યાયો ૨૬.

દેશ, કાલ તથા આત્મામાં એકસાથે સ્થિતિ માત્ર ભગવાન્ કરી શકે, તે ભગવાનનો વિજય છે. તેમાં કાલ ભગવાનની ચેષ્ટારૂપ હોવાથી બે જ વિભાગ રહે. આત્મા અથવા સ્વરૂપમાં સ્થિતિ, અને દેશસ્થિતિ. સ્વરૂપસ્થિતિમાં કાલ વિઘ્ન કરતો અટકે, તો કાલ પરનો વિજય છે. જુદા જુદા ગ્રહોને જ્યોતિશ્ચક્રમાં જુદા જુદા સ્થાને, કાલના ગુણ હોય તેમ મૂકવા, - તે માત્ર ભગવાન્ કરી શકે. તે પણ કાલ પરનો વિજય છે.

કર્મ પ્રમાણે પણ સ્થિતિ મળે છે. સાત્ત્વિક-કર્મથી સાત્ત્વિક-સ્થાનમાં સ્થિતિ થાય. સ્વરૂપમાં સ્થિતિ વેદમાર્ગથી થાય. વેદ ચિત્તશુદ્ધિરૂપ કર્મ અને જ્ઞાનથી આત્મામાં સ્થિતિ કરાવે. વેદનું તાત્પર્ય તો બ્રહ્મમાં છે, તેથી દેશસ્થિતિ દેનારાં કર્મ, વેદોક્ત છતાં વેદમાર્ગીય નથી ! બહિર્મુખને વૈદિક-કર્મમાં યોજવા માટે તે કહેલાં છે. કર્મ સ્વતન્ત્રપણે ફલ દેતાં નથી. ભગવાન્ જ ફલ આપે છે. ભગવાનનો આ કર્મ પરનો વિજય છે. ભગવાન્ વિના અન્યથી આ સંભવે નહિ.

શાસ્ત્ર કહેલાં કર્મ જીવ કરે છે, તેથી તે કર્તા છે; પણ તે કર્તાપણું જીવ ભગવાનનો અંશ હોવાથી મળેલું છે. તેનાથી જીવ (આત્મા) પર પણ ભગવાનનો વિજય સ્પષ્ટ છે. ભગવાન્ વેદને વશ નથી. વેદ તો ભગવાનને અનુકૂલ થઈ વિધાન કરે છે ! તે ભગવાન્ અસંગ છતાં મુક્તજીવોના આધારરૂપ બને છે, તે ભગવાનના પોતાના પરનો વિજય છે. આમ દેશ, કાલ તથા સ્વરૂપ પર માત્ર ભગવાન્ વિજય કરી શકે છે !

ભગવાન્ પોતાની ઈચ્છા પ્રમાણે, કોઈની પણ પાસે કોઈ પણ કાર્ય કરાવે છે, પોતાનું સામર્થ્ય પણ આપે છે. પ્રિયવ્રતને સામર્થ્ય દીધું છે. ભરતજી આત્મસ્થિત હતા. તેમને હરણ બનાવ્યા. સ્થિતિ બદલી નાખી ! આ પણ પ્રભુનું સામર્થ્ય છે, વિજયસૂચક છે. લક્ષણમાં "વૈકુણ્ઠ" શબ્દ છે, તે આનો સૂચક છે. જય-વિજયને વૈકુણ્ઠમાંથી ભૂતલે લાવ્યા. તેમ આત્મસ્થ ભરતને જન્મ દઈ હરણ બનાવ્યા, છતાં ત્રણ જન્મે જય-વિજયનો પોતે ઉદ્ધાર કર્યો, તેમ ત્રણ જન્મે ભરતજીનો ઉદ્ધાર કર્યો !

બધામાંથી આસક્તિ નીકળી જાય ત્યારે સ્વરૂપસ્થિતિ મળે. બધાનાં મૂલ રૂપે પાંચ તન્માત્રા, પાંચ મહાભૂત, પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર અને પુરુષ સાથે કાલ મળીને ૨૬ થાય. આ કોઈ તત્ત્વોમાં આસક્તિ ન રહે, - વિજય થાય, માટે ૨૬ અધ્યાયથી પ્રભુની આ વિજયગાથા ગાઈ !

સ્વરૂપસ્થિતિ અને દેશસ્થિતિ :

આમ, સ્વરૂપમાં અને દેશમાં બે સ્થિતિ થઈ. તેમાં સ્વરૂપમાં સ્થિતિ કરવામાં સાધન રૂપ છે - મન ! મનનો દેવતા - ચન્દ્ર ! ચન્દ્ર પંદર કલાથી પૂર્ણ થાય, દેવોના પક્ષપાતી શુક્લપક્ષ રૂપ કાલ પણ સ્વરૂપસ્થિતિમાં ઉપયોગી. તેના દિવસ પંદર, તેથી સાધનસંપન્ન પૂર્ણ-મન અને કાલના વિચારે સ્વરૂપસ્થિતિના ૧૫ અધ્યાય. ભગવાનની ભક્તિ, યોગ અને ક્વચિત્ જ્ઞાનથી સ્વરૂપસ્થિતિ થાય છે. ભગવાન્ છ ગુણવાળા, યોગ આઠ અંગવાળો અને જ્ઞાન એક પ્રકારનું-હોવાથી, ક્રમશઃ ૬,૮,૧ અધ્યાયમાં તેમનું નિરૂપણ છે. ભક્તિથી થતી સ્વરૂપસ્થિતિ ઉત્તમ, યોગથી મધ્યમ અને જ્ઞાનથી સામાન્ય. તેના ત્રણ વિભાગો કહેલા છે.

બીજી દેશસ્થિતિ. સત્ત્વ, રજ: અને તમ: એ ત્રણ ગુણો પરસ્પર મળતાં ૯ પ્રકાર થાય. તે પૃથ્વી સાથે મળતાં પૃથ્વી પરનાં સ્થાન નવ પ્રકારનાં થાય. તેનું વર્ણન નવ ખંડો રૂપે કરેલું છે. પૃથ્વી પરના જમ્બૂદ્વીપમાં ત્રણે ગુણોનો સમાનભાવ છે. જમ્બૂદ્વીપ કર્મભૂમિ છે. બીજા દ્વીપમાં ગુણોનો સમાનભાવ, છતાં તે ભોગભૂમિ છે. અન્યદ્વીપમાં સ્થિતિનો આધાર જમ્બૂદ્વીપમાં કરેલાં કર્મ પર છે. જમ્બૂદ્વીપમાં ભક્તિની અધિકતા છે, તેથી તેનું વર્ણન પહેલું છે. સત્ત્વગુણથી ઉપરના લોક અને તમોગુણથી અધોલોક મળે છે અને મધ્યના ત્રણે ગુણોના મિશ્રભાવે નવ ભેદ, કુલ ૧૧, તેથી ૧૧ અધ્યાયમાં દેશસ્થિતિ કહી છે. પૃથ્વી પર પંચમહાભૂતની મુખ્યતા હોવાથી, તેનું વર્ણન પાંચ અધ્યાયમાં છે. ઊર્ધ્વ અને અધોલોકમાં ગુણની મુખ્યતા હોવાથી, ત્રણ અધ્યાયોમાં તેનું વર્ણન છે. તમોગુણથી અધોગતિ થાય, - નરક મળે, તેથી છેવટે નરકનું વર્ણન છે.

પહેલા છ અધ્યાયમાં ભગવાનથી (ભક્તિથી) થતી સ્વરૂપસ્થિતિનું વર્ણન કરે છે. મન લૌકિક (જડ)-પદાર્થોમાંથી નીકળી જાય, આસક્તિરહિત બને ! આત્મસ્વરૂપમાં રહે, અંતર્મુખ બને, તે સ્વરૂપસ્થિતિ છે. સ્વરૂપ જીવ કે જગદીશનું ! સ્થિતિ - (તેમાં) સ્થિર થવું તે ! મન ભટકતું અટકે અને જીવ કે જગદીશમાં સ્થિર થાય, - તે સ્વરૂપસ્થિતિ ! ભગવાનની સેવાથી સ્વરૂપસ્થિતિ સરલ બને. પહેલા અધ્યાયમાં ભગવાનનાં ઐશ્વર્ય - વીર્ય બે ગુણ કહેલા છે. બીજા અધ્યાયમાં શ્રી, ત્રીજામાં યશ:, ચોથામાં ભગવાન્, પાંચમામાં જ્ઞાન અને છઠ્ઠામાં વૈરાગ્યનું નિરૂપણ છે. ભગવાનના ગુણોનું માહાત્મ્ય સમજાવવા આરંભમાં અવતારની કથા નથી; પણ પ્રિયવ્રતની કથા છે. પ્રિયવ્રત અને તેના વંશજોમાં ભગવાને પોતાના ગુણો મૂકેલા. પ્રિયવ્રતે કરેલા પ્રભુભજનથી તેને લાભ થયો. સામાન્ય-સંસારીમાં પણ ભગવાન્ પોતાના ગુણો મૂકે તો, તે સર્વોત્તમ - સામર્થ્યવાળો બને !

નારદજીના સત્સંગથી પ્રિયવ્રતે કરેલું ભગવાનનું ભજન :

રાજા પ્રિયવ્રતની કથાસંબંધી પ્રશ્ન રાજા પરીક્ષિતે કર્યો, - "પ્રભુમાં પ્રીતિ છતાં, પ્રિયવ્રતને સંસારસ્પર્શ કેમ ? પુન:, સંસારનિષ્ઠને પ્રભુપ્રીતિ કઈ રીતે થઈ ? આમ ભક્તોને પણ અંતરાય આવે ?"

શ્રીશુકે સમાધાનમાં કહ્યું, - "भगवत उत्तमश्लोकस्य श्रीमच्चरणारविन्दमकरन्दरस आवेशितचेतसो भागवतपरमहंसदयितकथां किञ्चिदन्तरायविहतां स्वां शिवतमां पदवीं न प्रायेण हिन्वन्ति ।" ભગવાનનો યશ: સઘળા દોષોને દૂર કરનારો છે. ભગવાન્ ઉત્તમશ્લોક છે. તેમનાં ચરણને કમલ કહ્યાં છે. કમલમાં સુંદરતા અને સુગંધ તો દૂરથી પણ અનુભવાય. શીતલતા અને કોમલતા સાન્નિધ્યથી સમજાય, પણ મકરંદ તો માત્ર મધુપને મળે. ચરણ ભક્તિમાર્ગ છે. તે કમલરૂપ હોવાથી કોમલ છે. સરલતા તેની સુંદરતા છે. સ્નેહ તેનો સુગંધ છે. દુ:ખનિવારણ અને સુખદાન તેની શીતલતા છે તે તો સ્વાભાવિક રીતે સૌને મળે; પણ ભક્તિરસનો આસ્વાદ અને આહ્લાદ તો, ભ્રમર જેવા અનન્ય, સન્નિષ્ઠ સત્પાત્રને જ મળે ! આવા ભક્તો ભક્તિરસમત્ત હોય. તેમને કાલ, કર્મ, સ્વભાવનો અંતરાય ન સંભવે ! ઉદ્વેગ કે લૌકિક ભોગ કે સ્વદોષ તેમના પ્રતિબંધ ન બને; પણ ક્વચિત્ કોઈક કારણે, ભગવદિચ્છાથી, અંતરાય સંભવે, છતાં પ્રાય: ભક્તો માર્ગભ્રષ્ટ ન બને. ક્વચિત્ સન્માર્ગસ્થાપન

માટે, પોતાની લીલા માટે કે મર્યાદા પ્રકટ કરવા માટે, ભગવાન્ આવો અંતરાય થવા દે છે, છતાં ભક્તોનો અંતે અંગીકાર કરે છે !

કુમાર પ્રિયવ્રતને પ્રભુની સ્વતન્ત્ર ભક્તિ કરવાની ઈચ્છા હતી. પિતા મનુની ઈચ્છા તો રાજ્ય કરે તેવી હતી, છતાં તેણે ઉલ્લંઘન કર્યું ! મર્યાદાકથામાં આ પુષ્ટિ છે ! પ્રભુ માટે બધું ગૌણ ગણ્યું છે. દેવર્ષિ નારદજીનાં ચરણનું શરણ કરી, પ્રિયવ્રત ગંધમાદન - પર્વતમાં આરાધનરત થયા.

વ્રત જેને પ્રિય છે તે,- પ્રિયવ્રત ! વ્રતપરાયણ થયા. પ્રભુને પ્રિય થાય તેવાં તેનાં વ્રત, માટે તે પ્રિયવ્રત ! રાજ્યનો ત્યાગ ભક્તિ માટે કર્યો. પ્રભુ માટેનો ત્યાગ પ્રભુને પ્રસન્ન કરે. વ્રતમાં ત્યાગ, સંયમ, સ્વાસ્થ્ય, પવિત્રતા, નિર્દોષતા વણાઈ ગયેલાં છે. કોઈ વ્રત વિકાર વધારે તેવાં જોવા નહિ મળે ! તન અને મનની તંદુરસ્તી અને પવિત્રતાનો સમન્વય વ્રતમાં છે. વ્રત વગર, તન અને મનમાંનાં ભોગ અને રાગથી અસંતોષની આગ વધે. અસામાન્ય ફલ માટે તો સર્વસ્વ ત્યાગની તૈયારી જોઈએ !

પ્રિયવ્રતને બ્રહ્માજીએ દીધેલો ભગવાનનો સંદેશ : ગૃહસ્થાશ્રમ તો ભવસાગર તરવા માટે છે :

પ્રિયવ્રતે દેવને દુર્લભ-દુસ્ત્યજ-રાજ્યનો ત્યાગ કર્યો. ભગવદિચ્છાએ બ્રહ્માજી આવ્યા. ભગવાનનો સંદેશ દીધો, - "निबोध तातेदममृतं ब्रवीमि ।" - "સાંભળ, તાત ! અમૃત કહું છું !" અણગમતી છતાં અમૃત જેવી વાત કહેવા આવ્યા છે ! ટીકા કરવી, ટોકવા, રોકવા એ વૃદ્ધોની ટેવ છે, - તેમ ગણી તેમની ઉપેક્ષા ન થાય, પણ હિતની વાતનો સ્વીકાર થાય. ભગવાનની આજ્ઞા પાળવા બ્રહ્માએ પ્રિયવ્રતને સમજાવ્યા. રાજ્ય કરવા મનાવ્યા, - "ભગવાને દીધેલા દેહથી કર્તવ્ય અવશ્ય કરવું જોઈએ. નિઃસંગ રહેવાથી બંધન ન થાય. અનેક વનમાં આથડવા છતાં પણ, અંદરના છ શત્રુને ન છોડે તો, પ્રમત્તને ભય પીડે. ઘરમાં પણ સાવધને સુખ મળે, પ્રભુભજન થઈ શકે ! ભગવાનને જાણવા કરતાં, માણવામાં વધુ આનંદ છે ! તેમાં નડતા દોષો દૂર કરવા ગૃહસ્થાશ્રમનો કિલ્લો ઉપકારક બને. "जितेन्द्रियस्यात्मरतेर्बुधस्य गृहाश्रमः किं नु करोत्यवद्यम् ।" - જિતેન્દ્રિયતા, પ્રભુપ્રીતિ અને સ્વરૂપજ્ઞાન અનર્થમાંથી ઉગારે ! જિતેન્દ્રિયતા-સંસાર-સુખતૃષ્ણામાં ફસાવા ન દે. પ્રભુપ્રીતિ-વિરક્તિ દઈ પ્રભુ તરફ આકર્ષે. સ્વરૂપજ્ઞાન-સંસાર અને શ્રીહરિના માર્ગનો વિવેક આપે, ભેદ સમજાવી સંસારભયથી દૂર રાખે. ગૃહસ્થાશ્રમ ભોગ ભોગવીને મરવા માટે નથી, વિવેકથી જીવીને ભવસાગર તરવા માટે છે."

મધુર વાણીમાં બ્રહ્મા મનાવે છે. અણગમતી છતાં હિતની વાત ગળે ઉતારવી હોય તો સ્નેહથી સમજાવાય, છોકરાંને છાંછીઆં ન થાય ! તિરસ્કાર કરનારને સામે તિરસ્કાર જ મળે. સંતાન પ્રત્યે સ્નેહ સ્વભાવિક હોય, પણ તેને વાણી, વર્તનમાં વણી લઈને વ્યક્ત કરવો હિતવર્ધક છે ! સંસારીઓને પોતાનાં સંતાનને પ્રભુમાર્ગે પ્રેરવાની પરવા પણ પ્રાયઃ ન હોય, સદ્ભાગીને જ તેવું સૂઝે, છતાં સંતાન ન માને, - તે સંસારની સ્વાભાક્તિા છે ! અહીં તો અસ્વાભાવિકતા છે. પ્રભુપથે પહોંચેલા પુત્રને પાછો સંસારમાં લાવવા મથામણ ચાલે છે ! ભગવદાજ્ઞા પ્રમાણે સંદેશો દેવાયો. પ્રિયવ્રતે ભગવદાજ્ઞા માની. મર્યાદામાં ભગવાનની આજ્ઞાનો આદર હોય. આજ્ઞા વાણીથી થાય. વાણી વેદરૂપા - મર્યાદા ! તેનો અનાદર ન થાય.

પુષ્ટિમાર્ગ હૃદયના સ્નેહનો માર્ગ છે. તેમાં તો પ્રભુને આજ્ઞા કરવાના પરિશ્રમ પર્યંત પહોંચવું

પણ ન પડે ! પ્રેમથી ઈચ્છાને ઓળખીને અનુકૂળ થવાય ! પ્રભુના હૃદયની ઈચ્છા ન સમજાય અથવા ક્વચિત્ પ્રભુ પરીક્ષા માટે કે બીજા હેતુથી આજ્ઞા કરે, તો પણ આજ્ઞા કરતાં, અંતઃકરણની ઈચ્છાનો વિશેષ આદર થાય ! શ્રીગોપીજનને પ્રભુએ રાસપ્રસંગમાં આરંભમાં ઘેર પાછાં જવાની આજ્ઞા કરી, પણ તે પ્રભુના અંતરની ઈચ્છા ન હોવાથી શ્રીગોપીજન પાછાં ન ગયાં, ઈચ્છાનો આદર કર્યો ! ભગવાનની ઈચ્છા હોય તો જ વૈરાગ્યથી ત્યાગ થાય, નહિ તો બ્રહ્માજીનાં વાક્યાનુસાર પ્રભુએ દીધેલાં કર્તવ્ય થાય. પ્રભુમાં વ્યસનદશા વગર થયેલો ત્યાગ પતન કરાવે. વ્યસનીને વ્યસન વિના ન ચાલે, તેમ પ્રભુ વિના ન ચાલે તે,- વ્યસનદશા ! વ્યસનદશામાં સઘળું સ્વભાવિક રીતે છૂટે, વૈરાગ્ય શોધવો પણ ન પડે. વ્યસનદશા પહેલાં કદાચ બધું છૂટે, પણ પેટ અને (પ્રકૃતિ) મન ન છૂટે, પરિણામે અન્ન અને સંગનો દોષ લાગે. સંગ અને અન્નદોષથી અનેક અનર્થો ઉભરાય.

પ્રભુ ભોગ આપે તો તેનાથી પતન ન થાય. સુદામાજીને પ્રભુએ સંપત્તિ દીધી, સુદામા ભોગ કરવા છતાં, આસક્ત ન થયા, પતન ન થયું, પ્રભુને ન ભૂલ્યા, - મુક્ત થયા !

પ્રિયવ્રતનો ગૃહસ્થાશ્રમ : પ્રભુનો વિજય અખંડ હોવાથી આ સ્કંધમાં વિજયગાથા ગધમાં ગાઈ છે :

બ્રહ્માજી દ્વારા મળેલી ભગવદાજ્ઞા માની, પ્રિયવ્રત રાજા પોતાના નગરમાં આવ્યા. વિશ્વકર્મા પ્રજાપતિની પુત્રી બર્હિષ્મતી સાથે વિવાહ કર્યો. દશ પુત્રો થયા. છેલ્લી કન્યા ઓજસ્વતી થઈ. તે શુક્રાચાર્યને વરી. આગ્નિધ્ર મોટા. કવિ, મહાવીર અને સવન ત્યાગી થયા.

પ્રિયવ્રતે ભગવદાજ્ઞા પાળી. ભક્ત ભગવાનને વશ રહે તે,- મર્યાદા ! અને ભગવાન્ ભક્તને વશ રહે તે,- પુષ્ટિ ! ભક્તિમાં વિરુદ્ધ લાગે તેવી ભગવદાજ્ઞા પણ, મર્યાદાભક્ત પ્રિયવ્રતે પાળી. નારદના ઉપદેશ પછી પણ ગૃહસ્થાશ્રમ કર્યો ! પિતા અને ગુરુની આજ્ઞા કે ઉપદેશનું ઉલ્લંઘન પ્રભુપરાયણતાથી કર્યું. પ્રભુની સર્વોત્તમતા સમજાવી.

આ પંચમ-સ્કન્ધની કથા ગધમાં કહી છે. પધમાં યતિ (વિરામ) વગેરેથી વિભાગ પડે. ગધ અખંડ હોવાથી, અહીં વિજયરૂપ કથા ગધમાં કહી છે. પ્રભુનો વિજય અખંડ છે. આ સ્કધ પ્રભુના ઊરુરૂપ વા કટિરૂપ છે. તે સઘન હોય, તેથી પણ ગધમાં ગાથા ગાઈ છે.

પ્રિયવ્રતને પ્રભુએ દીધેલું સામર્થ્ય : દિવ્ય-તેજસ્વી-રથમાં સપ્ત-ભ્રમણથી સાત દ્વીપો-સાગરો થયા ! :

રાજા પ્રિયવ્રતે રાત્રિના અંધકારને દૂર કરવા, દિવ્ય, - તેજસ્વી રથમાં બેસી સાત વખત પરિભ્રમણ કર્યું. અંધકારને દૂર કર્યો ! પ્રિયવ્રતના રથના ફરવાથી સાત દ્વીપ અને સાગર થયા. પૈડાંથી ખાડા થયા ! તે સાગર ! વચ્ચેનો ભાગ દ્વીપ ! રથનું માપ પહેલાનાં ભ્રમણ કરતાં બીજા ભ્રમણમાં બમણું થતું જતું. પરિણામે દ્વીપ-સાગર ઉત્તરોત્તર બમણા માપના થયા ! એક જ કેન્દ્રવાળા બગીચાની ખાઈની જેમ તે બન્યા. ભગવાનના આવેશથી પ્રિયવ્રત આ અદ્ભુત કર્મ કરી શક્યા. તેણે કરેલી ભક્તિથી તેનામાં નિર્દોષતા આવી, ભગવદાવેશ થયો. અગિયાર કરોડ વર્ષ સુધી પ્રિયવ્રતે રાજ્ય કર્યું.

રાજ્યકર્તા તરીકે તે વાત વિચારીએ તો, તેમણે પોતાના રાજ્યના પ્રદેશ, ભાષા, સમૃદ્ધિ, આવશ્યકતા, વિશિષ્ટતા વગેરે પ્રમાણે વિભાગો પોતે લોકસંપર્કથી નક્કી કર્યા ! એક પ્રદેશવાળાને

બીજા પર કોઈ વસ્તુ માટે આધાર ન રાખવો પડે, તેવી વ્યવસ્થા કરી ! સૌને સંતોષ થાય તેમ, સુવ્યવસ્થિત રાજ્યવહીવટ કર્યો, અવ્યવસ્થા રૂપ અંધકાર દૂર કર્યો. પ્રદેશોને જુદા પાડવા છતાં, મજબૂત રીતે કેન્દ્રના શાસનમાં મૂકયા. તેમનું રાજ્યબંધારણ ૧૧ કરોડ વર્ષ સુધી ફેરફાર વગર ચાલ્યું.

વિજ્ઞાનદષ્ટિએ આ વાત વિચારીએ તો, આ અદ્‌ભુત શોધ છે. રાજાએ અવકાશમાં સૂર્ય જેવો તેજસ્વી ઉપગ્રહ તરતો મૂકયો, જેનાથી બધે પ્રકાશ મળે ! પોતાના વિજ્ઞાનની સફલતામાં સંપૂર્ણ શ્રદ્ધા હોવાથી, રાજા પોતે તેમાં બેઠા, બીજા કોઈને અખતરા માટે મોકલવો ન પડયો ! તેમાંથી સઘળા પ્રદેશોનું પરિજ્ઞાન મેળવીને વિભાગો નક્કી કર્યા.

જમ્બૂ, પ્લક્ષ, શાલ્મલિ, કુશ, ક્રૌઞ્ચ, શાક અને પુષ્કર, – નામના સાત દ્વીપ થયા. ક્ષારોદ, ઈક્ષુરસોદ, સુરોદ, ઘૃતોદ, ક્ષીરોદ, દધિમણ્ડોદ અને શુદ્ધોદ, – એ સાત સંજ્ઞાવાળા સાગર થયા.

રાજ્યભોગથી રાજાને વૈરાગ્ય થયો. સાત પુત્રોને સાત દ્વીપનાં રાજ્ય દીધાં. રાજા ગુરુ નારદને શરણે ગયા. ગુરુસેવા સર્વ કલ્યાણ કરે છે. રાજા મુક્ત થયા. તેમની કીર્તિ ખૂબ ગવાઈ.

અધ્યાય : ૨

ભગવાનના શ્રીગુણયુક્ત, ધર્મસંમત કામરૂપ, પ્રિયવ્રતના પુત્ર આગ્નિધ્રની કથા :

પ્રિયવ્રત રાજાના દીકરા આગ્નિધ્ર થયા. ભગવાને તેમનામાં પોતાનો શ્રીગુણ મૂકયો છે. તપ: માટે મંદરદ્રોણીમાં આવ્યા. ભગવાને પ્રેરતાં પૂર્વચિત્તિ નામની અપ્સરા બ્રહ્માજીએ ત્યાં મોકલી પ્રિયવ્રત બ્રહ્માજીની આજ્ઞાનુસાર રાજ્યમાં આવીને ભોગાસક્ત થયા. ભગવાને વિવેકનું વિસ્મરણ કરાવ્યું. તે અવસ્થામાં આ દીકરો થયો, તેથી અતિશય કામી થયો. તે તપઃ કરતો હતો, ત્યાં પૂર્વચિત્તિ આવી. રાજાની પ્રકૃતિની તે પ્રતિમા છે. રાજાએ વિચિત્ર વાણીમાં, રસસભરશબ્દ શ્રવણ કરાવી, અનુનયથી અનુકૂલ કરી ! મુગ્ધ થઈ અપ્સરાએ સંગ સ્વીકાર્યો. રાજા નગરમાં પાછા આવ્યા એમને ત્યાં પ્રકૃતિના ત્રણ ગુણોના પરસ્પર મિશ્રણરૂપ નવ દીકરા થયા, તેમાં નાભિ સાત્ત્વિક થયા. માની કૃપાથી નવે સમર્થ થયા. મેરુની નવ કન્યાઓને વર્યા.

આગ્નિધ્રે દશ કરોડ વર્ષ વિહારો કર્યા. નવ વર્ષે નવ પુત્રપ્રસવ પછી, અપ્સરા બ્રહ્મલોકમાં જતાં, અતૃપ્ત રાજા તેના ધ્યાનથી પિતૃલોકમાં ગયા. અતિયોગથી કામના નષ્ટ થઈ, પછી મુક્ત થયા. આ આગ્નિધ્ર કામશાસ્ત્રમાં પ્રસિદ્ધ, ધર્મસંમત કામરૂપ છે.

અધ્યાય : ૩

ભગવાનના યશોગુણ-યુક્ત, આગ્નિધ્ર-પુત્ર નાભિને ત્યાં બ્રાહ્મણવચનથી, વાત્સલ્યથી, પુત્ર રૂપે પ્રભુ પધાર્યા :

આગ્નિધ્રના પુત્ર નાભિ મેરુપુત્રી મેરુદેવીને વર્યા. ભગવાને તેમને યશઃ ગુણનું દાન કર્યું.

આગ્નિધ્રમાં આધિભૌતિક અને આધ્યાત્મિક કામ શાંત થઈ ગયો. આધિદૈવિક કામ નાભિમાં હતો. સર્વનું આધિદૈવિક રૂપ ભગવાન્ છે, તેથી નાભિને પુત્ર રૂપે પ્રભુ મળે તેવી કામના હતી. ભગવાન્ પોતાની ઈચ્છાથી સૌને વિવિધ ભાવ આપે છે, પોતાની ઈચ્છાનુસાર અનુભવ આપે છે !

નાભિના આ કામનું ચિંતન કરી બ્રાહ્મણોએ યજ્ઞ કરાવ્યો. પુત્રકામના પણ પ્રભુસંબંધે વાત્સલ્ય-ભક્તિ બને ! યજ્ઞમાં ભગવાન્ યજ્ઞનારાયણ પ્રકટ થયા. ભગવાન્ ભક્તવત્સલ છે. પરમ પુરુષને નમસ્કાર કરતાં ઋષિયોએ સ્તુતિ કરી. બ્રાહ્મણો ભક્તિપ્રધાન છે. તેમની ભક્તિથી ભગવાન્ પ્રકટ થયા છે. સ્તવન કરતાં એક વિનંતી કરી, - "આપ સર્વનો અભિલાષ પરિપૂર્ણ કરનારા છો. રાજા પુત્રકામ છે. આપના જેવો દીકરો એમને પ્રદાન કરો. અપરાધ ક્ષમા કરો !"

ભગવાન્ પ્રસન્ન થયા, - "બ્રાહ્મણો ! મારા જેવો દીકરો તમે માગ્યો. હું જ મારા જેવો છું; છતાં મારા મુખ રૂપ બ્રાહ્મણની વાણી મિથ્યા થાય તે યોગ્ય નથી. અંશભાગે હું અવતરીશ !" ભગવાન્ તિરોહિત થયા.

જય-વિજયને ત્રણ જન્મે પ્રભુપ્રાપ્તિ થઈ, તેમ પ્રિયવ્રતના કામે વંશરૂપતા પ્રાપ્ત કરતાં ભગવદ્રૂપ - તે વંશ થયો. તેમાં ત્રીજી પેઢીએ પ્રભુ પ્રકટ થયા. પોતાના વંશને સર્વ પુરુષાર્થ મળે તે માટે નાભિએ પ્રભુને પુત્ર રૂપે ઈચ્છેલા. પ્રભુ પુત્ર રૂપે પ્રકટ થયા.

અધ્યાય : ૪

નાભિના પુત્ર ઋષભદેવજી સ્વયં મેઘ રૂપ થઈને સર્વત્ર યથાયોગ્ય વરસ્યા :
ઈન્દ્ર-કન્યા જયંતી દ્વારા સો પુત્રો થયા : ઋષભદેવની સુખી પ્રજાને કોઈ કામના ન હતી :

"ऋषभ" - એટલે શ્રેષ્ઠ. "ऋष्"- ગતિ-જ્ઞાન અને "भा"- તેજઃ, દીપ્તિ. બંને મળીને થાય - "ऋषभ."તેમણે પરમહંસગતિ પ્રકટ કરી, ઉપદેશ દઈ, જ્ઞાન-પ્રકાશે સૌને ઉજ્જ્વલ કર્યા. પ્રજાને સર્વથા સુખી કરી. સ્પર્ધામાં ઈન્દ્રનું અભિમાન ઉતાર્યું. શ્રેષ્ઠતા સિદ્ધ કરી. ઋષભપણું પ્રકટ કર્યું ! નાભિએ શ્રેષ્ઠતા સમજી "ऋषभ"- નામ આપ્યું.

ઋષભદેવના સમયમાં ભગવાન્ સુયજ્ઞ ઈન્દ્ર રૂપે હતા. તેમાં ક્રિયાશક્તિ પ્રકટ હતી. જ્ઞાનશક્તિ પ્રકટ ન હતી. ઈન્દ્રપણું સ્વીકારતાં તેમણે ઈન્દ્રના ગુણો પણ સ્વીકાર્યા, તેથી સ્વાભાવિક રીતે સ્પર્ધા કરી ! નિવૃત્તિમાર્ગ પ્રકટ કરવા પધારેલા ઋષભદેવજી, પ્રવૃત્તિમાર્ગ સ્વીકારે તો, પોતાની કન્યા તેમને પરણાવાય. તે પરીક્ષા માટે પ્રસંગ યોજ્યો. તેમનો પ્રજાપ્રેમ જોવા ઈન્દ્રે વરસાદ ન વરસાવ્યો. લોકો પીડાયા. ઋષભે કૃપા કરી. ઈન્દ્રનાં વાદળોની પરવા વિના પોતે જ મેઘ રૂપ થયા. અદ્ભુત, અનુકૂલ વૃષ્ટિ કરી. જે ખેતરમાં, જે વખતે, જેટલો જોઈએ તેવો વરસાદ થયો ! અલૌકિક આ સામર્થ્યે ઈન્દ્ર પ્રસન્ન થયો. પોતાની કન્યા સ્વીકારવા પ્રાર્થના કરી. ઋષભ જયંતી સાથે વર્યા. વિજ્ઞાનદષ્ટિએ વિચારતાં, ઈચ્છે તે રીતે વરસાદ વરસાવવાની શોધ, ઋષભદેવે કરી, જેથી સર્વત્ર જોઈતો જ વરસાદ વરસે !

સમર્થ પુત્રને રાજ્ય દઈ, નાભિએ મેરુદેવી સાથે વાનપ્રસ્થાશ્રમ સ્વીકાર્યો. બદરિકાશ્રમ ગયા. નરનારાયણનું આરાધન કર્યું, મુક્તિ મેળવી. "को नु तत्कर्म....."- માં શ્રીશુકે લોકવાક્યનો અનુવાદ કર્યો છે, - "નાભિના શુદ્ધ-કર્મથી પ્રભુ તેના પુત્ર થયા !" સંસારી-સામાન્ય લોકો શાસ્ત્ર સાંભળે, પણ સમજે નહિ. તેમનામાં બાહ્યદષ્ટિ જ મુખ્ય રહે. સંસારપરાયણમાં સ્નેહ અને શ્રદ્ધા વિનાની માત્ર બાહ્યભક્તિ હોય, તેથી જ્ઞાન ન થાય, વૈરાગ્ય ન થાય, તેથી આ સામાન્ય લોકવાક્ય છે.

ઋષભદેવને સો પુત્રો થયા. તેમનો વંશ કામરૂપ છે. કામ સો પ્રકારનો, તેથી સો પુત્ર! એકવિધ મુક્તિ, ભોગ નવ પ્રકારનો (ગુણોથી), સાધનભક્તિ નવ, કર્મ અને કર્તા નવ નવ પ્રકારના હોવાથી કર્મફલ ૮૧ પ્રકારનાં, મુક્તિ, ભોગ, ભક્તિ અને કર્મનાં ફલનો ભેદ, - કુલ ૧૦૦, તેથી પુત્ર ૧૦૦! તેમાં, એક ભરત મુક્તિયોગ્ય, પછી ૯ રાજ્યયોગ, પછી ૯ યોગેશ્વર-ભક્ત, પછી ૮૧ કર્મપરાયણ થયા.

પ્રિયવ્રતને મોક્ષ, આગ્નિધ્રને કામ અને નાભિને ભક્તિમાં પ્રીતિ હતી. ઋષભે ધર્મનું સ્થાપન કર્યું. સર્વ પુરુષાર્થ સિદ્ધ થયા. અહીં, અર્થને બદલે ભક્તિ સર્વ સુખ દેનારી છે. ઋષભના રાજ્યમાં પ્રજાને કોઈ કામના ન હતી! - "न कश्चनपुरुषो वाञ्छति ।"બધું ઋષભદેવજીની કૃપાથી ઉપલબ્ધ હતું. સ્વતંત્રભક્તિની તો અનુભવ વગર અપેક્ષા જ ન થાય!

એક વખત બ્રહ્માવર્તમાં બ્રહ્મર્ષિઓની સભામાં પ્રજાજનોના સાંભળતાં પોતાના પુત્રોને ઋષભદેવે ઉપદેશ આપ્યો. વિનય-સ્નેહ-શિક્ષણ-સંપન્ન પુત્રો હતા, છતાં પિતૃવાત્સલ્યે જીવનધર્મ વાણીમાં વણાયો.

અધ્યાય : ૫

વત્સલ ઋષભદેવજીનો પુત્રોને ઉપદેશ : દેહ ભોગ માટે નથી, ભગવાન્ માટે છે : દિવ્યતપઃનું ફલ બ્રહ્મસુખ છે :

પરમહંસધર્મ સ્વીકારતાં પહેલાં, ઘર છોડીને જતાં પહેલાં, ધર્મનિષ્ઠ વત્સલપિતા પુત્રોને માત્ર દેશ નહિ, પણ ઉપદેશ દેતા હતા! મિલકત તો મૂર્ખ પણ આપે. સદ્‌વિદ્યા, સંસ્કાર, શીલ, સન્નિષ્ઠા, સેવા, સદાચારની મોંઘી મૂડી દીકરાને દઈ જનાર પિતા, સાચો રક્ષક અને પોષક પિતા છે! અંતિમ-ઉપદેશ ઉત્કૃષ્ટ અધિકાર સમજાવે છે.

શ્રીવલ્લભાચાર્યજીએ પણ કાશીમાં પોતાના પુત્રોને અદ્‌ભુત અંતિમ-આદેશ આપ્યો છે,–

यदा बहिर्मुखा यूयं भविष्यथ कथञ्चन ।
तदा कालप्रवाहस्था देहचित्तादयोऽप्युत ॥
सर्वथा भक्षयिष्यन्ति युष्मानिति मतिर्मम ।
न लौकिकः प्रभुः कृष्णः मनुते नैव लौकिकम् ॥
भावस्तत्राप्यस्मदीयः सर्वस्वश्चैहिकश्च सः ।
परलोकश्च तेनायं सर्वभावेन सर्वथा ॥
सेव्यः स एव गोपीशो विधास्यत्यखिलं हि नः ॥

"જ્યારે તમે (ભગવાનને ભૂલતાં, તન અને મનની પ્રવૃત્તિ અને વૃત્તિ મુખ્યત્વે ભગવાનના સંબંધ વગરની-બહારની-થતાં) કોઈ રીતે બહિર્મુખ થશો, ત્યારે કાલપ્રવાહમાં રહેલા દેહ-ચિત્ત વગેરે તમારું સર્વથા ભક્ષણ કરી જશે,- તેમ મારું માનવું છે. ભગવાન્ શ્રીકૃષ્ણ લૌકિક શેઠ જેવા નથી. લૌકિકને તે માનતા નથી. (લૌકિક રીતે પ્રસન્ન થતા નથી.) આપણું સર્વસ્વ આ લોક-પરલોક સંબંધી

સઘળું ભગવાન્ જ છે. સર્વ ભાવથી ગોપીશ ભગવાન્ શ્રીકૃષ્ણની જ સેવા સર્વથા કરવી જોઈએ. તે આપણું સઘળું (કાર્ય) કરશે."

સુયોગ્ય પુત્રો ભોગાસક્ત ન બને માટે ઋષભદેવ શરીરનો સદુપયોગ સમજાવે છે:

नायं देहो देहभाजां नृलोके कष्टान् कामानर्हते विड्भुजां ये ।
तपो दिव्यं पुत्रका येन सत्त्वं शुद्धयेद्यस्माद् ब्रह्मसौख्यं त्वनन्तम् ॥ (१)

શરીર સૌને પ્રિય લાગે, સૌ તેનું પોષણ કરે, શરીરનાં સુખ અને સગવડ સંભાળે. યોગને બદલે ભોગમાં રત બની રોગગ્રસ્ત બને છે ! શ્લોકમાં "देह"- શબ્દ છે. "दिह उपचये"- રોજ વય અને વપુ વધતાં જાય. તન સાથે મનમાં વાસનાના વિકારો વધતા જાય, વિષયભોગ વધે, ધન તેમાં વેડફાય. પશુ જેવા પામર સુખાભાસમાં વય, વિત્ત અને વપુ વેડફાય. આહાર, આરામ, ભય અને વિહાર એ ચારમાં સમય જાય તે તો પશુજીવન છે. સમજ વગર પશુદેહ તો વેડફાય, પણ પોતાને સમજુ ગણાવનાર સંસારી પણ જીવન વેડફે જ છે ! માનવશરીર વેડફવા યોગ્ય નથી. - "नायं देहो... अर्हते ॥" સ્વાભાવિક મળતાં યોગ્ય સુખ શરીર ભલે માણે, પણ "कष्टान् कामान्"- ભોગ માટે ભટકવું પડે, મેળવવા માટે મથવું પડે, તેવાં લોકસુખ પાછળ આથડવાનું અયોગ્ય છે.

ઈચ્છાઓ પાછળ આથડવા માટે માનવદેહ યોગ્ય નથી. માનવદેહ મળ્યા પછી, ભવસાગર તરે નહિ તેને તો આત્મઘાતી ગણ્યા છે ! માનવશરીર સેવાને સાનુકૂલ છે, સાથે સમજ પણ છે. કલ્યાણ માટે કાયાને કસવાનું તપઃ માનવ કરે. અંતઃકરણની શુદ્ધિ થાય તેમ પ્રયત્નપરાયણ બને. "तपो दिव्यं पुत्रका येन सत्त्वं शुद्धचेत् ।"- જેનાથી સત્ત્વશુદ્ધિ થાય તેને દિવ્ય-તપઃ ગણ્યું છે. "आहारशुद्धौ सत्त्वशुद्धिः ।"- શ્રુતિ કહે છે. દેહ આહારથી પોષાય. આહારની શુદ્ધિથી સત્ત્વશુદ્ધિ થાય. સત્ત્વશુદ્ધિથી ધ્રુવ સ્મૃતિ થાય, પ્રભુસ્મરણની સાનુકૂલતા મળે, વિસ્મરણ ન થાય. "असमर्पितवस्तूनां तस्माद् वर्जनमाचरेत् ।"- શ્રીમહાપ્રભુજીએ સરલ ઉપાય બતાવ્યો. પ્રભુની પ્રસાદી ન હોય તે વસ્તુઓનો ત્યાગ કરો, તેના વિના ચલાવી લો ! ત્યાગમાં પણ તપઃ છે. માત્ર ખાદ્ય કે પેય જ નહિ, પણ જીવનોપયોગી સર્વ વસ્તુઓ પ્રસાદી જોઈએ ! પ્રભુને ધરવાથી પ્રસાદી હોવું તે મુખ્ય છે, પ્રસાદી પધરાવીને પ્રસાદી બનાવી લેવું તે ગૌણ છે. ખાવાપીવામાં તો ખૂબ સાવધ રહેવું. સાત્ત્વિક, શુદ્ધ, સાદું, પવિત્ર, અલ્પ ભોજન લેવું. ભજન પ્રભુનું કરવું. જેવું અન્ન ખાઈએ તેવું મન બને. સઘળા સંતાપને સંતોષથી સહન કરવા તે પણ તપઃ છે. કામ-ક્રોધાદિને જીતવા તે પણ તપઃ છે. સંયમ પણ તપઃ છે. આલોચન પણ તપઃ છે.

ઋષભદેવજીનો આશય પુત્રોને અહંકાર ન થાય માટે સાધનનો ઉપદેશ દેવાનો છે. અહંતા-મમતાનો ત્યાગ જ્ઞાનમાં જરૂરી છે. ઋષભદેવજી સાંખ્યાનુકૂલ ઉપદેશ દે છે,-સાંખ્ય-સંન્યાસ કહે છે. સાંખ્ય અને યોગમાં અભેદ હોવાથી પોતે યોગ આચર્યો છે. કલ્યાણ-કામનાવાળાએ વિષયત્યાગ સર્વથા કરવો જોઈએ. અહંતા- મમતા અને વિષયનો ત્યાગ પણ દિવ્ય-તપઃ છે. - "यस्मात् ब्रह्मसौख्यं त्वनन्तम् ।" "तु"- અન્ય-સુખનો નિષેધ કરે છે. દિવ્ય-તપઃનું ફલ બ્રહ્મસૌખ્ય છે. બ્રહ્મસુખ મુક્તિમાં મળે. સાંખ્યમતે અહંતા-મમતા-નાશ થતાં, સ્વરૂપસ્થ જીવ થાય, તે કૃતાર્થતા રૂપ મુક્તિ છે.

મહાપુરુષોની સેવા મુક્તિનું દ્વાર છે : મહાપુરુષનાં પાંચ લક્ષણો :

મહત્પુરુષોની સેવા મુક્તિનું દ્વાર છે. કપિલે પણ સાધુસંગને મોક્ષનો ખુલ્લો દરવાજો કહ્યો છે. સત્સંગ શરીર છે, સેવા તેના પ્રાણ છે. સંતસેવા સિવાય સત્સંગ ફલતો નથી. ગીતામાં પણ પ્રણિપાત, પરિપ્રશ્ન અને સેવા, જ્ઞાન માટે જરૂરી ગણ્યાં છે. અહીં મહત્પુરુષનાં પાંચ લક્ષણ કહ્યાં :

૧. "समचित्ताः"– સર્વ પ્રત્યે સમાન ચિત્તવાળા, દુ:ખાદિ દ્વંદ્વોમાં સમભાવવાળા.
૨. "प्रशान्ताः"– નિત્ય શાન્ત-પ્રસન્ન-વ્યગ્રતા વગરના.
૩. "विमन्यवः"– ક્રોધ કે બળતરા વગરના.
૪. "सुहृदः"– સર્વનું હિત કરનાર.
૫. "साधवः"– સદાચાર અને સદ્વિચારવાળા.

પ્રભુમાં પ્રીતિ કરે તેને અન્યત્ર આસક્તિ ન રહે. પ્રભુમાં પ્રીતિ ન થાય ત્યાં સુધી દેહબંધન (જન્મમરણ)માંથી છૂટાય નહિ. અહંતા અને મમતાથી હૃદયમાં ગાંઠો બંધાય છે. તેમાં સ્ત્રી-પુરુષ એવી એક ગાંઠ, વંશ બીજી, ઘર ત્રીજી, ક્ષેત્ર ચોથી, પુત્ર પાંચમી, આપ્તજન છઠ્ઠી અને દ્રવ્ય સાતમી ગાંઠ છે. આ બધી ગાંઠો છૂટતાં મુક્ત થવાય. ગુણગાન પ્રભુનાં કરવાં. નિ:સંગ થવું. સંતાન કે શિષ્યને સંસારનાં કર્મમાં પ્રેરવાં નહિ.

મૃત્યુમાંથી છોડાવે નહિ તે સાચો સ્વજન નહિ : ઋષભદેવજીનો પરમહંસધર્મ : તેમના મલમાંથી પણ સુગંધ :

गुरुर्न स स्यात्स्वजनो न स स्यात् पिता न स स्याज्जननी न सा स्यात् ।
दैवं न तत्स्यान्न पतिश्च स स्यान्न मोचयेद्यः समुपेतमृत्युम् ॥ (૧૮)

મૃત્યુનો ભય, પ્રમાદ કે ભગવદ્વિસ્મૃતિ દૂર કરી ન શકે, – તે ગુરુ નથી. દીક્ષા-શિક્ષા દઈને ભય, પ્રમાદ અને વિમુખતા દૂર કરવાં, – તે ગુરુનું કર્તવ્ય છે. સત્સંગ દ્વારા શ્રીહરિમાં સ્નેહ ન કરાવે, – તે સ્વજન નથી. સંતાનને સ્વધર્મનિષ્ઠ ન બનાવે, – તે માબાપ નથી. ભજનારના ભોગ છોડાવે નહિ, – તે દૈવ નહિ. વિલાસના વિનાશમાંથી બચાવે નહિ, – તે પતિ નહિ. પ્રભુમાં પ્રીતિ કરાવે તે સાચાં સ્વજન, બાકીનાં તો મજબૂત સંસાર બંધન દેનારાં સંબંધી ! ભગવાનનાં રૂપ અને નામના સેવનથી સઘળા ભયમાંથી અભય મળે. તન, મન અને ધનથી સેવા થાય. મન, વાણી અને દેહનો સતત ઉપયોગ પ્રભુકાર્યમાં થાય. "देहे ह्यनुगुणे कृष्णे नेन्द्रियाणां प्रियं चरेत् ।"– દેહ અને દેવ (કૃષ્ણ) અનુકૂલ હોય તો ઈન્દ્રિય-ભોગ ન ભોગવવા, સેવા કરીને કૃતાર્થ થવું, તે વિના મોહપાશ કે મૃત્યુપાશમાંથી છુટાય નહિ.

સ્વજનને સન્માર્ગ સમજાવી ઋષભદેવજી પરમહંસ-ધર્મ સ્વીકારીને પધાર્યા. પરમ ભાગવત, ભક્તપરાયણ ભરતને રાજ્ય દીધું.

દિગંબર દશામાં, મૌન રાખી, જડવત્ સૌના તિરસ્કારને સહન કરતા, એકાકી ઋષભદેવ પરિભ્રમણ કરતા હતા. અતિસુકુમાર શરીર હતું. અજગરવ્રત – મળે તેમાં સંતોષ – રાખતા. લૌકિક-લાભની લાલચે આવે. તેમને અટકાવવા શરીરે મલ લગાડયો. સાચા સિદ્ધો એકાકી રહે, ટોળાં

જમાવે નહિ. લોકસંગ-લોકાપેક્ષા વધારે, તે સન્માર્ગેથી સંસારમાર્ગે ઘસડી જાય, ઝાઝી કીડીઓ સાપને તાણે તેમ ! સૌ લોકો સંત-સાધુનું સેવન માત્ર નિષ્કપટભાવે ભગવાનને ભજવા નથી કરતા. લોકલાલચે ભગવાનને ભજનારને ક્લેશ મળે. ભગવાન્ લૌકિક આપે નહિ અને પોતે મળે નહિ, છતાં ક્લેશમાં પણ કૃષ્ણને ભજ્યા કરે તો, ભગવાન્ તેની લોકલાલસા દૂર કરી દે !

ઋષભદેવના મલમાંથી પણ સુગંધ નીકળતો ! દશ યોજન સુધી ફેલાતો. નિર્મલ, યોગસિદ્ધ પુરુષનો મલ પણ સુગંધી હોય. આ સિદ્ધનું લક્ષણ છે. સઘળી સિદ્ધિ સન્નિધિમાં આવવા છતાં, ઋષભદેવજીએ તેની સ્પૃહા પણ ન કરી ! સિદ્ધિ કૈવલ્યપ્રાપ્તિમાં વિઘ્નરૂપ બને છે.

અધ્યાય : ૬

મુખમાં પથ્થર મૂકીને વાદ-સ્વાદનો ત્યાગ સૂચવતા પરમહંસ ઋષભદેવના આનંદમય શરીરનું તિરોધાન : મર્યાદામાર્ગનાં પ્રભુ મુક્તિ દે, પણ ભક્તિ ન દે :

પરિભ્રમણપરાયણ ઋષભદેવજી દક્ષિણમાં આવ્યા. "आस्यकृताश्मकवलः ।"- કુટકાચલના ઉપવનમાં યોગેશ્વર મુખમાં પથ્થર મૂકીને ફરતા ! ભોગનો આરંભ ભોજનથી થાય. મુખ તેમાં મુખ્ય ભાગ ભજવે છે. ભોજનથી બધી ઈન્દ્રિયોને બલ મળે, વિષય-વિકાર વધે. તેને અટકાવવાનો ઉપાય ઉપવાસ - ભોગત્યાગ ! ભોગથી પુષ્ટ ઈન્દ્રિયો દુષ્ટ જ બને.

યોગાચરણ શિખવતા ઋષભદેવજી દેહત્યાગ દર્શાવવા દવાગ્નિમાં પધાર્યા, દેહમાત્રનો પ્રવેશ થયો ! આનંદમય દેહ અગ્નિથી આવૃત્ત થઈને તિરોહિત થયો. દક્ષિણનો રાજા અર્હન્ આ ધર્મરહસ્ય ન જાણી શક્યો, માત્ર આભાસને અનુસર્યો.

ઋષભચરિતના શ્રોતા, વક્તાને ભક્તિ મળે. "भगवदीयत्वेन परिसमाप्तसर्वार्थाः ।"-ભક્તિ-રસાપ્લાવિત-ભક્તો ભગવદીયપણાથી જ કૃતાર્થ થઈ જાય છે. મોક્ષની પણ અપેક્ષા કરતા નથી; પણ "मुक्तिं ददाति कर्हिंचित् स्म न भक्तियोगम् ।"- મર્યાદામાર્ગમાં ભગવાનને ભક્તો માટે ઘણો પરિશ્રમ કરવો પડે છે, તેથી મુક્તિ આપે છે, પણ ભક્તિ આપતા નથી !

ભક્તો પર અતિપ્રસન્ન ઋષભદેવને પણ પરિશ્રમ કરવો પડ્યો, છતાં કરુણા કરી, અભય આપ્યું. "नमो भगवते ऋषभाय तस्मै ।"- શ્રીશુકે પણ વંદન કર્યાં ! ઋષભ, મોહિની, મત્સ્ય અને કૃષ્ણચરિતમાં શ્રીશુકનાં વંદન દેખાય છે.

અધ્યાય : ૭

મહાભાગવત ભરતજી ભક્તિનિષ્ઠ થઈ, જ્યાં ભગવાન્ નિત્ય પ્રકટ વિરાજે છે, - તે પુલહાશ્રમમાં ભગવાનને ભજે છે :

યોગથી સ્વરૂપસ્થિતિ ભરતજીના ચરિતથી આઠ અધ્યાયોમાં કહી છે. યોગનાં અંગ આઠ, તેથી અધ્યાય આઠ. મન અતિશય ચંચલ છે. સઘળાં સાધન કરવા છતાં યોગ વિના મન સ્થિર કરવું કઠિન છે. ભરતજી પ્રજાપાલક નૃપતિ, જ્ઞાની, નિષ્કામ-યજ્ઞકર્તા, વીતરાગ, શુદ્ધ, મર્યાદાભક્ત અને ત્યાગનિષ્ઠ છે.

"भरतस्तु महाभागवतो....।" – "तु" - ભિન્નતા બતાવે છે. ઋષભદેવ-ભગવાન્ ! અને ભરત- મહાભાગવત ! ઋષભદેવના સમયનો દેશ અજનાભખંડ, ભરતના મંગલ-શાસને ભરત-ખંડ કહેવાયો ! પિતૃઋણ ચૂકવવા વિશ્વરૂપનાં પુત્રી પઞ્ચજનીને ભરત પરણ્યા. પાંચ સ્વસમાન પુત્ર થયા. પ્રજાવત્સલ, જ્ઞાની, ધર્મનિષ્ઠ રાજા ભરતજીએ અનેક યજ્ઞો કર્યા. જ્ઞાનથી ઋષિઋણ અને યજ્ઞથી દેવઋણ ચૂકવ્યાં. યજ્ઞાદિ-કર્મનાં ફલ- "અપૂર્વ" - ભગવાન્ વાસુદેવને સમર્પણ કર્યાં. કર્મ સમાપ્ત થતાં અન્ય સમયે ફલ આપવાની ઉત્પન્ન થતી શક્તિ, - "અપૂર્વ" કહેવાય છે. કર્મસમાપ્તિસમયે થતું સૂક્ષ્મફલ "અદષ્ટ" ! તે પૂર્વમીમાંસકોનો મત છે. ભગવાનમાં ફલભાવનાથી સત્ત્વશુદ્ધિ થઈ. ભરતજીની ભક્તિ હૃદયમાં પ્રકાશતા પ્રભુમાં નિત્ય વધતી જતી. ભરતે અનેક વર્ષો રાજ્ય કર્યું, પ્રારબ્ધભોગ કર્યો. પુત્રોને રાજ્ય દીધું. પોતે ભક્તિનિષ્ઠ બન્યા. પુલહાશ્રમમાં પધાર્યા. જ્યાં પ્રભુ આજે પણ પ્રેમથી નિજજનોને દર્શન દે છે, નિત્ય વિરાજે છે !

यत्र ह वाव भगवान् हरिरद्यापि तत्रत्यानां निजजनानां वात्सल्येन सन्निधाप्यत इच्छारूपेण ॥ (९)

એકાકી અને શુદ્ધ રહેતા ભરતજીનો ભદ્રભાવ ભગવાનમાં હતો. પ્રેમપરિપ્લુતદશામાં સેવાના ક્રમનું પણ સંધાન ન રહેતું ! દેહ-ગેહનું ભાન ભુલાઈ જતું. સૂર્યમંડલસ્થ ભગવાનને ગાયત્રીમંત્રના અર્થ જેવા ઉપસ્થાનથી સ્તવતા.

परोरजः सवितुर्जातवेदो देवस्य भर्गो मनसेदं जजान ।
सुरेतसादः पुनराविश्य चष्टे हंसं गृध्राणं नृषद्रिङ्गिरामिमः ॥ (१४)

"मनसा" - સંકલ્પમાત્રથી, "इदं"- આ વિશ્વને, "जजान"- (જેણે) જન્મ આપ્યો-સર્જ્યું, "सुरेतसा"- (પોતાની) ચૈતન્યશક્તિથી, "अदः"- આ જગતમાં, "पुनः"- ફરીથી, "आविश्य" - (અંતર્યામી-રૂપે) પ્રવેશ કરીને, "गृध्राणं"- (નિત્ય કે ક્ષણિક) સુખની ઈચ્છા કરતા, "हंसं"- જીવને, "विचष्टे"- (સાક્ષી રૂપે) નિહાળે છે. "नृषद्रिङ्गिरां–नृषु प्राणिषु सीदन्ति उपाधितया तिष्ठन्तीति नृषदो बुद्धीन्द्रियप्राणादयस्तेषां रिङ्गिं गतिं राति ददातीति ।"- પ્રાણીઓમાં રહેલાં બુદ્ધિ, ઈન્દ્રિય, પ્રાણ વગેરેને ગતિશીલ કરતા (પ્રેરક), "परोरजः"- રજઃથી પર, શુદ્ધ (પ્રકૃતિના નિયામક), "देवस्य"- લીલારત, પ્રકાશપૂર્ણ, "सवितुः"- જગત્પ્રસવ-કર્તા ભગવાનના, "भर्गः"- (અવિદ્યા દૂર કરનાર) તેજઃને, "इमः"- શરણે જઈએ છીએ.

અધ્યાય : ૮

દૈવીજીવ ભરતજીએ હરિણબાલક પર દયા કરી, હરિણ આવ્યું, હરિ ગયા ! : હરિણ થયા, છતાં ભક્તિથી ભાન રહ્યું, પુલહાશ્રમમાં મૃગશરીર છોડ્યું :

ભગવાનને સ્તવતા ભરતજીની ચંચલતા ગઈ ન હતી ! "चञ्चलं हि मनः कृष्ण...।"- ગીતામાં અર્જુને પણ અકળામણ કહી છે. મન ચંચલ છે, પવન જેવું છે, ભટકતું અટકાવવું અઘરું છે. અભ્યાસ અને વૈરાગ્ય બે ઉપાયો મનને સ્થિર કરવાના છે. પ્રેમપ્રવાહ-પુનિત મનને પણ પ્રેમપ્રવાહમાં સ્થિર રાખવાનો અભ્યાસ જોઈએ. મન અન્યત્ર આથડે નહિ, તે માટે આસક્તિના અભાવ રૂપ વૈરાગ્ય

જોઈએ. કોઈનું કલ્યાણ કરવા જતાં, દયાથી પરમાર્થ કરવા જતાં, નિર્લેપ ન રહેવાય તો, આસક્તિ અવરોધક બને. દયા ભગવાન્ અને ભક્તમાં સ્વભાવિકપણે હોય છે. નિર્દયતા આસુરભાવ છે, દયા દૈવીજીવનું લક્ષણ છે ! દયા કરતાં ભગવાનની યાદ ભુલાય તો, ભવમાં ભૂલા પડાય ! ભગવદ્ભક્ત ભરતજી દયા કરવા જતાં ભગવાનને ભૂલ્યા. ભવમાં ભૂલા પડ્યા !

એક દિવસ વહેલી સવારમાં ભરતજી પ્રાતઃકર્મ કરતા હતા. ત્રણ મુહૂર્ત જલમાં થયાં. ત્યાં તરસી એક હરિણી આવી. સિંહગર્જનાથી ગભરાઈ. કૂદવા જતાં ઉદરમાંનું બચ્ચું પાણીમાં પડ્યું. હરિણી મરણ પામી. શરણ વગરનું ઘસડાતું હરિણ હરિસ્મરણ કરતા ભરતજીએ જોયું. તેના દુઃખે દિલ દુભાયું. દયાથી દ્રવ્યું. દોડ્યા. બાલહરણને પકડયું. વહાલ કર્યું. સ્મરણ ભગવાનનું છૂટ્યું. હરિણ આવ્યું. હરિ ગયા !

नूनं ह्यार्याः साधव उपशमशीलाः कृपणसुहृद एवंविधार्थे स्वार्थानपि गुरुतरानुपेक्षन्ते ॥ (१०)

સાધુજનો સ્વલ્પ પણ પરમાર્થ માટે, અનલ્પ સ્વાર્થની પણ ઉપેક્ષા કરે છે ! ભરતજીએ હરણને શરણ દીધું. સ્મરણ સદૈવ તેનું રહ્યું. તેમાં ઓતપ્રોત થઈ ગયા. આસક્તિની અવધિ આવી. કાલ, કર્મ, સ્વભાવે, પ્રભાવ બતાવ્યો. નિભાવ હરણનો ભરત કરવા લાગ્યા. ભાવ હરિને બદલે હરિણમાં વળી ગયો ! અંતકાલ આવ્યો. હરિમાંથી ચલિત થયેલું ચંચલ મન, હરિણમાં આસક્તિથી અચલ થયું ! પ્રબલ પ્રારબ્ધભોગે ભરતજીને હરણદેહ મળ્યો. આઘાત વિના આસક્તિ છૂટવી કઠિન છે. અલ્પ પણ અન્યાસક્તિ હોય તો, પ્રભુભક્તિ દુર્લભ છે !

હરણ થવા છતાં પૂર્વજન્મની સ્મૃતિ રહી. ભૂલનું ભાન રહ્યું. ભગવદ્ભક્તિ ક્યારેય વ્યર્થ ન જાય. અંતર સંતાપમાં તપવા માંડ્યું. પશ્ચાત્તાપ અને પ્રભુસ્મરણ પ્રાણીમાત્રને પાવન કરે. સાવધ ભરત પુનઃ ભૂલ ન થાય, આસક્તિની આગ ન લાગે, માટે એકાકી રહ્યા. વેદના વાણીમાં વ્યક્ત થતી ન હતી, આંખમાં ઊભરાતી હતી ! અંતકાલ અને કૃપાકાલની પ્રતીક્ષા કરતા રહ્યા ! સૌનો સાથ અને કાલંજર પર્વત છોડી, અંતે પુનઃ પુલહાશ્રમમાં આવ્યા. તીર્થજલમાં નારાયણસ્મરણ કરતાં મૃગશરીર છોડ્યું.

અધ્યાય : ૯

બ્રાહ્મણકુલમાં જન્મેલા ભરતજી પૂર્વસ્મરણથી પોતાની મસ્તીમાં રહેતા; આ મહાપુરુષનું અનિષ્ટ કરવા જતાં ભીલ્લને ભદ્રકાલીએ માર્યો, ભરતજીને સાધનભક્તિથી વૈરાગ્ય દેતું જ્ઞાન થયું :

"अथ" - શબ્દથી સાધુપુરુષનાં સંતાપ-સંતપ્ત-જીવનની મંગલકથા આરંભી ! સામાન્ય માનવ ભૂલના ભોગે ભાંગી પડે, - માટીના ઢેફા જેવા ! સંતો ભૂલનો ભોગ બનવા છતાં, ભગવાનને ન ભૂલે, ભોગ છોડી યોગ સાધે, અધઃપતનને ઊર્ધ્વગમનમાં ફેરવી નાખે, - રબ્બરના દડા જેવા ! પડે છતાં, પુન ઊંચે જ ઊછળે !

રાજર્ષિ ભરત હરણ થયા. છૂટવા મથ્યા. પુનઃ બ્રાહ્મણપુત્ર થયા. નવ ભાઈ હતા. છેલ્લે, બહેન સાથે ભરત જન્મ્યા. પૂર્વજન્મનું જ્ઞાન ભક્તિના પ્રભાવથી હતું. "स्वजनसंगाच्च भृशमुद्विजमानः ।"

- સ્વજનસંગ પણ ઉદ્વેગ દેનારો - અકળાવનારો છે ! ફરી ક્યાંક સંગનો રંગ લાગે તો ? જીવનજંગ હારી જવાય તો ? મનમાં પ્રભુનાં ચરણકમલનું સ્મરણ અને શરણ કરતા રહ્યા.

શમ, દમ, તપ:, સ્વાધ્યાય, અધ્યયન, ત્યાગ, સંતોષ, તિતિક્ષા, વિનય, વિદ્યા, અનસૂયા, આત્મજ્ઞાન- બ્રાહ્મણના આ બાર ગુણો છે; પણ ભક્તિ વિના સઘળા ભાર રૂપ બને, - શોભે નહિ ! ભક્તિ માતા રૂપે સૌનું પોષણ કરે છે. ભરતજીના આ આંગીરસકુલમાં - "आनन्द" હતો. આનન્દ એટલે ભગવાન્ ! ભગવાન્ ભક્તિથી મળે. ભક્તિ વિનાનો આનંદ માત્ર આભાસ રૂપ છે ! ભક્તિ સઘળાં કર્મબંધનમાંથી છોડાવે. ભરતજી જડ-મૂક-બધિરની જેમ જીવતા. પિતાએ સંસ્કાર દેવા પ્રયત્નો કર્યા. સઘળા નિષ્ફળ ગયા. જીવન પૂરું થયું. પિતા સાથે માતાએ સહગમન કર્યું. સંસારરત વ્યવહારનિપુણને સંતોના વ્યવહાર સમજાય નહિ. સંતો અપેક્ષા વગરના હોય. સમાજ તેમની ઉપેક્ષા પણ કરે, છતાં સંતો તો પોતાની મસ્તીમાં મસ્ત રહે !

ભાઈઓએ ભરતને ખેતરમાં કામ દીધું. "द्विपदपशुभिः"- બે પગાં પશુને પ્રભુ અને ભક્ત ઓળખાય ક્યાંથી ? લોકો ભરતજીને ગાંડો-જડ-ગણતા, કહેતા ! જે કાંઈ વગર માગ્યે મળી આવે ! તેને અમૃત માનીને ભરત દેહ ટકાવતા, સ્વાદ માટે જમતા ન હતા. વગર માગ્યું મળે તે,- અમૃત ! છતાં તેમાં પણ ઈન્દ્રિયોની આસક્તિ ન થવી જોઈએ. સ્વાદ અને વાદ - સમય, શરીર, શક્તિ અને સંપત્તિને બરબાદ કરે. સ્વાદ અને વાદ છોડતાં જીવન આબાદ બને. ભોજનમાં કોઈ વખત સ્વાદ લાગે તો, ભરત ભજનનો સ્વાદ સ્મરતા. ભોજન કાચું હોય તો, પોતાના કાચા ભજનનું દુ:ખ કરતા !

કોઈ એક વખત, ભદ્રકાલીના મંદિરમાં આ ભદ્રપુરુષ બલિ બનીને પહોંચ્યા ! બલિદાન દેવાનું હતું. ભીલ્લ લોકો પકડી ગયા. અનેકના ઉદ્ધાર માટે ઉદાર સંતો સંતાપ સહન કરે છે. ભદ્ર-ભરતનું બ્રહ્મતેજ: અને વૈષ્ણવતેજ: અસહ્ય થયું ! ભદ્રકાલીએ ભીષણરૂપે દુષ્ટોનો વધ કર્યો. "एवमेव खलु महदभिचारातिक्रमः कात्स्न्र्येन आत्मने फलति"- મહાપુરુષોનું અનિષ્ટ કે અવજ્ઞા કરવા જનારનું પોતાનું જ અનિષ્ટ કે અવજ્ઞા થાય છે. ભગવાનનાં ચરણના શરણે રહેનારને નિત્ય અભય મળે છે.

ભરતે મુક્તિમાં ઉપયોગી જ્ઞાનના સાધન રૂપે ભક્તિ કરી છે, તેથી તરત ફલ નથી થયું. મર્યાદાનુસાર બ્રાહ્મણ થતાં મોક્ષ મળ્યો. - "उपासीनस्तत्पदवीं लेभे वै जन्मभिस्त्रिभिः ।"- અગિયારમા સ્કન્ધમાં તેની મુક્તિ કહી છે.

બ્રાહ્મણજન્મમાં, ભરતે પૂર્વજન્મના અનુભવથી મનની સ્થિરતા રૂપ યોગ માટે પ્રયત્ન કર્યો. સાધનરૂપ ભક્તિથી મન તરત સ્થિર ન થાય. સ્વતંત્રભક્તિ (ફલની કોઈ આશા વગરની ભક્તિ)થી મન સહજપણે સ્થિર થાય. ભરતને સાધનભક્તિથી સંસારમાં વૈરાગ્ય દેતું જ્ઞાન થયું. કલ્પવૃક્ષ જેવી ભક્તિ છે. જેવું ઈચ્છે તેવૂં તેને મળે. ઈચ્છા અધિકારાનુસાર ઉદ્ભવે. અધિકાર ભગવદિચ્છા પર અવલંબે છે !

અધ્યાય : ૧૦

પાલખી ઉપાડતા, દેહથી પર, સાધુપુરુષના શબ્દોથી રાજા રહૂગણે ક્ષમા માગી, દીનતા દેખાડી :

પુન:, "अथ" - શબ્દે સાધુની સાધુતાથી મંગલગાથા આરંભી ! મુશ્કેલી અને મશ્કરી સહન

કરીને પણ સંતો હિત જ કરે છે ! રાજા હતા ત્યારથી જ ભરતને પિતાએ દીધેલું જ્ઞાન હતું. પછી પ્રારબ્ધકર્મનો ભોગ કરતા હતા. ભદ્રકાલીના મંદિરેથી નીકળેલા ભદ્ર ભરતજી પુનઃ પકડાયા.

સિંધુસૌવીર દેશનો રાજા રહૂગણ, જ્ઞાન મેળવવા કપિલાશ્રમમાં પાલખીમાં બેસીને જતો હતો. રસ્તામાં કોઈ વેઠીઓ શોધતો હતો. ત્યાં ઈક્ષુમતિ-નદીના કિનારે માર્ગમાં આ મહાપુરુષ મળ્યા. મહાપુરુષ મળવા મુશ્કેલ; મળે તો ઓળખવા અઘરા, ઓળખાય તો લાભ લેવો કઠિન ! ભરતજીના ખભે પાલખીનો દંડ મુકાયો. વેઠ શરૂ થઈ. નિર્લેપભાવે સાધુએ શિબિકા ઉઠાવી. ચાલવા માંડ્યું. સાથે બીજા પણ પાલખી ઉપાડનારા ચાલતા હતા. સૌ ચાલે છે, પણ ચાલ જુદી છે. સંસારી પોતાની જ સલામતી સંભાળીને ચાલે છે-, જીવે છે. સંત સૌની સલામતી સંભાળીને ચાલે છે, - જીવે છે ! "इषुमात्रावलोकनः"- ચાર હાથના - ધનુષ્ય જેટલા ઘેરાવામાં જોઈને નાસાગ્રદષ્ટિથી યોગી ચાલે. સંતો પગ મૂકવાનો હોય ત્યાં જ જુએ. સંસારી પગ મૂકવાનો હોય ત્યાં (પોતાનો જીવનવ્યવહાર) જ ન જોતાં, બધે જુએ, પરિણામે પડે, બહિર્મુખ બને !

પાલખી બરાબર ન ચાલી. રાજા ગુસ્સે થયો. બીજાઓએ ભરતને દોષ દીધો. રાજાએ યુવાન, સુદૃઢ, શરીરવાળા ભરતને "વૃદ્ધ", "નિર્બલ" - વગેરે શબ્દોથી નવાજ્યા, - મશ્કરી કરી. ભરત કાંઈ ન બોલ્યા. પુનઃ, પૂર્વવત્ ચાલ્યા. રાજાને ક્રોધ આવ્યો. શિક્ષાની ધમકી આપી. "जीवन्मृतः"- "જીવતાં મરેલા" કહ્યા. "भर्तृशासन"- ઉલ્લંઘન કરનારા, "प्रमत्त"- કહ્યા. રાજાએ રજોગુણથી અપરાધ કર્યો. સંતે સાત્ત્વિકતાથી ક્ષમા કરી. રાજાનો સ્વભાવદોષ દૂર કરવા કૃપા કરી. મધુર શબ્દોમાં ભાન કરાવ્યું.

जीवन्मृतत्वं नियमेन राजन् आद्यन्तवद्यद्विकृतस्य दृष्टम् ।
स्वस्वाम्यभावो ध्रुव ईड्य यत्र तर्ह्युच्यतेऽसौ विधिकृत्ययोगः ॥ (११)

"જીવન અને મરણ બે જુદી અવસ્થાઓ દેહની છે, દેહમાં વસનારની નહિ. સૌના નિત્યસ્વામી તો ભગવાન્ કૃષ્ણ છે. સેવકભાવ જીવમાં છે. માનવ પોતાને સ્વામી સમજે છે. તે તો અજ્ઞાન છે !" - આટલું બોલી, શાન્ત થયા. ભરતજીએ પૂર્વવત્ પાલખી ઉપાડી. રાજાએ હૃદયગ્રન્થિભેદક વાક્ય સાંભળ્યાં. શ્રદ્ધાળુ રાજાનો સ્વભાવદોષ ગયો. દંડવત્પ્રણામ કર્યાં. બ્રાહ્મણના અપરાધ બદલ ક્ષમા માગી. પરિચય પૂછ્યો. શિષ્યભાવે જિજ્ઞાસા જણાવી. ગુરુ દ્વારા મળેલું જ્ઞાન કૃતાર્થ કરે. "આદરણીયનો અનાદર અનિષ્ટ કરે !" તેમ કહી દીનતા દેખાડી.

અધ્યાય : ૧૧

વૈરાગ્ય વગરના રહૂગણને ભરતજીએ ભક્તિને અનુકૂલ યોગ કહ્યો, મનને વશ કરવા સંગ છોડીને ગુરુ-હરિ-ચરણ સેવવા કહ્યું :

રાજા રહૂગણમાં વૈરાગ્ય નથી. તેને જ્ઞાનનો અધિકાર નથી ! ભરતજીએ તેને ભક્તિ અનુકૂલ-યોગનો ઉપદેશ દીધો. યોગના સાધન રૂપે મનને વશ કરવાનું કહ્યું.

ઘરમાં જ આસક્ત રહી, કર્મપરાયણ થનારને, વેદમાં પણ સ્પષ્ટ તત્ત્વવાદ દેખાતો નથી. મનને લીધે સઘળો વ્યવહાર ચાલે છે. મન ઈન્દ્રિયોની પ્રવૃત્તિના આધારરૂપ છે. મનમાં અનેક વૃત્તિઓ

– વિકારો ઉદ્‌ભવે છે. મન વશ કરે નહિ તો, માનવ ભવમાં ભટકયા કરે છે ! મન વશ કરવા સંગ છોડવો. કામ, ક્રોધ, લોભ, મદ, મોહ, મત્સર – એ છ અંદરના દુશ્મનને જીતવા. આત્મતત્ત્વને ઓળખવું. અહંતા – મમતા છોડવી. પ્રમાદ કરે તો મન માલિક બની બેસે ! સાવધ બની સંયમ સાધે તો, મન સહાયક બને ! ગુરુ અને હરિનાં ચરણની સેવા કરવી. ગુરુ અજ્ઞાન દૂર કરે, જ્ઞાન આપે, પ્રભુને ઓળખાવે, હરિ દુ:ખ હરે, સુખ આપે !

અધ્યાય : ૧૨

બ્રાહ્મણ ભરતજીએ ભક્તિ માટે વૈરાગ્યનો બોધ કરતાં, મહાપુરુષોની સેવા-કૃપાથી જ સાચું જ્ઞાન મળે – કહ્યું, પોતાની પૂર્વકથા કહી, નિ:સંગ થઈ સત્સંગથી સફલતા કહી :

બ્રાહ્મણનાં સુમધુર વચનો સાંભળ્યાં. રહૂગણ રાજા રાજી થયા. "ब्रह्मन् ! वचस्तेऽमृतमौषधं मे ।"– "બ્રાહ્મણ ! આપનાં વચન અમૃત – ઔષધ શાં મારે માટે છે !"

સંસારસર્પના દંશથી, વિષય-વિષના સેવનથી, વ્યથિત થયેલાઓને સંતોનાં વચન સંજીવની શાં છે, પ્રભુમય જીવન દેનારાં અને સંતાપને શાન્ત કરનારાં છે. રાગદ્વેષથી દાઝેલાં, ઈર્ષ્યાના ઝેરથી ઝેરી થયેલાં, હૃદયને તે હ્રદ જેવાં શીતલ બનાવે છે. વિશેષ સ્પષ્ટ જ્ઞાન માટે રહૂગણે વિનંતી કરી.

૧૨-૧૩ બે અધ્યાયમાં ભરતજીએ કરેલો વૈરાગ્યનો બોધ ભક્તિના સાધન રૂપે વૈરાગ્ય બતાવે છે. પ્રભુમાં પ્રીતિ કરાવનાર આ વૈરાગ્ય છે. ભગવાનમાં મનનો નિગ્રહ, અન્યત્ર સર્વત્ર વૈરાગ્ય અને પ્રભુપ્રીતિનો ઉપદેશ આપ્યો.

રાજાને સ્પષ્ટ શબ્દોમાં ભરતે "धृष्टः"– કહ્યો. પોતાને સ્વામી સમજી બેસનાર, છેવટે તો તે માટીનું પૂતળું જ છે ! તે "पार्थिव"– શબ્દથી ભાન કરાવ્યું. પૃથ્વીનો વિકાર પાર્થિવ કહેવાય. શરીર સૌનાં સરખાં. રાજા, રાય કે રંક, સૌ માટીનાં જ પૂતળાં ! તેમાં "હું"–નું ભાન – અજ્ઞાન ! માયાથી તે સંભવે. સાચા જ્ઞાનથી અજ્ઞાન જાય, જ્ઞાન ભગવદ્રૂપ છે, પણ જ્ઞાન બધાને ન મળે.

रहूगणैतत्तपसा न याति न चेज्यया निर्वपणाद् गृहाद्वा ।
न च्छन्दसा नैव जलाग्निसूर्यैर्विना महत्पादरजोऽभिषेकम् ॥ (१२)

"રહૂગણ ! તે તપથી ન મળે. યજ્ઞ કે ગૃહત્યાગથી ન મળે. વેદ, જલ, અગ્નિ અને સૂર્યના આરાધને ન મળે. મહત્પાદરજોભિષેક વિના ન મળે. મોટા-પુરુષોની નમ્રભાવે સેવા કરવાથી સાચું જ્ઞાન મળે !"

તપ:થી સામર્થ્ય મળે. યજ્ઞથી આ લોક-પરલોકનાં સુખ મળે. ત્યાગથી આસક્તિનો સંભવ ઘટે. વેદથી જ્ઞાન મળે, પણ સૌને સમજાય નહિ. જલ, અગ્નિ, સૂર્યથી તન, મન, (વાણી) અને બુદ્ધિની શુદ્ધિ થાય. ભક્તોની કૃપાથી ભગવાન્ સમજાય, સુદૃઢ સ્નેહ થાય. વિષય-વિરામ દેનારી પ્રભુની કથા છે. તેના નિરંતર સેવનથી મુમુક્ષુઓની મતિ પ્રભુમાં દૃઢ થાય.

"હું પૂર્વે રાજા ભરત હતો, વિમુક્ત હતો, કૃતાર્થ હતો, પણ મૃગસંગે ગતાર્થ થયો. કૃષ્ણકૃપાએ મારી સ્મૃતિ રહી !

નિ:સંગ થઈને જ્ઞાનથી મોહ દૂર થાય. સત્સંગથી - પ્રભુકથારસપાનથી - પાર પહોંચાય. નિ:સંગ થવું સુલભ ન થાય. સત્સંગ સરલ લાગે, સફલ થવાય." ભરતજી બોલ્યા.

અધ્યાય : ૧૩

બ્રાહ્મણ ભરતજીએ કહેલી પરોક્ષ-ગૂઢ-કથા - "ભવાટવી !" :

ભગવાનના આશ્રિતોના આશ્રિત થતાં પણ કૃતાર્થ થવાય :

બ્રાહ્મણે "ભવાટવી" ગૂઢ કથા આરંભી. —

दूरत्ययेऽध्वन्यजया निवेशितो रजस्तमःसत्त्वविभक्तकर्मदृक् ।
स एष सार्थोऽर्थपरः परिभ्रमन् भवाटवीं याति न शर्म विन्दति ॥ (૧)

સંસાર - (અહંતા - મમતા) પાર ન પહોંચાય તેવો માર્ગ છે; અથવા ભવ (જન્મમરણ) પ્રવાહ પાર ન પહોંચાય તેવો - ''दुरत्यय'' છે. ભવ એ અટવી છે; અથવા ભવ એ અટવી જેવો છે, માટે એનું નામ - "ભવાટવી" છે. ભવમાં ભટકવાનું મળે છે; અટકવાનું મળતું નથી. અટન સૌ કરે છે. જતન જાતનું કરે છે, પણ રટણ રામનું કરતા નથી, પરિણામે ભટકે છે ! સાર્થવાહોનો સંઘ જીવ-સમુદાય છે. તે સત્ત્વ, રજ:, તમ:થી વિભિન્ન કર્મદષ્ટિવાળો છે. અર્થપરાયણ બનીને મનમાન્યા પદાર્થ કે પુરુષાર્થ મેળવવા મથે છે; પણ સુખ મળતું નથી ! સર્વને વનમાંથી પસાર થવાનું છે. એ વન આ ભવ અથવા સંસાર છે. સંઘનો નાયક - (બુદ્ધિ) નાલાયક હતો. અવળે રસ્તે સંઘને દોરી ગયો. છ દસ્યુ (છ ઈન્દ્રિયો રૂપ લૂંટારા)એ લૂંટી લીધો. સેવોપયોગી શીલ, સંપત્તિ, સમય, શરીર સામર્થ્ય વેડફાઈ ગયું ! ચતુર ચોર (गोमायवः) મળ્યા. છેતરીને - ચતુરાઈથી ઘણું ચોરી ગયા. મધુર વચન અને મોહક વ્યવહારથી પોતાનાં જ સગાં-સંબંધી ભાન ભુલાવીને, ભગવન્માર્ગે પ્રવૃત્તિ કરતો હોય તેને અટકાવીને, સંસારના માર્ગમાં ઘસડી જાય છે ! પોતાનાં સુખ, સંતોષ અને પોષણ માટે પ્રભુના પંથે પરવરનારને પણ સંસારપથમાં ઘસડી જાય છે. ગૃહસ્થાશ્રમના ગહન વનમાં ભૂલા પણ પડાય છે. ભગવાનને ભજવાને બદલે વ્યર્થ વ્યવહાર અને વિષયમાં જ વખત વ્યર્થ વીતે છે. વૃથા વાતો અને વિચારો ખૂટતાં નથી. દંશવાળાં પ્રાણીઓ પીડે છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માત્સર્ય - એ અંત:કરણના દોષો હમેશાં પીડનાર બને છે; અથવા બાહ્ય-અવરોધો નડે છે. સુખ તો ક્યાંઈ દેખાતું નથી. દુ:ખ સર્વત્ર છે ! કોઈક વાર ગંધર્વનગર (મોહક, ક્ષણિકસુખ) વનમાં દેખાય છે. સૌ સુખની આશાએ ત્યાં જાય છે, પણ પહોંચે ત્યાં સુધીમાં તો એ ગાંધર્વનગર દેખાતું બંધ થઈ જાય છે. સંસારમાં સુખ દેખાય, મેળવવા મથે, પણ પ્રાપ્ત કરે તે પહેલાં તે સુખ હાથમાંથી સરકી જાય છે ! દુ:ખ સિવાય કશું હાથમાં આવતું નથી ! દુ:ખી થતો માનવ અટન કરે છે. ઝિલ્લીસ્વન - તમરાંના શબ્દો - (પીઠ પાછળ નિંદા કરનારા) પણ ડરાવે છે, ક્વચિત્ ઉલૂક - (ઘુવડ) - (સામે ઝઘડનારાં) મળે છે. અપુણ્યવૃક્ષ - (-અધર્મપરાયણ લોકો)નો થાકીને વિસામો લેવા સહકાર લે છે, આજીવિકા કરે છે. મરીચિતોય - (મૃગજળ) શા વિષયોમાં તરસ છીપવવા મથે છે; ત્યાં તો ક્યાંક દાવાનલ (વિરુદ્ધ - સ્વભાવવાળાઓના ક્લેશ) પીડે છે. શૂર - (સત્તાવાળા) ક્યાંક અનેક રીતે દ્રવ્ય પડાવે છે. કંટક-કંકર- (કાંટા-કાંકરા) જેવા (પોતાના કાર્યમાં વિઘ્નો) સતાવે છે. નગ - પર્વત

(જેવા મોટા મનોરથ) પૂરા ન થતાં નિરાશ થાય છે. ડગલે પગલે સ્વજનો ક્લેશ કરે છે. મહામોહ રૂપ અજગર ગળે છે. અંધકૂપ - રૂપ હૃદય વ્યથામાં ડૂબે છે, વિવેકરહિત બને છે. ક્ષુદ્રરસ - (વિષય) માટે આથડે છે. મધ - (પરધન, પરદારા) મેળવવા મથે છે. મક્ષિકા- (તેના સ્વામી) શિક્ષા કરે છે. સમાજના લોકો સાથે વ્યવહાર સુખદ લાગતાં, બંધનોમાં પોતે બંધાય છે. "મારું છે," - કહેતાં પરસ્પર વૈર બંધાય છે. સંસારનાં સુખોમાં વિલાસ-વિકારમાં જીવન વેડફાઈ જાય છે ! ક્વચિત્ સુંદર જલાશયના કિનારા ઉપર હંસો ગાન કરતા દેખાય છે, ત્યાં ઊભો રહે છે; પણ હંસના ગાનમાં તેને પ્રેમ થતો નથી, આગળ ચાલ્યો જાય છે. હંસ એટલે શાસ્ત્ર, ભગવાનને મેળવવાનો સાચો માર્ગ દર્શાવતા સાધુપુરુષો ! તે ઉપદેશ કરે છે. સંસારી સાંભળે છે ખરો, પણ અંતઃકરણને કોઈ અસર થતી નથી. એ તો જેમ જીવતો હોય તેમ જીવ્યે જાય છે. કૃતાર્થ થવાનો દઢ સંકલ્પ કરતો નથી ! વાનરો સાથે મૈત્રી વધારે સારી લાગે છે. ઝાડ ઉપરથી ફલ લઈને વાનરો ખાય અને બીજાને ખાધેલાં ખવડાવે છે. આ વાનરનો સ્વભાવ છે. એમ માનવ પણ વાનર-વ્યવહાર (ખાવાનો અને ખવડાવવાનો છે, તે)ને અનુસરે છે. વાનર જેમ વિષયી છે, - તેમ તેને વિષયીનો સંગ અતિપ્રિય લાગે છે, એમાં આથડે છે.

આમ, જીવસંઘ આથડયા જ કરે છે, છતાં કાંઈ સમજતો નથી, - "રહૂગણ ! તું શાસન છોડ. સૌની સાથે સ્નેહ કર. આસક્તિ રહિત થા. પ્રભુની સેવા કર. ભક્તિથી જ્ઞાન મેળવીને પાર પહોંચી જા !" સાંભળીને રાજા રહૂગણે કૃતાર્થતા પ્રકટ કરી, - "પ્રભુની કીર્તિમાં રત સાધુજનનો સંગ દેતો માનવ-જન્મ ઉત્તમ છે. આપના ક્ષણના સંગે ભગવાનમાં નિર્મલ-ભક્તિ થઈ. અવિવેક ગયો. સૌને વંદન કરું. વિપ્રોથી રાજન્યોનું કલ્યાણ થાવ !" ભરત ભ્રમણશીલ હતા. પધાર્યા. રહૂગણ કૃતાર્થ થયો.

શ્રીશુકે, - ''एवं हि नृप भगवदाश्रिताश्रितानुभावः ।''- કહી ભગવાનના આશ્રિતના આશ્રિત-(દાસાનુદાસ)નો મહિમા ગાયો. રાજા પરીક્ષિતે ગૂઢ-કથાનો અર્થ દીનતાથી પૂછયો.

અધ્યાય : ૧૪

શ્રીશુકે ગૂઢાર્થવાળી "ભવાટવી" કથાનું સ્પષ્ટીકરણ કર્યું :

જેમ જેમ ભક્તિ વગરની અન્યવાતોનું અજ્ઞાન હોય, તેમ તેમ ભક્તિમાર્ગમાં ઉત્તમતા ગણાય :

શ્રીશુકે ગૂઢાર્થવાળી કથાનું સ્પષ્ટીકરણ કર્યું. અધિકારની પરીક્ષા માટે ગૂઢાર્થ - કથાઓ છે. ચોથા સ્કન્ધમાં પ્રાચીનબર્હિનો કર્મમાં અધિકાર હતો. તે જ્ઞાનની - પુરંજન પ્રસંગની - વાત ન સમજી શક્યો ! તેનો હીનાધિકાર છે. પંચમ-સ્કન્ધમાં રાજા રહૂગણ કર્માસક્તિ વગરનો જ્ઞાનેચ્છુ; પણ અભિમાનયુક્ત તથા ત્યાગરહિત - મધ્યમાધિકારવાળો ભવાટવીની જ્ઞાનવાર્તા સમજી શક્યો ! તે પરીક્ષિત રાજા ન સમજ્યા ! છઠ્ઠા સ્કન્ધમાં હર્યશ્વોને નારદે પ્રશ્ન રૂપે જ્ઞાનવાર્તા કરી. મુક્તિના અધિકારી ઉત્તમ હર્યશ્વો સમજી શકયા ! આ હર્યશ્વો નારદના ઉપદેશ પહેલાં વૈરાગ્ય વિનાના, પ્રજાની ઈચ્છાવાળા છે. નારદનો ઉપદેશ તેમણે જ્ઞાનના સાધન તરીકે સાંભળ્યો, ભગવાનની લીલા તરીકે નહિ ! આ મર્યાદામાર્ગનો પ્રાવાહિક-અધિકાર છે. રાજા પરીક્ષિત ભગવાનની કથા લીલા રૂપે શ્રવણ કરે છે, ઉત્તમાધિકારી છે ! પુરુષોત્તમને જાણવાની તેને ઝંખના છે, તેથી તે સંસારસંબંધવાળી, જુદાજુદા

અધિકારી માટે કહેલી વાતો ન સમજે. તે ન્યૂનતા નથી ! પરીક્ષિત તો સંસારમાં પણ સેવારત હતા; અને શ્રીશુક તો સર્વજ્ઞ છે. જેમ જેમ ભક્તિ વગરની અન્ય વાતોનું અજ્ઞાન હોય, તેમ તેમ ભક્તિમાર્ગમાં ઉત્તમતા ગણાય !

ભરતજીની ભક્તિને અભિનંદન દીધાં,

यज्ञाय धर्मपतये विधिनैपुणाय योगाय सांख्यशिरसे प्रकृतीश्वराय ।
नारायणाय हरये नम इत्युदारं हास्यन्मृगत्वमपि यः समुदाजहार ॥ (४५)

ભરતજીએ અનુભવેલા ભગવાનને ૮ વિશેષણે વંદન કર્યાં, છેવટે દુઃખ હરનાર હરિને સ્મર્યા !

અધ્યાય : ૧૫

રાજા પ્રિયવ્રતની પુનિત-વંશકથા :

ભરતના પુત્ર સુમતિ થયા. પ્રિયવ્રત રાજાના વંશની આ કથા છે. તેમાં, છેલ્લો રાજા વિરજ થયો. આદિ અને અંતની ઉત્તમતાથી સર્વની ઉત્તમતાનો સમાવેશ થઈ જાય. તેમાં ગય રાજામાં ભગવદાવેશ હતો. છેલ્લા વિરજે પણ ખૂબ કીર્તિ મેળવી.

प्रैयव्रतं वंशमिमं विरजश्चरमोद्भवः ।
अकरोदत्यलं कीर्त्या विष्णुः सुरगणं यथा ॥ (१६)

અધ્યાય : ૧૬

જ્યાં જન્મથી જ્ઞાનવાળા લોકો છે , ચારે પુરુષાર્થ સુલભ છે, તેવા "જમ્બૂદ્વીપ" તથા મેરુ -પર્વતની ચાર તરફના ટેકા જેવા "કિલ" - પર્વતોનું વર્ણન :

સ્વરૂપસ્થિતિ પંદર અધ્યાયમાં કહી. દેશસ્થિતિ ૧૧ અધ્યાયમાં કહે છે. ૧૬ થી ૨૦ અધ્યાયમાં ભૂમિ અને પછી ૨૧ થી ૨૩ અધ્યાયમાં ઉપરના તથા ૨૪ થી ૨૬માં નીચેના લોકનું વર્ણન છે.

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ - પાંચે ભૂમિમાં છે. તેમાં પંચમહાભૂતો છે; તથા સત્ત્વ રજઃ, તમઃ- ત્રણ અને તમોમિશ્ર સત્ત્વ, રજઃવાળી ભૂમિ પાંચ પ્રકારની છે, તેથી ભૂગોલના પાંચ અધ્યાય છે. તેમાં, જમ્બૂદ્વીપમાં ચારે પુરુષાર્થ મળી શકે છે, તેથી ચાર અધ્યાયમાં તેની કથા છે. પાંચમા અધ્યાયમાં બાકીના ભોગભૂમિ રૂપ દ્વીપોની કથા છે.

રાજા પરીક્ષિતે દ્વિતીય-સ્કન્ધમાં પ્રથમ અધ્યાયમાં વિરાટ્પુરુષનું વર્ણન સાંભળ્યું છે. તેના ધ્યાનથી દોષ દૂર થતાં, બીજા અધ્યાયમાં કહેલા આનંદાત્મક સૂક્ષ્મરૂપનુ ધ્યાન થાય, - તે પણ જાણ્યું છે. પંચમ-સ્કન્ધમાં પ્રિયવ્રતે પ્રસિદ્ધ કરેલા ભૂગોલ-વિભાગો સાંભળ્યા, તેથી તે બધાનાં લક્ષણ તથા પરિમાણ (માપ) કહેવા શ્રીશુકદેવજીને વિનંતી કરી.

શ્રીશુકે ભગવદ્ભજનમાં ઉપયોગી હોવાથી તેનું વર્ણન કર્યું. ભગવાનની કટિરૂપ પ્રદેશ જમ્બૂદ્વીપ છે. આ દ્વીપમાં જન્મમાત્રથી ત્યાગાત્યાગનો વિવેક મળે છે. "जनि प्रादुर्भावे", "बुध् अवबोधने"- ધાતુ (ક્રિયાપદ)થી "જમ્બૂ" - શબ્દ બને છે. તેમાં, "जा" અને "बोध" રૂપ વિકાર

વગરના મૂલધાતુઓ લેવા "જમ્બૂ" - બને છે. વિકારરહિત (દૈવીસંપત્તિવાળી સૃષ્ટિમાં) જન્મવાળાને જન્મથી જ જ્ઞાન થાય, તેમ તે સૂચવે છે. બીજા દ્વીપમાં કે સ્વર્ગમાં વિકારરહિત જન્મવાળા પણ ભોગરત રહે છે. જમ્બૂદ્વીપમાં ચાર પુરુષાર્થનું જ્ઞાન દૈવીજીવોને હોય છે. દૈવીજીવ મર્યાદા-પુષ્ટિ બે પ્રકારના છે. તેમાં, પુષ્ટિદૈવીજીવને તો ભગવાન્ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું લીલાસહિત જ્ઞાન હોય છે. જમ્બૂદ્વીપમાં જ્ઞાનમાં ઉત્તમતા હોવાથી "વૃધ્" ધાતુમાંનો "ઋ"- દીર્ઘ કરેલો છે. અનેક જ્ઞાની, ભક્ત મહાપુરુષો જમ્બૂદ્વીપમાં જન્મે છે ! સ્વયં ભગવાન્ પણ અવતાર લઈને પધારે છે ! આ દ્વીપમાં સત્ત્વગુણ મુખ્ય છે.

ભગવાનનું આ સ્થૂલરૂપ બુદ્ધિથી ન કલ્પી શકાય તેવું છે, છતાં પ્રભુના માહાત્મ્યજ્ઞાનના હેતુથી મુખ્ય મુખ્ય નિરૂપણ કર્યું છે. જમ્બૂદ્વીપ કમલાકાર, લાખ યોજન વિસ્તારવાળો છે. તેમાં નવ હજાર યોજનના નવ ખંડ છે. વચ્ચેના ઈલાવૃત ખંડમાં, લાખ યોજન ઊંચો સોનાનો મેરુપર્વત આવેલો છે. ઈલાવૃતની ઉત્તરે નીલ, શ્વેત, શૃંગ પર્વતો છે, તેથી રમ્યક, હિરણ્મય અને કુરુ નામના ખંડો જુદા પડે છે. ઈલાવૃતની દક્ષિણે નિષધ, હેમકૂટ, હિમાલય છે. હરિવર્ષ, કિંપુરુષ અને ભરતખંડની તે સીમારૂપ છે. ઈલાવૃતની પશ્ચિમે અને પૂર્વે માલ્યવાન્ અને ગંધમાદન પર્વતો છે; જેથી કેતુમાલ અને ભદ્રાશ્વખંડોના વિભાગ પડે છે.

મેરુપર્વતની ચારે તરફ ટેકા જેવા - (કિલ) ચાર પર્વતો છે. મંદર, મેરુમંદર, સુપાર્શ્વ અને કુમુદ. તે દશ હજાર યોજન ઊંચા છે. તેમના પર એક હજાર યોજન વિસ્તૃત, સો યોજન થડવાળાં ચાર મુખ્ય વૃક્ષો છે. મંદર પર્વત પર દૂધનો નદ અને દેવોનું નંદનવન છે. તેના પરના આંબાના વૃક્ષની કેરીના રસમાંથી અરુણોદા નામની નદી વહે છે. મેરુમંદર પર મધનો નદ, અને દેવોનું ચૈત્રરથ ઉદ્યાન છે. જાંબુનું વૃક્ષ છે. તેનાં - (હાથી જેવાં) અત્યંત મોટાં ફલ છે. બીજ ખૂબ નાનાં છે. તેના રસમાંથી જંબૂ નામની નદી વહે છે. માટી સાથે વાયુ તથા સૂર્યના પ્રભાવે તેમાંથી જામ્બૂનદ નામનું સોનું બને છે ! સુપાર્શ્વ પર્વત પર શેરડીના રસનો નદ અને દેવોનું વૈભ્રાજક વન છે. કદંબનું વૃક્ષ છે. તેમાંથી મધધારા વહે છે. કુમુદ પર્વત પર પાણીનો નદ અને સર્વતોભદ્ર નામનું દેવોનું ઉદ્યાન છે. વડનું વૃક્ષ પર્વત પર છે. તેમાંથી દૂધ, દહીં, મધ, ઘી, ગોળ, આભરણ વગેરેની ધારાઓ વહે છે. મેરુપર્વત પર બ્રહ્માજી તથા લોકપાલોનાં નગર આવેલાં છે.

અધ્યાય : ૧૭

બ્રહ્માંડ-બહારથી જમ્બૂદ્વીપમાં આવતું ભગવાનના ચરણનખ ધોવાથી થયેલું - "ગંગાજલ" : ભરતખંડ કર્મભૂમિ છે, ઈલાવૃત-ખંડમાં માત્ર ભગવાન્ શંકર જ પુરુષ-રૂપ છે :

મેરુપર્વત પર આવેલા બ્રહ્માજીના નગરમાંથી નીકળેલાં ગંગાજી ચાર પ્રવાહોમાં વિભક્ત બને છે ! સીતા, ચક્ષુ, ભદ્રા અને અલકનંદા ! સર્વલોકને પાવન કરતાં તે પધારે છે. ભગવાન્ શંકર તેનું સેવન કરી કૃતાર્થ બને છે ! વામન-અવતારમાં બ્રહ્માએ વિરાડ્ - રૂપે બલિને ત્યાં પ્રકટ થયેલા પ્રભુના, વામચરણના અંગુષ્ઠનખનું પોતાના કમંડલુજલથી પ્રક્ષાલન કરતાં ભગવત્પદી (ગંગાજી) થયાં.

પ્રભુના ચરણથી બ્રહ્માંડ-કટાહ ભેદાતાં ઉપરનું જલ, ચરણ સાથે સંબંધિત થતાં કટિ ઉપર પડ્યું. ચરણ અને નખ-સંબંધવાળું જલ અપવિત્ર ગણાય, છતાં તે વિશ્વપાવન કરનારું થયું! ભગવાનનું આ અદ્ભુત-ચરિત છે. આધિદૈવિક-સંબંધે તે જલ સેવોપયોગી છે. કટિ પ્રવૃત્તિ-સંબંધી છે. ત્યાં રહેનારાઓને પાવન કરવા, પ્રભુએ ભક્તિરૂપ ચરણના સંબંધવાળું જલ દઈ, જમ્બૂદ્વીપને ઉત્તમતા આપી છે. તેમાં, જલ- આધિભૌતિકરૂપ, પાપનાશક તીર્થ-આધ્યાત્મિકરૂપ અને દેવીરૂપ ગંગાજી તથા સાક્ષાત્ ચરણ-સંબંધવાળું જલ- આધિદૈવિક છે. તે જલ સેવોપયોગી દેહ દેનારું છે. આધિદૈવિક જલસંબંધથી ગંગામાં મળતાં બીજી નદી કે શેરીનાં જલ તીર્થરૂપ - ગંગારૂપ - ગણાય છે!

ભગવાનનાં પૂજનસ્થલ રૂપ ભૂમિ ઉત્તમ વાસસ્થાન છે, તે સૂચવવા, રાજાઓની કથા પછી ભૂમિકથા છે. ભૂમિ પરના સૌ ગુણ પ્રમાણે સાનુકૂલ ભગવદવતારનું ભજન કરે છે, - તે મર્યાદા છે. પુષ્ટિભક્તો માત્ર પુરુષોત્તમને ભજે છે. નવ ખંડોમાં માત્ર ભરતખંડ જ કર્મ કરવાનું ક્ષેત્ર છે. બાકીના આઠ ખંડ પૃથ્વીના સ્વર્ગરૂપ ગણાય છે. ત્યાં દેવોના સ્વર્ગમાં ભોગવતાં બાકી રહેલાં પુણ્યોનો ભોગ થાય છે. ત્યાં લોકોનું આયુષ્ય ૧૦,૦૦૦ વર્ષનું છે. ખૂબ બલવાન્ લોકો છે. આયુષ્યના અંતિમવર્ષે સ્ત્રીઓ એક ગર્ભ ધારણ કરે છે. વસતી વધતી નથી. ત્રેતાયુગ જેવો કાલ છે.

ઈલાવૃતખંડમાં ભગવાન્ સંકર્ષણ વિરાજે છે. આ શુદ્ધ તમોગુણવાળા સ્વરૂપનું આરાધન ભગવાન્ શંકર કરે છે. આ ખંડમાં માત્ર શંકર જ પુરુષ છે.

અધ્યાય : ૧૮

ભદ્રાશ્વ - હરિવર્ષ - કેતુમાલ - રમ્યક - હિરણ્મય - ઉત્તરાકુરુ - ખંડ - આરાધ્ય - આરાધક - વર્ણન :

ભદ્રાશ્વખંડમાં ભદ્રશ્રવા અને લોકો ભગવાન્ હયગ્રીવનું આરાધન કરે છે. આરાધનમાં સ્તુતિમાં ભગવાનના પ્રકટ ગુણો જણાવે છે. તે સેવકના પ્રકટદોષો દૂર કરે છે. મંત્ર ગુપ્ત છે. તેનો જપ કરવાથી અપ્રકટ દોષો દૂર થાય છે.

હરિવર્ષખંડમાં નૃસિંહ ભગવાનનું આરાધન પ્રહ્લાદજી સાથે ત્યાંની પ્રજા કરે છે. તે સાત્ત્વિક તામસ છે. કેતુમાલખંડમાં ભગવાન્ કામદેવ (પ્રધુમ્ન)નું આરાધન માહાત્મ્યજ્ઞાનપૂર્વક સ્નેહથી લક્ષ્મીજી કરે છે. રજોગુણ મુખ્ય છે. રમ્યકખંડમાં મનુ સાથે ત્યાં વસનારી પ્રજા ભગવાન્ મત્સ્યનું આરાધન કરે છે. રાજસ તામસ છે. હિરણ્મયખંડમાં ભગવાન્ કૂર્મનું આરાધન અર્યમા કરે છે. રાજસ સાત્ત્વિક છે. ઉત્તરકુરુખંડમાં વરાહ ભગવાનનું આરાધન, પૃથ્વીદેવી દઢભક્તિયોગથી કરી રહ્યાં છે. તેમનું જ્ઞાન ભક્તિને અનુકૂલ છે. સાત્ત્વિક તામસ છે.

પૃથ્વીના પ્રભુપૂજનમાં ત્રણ પ્રકાર છે :

(૧) યોગથી વશ કરેલું ભક્તિને અનુકૂલ મન. યોગ-કર્મમાં કુશલતા છે, તેથી તે કર્મમાર્ગીય છે.

(૨) દ્રવ્યાદિ છ સાધન તથા માયા અને તેનાં પરિણામ પ્રભુમાં નથી, - તે કહીને જ્ઞાનમાર્ગીયતા બતાવી. નમસ્કારથી તે ભક્તિને અનુકૂલ છે.

(૩) ભગવાનનું માહાત્મ્યજ્ઞાન અને ઉપકારસ્મૃતિથી આદરપૂર્વક વંદન. આ ભક્તિ-માર્ગીય

છે, સાત્ત્વિક છે. ભક્તિ માટે ઉપયોગી છે.

અધ્યાય : ૧૯

કિમ્પુરુષખંડ - ભરતખંડ, આરાધ્ય - આરાધક - વર્ણન :

ભરતખંડની ભવ્યતા, - દેવો પણ ત્યાં જન્મ ઝંખે છે ! : સિંહલ અને લંકા જુદાં હતાં :

કિમ્પુરુષખંડમાં "સાધુવાદનિકષ" ભગવાન્ રઘુનાથજીનું આરાધન હનુમાનજી કરે છે. સાધુતાની કસોટી રઘુનાથજીના જીવનચરિત સાથે તુલનાથી થાય. તે રાજસ-સાત્ત્વિક છે.

ભરતખંડમાં સર્વ કલ્યાણ માટે નર અને નારાયણ ભગવાન્ તપઃ કરે છે. એમનું આરાધન નારદજી કરે છે. આ શુદ્ધ સાત્ત્વિક રૂપ છે.

ભારતવર્ષની નદીઓનાં જલ પણ પવિત્ર છે, ભરતખંડમાં જન્મ લેવા, દેવો પણ અભિલાષ કરે છે.

अहो अमीषां किमकारि शोभनं प्रसन्न एषां स्विदुत स्वयं हरिः ।
यैर्जन्मलब्धं नृषु भारताजिरे मुकुन्दसेवौपयिकं स्पृहा हि नः ॥ (२१)

ભરતખંડમાંની પ્રજાના વર્ણાશ્રમધર્મમાં સ્વાભાવિક રીતે, ભગવાનની સેવા વણાઈ ગયેલી છે. તે જોઈને દેવોને પણ કૃષ્ણસેવોપયોગિ-ધર્મ-લાભ માટે ભારતમાં જન્મ લેવાનો અભિલાષ થાય છે. સ્વર્ગમાં ભોગ છે, પણ ભક્તિયોગ નથી !

કરોડો વર્ષોના વિપુલ વૈભવવિલાસો કરતાં પણ, પ્રભુરસપાન કરાવતો ક્ષણનો સત્સંગ શ્રેષ્ઠ છે. "वर्षे हरिर्यद्भजतां शं तनोति"- ભારતમાં ભજન (સેવા) કરનારનું ભગવાન્ કલ્યાણ કરે છે.

ભારતવાસીઓ મોજશોખના મોહમાં કે અન્યના અયોગ્ય અનુકરણમાં આથડતા અટકીને, પોતાની આ મહત્તા વિચારે, ભગવાનને ભજે !

જમ્બૂદ્વીપના આઠ ઉપદ્વીપ છે. સગર રાજાના ૬૦,૦૦૦ દીકરાઓએ યજ્ઞનો અશ્વ શોધવા જતાં, પૃથ્વીને ખોદતાં, તે પ્રસિદ્ધ કર્યા છે. સ્વર્ણપ્રસ્થ, ચન્દ્રશુકલ, આવર્તન, રમણક, મંદરહરિણ, પાંચજન્ય, સિંહલ અને લંકા. આ સૂચવે છે કે સિંહલ અને લંકા એક ન હતાં !

અધ્યાય : ૨૦

મેરુપર્વતની ગમે તે એક તરફ લોકાલોક-પર્વત સુધીમાં દ્વીપ-સમુદ્ર વગેરે ગણતાં ૧૨,૫૦,૦૦,૦૦૦ યોજન ભૂમિ છે :

યોજન :	
૫૦,૦૦૦	અર્ધો જમ્બૂદ્વીપ. (મેરુપર્વતથી ગમે તે એક તરફનો ભાગ)
૧,૦૦,૦૦૦	ખારા પાણીનો સાગર. જમ્બૂદ્વીપની ભૂમિ પ્રિયવ્રતના રથનાં પૈડાંથી દબાઈ. તેમાંથી દોષરૂપ રાજસ ખારો રસ નીકળ્યો, ક્ષારોદ થયો. જમ્બૂદ્વીપની ભૂમિ નિર્દોષ ભજનયોગ્ય થઈ. તે કર્મભૂમિ છે. ત્યાં કર્મેન્દ્રિયની મુખ્યતા છે.

૨,૦૦,૦૦૦	પ્લક્ષદ્વીપ. તેમાં આવેલા પીપળાના મોટા વૃક્ષ પરથી નામ પડયું છે. હિરણ્મય, સપ્તજિહ્વ અગ્નિ ત્યાં વસે છે. વ્યવહાર કરતાં હંસ, પતંગ, ઊર્ધ્વાયન અને સત્યાંગ ચાર લોકવર્ણો છે. બધા સૂર્યોપાસનથી સ્વરૂપસ્થિતિ મેળવે છે, અન્ય ફલ નથી. સાત ખંડ, સાત પર્વત, સાત નદી, ભગવદ્રૂપ છે. (છ ભગવદ્ગુણ, સાતમા ભગવાન્). પ્રિયવ્રતના સાત પુત્ર સાત દ્વીપના રાજા છે. તે ભગવદ્રૂપતાથી સત્યસંકલ્પ સૂચક છે. અન્યત્ર પણ ખંડ વિભાગાનુસાર પુત્રો છે. પૃથ્વી પાંચ રૂપવાળાં હોવાથી પાંચ દ્વીપમાં (પ્લક્ષ, શાલ્મલ, કુશ, ક્રૌઞ્ચ અને શાકદ્વીપ)- ૭ નદી, ૭ પર્વત કહેલા છે. જમ્બૂદ્વીપ પછી બધી ભોગભૂમિ છે. જ્ઞાનેન્દ્રિયની મુખ્યતા છે. લોકો ૧૦૦૦ વર્ષના આયુષ્યવાળા, શ્રમસ્વેદાદિરહિત, જન્મથી જ સમર્થ છે.
૨,૦૦,૦૦૦	શેરડીના રસનો સાગર. પ્લક્ષદ્વીપની ભૂમિમાંથી નીકળેલો સાત્ત્વિક મધુર રસ.
૪,૦૦,૦૦૦	શાલ્મલદ્વીપ. શીમળાનું વૃક્ષ આવેલું છે. ગરુડજી વસે છે. શ્રુતધર, વીર્યધર, વસુન્ધર, ઇષન્ધર વર્ણો છે. ચન્દ્રનું આરાધન કરે છે.
૪,૦૦,૦૦૦	મદિરાનો સાગર. શાલ્મલદ્વીપની ભૂમિમાંથી (તામસ) કસેલો રસ નીકળ્યો. બુદ્ધિનાશક મદિરા રૂપ થયો.
૮,૦૦,૦૦૦	કુશદ્વીપ. તેજસ્વી કુશ આવેલા છે. કુશલ, કોવિદ, અભિયુક્ત, કુલક નામના વર્ણો છે. અગ્નિનું આરાધન કરે છે.
૮,૦૦,૦૦૦	ઘીનો સાગર. કુશદ્વીપની ભૂમિના સાત્ત્વિક રસમાંથી થયો.
૧૬,૦૦,૦૦૦	ક્રૌઞ્ચદ્વીપ. ક્રૌઞ્ચ નામનો પર્વત તેમાં છે. તેનાં નિતમ્બ કાર્તિકેયજીએ ભાંગ્યાં, વરુણે રક્ષા કરી. વરુણનું આરાધન, - પુરુષ, ઋષભ, દ્રવિણ અને દેવક લોકો કરે છે.
૧૬,૦૦,૦૦૦	દૂધનો સમુદ્ર. ક્રૌઞ્ચભૂમિમાંથી નીકળેલો રાજસ રસ.
૩૨,૦૦,૦૦૦	શાકદ્વીપ. ત્યાં શાક નામનું સુગંધી વૃક્ષ છે. ઋતવ્રત, સત્યવ્રત, દાનવ્રત, અનુવ્રત લોકો વાયુદેવનું આરાધન કરે છે.
૩૨,૦૦,૦૦૦	દહીંનો સાગર. શાકદ્વીપની ભૂમિનો તામસ રસ. દહીંની તર અતિતામસ છે.
૩૨,૦૦,૦૦૦	પુષ્કરદ્વીપ (અર્ધો ભાગ-માનસોત્તર પર્વત પર્યંત) બ્રહ્માજીનું આસન-કમલ-ત્યાં આવેલું છે. ભગવાનના મનનું સ્થાન છે. મનનું કાર્ય - સંકલ્પ અને વિકલ્પ, તેથી માનસોત્તરથી બે વિભાગ (ખંડ) છે. રાજા પ્રિયવ્રતના પુત્ર વીતિહોત્રને બે પુત્ર, - પુષ્કરદ્વીપ પછી ભૂમિભાગ પર્વતથી છે. બ્રહ્મરૂપનું લોકો આરાધન કરે છે.
૩૨,૦૦,૦૦૦	બાકીનો અર્ધ પુષ્કરદ્વીપ.
૬૪,૦૦,૦૦૦	મીઠા પાણીનો સાગર. પુષ્કરદ્વીપની ભૂમિમાંથી નીકળેલો નિર્ગુણ રસ.
૮,૩૯,૦૦,૦૦૦	મીઠા પાણીના સાગર પછીની ભૂમિ.
૧,૫૭,૫૦,૦૦૦	સુવર્ણની ભૂમિ.
૧૨,૫૦,૦૦,૦૦૦	લોકાલોક સુધીનું માપ (મેરુપર્વતથી એક તરફ).

લોકાલોક - પર્વતથી બ્રહ્માંડ-કટાહનો વિસ્તાર :

આ જ પ્રકારે મેરુની ચારે તરફ ૧૨,૫૦,૦૦,૦૦૦ યોજન ભૂમિ છે, પછી ચારે તરફ લોકાલોક-પર્વત છે. લોકાલોક-પર્વતની બહાર પણ બ્રહ્માંડ-કટાહ સુધી ૧૨,૫૦,૦૦,૦૦૦ યોજન અલોકભૂમિ છે, કુલ ગણતાં મેરુથી બ્રહ્માંડ-કટાહ સુધી ૨૫ કરોડ યોજન ભૂમિ છે. કુલ ગણતાં મેરુની બંને તરફ ૫૦,૦૦,૦૦,૦૦૦ યોજન ભૂમિ સંભવે. લોકાલોક-પર્વતની ગણના ભૂમિમાં નથી કરી. તે મર્યાદા (વિભાગ) કરનારો પર્વત છે. બ્રહ્માંડ-કટાહ પણ ભૂમિ નથી, ઢાંકણ છે. તે પચાસ કરોડ યોજનનું છે. આ ભાગવતમત છે. લોકાલોક-પર્વતની ચારે દિશામાં ઋષભ, પુષ્કરચૂડ, વામન અને અપરાજિત, -નામના ચાર હાથીઓ (દિગ્ગજ) છે. ભગવાન્ પણ પોતાના પાર્ષદો સાથે ગિરિ-શિખરે વિરાજે છે.

મીઠા પાણીના સમુદ્ર પછી લોકાલોક-પર્વત પર્યંત ૯,૯૬,૫૦,૦૦૦ યોજન ભૂમિ છે. તેમાં ૧,૫૭,૫૦,૦૦૦ યોજન લોકાલોક-પર્વતને અડકતી સોનાની ભૂમિ છે. બાકીની ૮,૩૯,૦૦,૦૦૦ યોજન ભૂમિ મીઠા સાગરને સ્પર્શતી લોકાલોક-પર્વત તરફની - સોનાની નથી. આ ભાગવતમત છે. માનસોત્તર અને મેરુનું જેટલું અંતર છે, તેટલી ભૂમિ સોનાની કહેલી છે. બાકી[illegible]ઓએ ત્યજેલી છે. ત્યાં પડેલો પદાર્થ પુનઃ પ્રાપ્ત થતો નથી. લોકા-લોક-પર્વત પછીની અલોકભૂમિ પછી યોગેશ્વરોની ગતિનો માર્ગ છે.

સ્થાવર-જંગમ (ગોરૂપ) અને નિર્ગુણ-પૃથ્વીના ગુણ રૂપ સાત - સાગરો છે : બ્રહ્માંડમાં ચૌદ-લોકની મધ્યમાં સૂર્ય છે : અચેતન (મૃત) અંડને પ્રવેશ કરીને જીવાડનાર સૂર્ય "માર્તણ્ડ" કહેવાય છે :

સાત સાગર, પૃથ્વીના રસ રૂપે ગણાવ્યા. પૃથ્વી નિર્ગુણ અને ગુણવાળી છે. સગુણ પૃથ્વીના સ્થાવર- જંગમ ભેદ છે. તેમાં પહેલા ત્રણ (ક્ષાર, ઈક્ષુ, મદિરા) સ્થાવર - પૃથ્વીના ગુણરૂપ છે, પછીના ત્રણ (ઘૃત, દુગ્ધ, દધિ) જંગમ - પૃથ્વી (ગોરૂપ)ના રસ છે; અને છેલ્લે નિર્ગુણ - પૃથ્વીનો રસ શુદ્ધ-જલ છે. પુષ્કરદ્વીપની ભૂમિમાં ભગવાનનું નાભિકમલ હોવાથી તે નિર્ગુણ છે.

બ્રહ્માંડમાં ચૌદ લોક છે. નીચે સાત પાતાલ, ઉપર સાત લોક. ભૂલોક (ભૂમિ), ભુવર્લોક, સ્વર્ગલોક, મહર્લોક, જનલોક, તપોલોક અને સત્યલોક.

ભૂમિથી ઉપર એક લાખ યોજનના અંતરે સૂર્ય છે. તે બ્રહ્માંડનું મધ્ય છે. વિરાટ્ ભગવાનની કટિ રૂપ તે પ્રદેશ છે. સૂર્યથી બધા વિભાગ થાય છે.

अण्डमध्यगतः सूर्यो द्यावाभूम्योर्यदन्तरम् ।
सूर्याण्डगोलयोर्मध्ये कोट्यः स्युः पञ्चविंशतिः ॥ (४३)

સૂર્ય અને બ્રહ્માંડગોલ વચ્ચેનું ચારે તરફ અંતર ૨૫ કરોડ યોજન છે. કુલ ભૂમિ ૫૦ કરોડ યોજન ગણી છે. સૂર્યને મધ્યમાં (કેન્દ્ર રૂપે) લેતાં ઉપર નીચે પણ કુલ ૫૦ કરોડ યોજન થયા. તેમાં, સાત ઉપરના લોક તથા પાતાલનો ભાગ, અને તેમની વચ્ચેનું અંતર તેમાં સમાઈ જાય. સૂર્યને કેન્દ્ર ગણી, ૨૫ કરોડ યોજનની ત્રિજ્યા (Radius)માં બ્રહ્માંડગોલ આવી જાય. ગોળાકાર બ્રહ્માંડનું આ સમર્થન સંભવે !

કઠોળના દાણા જેવું બ્રહ્માંડ ! તેમાંનાં બે દલ જેવા ઉપર-નીચેના લોક, સૂર્યથી પચીસ કરોડ

યોજન સુધીમાં આવેલા. ઉપરની છાલ બ્રહ્માંડ-કટાહ - આવરણો છે. ભગવાનના વિરાટ્-સ્વરૂપનું ધ્યાન કરતાં, કટિ ઉપર સોનાની મેખલાના મણિ જેવો સૂર્ય લાગે !

અચેતન બ્રહ્માંડમાં વિરાટ્-સ્વરૂપે, સૂર્યે પ્રવેશ કરીને, તેને જીવાડ્યું, કાર્ય કરવા સમર્થ બનાવ્યું, તેથી સૂર્યને - "માર્તણ્ડ" કહે છે !

અધ્યાય : ૨૧

સૂર્યગતિ અને તેનું પરિણામ : સૂર્યના સૂક્ષ્મ-સ્થૂલ-રથ : સૂર્ય-પરિકર :

બ્રહ્માંડની મધ્યમાં આવેલા સૂર્યનું વર્ણન આ અધ્યાયમાં છે.

ભૂમિ સાથે ઊર્ધ્વ (સ્વર્ગ) લોક, છેડેથી સંધાયેલો છે. વચમાં ભુવર્લોક (અંતરિક્ષ) ખાલી છે. તે વિરાટની નાભિ (સરોવર) રૂપ છે. (આકાશ તેને કહ્યું છે.) સરોવરમાંથી કમલ ઊગે, તેમ ભગવાનની નાભિમાંથી થયેલા કમલમાંથી બ્રહ્મા થયા. (જ્યોતિર્લોક) તારા વિરાટ્પ્રભુનું ઉરઃસ્થલ છે. તે ભૂમિ સાથે સંધાયેલ છે. તેથી તેનો તથા ભુવર્લોકનો વિસ્તાર (વ્યાસ) ૫૦ કરોડ યોજન છે.

તૃતીય-સ્કન્ધમાં ચાર પ્રહરનો દિવસ અને ચાર પ્રહરની રાત્રિ કહી છે. પંદર દિવસનો પક્ષ કહ્યો છે. તે સામાન્ય રૂપે છે, પણ પ્રત્યક્ષમાં સમયની વધઘટ થતી દેખાય છે ! રાત્રિ-દિવસ નાના-મોટા થાય છે. તેનું સમાધાન, અહીં સૂર્યગતિના વિચારથી થાય. રાત્રિ-દિવસ ભેગાં લેતાં સમયની વધઘટ ન થાય, કુલ સમય સરખો રહે !

સૂર્યની ગતિ અને તેનાં પરિણામનું અહીં નિરૂપણ છે. ઊંચે ચઢતાં સૂર્યની ગતિ મંદ, ઊતરતાં શીઘ્ર અને સમાનસ્થલમાં સમાન હોય છે, તેથી રાત્રિ-દિવસ નાના-મોટા થાય છે. સૂર્યના ભ્રમણ માર્ગમાંનો વાયુ પણ એકસરખો ન હોવાથી, ગતિ બદલાય છે. સૂર્યગતિભેદથી ઉત્તરાયણ, દક્ષિણાયન, વૈષુવત,-સંજ્ઞાથી ઓળખાય છે. સૂર્ય મેષ અને તુલામાં હોય ત્યારે દિવસ-રાત સરખાં હોય. જ્યારે વૃષભ, મિથુન, કર્ક, સિંહ અને કન્યારાશિમાં સૂર્ય હોય ત્યારે દિવસ મોટો થાય, રાત્રિ ઘટે. જ્યારે વૃશ્ચિક, ધન, મકર, કુંભ અને મીન રાશિમાં સૂર્ય આવે ત્યારે, દિવસ ઘટે - રાત્રિ વધે. સૂર્ય મેષમાં આવે ત્યારે દેવોનો સૂર્યોદય થાય, કર્કમાં મધ્યાહ્ન, તુલામાં સાયંકાલ અને મકરમાં આવતાં મધ્યરાત્રિ થાય. સૂર્યના રથની ગતિ એક મુહૂર્તમાં ૩૪,૦૦,૮૦૦ યોજન છે.

સૂર્યના રથનું સંવત્સર રૂપ ચક્ર માનસોત્તર પર્વત પર ફરે છે. તે દશ હજાર યોજન ઊંચો છે. મેરુ લાખ યોજન ઊંચો છે; તો પણ મેરુ પર તેનાથી રાત્રિ-દિવસ થવાનું તથા રાત્રિ-દિવસનો કુલ (ભેગા લેતાં) સમય ન બદલાવાનું કારણ, સૂર્યના એક-એક ચક્રવાળા બે રથ છે ! એક નાનો, બીજો મોટો. રથની ગતિ માટે ચક્રની સ્થિતિને નિયંત્રણમાં રાખનાર એક કાલરૂપ સૂત્ર બંનેમાં છે. સૂર્ય સૂક્ષ્મરથમાં રહીને પણ સ્થૂલરથનું નિયંત્રણ કરે છે, અરુણ પણ તે રીતે કે બે રૂપે રથ ચલાવે છે ! જ્યોતિશ્ચક્ર સાથે સૂર્ય, પૃથ્વીની આસપાસ ફરે છે. જ્યોતિશ્ચક્રમાંની જુદીજુદી રાશિયોમાં ફરે છે. આ સૂક્ષ્મ તથા સ્થૂલરથની ગતિ સંભવે છે.

આધુનિક ખગોળશાસ્ત્રના મતે, પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે. તેનાં બે ભ્રમણ છે, - (૧) પોતાની ધરી પર, તેથી રાત્રિ-દિવસ થાય છે. (૨) સૂર્યની આસપાસ, તેનાથી ઋતુઓ થાય. રાત્રિ-દિવસ

નાના-મોટા થાય. ચોક્કસ સમય-પરિમાણ- (રાત્રિ-દિવસ નાના-મોટા થવાં તે) જ્યોતિશ્ચક્રમાંની જુદીજુદી રાશિયોમાં સૂર્યની ગતિ થાય છે. સૂર્યની ઊંચી ગતિ વર્તમાન સમયમાં નથી દેખાતી, બ્રહ્મકલ્પમાં તેમ હતું. અત્યારે ઉદય અને અસ્ત સમયે સૂર્ય નીચે તરફ દેખાય છે, વાયુના આકર્ષણથી જ્યોતિશ્ચક્રનો જલમાંથી ઉદય અને જલમાં અસ્ત દેખાય છે !

સૂર્યના રથમાંની બેઠક ૩૬ લાખ યોજન અને નવ લાખ યોજન પહોળી છે. અશ્વો જોડવાની ધૂંસરી પણ તેટલી લાંબી છે. રથને સાત અશ્વો છે. દરેક એક લાખ યોજન જગા રોકે છે. છંદોમય આ અશ્વો છે. અંગુષ્ઠપર્વ જેટલા ૬૦,૦૦૦ વાલખિલ્ય-ઋષિયો રથની આગળ સ્તુતિ કરે છે, તથા બીજા ઋષિ, અપ્સરા, ગન્ધર્વો વગેરે પ્રત્યેક માસે જુદા નામવાળા સૂર્યને આરાધે છે. અચિન્ત્ય ઐશ્વર્યવાળા સૂર્યનારાયણ છે. નવ કરોડ એકાવન લાખ યોજનનું ભૂ-વલય છે. તેમાં ક્ષણના બે હજાર યોજન અને બે ગાઉની ગતિથી સૂર્યનારાયણ ભ્રમણ કરે છે.

અધ્યાય : ૨૨

ભગવદ્રૂપ સૂર્ય કાલચક્રમાં ભ્રમણ કરે છે : સૂર્યગતિ-ભેદથી પાંચ પ્રકારનાં વર્ષ : ચન્દ્રથી પિતૃઓનાં રાત્રિ-દિવસ ! સૂર્યથી ઉપર અન્ય ગ્રહો :

રાજાએ પૂછયું, - "સૂર્ય, જ્યોતિશ્ચક્ર સાથે ફરે ત્યારે, મેરુ તથા ધ્રુવને પોતાની જમણી તરફ રાખીને ફરે અને રાશિઓમાં ફરે ત્યારે, મેરુ તથા ધ્રુવને ડાબી તરફ રાખીને ફરે છે ! - આ સમજાય કેમ ?"

શ્રીશુકે સમાધાન કર્યું, - "કુંભારનો ચાકડો ગોળ ફરતો હોય, છતાં તેની ઉપર ચાલતી કીડીની ગતિ ભિન્ન હોઈ શકે છે. તેમ આ બન્ને ભિન્ન ગતિ સંભવે છે. સૂર્ય ભગવદ્રૂપ છે. સર્વના આત્મા રૂપ છે. અંતરીક્ષમાં કાલચક્રમાં ભ્રમણ કરે છે. સમગ્ર આકાશમાર્ગમાં ભ્રમણ કરતાં તેને ૩૬૦ દિવસ લાગે છે. સૂર્યનાં બાર સ્વરૂપ છે. તેનાથી જ્યોતિશ્ચક્રને ફેરવતાં દિવસ, માસ, ઋતુ, અયન અને વર્ષનો ભોગ કરે છે. તેની પાંચ ગતિ - (શક્તિ)-થી સંભવે છે. શીઘ્ર, મંદ, શીઘ્રમધ્યમ, મંદમધ્યમ, મધ્યમ. આ પાંચ ભેદ હોવાથી પાંચ પ્રકારનાં વર્ષ કહેવામાં આવે છે,- સંવત્સર, પરિવત્સર, ઈડાવત્સર, અનુવત્સર અને વત્સર !

પિતૃઓનાં રાત્રિ-દિવસ ચન્દ્રથી થાય છે. પિતૃલોક ચન્દ્રની નીચે હોવાથી તેઓ ચન્દ્રને જ જુએ છે ! સૂર્ય તેમનાથી નીચે છે. વદ આઠમથી પિતૃઓનો દિવસ થાય. ચંદ્ર સૂર્યની ઉપર સીધી લીટીમાં આવે છે. અમાસના દિવસે મધ્યાહ્ન થાય. સૂર્યચન્દ્ર બરાબર નીચે આવે. સુદ આઠમથી પિતૃઓની સાંજ પડે. સુદ ૮ થી વદ ૮ સુધી ચન્દ્ર તેમને ન દેખાય. રાત થાય.

બૃહસ્પતિથી "પ્રભવ" વગેરે નામવાળાં ૬૦ વર્ષોની વ્યવસ્થા થાય છે. તે વર્ષમાં એક રાશિ ફરે છે.

સૂર્યની ઉપર એક લાખ યોજનના અંતરે ચંદ્ર છે; ત્યાંથી એક લાખ યોજનના અંતરે નક્ષત્રો આવેલાં છે. તેથી ઉપર બે બે લાખ યોજનના અંતરે શુક્ર, બુધ, મંગળ, ગુરુ અને શનિ છે. શનિથી

અગિયાર લાખ યોજનના અંતરે સપ્તર્ષિ છે.

અધ્યાય : ૨૩

બેઠેલા બળદના આકારનું “શિશુમાર-ચક્ર” છે, તેના પુચ્છભાગમાં ધ્રુવસ્થાન છે :

સપ્તર્ષિથી તેર લાખ યોજનના અંતરે ધ્રુવસ્થાન આવેલું છે, જ્યાં આગળ ધ્રુવજી બિરાજે છે. આ ધ્રુવજી શિશુમારચક્રની અંદર તેના પુચ્છસ્થાનમાં છે. અગ્નિ, ઈન્દ્ર, પ્રજાપતિ, કશ્યપ અને ધર્મ સાથે પ્રભુની સેવા કરે છે ! શિશુમારચક્ર આખુંય બેઠેલા બળદના આકારનું છે. ભગવાન્ શિશુમારના આધારથી તારા વગેરે આકાશમાંથી પડતા નથી !

દ્વિતીય-સ્કન્ધમાં પ્રથમ અધ્યાયમાં ધ્યાન કરવા માટે, વિરાટ્પુરુષનું સ્વરૂપ કહેલું છે. તેમ, આ શિશુમારચક્રનું પણ ધ્યાન યોગિલોકો કરે છે. બધાં નક્ષત્રો તેમાં ગોઠવાયેલાં છે. ભગવાન્ સિવાય અન્યથી આ શક્ય નથી. સુખ દેવા માટે તે પૃથ્વીને જુએ છે.

અધ્યાય : ૨૪

સૂર્યથી નીચે રાહુ, સિદ્ધ-ચારણ, યક્ષ-રાક્ષસ, વગેરે-નાં સ્થાન; પૃથ્વીની નીચે સપ્ત-પાતાલનું વર્ણન :

સૂર્યથી નીચે દશ હજાર યોજને રાહુ છે. સૂર્યમંડલ દશ હજાર યોજનનું છે. ચંદ્રનું બાર હજાર યોજન છે. રાહુનું ૧૩ હજાર યોજન છે. તેનાથી દશ હજાર યોજન નીચે સિદ્ધ-ચારણનાં સ્થાન છે. તેની નીચે યક્ષ-રાક્ષસોનાં સ્થાન છે. ત્યાં વાયુ તીવ્ર વાય છે. વાદળ ત્યાં સુધી દેખાય છે. તેનાથી સો યોજન નીચે આ પૃથ્વી છે. પૃથ્વીની નીચે સાત પાતાલ છે. તે દશ હજાર યોજન ઊંચાઈ-પહોળાઈવાળાં છે. ત્યાં નાગમણિ પ્રકાશે છે, દેહ-વિકાર નથી, માત્ર કાલચક્રનો ભય છે. તેમનો આનંદ (અજ્ઞાન) માયાથી છે, સ્વર્ગથી અધિક લાગે છે; પણ જ્ઞાનયોગથી આ આનંદ નષ્ટ થાય છે. સુતલમાં રહેતા બલિને સુખ ભગવાને દીધું છે. તે માયિક નથી, ભક્તિથી મળ્યું છે ! ધર્મ અને દીનતા તે સમજાવે છે. બલિ પ્રભુનું દાસ્ય કરે છે.

પહેલા પાતાલ - અતલમાં મય દાનવનો પુત્ર બલાસુર રહે છે. ૯૬ પ્રકારની માયાઓ જાણે છે. બીજા પાતાલમાં - વિતલમાં ભગવાન્ હાટકેશ્વરજી વસે છે. હાટક નામનું સુવર્ણ થાય છે. સુતલમાં બલિરાજા વસે છે. તલાતલમાં મય રહે છે. મહાતલમાં ક્રોધવશ નામના સર્પો વસે છે. રસાતલમાં પણિ, કાલેય, નિવાતકવચ વગેરે અસુરજાતિના લોકો વસે છે. તે સૌને ઈન્દ્રની કૂતરી સરમાનો ડર લાગે છે. ત્યાર પછી છેલ્લે પાતાળમાં વાસુકિ વગેરે નાગોનો વાસ છે.

અધ્યાય : ૨૫

નયનથી તામસ, સ્વરૂપથી સાત્વિક, ભગવાન્ સંકર્ષણના મસ્તક પર લાખ યોજનની પૃથ્વી શોભે છે ! :

પાતાલથી નીચે ત્રીસ હજાર યોજનના અંતરે ભગવાન્ સંકર્ષણ વિરાજે છે. એમના એક મસ્તક ઉપર સરસવનો દાણો શોભે એમ, આ પૃથ્વી શોભે છે ! વરાહ ભગવાને સમુદ્રમાંથી કાઢેલી

લાખ યોજનની તે પૃથ્વી છે ! સંકર્ષણ ભગવાન્ લોકકલ્યાણ - સુખ માટે, મુમુક્ષુઓ પર કૃપા કરવા માટે વિરાજે છે. સંકર્ષણ તેમનાં નયનથી તામસ છે, સ્વરૂપથી સાત્ત્વિક છે. તેમનો યશઃ નારદજી બ્રહ્મસભામાં ગાય છે.

અધ્યાય : ૨૬

અધર્મ આચરનારને યાતના-ભોગ-માટે મળતાં નરક :

કર્મ કરનાર અને તેની શ્રદ્ધા, ગુણોથી ભિન્ન ભિન્ન હોવાથી આ બધી જુદી જુદી ગતિઓ કહેલી છે. અધર્મ આચરનારને નરક મળે છે. રાજાએ તેનું સ્થાન પૂછયું.

પ્રભુએ દીધેલી સાનુકૂલતાનો સદુપયોગ ન કરતાં, પ્રમાદ અને પ્રકૃતિપરાયણ પ્રાણી પ્રમોદમાં ભાન ભૂલે છે, કર્તવ્ય અને અકર્તવ્યના વિવેકની મર્યાદા તોડે છે, પરિણામે પાપરૂપ કર્મથી પીડાય છે. જેવાં કર્મ તેવું ફલ ! જુદાં જુદાં કુકર્મથી જુદાં જુદાં નરક મળે. ત્યાં સજા ભોગવીને શુદ્ધ થવાય. સૌને પોતપોતાનાં કર્મફલ ભોગવવાં પડે છે. ત્યાં કોઈ કોઈને મદદ કરી શકતા નથી ! શ્રીશુકે નરકવર્ણન સંભળાવ્યું. પૃથ્વીની નીચે, ત્રિલોકની અંદર, જલથી ઉપર, નરક આવેલાં છે. કુલ ૨૧ નરક છે. તામિસ્ર, અંધતામિસ્ર, રૌરવ, મહારૌરવ, કુંભીપાક, કાલસૂત્ર, અસિપત્રવન, સૂકરમુખ, અન્ધકૂપ કૃમિભોજન, સન્દંશ, તપ્તસૂર્મિ, વજ્રકંટક, શાલ્મલી, વૈતરણી, પૂયોદ, પ્રાણરોધ, વિશસન, લાલાભક્ષ, સારમેયાદન, અવીચિ, અયઃપાન ! તદ્દુપરાંત ક્ષારકર્દમ, રક્ષોગણભોજન, શૂલપ્રોત, દન્દશૂક, અવટનિરોધન, પર્યાવર્તન, સૂચીમુખ વગેરે સાત ! મળીને - ૨૮ નરક છે. વિવિધ યાતનાઓ ત્યાં પાપાનુસાર ભોગવવી પડે છે. આવા તો હજારો ભેદ પણ છે.

નરકમાંથી શુદ્ધ થયેલા અને સ્વર્ગસુખ માણનારા પુનઃ જન્મે ત્યારે તેનાં ચિહ્નો, સ્વભાવ, રૂપાદિથી પોતાની સાથે લઈને આવે છે ! આ ભગવાનનું જ સઘળું વર્ણન સંભળાવ્યું છે ! સ્થૂલરૂપની ધારણા પછી, સૂક્ષ્મરૂપ બુદ્ધિગમ્ય કરવા (સમજવા) યત્નશીલ થવું.

શ્રીભાગવતમાં કહેલાં ઈતિહાસ-ભૂગોલ પણ ભગવાનની લીલા જ છે :

> **भूद्वीपवर्षसरिदद्रिनभःसमुद्र–पातालदिङ्नरकभागणलोकसंस्था ।**
> **गीता मया तव नृपाद्भुतमीश्वरस्य स्थूलं वपुः सकलजीवनिकायधाम ॥ (४०)**

આ સ્થૂલસ્વરૂપ-વર્ણનનો આશય, ભૂગોળનું જ્ઞાન દેવાનો નથી ! રાજાઓની કથા, ઈતિહાસ વર્ણન માટે નથી ! શ્રીમદ્ ભાગવતમાં ઈતિહાસ-ભૂગોળનું જ્ઞાન દેવાનો ઉદ્દેશ નથી ! તેમાં તો માત્ર ભગવાનની લીલા ગાવાનો જ મુખ્ય ઉદ્દેશ છે, તેથી ઈતિહાસ-ભૂગોળ પણ પ્રભુની લીલા તરીકે કહેલાં છે ! ભગવાનનું માહાત્મ્યજ્ઞાન દેવા કહેલાં છે. અહીં, સાતદ્વીપના ખંડોમાં, તેના વિભાગો જેટલા જ, ત્યાંના રાજાના પુત્રો પ્રિયવ્રતના વંશમાં કહ્યા. તે તેમનામાં ભગવાનનો આવેશ સૂચવે છે ! તે કથા પણ ભગવાનના સંબંધવાળી હોવાથી જ કહી છે. શ્રીભાગવતના અક્ષરે અક્ષરમાં ભગવાનની જ કથા છે !

આધુનિક ભૂગોલ સાથે ભાગવતજીની ભૂગોલ મળતી હોય તે જરૂરી નથી ! :
પ્રભુનું માહાત્મ્યજ્ઞાન થતાં, પ્રભુમાં પ્રીતિ થાય, તે તેનો ઉદ્દેશ છે :

કેટલાક લોકોને, આધુનિક ભૂગોળ વગેરે પ્રસંગો સાથે ભાગવતમાં કહેલ ભૂગોળ વગેરે સંગત લાગતાં નથી, તેથી અશ્રદ્ધા જેવું થાય છે ! કેટલાક કોઈક યુક્તિથી સંગતિ મેળવવા મથે છે. કેટલાક અન્ય- પુરાણોને આધારે થયેલી શોધોને ભાગવતમાં વણે છે, પણ તેમ કરવાની કોઈ જરૂર લાગતી નથી. ભાગવતની આ વાતો માત્ર ભગવાનનુ માહાત્મ્યજ્ઞાન કરાવવા માટે છે, ભગવાનની લીલા રૂપે છે, જે તે વિષયોની વિશેષતા માટે નથી ! પુનઃ કલ્પભેદની વાતો પણ ભાગવતમાં છે. પ્રિયવ્રત રાજાએ બ્રહ્મકલ્પમાં ભૂગોળ- વ્યવસ્થા કરી છે. પુનઃ, પદ્મકલ્પની કથા પણ કહેલી છે; અને અત્યારે, શ્વેતવારાહ-કલ્પ ચાલે છે. કલ્પના અંતે તો લય થાય; પછી પુનઃ રચના થાય, તેથી તે મળતી ન પણ હોય, તેથી આધુનિક ભૂગોળ સાથે સંગતિ અનિવાર્ય નથી !

કેટલાક લોકો ધ્વનિસામ્યથી નામસામ્ય બતાવીને પ્રાચીન-અર્વાચીનનો મેળ મેળવવા મથે છે ! દા.ત. ''अतल''- નામનું પાતાલ + ''अन्तिक''- (પાસેનો) આ બે શબ્દોથી, ''अतलान्तिक''- સંધિ થતાં તેનો ધ્વનિ- સમાન લાગતાં "આટલાંટિક" - સાગર હોવાનું કલ્પે છે, પણ કલ્પભેદ અને પ્રભુમાહાત્મ્યના વિચારે આ ગૌણ છે.

લોકનાં જે માપ અહીં કહેલાં છે, તે પણ જુદા જુદા કલ્પમાં જુદાં જુદાં હોવા સંભવે છે ! મતભેદના સમાધાન માટે શ્રીવલ્લભાચાર્યજી માપને યોગ્ય લાગે તે ગણવાની આજ્ઞા કરે છે ! માપનું મહત્ત્વ ભાગવતમાં નથી. માહાત્મ્ય ભગવાનનું સમજાય, પ્રીતિ પ્રભુમાં થાય, - તે જ મુખ્ય-હેતુ છે !

આધુનિક વિજ્ઞાનના મતે, આકાશમાં દેખાતા તારા પણ સૂર્ય છે. પૃથ્વીથી ખૂબ દૂર હોવાથી નાના અને ઓછા પ્રકાશવાળા દેખાય છે. બીજા પણ કેટલાક એવા તારા છે કે, તેમનો પ્રકાશ હજુ પૃથ્વીપર્યંત પહોંચ્યો નથી ! પ્રકાશની ગતિ એક સેકંડના ૧,૮૬,000 માઈલ છે ! અવકાશી અંતરો મોટાં હોવાથી આ "પ્રકાશવર્ષ"માં મપાય છે. પ્રકાશ પોતાની ગતિથી વર્ષમાં જેટલે દૂર પહોંચે - તે અંતર - "પ્રકાશવર્ષ" ! આવાં અનેક પ્રકાશવર્ષ થવા છતાં ઘણા તારાના પ્રકાશ પૃથ્વી સુધી ન પહોંચે તો તેમની વચ્ચે અંતર કેટલું ? આ બ્રહ્માંડની વિશાલતા કેટલી ? ! એવાં કરોડો બ્રહ્માંડ ભગવાનના એક એક રોમ છિદ્રમાં સમાયેલાં છે. તે પ્રભુનું માહાત્મ્ય કેટલું ? !

◆

श्रीहरिः

श्रीगोपीजनवल्लभाय नमः ॥
विजयते श्रीबालकृष्णः प्रभुः ॥

શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ

ષષ્ઠ - સ્કન્ધ

અધ્યાય : ૧

પ્રભુના સામર્થ્ય - વીર્ય - સામે કાલ-કર્મ-સ્વભાવ કાંઈ ન કરી શકે, તે "કૃપા - અનુગ્રહ - પુષ્ટિ" - કહેવાય છે; લોક-વેદમાં પણ ગૂઢરૂપે આ અનુગ્રહ દેખાય છે!:

ભગવાન્ અને ભગવાનનો અનુગ્રહ અલૌકિક છે. ભગવાન્ ભક્તોને સ્થાન આપી, મર્યાદા-સ્થાપન કરી, અલૌકિક-વિજય મેળવે છે. તે ભગવાન્ ભક્તોની અલૌકિક રીતે રક્ષા પણ કરે છે.

બારમા સ્કન્ધમાં પુષ્ટિ કે અનુગ્રહને "રક્ષા" નામે કહ્યો છે. વિશ્વસર્જન પછી, દરેક યુગમાં, વેદના દ્વેષ કરનારાઓનો નાશ કરનારી ચેષ્ટા તે,- રક્ષા છે! અન્યત્ર તે લીલા લૌકિક-પ્રકારની છે. તેમાં, પ્રભુ દ્વેષીઓનો માત્ર સ્વરૂપનાશ કરે છે. ભાગવતમાં તે અલૌકિક છે. તેમાં પ્રભુ, પોતાના સામર્થ્યથી તેવા દ્વેષવાળાના દોષના મૂલરૂપ કાલ, કર્મ, સ્વભાવને પણ દૂર કરી દઈ, મુક્તિ આપે છે! કાલ, કર્મ અને સ્વભાવ સામે માનવ પોતાના સામર્થ્ય કે સાધનથી કાંઈ કરી ન શકે, લાચાર બની જાય; પણ સર્વસમર્થ પ્રભુના સામર્થ્ય સામે કાલ, કર્મ કે સ્વભાવ કાંઈ ન કરી શકે! આવું સામર્થ્ય ભગવાનનો વીર્ય નામનો ગુણ પણ છે. તે "અનુગ્રહ" કે "પુષ્ટિ" કે "કૃપા" તરીકે ઓળખાય છે.

આ "અનુગ્રહ" લોકમાં પણ પ્રસિદ્ધ છે, શાસ્ત્રમાં પણ છે. કોઈ દેવાદારની સ્થિતિ, આર્થિક રીતે દેવું ન જ ભરી શકે તેવી હોય તો, નાદારી નોંધાવે છે. તે કાયદેસર રીતે, પોતાના લેણદારોને માગતી પૂરતી રકમ આપ્યા વગર, અમુક રકમ દઈને છૂટી શકે છે! આ એક પ્રકારે "કૃપા-અનુગ્રહ"નું સ્વરૂપ છે. સ્મૃતિમાં પાપનાં અનેક પ્રાયશ્ચિત્ત કહ્યાં છે, છતાં પ્રાયશ્ચિત્ત ન કરી શકે તેવા, ભારે પાપવાળા માટે સામાન્ય પ્રાયશ્ચિત્ત કહેલાં છે. આ પણ કૃપાનું એક સ્વરૂપ છે. જીવની અસહાય કે નિરુપાય સ્થિતિમાં, તેની પાસેથી વિશેષ અપેક્ષા રાખ્યા વિના, તેનું કામ કરવાની સમર્થની મનોવૃત્તિથી થતી ક્રિયા, કૃપા રૂપ છે. ભગવાન્ જગતનું કારણ છે. સૌ ભગવાનનું અનુકરણ કરે છે; તેથી પ્રભુમાં ગૂઢ રૂપ રહેલો અનુગ્રહ લોકોમાં ક્યારેક દેખાય છે!

કાલ-કર્મ-સ્વભાવના પ્રભાવમાંથી બચવા, અધિકાર વગર પણ ઉત્તમતા મેળવવા, ભૂલો-દોષોમાંથી છૂટવા, - ભગવાનની કૃપા વગર બીજો કોઈપણ ઉપાય સંપૂર્ણ નથી!:

પ્રભુ સર્વસમર્થ છે. તે યોગ્ય કે અયોગ્ય, રાય કે રંક, હીન કે ઉત્તમ, કોઈને પણ, પોતાની ઈચ્છા થતાં, પોતાના સામર્થ્યથી કૃતાર્થ છે. જીવને તેમાં કાંઈ જ કરવું પડતું નથી, તે કૃપા-અનુગ્રહ કે

પુષ્ટિ છે ! કાલ, કર્મ કે સ્વભાવના પ્રભાવમાંથી બચવા માટે ભગવાનની કૃપા વગર બીજો કોઈ ઉપાય સંપૂર્ણ નથી.

નામસ્મરણ, સ્વરૂપધ્યાન કે સ્વરૂપના અર્ચનથી ભગવાનનું સામર્થ્ય ક્રિયા રૂપે - અનુગ્રહ રૂપે અનુભવાય ! છઠ્ઠા સ્કન્ધના ૧૯ અધ્યાયોમાં અનુગ્રહની કથા છે. પ્રથમ-સ્કન્ધમાં અધિકાર ૧૯ પ્રકારનો હોવાથી પણ ૧૯ અધ્યાય કહ્યા. અહીં પણ, ૧૯ અધ્યાય સૂચક છે. કોઈ પણ અધિકાર ન હોય તેવાને પણ, કૃષ્ણકૃપા સઘળાં ફલ દે છે, અધિકાર પણ આપે છે, તેથી તેના પણ ૧૯ અધ્યાય !

રાજા પરીક્ષિતે પંચમ-સ્કન્ધમાં મર્યાદાકથા સાંભળી. પોતે ઋષિના આશ્રમમાં મારેલો સાપ યાદ આવ્યો. શ્રીશુકે સંભળાવેલી કથાનો ટૂંકસાર (અનુવાદ) પોતે કહ્યો, જે સાંભળતાં શ્રીશુક પોતાની (પરીક્ષિતની) સમજની પરીક્ષા કરી શકે. પોતાની સમજની યોગ્યતા સમજાય. શાસ્ત્ર અને સંતની સંમતિ વગર પોતાની સમજને, સમાજ ગમે તેવી સારી માને, છતાં તે સાચી કે સારી ન પણ હોય ! પોતાની સમજમાં સંતોની સંમતિ લેવી તે, સન્મતિની નિશાની છે.

પાંચ શ્લોકમાં, પોતાની સમજનો સાર - "निवृत्तिमार्गः....।"- થી આરંભીને રાજાએ કહ્યો. છઠ્ઠા શ્લોકમાં નરકની ઉગ્ર યાતનાઓમાંથી ઊગરવાનો ઉપાય પૂછ્યો. પાપ કરનારને નરકમાં સજા ભોગવવી પડે, પછી શુદ્ધ થવાય, - તે મર્યાદા, પંચમ-સ્કન્ધમાં સાંભળી. "जीवाः स्वभावतो दुष्टाः...।"- જીવો સ્વભાવથી દોષવાળા છે. સ્વરૂપથી તે ભગવાનના અંશ છે, છતાં સ્વભાવપરવશ છે ! ભૂલ કરવી માનવ માટે સ્વાભાવિક છે. ભૂલ કરવી જેટલી ભયાનક નથી, તેટલું ભૂલનું ભાન ન થાય, - તે ભયાનક છે ! અને ભાન થયા પછી પણ, સુધરવા સાવધ ન થવાય તે તો અતિભયાનક છે ! તેનાથી પણ વધારે ભયાનક તો ભૂલોનો બચાવ કરી, તેને યોગ્ય-સત્ય-તરીકે ઠસાવવા મથવું તે છે !

કપડાં રોજ પહેરીએ તો તે મેલાં થાય, ડાઘ પડે તે સ્વાભાવિક છે; પણ તેને સાફ કરવાનો પ્રયત્ન ન કરવો, - તે યોગ્ય કેમ ગણાય ? આપણે સંસારમાં અનેક વૃત્તિ અને પ્રવૃત્તિ કરીએ, અનેકના સંપર્કમાં આવીએ, પરિણામે દોષ લાગે, તે સ્વાભાવિક છે; પણ પછી તેને ઓળખીને દૂર કરવા માટે પ્રયત્નપરાયણ રહેવું જ જોઈએ. કપડાંના ડાઘ દુનિયા દેખે, તેથી દૂર કરીએ, પણ દિલના ડાઘ દુનિયા દેખે નહિ, તેથી રહેવા દેવાય ?

પોતે સર્પ માર્યો છે, - તે અપરાધના ભયમાંથી, પ્રભુકૃપાથી અભય ઈચ્છતા પરીક્ષિતે નરક - યાતનામાંથી ઉગરવા ઉપાય પૂછ્યો :

પરીક્ષિતે વિચાર્યું, - "ઋષિના ગળામાં મારેલો સાપ મેં ભરાવ્યો, તે અપરાધની સજા તો શાપ રૂપે મળી, પણ સાપને વગર કારણે મારવાની સજા બાકી રહી !" મૂંગા, લાચાર, સાધનહીન લોકો કે પ્રાણીને પણ પ્રાણ છે. પીડા તેમને પણ થાય છે. બિચારાં પરિસ્થિતિપરવશ બોલી ન શકે, સામનો ન કરી શકે, પણ તેમનું અંતર તો અભિશાપ આપે, અપરાધ લાગે !

પરીક્ષિતે પોતાનાં ભૂખ, તરસ કે થાકને તે અપરાધનાં કારણ ગણાવીને બચાવ ન શોધ્યો ! પ્રારબ્ધ કે પ્રભુની ઈચ્છા ગણીને મન ન મનાવ્યું ! અંતઃકરણના એકરારથી ઊગરવાનો ઉપાય પૂછ્યો ! ભગવાનને પ્રાપ્ત કરવામાં થતા વિલંબનો ભય, ભક્તને અસહ્ય લાગે, વેદના વસમી થાય. "કોઈને

ભય રૂપ બનનારને ભગવાન્ અભય આપશે ?" - એ વિચારે વ્યથા થઈ. વ્યથા, શોક, ક્ષોભ, મોહ, ભય વગેરે દોષોમાંથી ભગવાન્ કે ભક્ત ઉપાય બતાવે, - ઉગારે. સમર્થ ભગવાન્ શ્રીશુક છે, ભગવદ્ભક્ત છે. તેમણે પોતાના સાન્નિધ્યનો લાભ દેવાની, પ્રભુલીલા સંભળાવવાની કૃપા કરી હતી. પરીક્ષિત કૃપાનો લાભ લઈ કૃતાર્થ થવા ઝંખતા હતા. કૃપાનો લાભ લેવાનું સુદુર્લભ છે !

કર્માનુસાર પ્રભુ ફલ દે છે, - તે મર્યાદા ! સર્વસમર્થ પ્રભુ સ્વતંત્ર ફલ દે,- તે પુષ્ટિ ! ઈન્દ્ર કર્મ-જ્ઞાન-ભક્તિ નિષ્ઠ વિશ્વરૂપ - દધીચિ - વૃત્રાસુરને મારવામાં નિમિત્ત થયો, છતાં ભગવાને અપરાધમાંથી ઉગાર્યો - તે મહાપુષ્ટિ ! :

ભગવાન્ કર્મ પ્રમાણે સૌને ફલ આપે છે. તે સામાન્ય મર્યાદા છે; પણ સર્વસમર્થ પ્રભુ, સ્વતંત્ર રીતે પણ ફલ આપી શકે છે. કાલ, કર્મ કે સ્વભાવ કાંઈ કરી શકતાં નથી ! આવું સ્વતંત્ર ફલદાન પ્રભુ પોતાની કૃપાથી કરે છે. ભગવાન્ પોતે સ્વતન્ત્ર રીતે, ઈચ્છે તેનું રક્ષણ કરે છે, પોષણ કરે છે, ફલ આપે છે. આ અનુગ્રહ છે ! - મા-બાપ કે લોકો, પોતાનાં સંતાન કે આશ્રિતનું પોષણ પોતાની શક્તિ પ્રમાણે કરે છે, તેમાં મુખ્યત્વે તનનું અને ક્વચિત્ મનનું પોષણ છે. ભગવાન્ બધી રીતે પોષણ કરે છે ! આલોક અને પરલોકમાં પણ કૃતાર્થ કરે છે. ભગવાનનું પોષણ અંદર અને બહારના સઘળા દોષો દૂર કરે છે, જીવને પ્રભુને યોગ્ય બનાવે છે, કાલ-કર્મ કે સ્વભાવથી થતા પ્રતિબંધોને દૂર કરી દે છે, અપરાધીનો પણ ઉદ્ધાર કરે છે !

ઈન્દ્રે અપરાધ કર્યો. કર્મનિષ્ઠ વિશ્વરૂપને માર્યો, જ્ઞાનનિષ્ઠ દધીચિના મરણમાં નિમિત્ત થયો, અને ભક્તિનિષ્ઠ વૃત્રાસુરને હણ્યો ! ત્રણને મારવા છતાં પણ ઈન્દ્રને ભગવાને અપરાધોમાંથી ઉગાર્યો, મહાકૃપા કરી, પોષણ કર્યું ! ભગવાનની ઈચ્છાને અનુકૂલ અનુગ્રહ છે. પ્રભુની ઈચ્છા પછી અનુગ્રહ થાય છે. અનુગ્રહ સામાન્ય અને વિશેષ પ્રકારે થાય છે. તદનુસાર ફલ મળે છે.

કૃપા તો અનર્થને પણ સાર્થક બનાવી દે છે ! :

કૃપાપાત્ર હોવા છતાં, અજામિલે પહેલાં અનેક અનાચાર આચર્યા છે. તે પણ તેને કૃતાર્થ થવામાં નિમિત્ત રૂપ થયા છે ! કૃપા અનર્થને પણ સાર્થક બનાવી દે છે. પ્રભુ અનર્થ કરનારી પ્રેરણા સામાન્ય રીતે તો ન કરે, છતાં પ્રભુની ઈચ્છા હોય તો, ક્વચિત્ અનર્થ દેખાય, પણ તેના અનુભવથી પ્રભુમાહાત્મ્ય સમજાય, પ્રભુમાં પ્રીતિ થાય ! પ્રભુની પ્રેરણા, પરિણામે તો જીવનું કલ્યાણ જ કરે છે. જીવની પ્રકૃતિથી થતી પ્રેરણા, પરિણામે પ્રાયઃ પતન કરાવે છે. અજામિલ પતનના અંતે પણ, પ્રભુકૃપાથી કૃતાર્થ થયો ! અજામિલ વિદ્યા- વિનય-સંપન્ન વિપ્ર હતો, છતાં ખરાબ દૃશ્ય જોતાં ભાન ભૂલ્યો. દાસીમાં આસક્ત થયો. પતન પામ્યો ! પણ પ્રભુકૃપાથી તે પતન તેના ઉદ્ધારનું નિમિત્ત થયું ! અજામિલ દાસીને ત્યાં ન ગયો હોત તો, કૃપાનો અનુભવ ન થાત, સંસારમાં અનેકની જેમ આથડતો રહેત, પણ પતનના પરિણામે, વિષ્ણુદૂતોના મુખે ભગવન્નામનું માહાત્મ્ય સાંભળીને, ભક્તિ ભગવાનની કરી ! પ્રભુકૃપાથી તેને અનર્થમાંથી પણ કૃતાર્થતા મળી ! કૃપા સૌનું કલ્યાણ કરે છે. દુઃખ દોષ કે ડરમાંથી છૂટવું હોય તો, સૌએ કૃષ્ણકૃપા મેળવવા મથવું. કૃપાનો અનુભવ પ્રભુના નામ અને રૂપ દ્વારા થાય. નામ અને રૂપમાં પ્રભુનું સામર્થ્ય છે !

આ સ્કંધમાં મર્યાદાપુષ્ટિ - પુષ્ટિપુષ્ટિ - કથા છે. પુષ્ટિમાર્ગ (પુષ્ટિભક્તિ) તો દશમસ્કંધ-નિરોધ લીલામાં સમજાય છે :

આ સ્કન્ધના ૧૯ અધ્યાયમાં તેનું નિરૂપણ છે. તેમાં પ્રથમ ત્રણ અધ્યાયમાં નામપ્રકરણ છે. તે કથા મતાન્તરભાષામાં છે. અગત્સ્ય મુનિએ શ્રીશુકદેવજીને સંભળાવી છે. ભક્તો દોષયુક્ત બને, તે સમાધિ- ભાષામાં ઈચ્છેલું નથી, તેથી પણ આ પરમતભાષા છે !

તેમાં અજામિલની કથા છે. અજામિલ પ્રભુનો દાસ થવા યોગ્ય હતો, પણ તેનો અહંકાર દૂર થાય તે માટે, પ્રભુએ તેને તેના સ્વભાવદોષથી દુષ્ટ થવા દીધો ! જીવ સ્વભાવથી દુષ્ટ હોવા છતાં, પોતાને ગુણોથી ઉત્તમ માને છે ! "હું સમજું છું, મોટો છું, હું આમ કરીશ," - વગેરે માનીને અહંકારમાં અટવાય છે. આવાંનું ભાન ઠેકાણે લાવવા માટે ભગવાન્ તેને દુષ્ટ થવા દઈને પછી કૃપા કરે છે, જીવ કૃતાર્થ થાય છે !

પંચમ-સ્કન્ધમાં મર્યાદા, પછી અહીં પુષ્ટિ કહે છે, તેથી આ મર્યાદાપુષ્ટિલીલા છે, તેમ સમજાય છે. વૃત્રપ્રસંગમાં પુષ્ટિપુષ્ટિનું દર્શન પણ કરાવ્યું છે. પુષ્ટિમાર્ગ (સ્વતંત્ર-ભક્તિમાર્ગ) જુદો છે ! તે નિરોધલીલામાં સમજાય છે.

ભગવાન્ પોતાનાં નામ અને રૂપ દ્વારા પણ કૃપાથી કૃતાર્થ કરે છે :

પ્રભુના નામનું સેવન ત્રણ રીતે થાય, - શ્રવણ, કીર્તન અને સ્મરણથી; તેથી નામપ્રકરણના ત્રણ અધ્યાય છે. તેમાં માનવ પર કૃપા કહી છે. રૂપનું સેવન ધ્યાન અને અર્ચનથી થાય. ધ્યાનમાં રૂપના ગુણનું પણ અનુસંધાન થાય. રૂપના ચૌદ ગુણ છે, તેથી તેના ૧૪ અધ્યાય છે. રૂપ અને ધ્યાન-પ્રકરણમાં દેવો પર કૃપા છે, તેથી દેવપ્રકરણ પણ છે, ચૌદ ગુણોથી પ્રભુ ચૌદ ફલ આપે છે, - (૧) રૂપ દ્વારા મોક્ષ, (૨) રસથી- આનંદ, (૩) ગંધ દ્વારા - ભક્તિ, (૪) સ્પર્શથી - સર્વદુ:ખ - હરણ, (૫) નાદ દ્વારા - મનોહર, (૬) યોગ દ્વારા- સ્વરૂપમાં પ્રવેશ, (૭) દ્વેષથી - મૃત્યુ પછી મોક્ષ, (૮) સ્વામી તરીકે - સર્વ સુખ, (૯) હીનભાવથી - દુ:ખ, (૧૦) કેવલ સત્યસ્વરૂપ ભાવથી - સફળ પુરુષાર્થ, (૧૧) જ્ઞાનપ્રાપ્તિથી -યોગ, (૧૨) ભિન્ન સ્વરૂપે જાણવાથી- મૃત્યુ, (૧૩) જેવા છે તે જ્ઞાનથી - જ્ઞાન, (૧૪) સ્નેહથી - વશ થઈ જાય છે ! ત્રીજું અર્ચનપ્રકરણ છે. અર્ચનપ્રકરણમાં ભગવાને દૈત્ય પર અનુગ્રહ કર્યો છે. અર્ચન બાહ્યક્રિયા અને મનથી થાય, તેથી તેના ૧૮-૧૯ બે અધ્યાય છે. ભગવાન્ દેવ, માનવ, દાનવ ત્રણે ઉપર કૃપા કરે છે. આવી રીતે કુલ ૧૯ અધ્યાયોની અંદર આ અનુગ્રહ અથવા પુષ્ટિલીલાની કથા છે.

પ્રભુ પ્રસન્ન થાય તો નામ-રૂપ (ધ્યાન) અને અર્ચનનું દાન કરે છે. ભક્તિ પણ કૃપાથી જ મળે છે. ભક્તિ ભગવાનની સેવા કરાવે છે, ભગવાનનાં કાર્યમાં ઉપયોગી છે. ભક્તિની કથા નવમા સ્કન્ધમાં છે.

શ્રીશુકે (બતાવેલા) નરકમાંથી ઉગરવાના ઉપાય રૂપ પ્રાયશ્ચિત્ત કે જ્ઞાનમાં રાજાનો વિશ્વાસ ન જોયો :

શ્રીશુકે રાજાનો પ્રશ્ન સાંભળ્યો. નરકમાંથી ઊગરવાનો ઉપાય કહ્યો, - "મન, વચન, શરીરથી કરેલાં પાપનાં યોગ્ય પ્રાયશ્ચિત્ત શાસ્ત્રમાં કહેલી રીતે કરવાં !" રાજાને આ ઉપાય રુચ્યો નહિ. તેણે પ્રાયશ્ચિત્તને "कुञ्जरशौचवत्"- કહીને તેમાં રતિ ન બતાવી. નાહ્યા પછી હાથી પુન: ધૂળવાળો થાય,

તેમ પ્રાયશ્ચિત્ત પછી પુનઃ પાપ સંભવે છે.

શ્રીશુકે રાજાનો અધિકાર જોયો. કર્મરૂપ પ્રાયશ્ચિત્ત ભગવન્નામમાં વિશ્વાસ વગરના અજ્ઞાનીઓ કરે છે. રાજાને જ્ઞાનોપયોગી ઉપાય કહ્યો. ભોજનમાં પથ્ય પાળનારને રોગ થાય નહિ. દેહ અને આત્માની ભિન્નતાના જ્ઞાનથી ક્રમશઃ, તપઃ વગેરેથી પાપ દૂર થાય છે. તે પણ "वेणुगुल्ममिवानलः"- કહ્યું. અગ્નિ વાંસને બાળે તેમ, જ્ઞાન અને પછીનાં સાધન પાપને બાળે છે, પણ છતાં વાંસ બળીને મૂલ જમીનમાં રહે, તેમ જ્ઞાનથી પાપ દૂર થાય, મણ આસક્તિ કે વાસના બાકી રહી જાય છે. સાનુકૂલ સંયોગોમાં ફરી ફૂટી નીકળે છે !

પાપનો સંપૂર્ણ નાશ કરવાનો ઉપાય છે, - ભગવાનની ભક્તિ :

केचित्केवलया भक्त्या वासुदेवपरायणाः ।
अधं धुन्वन्ति कात्स्न्र्येन नीहारमिव भास्करः ॥ (૧૫)

કેટલાક વાસુદેવપરાયણ લોકો, કેવલ ભક્તિ દ્વારા સ્વાભાવિકતાથી આસક્તિ કે વાસના-સહિત, સઘળાં પાપોનો નાશ કરે છે. સૂર્ય સ્વાભાવિક રીતે, વિશેષ પ્રયાસ વિના, ઝાકળનો સંપૂર્ણ નાશ કરે છે, તેમ ! કૃષ્ણશરણ અને ભક્તોની સેવાથી જેવું પાવન થવાય, તેવું તપઃ વગેરેથી પણ થવાતું નથી. ભગવદ્‌ભક્તો તો અભયના સરલ માર્ગ રૂપ છે !

ભગવદ્‌વિમુખને પ્રાયશ્ચિત્ત પાવન કરતાં નથી, જ્ઞાન સંભવી શકતું નથી ! ભગવાનની અલ્પભક્તિ પણ પાવન કરે છે ! ભગવાન્ પોતાના ભક્તનાં સઘળાં પાપ-દોષ દૂર કરે છે, છતાં ભક્તમાં જો કાંઈ પોતાની ઉત્તમતાના ભાનથી અભિમાન હોય, તો કાંઈ પાપ થવા સંભવ રહે છે; છતાં ભગવાન્ પોતાની કૃપાથી તેનો ઉદ્ધાર કરે છે ! મન એક વખત કૃષ્ણચરણે લાગ્યા પછી યમયાતના ભોગવવાની રહેતી નથી ! આ બાબતમાં એક પ્રાચીન ઈતિહાસ કહ્યો.

બ્રાહ્મણ અજામિલનો ઈતિહાસ :

કાન્યકુબ્જ નગરમાં એક બ્રાહ્મણ. અજામિલ તેનું નામ. "अजा"- માયા-પ્રકૃતિ છે. તેના સંગમાં મળેલો - "मिल"- પરવશ થયેલો જીવ, અજામિલ છે ! વિષય-વાસનાના પરિણામે વિવિધ વિલાસોમાં ડૂબેલો જીવ અજામિલ છે. પ્રભુ, પ્રકૃતિ, પ્રારબ્ધ અને પરિસ્થિતિ પુરુષને પરવશ બનાવે છે ! પૈસો અને પ્રમદા પણ પરવશ બનાવવામાં પ્રબલ છે ! પરવશ થયેલા અજામિલમાં અનાચાર ઉભરાતો હતો. તેણે કુટુંબનું ભરણ-પોષણ કરવામાં જ આયુષ્ય ગુમાવ્યું. હીન રીતે આજીવિકા મેળવતો હતો. તે વૃદ્ધ થયો. તેને નવ દીકરા હતા. તે નવ ગુણ રૂપ છે. દશમો દીકરો નારાયણ ! એ ગુણાતીત - અવસ્થા રૂપ છે.

બ્રાહ્મણ અઠ્યાશી વર્ષનો થયો. મૃત્યુકાલ આવ્યો. તેણે પોતાને લેવા આવેલા ત્રણ ભયંકર યમદૂતોને જોયા ! ડર લાગ્યો. સૌને યમદૂત દેખાતા નથી. અજામિલને દેખાયા ! ભગવાનને એના પર કૃપા કરવી છે. નાનકડો વહાલો દીકરો દૂર રમતો હતો. બૂમ પાડી, - "નારાયણ !" દીકરાને ઉદ્દેશીને બૂમ પાડી છે. પ્રભુ એને યાદ પણ આવ્યા નથી, પણ ઉદાર ભગવાન્ ! ભગવાનના પાર્ષદો

તરત આવ્યા ! તેમણે યમદૂતોને અટકાવ્યા. યમદૂતોએ પરિચય પૂછ્યો. વિષ્ણુદૂતોએ હસીને પૂછ્યું, -"તમે ધર્મરાજાના દૂત છો, તો ધર્મનું તત્ત્વ કહો ! કઈ રીતે કોને કેટલો દંડ દેવાય ?"

યમદૂતોએ ઉત્તર આપ્યો, - "वेदप्रणिहितो धर्मो ह्यधर्मस्तद्विपर्ययः ।"- વેદ જેનું વિધાન કરે તે, ધર્મ ! જેની પાછળ વિધિવાક્ય હોય નહિ, એ ધર્મ કહેવાય નહિ. આપણને મનગમતું આચરીએ એનું નામ ધર્મ નહિ. પ્રમાણ વગરનો તો અધર્મ કહેવાય. વેદ સાક્ષાત્ નારાયણ રૂપ છે ! માનવ જે કાંઈ કર્મ કરે છે, એની નોંધ સાક્ષીઓ રાખે છે.

सूर्योऽग्निः खं मरुद्गावः सोमः सन्ध्याहनी दिशः ।
कालः स्वयं धर्म इति ह्येते दैह्यस्य साक्षिणः ॥ (૪૨)

સૂર્ય, અગ્નિ, આકાશ, વાયુ, ગાય, ચન્દ્ર, સન્ધ્યા, રાતદિવસ, દિશા,(જલ, પૃથ્વી), કાલ, ધર્મ અને આત્મા માનવના પ્રત્યેક કાર્યમાં સાક્ષી છે. તેમનાથી માનવ કાંઈ જ ગુપ્ત રાખી શકતો નથી ! કરેલાં કર્મનાં ફલ સૌને ભોગવવાં પડે છે. કર્મ કર્યા વિના કોઈ ક્ષણ પણ રહી શકતો નથી. દુષ્ટકર્મનાં ફલ દંડ રૂપે ભોગવે છે.

આ અજામિલ સદાચારસંપન્ન હતો, સદ્ગુણશીલ હતો; યોગ્ય અધિકારી હતો. એક દિવસ પિતાની આજ્ઞાથી વનમાં સમિધ્ લેવા ગયો. સમિધ્ લઈને પાછો આવતો હતો, ત્યાં માર્ગમાં ખરાબ દૃશ્ય જોયું. દાસી સાથે કોઈ શૂદ્રના વિહાર જોતાં ભાન ભૂલ્યો. સાવધ ન રહે તેની આંખ અનર્થનું દ્વાર બને ! આંખથી અનર્થ અંતઃકરણમાં ઊતરી, - આરૂઢ બને છે ! બહારની બૂરાઈ અંદર ઊતરે તો બહિર્મુખ બનાવે !

સૌભરિ જેવા સમર્થમુનિએ સત્યયુગમાં પણ, અજાણતાં માછલાંની રમત જોઈ. આંખથી અનર્થરૂપ વિકાર હૃદયમાં આવ્યો. તપઃ છોડ્યું ! રાજા માંધાતાની પચાસ કન્યા સાથે પરણ્યા, પછી પ્રભુકૃપાએ જ ભાન પાછું આવ્યું, તો આ કરાલ કલિયુગમાં વિષયરત, સામાન્ય, સંસારી જાણી-સમજીને, આંખથી કેટલો અનર્થ અંતઃકરણમાં ઉતારે છે ? પછી, સદ્વૃત્તિ ક્યાંથી રહે ? સિનેમાનાં વિચિત્ર દૃશ્યો, લોકોની અયુક્ત વેશભૂષા અને રીતભાત, જાહેરાતોનાં અવિવેકી દૃશ્યો, વિકારભરી વાર્તાઓનું વાંચન વગેરે અપક્વ-માનસ પર ખરાબ અસર કેટલી ઊંડી પાડે ? આંખના અસંયમથી સઘળા પ્રકારના વિકારની ખાણ જેવું અંતઃકરણ બની જાય ! સંયમ, સંસ્કાર, સાધુતા, સદાચાર, ભગવત્સન્મુખતા તેમાં સ્વપ્ને પણ ન દેખાય ! અજામિલ માત્ર દૃશ્ય જોઈને લાચાર બન્યો, ફસાયો.

નાટ્યશાસ્ત્રપ્રણેતા ભરતમુનિએ નાટક (સિનેમા) જોવાની છૂટ સૌને નથી આપી :

दुःखार्तानां श्रमार्तानां शोकार्तानां तपस्विनाम् ।
विश्रामजननं लोके नाट्यमेतद्भविष्यति ॥

શ્રમ, દુઃખ, શોકથી પીડાયેલા તપસ્વીઓનાં મનને વિશ્રામ દેવા માટે નાટક (સિનેમા) છે. નાટક (સિનેમા) જોઈને તેમાંથી કર્તવ્યની પ્રેરણા મળવી જોઈએ. દેશભક્તિ, પ્રભુભક્તિ, ધર્મભક્તિ

દૃઢ થવી જોઈએ. પ્રકૃતિની વિકૃતિ વધવી ન જોઈએ. વિકૃતિ કૃતિમાં કે અનુકૃતિમાં ઉતરવી ન જોઈએ. વાસના વધારે તેવાં દશ્યો વિવેકભ્રષ્ટ બનાવે છે. ભરતમુનિએ માત્ર તપસ્વિલોકોને પણ અમુક સંયોગોમાં જ નાટક જોવાનો અધિકાર દીધો છે! પોતાના ક્ષેત્રમાં પરિશ્રમ કરનારા, સંયમશીલ, કર્તવ્યરત, સદાચારી, વિચારશીલ લોકો તપસ્વી ગણાય.

ભાન ભૂલેલા અજામિલે પોતાની સમજ અને શક્તિ પ્રમાણે સંયમ રાખવા પ્રયત્ન કર્યો, પણ સફલ ન થયો. પ્રબલ-પ્રારબ્ધ, પ્રકૃતિ, પ્રભુ-ઈચ્છા, પરિસ્થિતિ અને પ્રમદાએ પરવશ બનાવ્યો! સાધ્વી પત્ની, કુટુંબ વગેરે સઘળું છોડી તે અનાચારી થયો. "તેને યમરાજા પાસે લઈ જઈશું. ત્યાં દંડથી તે શુદ્ધ થશે!" - યમદૂતોએ કહ્યું.

અધ્યાય : ૨

કૃપાપૂર્વકનાં દીધેલાં ભગવન્નામ સૌને પાવન કરે છે : ભગવન્નામને પાપ કરવાનો પરવાનો ન બનાવાય : સામાન્ય લોકો પર ભગવન્નામ લેવાથી કૃપા થાય છે :

વિષ્ણુદૂતોએ ન્યાયધર્મ બતાવ્યો અને પ્રભુનું નામમાહાત્મ્ય વર્ણવ્યું. વિષ્ણુદૂતોના મત પ્રમાણે, શાસક તો પ્રજાના પિતા જેવો છે. તે ન્યાયનિષ્ઠ જોઈએ. અજાણતાં પણ નિરપરાધીને સજા ન થવી જોઈએ અને અપરાધી છટકી જવો ન જોઈએ, પક્ષપાત તેમાં ન થાય. પ્રજાહિતનો પૂર્ણ વિચાર જોઈએ. ઊંચા સ્થાને બેઠેલાઓના આચારવિચારની અસર અનેક પર થાય છે. મુખ્ય-વ્યક્તિ દોષરહિત, શીલસંપન્ન અને કર્તવ્યનિષ્ઠ હોય, તો હાથ નીચેના માણસો અનાચાર કે અવ્યવસ્થા કરતાં ડરતા રહે!

આ અજામિલે અનેક અપરાધ કરવા છતાં, તેણે ભગવાનનું નામ દીધું છે. કલ્યાણ-કલ્પતરુ જેવું ભગવન્નામ છે. અનેક જન્મનાં પાપ તેનાથી નાશ પામે છે. "નારાયણ" - ઉચ્ચાર માત્રથી અજામિલ પાવન થયો છે! ભગવન્નામથી જેવી શુદ્ધિ થાય તેવી અન્ય-સાધનથી થતી નથી!

साङ्केत्यं पारिहास्यं वा स्तोभं हेलनमेव वा ।
वैकुण्ठनामग्रहणमशेषाघहरं विदुः ॥ (१४)

સંકેત રૂપે, પરિહાસમાં, અકારણ કે અવજ્ઞાથી પણ લીધેલું ભગવન્નામ, સઘળાં પાપને સંપૂર્ણ રીતે, તેના મૂલરૂપ આસક્તિ કે વાસનાસહિત દૂર કરે છે.

ભગવન્નામ સર્વ પાપનો નાશ કરે, તેથી પાપ કરવાનો તેને પરવાનો ન બનાવાય! સમજીને આંખો મીંચીને પાપ કર્યા પછી, ભગવાનનું નામ દઈ, દાન કે ધર્મ કરી, તેમાંથી છૂટી જવાય એવા ભ્રમમાં ઘણા લાગે છે! પાપના પશ્ચાત્તાપપૂર્વક નામસ્મરણ પાવન કરે છે. ભગવન્નામ વેદરૂપ છે. ભગવન્નામ લેનારમાં અભિમાન ન જોઈએ. કુલ, ઐશ્વર્ય, વિદ્યા અને ધનથી અભિમાન ઉભરાય તો, ભગવન્નામ લેવા છતાં, તેનો લાભ ન થાય. ભગવાનનું નામ ભક્તોનાં પાપોનો વાસના કે આસક્તિ રૂપ મૂલ-સહિત નાશ કરે છે, પછી પુનઃ પાપમાં ભક્તોની વૃત્તિ કે પ્રવૃત્તિ થતી નથી, તો મર્યાદા (વેદમાર્ગ)થી શુદ્ધ થયેલા કૃતાર્થ થાય છે. સંપૂર્ણ પાપનાશ તથા શુદ્ધિ માટે ભગવાનની કૃપા મેળવવા

જ પ્રયાસ કરવો જોઈએ. જેના પર પ્રભુની કૃપા હોય, તેને નામસેવનનું સંપૂર્ણ ફલ થાય છે, તેમ "साङ्केत्यं"- શ્લોક સાથેની સ્કન્ધની સંગતિ સૂચવે છે. પ્રાકૃતલોકોનાં પાપ પ્રભુનાં નામસ્મરણથી બળી જાય છે. ભક્તો માટે તો ભગવન્નામ સ્મરણભક્તિ છે, સ્નેહની સ્વાભાવિકતા છે, ફલરૂપ છે. સાધારણ લોકો ઉપર પ્રભુનાં નામ લેવાથી કૃપા થાય છે.

એક સમર્થ ભગવદ્ભક્ત. ચાચા હરિવંશજી તેમનું નામ. એક દિવસ શ્રીનાથજી માટે સામગ્રી લેવા બહારગામ ગયા. ચોમાસાના દિવસ હતા. પાછા આવતાં પરસાદ ખૂબ થયેલો. વચ્ચે નદીમાં ખૂબ પાણી ! સાંજ પડી ગઈ હતી. બીજે દિવસે મંદિરમાં ઉત્સવ હતો. સામગ્રી રાત્રે પહોંચાડવાની હતી. નદી ઊતરવાનું કોઈ સાધન દેખાતું ન હતું. ચાચાજી સાથે બીજા એક વૈષ્ણવ પણ હતા. તેમને ચાચાજીએ કહ્યું, - "હું જ્યાં પગ મૂકું ત્યાં તમે પગ મૂકીને પાછળ પાછળ આવો !" ચાચાજીએ નદીના પાણી પર ચાલવા માંડયું. જ્યાં પગ મૂકે ત્યાં પાણી પથ્થરની જેમ સ્થિર થઈ જતું ! ચાચાજી પ્રેમથી અષ્ટાક્ષરનો જપ કરતા જતા હતા. પાછળ ચાલતા વૈષ્ણવે વિચાર્યું, - "આ ચાચાજી અષ્ટાક્ષર બોલે છે. હું પણ અષ્ટાક્ષર બોલું છું, પછી તે પગ મૂકે ત્યાં જ શા માટે પગ મૂકું ? હું જુદો ચાલું !" અને પગ બીજે મૂકતાં જ પાણીમાં ડૂબવા માંડયું. બૂમ પાડી. ચાચાજીએ હાથ પકડ્યો. બહાર કાઢ્યા. આમ થવાનું કારણ પૂછયૂં. વૈષ્ણવે વિગત કહી. પૂછયૂં, - "અષ્ટાક્ષર બોલવા છતાં હું કેમ ડૂબ્યો ? તમે તો અષ્ટાક્ષરથી જ ચાલો છો !" સાંભળતાં ચાચાજી હસ્યા, બોલ્યાં, - "ભગવાને મારું સાંભળ્યું છે, તારું સાંભળશે !" અષ્ટાક્ષર એક જ, છતાં અનુભવ જુદો ! ભગવાનની કૃપાનુસાર ફલનો અનુભવ થાય. આ જ રીતે સ્વરૂપસેવામાં પણ કૃપાનુસાર ફલનો અનુભવ થાય.

વિષ્ણુદૂતો અજામિલને છોડાવીને ગયા. યમદૂતો પણ ચાલ્યા ગયા. અજામિલે સંવાદ સાંભળ્યો. ભગવન્નામનો પ્રભાવ જાણ્યો. આયુષ્ય વેડફી દીધું, - પાપાચરણ કર્યું, - તેનો ખૂબ પશ્ચાત્તાપ થયો. શેષજીવન ગંગાદ્વારમાં પ્રભુપરાયણ થઈને ગાળ્યું. ભગવન્નામ દેતાં મુક્ત થયો. અજાણતાં ભગવન્નામ લેવાથી લાભ થાય, તો શ્રદ્ધા અને સ્નેહથી નામસ્મરણ કરવાથી શું ન થાય ?

અધ્યાય : ૩

પોતાની આજ્ઞાનો લોપ થતાં યમરાજાએ પોતાના દૂતોને સમજાવેલો ભગવન્નામ - ભગવદ્ધર્મ - ભગવદ્ભક્ત - મહિમા :

રાજાએ પૂછ્યું, - "ધર્મરાજની આજ્ઞાનો લોપ થતાં તેમણેં શું કહ્યુ ?"

શ્રીશુકે યમરાજ અને દૂતનો સંવાદ સંભળાવ્યો. દૂતોએ યમરાજને વિગત વિદિત કરી, - "આ જગતમાં શાસન કેટલાનાં ચાલે છે ? અમને કોઈ ચાર ચતુર્ભુજ પુરુષોએ આવી અજામિલને લાવતાં અટકાવ્યા !" અનેક શાસક હોય તો શાસન વ્યવસ્થિત ન ચાલે. અનેકના અભિપ્રાય પ્રમાણે જ્યાં પ્રવૃત્તિ કરવાની હોય, ત્યાં અવ્યવસ્થા ઊભી થાય, - સફલતામાં સરલતા ન રહે !

યમરાજે કહ્યું, - "વિશ્વ ભગવાનને વશ છે. હું તો ભગવાનની આજ્ઞાનુસાર કામ કરું છું. તેમનો અધિકારી માત્ર છું.. ભગવાન્ પોતાના ભક્તોની રક્ષા કરે છે. ધર્મ તો પ્રભુપ્રણીત છે. તેનું

તત્ત્વ સમજવું સહેલું નથી. અમે બાર અધિકારીઓ ભગવાનના ધર્મને જાણીએ છીએ. બ્રહ્માજી, નારદ, શંકર, સનત્કુમાર, કપિલ, મનુ, પ્રહ્લાદ, જનક, ભીષ્મ, બલિ, શુકદેવજી અને યમરાજા ! "આ બધા અધિકારી તરીકે ભગવદ્ધર્મ જાણે છે, ભક્તિપૂર્ણોના (અનુગ્રહ રૂપ) ભગવદ્ધર્મો નહિ !" "અજામિલ ભગવાનનું નામ લેતાં, મુક્ત થઈ ગયો. ભગવાનનું નામ કૃતાર્થ કરનારું છે. જેનું મસ્તક ભગવાન્ શ્રીકૃષ્ણને નમતું ન હોય, જેની વાણી ભગવાનના નામનો ઉચ્ચાર કરતી ન હોય, જેનું ચિત્ત પ્રભુના પદારવિંદનું સ્મરણ ન કરતું હોય, તેવા ભગવત્કાર્યરહિતને તમે લાવજો ! ભગવાનના શરણાગતોને કરાલકાલ પણ કનડી શકતો નથી. ભગવદ્વિમુખને અનેક આપત્તિઓ અકળાવે છે.

યમરાજાના સંવાદથી અને શિવભક્ત મહર્ષિ અગત્સ્યજીએ કહેલા આ ઈતિહાસથી ભગવન્નામનો અપાર મહિમા દર્શાવ્યો.

અધ્યાય : ૪

ભગવાને રૂપ (ધ્યાન) થી કૃપા કરતાં, પ્રચેતસોના પુત્ર દક્ષને "હંસગુહ્ય"-સ્તોત્રથી પ્રસન્ન થઈને મિથુનધર્મથી સૃષ્ટિ વધવા વરદાન દીધું :

ભગવાન્ પોતાના સ્વરૂપના ધ્યાનથી પણ કૃપા કરે છે. (રૂપ) ધ્યાન પ્રકરણના ૧૪ અધ્યાયમાં તે બતાવે છે. દેવો પણ ભગવાનની કૃપા મેળવી કૃતાર્થ બને છે. ભગવાન્ અને ભગવાનની કૃપા સમર્થ અને સ્વતંત્ર છે. ભગવાને દક્ષ પર તપ:થી, તેના પુત્ર હર્યશ્વો પર જ્ઞાનથી અને દક્ષની પુત્રીઓ પર જગતનો ઉદ્ધાર કરવા કૃપા કરેલી. ૪ થી ૬ અધ્યાયમાં તેની કથા છે.

ચતુર્થ-સ્કન્ધમાં કહેલી પ્રચેતસોની કથાનું આમાં અનુસંધાન છે. રાજા પ્રાચીનબર્હિના દશ પુત્રો. પ્રચેતસ તેમનું નામ ! ભગવાનના ભક્ત હતા. પ્રભુસેવાને મુખ્ય સમજી તપશ્ચરણ કર્યું. પ્રભુ પ્રસન્ન થયા. વરદાન દઈને પધાર્યા, પછી પ્રચેતસો જલમાંથી બહાર આવ્યા. વૃક્ષો વધેલાં જોતાં ક્રોધ થયો. તપોરૂપ કઠિનકાર્યનો બોજ અકળાવે તે સ્વાભાવિક છે, પણ પ્રભુપરાયણને ક્રોધ ન શોભે ! ચન્દ્ર આવ્યા, સ્વભાવે તે શીતલ છે. તેમણે પ્રચેતસોને સમજાવ્યા. સત્સમાગમ થયો. સત્સંગ સાચી સમજ આપે અનર્થમાંથી ઉગારે. ક્રોધ તો સ્નેહ, શાંતિ અને વિવેકને બાળતો અગ્નિ છે. સંમોહથી બુદ્ધિનાશ પર્યંત તે પહોંચાડે, નાશ નોંતરે !

ચન્દ્રે વૃક્ષોએ પોષેલી વાર્ક્ષી કન્યા દીધી. પ્રચેતસો તેને વર્યા. પુત્ર થયો દક્ષ ! દક્ષે માનસસૃષ્ટિ કરી. વિશેષ સૃષ્ટિ માટે તપ: કરવા વિચાર્યું. અઘમર્ષણ-તીર્થમાં આવ્યા. "હંસગુહ્ય" - સ્તોત્રથી પ્રભુને પ્રસન્ન કર્યા. નમસ્કારપૂર્વક પ્રભુની શરણાગતિ અને ગુણાનુવાદ કર્યા. - "જેની અનંત શક્તિઓ-સંબંધમાં લોકો વાદવિવાદ કરે છે, જેની શક્તિઓથી સૌ મોહ પામે છે, તે અનંત ગુણવાળા ભૂમા ભગવાનને નમન !" ૨૩ થી ૩૪ શ્લોકમાં આ સ્તોત્ર છે.

ભક્તવત્સલ ભગવાન્ પ્રકટ થયા. પ્રજાની ઈચ્છાવાળા ભક્ત પ્રજાપતિ દક્ષને દર્શન દઈ કૃતાર્થ કર્યો. પંચજનની પુત્રી અસિક્ની સાથે વરવા આજ્ઞા કરી. મિથુનધર્મથી સૃષ્ટિ વધવા વરદાન દીધું. પ્રભુ તિરોહિત થયા.

અધ્યાય : ૫

દક્ષપુત્ર હર્યશ્વ અને શબલાશ્વ નારદજીના કૂટપ્રશ્નોના વિચારથી વિરક્ત થતાં દક્ષનો ભક્ત નારદજીને ભમતા રહેવાનો શાપ :

દક્ષને ત્યાં હર્યશ્વ નામના દશ હજાર પુત્રો થયા. સમાનશીલ હતા. પિતાની આજ્ઞાથી પ્રજાસર્જન પૂર્વે, તપઃ માટે નારાયણ-સરોવરે આવ્યા. પરમહંસ-ધર્મજ્ઞ હતા, છતાં તપઃ કરવા લાગ્યા ! દેવર્ષિ નારદે જોયા. જ્ઞાન દેવા કૃપા કરી. કૂટપ્રશ્ન પૂછ્યા. ચતુર કુમારોએ તેના ઉત્તર વિચાર્યા. પૃથ્વીનો અંત - એટલે લિંગદેહનો મોક્ષ. એક પુરુષવાળો દેશ - ઈશ્વર જેમાં વિરાજે છે તેવો દેહ, - પિંડબ્રહ્માંડ. બહાર નીકળવાનો માર્ગ ન મળે તેવું બિલ (ગુફા) -અક્ષરબ્રહ્મ, અનેક રૂપવાળી સ્ત્રી - બુદ્ધિ. પુંશ્ચલીનો પતિ - કામનાવાળો જીવ. બે તરફ વહેતી નદી - માયા. ૨૫ પદાર્થવાળું અદ્ભુત ઘર - શરીર. વિચિત્ર રસમય કથા કરતો હંસ - શાસ્ત્ર કે ગુરુજન. ભમતું તીક્ષ્ણચક્ર - કાલ. પિતાની યોગ્ય આજ્ઞા - શાસ્ત્રનો હિતકારક આદેશ. વિચારશીલ હર્યશ્વોને માર્ગ સમજાયો - જ્ઞાન થયું. સકામધર્મ-પરંપરામાંથી છૂટ્યા. સંતસમાગમે સત્ય-ઉત્તમ-સમજ મળે, પછી વ્યર્થ મોહ ન થાય, કોઈ કામના ન થાય.

હર્યશ્વો વિદાય થયા. દક્ષે જાણ્યું. સંતાપ થયો. પુનઃ હજાર પુત્ર શબલાશ્વ પ્રકટ કર્યા. તે તપઃ કરવા ગયા. નારદજીએ તેમને પણ પૂર્વવત્ જ્ઞાન દીધું. તે પણ ભાઈઓના માર્ગે ગયા. દક્ષે તે જાણ્યું. ખૂબ ક્રોધ આવ્યો.

नानुभूय न जानाति पुमान् विषयतीक्ष्णताम् ।
निर्विद्येत स्वयं तस्मान्न तथा भिन्नधीः परैः ॥ (४१)

વિષયની વિષમયતા, અનુભવ વગર સમજાય નહિ ! દોષના અનુભવથી વૈરાગ્ય સ્વયં આવે. અન્યના ઉપદેશથી આવેલો આવેશ, તો ઊભરા જેવો હોય, ઉતરી જતાં વાર ન લાગે ! ઉતાવળ અને અકળામણથી કરેલો ત્યાગ, અંતે અથડાવે, - અટકાવે, ભવમાં ભટકાવે ! અનુભવ અને અનુગ્રહથી થયેલો ત્યાગ તારે, - પાર ઉતારે !

લોકો લડાવી મારે તેને "નારદ" - કહે છે, પણ વાસ્તવમાં, નારદ તો દયાપૂર્ણ છે ! જ્ઞાનિ - ભક્ત છે ! "नराणां समूहः नारम् । तं द्यतीति नारदः ।"- નરસમૂહ નાર કહેવાય. તેનું ખંડન કરે - જુદા પાડે, તે નારદ. "वासे बहूनां कलहः ।"- બહુ ભેગાં થાય તો કલહ કરે ! સંસારીઓના જીવનના કલહ શમાવી, સાચાં સુખ-શાંતિ દેવા, સૌને સંસારના ઝઘડામાંથી છૂટાં પાડી, પ્રભુપથમાં પ્રેરે તે નારદ. "नारं ज्ञानं ददातीति नारदः ।"- જ્ઞાન દે તે, નારદ ! તે સાચું સમજાવે, સન્માર્ગે વાળે. નારદે પોતે જીવનમાં સાધુસેવા, સત્સંગ, ત્યાગ, તપઃ, ભજન, ભગવદ્ગુણાનુવાદ કર્યો છે. આચારનો પ્રભાવ ઉપદેશમાં ઉતરે છે. સ્વાનુભવે સૌને સમજાવે છે, તારે છે. ઉપબર્હણ ગંધર્વ તરીકે તેમને વિષયના વિષનો પણ અનુભવ છે. અનુભવ, આત્મજ્ઞાન અને અનુગ્રહ નારદજીને મળ્યાં છે.

દક્ષે દીકરાઓ ગુમાવ્યા. ગુસ્સો થયો. નારદનું સાચું સ્વરૂપ ન સમજાયું. શાપ દીધો, - "લોકમાં ભમ્યા કરજો. ઠરીને ઠામ નહિ થાવ !" નારદે શાપને આશીર્વાદ ગણીને વધાવી લીધો. સાધુજનની

સાધુતા શાપમાં પણ, સંતાપ વગર પ્રભુના પ્રતાપ વિચારે છે. - "સાધુ તો ફરતા ભલા !" "एतावान् साधुवादो हि तितिक्षेतेश्वरः स्वयम् ।"- સ્વયં સમર્થ હોવા છતાં સહન કરે, પ્રતિકાર ન કરે, પણ પ્રસન્ન રહે, - તે સાધુતા છે !

અધ્યાય : ૬

દક્ષની ૬૦ પુત્રીઓની પરંપરા :

પુત્રો પાછા ન આવતાં, પુત્રી રૂપ પ્રજા દક્ષે પ્રકટ કરી ! ૬૦ કન્યા થઈ. ૧૦ ધર્મને, ૧૩ કશ્યપને, ૨૭ ચન્દ્રને, ૨ ભૂતને, ૨ કૃશાશ્વને, ૨ અંગિરાને, ૪ તાર્ક્ષ્ય કાશ્યપને પરણાવી. તેમની પ્રજાઓ ત્રિલોકમાં ફેલાઈ. "द्विषट्" નો અર્થ મધ્યમપદ લોપી-સમાસથી બે વખત છ (બાર) જેમાં સમાય છે તે - ૧૩ ! તથા "સંભવ" - પ્રમાણથી ૧૩ માં ૧૨ સમાતા હોવાથી ૧૩ થાય !

કશ્યપમુનિ અને અદિતિના પુત્રો દેવતા રૂપ થયા. વિવસ્વાન્ અર્યમા, પૂષા, ત્વષ્ટા, સવિતા, ભગ, ધાતા, વિધાતા. વરુણ, મિત્ર, ઈન્દ્ર અને ઉરુક્રમ (વામનજી) આ બાર પુત્ર થયા.

ત્વષ્ટા દૈત્યની નાની બહેન રચનાને વર્યા. તેના પુત્ર વિશ્વરૂપ થયા. બૃહસ્પતિએ દેવોનો ત્યાગ કર્યો, ત્યારે વિશ્વરૂપને ગુરુ બનાવ્યા.

અધ્યાય : ૭

ભગવદિચ્છાથી, સત્તા - સંપત્તિથી પ્રમત્ત ઈન્દ્રે ગુરુની અવજ્ઞા કરી, બૃહસ્પતિજી જતાં વિશ્વરૂપને ગુરુ બનાવ્યા :

વત્સલ ગુરુ અને સ્નિગ્ધ શિષ્યના સમાગમથી સદ્‌વિદ્યાની સફલતા સધાય, સરસ્વતી રસવતી બને, સદુપદેશની સ્રોતસ્વિની સ્રવે ! સત્તા અને સંપત્તિ સ્નિગ્ધતાને પ્રાયઃ શોષે છે ! ઈન્દ્ર દેવરાજ છે. દેવ સાત્ત્વિક હોય. તેમાં સ્નિગ્ધતા સ્વાભાવિક હોય, છતાં સત્તા અને સંપત્તિથી સ્નિગ્ધતા ગઈ. સ્નેહ શોષાયો, પ્રમાદ પોષાયો !

દેવસભામાં ઈન્દ્ર બેઠા હતા. બૃહસ્પતિ પધાર્યા. ઈન્દ્રે જોયા, છતાં ઈન્દ્રે અવજ્ઞા કરી. આસનેથી ઊભો ન થયો. માનનીયજન કે ગુરુજન આવે ત્યારે, આસનેથી ઊભા થઈને આદર અપાય, નહિ તો અવજ્ઞાનો અપરાધ લાગે ! બૃહસ્પતિ વાચસ્પતિ છે. જ્ઞાન અને સદુપદેશ - પરાયણ મુનિવર છે, મનનશીલ, શાંત, તપસ્વી છે, "सुरासुरनमस्कृत" છે. ગુણીઅલ - વત્સલ છે. ચતુર, વત્સલ ગુરુએ શિષ્યનો પ્રમાદ જોયો. આદરને બદલે અવજ્ઞા જોઈ. ભગવદિચ્છા સમજ્યા. શાંત રહ્યા. પાછા ફર્યા.

પ્રભુએ જ કૃપા કરવા માટે આ પ્રસંગ યોજ્યો ! ગુરુ બૃહસ્પતિ મર્યાદા રૂપ છે. ઈન્દ્ર તેમના દ્વારા વિજય મેળવે છે, પણ તેમાં પ્રભુનો પ્રભાવ દેખાતો નથી. પોતાના સામર્થ્ય - સાધનની મહત્તા ઈન્દ્ર માને છે. ગુરુ ગયા પછી ભાન આવ્યું. પસ્તાવો થયો. ગુરુને શોધ્યા. ન જડ્યા. બ્રહ્માને વિનંતી કરી. બ્રહ્માએ ભગવદિચ્છા જાણી. ત્વષ્ટાના પુત્ર વિશ્વરૂપને ગુરુ બનાવવા સૂચવ્યું.

સાચા માર્ગદર્શક-ગુરુ-વિના, જીવનનૌકા ભવસાગરમાં સલામત ન રહે. ઈન્દ્રિયના વિષયો અને અંતઃકરણની વાસનામાં વિષ, જીવનને વિષમય બનાવી દે. સંપત્તિ, સત્તા અને સંસારના

સહચારમાં જીવતાં, શાંતિ અને સન્માર્ગ માટે સદ્‌ગુરુ અવશ્ય જોઈએ. ગુરુ વગર જ બધું અઘરું લાગે. ભ્રાન્તિ અને ધર્માભાસ દૂર કરી, ગુરુ સાચો ધર્મ સ્પષ્ટ સમજાવે છે. શિષ્યથી ગુરુના લૌકિક-વ્યવહારમાં દોષ ન શોધાય. બ્રહ્માએ સ્પષ્ટ કહ્યું, - "यदि क्षमिष्यध्वमुतास्य कर्म ।"- "વિશ્વરૂપનું કર્મ સહી શકો તો, તે તમારું કાર્ય સિદ્ધ કરશે !". ગુરુ પાસેથી આદરપૂર્વક જ્ઞાન લેવાય. દોષ દેખીએ તો મન બગડે, આદર ન રહે. આદર વગરની વિદ્યા-ભાખરિયું ભણતર કે રોટલારળતર બની જાય, દિવ્યતા કે ભવ્યતા તેમાં ન આવે ! વિપ્ર, વિભુ, વૈષ્ણવ અને ગાયને પૂજ્ય ગણનારનું અકલ્યાણ થતું નથી.

સ્વજનોમાં દિવ્ય - આદર્શ :

દેવોએ બ્રહ્માના સૂચનથી વિશ્વરૂપને વિનંતી કરી. ભગવાને વિશ્વરૂપમાં તપ:, જ્ઞાન અને ઉદ્ધારસામર્થ્ય મૂક્યાં છે. દેવોએ વિશ્વરૂપના સામર્થ્યનો લાભ ઈચ્છ્યો, દેવો અતિથિ રૂપે આવ્યા હતા. બોલ્યા, - "आचार्यो ब्रह्मणो मूर्तिः ।" વિચાર, આચાર અને ઉપદેશની ત્રિવેણી એટલે આચાર્ય ! તે વેદમૂર્તિ છે. વેદમાં વર્ણવેલા ધર્મોને જીવનમાં વણી લઈ, વાણીથી અન્યના ઉદ્ધાર માટે આપે, - તે આચાર્ય! - વેદમૂર્તિ-જીવંતવેદ છે! "पिता मूर्तिः प्रजापतेः ।"- પિતા પ્રજાપતિનું સ્વરૂપ છે. પ્રજાપતિની આજ્ઞા ન ઉથાપાય. પિતાની આજ્ઞા પણ પાળવાની હોય. "भ्राता मरुत्पतेर्मूर्तिः ।"- ભાઈ વાયુ સ્વરૂપ છે. જીવનમાં સાનુકૂલ પવન બની પાવન કરે તે,- ભાઈ ! ભય દૂર કરે,- તે ભાઈ ! આપત્તિમાં પવન વેગે દોડતો આવે અને બદલાની આશા વિના દૂર ચાલ્યો જાય, પ્રતિક્ષણ જીવન નિભાવે, પણ જાહેરાત ન કરે ! "माता साक्षात्क्षितेस्तनुः ।"- ક્ષમા અને સહનશીલતા સાથે સ્નેહની ત્રિવેણી મામાં હોય ! તે મા પૃથ્વીની મૂર્તિ છે. "दयाया भगिनी मूर्तिः ।"- બહેન દયાનું સ્વરૂપ છે. યાદ કરે, પણ ફરિયાદ ન કરે, તે બહેન દયામૂર્તિ છે. "अग्नेरभ्यागतो मूर्तिः ।"- અભ્યાગત - કાંઈક ઈચ્છાથી આવનાર - અગ્નિ રૂપ છે. કાંઈ ન મળે તો હૃદયનો સંતાપ અને નિ:શ્વાસના તણખા વેરતો જાય. "धर्मस्यात्मातिथिः स्वयम् ।"- આવવાની તિથિ નક્કી ન હોય તે,- અતિથિ ! અણધાર્યો આવે તે સ્વયં ધર્મ રૂપ છે. અણધાર્યા આવનારનું પ્રસન્નતાપૂર્વક ઉત્તમ રીતે સ્વાગત કરવામાં સ્વધર્મની પરીક્ષા છે. "सर्वभूतानि चात्मनः ।"- પ્રાણી માત્ર પ્રભુની પ્રતિમા છે. પ્રાણીમાં પ્રાણ સાથે પ્રભુ પધારે છે, અંત પર્યંત વિરાજે છે.

વિશ્વરૂપે વૈષ્ણવી-વિદ્યાથી ઈન્દ્રને વિજયી બનાવ્યો :

પોતાના પુરોહિત થવા દેવોએ વિશ્વરૂપને વિનંતી કરી. વંદન કર્યાં. વિત્ત, વય કે વપુને નહિ, વિદ્યા અને વિભુની વિભૂતિને વંદન થાય છે. વિશ્વરૂપે દેવોનું પુરોહિતપણું સ્વીકારવાની ઈચ્છા ન બતાવી. સત્તા અને સંપત્તિવાળાના પુરોહિત થતાં, સન્મતિ અને સ્વમાન સાચવવાં સહેલાં ન રહે, છતાં વિશ્વરૂપે મોટાનું માન રાખવા, પુરોહિતપદ સ્વીકાર્યું ! જેની દૃષ્ટિ આગળ યજમાનનું હિત સતત રહે તે, - પુરોહિત ! શુક્રાચાર્યની સંજીવની વિદ્યાથી વિજયી થયેલા દાનવો પાસેથી, વૈષ્ણવીવિદ્યા દ્વારા સંપત્તિ અને સત્તા પાછી લઈને વિશ્વરૂપે મહેન્દ્રને દીધી.

અધ્યાય : ૮

ભગનન્નામ મંત્રરૂપ, "નારાયણ - કવચ" અને તેનો પ્રભાવ :

રાજાએ રમતમાત્રમાં વિજય દેનારા તે - "નારાણય-કવચ"ની વિગત પૂછી.

શ્રીશુકે તેનું વર્ણન કર્યું. સર્વત્ર રક્ષા કરે છે આ કવચ. નારાયણનાં નામ મંત્રરૂપ છે. તે રક્ષણ કરે છે, માનવને નિર્ભય, સત્ત્વશીલ, સમર્થ બનાવે છે. બધાં મંત્રરૂપ સ્તોત્રમાં ઋષિ, દેવતા, બીજ, કીલક, છંદઃ હોય. નારાયણ-કવચ સ્વયં ભગવન્નામ રૂપ હોવાથી તેમાં તેવો ક્રમ નથી !

કોઈ પણ પ્રકારનો ભય આવતાં, આ નારાયણ-કવચ ધારણ કરવું. હાથપગ ધોઈ, આચમન કરી, દર્ભની પવિત્રી ધારણ કરી, ઉત્તરાભિમુખ બેસી, કરન્યાસ અને અંગન્યાસ કરવા. "ॐ नमो नारायणाय"- મંત્રથી અંગન્યાસ કરવા. ઊલટા ક્રમના અક્ષરોથી પણ થઈ શકે. "ॐ नमो भगवते वासुदेवाय"- દ્વાદશાક્ષર- મંત્રથી કરન્યાસ કરવો. "ॐ विष्णवे नमः"- મંત્રથી અંગન્યાસ કરવા, ભગવાનનું ધ્યાન કરવું.

ॐ हरिर्विदध्यान्मम सर्वरक्षां न्यस्ताङ्घ्रिपद्मः पतगेन्द्रपृष्ठे ।
दरारिचर्मासिगदेषुचापपाशान् दधानोऽष्टगुणोऽष्टबाहुः ॥ (૧૨)

શ્રદ્ધા અને આદરપૂર્વક સ્તોત્રનો પાઠ કરવો.

આ કવચ ધારણ કરનાર જેને જુએ કે પગથી સ્પર્શે, તે પણ ભયમુક્ત બને ! કૌશિકબ્રાહ્મણે આ કવચ ધારણ કરેલું. રણમાં તેણે શરીર છોડેલું. તેના પરથી પસાર થવા માત્રથી ચિત્રરથ વિમાન સાથે પડ્યો. વાલખિલ્ય મુનિના કહેવાથી પ્રાચીસરસ્વતીમાં બ્રાહ્મણનાં અસ્થિ પધરાવી સ્વધામ ગયો.

આ કવચને સાંભળે કે ધારણ કરે તે નિર્ભય બને ! આ વિદ્યાથી ઈન્દ્રને ત્રિલોકનો વિપુલવૈભવ મળ્યો, વિજયને વર્યો.

અધ્યાય : ૯

દેવ-માનવ-દાનવરૂપ, ઉપકારક વિશ્વરૂપને અસુરોને યજ્ઞભાગ દેતો જોતાં અધર્મને અટકાવવા ઈન્દ્રે તેનો વધ કર્યો !:

વિશ્વરૂપ આચાર્ય રૂપે દેવો માટે ઉપકારક થયો, પણ સ્વાર્થ હૃદયને સંકુચિત બનાવે છે, ઉપકાર ભુલાવે છે ! સ્વાર્થવશ વિજયી ઈન્દ્રને વિશ્વરૂપમાં ઉપકારને બદલે અપરાધ દેખાયો. વિશ્વરૂપને ત્રણ મસ્તક હતાં. તે સોમ, સુરા અને અન્નને અનુકૂલ હતાં. વિશ્વરૂપ સર્વ રૂપ છે. વિશ્વમાં વ્યક્તિનાં ત્રણ રૂપ - દેવ, માનવ અને દાનવો. ભોગ (સ્વાર્થ), દયા અને ક્રૂરતા તેનાં ચિહ્નો છે. ભોગ-પરાયણ દેવ, દયાપૂર્ણ માનવ અને ક્રૂરતા આચરે ત્યારે દાનવ ! વ્યકિતમાં ત્રણ પાસાં દેખાય છે, પ્રસંગે પ્રકટ થાય છે. વિશ્વરૂપમાં આ ત્રણ સમાયેલાં છે.

પહેલાં તે અન્ન ખાનાર મનુષ્ય હતો, તેથી તેણે દેવો પર દયા કરી. દેવોનો પુરોહિત થતાં તે દેવ રૂપ થયો, ભોગરત થયો, પછી તેણે પોતાની માના સ્નેહને વશ થઈને, અસુર-પક્ષને પરોક્ષમાં યજ્ઞભાગ દેવા માંડયો, તેથી દૈત્ય થયો. ક્રૂરતા આવી. વિશ્વરૂપ મર્યાદાપુષ્ટિમાં છે ! ભગવાને તેનામાં

પોતાના જેવા પાંચ ગુણો મૂક્યા છે, છઠ્ઠો વૈરાગ્ય ઓછો છે. પ્રભુએ તેને તપઃ, જ્ઞાન અને વિશ્વોદ્ધાર આપ્યાં છે. વૈરાગ્ય વગર સઘળા ગુણો ગૌણ બને છે. વૈરાગ્ય વગર વિભુથી વિમુખ પણ થવાય છે !

ઈન્દ્રે દૈત્યોને દેવાતો યજ્ઞભાગ જોયો, અધર્મ ઓળખ્યો. તે અટકાવવા વિશ્વરૂપનો વધ કર્યો. ભગવાને ઈન્દ્ર પર પુષ્ટિ-કૃપા-કરવા વિશ્વરૂપનો વધ થવા દીધો !

ભગવાનને જો કૃપા ન કરવી હોત તો, દેવસભામાં અનાદર થતાં બૃહસ્પતિ ચાલ્યા ન જાત, પણ શાપ આપત ! બ્રહ્માજી વિશ્વરૂપને ગુરુ તરીકે સ્વીકારવા દેવોને ન કહેત, નારાયણ-કવચવાળા વિશ્વરૂપનો વધ ન થાત ! ભગવાને તપઃ, જ્ઞાન અને વિશ્વોદ્ધાર, વિશ્વરૂપ પાસેથી ઈન્દ્રને વગર સાધને આપ્યાં, કૃપા કરી !

ઈન્દ્રને લાગેલી બ્રહ્મહત્યા ભગવાનની કૃપાથી ભૂમિ-વૃક્ષ-સ્ત્રી-જલે-વહેંચી લીધી ! :

વિશ્વરૂપે પ્રભુની ઈચ્છા જાણ્યા વિના નારાયણ-ક્વચ ઈન્દ્રને આપ્યું, અપરાધ થયો, તેથી વધ થયો. વધ કરવાથી ઈન્દ્રને બ્રહ્મહત્યા લાગી. ઈન્દ્રે બે હાથથી વધ કરેલો, તેથી પાપને તેણે ખોબામાં લીધું. આધ્યાત્મિક પાપને વર્ષ સુધી અંજલિમાં રાખ્યું, પછી પ્રભુના ભક્તોએ કૃપા કરી. સદ્રૂપ ભક્ત ભૂમિ, ચિદ્રૂપ વૈષ્ણવ વૃક્ષો અને આનંદરૂપ લક્ષ્મ્યંશરૂપ સ્ત્રીઓએ સચ્ચિદાનંદ રૂપ પ્રભુની ઈચ્છાથી અનુકંપા કરી ! ભગવાનની કૃપાથી પાપ બીજામાં મૂકી શકાયું. વેદમાં ભૂમિ, વૃક્ષ અને સ્ત્રીઓમાં બ્રહ્મહત્યા મૂકી તેમ કહ્યુ છે. ભાગવતમાં જલનો પણ ઉલ્લેખ છે, તેમાં વિરોધ નથી.

બ્રહ્મહત્યા ભૂમિમાં ખારાશ રૂપે, વૃક્ષોમાં નીકળતા રસ (ગુંદરાદિ) રૂપે, સ્ત્રીમાં રજો રૂપે (રજસ્વલા- ધર્મ રૂપે) અને જલમાં ફીણ કે પરપોટા રૂપે દેખાય છે !

ખારી જમીનમાં ન પાકે. "अन्नं ब्रह्म।"- અન્ન બ્રહ્મ રૂપે પોષક છે. ખારી જમીનમાં વાવેલાં બી વેડફાય, અન્ન નકામું જાય. તે બ્રહ્મહત્યા રૂપ ! ગુંદર જેવા પદાર્થો બુદ્ધિને જડ બનાવે. વિદ્યા, વેદ યાદ ન રહે. ભુલાઈ જાય. વેદ-વિદ્યા બ્રહ્મ રૂપ. ભુલાવું તે હત્યા રૂપ ! રજસ્વલા-ધર્મના દિવસોમાં ધર્મ કે દેવાદિનાં કાર્ય કે સ્પર્શાદિ ન થાય. વેદમાં કહેલાં ધર્મકાર્ય ગૃહસ્થ માટે વિલંબમાં મુકાય. વેદકાર્ય બ્રહ્મરૂપ અને તેમાં વિક્ષેપ હત્યારૂપ ! જલમાં ફીણ કે પરપોટા હોય તો અર્ધ્યાદિ ન દેવાય, વેદ-દેવ-કાર્યમાં ન વપરાય. અર્ધ્યાદિ વેદોક્ત-બ્રહ્મરૂપ. તેમાં અનુપયોગિતા હત્યારૂપ ! ભૂમિએ ખાડા પુરાવા, વૃક્ષોએ કપાવા છતાં ઊગવા, સ્ત્રીઓએ કામલાભ અને જલે ઘટવા છતાં પુનઃ વધવાની કૃપા મેળવી. પ્રભુકૃપા વિના આ પણ સંભવે નહિ !

ત્વષ્ટાએ વિશ્વરૂપનું વૈર લેવા ઈન્દ્રને મારે તેવો પુત્ર મેળવવા કરેલા યજ્ઞમાં ભગવાને કૃપાથી મંત્રમાં ઉચ્ચારની ભૂલ કરાવતાં ઈન્દ્ર-શત્રુ વૃત્ર પ્રકટ થયો :

પોતાના પુત્ર વિશ્વરૂપને ઈન્દ્રે માર્યો, તેથી ઈન્દ્રને મારે તેવો પુત્ર પ્રાપ્ત કરવા ત્વષ્ટાએ ઈચ્છા કરી. અભિચાર-કર્મમાં ત્વષ્ટા પ્રવૃત્ત થયા. "स्वाहेन्द्रशत्रो वर्धस्व"- કહી ઉચ્છિષ્ટસોમનો હોમ કર્યો ! આહવનીય-હોમ કરી, પછી પાછળ ફરીને દક્ષિણાગ્નિમાં હોમ કર્યો. ક્રૂર-હોમ દક્ષિણાગ્નિમાં થાય. વૈદિક-કર્મ નિષ્ફલ ન જાય, ઈચ્છેલી કામના પૂર્ણ કરે. "इन्द्रशत्रो विवर्धस्व"- મંત્ર બોલતાં "शत्रो"નો સ્વર ઉદાત્ત કરી, લંબાવીને બોલતાં ભાર મુકાય, તો ષષ્ઠીતત્પુરુષ થાય. ઈન્દ્રનો શત્રુ એવો અર્થ થાય,

શત્રુથી મુખ્યતા અને ઈન્દ્રની ગૌણતા થાય. ઈન્દ્રને મારે તેવો પુરુષ પ્રકટ થાય, પણ પ્રભુએ પોતાના કૃપાપાત્ર ઈન્દ્રની રક્ષા કરી અને કૃપાપાત્ર વિદ્યાધર, પાર્વતીના શાપમાંથી મુક્ત થાય તે પણ વિચાર્યું. પ્રભુ પોતાના કૃપાપાત્રની રક્ષા, વિચારી પણ ન શકાય તેવી રીતે, સર્વત્ર સર્વદા સર્વથા કરે છે !

પ્રમાદ અને પ્રકૃતિ-પરવશ ત્વષ્ટા થયા. સ્વરભંગ થયો. ''आद्य''- ઉદાત્ત લેવાયો. ''इन्द्र''- પદ લંબાયું, પરિણામે બહુવ્રીહિસમાસ થયો. "ઈન્દ્ર જેનો શત્રુ છે," - તેવો અર્થ થાય. તેમાં ઈન્દ્રની મુખ્યતા થાય, તેથી ઉત્પન્ન થનાર ઈન્દ્રનો શત્રુ થાય, પણ ઈન્દ્રને મારી ન શકે !

ત્વષ્ટાને ભૂલ સમજાતાં પુનઃ સુધારી લીધી, પરિણામે વૃત્ર ઈન્દ્રનો શત્રુ થયો, પણ મારી ન શક્યો, પણ ઈન્દ્રને ગળી શક્યો. મંત્રમાં થતો દોષ યજમાનનું અહિત કરે છે.

ત્વષ્ટાના અભિચારકર્મથી ભયંકર દેખાવનો પુરુષ પ્રકટ થયો. ''येनावृता इमे लोकाः ।''- સમસ્ત વિશ્વને ઘેરી લેનાર - આવૃત કરનાર - તે તમો રૂપ વૃત્રાસુર થયો. વધેલા સોમમાંથી થયેલો અસુર વધ્યો, - વૃત્ર કહેવાયો ! ત્વષ્ટાની અંતઃકરણની ભાવનાની ભયંકરતા - અસુરતાથી પણ તે અસુર થયો. કોઈ પણ કાર્યના પરિણામમાં, અંતઃકરણની ભાવનાને અનુરૂપ અસર અવશ્ય આવે છે.

દેવોએ વૃત્રાસુરના ત્રાસમાંથી બચવા માટે ભગવાનનું ઉપસ્થાન કર્યું ! : ભગવાન્ સિવાય બીજો કોઈ ઉદ્ધાર કરી ન શકે : કોઈ કલ્પિત-વાદ ભગવાનનું વર્ણન કરી શકતો નથી, ભગવાન્ બધા વાદોને અનુકૂલ થાય છે, તેથી વાદોનું પ્રામાણ્ય છે! : ભગવાન્ કલ્યાણ - કલ્પતરુ છે :

अविस्मितं तं परिपूर्णकामं स्वेनैवलाभेन समं प्रशान्तम् ।
विनोपसर्पत्यपरं हि बालिशः श्वलाङ्गुलेनातितितर्ति सिन्धुम् ॥ (२२)

પૂર્ણકામ પ્રભુ સિવાય અન્ય દ્વારા ઉદ્ધારની અપેક્ષા રાખનાર બાલિશ છે, કૂતરાની પૂંછડી પકડીને સાગર તરવા ઈચ્છે છે ! શરણ્ય ભગવાનને શરણે દેવો ગયા. સ્વજનનું શ્રેયઃ સમર્થ પ્રભુ કરશે, તેવી શ્રદ્ધા વ્યક્ત કરી. પ્રભુએ પ્રકટ થઈ સ્વકલા રૂપ ૧૬ પાર્ષદો સાથે દર્શન દીધાં. પાર્ષદો પ્રભુ-સમાન છે, માત્ર શ્રીવત્સચિહ્ન અને કૌસ્તુભમણિ નથી ! દેવોએ સ્તુતિ કરી, પ્રભુનો વિરુદ્ધધર્માશ્રય કહ્યો,-

समविषममतीनां मतमनुसरसि यथा रज्जुखण्डः सर्पादिधियाम् । (३७)

''स एव हि पुनः सर्ववस्तुनि वस्तुस्वरूपः ।'' - ભગવાન્ સર્વમતને સાનુકૂલ થાય છે ! મત ભગવાનનું નિરૂપણ કરી શકતા નથી. (શ્રીમહાપ્રભુજી) શ્રીવલ્લભાચાર્યજી આજ્ઞા કરે છે. ''सर्ववादानवसरं नानावादानुरोधि तत् ।''- કોઈ કલ્પિતવાદ પ્રભુને વર્ણવી શકતો નથી. વિવિધ વાદોને અનુકૂલ ભગવાન્ થાય છે ! માયામોહિત બુદ્ધિવાળાને બધું માયામય ભાસે છે. દોરડી હોવા છતાં, જેની બુદ્ધિ માયાથી મોહ પામી છે, - તે તેને સર્પ સમજે છે. તેને સર્પનો જ આભાસ રહે છે, પણ દોરડીની સમજવાળા માટે તે દોરડી જ છે. દોરડી બદલાતી નથી. માણસની સમજ જુદી થાય છે, ભ્રમ થાય છે. તેમ આ વિશ્વ બ્રહ્મરૂપ જ છે. વસ્તુ માત્ર ભગવાન્ છે, સર્વ વસ્તુમાં વસ્તુરૂપ ભગવાન છે, તેથી વસ્તુ વસ્તુ તરીકે સાચી જ છે. વસ્તુ ભગવાન્ છે, તે આપણને સમજાતું નથી. વસ્તુ છે, - તેટલું જ સમજાય છે. તે આપણી સમજ ખોટી છે, પણ વસ્તુ સાચી છે. દા.ત. ટેબલ. ટેબલ વાસ્તવમાં

ભગવાને ધારણ કરેલું એક રૂપ છે. ટેબલ તરીકેના જરૂરી ગુણધર્મો તેણે પ્રકટ કર્યા છે. બાકીના પ્રકટ નથી કર્યા, તેથી ટેબલ છે, - તે સાચું છે. વસ્તુ તરીકે તે ભ્રમ નથી, - ખોટું નથી; પણ આપણે તેને ભગવાન્ તરીકે જાણતા નથી. ભગવાનને બદલે માત્ર ટેબલ તરીકે જ જાણીએ છીએ. તે આપણી સમજ સાચી નથી, ભ્રમ છે. દોરડી હોવા છતાં, અજ્ઞાનથી સાપ રૂપે દેખાય તેમ ! ભગવાન્ હોવા છતાં, તે ટેબલ રૂપે દેખાય-સમજાય-અનુભવાય. સાપ રૂપે દેખાતી દોરડીને અજવાળું થતાં કે અડકતાં ભ્રમ જતો રહે, દોરડી જ છે, - તેવો નિર્ણય થાય, તેમ બ્રહ્મજ્ઞાનથી કે ભક્તિથી અંતઃકરણ નિર્મલ થતાં, સર્વત્ર વિરાજતા ભગવાન્ સમજાય - અનુભવાય ! ભગવાન્ ભક્તોના કલ્યાણ - કલ્પતરુ છે. દેવોએ આપત્તિમાંથી ઉદ્ધાર પૂછ્યો.

વિશ્વકલ્યાણ માટે, જ્ઞાન-પ્રચાર માટે, પ્રાણદેવા-તત્પર દધીચિનાં અસ્થિ-વજ્રથી વિજય મેળવવાનો ઉપાય ભગવાને દેવોને બતાવ્યો :

ભગવાને બ્રહ્મજ્ઞાની દધીચિ-ઋષિના અસ્થિના વજ્રથી વૃત્રને હણવાનો ઉપાય બતાવ્યો. વિદ્યા, વ્રત અને તપઃ કે સેવાદિધર્મો માત્ર બાહ્યક્રિયા રૂપે ન રહેવાં જોઈએ, આત્મસાત્ થવાં જોઈએ, જીવનક્રમમાં સ્વાભાવિક્તાથી વણાઈ જવાં જોઈએ ! જ્ઞાન દધીચિના માત્ર મસ્તકમાં રહ્યું નથી, રોમેરોમમાં વ્યાપી ગયું છે.

વિશ્વમાં વ્યાપેલા મોહ કે વિલાસરૂપ વૃત્રાસુરને વધતો અટકાવવા, તેનો વધ કરવા, વિદ્યા-વ્રત અને તપઃ કે સેવાદિધર્મો જીવનમાં વણાઈ જવાં જોઈએ. વૃત્ર (અભિચાર) કર્મમાંથી જન્મ્યો છે. કર્મનો નાશ જ્ઞાનથી થાય. - ''ज्ञानाग्निःसर्वकर्माणि भस्मसात् कुरुतेऽर्जुन ।''- ગીતામાં પ્રભુએ સ્પષ્ટ કહ્યું છે.

ઉદાર મુનિ દધીચિજી છે. જ્ઞાનપ્રચાર માટે પ્રાણદાન કરે તેવા સન્નિષ્ઠ છે ! અશ્વિનીકુમારોને બ્રહ્મજ્ઞાન દેતાં અટકાવવા ઈન્દ્ર મસ્તક કાપવા તૈયાર થયો, છતાં તેની પણ પરવા વિના જ્ઞાન દીધું હતું. વિશ્વરૂપને નારાયણ-કવચ મહર્ષિ દધીચિએ દીધું છે. પ્રભુએ પોતાનું તેજઃ પણ ઈન્દ્રને દેવાનું વચન દીધું. કલ્યાણ થવા કહ્યું.

અધ્યાય : ૧૦

ઉદાર દધીચિજીએ સમાધિથી શરીર છોડ્યું, દધીચિના સામર્થ્ય અને ભગવાનના તેજઃના પ્રભાવથી ઈન્દ્રે દૈત્યોને મારતાં વૃત્રનું સેનાને સાન્ત્વન :

ઈન્દ્રને આદેશ દઈ ભગવાન્ તિરોહિત થયા. દેવોએ દધીચિને વિનવ્યા. સ્વાર્થને આંખ ન હોય. પોતાના ક્ષુલ્લક સુખ માટે સામાને થતું દારુણ દુઃખ પણ સ્વાર્થી જોતો નથી ! સ્વાર્થી સામાનું સંકટ વિચારે તો કોઈ પાસે કાંઈ માગે નહિ.

ઉદાર મુનિએ સમાધિથી શરીર છોડ્યું. "પ્રભુ પ્રસન્ન થાય !" - એ એક જ જીવનધ્યેય વિપ્ર અને વૈષ્ણવનું હોય. પોતાનું સર્વસ્વ પ્રભુની પ્રસન્નતા માટે સમર્પણ કરી દેવાની તેની તૈયારી હોય. શરીર અને સ્વાન્તઃથી શરણાગતિ પ્રભુની કરી, આનંદથી પ્રભુએ દીધેલા સમર્પણપ્રસંગને તે વધાવી લે. દધીચિએ પ્રસન્નતાથી દેહનું દાન કર્યું. બ્રહ્મહત્યા ન લાગે તેથી, ઋષિએ સમાધિથી શરીર છોડ્યું,

પ્રભુની કૃપાએ ઈન્દ્ર અપરાધમાંથી ઊગર્યો.

વિશ્વકર્માએ અસ્થિમાંથી વજ્ર બનાવ્યું. દધીચિના સામર્થ્ય અને ભગવાનના તેજઃથી પ્રતાપયુક્ત ઈન્દ્ર, વૃત્ર સામે યુદ્ધમાં આવ્યો. ત્રેતાયુગના આરંભમાં, નર્મદા-કિનારા પર દારુણ યુદ્ધ થયું. દૈત્યને માર પડ્યો. દોડવા લાગ્યા. વૃત્રે આશ્વાસન દીધું,- મરવાનું નક્કી છે, તો યશઃ અને સદ્‌ગતિ મળે તેમ શા માટે ન મરવું ? બે રીતે મરણ ઉત્તમ. - ભગવાનનું ધ્યાન કરતાં યોગરત થઈને દેહ છોડવો અથવા સદ્ધર્મ કે દેશ માટે દેહ પાડવો, રણમેદાનમાં કર્તવ્યનિષ્ઠાથી સામે મોંએ મરવું !

અધ્યાય : ૧૧

યુદ્ધમાં ઈન્દ્રને ભક્ત વૃત્રનું ભક્ત-વીરોચિત-વિધાન :

વૃત્રાસુરનાં વચન વીરોચિત છે. અસુરોએ ન સ્વીકાર્યાં. વૃત્રે ઈન્દ્રને પડકાર કર્યો. પરસ્પર ભયંકર યુદ્ધ શરૂ થયું. પ્રચંડ પરાક્રમ બતાવી વૃત્રે ઈન્દ્રના હાથમાંથી છૂટેલી ગદા નિષ્ફળ કરી. ઈન્દ્ર અકળાયો, સ્તબ્ધ થયો. વૃત્રે વીરોચિત રીતે વજ્રનો ઉપયોગ કરવા કહ્યું, - "વજ્રમાં દધીચિ અને પ્રભુનો પ્રભાવ છે, નિષ્ફળ નહિ જાય. શત્રુવધ કર. જ્યાં પ્રભુ હોય ત્યાં વિજય, શ્રી અને ગુણો અવશ્ય આવે !" ભગવાનના ભક્તો નિષ્ફળતાથી નિરાશ થતા નથી; દુઃખથી ડરતા નથી, ડગતા નથી, દબાતા નથી, દુભાતા નથી, ડઘાતા નથી, પ્રતિકૂલતાને પણ વધાવી લઈને પ્રભુનો આદર કરે છે ! વૃત્ર સમજે છે, કે પ્રભુ હોય ત્યાં જ વિજય, લક્ષ્મી, ગુણો હોય !

અર્જુને મહાભારતના યુદ્ધ વખતે નિઃશસ્ત્ર પ્રભુને જ પોતાના પક્ષમાં માગ્યા. દુર્યોધન પ્રભુની સેના લઈ ગયો, છતાં પરાભવ થયો. પ્રભુ પાંડવ-પક્ષે હતા. વિજયલક્ષ્મી પાંડવોને વર્યાં; પાંડવોના પરાક્રમથી નહિ, પણ પ્રભુના પ્રભાવથી અને સ્વભાવથી ! સંજયે ગીતાના અંતે, પોતાનો સ્પષ્ટ અભિપ્રાય ધૃતરાષ્ટ્રને દીધો છે, - "यत्रयोगेश्वरः कृष्णः" સૌથી પહેલાં પ્રભુ ગણાવ્યા, પછી પાર્થ - અર્જુન ! પ્રભુની પ્રસન્નતા અને પુરુષનો પ્રયત્ન હોય ત્યાં, પરિણામે શ્રી, વિજય, વિભૂતિ, દૃઢનીતિ અવશ્ય આવે.

વૃત્રને તો મરણમાં પણ મધુર મિલન પ્રભુનું દેખાતું હતું, અસુરદેહ રૂપ અવરોધ ટળતો હતો. પ્રભુપરાયણને તો જીવનમાં જગદીશની ઝાંખી અને મરણમાં મધુર માધવનું મિલન લાગે !

ભક્તને મરવાની નહિ, ભગવાનને મળવાની ઉતાવળ હોય : ભગવાન્ ભક્તનું હિત વિચારીને તેને વૈભવ દેતા નથી : ધર્મ-અર્થ-કામના પ્રયત્નો પ્રભુ નિષ્ફલ કરે, તે ભક્તો પરનો પ્રસાદ છે :

યુદ્ધ કરતો વૃત્ર વૈરી છે, અસુર છે, વિકરાલ છે, છતાં ગુણગ્રાહક છે, પણ મરણ માગતી તેના હૃદયમાં રહેલી નિર્મલ ભક્તિ છે. તેને પ્રભુમિલનની ઉતાવળ છે, અત્યંત આતુરતા છે, વિલંબ અસહ્ય છે. અવરોધ રૂપ દેહ છોડવો છે. પ્રભુના વિયોગની વસમી વેદના છે, ઈન્દ્રને વિનવે છે, –

अहं समाधाय मनो यथाऽऽह संकर्षणस्तच्चरणारविन्दे ।
त्वद्वज्ररंहोलुलितग्राम्यपाशो गतिं मुनेर्याम्यपविद्धलोकः ॥ (૨૧)

સંકર્ષણભગવાને વૃત્રના ચિત્રકેતુ તરીકેના જન્મમાં આજ્ઞા કરી છે. તે પ્રમાણે બંધનરૂપ

વિલાસમય દેહ છોડી, પ્રભુના પાદપદ્મમાં મન પરોવી, પ્રભુગતિ પ્રાપ્ત કરવી છે. ઉત્તમ ભક્તિ છે, તેથી વૃત્રને વિજય કે વૈભવનો મોહ નથી. સામાન્ય સંસારિલોકો ભક્તિના બદલામાં વૈભવ, સુખ, સાનુકૂલતા, શાંતિ, સફલતા વગેરે શોધે છે ! વૃત્ર વિશેષતા બતાવે છે. ઉદાર પ્રભુ પરાજય આપે તેમાં પણ કૃપા જ છે ! ભક્તિને ભગવાનમાં કોઈ દોષ ક્યારેય ન દેખાય. ભગવાન્ નિર્દોષ જ છે. નિષ્ફલતામાં નસીબનો દોષ પણ ભક્તો જોતા નથી; કોઈ નિમિત્તિને નિંદતા નથી. પ્રભુની માત્ર કૃપા જ સમજે છે. પુષ્ટિભક્તિ અને પુષ્ટિપ્રભુની એ વિશિષ્ટતા છે. ભગવાન્ ભક્તનું હિત સ્વયં કરે છે !

पुंसां किलैकान्तधियां स्वकानां याः सम्पदो दिवि भूमौ रसायाम् ।
न राति यद्द्वेष उद्वेग आधिर्मदः कलिर्व्यसनं संप्रयासः ॥ (२२)

પ્રભુને ત્રિલોકની સર્વ-સમૃદ્ધિ સુલભ છે, છતાં અનન્ય સ્વજન (દાસ)ને દેતા નથી ! સંપત્તિ વિપત્તિ લાવે છે, પ્રપત્તિ (શરણગતિ)ને શિથિલ કરે છે. દ્વેષ, ઉદ્વેગ, આધિ, મદ, કલહ, વ્યસન અને વ્યર્થ પ્રયાસ, - એ સાત સંપત્તિના દોષ છે.

સંપત્તિ હોય, પણ સન્મતિ ન હોય તો, આ સાત દોષ દુઃખ જ આપે. સંપત્તિ સ્વજનમાંથી પણ સ્નેહ, સંપ અને શાંતિ શોષી લે છે, પ્રભુથી વિમુખ બનાવે છે. ભક્ત વિમુખ ન થાય, - સન્મુખ રહે, તેવી કૃપા કરવા પ્રભુ તેને સંપત્તિ દેતા નથી, સન્મતિ દે છે. ગીતામાં ભગવાને કહ્યું છે, - "तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम् । ददामि बुद्धियोगं तं येनमामुपयान्ति ते ॥" - પ્રેમથી ભજતા અનન્ય ભક્તોને ભગવાન્ એવો બુદ્ધિયોગ આપે છે, કે જેથી, ભક્ત ભગવાનને પ્રાપ્ત થાય, વિમુખ ન થાય, નિકટમાં જાય. પ્રભુ વિના બીજું સૂઝે નહિ, પછી જાય ક્યાં ? અન્યત્ર અલ્પાંશે પણ ભક્તને આસક્તિ ન થાય માટે, ભગવાન્ કૃપા કરીને ધર્મ, અર્થ અને કામ પુરુષાર્થના પ્રયત્નો નકામા બનાવે છે.

त्रैवर्गिकायासविघातमस्मत् पतिर्विधत्ते पुरुषस्य शक्र ।
ततोऽनुमेयो भगवत्प्रसादो यो दुर्लभोऽकिञ्चनगोचरोऽन्यैः ॥ (२३)

કૃપાપરાયણ-પુષ્ટિ - પ્રભુ અનન્યભક્તોના પતિ છે. બધી રીતે અભય આપે તે, પતિ ! ભક્તોને ભય ન થાય માટે, તેના ત્રણ પુરુષાર્થોના પ્રયાસનો પ્રભુ નાશ કરે છે ! પ્રયાસ સફલ થાય તો આસક્તિ, પુનર્જન્મ- મરણ અને સંસારચક્રનો ભય ઊભો થાય ! અભય દેવા માટે પ્રભુ તે પુરુષાર્થ માટેના પ્રયત્ન શરૂ ન થવા દે, પૂરા ન થવા દે, અથવા સફલ ન થવા દે. ભક્તના પ્રયાસ વગર, પ્રભુ પોતાની કૃપાથી જ સઘળાં ફલ આપે. પ્રયાસ નિષ્ફલ જાય છતાં ભક્ત સફલ થાય, - આ કૃપા છે !

સામાન્ય માનવના પ્રયત્નો કાલ, કર્મ કે સ્વભાવ વગેરેથી નિષ્ફલ થાય. તે નિષ્ફલતા તો નિરાશા આપે, નિષ્ક્રિય બનાવે. પ્રભુકૃપાથી આવેલી નિષ્ફલતા પ્રભુની શરણાગતિમાં સક્રિય બનાવે. બધું છોડી ભગવાનનાં ચરણનું શરણ લેવા વૃત્તિ અને પ્રવૃત્તિ થાય. પ્રભુથી વિમુખ બનાવતી સફલતામાં નિષ્ફલતા જ સંતાયેલી છે ! ભગવાનમાં ભાવ વધારતી નિષ્ફલતામાં સફલતા જ છુપાયેલી છે ! પ્રભુ-"પ્રસાદ" (પ્રસન્નતા- કૃપા)નું આના પરથી અનુમાન થઈ શકે. પ્રયત્નોમાં પ્રતિબંધ આવવા છતાં, કાર્ય સફલ થાય, પ્રભુમાં પ્રીતિ વધે, તેનાથી પ્રભુની પ્રસન્નતા સમજાય. નિષ્કિંચનને તેનો

અનુભવ થાય, અન્યને નહિ ! જગતમાં "મારું કોઈ નથી !" અને "મારું કાંઈ નથી !" - સમજીને, શ્રીહરિને જ પોતાનું સર્વસ્વ સમજનારા નિષ્કિંચન છે. "મારું-મારું" કર્યા કરનારને કૃપા ન સમજાય.

ભક્તિફલ-રૂપ વૃત્રાસુર - ચતુઃશ્લોકી :

પુષ્ટિભક્તિમાર્ગીય - પુરુષાર્થ ધર્મ - અર્થ - કામ - મોક્ષનું સ્વરૂપ :

ઈન્દ્રને આ પુષ્ટિ (કૃપા)નું સ્વરૂપ સમજાવીને, વૃત્રે મન પ્રભુમાં જોડ્યું. સાક્ષાત્ પ્રભુનાં દર્શન વૃત્રને થતાં હતાં. કૃપા કલ્પના નથી, કલ્પતરુ છે. પુષ્ટિ દૃષ્ટફલા છે, મર્યાદા અદૃષ્ટફલા છે !

પુરુષાર્થ ચાર છે. ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થના પ્રયાસ પ્રભુ અટકાવે છે. ચોથો મોક્ષ ભક્તો ઈચ્છે નહિ. ભક્તિમાર્ગમાં કોઈ પુરુષાર્થ નથી, - તેમ નથી ! ભક્તિમાર્ગના ચાર પુરુષાર્થો વૃત્રાસુર ચાર શ્લોકમાં કહે છે. તે "ચતુઃશ્લોકી" કહેવાય છે. ભગવાને પણ બ્રહ્માજીને ચાર શ્લોકમાં શિક્ષા આપી છે. તે પણ "ચતુઃશ્લોકી" છે વૃત્રાસુર - ચતુઃશ્લોકીમાં ભક્તિફલ છે ! ભાગવત - ચતુઃશ્લોકીમાં ભક્તિબીજ છે ! ભક્તિનું બીજ ભગવાન્ આપે. ભક્તના હૃદયમાં તેનું સંવર્ધન થાય, પછી ફલ ભક્ત અનુભવે ! હૃદયમાં પ્રભુકૃપાથી ભક્તિનું બીજ મુકાય. બીજની દૃઢતા કે વૃદ્ધિ તાપ અને જલથી થાય. પ્રભુ ત્રણ પુરુષાર્થોને છોડાવીને ત્યાગ કરાવે, સ્વસંબંધી સંતાપ કરાવે, પછી નિરંતર શ્રવણ, કીર્તન અને સ્મરણ રૂપ સલિલથી (જલથી) પ્રભુમાં પ્રીતિ થાય, પછી સેવાથી ફલ મળે.

ભક્તિમાર્ગમાં ભગવાનનું દાસ્ય એ ધર્મ પુરુષાર્થ છે, વૃત્રાસુરે વર્ણન કર્યું :

अहं हरे तव पादैकमूलदासानुदासो भवितास्मि भूयः ।
मनः स्मरेतासुपतेर्गुणानां गृणीत वाक्कर्म करोतु कायः ॥ (२४)

લૌકિક-વ્યથાથી ઉદાસ ન બને, તે હરિનો દાસ ! સ્વામીને સુખ દે તે, દાસ ! દાસ થવામાં સ્વામીનો સીધો સંબંધ થાય, અભિમાન આવે. પોતે ચિત્રકેતુ રૂપે શંકરનો અપરાધ કર્યો હતો, એટલે દાસાનુદાસ થવા ઈચ્છયું. દાસના પણ દાસ થવામાં દીનતા આવે, દૃઢતા આવે ! ભગવાન્ અને તેમના દાસ બંનેની સેવાનો લાભ દાસાનુદાસને મળે. દાસના સહવાસે પ્રભુને પ્રસન્ન કરવાની રીત આવડે. વૃત્રને જગતના સ્વામી નથી થવું. હરિના દાસાનુદાસ થવું છે. ભક્તોનાં સર્વ દુઃખ હરે અને સુખ આપે તે, હરિ ! મોક્ષમાં સ્વામિસુખનો અનુભવ ન થાય. દાસ્યમાં સુખ સંપૂર્ણ મળે, પણ અત્યારે શરીર સેવાને અનુકૂલ નથી, અસુરદેહ છે, કઠોર છે. તેનાથી કોમલ સ્વામીને શ્રમ થાય, એટલે સેવોપયોગી શરીર મળતાં દાસાનુદાસ થઈશ ! - "भवितास्मि भूयः"- પહેલાં ચિત્રકેતુ રૂપે દાસ થયો, પુનઃ વૃત્ર રૂપે દાસાનુદાસ ફરી પણ થઈશ. દાસધર્મની દૃઢતાનાં ત્રણ સાધન - (૧) સ્મરણ, (૨) કીર્તન અને (૩) સેવા.

મનને અન્યના દોષ અને પોતાનાં દુઃખ કે મોટાઈ સ્મર્યા કરવાની કુટેવ છે, ઉગ્રતા અને વ્યગ્રતા તેથી વધે છે. પ્રાણપતિ (અત્યંત પ્રિય) પ્રભુના સ્વરૂપનું અને ગુણોનું સ્મરણ, શરણમાં સુદૃઢ બનાવે, શાંતિ આપે, સુખ આપે. સ્મરણમાં સુખ પોતાને મળે, પ્રભુને નહિ, તેથી "स्मरेत"- આત્મનેપદ મૂક્યું.

વાણી ભગવાનના જ ગુણોનું ગાન કરે. કીર્તનમાં પણ મુખ્યત્વે પોતાને સુખ થાય, અન્યને ઉપકારક પણ થાય, તેથી "गृणीत"- આત્મનેપદ છે.

સ્મરણ મનથી થાય, કીર્તન વાણીથી થાય. બંનેના સંયોગથી મોટેથી ગાઈને સ્મરણ કરવાથી અંતઃકરણના દોષો દૂર થાય, અનુસંધાન અધિક રહે. શ્રવણ તો બંનેમાં સ્વભાવિક રીતે સમાઈ જાય છે. કીર્તન ક્રિયામાં પ્રવૃત્ત કરે. તેનાથી સ્નેહ થતાં સેવા થાય. સામાને સ્નેહથી સાનુકૂલ થઈને સુખ આપવું તે, સેવા ! તેથી તેમાં "करोतु",- પરસ્મૈપદ છે.

શરીરની સફલતા સેવાથી છે. આ સઘળું સંભવે ભગવાનની કૃપાથી, તેથી આજ્ઞાર્થમાં પોતાનો અભિલાષ, કૃપાપ્રાર્થના સમજાવ્યાં. અભિલાષ જીવનો, અનુગ્રહ ઈશ્વરનો !

મન, વાણી, શરીરના ધર્મે દાસધર્મની દઢતા કહી; પછી અર્થ-પુરુષાર્થ બતાવ્યો.

પુષ્ટિમાં પ્રભુ જ અર્થ છે, બીજું બધું વ્યર્થ છે :

न नाकपृष्ठं न च पारमेष्ठ्यं न सार्वभौमं न रसाधिपत्यम् ।
न योगसिद्धिरपुनर्भवं वा समञ्जस त्वा विरहय्य काङ्क्षे ॥ (२५)

સ્મરણ, કીર્તન અને સેવાથી બધી અપેક્ષા ઓગળી જાય. અંતઃકરણમાં ભગવાનના સંબંધ વગરની કોઈ ઈચ્છા ન રહે. ભગવાનના છ ગુણોના હૃદયસ્પર્શથી, છ પ્રકારના વિપુલ વૈભવમાં પણ વૈરાગ્ય આવે. સ્વર્ગ, ભૂમિ અને રસાતલના વૈભવ લૌકિક છે. મોક્ષ, બ્રહ્મપદ અને યોગસિદ્ધિયો વૈદિક-વૈભવ છે. ભક્તને તો ભગવાન્ સિવાય લૌકિક કે વૈદિક કોઈ ફલસુખ જોઈતાં નથી. "મારે ભગવાન્ જ જોઈએ !" - એવા દૃઢ સંકલ્પવાળો ભગવાનની ભક્તિ કરી શકે છે. ભગવાન્ સિવાયનાં બધા વૈભવ-વિલાસ છોડવાની તૈયારીવાળાથી દાસધર્મ થઈ શકે છે.

પ્રભુનાં દર્શનની તીવ્રલાલસા, તે કામ-પુરુષાર્થ છે :

ભક્તોને પોતાના પોષણ કે રક્ષણ માટે પણ વૈભવ ન જોઈએ. પોષણ અને રક્ષણ પ્રભુ જ કરે છે. પ્રભુનાં દર્શન માત્રથી પોષણ-રક્ષણ મળે છે, તેથી દર્શનની ઝંખના-આર્તિપુરુષાર્થ છે. પોષણ-રક્ષણને દર્શનાર્તિના દૃષ્ટાન્તમાં વણી લીધાં છે.

अजातपक्षा इव मातरं खगाः स्तन्यं यथा वत्सतराः क्षुधार्ताः ।
प्रियं प्रियेव व्युषितं विषण्णा मनोऽरविन्दाक्ष दिदृक्षते त्वाम् ॥ (२६)

દર્શન દૃષ્ટિથી થાય નહિ, મનથી થાય ! - "मनोदिदृक्षते।" દૃષ્ટિ સૃષ્ટિને જુએ છે, સર્જનહારને નહિ ! આંખનાં દર્શન અધૂરાં છે, અંતરનાં દર્શન મધુરાં છે ! ભગવદ્રસાનુભવ સર્વ ઈન્દ્રિય દ્વારા થાય, તેથી સર્વેન્દ્રિયપ્રેરક મન દર્શન કરવા ઈચ્છે છે, - તેમ કહે છે.

ભગવાનનાં દર્શનની આતુરતા હોય તો, મનની ચંચલતા ચાલી જાય, મન અન્યત્ર આથડતું અટકી જાય. તેમાં ત્રણ દૃષ્ટાન્ત દીધાં, - (૧) પાંખ વગરનાં ભૂખ્યાં બચ્ચાં (પંખી) માને જોવા ટળવળે તેમ. પંખી પાંખ વગરનું છે, નિઃસાધન છે. માના ઉપર જ આધાર રાખે છે, અનન્ય-આશ્રયવાળું છે. મામાં સ્વાભાવિક સ્નેહ છે, પણ ભૂખ્યું હોય ત્યારે અને પાંખ ન હોય ત્યાં સુધી જ, આવી આતુરતા

પંખીમાં રહે, મા પણ કેટલું કે શું દેશે ? તે નક્કી નથી. આ ત્રણ દોષ છે, તેથી બીજું દૃષ્ટાન્ત દીધું. (૨) નાનકડાં ભૂખ્યાં વાછરડાં જેમ દૂધ દેતી મા - ગાયને જોવા ઝંખે તેમ. પંખી તો અન્ય કોઈ કણથી બચ્ચાંને પોષે છે. પોતાની પાંખથી રક્ષે છે, પણ ગાય તો પોતાના દેહમાં એકરૂપ થયેલા દૂધથી વાછરડાંને પોષે છે, શીંગડાથી રક્ષે છે. શ્લોકમાં "स्तन्य"- શબ્દ છે. સ્વરૂપથી પોષણ તે સૂચવે છે. વાછરડાંના દૃષ્ટાન્તથી દીનતા સૂચવી છે; પણ વાછરડાં મોટાં થતાં, અન્યત્ર પોષણ મળતાં કે ભૂખ્યાં ન હોય ત્યારે, આતુરતા રાખતાં નથી. એ બે દોષ આમાં હોવાથી, ત્રીજુ દૃષ્ટાન્ત દીધું. (૩) દૂર ગયેલા પ્રિયજનને દુઃખી પ્રિયા જોવા ઝંખે તેમ ! "પ્રિય" - પદથી સ્વાભાવિક-સ્નેહ બતાવ્યો છે. પ્રિયના જવાથી આવતાં સુધીમાં પ્રિયા પ્રતીક્ષા કરે છે, આ દૃષ્ટાન્તમાં દોષ ન હોવાથી "प्रियं प्रिया इव"- એકવચન છે. પહેલાં બેમાં બહુવચન છે, તે સામાન્યતા સૂચવે છે. પોતાનો મનોભિલાષ વૃત્રાસુરે અહીં કહ્યો છે. પુષ્ટિનો "સ્ત્રીગૂઢભાવ" કહ્યો છે ! શ્લોકમાં, "मम" કે "मे" પદ "मनः"- સાથે નથી. વૃત્રાસુરને દેહાધ્યાસ નથી. અસુરદેહની અયોગ્યતા પણ છે. "दिदृक्षते"- આત્મનેપદ છે. પ્રભુ તો પૂર્ણકામ છે, પણ પોતાને તો પ્રભુની પૂર્ણકામના છે ! ભગવાન્ ભક્તને પોતાના સ્વરૂપથી જ પોષણ, રક્ષણ અને સંતોષ દે છે.

મોક્ષનું સ્વરૂપ દર્શાવે છે; દૃઢ રીતે કૃષ્ણના બની જવું તે મોક્ષ છે :

ममोत्तमश्लोकजनेषु सख्यं संसारचक्रे भ्रमतः स्वकर्मभिः ।
त्वन्माययाऽऽत्मात्मजदारगेहेष्वासक्तचित्तस्य न नाथ भूयात् ॥ (२७)

"નાથ ! મારા કર્મથી સંસારચક્રમાં ભટકતાં, મારું ભક્તજનોમાં સખ્ય થાવ. તમારી માયાથી દેહ, પુત્ર, પત્ની, ગેહ વગેરેમાં આસક્ત-ચિત્તવાળાનો સંબંધ ન થાવ !

"હું અને મારું" - રૂપ સંસારમાં આસક્તિ અને અન્યનો સંગ બંધન આપે, આસક્તિ ન રહે અને હેતુપૂર્વક સંગ ન થાય, તે મુક્તિ ગણાય, સ્વરૂપસ્થિતિ થાય. ભક્તિમાર્ગમાં તો ભક્તિના હેતુપૂર્વક, ભક્તોનો સંગ જ મુક્તિરૂપ છે. ભગવાનની પરોક્ષતામાં મર્યાદા-પુષ્ટિમોક્ષ અને પ્રત્યક્ષતામાં પુષ્ટિપુષ્ટિ-મોક્ષ ગણાય. "उत्तमश्लोकजन"- શબ્દ સૂચવે છે, - ભક્ત અને ભગવાન્ સાથે વિરાજે છે ! ભગવાન્ ભક્ત દ્વારા પણ ફલ આપે છે. ભક્તો દ્વારા ભગવાનને અનુકૂલ થતાં શીખાય, તે માટે તેમના સખ્ય-સ્નેહની માગણી છે; પણ આસક્તિ દેહ, ગેહમાં હોય તો, ભગવદીયો દ્વારા પણ લૌકિક-લાભ લેવા લોકો મથે, તેથી તેવાઓનો સંગ ન મળે, - તેમ કહે છે.

પ્રભુની લીલોપયોગિની માયાથી, "બધું પ્રભુનું છે !" કે "ભગવાનની સેવામાં ઉપયોગી છે !" - તેવી સમજથી, તેમાં આસક્તિવાળા અને ભગવદીયોમાં સખ્ય-સ્નેહ થાવ !

કર્મથી સંસારચક્રમાં ભમતાં, ભગવદ્ભક્તોનો સંગ પુષ્ટિમર્યાદા- મોક્ષ છે. ભગવત્સંબંધની સમજથી સ્વજનમાં આસક્તિ અને ભગવદીયસંગ એ પુષ્ટિપુષ્ટિ-મોક્ષ છે.

"નાથ !" - ભક્તિમાર્ગીય સંબોધન છે. તે માગણી અને આર્તિ સૂચવે છે. ભક્તો ભગવાન્ સિવાય અન્ય પાસે કાંઈ માગે નહિ, ઈચ્છે પણ નહિ !

અધ્યાય : ૧૨

યુદ્ધમાં મૃત્યુને મોંઘું માનતા ભક્ત વૃત્રની ૩૬૦ પરિક્રમા કરીને વજ્રે માન દીધું : વૃત્રવધથી તેમાં રહેલી ભક્તિ પ્રકટ થઈ :

વૃત્રાસુરે યુદ્ધમાં વિજય કરતાં મૃત્યુને મોંઘું માન્યું છે! વિજયની ઈચ્છાવાળાને જીવતા રહેવાની ઝંખના રહે. મોતને મુઠ્ઠીમાં લઈને ઘૂમનારને, મરવા છતાં પણ મહત્તા મળે! વૃત્રના ઉગ્ર આક્રમણથી ઈન્દ્રના હાથમાંથી વજ્ર નીચે પડયું. દાના દુશ્મન વૃત્રે, નિરાશ થતા ઈન્દ્રને ઉપદેશ આપ્યો, - "યુદ્ધમાં વિષાદનો વખત ન હોય. શત્રુને માર!" યુદ્ધ પણ કર્તવ્યબુદ્ધિથી થાય, પરિણામમાં નિર્લેપ રહેવાય. ખેલદિલી બતાવતાં યુદ્ધને "प्राणग्लहः"- "પ્રાણનો દાવ" કહ્યો છે. હરીફાઈ, યુદ્ધ કે વિવાદમાં પોતાની ઉત્તમતા દર્શાવવા માટે જ સાધન, સામર્થ્ય કે સમજનો ઉપયોગ થાય, સામાને હીન બનાવવા કે બતાવવા માટે નહિ.

ઈન્દ્રે પણ વૃત્રને મહાપુરુષ માન્યો, પણ યુદ્ધ છોડીને ભક્તિ ન કરી! "સારું છે" - સૌ કહે, પણ અંતરથી અનુસરવાનું ઓછાથી બને!

વૃત્ર ઈન્દ્રને ગળી ગયો. વજ્રથી ઉદર ચીરી ઈન્દ્ર બહાર આવ્યો. વજ્રથી વૃત્રનું મસ્તક છેદ્યું. ૩૬૦ દિવસે મસ્તક કપાયું! જ્ઞાનથી કર્મનાશ કરતાં વર્ષો વીતે છે, વિલંબ થાય છે. જ્ઞાનાત્મક વજ્રે કર્માત્મક કાયાને કાપી, પણ અંદર રહેલી ભક્તિનો આદર કરતાં, વર્ષ પર્યન્ત પરિક્રમા કરતું ફરતું રહ્યું! દેવદુન્દુભિ વાગ્યાં. પુષ્પવૃષ્ટિ થઈ. સૌના દેખતાં વૃત્રને ભગવદ્ ગતિ મળી.

વૃત્રની ઉત્પત્તિ યજ્ઞથી (કર્મથી) અને નાશ વજ્ર (જ્ઞાન)થી થયો. કર્મ અને જ્ઞાન, બંને વૈદિક છે. તેના હૃદયમાં ભક્તિ છે. વૃત્રવધથી ભક્તિનો લોકમાં પ્રચાર થયો. ઘોળીને છોડા-ગોટલાં-નીચોવીને, કેરીનો નાશ થતાં અંદરનો રસ પ્રકટ થાય, તેમ! વિષય-વિલાસ છૂટે તો ભક્તિ વધે. વજ્ર (જ્ઞાન અને દૃઢનિર્ધાર) સાથે ભગવદાવેશ યુક્ત ઈન્દ્ર (પ્રભુપ્રીતિ સાથે કર્તવ્યનિષ્ઠા) હોય તો વૃત્ર મરે. (વિષય - વાસના - વિલાસ છૂટે.)

વૃત્રના હિત માટે પ્રભુએ કૃપા કરીને તેનો વધ થવા દીધો! સાયુજ્ય આપ્યું. વૃત્રમાં ભક્તિ હોવાથી ભગવાને ન માર્યો. વૃત્રમાં જ્ઞાન, ભક્તિ અને તપોબલ આધિદૈવિક છે.

ઐતિહાસિકો વૃત્રને ત્વષ્ટાનો પુત્ર કહે છે. નિરુક્તકાર મેઘ ગણે છે. વેદમાં યજ્ઞાત્મક વૃત્ર છે. ભાગવતમાં ભક્ત્યાત્મક વૃત્ર છે. સાયણભાષ્યમાં શત્રુ ગણ્યો છે, - કોષમાં અંધકાર પણ કહે છે.

અધ્યાય : ૧૩

ભગવત્કૃપાથી ઈન્દ્રનો વૃત્રવધની બ્રહ્મહત્યામાંથી છૂટકારો : અશ્વમેધ-યજ્ઞ દ્વારા મહેન્દ્ર-પદ-પ્રાપ્તિ :

વૃત્રવધથી ઈન્દ્રને બ્રહ્મહત્યા લાગી. વિશ્વરૂપના વધથી આધ્યાત્મિક પાપ લાગ્યું હતું, તેના કરતાં આ પાપ અધિક હતું. ભયંકર હત્યા જોતાં ઈન્દ્ર ગભરાયો. ઉત્તરમાં પ્રભુ લક્ષ્મીજીના સુખ માટે પાર્ષદો વિના એકાકી વિરાજે છે. ત્યાં માનસ-સરોવરે પ્રભુનાં શરણે ગયો. પ્રભુ ૧૯ ડગલાં સામે લેવા પધાર્યા. પ્રભુની શરણાગતિ કરીને કોઈ એક ડગલું ભરે, તો ભગવાન્ તેને લેવા ૧૯ ડગલાં

સામે પધારે, અધિકાર અને અનુગ્રહ પોતે આપે !

કમલનાલમાં રહી પ્રભુનું ધ્યાન ઈન્દ્રે કર્યું. ભગવાનનું ધ્યાન સર્વ પાપોનો નાશ કરે છે. દરમ્યાનમાં, ઈન્દ્રાસ્ને બેઠેલો નહુષ ભોગાસક્ત થયો. અધિકાર વગરની અધર્મમય અપેક્ષા અધઃપતન કરાવે. શ્રમથી સફ્લતા મળે, પછી પણ સંયમ ન રહે તો સંકટ આવે. સફ્લતા શીલથી સચવાય.

નહુષે ઈન્દ્રપત્ની શચિનો અભિલાષ કર્યો. સપ્તર્ષિઓ દ્વારા પાલખીમાં આવવા શચિએ સંદેશ દીધો. વિવેક વિસરાયો. વિપ્રને વેઠે જોડયા. "સર્પ, સર્પ"- "ચાલો, ચાલો !" - કહેતાં બ્રાહ્મણોના કોપે, સર્પ થવાના શાપે, હેઠે પડ્યો. ઋષિયોએ અશ્વમેધયજ્ઞ દ્વારા ઈન્દ્રને ઈચ્છેલા વૈભવો દીધા. મહેન્દ્રપદ પ્રાપ્ત થયું.

અધ્યાય : ૧૪

વૃત્રાસુરના પૂર્વાવતારમાં ચિત્રકેતુ રૂપે પુત્રસંતાપ :

રાજા પરીક્ષિતને આશ્ચર્ય થયું, - "વૃત્ર અસુર હતો, છતાં અંતકાલે ભગવાનમાં તેની મતિ દૃઢ કઈ રીતે થઈ ? ભગવાન્ પ્રત્યે હૃદયનો સ્નેહ હોય કે પ્રભુની કૃપા હોય તો શરીરની શિથિલતામાં, પરિસ્થિતિની પ્રતિકૂલતામાં કે અંત પળે પ્રભુ યાદ આવે, બુદ્ધિ સ્થિર રહે. તેમાં બાહ્યક્રિયાઓ ઉપકારક બને. શુદ્ધસત્ત્વવાળા દેવો કે નિર્મલ હૃદયવાળા ઋષિયોને પણ કૃષ્ણભક્તિ દુર્લભ છે ! અનેકમાંથી કોઈકને કલ્યાણ મેળવવાનું મન થાય. તેમાં પણ મુક્તિ મેળવવાનું મન હોવા છતાં મુક્તિ હજારોમાંથી કોઈકને મળે. મુક્તોમાં પણ પ્રભુપરાયણ તો સુદુર્લભ છે, કરોડોમાં કદાચ એકાદ મળે ! તેને દૈવીજીવ કહેવાય. વૃત્ર અસુર છતાં કૃષ્ણમાં દૃઢતા ક્યાંથી ?"

શ્રીશુકે, વ્યાસ, નારદ ને દેવલના મુખથી સાંભળેલો ઈતિહાસ સંભળાવ્યો. આ મતાન્તરકથા છે. ભક્તિ નિર્દોષ છે, છતાં અહીં આગંતુકદોષ દેખાય છે. તે સ્વાભાવિકદોષ નથી !

વૃત્રાસુર પૂર્વજન્મમાં રાજા ચિત્રકેતુ હતો. તેને પુત્ર ન હોવાથી વૈરાગ્ય હતો. નારદ અંગિરા દ્વારા જ્ઞાન મળ્યું. નારદે આપેલી મહાવિદ્યાથી શેષનાં દર્શન અને ભક્તિ મળ્યાં. શેષની કૃપાથી રાજા સિદ્ધ થયો. પાર્વતીના શાપથી અસુર થયો. આ બધું ભક્તિમાર્ગને અનુકૂલ નથી! ઈન્દ્ર સાથે સંબંધવાળી આ કથા હોવાથી દેવપ્રકરણમાં કહી છે. ઈન્દ્રને બૃહસ્પતિની અવજ્ઞા, વિશ્વરૂપવધ તથા વૃત્રવધરૂપ કર્મના ફલમાંથી, ત્વષ્ટાનો સ્વરભંગ કરાવીને મૃત્યુ રૂપ કાલમાંથી ભગવાને બચાવ્યો. વૃત્રાસુરનો આસુર-સ્વભાવ બદલી યુદ્ધમાં ઈન્દ્રને વિજય દીધો !

વૃત્રાસુર પૂર્વજન્મમાં રાજા ચિત્રકેતુ. તેને કરોડ રાણી. તેમાં કૃતદ્યુતિ મુખ્ય. સત્કર્મપરાયણ રહે, તેનું તેજઃ નિત્ય વધે. - "कृतेन सुकृतेन द्युतिर्यस्याः"- સ્ત્રીનો સદ્ધર્મ પુરુષને, કુટુંબને, સમાજને અને દેશને પણ ઉજાળે. આવી સ્ત્રી શ્રેષ્ઠ ગણાય. જ્યેષ્ઠ હોવું મહત્ત્વનું નથી, શ્રેષ્ઠ હોવું આદર્શ છે !

કૃતદ્યુતિ રાણી જ્યેષ્ઠ અને શ્રેષ્ઠ હતાં. રાજાને સંતાન નહિ, તેથી બધાં સુખ ભોગમાં વૈરાગ્ય હતો. એક વખત સદ્ભાગ્યે અંગિરા જ્ઞાન દેવા આવ્યા. રાજાએ પુત્ર માટે પ્રાર્થના કરી. ઋષિએ કૃતદ્યુતિને ચરુ આપ્યો. હર્ષ-શોકપ્રદ પુત્ર થવા કહ્યું. ઋષિ ગયા. પુત્ર જન્મ્યો. કરોડમાં એકને પુત્ર ! સ્ત્રી-સહજ ઈર્ષા થઈ. અંતરનું ઝેર વસ્તુ રૂપે આવ્યું. પુત્રને દેવાયું. પુત્ર મર્યો. રાજા-પ્રજા શોકસંતપ્ત

થયાં. માના પ્રાણ, વિલાપથી શોકાશ્રુ રૂપે અને પ્રલાપથી શબ્દ રૂપે જાણે દેહમાંથી બહાર નીકળવા માંડ્યા! - "अहो विधातस्त्वमतीव बालिशः ।"- "વિધાતા વૃદ્ધ ભલે હો - અતિબાલિશ છે!" વેદનામાં વિચાર ન હોય. રુદન ચાલતું હતું, ત્યાં નારદ અને અંગિરા આવ્યા.

અધ્યાય : ૧૫

નારદ-અંગિરાએ રાજાને સાન્ત્વન દીધું ; સુખની ક્ષણિકતા સમજાય તો સ્થિરતા આવે ! :

રાજાને ઋષિવરો સાન્ત્વન દેવા લાગ્યા, જ્ઞાન દીધું. દેહ-દેહી-વિભાગ સમજાવ્યો. રાજાએ ઋષિને પરિચય પૂછ્યો. શોકગ્રસ્ત-દશામાં વિકલતાથી યોગેશ્વરનાં નામ ગણાવ્યાં, જ્ઞાન દેવા વિનંતી કરી.

અંગિરાએ પરિચય આપ્યો. પહેલાં પણ જ્ઞાન દેવા આવ્યા હતા, પણ પુત્રાસક્તિ જોઈ, પુત્ર દીધો! સુખની ક્ષણિક્તા સમજાય તો સ્થિરતા આવે. સંસારનાં ક્ષણિક સુખ પછી સંતાપ જ મળે. મન સ્વસ્થ હોય, મોહથી મૂર્છિત થયેલું ન હોય, તો જ સાચું સુખ સમજાય. નારદે સંકર્ષણવિદ્યા દેવાની કૃપા વિચારી.

અધ્યાય : ૧૬

નારદે બાલકના જીવને તેના મૃતશરીરમાં પ્રવેશ કરાવ્યો, તેણે જીવની નિત્યતા - દેહસંબંધોની અનિત્યતા કહી : નારદજીએ રાજાને દીધેલી સંકર્ષણ-વિદ્યાથી સંકર્ષણ-દર્શન;સ્તુતિ, સંકર્ષણે જ્ઞાન દીધું : સર્વત્ર પરમાત્મ-દર્શન સાચો સ્વાર્થ છે :

નારદે બાલકના શરીરમાં જીવને, શેષ-આયુષ્ય ભોગવવા પ્રવેશ કરાવ્યો. બાલકે જ્ઞાનપૂર્ણ વાતો કહી!

શરીરનો સંબંધ નિત્ય નથી. કર્મથી અનેક જાતના જન્મ મળે છે, ભવમાં ભટકવું પડે છે. કર્માનુસાર સંબંધ મળે, સંબંધથી મમતા થાય. સંબંધ હોય ત્યાં સુધી મમતા રહે. જીવ તો નિત્ય છે, ભગવદંશ છે.

ઉપદેશ દઈ જીવ શરીરમાંથી નીકળી ગયો. બાલહત્યા કરનારી રાણીઓને પશ્ચાત્તાપ થયો. વ્રતાદિ કર્યાં. નારદે રાજાને સંકર્ષણવિદ્યા આપી. સ્વધામ ગયા. રાજાએ સાત દિવસ જલપાન કરી વિદ્યા ધારણ કરી. મૃણાલગૌર ભગવાન્ શેષનાં દર્શન થયાં. રાજાએ સ્તુતિ કરી. શરીરને પીડા કે અન્યનો દ્રોહ કરે તે ધર્મથી લાભ કેટલો ? ભક્તિ જ જીવન ધર્મ છે. ભગવાન્ સહસ્રમૂર્ધાને નમન કર્યાં.

શેષે જ્ઞાન દીધું. માનવદેહ મળે છતાં, આત્મા (પ્રભુ)ને ઓળખે નહિ, તેનું કલ્યાણ ક્યાંય ન થાય.

एतावानेव मनुजैर्योगनैपुण्यबुद्धिभिः ।
स्वार्थः सर्वात्मना ज्ञेयो यत्परात्मैकदर्शनम् ॥ (६३)

પરમાત્માનાં દર્શન કે સૌમાં પ્રભુ વિરાજે છે, સર્વત્ર - તેવી સમજ સંપૂર્ણ સ્વાર્થ છે. યોગકુશલે આટલો - સ્વાર્થ જાણવો. સૌ લોકો સ્વાર્થ આ સમજે તો કૃતાર્થ બને. શેષજી તિરોહિત થયા.

અધ્યાય : ૧૭

વિધાધર ચિત્રકેતુને પાર્વતીજીનો અસુર થવાનો શાપ : નારાયણ-પરાયણ તો નિર્ભય હોય ! :

ભગવાન્ શેષ વિરાજતા હતા, તે દિશાને રાજાએ નમન કર્યાં. પ્રભુ કે પુણ્યપુરુષોનાં વિરાજવાનાં સ્થલ પણ વંદનીય છે. તે પ્રત્યક્ષ ન હોવા છતાં, તેમનો પ્રભાવ ત્યાં હોય. પુષ્ટિમાર્ગમાં શ્રીવલ્લભાચાર્યજી અને તેમના વંશજોનાં બેઠકજી પ્રસિદ્ધ છે.

રાજા ચિત્રકેતુ વિધાધર થયા. લાખો વર્ષ સુધી ઉત્તમ સામર્થ્ય અને સુખ મળ્યાં. સ્થાન અને માનથી અભિમાન થયું. વિમાનમાં બેસી કૈલાસે આવ્યા. પાર્વતીને શંકરના ઉત્સંગમાં જોયાં. સત્સંગ કરવાનું યાદ ન આવ્યું. અજ્ઞાનથી ઉપદેશ દીધો, - નિંદા કરી ! શંકર યોગી છે. પાર્વતી યોગશક્તિ છે. શક્તિ અને શક્તિમાન્ એક રૂપ છે. પોતાના અજ્ઞાનનો અભિમાનીને ખ્યાલ ન રહે.

ભગવાન્ શંકર ''महाव्रतधरः''છે. ''अहिंसासत्यास्तेयब्रह्मचर्यापरिग्रहा यमाः ॥ जातिदेशकाल-समयानवच्छिन्नाः सार्वभौमा महाव्रतम् ॥''- અહિંસા, સત્ય, ચોરી ન કરવી તે, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ તે યમ છે. જાતિ, દેશ, કાલ, પ્રતિજ્ઞા વગેરે સર્વ-વિષયમાં તે અખંડિત રહે તે મહાવ્રત છે. વ્રતમાં નિયમ અને સાથે અપવાદ હોય. અહિંસાવ્રત યમ ગણાય, પણ "આતતાયી વધયોગ્ય ગણાય," - તે અપવાદ ! અપવાદ વગર યમનું પાલન તે,- મહાવ્રત ! સર્વ-સ્થિતિમાં દૃઢતાથી વ્રતને વળગી રહેવું તે, મહાવ્રત !

ભગવાન્ શંકરે નિંદા સાંભળી. હસ્યા, મૌન રહ્યા. સભ્યો પણ અનુવ્રત હતા. કાંઈ ન બોલ્યા. પાર્વતીએ હિત વિચાર્યું. અભિમાનને દૂર કરતું કડવું ઔષધ આપ્યું, - શાપ ! બાલકનું હિત કરવા કડવું ઓસડ તો મા જ પાયને ? પ્રભુ ક્વચિત્ અનુગ્રહ માટે, સ્વજનશિક્ષા માટે, માર્ગ મર્યાદા-સ્થાપન કરવા માટે શાપ અપાવે છે !

ભગવાનની સેવા કરવાનો અધિકાર - ''संभावितमतिः स्तब्धः''ને નથી. સ્થાન અને માન મળતાં અભિમાન આવે તે - ''संभावितमतिः''. તે અપમાન અન્યનું કરે, ઉતારી પાડે, પોતાને સર્વોત્તમ સમજે. પરિણામે ''स्तब्धः'' બને,- વિવેક વગરનો જડ બને. દીનતા અને વિવેક ભગવાનની ભક્તિ કરવામાં જરૂરી છે.

ચિત્રકેતુએ દયા ન માગી. સજા સ્વીકારી લીધી, પણ પોતાની વાણી અયોગ્ય લાગી હોય તો, ક્ષમા કરવા વિનંતી કરી. વંદન કરી વિદાય થયા.

શંકરે ભગવાનના નિઃસ્પૃહ દાસાનુદાસોનું માહાત્મ્ય વર્ણવ્યું. નારાયણપરાયણ નિત્ય નિર્ભય છે. સ્વર્ગ, મોક્ષ કે નરક તેને મન સમાન છે ! ત્રણે પ્રભુથી દૂર રાખનારાં છે. ''मूर्ध्ना सज्ञगृहे शापमेतावत्साधुलक्षणम् ।''- ચિત્રકેતુએ માથું નમાવી શાપ સ્વીકાર્યો. સમર્થ છતાં સામો શાપ ન દીધો ! આ સાધુલક્ષણ છે. પોતે સમર્થ હોવા છતાં, અપમાન, ગાળ, શાપ મૌન રહીને સહી લે તે,- સાધુ ! ચિત્રકેતુ વૃત્રાસુર થયા, પણ પ્રભુકૃપાએ પ્રભુ પ્રાપ્ત થયા.

વૈષ્ણવોનું માહાત્મ્ય સાંભળવાથી બંધનમાંથી મુક્તિ મળે. "माहात्म्यं विष्णुभक्तानां श्रुत्वा बन्धाद्विमुच्यते ।"- પુષ્ટિમાર્ગમાં ૮૪ અને ૨૫૨ વૈષ્ણવોની વાર્તા સુપ્રસિદ્ધ છે. નિત્ય મંડલીઓમાં તેનું સેવન થાય છે.

અધ્યાય : ૧૮

દિતિએ કશ્યપજી પાસેથી મેળવેલું " પુંસવનવ્રત" :

પ્રભુકૃપાથી એક અસુરને બદલે કપાઈને ૪૯ - સુર - વાયુદેવતા - થયા :

માનવ અને દેવ પર પ્રભુ કૃપા કરે છે, દૈત્યો ઉપર પણ કૃપા કરે છે. ૧૮-૧૯ અધ્યાયમાં ભગવાનની આ ઉદારતા છે. દેવ-દૈત્ય વિરુદ્ધસ્વભાવવાળા છે. ભગવાન્ વિરુદ્ધધર્માશ્રયી છે. સર્વસમર્થ પ્રભુ સર્વત્ર કૃપા કરે છે.

દૈત્યોની મા દિતિને દીકરા મરતાં દુઃખ થયું. અગ્નિરૂપ પતિ કશ્યપને વિનંતી કરી. સેવાથી પ્રસન્ન કર્યા. પતિની પ્રસન્નતાથી સ્ત્રીને કૃતાર્થતા મળે. દિતિએ ઈન્દ્રને મારે તેવો પુત્ર પ્રાર્થ્યો. તે સાંભળતાં ઋષિ અપ્રસન્ન થયા, પશ્ચાત્તાપ થયો, છતાં વચનબદ્ધ હોવાથી પુંસવન-વ્રત બતાવ્યું.

પ્રારબ્ધ પાસે પરાધીન ન થતાં, પોતાના તપોબળથી, વિજ્ઞાનથી, ઈચ્છેલા પદાર્થોની પ્રાપ્તિના માર્ગ ભારતના ભદ્રપુરુષોએ શોધ્યા છે. તપ:, સંશોધન કે પરિશ્રમ રૂપ પણ છે, સંયમનું તે સ્વરૂપ છે. પુત્ર રૂપ પ્રજા માટે - "પુંસવનવ્રત" છે. કર્મમાર્ગના વિજ્ઞાનની એ એક સિદ્ધિ છે. મહર્ષિ કશ્યપે વ્રતના વિધિ-નિષેધ સમજાવ્યાં. વર્ષ સુધી વ્રત કરવાનું. ઈન્દ્રે જાણ્યું. દિતિની સેવામાં આવ્યો. વ્રતમાં છિદ્ર શોધવા લાગ્યો. એક દિવસ સન્ધ્યાકાલે, ઉચ્છિષ્ટ મુખે શ્રમિત દિતિ સૂતાં. ઈન્દ્રે ઉદરમાં જઈ વજ્રથી ગર્ભના ૭ ભાગ કર્યા. ગર્ભ મર્યો નહિ. પુન:, દરેકના ૭ ભાગ કર્યા, ૪૯ થયા, છતાં ભગવાનની કૃપાથી ગર્ભ મર્યો નહિ!

પરીક્ષિતને વિશ્વાસ માટે શ્રીશુકે તેનો અનુભવ યાદ કરાવ્યો. અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રના અગ્નિથી બળવા છતાં, કૃષ્ણકૃપાથી તમે પણ મર્યા નથી!

પ્રસૂતિ કાલે ૫૦ પ્રકટ થયા. દિતિને આશ્ચર્ય થયું. ઈન્દ્રે હાથ જોડી નિવેદન કર્યું. ઈન્દ્રની સેવાથી દિતિના મનમાંથી વૈર તો પ્રાયઃ જતું રહ્યું હતું. વૈરની આગ સ્નેહ અને સેવાથી શીતલ થાય. ઈન્દ્રે "अम्ब"- કહી સ્નેહ બતાવ્યો. "अर्थबुद्धिर्न धर्मवित् ।"- "સ્વાર્થીને ધર્મદૃષ્ટિ ન હોય, ક્ષમા કરો!"

દિતિના ૪૯ પુત્રો વાયુદેવતા થયા. અસુરને બદલે સુર થયા. સ્વભાવપરિવર્તન પણ પ્રભુના પૂજનથી, વ્રત-સેવનથી થયું. તે પ્રભુકૃપાનો પ્રભાવ છે! ઈન્દ્ર વાયુઓને સાથે લઈને સ્વર્ગમાં ગયા.

અધ્યાય : ૧૯

પુંસવન-વ્રત-વિધિ: ભગવાનની બધી લીલામાં પુષ્ટિ છે! :

વ્રતમાં ભગવાનનું પૂજન મુખ્ય છે. પ્રભુની પ્રસન્નતા જીવનમાં પ્રાપ્ત કરવી આવશ્યક છે. સઘળું વિશ્વ ભગવાનની લીલા માટે છે. ભગવાન્ આનંદમય છે. "सर्वानन्दमयस्यापि कृपानन्दः

સુદુર્લભઃ ।"- સર્વાનન્દમય કૃષ્ણનો કૃપાનન્દ સુદુર્લભ છે. ભક્તિથી, ભગવાનનો આશ્રય કરવાથી, કૃષ્ણકૃપાથી, સઘળાં કાર્ય સિદ્ધ થાય.

પતિની આજ્ઞાથી સ્ત્રી માગશર માસના શુક્લપક્ષની પ્રતિપદાથી વ્રતારંભ કરે. બાર માસ વ્રત કરવાનું. મરુતોની જન્મકથા સાંભળવી. નિત્ય પ્રાતઃકાલમાં શ્રીલક્ષ્મીનારાયણનું પૂજન કરવું. "ॐ नमो भगवते महापुरुषाय"- મંત્રથી રાજોપચાર કે ષોડશોપચાર પૂજન કરવું. અગ્નિમાં બાર આહુતિ દેવી. દશ વાર મંત્ર જપ કરવો. સ્તુતિ કરવી. યજ્ઞોચ્છિષ્ટ સૂંઘી, પુનઃ, અર્ચન કરવું. પતિનું પણ પૂજન કરવું. પત્નીને બદલે પતિથી પણ વ્રત થાય. કાર્તિકની અમાસે સમાપ્તિ કરવી. બ્રાહ્મણોનું અર્ચન કરવું. વ્રતનાં વિવિધ ફલ છે. અગ્નિ, લક્ષ્મી અને શ્રીહરિ મનોકામના પૂર્ણ કરે છે. મરુતોના મંગલજન્મની કથા સંભળાવી. અજામિલનાં કર્મ ઈન્દ્રનો કાલ (મૃત્યુ) અને મરુતોના સ્વભાવનો લોપ ભગવાનની કૃપાથી થયો. છઠ્ઠા સ્કન્ધમાં કૃપાની કથા કરી. ભગવાનની કૃપા વિના કાંઈ જ બની શકે નહિ. સઘળી લીલામાં કૃપા-પુષ્ટિ પણ છે.

卐

श्रीहरिः

श्रीगोपीजनवल्लभाय नमः ॥
विजयते श्रीबालकृष्णः प्रभुः ॥

શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ

સપ્તમ-સ્કન્ધ

અધ્યાય : ૧

કૃષ્ણકૃપા કોઈનું પણ કલ્યાણ કરે છે:

સૂક્ષ્મવાસના - મધ્યમ વાસના- કર્મવાસના - વશ જીવોના હિત માટે ભગવાન્ કૃપા પુષ્ટિ કરે છે :

કૃષ્ણની કૃપા કોઈનું પણ કલ્યાણ કરે છે. કૃપા ભગવાનનો ધર્મ છે. ભગવાનની ઈચ્છા પ્રમાણે કૃપા થાય છે. ભગવાન્ અને ભગવાનની ઈચ્છા સ્વતન્ત્ર છે. જીવે તો કૃપાની રાહ જોવાની! સામાન્ય કૃપા તો સૌને મળેલી છે. જીવવા માટે પોષણ તથા રક્ષણ, શરીર, સમજ અને શક્તિ ભગવાને આપ્યાં છે. શરીરને ટકાવવામાં, શરીરના સુખનાં સાધનો મેળવવામાં શરીર, સામર્થ્ય અને સમય વેડફી ન દેવાય. જે ભગવાને શરીર અને જીવનની સાનુકૂલતા આપી, તેના ઉપકારને યાદ રાખીને, શરીર સર્વસ્વ અને સમયનો ઉપયોગ ભગવાનને મેળવવામાં થાય, ભગવાનની સેવામાં થાય, સત્કાર્યમાં થાય, ભગવાન્ સાક્ષાત્ દર્શન દેવાની વિશેષ કૃપા કરે, તેની આતુરતાથી રાહ જોવાય. ભગવાનની કૃપાની રાહ જોતાં પણ ભગવાનમય થઈ જવાય !

જીવનમાં આવતાં સુખ-દુ:ખને પોતાનાં કરેલાં કર્મનાં જ પરિણામ સમજીને, સ્વસ્થ રીતે પ્રસન્નતાથી ભોગવવાં. સુખમાં ઉભરાઈ ન જવું. દુ:ખમાં ગભરાઈ ન જવું ! હૃદય, વાણી અને શરીરથી ભગવાનની શરણાગતિ કરવી. પોતાનાં કરેલાં કર્મનાં ફલ જ સુખ-દુ:ખ રૂપે પોતાને મળે છે. દુ:ખમાં કોઈ નિમિત્તને અપવાદ ન અપાય ! શરણાગતિપૂર્વક પોતાનાં કર્મનાં ફલ ભોગવતાં, ભગવાનની વિશેષકૃપાની રાહ જોવી.

ભગવાને સૃષ્ટિના આરંભથી સૌ માટે વિચાર કરી રાખ્યો છે, - “આ જીવને આવો બનાવી, આ ફલ દઈશ !” તે વિચાર સૂક્ષ્મવાસના રૂપ છે. જીવને સૂક્ષ્મદેહમાં તે પ્રવેશ કરાવે છે. તેનાથી જીવ દેહને પોતાનો જાણી સ્થૂલદેહમાં પ્રવેશ કરે છે. જડશરીર સાથે ચૈતન્ય જીવનો સંબંધ કરાવનારી, દેહાભિમાનથી થતી આ મધ્યમવાસના છે. સૂક્ષ્મ અને મધ્યમવાસના જીવના સંબંધવાળી છે. આ વાસનાઓના સંબંધથી જીવમાં તદનુકૂલ કર્મ કરવાનું સામર્થ્ય આવે છે. કર્મથી થતી વાસના મનના સંબંધવાળી છે. તેનાથી અનેક કર્મ માનવ કર્યે જાય છે. આ વાસનાવશ જીવોના હિત માટે ભગવાન્ કૃપા કરે છે. ભગવાન્ દૈત્યોને મારીને મુક્ત કરે છે ! તે હિત જ છે. પ્રભુની કૃપા જ તે સંભવે છે, તેથી ભગવાનમાં દેવાદિના પક્ષપાતનો કોઈ દોષ નથી. ભગવાન્ સર્વથા નિર્દોષ છે, કૃપા તેમની

સ્વાભાવિકતા છે.

પુષ્ટિ (કૃપા) અને ઊતિ (કર્મવાસના) - પરસ્પર સહકારી છે :

ઊતિલીલામાં ભગવાને રચેલી વાસનાઓ છે : મધ્યમવાસનાવશ જીવ શરીરમાં રહે છે :

છઠ્ઠા સ્કન્ધમાંની "પુષ્ટિ" અને સાતમા સ્કન્ધમાં કહેલી - "ઊતિ" પરસ્પર સહકારી છે. ''ऊतयः कर्मवासनाः ।''- સાતમા સ્કન્ધમાં ભગવાનની ઊતિલીલા છે. તે કર્મવાસના રૂપ છે. બ્રહ્મથી ઉત્પન્ન થયેલી, પ્રીતિ કરાવનારી, ત્રણે કાલમાં રહેનારી પરંપરા તે,- વંશ ! આ લક્ષણ વાસના માટે પણ લઈ શકાય. ભગવાને રચેલી વાસના ઊતિલીલામાં છે. વાસનાથી કર્મ થાય. કર્મથી વાસના થાય ! કર્મ ત્રિવિધ છે,- આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક. ત્રણેના અવિદ્યાનાં પાંચ પર્વ કે વિદ્યાનાં પાંચ પર્વ કે અધિષ્ઠાન, કર્તા, કરણ, ચેષ્ટા, દૈવ એ પાંચના સંબંધથી, કુલ ૧૫ પ્રકાર થાય, તેથી ઊતિલીલાના ૧૫ અધ્યાય છે. "પુષ્ટિલીલા"માં ભગવાને દેવોનો પક્ષપાત કર્યો દેખાય, - તે દોષ નિવારણ કરી, ભગવાનની નિર્દોષતા સમજાવવા "ઊતિલીલા"માં ભગવાને રચેલી વાસનાઓ કહી છે!

સૂક્ષ્મવાસના ભગવદ્વિચારરૂપ છે. મધ્યમવાસના જીવને દેહસંબંધ કરાવનારી છે. જીવ હૃદયમાં રહે છે. શરીરનાં નવ છિદ્રો ખુલ્લાં હોવા છતાં, તેમાંથી બહાર નીકળી જતો નથી. પંખી પાંજરામાં પૂરાય, પણ પાંજરાનું બારણું ખુલ્લું હોય તો અંદર રહે કેમ ? મુક્ત રહેનારને બંધન ગમે ખરું ? જીવ મધ્યમવાસનાવશ શરીરમાં રહે છે અને મનમાંની કર્મવાસનાનુસાર કર્મ કરે છે.

અસદ્વાસના - સદ્વાસના - મિશ્રવાસના :

મનમાં દબાઈ રહેલી વાસનાઓ સાનુકૂલ-સંયોગોમાં ફૂટી નીકળે છે :

અસદ્વાસનાથી અસત્કર્મ થાય. સદ્વાસનાથી સત્કર્મ થાય, અને મિશ્રવાસનાથી ફલાભિલાષવાળાં, ધર્મ વગેરે મિશ્રકર્મ થાય. સદ્વાસના અને અસદ્વાસના કર્મથી થતી હોવાથી કર્મનું વર્ણન પણ કર્યું છે. આ ત્રણ પ્રકાર હોવાથી, ઊતિલીલાનાં ત્રણ પ્રકરણ છે. દરેક પાંચ અધ્યાયનું છે. ૧ થી ૫ અધ્યાયમાં અસદ્વાસના, ૬ થી ૧૦માં સદ્વાસના અને ૧૧ થી ૧૫માં મિશ્રવાસના-પ્રકરણ છે.

પોતાની પૂર્વવાસનાનુસાર માનવ કર્મ કરે છે. કર્મથી પુનઃ વાસનાઓ વધતી જાય છે. ''वस्''- ધાતુમાંથી ''वासना'' શબ્દ બને. જીવને દેહમાં વસાવે તે,- વાસના. ! ''वासयति कर्मणा योजयतीति वासना ।''- કર્મમાં યોજે તે પણ વાસના ! પ્રભુએ કૃપાથી આપેલાં શરીર, સમય, સામર્થ્ય, સંપત્તિ, સ્વજન વગેરેનો શ્રીહરિ માટે કે સર્વના સુખ માટે સદુપયોગ સદ્વાસનાથી સંભવે. અન્યને પીડવામાં દુરુપયોગ અસદ્વાસનાથી થાય. સ્વાર્થ કે સ્વજન માટે ઉપયોગ મિશ્રવાસનાથી થાય.

વાસનાના બલે માનવ ઈચ્છે તેવો બની શકે. વિદુરનીતિમાં કહે છે :

यादृशैः सन्निविशते यादृशांश्चोपसेवते ।
यादृगिच्छेच्च भवितुं तादृग्भवति पुरुषः ॥

સંબંધ, સંગ અને સ્વેચ્છાથી માનવ પોતાને ઘડે છે. સમાજમાં સૌ, સામાન્યતઃ પ્રતિષ્ઠા અને પૈસા મેળવવા મથે છે. મથામણના માર્ગ અનેક છે, ભિન્ન છે. કોઈ વકીલ, કોઈ ડૉક્ટર, કોઈ વ્યાપારી,

કોઈ અધ્યાપક, કોઈ વૈજ્ઞાનિક, કોઈ ઈજનેર બને છે. પરિણામ પ્રારબ્ધાનુસાર મળે, પણ દરેકના મનમાં કોઈક માર્ગે જવાની પ્રબલ ઈચ્છા - વાસના છે, તે તેને દોરે છે. કેટલાક પૈસા કે પ્રતિષ્ઠાની પરવા વિના પ્રીતિના પરવાના બને છે, ક્ષેત્રમાંના - ધંધાના રસ કે આદરથી પણ ક્ષેત્ર સ્વીકારે છે. આ વાસનાની વિવિધતા છે. ભગવાન્ પણ કૃતપ્રયત્નાપેક્ષ છે. જીવની ઉત્કંઠા-પ્રયત્ન-જોઈને ફલ આપે છે!

અનેક જન્મના સંસ્કારો બુદ્ધિમાં સૂક્ષ્મબીજ રૂપે રહે છે. અધૂરી રહેલી, દબાઈ ગયેલી ઈચ્છાઓ પણ મનમાં બીજ રૂપે બાકી રહે છે. તે વાસના છે. સાનુકૂલ સંયોગો મળતાં, પુનઃ અંકુરિત થાય છે, વાસનાનુસાર કર્મ કરવા પ્રેરે છે. ઉષ્ણકાલમાં રસ્તા પર દેડકાં દેખાતાં નથી. પૃથ્વીમાંથી કાયમ ગંધ પણ આવતો નથી, પણ ચોમાસામાં પહેલો વરસાદ થતાં જ, પૃથ્વીમાંથી ગંધ સ્વાભાવિક આવે છે અને દેડકાં પણ પછી દેખાય છે. ગંધ અને દેડકાં જમીનમાં મળી ગયાં છે. સામાન્ય સંયોગોમાં દેખાતાં નથી, પણ સાનુકૂલ સંયોગો આવતાં પુનઃ પ્રકટ દેખાય છે. સંસ્કૃતમાં દેડકાંને - "પુનર્ભૂઃ" કહે છે. ચોમાસુ જતાં જમીનમાં મળી જાય, ન દેખાય. પુનઃ ચોમાસામાં બહાર નીકળે, દેખાય! વાસના પણ પ્રતિકૂલ સંયોગોમાં મનમાં દબાઈને બીજ રૂપે રહે છે. સાનુકૂલ સંયોગોમાં પુનઃ ક્રિયા રૂપે પ્રકટ થાય છે. સત્કાર્ય કે ભક્તિ કરનારના મનમાંથી પણ, અસદ્વાસના દૂર થઈ ન હોય તો, સાનુકૂલતા મળતાં તે અસત્કાર્યમાં પ્રવૃત્તિ કરાવે. પરિણામે, પ્રભુના બહાને, ધર્મના અંચળા ઓથે, વિકારનો વિકાસ થાય, પતન થાય!

મહાપુરુષોની અવજ્ઞાથી, તેમના કોપથી અસદ્વાસના થાય, અધઃપતન થાય. મહાપુરુષોની કૃપાથી સદ્વાસના મળે, ઊર્ધ્વગમન થાય. ભગવાનના પાર્ષદ જય-વિજયને સનત્કુમારોની અવજ્ઞા અને કોપથી અધઃપતન મળ્યું, દૈત્ય થયા.

પહેલા પાંચ અધ્યાયમાં હિરણ્યકશિપુનો પ્રસંગ છે. પ્રહ્લાદ રૂપે પધારેલા કુમારો પર નારદજીની કૃપા થઈ, દૈત્યદેહ છતાં ભક્ત થયા, ભગવાન્ મળ્યા, ઊર્ધ્વગમન થયું! પછીના પાંચ અધ્યાયમાં પ્રહ્લાદની કથા કહી. અસુર અને સુરના અંશ તરીકે આ વાસના વંશ છે, પિતા-પુત્રની કથા છે. વાસના કર્મથી થાય, તેથી છેલ્લા પાંચ અધ્યાયમાં નિયામક-શુદ્ધિપ્રદ-ધર્મરૂપ કર્મનું નિરૂપણ છે. આ મનુષ્ય અંશ રૂપ છે.

દૈત્ય-માનવ-દેવ ત્રણેના આવેશવાળા અનુભવી નારદજી અહીં વક્તા છે :

જ્ઞાન - ભક્તિ - કર્મ - ગુણવાળા યુધિષ્ઠિરજી શ્રોતા છે :

આ ઊતિલીલામાં વક્તા છે, - નારદજી! તે દૈત્ય, મનુષ્ય, દેવ ત્રણેના આવેશવાળા છે! નારદજી પહેલાં ઉપબર્હણ ગંધર્વ હતા. સ્ત્રીલંપટ હતા. લંપટપણું-વિકાર-દૈત્યાવેશ રૂપ છે, પછી તે દાસીપુત્ર થયા. સંત-સેવા કરી. કૃતાર્થ થયા. તે મનુષ્ય રૂપ આવેશ છે. પુનઃ, પ્રભુકૃપાથી પાર્ષદ થયા. ગુણગાનરત દેવર્ષિ થયા. બ્રહ્મપુત્ર થયા. તે દેવ રૂપ આવેશ છે. ત્રણ પ્રકરણમાં ત્રણ પ્રકારની વાસના સમજાવવા માટે, ત્રણે વાસનાના અનુભવવાળા નારદજી અહીં વક્તા છે, જ્ઞાન, ભક્તિ અને કર્મ ગુણવાળા યુધિષ્ઠિરજી શ્રોતા છે.

વાસનાનુસાર કર્મ થાય. કર્માનુસાર ભગવાન્ ફલ આપે, કૃપા કરે, જીવનું હિત કરે. તે પક્ષપાત નથી. પ્રભુની ઉદારતા છે :

પ્રભુને સૌ સમાન છે. કોઈને પ્રભુ સુખ દે તેમાં પક્ષપાત નથી, કોઈને દુઃખ મળે તેમાં પ્રભુની ક્રૂરતા નથી. પ્રભુને વિશ્વમાં સૌ પોતાનાં જ રૂપ છે. અગ્નિથી કોઈ રસોઈ પકવે, કોઈ આગ લગાડે, કોઈ યજ્ઞ કરે. અગ્નિ તો સામાન્ય રૂપે ત્રણે ક્રિયામાં દેખાય છે, પણ આગ લગાડવાનું અસદ્વાસનાથી બને, રસોઈ કરવાનું મિશ્રવાસનાથી બને, યજ્ઞ કરવાનું સદ્વાસનાથી બને. અગ્નિ એક ક્રિયા વાસનાનુસાર વ્યક્તિ કરે. ફલ તે પ્રમાણે થાય. ભગવાન્ તો કૃપાપૂર્ણ છે. જીવને કર્મ-વાસનાનુસાર કૃપાનો અનુભવ દઈ, કૃતાર્થ કરે છે. વરસાદનું જલબિંદુ કાલુ માછલીની છીપમાં મોતી બને, કમલપત્ર પર મોતી જેવું લાગે, પૃથ્વી પર પંક બને, તપ્તમાં તે દેખાય પણ નહિ! કૃપાસિંધુ કૃષ્ણના કૃપાબિંદુ રૂપે મળેલાં શરીર, સંપત્તિ, સામર્થ્ય, સ્વજન વગેરે સર્વસ્વનું સેવકબુદ્ધિથી સમર્પણ, શ્રીહરિના સુખ માટે થાય તે સદ્વાસનાવાળા હૃદયમાં મોતી રૂપે શોભે. સૌના હિત માટે સદુપયોગ થાય તે મોતી જેવું લાગે. અન્યના અહિતમાં ઉપયોગ કરે, તેમાં તો અસ્તિત્વ પણ ન રહે. અસદ્વાસનાવાળામાં કૃપા હોવા છતાં દેખાય નહિ! સ્વસુખ કે સ્વાર્થ માટે સઘળું ઉપયોગમાં લેનાર, મિશ્રવાસનાવાળા હૃદયમાં તે પંક રૂપે બને. ક્વચિત્ સુગંધ અને પંકજનો તેમાં સંભવ રહે, કે અન્નબીજ અંકુરિત બને. વૃષ્ટિના જલબિંદુની જેમ સૃષ્ટિમાં કૃપાબિંદુ તો, કૃપાસિંધુ કૃષ્ણ સૌને દે છે, પણ વાસનાનુસાર પરિણામ દેખાય છે. અયોગ્યને યોગ્ય બનાવતી વિશેષકૃપાની તો આતુરતાથી રાહ જોવાની!

અસદ્વાસનાઓને સદાચાર, સત્કૃપા, - વર્ણાશ્રમધર્મથી દૂર કરીને સદ્વાસના થઈ શકે :

માનવ પોતાનામાં રહેલી અસદ્વાસનાઓને સદાચરણથી દૂર કરી શકે છે. મોટાઓની કૃપાથી પણ ખરાબ વાસનાઓ દૂર કરી શકાય છે. તેને માટે સામાન્ય ઉપાય છે; સદાચાર અને વર્ણાશ્રમધર્મ! મિશ્રવાસના-પ્રકરણમાં તેનું વર્ણન છે. સદાચાર દુરાચારને દૂર રાખશે, અસદ્વાસનાને ક્રમશઃ દૂર કરશે. વર્ણ અને આશ્રમના ધર્મો શરીર સાથે સંબંધ ધરાવે છે. તે ધર્મોની મર્યાદા, માનવને અનર્થરૂપ અસદ્વાસનામાંથી અટકાવે છે, અસત્કાર્યમાંથી પણ અટકાવે છે.

સદ્વાસના અને સત્કાર્ય ક્રમશઃ વધતાં જાય, છતાં પણ જો તે વ્યવસ્થિત રૂપમાં ન હોય તો, ઈચ્છેલું ફલ ન આપે. રૂના ઢગલા પર સૂવાથી સુખ ન મળે, સાનુકૂલ ન લાગે, પણ રૂના ઢગલાને વ્યવસ્થિત રીતે કાંપડની ખોળમાં ભરી, પાથરી, ટાંકા દઈને ગાદલું બનાવ્યા પછી, સૂવામાં સુખ અને સાનુકૂલતા મળે; તેમ સદ્વાસના હૃદયમાં હોય તો સત્કાર્ય કરવાનું મન થાય, પણ અનિયંત્રિત - મરજી ફાવે તેમ - કરેલું સત્કર્મ કદાચ ધર્મરૂપ ન પણ રહે, તો પુનઃ ખરાબ વાસના જ વધે, સત્ફલ ન મળે. આવો અનર્થ ન થાય માટે, વર્ણ અને આશ્રમધર્મની મર્યાદામાં સદ્વાસનાને વ્યવસ્થિત કરીને સત્કાર્ય થાય, તો અસદ્વાસના દૂર થાય, સદ્વાસના વધે, પ્રભુને અનુકૂલ થવાય.

વર્ણાશ્રમધર્મ - દેહનો ધર્મ છે : કૃષ્ણની સેવા - જીવનો ધર્મ છે :

બંને ધર્મ પાળતાં કૃષ્ણ-સેવા કે કૃષ્ણ જ (વાસના) દોષોને દૂર કરી દે છે :

અસદ્વાસના કાઢી નાખ્યા પછી જ ભક્તિ સુખદ થાય, પ્રભુની વિશેષ કૃપા અનુભવાય :

ફેલાતા જતા સ્વચ્છંદના સમયમાં, વર્ણાશ્રમધર્મ હાસ્યાસ્પદ લાગે છે, પ્રાયઃ લુપ્ત થઈ રહ્યો

છે. નિયંત્રણ કોઈને કશાં જોઈતાં નથી, પરિણામે તો ઉન્નતિમાં નિમંત્રણ અટકતાં દેખાય છે, દુષ્ટવાસના અને વિકાર વધતાં દેખાય છે. ધર્મનું સાચું સ્વરૂપ કે પ્રયોજન સમજ્યા વિના, પોતાના અજ્ઞાન અને પૂર્વગ્રહને પરિણામે, ઘણા લોકો તેના લાભથી દૂર રહે છે, અથવા બે ઘડીની મોજ જેવા વિલાસ કે વૈભવ માટે ભવ બગાડે છે, ભવ્ય થતાં અટકે છે, ભય મુક્ત થતા નથી. વર્ણાશ્રમધર્મ દેહનો ધર્મ છે. ભગવાનની સેવા જીવનો ધર્મ છે. દેહ અને જીવ બંનેનો ધર્મ પાળવો જોઈએ. ''कर्माप्येकं तस्य देवस्य सेवा ।''- કૃષ્ણસેવા એક જ કર્મ છે. બધી જ વાસનાને તે દૂર કરે છે. કામ, લોભ, ક્રોધાદિથી વારંવાર કલુષિત થયેલા અંતઃકરણની શુદ્ધિ અને શાંતિ, કૃષ્ણસેવાથી થાય, બીજાં સાધનથી ન થાય.

જય-વિજયને અસદ્‌વાસનાથી શાપ થયો. ત્રણ જન્મ અસુર રૂપે થયા. લોભ, ક્રોધ અને કામ રૂપે વાસના બધી બહાર દેખાઈ. વાસના બહાર નીકળે તો હૃદય શુદ્ધ થાય. જય-વિજયની શુદ્ધિ માટે, દોષનિવૃત્તિ માટે, ભગવાન્ અવતાર લઈને પધાર્યા. ભગવાન્ દ્વારા જ તે દોષો દૂર થયા.

માનવમાંથી પણ દોષો દૂર કરવા માટે બાહ્ય અને આંતર ધર્મો વર્ણાશ્રમધર્મ અને ભગવદ્‌ભજન રૂપે છે. તેનાથી ખરાબ વાસના તથા કામ, ક્રોધ, લોભ વગેરે દૂર થાય, પ્રભુમાં પ્રીતિ થાય તો પરિત્યાગ સ્વાભાવિક થાય. પ્રભુમાં પ્રીતિ હતી, તેથી વૃત્રાસુરે પ્રભુ સિવાય સ્વર્ગ, બ્રહ્મપદ, સાર્વભૌમ, રસાતલનું ઐશ્વર્ય, યોગસિદ્ધિ કે મુક્તિની પણ સ્પૃહા નથી કરી. ભગવાન્ માટેની સ્પૃહા, બીજી બધી સ્પૃહાઓને કાઢી નાખે છે!

પ્રહ્‌લાદને માત્ર પ્રભુની સ્પૃહા હતી. પિતાનો પ્રેમ કે પ્રકોપ ચલિત ન કરી શકયો. રાજ્યસંપત્તિ કે વિપુલવિપત્તિ પ્રભુપ્રપત્તિમાંથી ડગાવી શકયાં નહિ, ડરાવી શક્યાં નહિ. પિતા પ્રત્યે કોઈ અસદ્‌વિચાર આવ્યો નહિ. કોઈ મલિન વિચાર અંતઃકરણમાં આવવા દેવો નહિ. મંગલ, મંજુલ, મધુર વિચારો રાખવા. ''मनः मे शिवसंकल्पमस्तु ।''-નો સંદેશ વેદ વિશ્વકલ્યાણ માટે દે છે. - "મારું મન કલ્યાણ રૂપ સંકલ્પવાળું થાવ." ''मधुराधिपतेरखिलं मधुरम् ।''- મધુરાધિપતિ-કૃષ્ણ-નું સઘળું મધુર જ છે. મધુરાધિપતિના થવું હોય તો, મધુર થવું પડે. અસદ્‌વાસના કાઢી નાખ્યા પછી જ ભક્તિ સુખપ્રદ બને. પ્રભુની વિશેષ કૃપાનો અનુભવ થાય.

પરીક્ષિતે પક્ષપાતીની જેમ દૈત્યવધ કરતા ભગવાન્ માટે પ્રશ્ન પૂછ્યો :

પરીક્ષિતે છઠ્ઠા સ્કન્ધમાં કૃપાની કથા સાંભળી. પ્રભુ દેવનો પક્ષ કરતા લાગ્યા, અસુરને દંડ દેતા દેખાયા. રાજા પરીક્ષિતે પ્રશ્ન પૂછયો, - "ભગવાન્ તો સૌને માટે સમાન છે, પ્રિય છે, આનંદ રૂપ છે, હિતકારક છે. ઈન્દ્ર માટે તેમણે પક્ષપાતીની જેમ દૈત્યનો વધ કેમ કર્યો ?" ભગવાનમાં ત્રણ ધર્મો કહ્યા,- સમાનતા, પ્રિયત્વ અને હિતકર્તાપણું ! આ ત્રણ ગુણો સ્થાનપ્રાપ્તને માનનો અધિકારી બનાવે. સ્વાર્થથી સમાનતા જાય. દોષદષ્ટિથી પ્રિયત્વ ન રહે અને દ્વેષ બુદ્ધિથી હિત ન થાય. પરિણામે સંઘર્ષ થાય. પ્રભુ સ્વાર્થ, દોષદષ્ટિ અને દ્વેષબુદ્ધિથી પર છે, છતાં દૈત્યવધ કેમ કરે છે ?"

રાજાનો પ્રશ્ન સાંભળી, શ્રીશુક પ્રસન્ન થયા. શ્રદ્ધાથી વિશુદ્ધ થયેલી બુદ્ધિથી ભગવાનની કથા સમજાય. શંકાના સમાધાન માટે આદરથી જિજ્ઞાસા ભાવે પ્રશ્ન પુછાય. શંકા કે અજ્ઞાનથી પૂર્વગ્રહ બાંધીને માત્ર કલ્પિત રીતે અશ્રદ્ધા ઊભી ન કરાય. અંધશ્રદ્ધા પણ ચલાવાય નહિ. રાજાની

જિજ્ઞાસાને શ્રીશુકે અભિનંદન દીધાં. જિજ્ઞાસા એટલે વિચાર ! સાંભળીને, વાંચીને વિચારે તે કાંઈ પૂછે. આચરવું કે સમજવું હોય તે વિચારે છે, ન સમજાતાં પૂછે છે, પણ આજે અનેક સાંભળે છે, વાંચે છે, છતાં પૂછનારા ખૂબ ઓછા હોય છે. વિચારવું-સમજવું-આચરવું પ્રાયઃ ઓછું થઈ ગયું છે. સાંભળીને કે વાંચીને જ સંતોષ માની લેવાય છે ! પરીક્ષિતે તો અદ્‌ભુત પ્રભુચરિત પૂછ્યું છે. સઘળું જાણવા કે સમજવા કરતાં, હરિલીલા જાણવી - માણવી શ્રેષ્ઠ છે.

રાજાના પ્રશ્નથી શ્રીશુકે કૃપાપૂર્ણ ભગવાનની ભક્તહિત કરતી લીલા સંભળાવી :

શ્રીશુકે કથારંભમાં વંદન વ્યાસ મુનિને કર્યાં. આદિ મધ્ય અને અંતમાં મંગલાચરણવાળાં શાસ્ત્ર મંગલપ્રદ બને છે. ભાગવત તો ભગવદ્રૂપ છે, સર્વમંગલ છે, છતાં મર્યાદાપાલને વંદન કર્યાં, - "नत्वा कृष्णाय मुनये कथयिष्ये हरेः कथाम् ।"- "कृष्णाय"-કૃષ્ણને, "(कृष्णाय) मुनये"- વ્યાસજીને અથવા વ્યાસ અને મુનિ નારદને.

વાસનાલીલાનો આરંભ કરતાં, હવે મુખ્ય-અવતારચરિતનો પણ આરંભ થવાનો, તેથી વંદન દ્વારા જીવનો ધર્મ વ્યક્ત કર્યો. જીવ ભગવાનને માત્ર વંદન કરી શકે ! "निर्गुणोऽपि ह्यजोऽव्यक्तो" - ભગવાન્ પ્રાકૃત ગુણોથી પર છે, અનેક અલૌકિક સહજ ગુણવાળા છે. દોષનું મૂલ જન્મ છે. ભગવાનને જન્મ નથી, નિર્દોષ છે. દેખાય છે છતાં સમજાતા નથી, અવ્યક્ત છે. "स्वमायागुणमाविश्य....।"- જીવોને મોહ કરનારી પોતાની ચિદ્રૂપા વ્યામોહિકા માયાથી જીવોની બુદ્ધિને મોહ કરાવે છે, તેથી લોકોને તે પ્રાકૃત જેવા લાગે છે ! પોતાની સર્વભવનસામર્થ્ય રૂપ માયાથી ભગવાન્ ગુણોનો અંગીકાર કરે છે.

મા મીઠાઈ દે તો મધુર લાગે, ઓસડ આપતાં કઠોર પણ લાગે, છતાં તે વત્સલ છે, તેમ ભગવાન્ સુખ દે તો, સાનુકૂલ અને હિત કરવા કઠિન અનુભવ દે તો પ્રતિકૂલ છે, - તેમ માનવ માની લે છે ! વાસ્તવમાં, ભગવાન્ કૃપાપૂર્ણ છે !

યુધિષ્ઠિરના રાજસૂય-યજ્ઞમાં શિશુપાલને સાયુજ્ય મળ્યું. તે જોતાં યુધિષ્ઠિરે નારદજીને તેનું કારણ પૂછ્યું, - "ભગવાનની નિંદા કરનારની જીભે કોઢ થવો જોઈએ, નરક મળવું જોઈએ, પણ આને તો નારાયણ મળ્યા આમ કેમ ?" નારદે ઉત્તર આપ્યો, - "निंदनस्तवसत्कारन्यक्कारार्थं कलेवरम् ।"- નિંદા-સ્તુતિ- સત્કાર અને તિરસ્કાર દેહનાં થાય, દેહમાં વસનારનાં નહિ ! પ્રકૃતિપુરુષના અવિવેકથી તેને લોકો પોતાનાં માની લે છે. દેહથી જીવને જુદો જાણનાર, તેથી પર રહે છે. પ્રકટ થયેલા ભગવાન્ સાથે કોઈ પણ રીતે સંબંધ કરે તે, કૃતાર્થ થાય છે. સ્નેહ કરતાં દ્વેષથી ચિત્ત વધારે તન્મય બને. ગોપીજન કામથી, શિશુપાલ દ્વેષથી, યાદવો સંબંધથી, તમે (પાંડવો) સ્નેહથી, અમે (ભક્તો) ભક્તિથી - ભગવાનમાં ચિત્ત પરોવી તન્મય થઈ ગયા ! કામથી પ્રભુમાં મન પરોવનાર શ્રીગોપીજન, દશમ-સ્કન્ધના ઉત્તરાર્ધમાં કહેલાં, શ્રીબલરામજી સાથે રાસ રમનાર હોવા સંભવ છે, અથવા "प्रेमैव गोपरामाणां काम इत्यगमत्प्रथाम् ।" - શ્રીગોપીજનનો પ્રેમ જ કામ કહેવાયો છે; અથવા શ્રીગોપીજન રાસના વિપ્રયોગપ્રસંગમાં, "कृष्णदर्शनलालसाः ।" છે. પુષ્ટિમાં દર્શનલાલસા - કામ છે. કોઈ પણ ઉપાયે મન કૃષ્ણમાં પરોવવું, તેથી કૃતાર્થ થવાય. વિપ્રશાપથી અસુર થયેલા પ્રભુના પાર્ષદો પ્રભુપદ પામ્યા.

યુધિષ્ઠિરને આશ્ચર્ય થયું, – "વૈકુણ્ઠમાં વસનારને દેહ, ઈન્દ્રિયાદિનો અધ્યાસ – સંબંધ ન હોય, છતાં આ કેમ સંભવ્યું ?"

નારદે પૂર્વકથા કહી. સનત્કુમારો વૈકુણ્ઠમાં ભગવાનનાં દર્શન કરવા ગયા. તૃતીય-સ્કન્ધમાં આ કથા સર્ગોપયોગી હોવાથી કહી છે. અહીં વાસનાવ્યક્ત કરનારી હોવાથી કહી છે. કુમારોને ભગવાનના દ્વારપાલ જય-વિજયે લાકડીથી અટકાવ્યા. ઋષિએ ભગવદિચ્છાથી ત્રણ જન્મ અસુર થવાનો શાપ દીધો. જય-વિજય પહેલાં મધુ-કૈટભ હતા ! ભગવાને તેમનામાં દૈત્યભાવ વિચારેલો. તે સૂક્ષ્મવાસનાથી, તેઓ પાર્ષદ થયા છતાં, અંદર બીજાત્મક રીતે પહેલાં દૈત્યત્વ હતું ! દબાઈ રહેલી બીજાત્મક-વાસના એકાએક પ્રકટ થતાં, તેમણે મુનિનો અનાદર કર્યો. દુષ્ટવાસના બહાર દેખાઈ. તેને દૂર કરી, જય-વિજયને શુદ્ધ કરી, પુનઃ વૈકુણ્ઠવાસ- યોગ્ય બનાવવા, સૂક્ષ્મ – મધ્યમ અને કર્મવાસનાઓને સંપૂર્ણ બહાર કાઢી નાખવા, ત્રણ જન્મ સુધી અસુર થવા કહ્યું.

આ શાપ પછી જય-વિજયના ત્રણ જન્મ થયા. તેમનામાં રજોગુણ-તમોગુણથી થતા લોભ, કામ અને ક્રોધ સ્પષ્ટ થયા. પહેલાં લોભ રૂપ દૈત્ય હિરણ્યાક્ષ-હિરણ્યકશિપુ થયા. રજોગુણની આ અસર રજોગુણમાં પરિણામરૂપ ક્રોધથી જાય. ભગવાને પશુઓના ક્રોધરૂપ વરાહનું રૂપ લઈ હિરણ્યાક્ષને માર્યો અને ક્રોધરૂપ નૃસિંહે ભક્ત પ્રહ્લાદનો દ્વેષ કરતા હિરણ્યકશિપુને માર્યો, લોભ દૂર કરવા કૃપા કરી.

બીજા જન્મે તે રાક્ષસ રૂપે રાવણ – કુંભકર્ણ થયા. તે કામાત્મક છે. ભગવાને સંયમરૂપ રામાવતાર લઈ તેનો દોષ દૂર કરવા કૃપા કરી. રામપરાક્રમ માર્કણ્ડેય મુનિ કહેશે.

નારદે યુધિષ્ઠિરને કહ્યું, – "ત્રીજા જન્મે તે માનવ રૂપે શિશુપાલ, દન્તવક્ત્ર થયા. તે ક્રોધાત્મક છે. પ્રભુ પ્રેમપુઞ્જ શ્રીકૃષ્ણ પધાર્યા. કૃપા કરીને તેમના દોષ દૂર કર્યા. સાયુજ્ય આપ્યું. "**वैरानुबन्धतीव्रेण ।**" સ્નેહ સામાન્ય હોય, તો પણ કલ્યાણ થાય, જીવતાં પણ સુખ મળે. વૈરભાવ તો તીવ્ર જ જોઈએ ! વૈરમાં પહેલાં નાશ થાય પછી કલ્યાણ થાય. ત્રણ જન્મે, નરકના દરવાજા રૂપ લોભ-કામ-ક્રોધ રૂપ દોષ જતાં વાસનાનો નાશ થયો, શુદ્ધિ થઈ.

'पितृदेवो भव' વગેરે વેદવાક્યોનો યોગ્ય અર્થ :

યુધિષ્ઠિરે પ્રિય પુત્ર ભક્ત પ્રહ્લાદનો દ્વેષ કરવાનું કારણ અને પ્રહ્લાદને ભગવન્મતિ થવાનું કારણ પૂછયું. પિતાને પુત્ર પ્રિય છે, પુત્રને પિતા દેવ રૂપ ગણાય. – "**पितृदेवो भव ।**"– વિદ્યા, વિનયનિપુણ વિદ્યાર્થીને ગુરુકુલમાંથી વિદાય થતાં, તેના દીક્ષાન્તસમારોહમાં શ્રુતિની આ શિક્ષા છે. "પિતા દેવ છે," – તેમ નહિ, "પિતા જેને માટે દેવ છે, તેવો તું થા !" ભાવિ-ગૃહસ્થને આ મધુર માર્ગદર્શન છે. પિતા દેહધારી છે. તેનામાં કોઈ દોષ હોય તે સ્વાભાવિક છે. સાનુકૂલ કદાચ ન પણ હોય, છતાં ભવિષ્યના ગૃહસ્થને સંઘર્ષમાં ન ઉતારતાં, વ્યવહારવિશારદતાથી આદર્શ આપે છે, – "તારાં વાણી-વ્યવહાર એવાં ઉદાત્ત રાખ કે પિતા પ્રત્યે દેવ જેવો આદર તેમાં દેખાય !" આ આદર સાચા શિક્ષણનો સાર છે, અનાદર તો શિક્ષણનો કાસાર (કાદવ) છે. આ જ રીતે, "**मातृदेवो भव ।**"– વગેરે સમજી લેવાં. સામાને અનુકૂલ કરવા જતાં સંઘર્ષ સંભવે. સામાને સાનુકૂલ થવું. ખુરશીમાં બેસવું હોય

તો, બેસનાર ખુરશીને અનુકૂલ રીતે બેસે છે, તો ખુશી થાય છે. બેસનારને અનુકૂલ ખુરશી થઈ જતી નથી. ખુરશી બનતાં જ તેની મર્યાદા નક્કી છે. આરામખુરશીમાં આરામથી બેસાય, તો ખુરશી અને બેસનાર બંને ખુશી રહે, - સલામત રહે. વ્યક્તિમાં પણ સ્વભાવિક ગુણદોષ હોઈ શકે. ન ગમતી બાબતોમાં મૌન રહીને, થોડું સહન કરી લઈને, પ્રભુથી વિરુદ્ધ ન હોય તેવા વ્યવહારમાં, પોતાના અભિપ્રાયનો આગ્રહ જતો કરીને સાનુકૂલતા સધાય.

યુધિષ્ઠિરે પ્રશ્નમાં હિરણ્યકશિપુનું નામ ન દીધું. અતિલોભીનું નામ ન દેવાય. દોષવાળાને યાદ કરવાથી પણ દોષ લાગે. પ્રભુના દ્વેષીને યાદ ન કરાય. ભક્તનું નામ પણ પાવન કરે, તેથી પ્રહ્‌લાદનું નામ લીધું છે !

અધ્યાય : ૨

સંગ્રહરૂપ હિરણ્યાક્ષના મરતાં, હિરણ્યકશિપુએ દીધેલું સાન્ત્વન :

માનવ-સંબંધ પરબે મળેલાં તરસ્યાં જેવો છે; આત્માના જ્ઞાન વગર લોકો પોતાનું - પારકું માને છે :

અંતઃકરણ નિર્દોષ ન બને ત્યાં સુધી જીવનમાં જ્ઞાનથી પણ શાંતિ ન મળે :

દેવર્ષિ નારદે કથા સંભળાવી. હિરણ્યાક્ષને વરાહ ભગવાને મારતાં, હિરણ્યકશિપુ ક્રોધે ભરાયો. લોભનાં બે અંગ, - સંગ્રહ અને (અયોગ્ય) ઉપાર્જન ! હિરણ્યાક્ષ સંગ્રહ રૂપ. તેના જતાં શોક-ક્રોધ સ્વાભાવિક થાય. સંગ્રહનો માત્ર દૈવયોગે નાશ થાય - કે સ્વોપભોગ થાય, તેના કરતાં, પ્રભુકાર્યમાં વિનિયોગ શ્રેયસ્કર છે, વરાહ યજ્ઞ રૂપ છે. હિરણ્યાક્ષ દ્રવ્ય-સંચય છે, સમૃદ્ધિનો સંગ્રહ છે. પ્રભુકૃપા હોય તો જ, સંગ્રહ કરેલા દ્રવ્યાદિનો સત્કાર્ય રૂપ યજ્ઞ કે ભગવત્સેવાદિમાં વિનિયોગ સંભવે. ભગવાન્ શ્રીકૃષ્ણે પણ નંદરાયજીના અતિ ભારે દ્રવ્યસંગ્રહનો વિનિયોગ ગોસવયાગમાં - અન્નકૂટ રૂપે કરાવી દીધો છે. સાચું જ્ઞાન કે સ્નેહ હોય તો, ભગવત્કાર્યમાં દ્રવ્યસંગ્રહના વિનિયોગથી આનંદ થાય, પણ માત્ર આભાસ રૂપ જ્ઞાન કે સ્નેહ હોય અને અંતઃકરણમાં વાસના ભરેલી હોય, તો પાછળથી મનમાં બળતરા થાય.

હિરણ્યકશિપુમાં જ્ઞાન હોવા છતાં, પ્રકૃતિગત દોષ દૂર ન થયો. સર્વ સુખ હોવા છતાં સંતોષ ન થયો. લોભને સંતોષ ન હોય, અધિક ઉત્પાદન, આવક - અયોગ્ય રીતે પણ - તે ઈચ્છે છે. હિરણ્યકશિપુએ અસુરોને તપ:, સ્વાધ્યાય, વ્રત, દાનનો નાશ કરવા આદેશ દીધો. બ્રાહ્મણ, ગાય, વેદ, વર્ણાશ્રમધર્મ અને સત્ક્રિયા હોય ત્યાં ધર્મ અને ધર્મના આધાર રૂપ ભગવાન્ વિરાજે છે. આ બધાનો અવરોધ કરવાથી, અટકાવવાથી, સમાજની ઉન્નતિ અટકે, અવનતિ થાય, અસુરપણું આવે. હિરણ્યકશિપુ અને તેના અસુરોએ સર્વત્ર દુઃખ દેવાનું શરૂ કર્યું. હિરણ્યાક્ષની ઉત્તરક્રિયા કરી. મા-દિતિ અને ભાભી-રુષાભાનુને આશ્વાસન આપ્યું. હિરણ્યકશિપુનું આ જ્ઞાન વાસનાજન્ય-લૌકિક-છે, વાણીમાં છે. વર્તનમાં નથી. જ્ઞાન હોવા છતાં ભોગ, દ્વેષ તેનામાંથી ગયા નથી !

હિરણ્યકશિપુના મતે માનવોનો સંબંધ પરબે મળેલા તરસ્યાઓના જેવો છે. વાસનાનુસાર કર્મબંધન પૂરાં થતાં, સૌ પોતાના કર્માનુસાર જુદાં પડવાનાં છે, - "ભૂતानामिह संवासः प्रपायामिव

સુવ્રતે ।"- તત્ત્વજ્ઞાન દેતાં આત્માની નિત્યતા કહી. રાજા સુયજ્ઞનું દૃષ્ટાન્ત દીધું. રણમાં રાજા મરાયો. સૌ રુદન કરવા લાગ્યાં. બાલક રૂપે યમ આવ્યા. ઉપદેશ દીધો.

જેણે ગર્ભમાં રક્ષણ કર્યું, તે સર્વથા રક્ષા કરે છે. દૈવ જેની રક્ષા કરે છે તે સુરક્ષિત રહે છે; નહિ તો અત્યંત સુરક્ષિત પણ નાશ પામે છે. સુયજ્ઞ તરીકે શરીર ઓળખાય છે, પણ અંદરનો સર્વકાર્યકર્તા જીવ, - તે દેખાતો નથી.

કોઈ પારધિની જાળમાં, કુલિંગ નામનાં બે પંખીમાંથી માદા પકડાઈ. તેના શોકમાં સંતપ્ત નર પંખીને વ્યાધે વીંધી નાખ્યું. એકના શોકમાં અન્ય પોતે નાશ પામે. અજ્ઞાનને આત્મનાશ ઓળખાય નહિ ! ઉપદેશ દઈ યમ અંતર્ધાન થયા. સૌએ સુયજ્ઞની ઉત્તરક્રિયા કરી.

હિરણ્યકશિપુએ કહ્યું, - "આત્મા (પોતે) કોણ ? - એ જ્ઞાન વગર જ લોકોને આસક્તિ માત્રથી પોતાનું અને પારકું લાગે છે." હિરણ્યકશિપુના જ્ઞાનથી સૌએ શોક છોડયો, પણ તેનામાંથી આસક્તિ, દ્વેષ, ભોગ ન ગયાં. અંતઃકરણ નિર્દોષ ન બને, વાસના જાય નહિ, ત્યાં સુધી જ્ઞાન માત્ર ઉપદેશ દેવાના ઉપયોગમાં આવે, જીવનમાં શાંતિ ન આપે, પ્રભુ માર્ગે ન વાળે ! પ્રતિકૂલ પ્રસંગોમાં આવતાં ક્ષણિક જ્ઞાન, વૈરાગ્ય પ્રભુમાર્ગમાં સ્થિર ન કરે.

અધ્યાય : ૩

અજર-અમર થવા હિરણ્યકશિપુના તપઃથી બ્રહ્માજીનું શરતી વરદાન :
દંભથી દુષ્ટને પણ દુનિયા દિવ્ય માની બેસે :

હિરણ્યકશિપુને અજેય, અજર, અમર થવાની ઈચ્છા થઈ. અજેય, અજર, અમર તેને દેહથી થવું હતું, દેહાત્મબુદ્ધિ હતી. શરીરની સંભાળ લેવામાં સ્વાન્તઃની સંભાળ ભુલાઈ જાય છે ! શરીરથી અજેય, અજર, અમર થવા મથે તે સૌને ભયભીત કરે. સત્કાર્યથી અજેય, અજર, અમર થવા ઈચ્છે તે કલ્યાણ કરે. લોભ તો અસાધારણ પ્રયત્નનું ફલ, સાધારણ જ ઈચ્છે છે. તપઃથી અસુરે મુક્તિ કે ભક્તિને બદલે ભુક્તિ માગી, યુક્તિ તેમાં વાપરી. વિજ્ઞાનની શોધો કે ભૌતિક-સમૃદ્ધિની વૃદ્ધિ માટે થતા પ્રયત્નો, વિલાસ અને વિનાશને બદલે વિકાસોન્મુખ બને તો, વિશ્વના દેશોને પરસ્પર વિશ્વાસ થતાં, સુખનો શ્વાસ લઈ શકે દુઃખના નિઃશ્વાસ ન મૂકવા પડે, પણ શંકા અને સ્વાર્થ સઘળા સંઘર્ષ જગવે છે, પોષે છે.

હિરણ્યકશિપુએ મંદરપર્વતની ખીણમાં પ્રચંડ તપઃ કર્યું. પગના અંગૂઠા પર ઊભો રહ્યો. ઊંચા હાથ રાખ્યા, નજર આકાશ સામે રાખી. પ્રચંડ પ્રભાવ તેના તપઃનો દેખાયો. તેનાથી સૌ તપવા લાગ્યા. બ્રહ્માજીને દેવોએ વિનવતાં બ્રહ્માજી પધાર્યા. "उत्तिष्ठोत्तिष्ठ भद्रं ते ।"- "ઊઠ, ઊઠ. તારું કલ્યાણ થાવ ! સો દેવવર્ષ પર્યંત જલ વગર પ્રાણ કોણ ધારણ કરે ? આવું કઠોર તપઃ કોઈએ કર્યું નથી, કરશે નહિ. વરદાન માગ !" બાહ્યક્રિયાના પ્રભાવમાં અંતઃકરણ ઓળખાય નહિ, તો દંભથી દુષ્ટને પણ દુનિયા દિવ્ય માની બેસે !

બ્રહ્માજી અધિકારી હતા. આદરથી ઉત્સાહમાં આવ્યા. સર્વજ્ઞ હોવા છતાં વિશેષ વિચાર ન

કર્યો! હિરણ્યકશિપુને તાત્કાલિક અટકાવવા માટે સ્વલ્પ ફલ દીધું. હિરણ્યકશિપુએ બ્રહ્માજીના સર્જેલાં પ્રાણીથી, અંદર-બહાર, રાત્રે-દિવસે, આયુધથી, ભૂમિ પર કે આકાશમાં મૃત્યુ ન થાય, યુદ્ધમાં અદ્વિતીય થવાય, તેમ તથા સર્વનું સાર્વભૌમ-સામ્રાજ્ય અને અક્ષય-પ્રભાવ માગ્યાં.

અધ્યાય : ૪

વગર ખેડ્યે અનાજ પકવે તેવા સમૃદ્ધિ-સમર્થ-હિરણ્યકશિપુનો નાશ નિશ્ચિત થઈ ચૂક્યો - ભક્ત પ્રહ્લાદને પીડવાથી ! :

જ્ઞાન, તપ:, સ્તુતિ અને કૃપા જીવનમાં ઉન્નતિ દેનારાં બને છે. હિરણ્યકશિપુના પ્રબલ પુરુષાર્થનું પરિણામ તેને મળ્યું. જ્ઞાન, તપ:, બ્રહ્માની સ્તુતિ અને વરદાન રૂપ કૃપા, ચારના ફલ રૂપે બલ અમિત મળ્યું. બ્રહ્માના પધાર્યા પછી અસુરે ભગવદ્દ્વેષ પુન: કરવા માંડયો. કોઈની નિર્દોષતાને દોષ ગણી, પરાણે ભૂલ શોધી, મનમાં તેને ભરી રાખીને, દ્વેષથી ક્લેશ વધારી, કોઈને પીડા દેવી તે અસુરનો સ્વભાવ છે. હિરણ્યાક્ષને ભગવાને માર્યો તેને યાદ કરી હિરણ્યકશિપુએ વૈર વધાર્યું. ત્રિલોક-વિજય કર્યો. લોકપાલોનાં તેજ: હર્યાં. ઈન્દ્રનું સ્થાન લીધું. "अकृष्टपच्या तस्यासीत् सप्तद्वीपवती मही ।"- વિજ્ઞાન-યોગની સિદ્ધિ અદ્‌ભુત રૂપે તેણે બતાવી. વગર ખેડ્યે સઘળાં અનાજ પાકતાં. વરસાદ ઈચ્છેલો થતો. ઉત્તમ વિમાનો હતાં. સઘળા લોકપાલોના ગુણ-ભંડારો તેની પાસે હતા. સર્વ-સમૃદ્ધિ, સામર્થ્યનું તેણે ઉપાર્જન કર્યું.

યજ્ઞભાગ પોતે પડાવીને અયોગ્ય ઉપાર્જન પણ કર્યું. વિદ્યા, ધન, શક્તિ સૌના હિતમાં વપરાય તે યજ્ઞરૂપ બને, પણ ખલના વિલાસ અને વિષયભોગમાં, તે બધું માત્ર વાસનાના અગ્નિમાં ભસ્મસાત્ બને છે, છતાં વાસનાનો અગ્નિ બુઝાતો નથી. વિકાસનું પરિણામ વિલાસને કારણે વિનાશમાં આવે છે. સંયમના સીમાડા તૂટતાં સ્વચ્છન્દ શરૂ થાય. તે અનેકને પીડે. પીડાતા અંત:કરણનો આર્તનાદ ગમે તેવા સમર્થનો પણ સર્વનાશ નોંતરે ! સત્તા, સમૃદ્ધિ, સ્વજન, સામર્થ્ય, સુદૃઢતા, જ્ઞાન સઘળું હોવા છતાં, સંત અને શાસ્ત્રનો સાથ ન હોય તો, અનાથ બનવું પડે. - "उच्छास्त्रवर्तिनः ।"- હિરણ્યકશિપુએ સંત અને શાસ્ત્રનો સાથ છોડ્યો. પ્રત્યુત તેમને દુ:ખ દેવા માંડયું. મર્યાદાઓ બધી તોડી. દેવો મૂંઝાયા. ભગવાનને શરણે ગયા, સ્તવન કર્યું. ભગવાનની મેઘ-ગંભીરવાણી સંભળાઈ. "साधूनामभयङ्करी"- ભગવાનની વાણી સાધુપુરુષોને ભય થવા દેતી નથી, સંસારીઓના થયેલા ભય દૂર કરે છે, અસુરોને ભય લગાડે છે, - "નિર્વૈર, પ્રશાન્ત, મહાત્મા પ્રહ્લાદનો દ્રોહ કરતાં, વરદાન મળ્યું હોવા છતાં, હું તેને હણીશ !" "हनिष्ये"- આત્મનેપદ છે. ભક્તોને પીડનારાને મારવામાં ભગવાન્ પોતાને સુખ થાય તેમ માને છે. ભક્તો ભગવાનને અતિપ્રિય છે, તેથી ભગવાને ભક્તકાર્ય પોતાનું ગણ્યું ! ધર્મરક્ષા ભગવાનનું કાર્ય છે. અસુરને મારવાથી યજ્ઞાદિધર્મમાં થતાં વિઘ્ન દૂર થાય, તેથી આત્મનેપદ છે.

દેહથી અસુર છતાં દિલથી અસુરભાવ-રહિત મહાભાગવત પ્રહ્લાદજીને કૃપાથી મળેલા દિવ્યગુણો :

દેવો સંતુષ્ટ થઈ સ્વસ્થાને ગયા. હિરણ્યકશિપુને ચાર અદ્‌ભુત પુત્રો હતા. તેમાં પ્રહ્લાદ મહાન્ હતા. મહાન્ ગુણોથી થવાય. "असुरः"- અસુરદેહ પ્રહ્લાદનો હતો, પણ "रहितासुरः"-

અસુરભાવ ન હતો, ભગવદ્ભાવ પૂરેપૂરો ભર્યો છે. તેનું કારણ છે - "महदुपासकः"- મહાપુરુષોની ઉપાસના (સેવા) સર્વ સદ્ગુણ અને સુખનું મૂલ છે. પરિણામે ૧૯ દિવ્ય ગુણો પ્રહ્લાદજીમાં છે, અધિકાર અને અનુગ્રહ પ્રહ્લાદજીને જન્મથી જ મળ્યાં છે, તેના તે સૂચક છે. અધિકારના ૧૯, અનુગ્રહના ૧૯ અધ્યાય ! પ્રહ્લાદજીના ગુણ પણ ૧૯. ૧. મહાપુરુષોની સેવા, ૨. બ્રહ્મણ્યતા, ૩. શીલ-સંપન્નપણું, ૪. સત્યપ્રતિજ્ઞા, ૫. જિતેન્દ્રિયતા, ૬. સર્વમાં આત્મભાવ. ૭. સૌનું હિત કરવાપણું, ૮. માનનીય પુરુષો પ્રત્યે નમ્રતા, ૯. દુઃખી પ્રત્યે દિલ, ૧૦. સમાન પ્રત્યે સ્નેહ, ૧૧. ગુરુમાં પ્રભુદષ્ટિ, ૧૨. જન્મથી વિદ્યાસંપત્તિ સ્વરૂપ સમૃદ્ધિ, ૧૩. અભિમાન તથા ઉદ્દંડતારહિતપણું, ૧૪. આપત્તિમાં ઉદ્વેગનો અભાવ, ૧૫. દેખેલા કે સાંભળેલા પદાર્થોમાં નિઃસ્પૃહતા, ૧૬. ક્ષણિક સુખના પદાર્થોમાં વ્યર્થતાની સમજ, ૧૭. ઈન્દ્રિય-પ્રાણ-શરીર-બુદ્ધિનો સંયમ, ૧૮. સદા ઈચ્છારહિતપણું, ૧૯. દુષ્ટવૃત્તિઓનો સંપૂર્ણ અભાવ. - પ્રભુમાં પ્રીતિ કરવા ઈચ્છનારમાં આ ગુણો જોઈએ.

પ્રહ્લાદના પિતા હિરણ્યકશિપુના પણ જન્મ પહેલાં, દાદા કશ્યપ મુનિએ અનુગ્રહ કર્યો છે. તૃતીય- સ્કન્ધમાં, દિતિએ સાયંકાલે પુત્ર માટે આગ્રહ કરતાં, "પુત્રો અસુર થશે, પણ પૌત્ર મહાભાગવત થશે !" - તેમ કશ્યપે કહ્યું છે. તે પૌત્ર થયા - ભક્ત પ્રહ્લાદ !

હિરણ્યકશિપુ હિરણ્યાક્ષનું વૈર લેવા ક્રોધથી સર્વત્ર ઘૂમવા માંડ્યો. ભગવાનને શોધવા માંડ્યો. વૈરભાવે ભગવાનને શોધતાં તન્મય થયો. તેનામાં ભગવાનનો આવેશ થયો ! ભગવાનની આ અદ્ભુતલીલા છે. ભગવાનનો આવેશ થવા છતાં વૈર ન ગયું, અસુરપણું ન ગયું ! ભગવાનના આવેશને લીધે ભગવદિચ્છાથી અસુર વૈકુણ્ઠલોકમાં આવ્યો, છતાં વૈર ન ગયું. ભગવાન્ અસુરના શ્વાસમાં વાયુરૂપ થઈને પધાર્યા ! હિરણ્યકશિપુએ વૈકુણ્ઠમાં ભગવાનને શોધ્યા, છતાં પણ ન જડ્યા! દુશ્મનને બહાર બધા શોધે, ઓળખે અને તેનાથી દૂર રહે, પણ પોતાનામાં જ ભરાઈ બેઠેલા દુશ્મન દેખાય નહિ, જડે નહિ, તેનાથી દૂર રહેવાય નહિ. અંદર રહીને તે સર્વનાશનું કારણ બને.

હિરણ્યકશિપુ પાછો આવ્યો. તે દિવસોમાં પ્રહ્લાદજી માના ઉદરમાં પધાર્યા. અસુરના હૃદયમાં તે સમયે શ્વાસ રૂપે પધારેલા પ્રભુ વિરાજતા હતા. આ ભગવદનુગ્રહથી પ્રહ્લાદજી અજાતશત્રુ મહાભાગવત થયા. મા ક્યાધુના ઉદરમાં પ્રહ્લાદજી હતા, ત્યારે દેવર્ષિ નારદે અનુગ્રહ કર્યો. તેમને સત્સંગ અને ઉપદેશનો લાભ દીધો. તેની દઢ અસર ગર્ભાવસ્થામાં પ્રહ્લાદજી ઉપર થઈ, મહાભાગવત થયા.

દેવો અસુરોના દુશ્મન, છતાં પ્રહ્લાદના ગુણો માનથી ગાતા. અસંખ્ય નિર્મલ ગુણો પ્રહ્લાદજીમાં હતા. બધાની પોષક મા જેવી, ભગવાનમાં નૈસર્ગિક-પ્રીતિ પ્રહ્લાદમાં હતી. ભગવાનનો આવેશ ભક્તમાં સ્વાભાવિક હોય. "कृष्णग्रहगृहीतात्मा ।"- પ્રહ્લાદજી હતા. ભક્ત ભગવાનને ન ભૂલે, ભગવાન્ ભક્તને ન ભૂલે, ન છોડે ! આવા ઉત્તમ પુત્ર પ્રહ્લાદને પિતા હિરણ્યકશિપુએ પીડા કરી.

યુધિષ્ઠિરે અત્યાશ્ચર્યથી તેનું પ્રયોજન પૂછ્યું.

અધ્યાય : ૫

ઉત્તમતા પણ અભિમાનથી તો ઉદ્ધત બનાવે :
વિદ્યાક્ષેત્ર - સંસ્થા-માં સર્વોચ્ચસ્થાન વિદ્વાનનું જોઈએ :

હિરણ્યકશિપુ ઉદ્ધત હતો. વૈભવ, વપુ, વિદ્યા, વિત્ત, વિશિષ્ટતા વગેરેનું અભિમાન માનવને ઉદ્ધત બનાવે છે. ઉદ્ધત અનેકને પીડે અને અન્યને પીડા કરવા માટે પોતાનાં સાધન વધારે. તેનાં ધર્માદિ પણ અન્યને પીડવા માટે હોય ! હિરણ્યકશિપુએ તપઃ પણ, પોતે સમર્થ થઈને અન્યને પીડવા માટે કર્યું. સમૃદ્ધિ મળતાં તે ભોગપરાયણ થયો. ભાન ભૂલીને તેણે ભક્ત પ્રહ્લાદને પણ પીડ્યા. આ બધાં કર્મ તેણે તેનામાં રહેલી વાસનાની પ્રબલતાથી કર્યાં.

આ બધા અનર્થની વચમાં પણ, અસુરે પોતાના પુત્રોને શિક્ષણ દેવાનો પ્રબંધ કર્યો. પોષણ અને રક્ષણ જ માબાપનું સંતાન પ્રત્યે કર્તવ્ય નથી, શિક્ષણ પણ આવશ્યક છે. શિક્ષણસંસ્થામાં આદર્શ-ઉત્તમ- અધ્યાપક જોઈએ. તે છે - ''भगवान् काव्यः''- (શુક્રાચાર્યજી). તપોબલથી, સંશોધન સામર્થ્યથી, વિદ્યાક્ષેત્રમાં વિશિષ્ટસ્થાન ધરાવનારને જ કુલપતિ બનાવાય, સંસ્થાના સંચાલનમાં સ્થાન દેવાય. વિદ્યાના ક્ષેત્રમાં, સંસ્થામાં, સર્વોપરિસ્થાન વિદ્વાનનું જોઈએ. સંજીવનીવિદ્યાના સંશોધક શુક્રાચાર્ય દૈત્યોના કુલપતિ થયા. તેમના પુત્ર શંડ અને મર્ક અધ્યાપક હતા. વિદ્યા દેનાર અને લેનાર બંને વ્યસન, વિલાસ અને વિકાર વગરના જોઈએ. વિદ્યાની વિશુદ્ધિ અને અભિવૃદ્ધિ માટે તે આવશ્યક છે.

ટ્યુશન-પદ્ધતિ તો શિક્ષણક્ષેત્રમાંના પ્રાયઃ સૌના પ્રમાદનું પરિણામ છે ! :
નાનાં બાલકોને તેમને ગમતું કહેવા કરવા દેતાં મનોવૃત્તિ સમજાય, - વિકાસ થાય :

હિરણ્યકશિપુ અસુર, લોભ રૂપ, સત્તા અને સંપત્તિ પાછળ આથડતો, સામ્રાજ્યનો સંચાલક, અનેક પ્રવૃત્તિમાં પડેલો, છતાં સંતાનના વિકાસને તપાસવા તેની પાસે સમય હતો. આજે પ્રાયઃ પૈસા અને પ્રતિષ્ઠાની પાછળ પડેલા લોકોને, સંતાનના વિકાસમાં ધ્યાન દેવાનો સમય નથી, તેવો વિચાર આવતો નથી ! બહુ તો ટ્યુશન રાખે. ટ્યુશન પદ્ધતિ એ શિક્ષણસંસ્થા, વ્યવસ્થા, વાલી, શિક્ષક અને વિદ્યાર્થીના પ્રમાદનું પરિણામ નથી ?

અસુરે પ્રહ્લાદને "શું ભણ્યા ?" - એમ નથી પૂછ્યું. ''कथ्यतां वत्स मन्यते साधु यद् भवान् ।''- કહ્યું, - "બેટા ! તમને સારું લાગે તે કહો !" નાનાં બાલકો પોતાને ગમતું હોય તે કહે, તો તેમની મનોવૃત્તિ-રુચિ સમજાય, ભાવિપ્રવૃત્તિનો વિચાર થઈ શકે. અસુરના પ્રશ્નમાં આ મનોવિજ્ઞાન સમાયું છે. પ્રહ્લાદે ઉત્તર આપ્યો, —

> तत्साधु मन्येऽसुरवर्य देहिनां सदा समुद्विग्नधियामसद्ग्रहात् ।
> हित्वाऽऽत्मपातं गृहमन्धकूपं वनं गतो यद्धरिमाश्रयेत ॥ (५)

ઘર (સંસાર) અંધારો કૂવો છે, તેમાંથી બહાર નીકળવાનું એકમાત્ર સાધન છે, - વિશ્વના મૂલરૂપ ભગવાનનું ચરણકમલ ! :

"અસદ્ગ્રહ" હોય તો "અનુગ્રહ" ન થાય, સુખશાંતિ સ્વપ્ને પણ ન દેખાય. અસદ્ગ્રહ એટલે

દુરાગ્રહ. પોતાની સમજ ખોટી હોવા છતાં તેને વળગી રહેવું, તે અસદ્ગ્રહ જ ઉદ્વેગ કરાવે, ક્લેશ વધારે ! ઉદ્વેગથી ઉત્સાહ ઓસરી જાય, નિષ્ક્રિય થવાય, પ્રભુપથમાં પ્રતિબંધ થાય. "ઘરના અંધારા કૂવામાં પડવા કરતાં, વનમાં જઈ ભગવાનનો આશ્રય કરવો ઉત્તમ છે, તેમ હું માનું છું !"

ઘર અંધારો પાણી વગરનો કૂવો છે. તેમાં બીજું કાંઈ સૂઝે નહિ ! નદી, સરોવર, તળાવ, સાગરમાં તરવાનું સાનુકૂલ થાય, કોઈ સાધન પણ બચવા માટે મળવા સંભવ. કૂવામાં તરવાનું ફાવે નહિ, સાધન ખાસ કોઈ લાવીને બહાર કાઢે તો નીકળાય. સાધન એક - "संसारकूप-पतितोत्तरणावलम्बं"- સંસારના કૂવામાં પડેલા માટે બહાર નીકળવાનો આધાર - "नलिननाभपदार-विन्द"- વિશ્વના મૂલરૂપ ભગવાનનું ચરણકમલ ! નિરોધલીલામાં શ્રીગોપીજને પ્રભુનું ચરણકમલ સંસારકૂપમાંથી બહાર નીકળવાનું સાધન કહ્યું. ઘરમાં રહેતાં તેને જ ફલ રૂપે હૃદયમાં પ્રકટાવવા વિનંતી કરી. ઘર છોડીને વનમાં જવાનું નથી કહ્યું ! ઊતિલીલામાં પ્રહ્લાદજીએ વનમાં જઈ હરિનો આશ્રય કરવાનું કહ્યું, પછી પ્રભુ મેળવવા બાકી રહ્યા. ઉભયના અધિકાર અને લીલા ભિન્ન છે.

નારદજીના સત્સંગથી, નારદજીએ આચરેલો ઉપાય પ્રહ્લાદજીએ કહ્યો, પણ પ્રહ્લાદજી પોતે વનમાં નથી ગયા ! તેમણે ઘરમાં રહીને પ્રભુભજન કર્યું છે ! ભક્તોને માટે તો પ્રભુમાં વ્યસનદશા મળતાં સુધી, ઘરમાં રહીને ભજન કરવું ઉત્તમ છે. અગિયારમા સ્કન્ધમાં - "वनं तु सात्त्विको वासः"છે. - વન સાત્ત્વિક- વાસ છે. સાત્ત્વિકજીવન વનવાસમાં સંભવે. વ્યવહાર અને વિલાસ છોડીને, પ્રભુની સેવા અને કથામાં પરાયણ રહેવું, તે વનવાસરૂપ ગણાય. રાગ હોય તો, વનમાં પણ જીવન ભોગમય બને. વિરાગ ઘરમાં પણ જીવનને વૃન્દાવન બનાવી, વૃન્દાવનવિહારીને વસાવે !

સંતાનને સ્નેહથી સુધારાય : વિદ્યા હોવા છતાં સત્તા - સંપત્તિથી દબાય તે "ગરીબડો" છે :
પ્રહ્લાદજીને ગુરુનો ઉપાલંભ છતાં તેમાં સ્તુતિ :

પ્રહ્લાદનો અભિપ્રાય સાંભળતાં અસુર અકળાયો. પુનઃ, પ્રહ્લાદને પાઠશાળામાં મોકલ્યા. બરાબર ભણાવવા આદેશ આપ્યો. ગુરુકુલમાં ગુરુએ વાત્સલ્યથી પ્રહ્લાદને આવી સમજ મળવાનું કારણ પૂછ્યું. બાલકમાં કાંઈ અયોગ્ય લાગે તો, તેને ધમકાવવાને બદલે સ્નેહથી સમજાવીને સુધારવું સરલ બને.

પ્રહ્લાદે પ્રેમથી પ્રત્યુત્તર દીધો, - "લોહચુંબકની પાસે લોહ સ્વયં આકર્ષાય છે, તેમ ભગવાન્ શ્રીકૃષ્ણની ઈચ્છાથી મારું ચિત્ત આકર્ષાય છે !" મનમાં પ્રભુ સન્નિધિની વાત પ્રહ્લાદે ગુપ્ત રાખી, પણ દૃષ્ટાંતમાં વણી દીધી. સાંભળીને ગુસ્સો આવ્યો. અહીં ગુરુ કે બ્રાહ્મણ શબ્દ નથી, પણ - "स दीनो राजसेवकः ।"- "ગરીબડો રાજસેવક ગુસ્સે થયો !" નોકરી કે ધંધો છૂટવાનો ડર યોગ્યાયોગ્ય વિવેકને પણ દબાવી દે છે. વિદ્યાદાન વિત્તને વશ બને એટલે વિવિધ વિકૃતિ તેમાં આવે. વિદ્યા હોવા છતાં સત્તા અને સંપત્તિથી દબાય - ગભરાય તે - "બિચારો-ગરીબડો" છે !

ગુસ્સામાં પ્રહ્લાદનું અપમાન કર્યું, - "दैतेयचन्दनवने जातोऽयं कण्टकद्रुमः ।"- દૈત્યનું કુલ ચન્દનવન. સંસારસર્પ, વિષય રૂપ વિષધર તેના પર હંમેશાં વીંટળાયેલા હોય. તેમાં પ્રહ્લાદ બાવળ જેવા ! બાવળ ઉપર સાપ ન વીંટળાય. અહંતા-મમતા અને વિષય-વિકાર તેમાં એકે ન મળે, ઉપયોગી

અનેકને થાય. કર્યું છે તો અપમાન, પણ તેમાં અજાણે સમાયું છે સન્માન ! ગુલાબ પણ કંટકદ્રુમ છે. "कुलाङ्गारः"- કહ્યા. તેમાં પણ અજાણતાં સન્માન કર્યું. અસુર-બાલકોને ભગવાનના ભજનનું જ્ઞાન દઈ, તેમના વિષયદોષોને બાળનાર પણ પ્રહ્લાદજી છે, અંગાર જેવા છે.

થોડા દિવસ ભણાવ્યા પછી પુનઃ પ્રહ્લાદજીને પિતા પાસે લઈ ગયા. માએ વહાલથી સમજાવીને રાજસભામાં મોકલ્યા. વિવેકી પ્રહ્લાદે પિતાનાં ચરણે પ્રણામ કર્યાં. ખોળે બેસાડી વહાલ વરસાવતાં અસુરે કહ્યું, - "બેટા ! કાંઈ સારું ભણ્યા હો તે કહો !"

પ્રહ્લાદે સઘળા સ્વાધ્યાયનો સાર સંભળાવ્યો : ભગવાનને ભજે તે સાચું ભણતર ! :

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ।
अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥ (२३)
इति पुंसार्पिता विष्णौ भक्तिश्चेन्नवलक्षणा ।
क्रियते भगवत्यद्धा तन्मन्येऽधीतमुत्तमम् ॥ (२४)

નવ પ્રકારે પ્રભુમાં પ્રીતિ કરવી તે ઉત્તમ અધ્યયન છે. ભણીને ભગવાનને ભજે, તે સાચું ભણતર- વિદ્યાનું વળતર ! ભગવાનને ભૂલે તે જીવનનું કળતર, વિદ્યાનું નડતર ! નવ પ્રકારે ભક્તિ ન બને તો, એક પ્રકારથી પણ કૃતાર્થ થવાય. પરીક્ષિતે શ્રવણ, શ્રીશુકે કીર્તન, પ્રહ્લાદે સ્મરણ, લક્ષ્મીજીએ પાદસેવન, પૃથુએ પૂજન, અક્રૂરે વન્દન, હનુમાનજીએ દાસ્ય, અર્જુને સખ્ય, બલિએ આત્મનિવેદન દ્વારા પ્રભુ પ્રાપ્ત કર્યા છે. આ ભક્તોના ચરિતમાંથી તેમણે કરેલી ભક્તિનું સ્વરૂપ સમજાય, ભક્તિ કરવાની રીત આવડે. સ્વતન્ત્ર પ્રેમપૂર્ણ પુષ્ટિભક્તિ શ્રીગોપીજનની, - અતિદુર્લભ છે ! બે વખત થયેલા આ પિતા-પુત્ર, - સંવાદમાં, પ્રથમ શરણાગતિ અને પછી સ્નેહ, પુત્રે કહ્યો છે. શરણાગતિ અને સ્નેહથી પ્રભુ પ્રસન્ન થાય.

વ્યર્થ વાતોને વાગોળનાર, સંસારમાં આસક્ત, લોકોની બુદ્ધિ ભગવાનમાં ન લાગે ! :
મહાપુરુષોની સેવા-પ્રસન્નતાથી પ્રભુમાં પ્રીતિ થાય :
ભક્ત પ્રહલાદજી વરસતા ત્રાસમાં પણ ભગવદ્‌ભજનથી પ્રસન્ન રહ્યા :

પ્રહ્લાદનો ઉત્તર સાંભળી અસુર ઉગ્ર થયો. "ब्रह्मबन्धो किमेतत्" - કહીને ગર્જ્યો. વિદ્યાસંપન્નના વિદ્યાર્થી થવાય, પણ સત્તા અને સમૃદ્ધિસંપન્નના ગુરુ થવામાં ગૌરવ લાગે, છતાં ગરીબ બનવું પડે. સ્વત્વ અને સત્ત્વ શિથિલ થાય, સ્વમાન અને સાત્ત્વિકતા ન સચવાય !

ગુરુપુત્રે પ્રહ્લાદની સ્વાભાવિકતા ગણાવી પોતાનો બચાવ કર્યો. પ્રહ્લાદે ગુરુને સાથ દીધો. કહ્યું, -

मतिर्न कृष्णे परतः स्वतो वा मिथोऽभिपद्येत गृहव्रतानाम् ।
अदान्तगोभिर्विशतां तमिस्रं पुनः पुनश्चर्वित- चर्वणानाम् ॥ (३०)

અસંયમી ઈન્દ્રિયોથી અનેક ભોગ ભોગવતાં, ઘરમાં આસક્ત, વ્યવહાર અને વ્યવસાય-પરાયણ, એકની એક વ્યર્થ વાતોને વાગોળનારા, સંસારિલોકોને સ્વાભાવિક રીતે શિખામણો

સાંભળવાથી કે સ્વતઃ પણ પ્રભુમાં પ્રીતિ થતી નથી !

(૧) ઘરના વ્યવહાર અને વ્યવસાયમાં આસક્તિ, (૨) સંયમ વગરના ભોગ-વિલાસ, (૩) વગર જોઈતી વ્યવહાર અને વ્યવસાયની વાતોને વાગોળવી. (કહેવી, સાંભળવી, વિચારવી)- આ ત્રણ દોષથી પ્રભુમાં રુચિ ન થાય.

ભક્તો ભગવાનની વાતોને વાગોળે છે, ભગવદ્રસમાં રત રહે છે. પ્રભુમાં પ્રીતિ મેળવવાનો માર્ગ બતાવ્યો, –

नैषां मतिस्तावदुरुक्रमाङ्‌घ्रिं स्पृशत्यनर्थापगमो यदर्थः ।
महीयसां पादरजोऽभिषेकं निष्किञ्चनानां न वृणीत यावत् ॥ (३२)

જેને જગતમાં ભગવાન્ વગર કશું પોતાનું લાગતું નથી, તેવા નિષ્કિંચન મહાપુરુષોની-ચરણરજ - (પ્રસન્નતા) વગર, ભગવાનના ચરણમાં મતિ સ્થિર ન થાય, રુચિ ન થાય. પ્રભુમાં પ્રીતિ થતાં, બધા અનર્થ દૂર થાય, - કૃતાર્થ થવાય.

આ સાંભળી ક્રોધાન્ધ અસુરે પ્રહ્‌લાદ પર ત્રાસ વરસાવ્યો. ક્રોધને વિવેક કે વિચાર ન હોય, પ્રહ્‌લાદને શસ્ત્રથી માર્યા, મંત્રપ્રયોગ કરાવ્યા, ઝેર દીધાં, દરીઆમાં ડૂબાડ્યા. અગ્નિમાં બળાવ્યા, બરફમાં સુવાડ્યા, પર્વતેથી ગબડાવ્યા, ગૂંગળાવ્યા, છતાં પ્રહ્‌લાદ પ્રસન્ન, પ્રભુભજનરત, નિર્વૈર જ રહ્યા ! પોતાના વિચારો કે આચાર અન્ય પર આગ્રહથી લાદવા તે પણ અસુરભાવ છે. અસુર ગભરાયો. પ્રહ્‌લાદના વિરોધથી પોતાના મૃત્યુની ગંધ આવી. ભક્તોનો વિરોધ કરનાર સમર્થ હોવા છતાં સર્વનાશ વહોરે છે. ગુરુ પુનઃ પ્રહ્‌લાદને ગુરુકુલમાં લઈ જઈ, નજરકેદ રાખી, ભણાવતા. ગુરુ ઘરકામ માટે બહાર જતાં, પ્રહ્‌લાદ સહાધ્યાયીઓને સ્નેહથી શિખવતાં, વિલાસના વિનાશમાંથી બચવા પ્રભુપથનો પ્રકાશ દેતા !

અધ્યાય : ૬

સદ્‌વાસનાનાં પાંચ પરિણામ :

અત્તરનું નાનકડું પૂમડું વાતાવરણને સુગંધમય બનાવી દે છે. શરીરના કોઈ ભાગમાં થયેલું નાનકડું ગૂમડું દર્દનું સતત ભાન કરાવે છે. એક વિધાર્થી પોતાના સદ્‌ગુણ કે દુર્ગુણથી વિધાલયનું ભૂષણ કે દૂષણ બને છે. સદ્‌ગુણોના સંસર્ગથી અનેકનો ઉદ્ધાર થાય. એકની તેજસ્વિતા અનેકને તેજસ્વી બનાવે. વિધા અને વિશિષ્ટતા વિતરણથી વૃદ્ધિ પામે ! ભજન અને ભોજન સ્વસમાનની સાથે રસપ્રદ બને. પ્રહ્‌લાદે પોતાની સાથે ભણતા અસુર બાલકોને સમજાવ્યા.

कौमार आचरेत्प्राज्ञो धर्मान् भागवतानिह ।
दुर्लभं मानुषं जन्म तदप्यध्रुवमर्थदम् ॥ (१)

દૈવીસર્ગના બીજ રૂપ સદ્‌વાસના આ અધ્યાયથી કહે છે. આસુર-સંપત્તિ હિરણ્યકશિપુના પ્રસંગમાં બતાવી. દૈવી-સંપત્તિ પ્રહ્‌લાદ-પ્રસંગથી બતાવે છે. દૈત્યભાવ દૂર થાય તો, મુક્તિ સહેલાઈથી મળે ! સદ્‌વાસનાથી જ્ઞાન થતાં, સત્કર્મથી બંધનમાંથી છુટાય. સકામ-કર્મ સદ્‌વાસના રૂપ ન ગણાય,

તે મુક્તિ ન આપે. (૧) સર્વ પ્રત્યે દયા, (૨) ભગવદ્‌ભક્તોની કૃપા, (૩) પ્રભુનું પ્રાકટ્ય (હૃદયમાં કે બહાર), (૪) ભગવત્સન્મુખતા, (૫) શરીર, વાણી અને મનથી ભગવાનની શરણાગતિ, સેવા અને ભગવાનની કૃપા. - આ પાંચ સદ્‌વાસનાનાં પરિણામ છે. આ પાંચ મળે તો, સઘળા દોષ ટળે, સુખ-સંતોષ મળે, મનોરથ ફળે. સદ્‌વાસના - પ્રકરણનો આ સાર છે.

પ્રહ્‌લાદે અસુર બાલકોને ઉપદેશ દીધો : ભાગવત-ધર્મોનું આચરણ તો કુમારાવસ્થાથી આરંભાય :
ઘરમાં થતાં સેવા-સત્સંગથી બાલકનું જીવન ઘડાય :
પ્રભુભજન વગર તો જીવન વ્યર્થ વેડફાઈ જાય છે :

કુમાર અવસ્થાથી ભગવાનના ધર્મોનું આચરણ કરવું. ૨ થી ૫ વર્ષ કુમાર અવસ્થાનાં ! પ્રહ્‌લાદ આ અવસ્થામાં ધર્મ શીખવાનો કે સમજવાનો નથી કહેતા, આચરવાનો કહે છે ! માબાપના જીવનમાં ભગવદ્ધર્મ વણાયેલો હોય તો, બાલકમાં સ્વાભાવિક રીતે તે આવે. ગર્ભાવસ્થામાં બાલક પર માના વાંચન, વિચાર, શ્રવણ, વ્યવહાર વગેરેની અસર દૃઢ થાય. જન્મ પછી મા-બાપ સંતાનના ઉછેરમાં તેને વણી લે. બાલક પ્રત્યક્ષમાં મા-બાપની ક્રિયા જોઈને બાલ-સુલભ અનુકરણ કરે, આ તેનું ધર્માચરણ ! પરીક્ષિત અને ઉદ્ધવજીએ કુમારાવસ્થામાં રમત રૂપે પણ કૃષ્ણસેવા કરી. નારદે સંતસેવા કરી. કુમારિકાઓએ કાત્યાયની (કૃષ્ણ) વ્રત કર્યું.

બાલક સેવા ન કરે, પણ સેવાની રમત તો રમે ! કથામંડપમાં કદાચ ન બેસે, પણ સૂતાં માના મુખે તો ભગવાનની વાતો સાંભળે. મોટો ત્યાગ ન કરે, પણ પ્રસાદ સૌને વહેંચ્યા પછી જ પોતે લે. સેવામાં સીધો સાથ ન દઈ શકે, પણ વસ્તુ લાવવા-લઈ જવામાં, સામે બેસીને દર્શન કરવામાં તો વાંધો ન આવે. મોટાંનું દેખીને વંદન વગેરે તો કરે. બાલકોનું આ ધર્માચરણ ગણાય. કુમારાવસ્થામાં કુમળાં, - નિર્દોષ બાલકો સંસ્કાર-સિંચનથી પ્રફુલ્લ બને. આ અવસ્થામાં મુકાયેલાં બીજ નિષ્ફલ ન જાય, તેની પરંપરા લાંબી ચાલે. નાનકડાં બાલકોને મધુર સ્તોત્ર, સુંદર શ્લોક, ચોપાઈ, કવિતા વગેરે કંઠસ્થ કરાવાય, તો અસર ઊંડી પડે. બાલશિક્ષા કે બાલમાનસને અનુકૂલ આ ઉપદેશ છે.

માનવદેહ મળ્યો છે. ક્યાં સુધી ટકશે ? - તે નિયત જાણતા નથી. તે છે ત્યાં સુધીમાં તેનાથી કાર્ય કરી લેવું, પ્રભુભજન કરી લેવું. જીવન વેડફાઈ ન જાય તેમ પ્રતિપલ સાવધ રહેવું. મહેનત કરી મેળવેલી મિલકત મૂકીને, દેહ પણ છોડીને, જવું પડવાનું છે. સ્વજન, સંપત્તિ કે સત્તા સાથે આવતાં નથી. સત્કાર્યનો સાથ સાધી લેવો. ભજનનું ભાથું બાંધી લેવું. દેહ મળ્યો છે, તેમાં દુ:ખ મેળવવા મથવું પડતું નથી, કર્માનુસાર મળે છે. તેમ સુખ પણ મળવાનું છે. સુખની સ્પૃહા અને દુ:ખનો ડર રાખવો નહિ !

૧૦૦ વર્ષનું આયુષ્ય ગણતાં, અર્ધાં ઊંઘમાં જાય. ૨૦ વર્ષ તો આરંભનાં મુગ્ધદશામાં જાય. ૨૦ વર્ષ પાછળની વૃદ્ધાવસ્થામાં વેડફાય. ૧૦ વર્ષ યુવાવસ્થાની ઉન્મત્તદશામાં જાય. પછી કલ્યાણ માટે કેટલાં રહે ?

પ્રભુને પ્રસન્ન કરવાનો સહેલો ઉપાય :

અનર્થને ઓળખવા છતાં, અધર્મને જાણવા છતાં, તેમાંથી લોકો અટકતા નથી ! સૌ પ્રભુને

પ્રસન્ન કરવામાં કઠિનતા સમજે છે, પણ તે તો બહુ સહેલું છે. પ્રભુ સર્વત્ર વિરાજે છે, સૌના આત્મા રૂપ છે.

तस्मात् सर्वेषु भूतेषु दयां कुरुत सौहृदम् ।
आसुरं भावमुन्मुच्य यया तुष्यत्यधोक्षजः ॥ (२४)

તેથી પ્રાણીમાત્ર પર દયા કરવી. સૌનું હિત કરવું. વૈર અને વિલાસ રૂપ આસુરભાવ છોડવો. પ્રભુ તેનાથી પ્રસન્ન થાય. નિર્દયતા, વૈર અને વિલાસ માનવને પણ દાનવ જેવો બનાવે છે, તેથી પ્રભુ પ્રસન્ન ન થાય.

નારદજીને નારાયણ પાસેથી આ શુદ્ધ-ભાગવતધર્મજ્ઞાન મળ્યું. નારદે મને આપ્યું! બાલકોએ આશ્ચર્યથી નારદપ્રસંગ પૂછ્યો.

અધ્યાય : ૭

સર્વત્ર ભ્રમણ કરતા નારદજીએ કૃપાથી ભગવત્કાર્ય માટે આશ્રમનો શ્રમ કર્યો : ગર્ભાવસ્થામાં પ્રહ્લાદજીને સત્સંગ દીધો : ભગવદ્ભજનથી કૃતાર્થતા :

પ્રહ્લાદે ઉપકારસ્મૃતિ કરી. પોતે માના ઉદરમાં હતા. પિતા તપઃ કરવા ગયો. ઈન્દ્રે આક્રમણ કર્યું. સગર્ભા કયાધુને સાથે લઈ જતો હતો. માર્ગમાં મુનિ નારદ મળ્યા. "ઉદરનો બાલક ભગવદ્ભક્ત છે, નહિ મરે!" - કહી માને આશ્રય દેવા આશ્રમ બાંધ્યો. આશ્વાસન દીધું. ઉદરમાં રહેલા મને ઉદ્દેશીને સત્સંગનો લાભ દીધો. પિતા તપઃમાંથી પાછા આવ્યા. ત્યાં સુધી કૃપા કરી કથા સંભળાવી. "ઈચ્છાપ્રસૂતિ"ના આશીર્વાદે, ઔષધના ઉપાયે, ૧૦૦ વર્ષ ગર્ભ અવિકૃત રહ્યો!

મા તો સ્ત્રી અને ઘરકાર્યપરવશ. જ્ઞાન ભૂલી ગઈ, પણ ગર્ભાવસ્થાના સંસ્કાર પ્રહ્લાદમાં સુદૃઢ થયા.

જન્મથી મરણ પર્યંતના છ ભાવવિકારો, - જન્મવું, હોવું, વધવું, ફેરફાર થવો, ક્ષીણ થવું અને નાશ પામવો, તો - દેહને છે, જીવને નથી! "હું-મારું" રૂપ આસક્તિ છોડવી. અહંતા-મમતા રૂપ સંસાર તો અજ્ઞાનથી થાય છે, ખોટો છે. તેમાં ન ફસાતાં ગુરુસેવા, સર્વસમર્પણ, સત્સંગ, પ્રભુસેવા, શ્રદ્ધાથી કથાશ્રવણ, ગુણગાન, પ્રભુનાં ચરણકમલનું ધ્યાન, ભગવદ્ભાવ અને આદરપરાયણ રહેવું. પ્રભુ નિર્મલ પ્રીતિથી પ્રસન્ન થાય છે. તેમાં બીજું કોઈ સાધન અનિવાર્ય નથી, - ભગવાનને ભજતાં સૌ કૃતાર્થ થાય છે.

માનવનો પરમ સ્વાર્થ :

एतावानेव लोकेऽस्मिन्पुंसः स्वार्थः परः स्मृतः ।
एकान्तभक्तिर्गोविन्दे यत्सर्वत्र तदीक्षणम् ॥ (५५)

એકાંતે પ્રભુની પ્રેમપૂર્વક સેવા કરવી અને વિશ્વમાં સર્વત્ર ભગવાનનાં દર્શન કરવાં, આ જ આ લોકમાં માનવનો પરમ સ્વાર્થ છે.

અધ્યાય : ૮

નિજભૃત્યનાં વચન સત્ય કરવા માટે ભગવાનનો અદ્‌ભુત નરસિંહ રૂપે અવતાર :

પ્રહ્‌લાદની નિર્દોષ, મધુર વાતો નાનકડાં બાલકોને ગમી ગઈ. ભક્ત સાથે ભગવદ્‌ભજનરત થઈ ગયાં. શંડ-મર્કે સમાચાર રાજાને દીધા. હિરણ્યકશિપુને અસહ્ય થયું. પોતે પુત્રનો વધ કરવા તૈયાર થયો ! "શી તાકાત છે કે તું મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે ?" - ક્રોધમાં ગર્જી ઊઠ્યો. પ્રહ્‌લાદે પ્રેમથી નિર્ભય રીતે, સર્વસમર્થ ભગવાનના સામર્થ્યનો મહિમા ગાયો. "બલવાનનું બલ માત્ર પ્રભુકૃપાનું ફલ છે. આસુરભાવ છોડો, સમભાવ રાખો, દ્વેષ દૂર કરો, ભગવાનથી વિમુખ રહેનાર (મન) પોતે જ પોતાનો દુશ્મન છે. પોતાનામાં જ ભરાઈ બેઠેલા કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ છ લૂંટારાઓને જીત્યા વગર જગત્ જીત્યું તેમ કેટલાક માને છે ! જિતેન્દ્રિય, જ્ઞાની, સમાન-દૃષ્ટિવાળા સાધુપુરુષને પોતાના મોહમાંથી થયેલા શત્રુ ક્યાંથી હોય ?"

પ્રહ્‌લાદની વાતે અસુરનો ક્રોધ વધ્યો. "મરવાનો થયો છે ? મારા વિના બીજો જગદીશ્વર છે ક્યાં ? સર્વત્ર હોય તો, આ થાંભલામાં દેખાતો કેમ નથી ? તને શરણ દેનાર આજે તારી રક્ષા તો કરે !" - કહેતો તલવાર લઈ આસનેથી અસુર ઊઠ્યો. કાષ્ઠસ્તંભ પર વજ્રમુષ્ટિનો પ્રહાર કર્યો. ભીષણ અવાજ થયો. કાન ભરાઈ ગયા. આંખો બંધ થઈ ગઈ. ખૂલે ત્યાં તો, –

सत्यं विधातुं निजभृत्यभाषितं व्याप्तिं च भूतेष्वखिलेषु चात्मनः ।
अदृश्यतात्यद्‌भुतरूपमुद्वहन् स्तम्भे सभायां न मृगं न मानुषम् ॥ (१८)

મંત્ર, આવાહન, સ્તુતિ કે કોઈ વિધિની અપેક્ષા વિના, ભક્તિનિષ્ઠાથી ભગવાન્ પ્રકટ થયા, ભૃત્યનાં વચન સત્ય કરવા પધાર્યા ! પોતાની વિશ્વવ્યાપકતા વ્યક્ત કરવા પ્રકટ થયા ! અત્યદ્‌ભુત રૂપ હતું. વનવાસી અને નગરવાસી ભક્તોનું પ્રિય કરવા, નર અને સિંહના અલૌકિક-મિશ્રરૂપે પ્રભુ પધાર્યા ! આ અલૌકિક અદ્‌ભુત પુષ્ટિ રૂપ છે !

લોકોએ દર્શન કર્યાં. અત્યંત ભયંકર નરસિંહ- રૂપનાં દર્શન થયાં. અત્યંત તપાવેલા સોના જેવાં રાતાં લોચન, ફરકતી કેશવાળી, વિકરાળ દાઢ, તીવ્ર જિહ્‌વા, ઊંચા કાન અને ભયંકર નખાયુધ દેખાયાં !

ઢાલ-તલવાર લઈ અસુર આવ્યો. પ્રભુએ પકડ્યો. ઊંચક્યો. ઉમરા પર લાવ્યા. ઊરુ ઉપર નાખ્યો. ભયંકર અટ્ટહાસ્ય કર્યું. બ્રહ્માના વરદાનની શરતો પૂરી થઈ. નખવજ્રે ક્ષણમાં અસુરના ઉદરને ચીરી નાખ્યું ! રુધિરબિંદુઓ કેશવાળી પર છવાઈ રહ્યાં. સિંહની સ્વાભાવિકતાએ પ્રભુ આંત્રમાલી થયા. વનમાલી તો નિત્ય હતા ! સભામાં પ્રભુ રાજ્યાસને વિરાજ્યા. ત્રિલોકની શિરોવેદના શો અસુર મર્યો.

ધનલાલસા શિરોવેદના છે, કથા કે સેવામાં પણ તે નફો શોધે ! અયોગ્ય ઉપાર્જનવૃત્તિ બુદ્ધિ બગાડે,- "મસ્તકજ્વર" છે. ધનલાલસા સૌની શાંતિ હરી લે છે. અસુર મરાતાં સૌ રાજી થયા. દેવદુન્દુભિ વાગ્યાં. આકાશમાં દેવયાન છવાયાં. ગન્ધર્વોએ ગાન કર્યાં. અપ્સરાઓએ નૃત્ય કર્યાં. સૌએ જુદા જુદા વૃત્તોમાં સ્તુતિ કરી. પ્રભુને પ્રસન્ન કરવા પ્રયત્ન કર્યા. પોતાનો આનંદ પ્રકટ કર્યો.

ભગવાન્ નૃસિંહજીની સૌએ કરેલી સ્તુતિ :

અનંત સામર્થ્યથી વિચિત્ર પરાક્રમવાળા છતાં, પવિત્ર કર્મવાળા પ્રભુને બ્રહ્માજીએ નમન કર્યાં. રુદ્રે ભક્ત - રક્ષા કરતા ભક્તવત્સલ ભગવાનને કોપકાલ તો યુગાન્તે હોય, - તેમ વિનવીને વાર્યા. ઈન્દ્રે યજ્ઞભાગ પાછા દેનાર પ્રભુનું સ્તવન કર્યું. ઋષિયોએ અભિનંદન દીધાં. અસુરનું તેજઃ તપઃથી શાન્ત ન થયું, આપના પ્રતાપથી શાન્ત થયું.

પિતૃઓએ ધર્મરક્ષક વિભુને વંદન કર્યાં. ધર્મક્રિયામાં વપરાતાં તલ-જલને, વ્યર્થ નાશ રૂપે ગણીને, અટકાવનારા અસુરને મારી, ધર્મરક્ષા કરનારને નમન !

સિદ્ધ-વિદ્યાધરોએ સિદ્ધિને પ્રસિદ્ધિમાં જોડીને વિકૃત કરનાર, વિદ્યામાં વિલાસ અને વિનાશ ઘુસાડનાર, અસુરને મારનારને નમન કર્યાં.

નાગોએ રત્ન અને સ્ત્રીરત્નને હરનાર અસુરને મારી આનંદ દેનાર સર્વરક્ષકને નમન કર્યાં. અનાથ દેવસ્ત્રીઓ અસુરના બંધનમાં પીડાતી હતી. નૃસિંહે અસુરને મારી મુક્ત કરી, અભય આપ્યું ! આ કૃપા પણ પુષ્ટિ રૂપ છે.

મનુઓએ મર્યાદાલોપ કરનાર ખલનો નાશ કરી સુવ્યવસ્થાપ્રદ પ્રભુનું આજ્ઞાપાલન ઈચ્છ્યું. આ પ્રજાપતિઓએ જગન્મંગલ જગદીશને ગાયા.

ગન્ધર્વોએ કલાકલાપ ભોક્તા ભગવાને અસુરવ્યસનમાંથી પોતાને છોડાવ્યા, તેથી સ્તુતિ કરી. કલામાં વ્યસન અસુરપણું ઘુસાડે. કલાકાર વ્યસનરહિત જોઈએ. કલા પ્રભુની પ્રસન્નતા માટે વપરાય.

ચારણોએ દિલનાં દર્દ દૂર કરનાર દીનનાથને ગાયા. પ્રજાનાં દિલનાં દર્દને વાણી રૂપે વ્યક્ત કરવામાં અસુર પ્રતિબંધ કરે. ભગવાન વિઘ્ન દૂર કરે, સ્વતંત્રતા આપે.

યક્ષોએ વેઠમાંથી બચાવી શેઠ બનાવનાર પ્રભુને ગાયા.

કિં - પુરુષોએ સમાજવિરોધી તત્ત્વ રૂપ અસુરના શોષક મહાપુરુષની સ્તુતિ કરી. સત્પુરુષો જેને ધિક્કારે તેનો નાશ થાય.

વૈતાલિકોએ સભાસત્રમાં પ્રભુના યશઃને બદલે વિકારનાં ગીત ગવડાવતા અસુરનાશથી આનંદ માન્યો. પ્રભુના યશોગાનને બદલે, સત્તા અને સંપત્તિની ખુશામતખોરી કરનારને મહત્તા દેનાર, સંસ્કૃતિના રોગ રૂપ, અસુરને મારનાર પ્રભુનાં ગાન કર્યાં.

કિન્નરોએ પરાણે અણગમતાં કામ કરાવતા પુષ્ટ દુષ્ટને મારનાર, પ્રભુ દ્વારા સ્વોન્નતિ યાચી.

વિષ્ણુપાર્ષદોએ અદ્ભુત રૂપે અનુગ્રહ કરી, સર્વનો ઉદ્ધાર કરતા, ઉદાર સુખદ સ્વામીની આનંદવિભોર બની સ્તુતિ કરી !

અધ્યાય : ૯

ભૃત્યની દારુણ-યાતનાથી ક્રુદ્ધ-કરુણ ભગવાન્ ! :

પ્રભુ પદ્માથી શાન્ત ન થયા પ્રહ્લાદથી પીગળી ગયા ! : ભયંકર નૃસિંહ, - અભયંકર લાગ્યા ! :

ભક્તની યાતના જોતાં ક્રોધે ભરાયેલા કરુણાકર ભગવાનને શાન્ત કરવાનું સામર્થ્ય કોઈનું

ન હતું ! દૂર ઊભા રહી સર્વ સ્તુતિ કરતા હતા. લક્ષ્મીજીને પાસે જઈને સ્વામીને શાન્ત કરવા વિનવ્યાં. પ્રણયપૂર્ણ પદ્મા પધારવા વિચારતાં હતાં. પ્રભુ સામે સ્નેહભર્યો દૃષ્ટિપાત કર્યો. વિહારપરાયણ - "વનમાલી" ન દેખાયા, સમુદ્રકિનારે સ્વયંવરમાં સ્નેહ સ્વીકારતા - "કમલમાલી" ન જોયા; પણ ક્યારેય ન જોયેલા, ન સાંભળેલા, - "આન્ત્રમાલી" જોયા ! "કમલમુખ" - કાન્ત કમલાએ ન જોયા, "સિંહવદન" - નૃસિંહ જોયા ! છતાં લક્ષ્મીજીએ માન અને સ્થાન માટે પ્રયત્ન કર્યો. પ્રભુ પાસે જવા શંકિતહૃદયે પગ ઉપાડ્યો. પ્રભુ પાસે જતાં શંકા ન જોઈએ. શ્રદ્ધા અને સ્નેહ જોઈએ. સ્થાન, માનની ઈચ્છા ન જોઈએ, સેવાના સૌભાગ્યની સ્પૃહા જોઈએ. ભગવાન્ નૃસિંહની ગંભીર ગર્જના થઈ, કેશાવલી કંપી, નખ ચળકયા, વિકરાળ દાઢ દેખાઈ. હૃદયમાં શંકા તો હતી જ. લક્ષ્મીજીનો ભય વધી ગયો, અભયપ્રદ પ્રભુ પાસે ન પહોંચી શક્યા ! - "सा नोपेयाय शङ्किता ।"

બ્રહ્માએ પ્રહ્‌લાદને પ્રેર્યા. નિ:શંક મને સુકુમાર કુમાર પ્રભુ પાસે પહોંચ્યા. પદ્માના પ્રણયનો પરાભવ થયો, વાત્સલ્યનો વિજય થયો ! પાંચ વર્ષનો નાનકડો બાલક, વિકરાલ લાગતાં નૃસિંહના નેત્રમાં નેત્ર પરોવીને, ઉભરાતા હૃદયે, આંસુ ભરેલી આંખે, મંદ ગતિએ, અમંદ રતિએ ભૃત્યવત્સલ ભગવાનની પાસે પહોંચ્યો ! પ્રભુના પાદપદ્મમાં પડતું મૂક્યું.

પ્રભુએ પગમાં પડતા પ્રહ્‌લાદને જોયા, કૃપાપરિપ્લુત થયા. ક્રોધ કૃપાના પ્રવાહમાં ઓગળ્યો. હર્ષાશ્રુ રૂપે પ્રહ્‌લાદના મસ્તકે અભિષેક થયો ! ભક્તને ભગવાને ઉઠાડ્યો. કાલ સર્પના ભયમાંથી અભય દેતો પોતાનો કરકમલ માથે મૂક્યો. પ્રહ્‌લાદને પ્રેમથી હૈયા સરસા ચાંપ્યા. વાત્સલ્યરસમગ્ન નૃસિંહે જીભથી ભક્તના દેહને ચાટવા માંડ્યો. અંત:કરણમાંથી ક્રોધાવેશ ઊતરવા માંડ્યો.

વૃત્રાસુરને પોતાના સેવકધર્મ વિચારે, અસુરદેહ સેવા માટે અયોગ્ય લાગ્યો હતો. ભગવાન નૃસિંહને વાત્સલ્યમગ્નતામાં કૃપાપૂર્ણ સ્વામિધર્મે, પ્રહલાદના અસુરદેહને ચાટવામાં પણ અયોગ્યતા ન લાગી, આહ્‌લાદનો અનુભવ થયો ! ક્રોધ ઊતર્યો. પ્રભુ શાન્ત થયા.

દૈત્યે દીધેલી દારુણ દુ:ખોની વેદનાને વાત્સલ્યથી ચાટીને વિભુ વિસ્મૃત કરવા મથતા હતા. દુ:ખ ભક્તને હતાં, અસહ્ય ભગવાનને લાગ્યાં ! હસ્તસ્પર્શે અશુભ દૂર કર્યાં. પર્વત જેવા હિરણ્યકશિપુને પલમાં ચીરી નાખનારાં નખવજ્ર, પુષ્પ જેવા પ્રહ્‌લાદને સ્પર્શતાં, કમલદલ શાં કોમલ બન્યાં ! ભયંકર લાગતા દાંત, સ્નેહકલાથી સ્નિગ્ધ લાગ્યા. ભયપ્રદ નૃસિંહ અભયપ્રદ થયા !

દીનતાપૂર્વક શરણયાચતા પ્રહ્‌લાદજીની નૃસિંહ-સ્તુતિ :

કરસ્પર્શે કુમાર કૃતાર્થ થયા. શીઘ્ર, સ્પષ્ટ જ્ઞાન થયું. સુખ-સંવેદન થયાં. પ્રભુનાં પાદપદ્મ હૃદયે ધર્યાં. નખચન્દ્રપ્રકાશે ભાવની ભરતી આવી. આંખમાંથી આંસુ ઉભરાવા લાગ્યાં, રોમાંચ થયાં. વાણી ગદ્‌ગદ થઈ. એકાગ્ર સાવધ મને ભગવાનની સ્તુતિ કરી,-

ब्रह्मादयः सुरगणा मुनयोऽथ सिद्धाः सत्त्वैकतानमतयो वचसां प्रवाहैः ।
नाराधितुं पुरुगुणैरधुनापि पिप्रुः संतोष्टुमर्हति स मे हरिरुग्रजातेः ॥ (८)

અસ્ખલિત, લલિત વાક્‌ધારાએ ગુણસંપન્નો અને જ્ઞાનસંપન્નો ગાન કરે, છતાં પ્રભુને રીઝવી ન શકે ! હું તો ઉગ્રજાતિનો-અસુર, તેથી અધિકાર મને ક્યાંથી ? કઈ રીતે પ્રભુને પ્રસન્ન કરું ?"

સૃષ્ટિના આરંભથી શેષ ગાન કરે, છતાં આજ સુધી પાર નથી પહોંચ્યા. પર્વત જેટલા કાજળને સમુદ્રપાત્રમાં લઈ, પૃથ્વી રૂપ પત્ર પર, કલ્પવૃક્ષની શાખાની કલમ બનાવીને, અવિરત લખતાં સમર્થ શારદા પણ ગુણગણનાની પાર નથી પહોંચ્યાં! ઉગ્રજાતિનો અસુર તો ઉગ્રતા વધારે શાન્તિ કઈ રીતે દે ?

પ્રહ્લાદની દીનતા દેખાઈ. ભગવાન્ ભક્તોની દીનતાથી પ્રસન્ન થાય. ધન, કુલ, રૂપ, તપઃ, વિદ્યા, ઈન્દ્રિયસામર્થ્ય, તેજઃ, પ્રભાવ, શરીરસામર્થ્ય, પુરુષાર્થ, બુદ્ધિ અને યોગથી પુરુષ પ્રસન્ન થાય, પણ પરમપુરુષ પ્રભુ તો પ્રેમથી પ્રસન્ન થાય! બાહ્ય-ઉત્તમતાઓ બાર પ્રકારની બતાવી. લોકો તેનાથી અંજાઈ જાય; પણ પ્રભુ તો અંતરને ઓળખે છે. સાચા સ્નેહ સિવાય શ્રીહરિ સંતુષ્ટ ન થાય. "भक्त्या तुतोष भगवान् गजयूथपाय ।"- ગજેન્દ્ર પર ભગવાન્ ભક્તિથી સંતુષ્ટ થયા. નિઃસાધનદશામાં થતા અંતઃકરણના આર્તનાદથી પ્રભુ પણ પીગળી જાય, કૃપાર્દ્ર બની જાય!

ગજેન્દ્ર પૂર્વજન્મમાં ગુરુનો અપરાધી હતો. આ જન્મમાં સ્વજન સાથે વિલાસમગ્ન હતો, છતાં દીનતા તેનામાં આવી. પ્રભુને પોકાર્યા. સ્તુતિ કરી. પ્રભુ પ્રસન્ન થયા - પ્રકટ થયા. પોતાનો પાર્ષદ બનાવ્યો! "प्रियतेऽमलया भक्त्या हरिरन्यद्विडम्बनम् ।"- પ્રહ્લાદે તો અસુર બાલકોને ભણાવ્યું છે. - નિર્મલ પ્રેમથી પ્રભુ પ્રસન્ન થાય, પ્રેમ જેવું કોઈ સાધન નથી!

व्याधस्याचरणं ध्रुवस्य च वयो विद्या गजेन्द्रस्य का
का जातिर्विदुरस्य यादवपतेरुग्रस्य किं पौरुषम् ।
कुब्जायाः किमु तव रूपमधिकं किं तत्सुदाम्नो धनं
भक्त्या तुष्यति केवलं परमया भक्तिप्रियो माधवः ॥

શિકારી (વ્યાધ)નો સદાચાર શો હતો ? કુમાર ધ્રુવનું વય કેટલું ? ગજેન્દ્રને વિદ્યા કઈ ? વિદુરને કુલિનતા ક્યાં હતી ? ઉગ્રસેનનું પરાક્રમ શું ? કુબ્જા પાસે રૂપ ક્યાં હતું ? સુદામા નામ હતું, છતાં દામ ક્યાં હતા ? છતાં પ્રભુ તેમના પર પ્રસન્ન થયા. ભગવાન્ ભક્તિપ્રિય છે, માધવ-લક્ષ્મીપતિ-હોવા છતાં!

બ્રાહ્મણ બ્રહ્મજ્ઞ હોય, સૌનો ગુરુ ગણાય. તે વિશિષ્ટતાનું પ્રદાન કરે, વિપ્ર ગણાય. પ્રહ્લાદજીએ ગણાવેલા ૧૨ અથવા શમ, દમ, તપઃ, પવિત્રતા, ક્ષાન્તિ, સરલતા, વૈરાગ્ય, જ્ઞાન, વિજ્ઞાન, સંતોષ, સત્ય અને આસ્તિકતા એ ૧૨ ગુણવાળો વિપ્ર હોવા છતાં, ભક્તિથી જ પાવન બને! ભગવાનના આદરથી ભદ્રતા જીવને મળે છે. પ્રભુને સર્વસ્વ સમજી, પોતાની સમજ પ્રમાણે, મોટાઓના મુખેથી સાંભળ્યા હોય તેમ, ભગવાનના ગુણાનુવાદ ગાનાર પાવન બને છે.

આપના ભયંકર રૂપનો ભય નથી લાગતો. નૃસિંહ! તે તો અભય આપે છે, પણ ત્રાસ થાય છે, - સંસારચક્ર (ઘંટી)માં પિસાવાથી! "હું અને મારું" - એ બે તેનાં પડ! તેની વચમાં કર્મથી બંધાયેલો જીવ ઘઉંના દાણાની જેમ પિસાય છે, - પીડાય છે. પ્રભુ પ્રસન્ન થઈ જેને પોતાનો બનાવે, શરણ લે, તે જ બચે!

જીવનમાં મન માન્યું મળે, - બહુ ઓછાને! પ્રાયઃ, પ્રિયનો વિયોગ અને અપ્રિયનો સંયોગ

મળે છે. જન્મ અને શોક સાથે સંકળાયેલા છે. સંતાપની આગમાં સંસારિજન શેકાય છે, અનેક યોનિમાં આથડે છે. દુઃખ દૂર કરવાના ઉપાયો તો છે. તેમાં પણ દુઃખ જ લાગે છે. ભ્રમ ટળતો નથી. ભટકતાં અટકાતું નથી. અટકવાનો ઉપાય તો સરલ છે, - ભગવાનનું દાસ્ય ! પણ જીવના પ્રમાદે અને પ્રકૃતિ-પરવશતાથી બનતું નથી ! ભૂમન્ ! આપ કૃપા કરીને આપનો દાસ બનાવો. "वद मे तव दास्ययोगम् ।"

"મોર - મોર સબ કોઈ કહે, બંધુ મચાવત શોર; મોરપંખ મેરે પ્રભો આપ કહો તું મોર !"

નૃસિંહ ! આપના પ્રિય દાસજનોના સંગમાં કથારસપાનમત્ત બની, શોક વિના સંસારસાગરની પાર પહોંચું !

મા-બાપ બાળકને બચાવતાં હોય તો, માની મમતા અને પિતાનો પ્રેમ હોવા છતાં, સંતાનનો સંતાપ સંભવે કેમ ? ઔષધ ઉગારતાં હોય તો, વૈદ્ય-ડૉક્ટરના સ્વજન વિદાય થાય કેમ ? દરિયામાં ડૂબનારને નાવ ઉગારતું હોય તો, નાવિક ડૂબે કેમ ? દુઃખીનાં દુઃખ દૂર કરનારું કોઈ સાધન સુલભ હોય તો, તેથી દુનિયામાં દુઃખ દેખાય કેમ ? પ્રભો ! આપ જ સૌનું અભીષ્ટ દેનારા, દષ્ટિથી કૃપા વિશિષ્ટ છો; તેથી અવશિષ્ટ (બાકી) કાંઈ રહેતું નથી, ક્લિષ્ટ (દુઃખી) થવાતું નથી.

સંસારનાં સુખ ક્ષણિક છે. પોતાની પ્રશંસા સાંભળીને સંતોષ લેવામાં લોકો યશઃ - સુખ માને છે. મૃગજલ જેવી આશાઓ પૂરી કરવા આથડે છે, છતાં અધૂરી આશાઓ અધૂરી રહે છે ! શરીર સઘળા રોગોની ફલદ્રૂપ જમીન જેવું છે. સૌ આ જાણે છે, છતાં ઈચ્છાઓના અગ્નિને શાન્ત કરવા, તેમાં ક્ષણિક સુખભોગનું ઘી હોમે છે, પરિણામે વધતી જતી ઈચ્છા રૂપ આગમાં તન અને મનને બાળે છે, ધન તેમાં સાથે હોમે છે.

સ્વામિન્ ! આપે ઉદાર અનુકંપા કરી. કરકમલ મારે અસુરને માથે પધરાવ્યો. બ્રહ્મા, ભવ કે રમાને તે લાભ નથી થયો !

ભગવન્ ! આપના દાસ દેવર્ષિ નારદજીની દયાને સ્મરું છું. દૈત્યને દયાથી દિવ્યતા દીધી. મને માના ઉદરમાં પણ સત્સંગ દીધો. "सोऽहं कथं नु विसृजे तव भृत्यसेवाम् ।"- પ્રભુ સાક્ષાત્ મળે તો પણ ભક્તોની સેવા ન છોડાય ! ભગવાન્ કૃષ્ણ મિથિલામાં પધાર્યા. બ્રાહ્મણ શ્રુતદેવને કૃતાર્થ કર્યો, પણ પ્રભુએ પોતાના ભક્તોની સેવામાં શ્રુતદેવને સાવધ ન જોયો. પોતાના કરતાં પણ ભક્તોની સેવાની મહત્તા સ્વમુખે સમજાવી. "राम ते अधिक रामकर दासा"- સંત તુલસીદાસજીએ ગાયું. "वैष्णवादिसमाधानं कृष्णसेवैव सर्वथा ।"- વૈષ્ણવસેવાને કૃષ્ણસેવા સમાન શ્રીહરિરાયજીએ કહી. "मोहे भरोसो है दोउ ठौर को, एक हरिभक्तनको और दुजो नन्दकिशोरको ।"- કોઈ ભક્તે, ભક્તોનો આશ્રય પહેલો ગણાવ્યો, ભગવાનનો બીજો !

જીવ જન્મ-મરણના સર્પકૂપમાં પડ્યો છે. સંસારસર્પ જીવન દરમ્યાન ડસે છે. "હું - મારું" અને વિષયનું વિષ વ્યાપક બને છે. વેદના વિપુલ થાય છે. બચવા બહાર આવવા મથે છે, પણ સંસારીઓના સંગથી અને પ્રસંગથી વારંવાર પાછો સંસારસર્પકૂપમાં પડે છે, મુક્તિ મળતી નથી ! કાલસર્પ મૃત્યુ રૂપે દંશ દે છે. આ કૂપમાંથી કૃપા વિના બહાર નીકળાય તેમ નથી. ભગવાન્ અને

ભગવાનના ભક્તો આત્મીય બનાવીને ઉદ્ધાર કરે છે.

પ્રહ્લાદે નારદજીની ઉદારતા ગાઈ. નૃસિંહ પ્રકટ થયા, - તેને નારદનાં વાક્યની સત્યતા ગણી! વ્યાસજીએ - "सत्यं विधातुं निजभृत्यभाषितं ।" કહ્યું. પ્રહ્લાદની મોટાઈ કહી. પ્રહ્લાદે મોટાઈ પોતે ન લીધી, નારદજીને દીધી. "मन्ये स्वभृत्य-ऋषिवाक्यमृतं विधातुम् ।"- કહ્યું. - "હું માનું છું, - પોતાના સેવક દેવર્ષિ નારદનાં વચન સત્ય કરવા પ્રભુ પધાર્યા!" ત્રણ યુગમાં પ્રભુ અવતાર લઈને પધારે છે. કલિયુગમાં અપ્રકટ રીતે ભક્તો કે પ્રેરણા રૂપે કૃપા કરે છે. કથા પણ કૃપાથી કૃતાર્થ કરે છે, પણ—

नैतन्मनस्तव कथासु विकुण्ठनाथ सम्प्रीयते दुरितदुष्टमसाधुतीव्रम् ।
कामातुरं हर्षशोकभयेषणार्तं तस्मिन् कथं तव गतिं विमृशामि दीनः ॥ (३९)

તન કથામાં હાજર હોય, ધન કદાચ ખર્ચાય, છતાં મન કૃષ્ણરંગમાં રંગાતું નથી, હરિરસે રસાતું નથી, તેથી કૃતાર્થ થવાતું નથી!

આઠ દોષોથી મન કથામાં રુચિ ધરાવતું નથી, આ આવરણથી મનનું વરણ કથામાં થતું નથી, રંગ લાગતો નથી, રસ સ્પર્શતો નથી.

૧. "दुरितदुष्टम्"- સ્વાધ્યાય, સત્કાર્ય, સત્સંગ અને સેવામાં ઉપેક્ષા અને ઉતાવળથી થતો અનાદર તે દુરિત - પાપ. તેનાથી દુષ્ટ - પાપપરાયણ.

૨. "असाधु"- વાંકું, સ્વજનની સીધી સાદી વાતને પણ, પોતાના વિચારથી વિકૃત બનાવી વાંક કાઢે તેવું. સત્સંગમાં પણ બંધબેસતી પાઘડી પહેરી લઈને દુ:સંગ વધારે તેવું.

૩. "तीव्रम्"- તીક્ષ્ણ. સ્વલ્પ પણ સહન ન કરે તેવું. દંશીલું.

૪. "कामातुरम्"- લાલચુ, દૃઢતા વગરનું.

૫. "हर्षार्तम्"- અછકલું. અનુકૂલતામાં ઉભરાઈ જતું.

૬. "शोकार्तम्"- નિરાશ. બળતરા ભરેલું.

૭. "भयार्तम्"- અલ્પ પ્રતિકૂલતામાં ગભરાઈ જતું.

૮. "एषणार्तम्"- અનેક લૌકિક તીવ્ર ઈચ્છાઓથી પીડાતું.

આવા પીડાતા મનને ચપલ ઈન્દ્રિયો અનેક વિષયોમાં ઘસડી જાય છે. તેમાંથી મહાપુરુષોની કૃપા વિના કૃતાર્થ ન થવાય. કૃપા ન થાય ત્યાં સુધી, મૂઢ બનીને જીવતરનો ભાર માનવ વ્યર્થ વહ્યા કરે છે. "नैतान्विहाय कृपणान्विमुमुक्ष एको" -

પ્રહ્લાદે ગરીબડાં, દોષભર્યાં, ભવમાં ભટકતાં, સ્વજનને રખડતાં રાખીને, પોતાની એકલાની મુક્તિ નથી ઈચ્છી. સર્વના ઉદ્ધાર માટે પ્રભુની શરણાગતિનો માર્ગ બતાવવા, સૌની વચમાં રહેવા ઈચ્છયું! સંસારી મરે, જ્ઞાની તરે, ભક્ત તો તરે અને તારે! ભક્તની આ ઉદારતા છે, સ્વાભાવિકતા છે.

મૌન, વ્રત, વિદ્યા, તપ:, અધ્યયન, સ્વધર્મ, વ્યાખ્યાન, એકાંતસેવન, જપ, સમાધિ - વગેરે જિતેન્દ્રિય- પુરુષ માટે તો મોક્ષનાં સાધન છે, પણ લોકલોલુપ, અજિતેન્દ્રિય, દંભી માટે તો તે માત્ર આજીવિકાનાં સાધન બને છે! દંભ ખુલ્લો થતાં, પછી તે પણ ન રહે. ધર્મને ધંધો બનાવતાં ધન તો મળે, પણ અધર્મ વધે!

ભક્તો માટે ભગવાન્ જ સર્વસ્વ છે. ભગવાનની ષડંગ-સેવાથી કૃતાર્થ થવાય, -

तत्तेऽर्हत्तम नमः स्तुतिकर्मपूजाः कर्म स्मृतिश्चरणयोः श्रवणं कथायाम् ।
संसेवया त्वयि विनेति षडङ्गया किं भक्तिं जनः परमहंसगतौ लभेत ॥ (५०)

૧. નમન-શરણાગતિ, ૨. સ્તુતિ - પ્રેમથી ગુણગાન, ૩. કર્મપૂજા - સત્કર્મ - ફલનું પ્રભુને સમર્પણ, ૪. કર્મ - પ્રભુ-પ્રીત્યર્થ કર્મ-સેવા, ૫. ચરણસ્મૃતિ - અન્યવિસ્મૃતિપૂર્વક પ્રભુસ્મૃતિ, ૬. કથાશ્રવણ - સમજપૂર્વક ભગવાનની લીલા સાંભળવી. પ્રભુમાં આ છ પ્રકારે પ્રીતિ થાય.

ભગવાન્ નરહરિજી પ્રહ્લાદની સ્તુતિથી પ્રસન્ન થયા. "प्रह्लाद भद्र भद्रं ते ।"- પ્રહ્લાદ ભદ્ર છે. તેનું ભદ્ર (કલ્યાણ) થવાનો આશીર્વાદ દીધો ! સાકર ગળી છે. તેને ગળી રહેવાનું કહેવાનું હોય ? સાકર અન્ય સાથે ભળે, સ્વરૂપ છોડે, છતાં પોતાનું ગળપણ મુખ્ય રાખે, સ્વભાવ ન છોડે ! તે તેની કૃતાર્થતા. પ્રહ્લાદ પ્રભુના પધારી ગયા પછી પણ, અસુરસંગમાં રહેવાના છે. દુઃસંગના ડાઘ લાગતાં વાર ન લાગે. અસુરસંગમાં દોષ ન લાગે, નિર્દોષ ભક્તિપૂર્ણ રહેવાય, - તેવો અમૂલ્ય આશીર્વાદ ભગવાને વણમાગ્યે દીધો ! મન માન્યું વરદાન માગવા આજ્ઞા કરી.

અધ્યાય : ૧૦

સેવાના બદલાની આશા રાખે તે સેવક નહિ, વ્યાપારી છે : કામના જાય ત્યારે કૃષ્ણ-યોગ્ય થવાય : ભક્તપુત્રથી એકવીશ પેઢી તરે ! પિતાની ઉત્તરક્રિયાઓ તો ભગવાને પણ પુત્ર પ્રહ્લાદ પાસે કરાવી :

અપેક્ષા અને ઉપેક્ષા સ્નેહના પ્રતિબંધ છે ! સ્નેહની રક્ષા બંનેને દૂર રાખવાથી થાય. પ્રહ્લાદે આશ્રિતને પ્રલોભન ન દેવા વિનંતી કરી. - "यस्त आशिष आशास्ते न स भृत्यः स वै वणिक् ।"- સેવા કે સ્નેહના બદલામાં, કાંઈ પણ કામના રાખે તે સેવક નથી, સ્નેહી નથી, વ્યાપારી છે ! નફો કે નુકસાન વ્યાપારીની નજરમાં હોય. સેવક અને સ્નેહશીલની નજરમાં તો માત્ર સ્વધર્મ હોય, સર્વસ્વસમર્પણ હોય, સ્વજનનું-સ્વામીનું-સુખ હોય. "न स्वामी भृत्यतः स्वाम्यमिच्छन् यो राति चाशिषः ।"- સેવક પાસેથી સેવા લેવા માટે, સેવકનું ઈચ્છેલું આપે તે સ્વામી નથી ! સ્નેહની સ્વાભાવિકતાથી સર્વસ્વસમર્પણ સ્વામી પણ કરે છે. લૌકિક શેઠ-નોકરના સંબંધ કરતાં અલૌકિક સ્વામી-સેવકનો સંબંધ જુદો છે. લૌકિકમાં પરસ્પર સ્વાર્થ છે. અલૌકિકમાં પરસ્પર આદર - સ્નેહ છે, સમર્પણ છે. પ્રહ્લાદે માગ્યું, - "कामानां हृद्यसंरोहं भवतस्तु वृणे वरम् ।"- હૃદયમાં કોઈ કામના કે ઈચ્છા ઉદ્ભવે જ નહિ. તેવું વરદાન આપની પાસે માગું છું !" મનમાં કાંઈ પણ માગવાની ઈચ્છા થતાં જ ઈન્દ્રિય, મન, પ્રાણ, દેહ, આત્મા ચંચલ બને. ધર્મ, ધૈર્ય અને બુદ્ધિ સુરક્ષિત ન રહે. લજ્જા, લક્ષ્મી, તેજઃ, સ્મૃતિ અને સત્ય વિદાય થાય. નિષ્કામ કેવલ કૃપાથી થવાય, તેથી માગ્યું.

विमुञ्चति यदा कामान्मानवो मनसि स्थितान् ।
तर्ह्येव पुण्डरीकाक्ष भगवत्त्वाय कल्पते ॥ (९)

માનવ મનમાંથી બધી કામનાઓને કાઢી નાખે ત્યારે ભગવદ્ભાવને યોગ્ય બને.

ભગવાન્ નૃસિંહે મન્વન્તર સુધી પ્રહ્લાદને રાજ્યભોગ દીધો. પ્રેમથી કથાનું સેવન કરી,

પ્રભુમાં મન પરોવી, સેવાથી સર્વ કર્મમુક્ત રહેવા કહ્યું. સુખભોગથી પુણ્યક્ષય અને દુ:ખભોગથી પાપનાશ કરી, દિવ્યકીર્તિ મેળવી સ્વધામમાં આવવાનું વરદાન દીધું. પોતાના અને પ્રહ્લાદના સ્મરણમાત્રથી કર્મબંધનમાંથી મુક્તિ સૌને દીધી ! નિર્વૈર અજાતશત્રુ પ્રહ્લાદે "तस्मात् पिता मे पूयेत"- કહી, પિતા પાવન થાય એમ ઈચ્છયું ! પ્રહ્લાદે પિતાએ દીધેલાં દુ:ખોની ફરિયાદ ન કરી. દુ:ખોને ફરી યાદ પણ નથી કર્યાં. ભગવાનના ભક્તો ભગવાનને યાદ રાખે, સંસારને ભૂલે ! સંસારના ભક્તો સંસારને યાદ રાખે, ભગવાનને ભૂલે ! પ્રહ્લાદે તો સંબંધથી સ્નેહ સૂચવતાં - "पिता मे"- "મારા પિતા" - કહ્યું. પ્રાણ લેવા મથનાર પણ પાવન બને તેમ ઈચ્છયું !

પ્રસન્ન પ્રભુએ કહ્યું, - "त्रिसप्तभिस्ते पिता पूतः ।"- પિતૃપક્ષ, માતૃપક્ષ અને પત્નીપક્ષ ત્રણેના સાત પૂર્વજો સહિત, તારો પિતા પાવન થયો ! પ્રભુના પધારવા માત્રથી નહિ, પણ, - "यत्साधोऽस्य गृहे जातो भवान् वै कुलपावनः ।"- "તું કુલપાવન-કુલદીપક, સાધુ-સુપાત્ર-સુપુત્ર તેના ઘરમાં જન્મ્યો, તેથી !" ભગવાનનો ભક્ત વસે ત્યાં સર્વથા હીન-લોકો પણ પાવન થાય. ભક્તિ-સંબંધે સૌ તરે ! "कुरु त्वं प्रेतकार्याणि ।"- "તું પુનિત પિતાની ઉત્તર ક્રિયા કર !" ભગવાન્ તો નિર્વૈર છે. દ્વેષીની પણ ઉત્તરક્રિયા કરાવી. પ્રભુસ્પર્શે અને પુત્રલાભે પાવન થયો હોવા છતાં, શાસ્ત્રમાર્ગની - સંસ્કારની સુરક્ષા કરી. "મન મારામાં રાખીને કર્મ કરજે !" - કહીને સાથે સાવધતા દીધી.

પ્રહ્લાદે ક્રિયાઓ કરી. બ્રહ્માએ સ્તુતિ કરી. ભગવાને દુષ્ટોને આવાં વરદાન ન આપવા ચેતવ્યા. ભક્તોને દુ:ખ થાય તે ભગવાનને અસહ્ય લાગે ! નૃસિંહ તિરોહિત થયા. પ્રહ્લાદે પૂજ્યોનાં પૂજન કર્યાં. ભગવાને પુન: અસુરોનો ઉદ્ધાર રામ-કૃષ્ણ રૂપે પણ પધારીને કર્યો.

ભગવાને ત્રિપુરાસુરવધ કરાવી શંકરને યશ: દીધો. ત્રિપુર દુષ્ટવાસનાના મૂલરૂપ છે. તેને બનાવનાર મય મોહરૂપ છે. ત્રિપુરના અમૃતકૂપમાંથી બ્રહ્માને વત્સ બનાવી, ભગવાને પોતે ગાય બની, અમૃતપાન કર્યું. શંકર દ્વારા ત્રિપુર અને અસુરવધ કરાવ્યો. ઊતિમાં મર્યાદાપુષ્ટિની સહાયકતા બતાવી.

અધ્યાય : ૧૧

મિશ્રવાસનાવાળાની શુદ્ધિ માટે 30 સામાન્યધર્મો તથા વર્ણાશ્રમધર્મો :

દૈવી અને આસુરીસૃષ્ટિ તો પ્રસિદ્ધ છે. તેમાં મૂલરૂપ સારી (સદ્) વાસના, અને ખરાબ (અસદ્) વાસના, બંનેના મિશ્રભાવ રૂપ ત્રીજી વાસનાવાળાઓ માટે આ ત્રીજું પ્રકરણ છે.

વેદસંમત-કર્મથી દુષ્ટવાસના દૂર થાય. નિષિદ્ધ-કર્મથી સારી વાસના નષ્ટ થાય. ખરાબ વાસના મનમાં હોય અને સત્કાર્ય કરવામાં આવે તો, બંને પ્રકારે ફલ મળે. ભક્તિ ફલપ્રદ છે, પણ પ્રાયશ્ચિત્ત રૂપ નથી, તેથી ખરાબ વાસનાના નાશ માટે વર્ણાશ્રમધર્મ છે. કેવલ સદ્વાસના હોય, તો ભક્તિથી ધન્યતા મળે. નારદજીએ ત્રીસ ધર્મો ગણાવ્યા. તેમાં સાધન રૂપ નવધાભક્તિ પણ ગણાવી છે. ભક્તિના સાધન રૂપ ૨૧ ધર્મો છે. અસદ્વાસના ક્વચિત્ કર્મથી, ક્વચિત્ કર્મ અને જ્ઞાન દ્વારા અને ક્યારેક કર્મ તથા ભક્તિથી દૂર થાય છે. ત્રણેના સંકલન રૂપે 30 ધર્મો છે. વૈદિક વિરાટ્છંદમાં 30 અક્ષર છે. તેના પ્રતિનિધિરૂપ 30 ધર્મ પિંડબ્રહ્માંડન્યાયે શુદ્ધિ માટે કહ્યા.

પ્રભુપ્રસન્નતાના વિચારે જ ધર્માચરણ કરવું. પ્રભુપરાયણ વિપ્રો ધર્મતત્ત્વને જાણે છે. ધર્માચરણ પાપના સ્પર્શ વિના પાર પહોંચાડનારો પુલ છે. તેનું મૂલ ભગવાન્ છે. ભગવાન્ ધર્મના વક્તા, કર્તા, પાલક અને અનુમોદક છે. ભગવાન્ અને ધર્મ બંને સનાતન છે. ઉભયનો આદર અંતરને ઉજાળે.

ભગવાન્ નારાયણને નમન કરી નારદે તેમની પાસેથી સાંભળેલા ધર્મનું વર્ણન કર્યું. સત્ય, દયા, તપ:, પવિત્રતા, સહિષ્ણુતા, વિવેક, શમ, દમ, અહિંસા, બ્રહ્મચર્ય, ત્યાગ, સ્વાધ્યાય, સરલતા, સંતોષ, સમદૃષ્ટિવાળા ભક્તોની સેવા, ધીમે ધીમે ગ્રામ્યસુખ-પ્રવૃત્તિમાંથી વિરામ, માનવીની નિષ્ફલ ક્રિયાનો વિચાર, મૌન, આત્મચિંતન, અન્નાદિમાં પ્રાણીઓને યોગ્ય રીતે ભાગ દેવો, પ્રાણીમાત્રનું સ્વાગત, સૌમાં ભગવદ્‌બુદ્ધિ અને નવધાભક્તિ. આ સૌનો સામાન્ય-ધર્મ છે,

યજન, અધ્યયન અને દાન - એ ત્રણ બ્રાહ્મણના ફરજિયાત ધર્મ. યાજન, અધ્યાપન અને પ્રતિગ્રહ- એ ત્રણે ધર્મો બ્રાહ્મણના મરજિયાત છે, આજીવિકા રૂપ છે. ક્ષત્રિય માટે પ્રજારક્ષા, વિપ્ર સિવાયના પાસે કર. વૈશ્ય માટે કૃષિ, ગોરક્ષા, વ્યાપાર. શૂદ્ર માટે સેવા.

"विचित्रवार्ता" - ખેતી, ગોરક્ષા, વ્યાપારાદિ. "शालीनं"- વગર માગ્યે મળે તે. "यायावर"- રોજ માત્ર ધાન્ય માગવું. તે "शिलोञ्छनम्"- શિલ-ખેતરમાં પડેલા દાણા અને ઉગ્-છ-બજારમાં પડેલા દાણા લાવવા તે. બ્રાહ્મણની આ ચાર આજીવિકા છે. આપત્તિકાલમાં આવશ્યક રીતે આજીવિકા કરે. શિલ અને ઉગ્-છને "ऋत"- પણ કહે છે. શાલીનને અમૃત, નિત્યયાગ્-ચાને મૃત અને ખેતીને પ્રમૃત કહે છે. વ્યાપાર સત્યાનૃત છે. નીચની સેવા શ્વવૃત્તિ છે. બ્રાહ્મણ અને ક્ષત્રિય માટે હીનસેવન અયોગ્ય છે.

સ્ત્રીઓ માટે પતિ અને પરિવારની સેવા ધર્મ છે. સંતોષ, સત્ય અને મધુર વાણી, વિનય અને સહનશીલતા સેવા માટે અનિવાર્ય ગુણો છે. નિપુણતા, ધર્મજ્ઞાન, પવિત્રતા, પ્રમાદરહિતપણું અને સ્નેહ પણ આવશ્યક છે.

પુરુષ વ્યવહાર અને વ્યવસાયને વ્યવસ્થિત રાખે, સ્ત્રી પોતાના ગૃહસ્થાશ્રમને વ્યવસ્થિત રાખે. સ્ત્રી વ્યવહાર અને વ્યવસાયને ધર્મમય રાખવાની પ્રેરણાનો સ્રોતસ્ બને. સ્ત્રી ઘરને સ્વર્ગ બનાવી શકે છે.

અધ્યાય : ૧૨

બ્રહ્મચર્ય અને વાનપ્રસ્થાશ્રમના ધર્મો :

"સર્વમાં ભગવાન્ વિરાજે છે!" - આ જ્ઞાન સાથે બધાં વર્ણાશ્રમધર્મ કૃતાર્થ કરે. વનવાસ રૂપ બ્રહ્મચર્ય અને વાનપ્રસ્થના ધર્મો સાથે કહ્યા છે.

બ્રહ્મ-વેદ, સ્વાધ્યાયને સાનુકૂલ આચાર અને વિચારવાળો હોય તે,- બ્રહ્મચારી ! વિદ્યાસંપાદન કરવા સિવાય બીજી કોઈ વૃત્તિ કે પ્રવૃત્તિ, વિદ્યાર્થીના જીવનમાં વિઘ્ન રૂપ બને. પચીસ વર્ષ સુધી બ્રહ્મચર્યાશ્રમ. તેમાં ગુરુની વિનય અને પ્રેમપૂર્વક સેવા તે પહેલો ધર્મ છે. નિત્યકર્મમાં નિયમિતતા; નિત્ય સ્વાધ્યાય, સાદો પોશાક, સાત્ત્વિક અને અલ્પ-આહાર, ઓછું બોલવું, સુશીલતા, જિતેન્દ્રિયતા,

સ્ત્રીસંબંધી વાતો કે વિચારોનો ત્યાગ, સૌન્દર્ય-પ્રસાધનોના ઉપયોગનો ત્યાગ, વ્યસનનો ત્યાગ, સ્વાશ્રય, સિનેમા વગેરે મનોરંજનનો ત્યાગ. વિદ્યાર્થીના વિકાસનો આ રાજમાર્ગ છે. વિદ્યાધ્યયન પૂર્ણ થતાં, ગુરુના ઉપકાર-સ્મરણે આર્દ્ર બની, ગુરુસેવાથી કૃતાર્થ થઈ, વિદ્યાર્થી અન્ય-આશ્રમ સ્વીકારે.

૫૦ વર્ષ પછી વાનપ્રસ્થાશ્રમ. શેકેલું, બાફેલું, કાચું - સાનુકૂલ રીતનું એક વખત ભોજન, વ્યવહાર અને વ્યવસાયની વૃત્તિ અને પ્રવૃત્તિનો ત્યાગ, પ્રભુપરાયણતા, સંયમ, અલ્પ આવશ્યકતાવાળું જીવન, તીર્થસેવન, એકાન્તવાસ, સૌને હિતકારક-ઉપયોગી થાય તેવું આદર્શ-જીવન અને અંતે ત્યાગ. ભગવાનમાં મતિથી વૃદ્ધાવસ્થામાં જીવન બોજારૂપ ન બને, મંગલમય થાય.

અધ્યાય : ૧૩

સન્યસ્તાશ્રમનો ધર્મ : વૈરાગ્ય અને સંતોષ હિતાવહ છે :

જીવન પર્યંતનો સદ્ધર્મ અંતે બધામાંથી આસક્તિ છોડાવે, ત્યાગમાં પ્રેરે. આત્મજ્ઞાન-સંપન્ન, તન અને મનથી સમર્થ, પ્રભુપ્રેમપૂર્ણ માનવ સઘળાનો પરિત્યાગ કરે. ૭૫ વર્ષ પછી સંન્યસ્તાશ્રમ.

સાચા ધર્મ-પરિપાલનના પ્રભાવે, કોઈ કામના મનમાં ન રહે. અસંગ્રહ, એકાકી વિચરણ, પ્રભુપરાયણતા, નિરપેક્ષતા, સર્વત્ર ભ્રમણ, સૌનું હિત કરતાં એક રાત્રિ ગ્રામવાસ, સર્વત્ર ભગવદ્દષ્ટિ, વાદવિવાદનો ત્યાગ, નિષ્પક્ષપણું વગેરે યતિને હિતકારક બને. અતિશિષ્ય સંગ્રહ, બહુ ગ્રંથોનો અભ્યાસ, વ્યાખ્યાન, લોકપ્રવૃત્તિ વગેરે હિતપ્રદ ન ગણાય. પ્રહ્‌લાદ અને અજગર મુનિના સંવાદે - ભક્તિથી અજ્ઞાનનાશ, ભગવદિચ્છાવશ જીવન, મધુકર અને અજગરના જીવનમાંથી વૈરાગ્ય અને સંતોષનો સંદેશ અને અંતે ભગવદનુભૂતિ રૂપ ધર્મો બતાવ્યા.

અધ્યાય : ૧૪

ત્રણે આશ્રમોના આધાર રૂપ ગૃહસ્થાશ્રમના સામાન્ય - ધર્મો :

ત્રણ આશ્રમના આધાર રૂપ ગૃહસ્થાશ્રમના ધર્મો વિશેષ સ્પષ્ટ રીતે બતાવે છે. અર્થ અને કામનો સમન્વય જીવનમાં ધર્મ સાથે સાધી, મંગલમય જીવન-ઉદ્યાન રચવાનો ઉદ્યમ ગૃહસ્થાશ્રમ છે. જીવન મનોરમ ઉપવન બને, ધર્મસેવને સુરભિસુમન (સુગંધી ફૂલ) સમૃદ્ધ બને, વનમાલી પુષ્પ વીણવા પધારે, જીવનકાર્ય વનમાલાની માલાનાં સુરભિ સુમન રૂપે કલામય રીતે સુસંયોજિત બને, ગૃહસ્થાશ્રમ અને આશ્રમી ધન્ય બને. સેવા, સદાચાર, સમુત્કર્ષ, સ્નેહ, સમર્પણનો સુભગ સુસંવાદ સર્જાય, તે ગૃહસ્થાશ્રમનું શ્રમ-નિવારણ અને આશ્રમત્વ-સંપાદન બને !

ધર્માચરણથી વાસનાવિજય થયા પછી, ભક્તિરસાનુભવ થાય. કોઈને પણ માટે કશો જ અયોગ્ય વિચાર ન આવે, ત્યારે વાસનાવિજય ગણાય. વાસના હૃદયમાં ભરેલી હોય અને ભક્તોના સંગમાં ભક્તિ કરતાં, વાસના કાઢવાનું વિસરી જવાય તો, સાનુકૂલ સંયોગો મળતાં વાસના ઉછળી આવે, ભગવાન્ ભુલાય, અપરાધ થાય. સ્વાધ્યાય, તપ:, અહંતામમતા-ત્યાગ અને સત્કર્મનું સેવન વાસના વિજય માટે કરવું. પ્રભુને કેન્દ્રમાં રાખીને જીવન ઘડવું. ભગવદીયસંગમાં ભગવત્કથાનું સેવન કરવું. પોતાનો હઠાગ્રહ છોડી, અનાસક્ત બની, સર્વસંમત વ્યવહાર કરવો. ભગવદિચ્છાનુસાર,

ધર્મસંમત આજીવિકા દ્વારા જે કાંઈ મળે તેનો સંતોષથી ઉપભોગ કરવો.

यावद्भ्रियेत जठरं तावत् स्वत्वं हि देहिनाम् ।
अधिकं योऽभिमन्येत स स्तेनो दण्डमर्हति ।। (८)

પેટ ભરાય તેટલું પોતાનું. અધિકની અપેક્ષા અપરાધ રૂપ ગણાય. સાદી વાત. રસોડામાં રસોઈ ગમે તેટલી હોય, પણ પેટ ભરાય તેટલું પોતાનું. વધારે જમનાર માંદો પડે! તે દંડ છે. તેમ સંપત્તિમાં જરૂર કરતાં વધારે સંપત્તિ હોય તો અનેક અનર્થ આવે, તે દંડ છે!

સમાજવાદ કે સામ્યવાદ કરતાં ઉત્તમ સૌમ્યવાદ ધર્મશાસનમાં છે ! ઉંદર વગેરે પ્રાણી ગૃહસ્થોના આધારે જીવે છે. પ્રાણીમાં પણ પ્રાણ છે. પોતાના સંતાન જેવાં તે પણ કોઈનાં સંતાન છે. પ્રાણ સૌના સમાન પ્રિય છે. તેને પીડા ન પહોંચાડાય.

શરીર અંતે તો કૃમિ કે ભસ્મ રૂપ થાય છે. તેમાં આસક્તિ કરીને અનર્થ આચરવો નહિ. પવિત્ર અન્નથી તેનું પોષણ કરવું.

પોતાની આવકમાંથી દેવ, ઋષિ, માનવ, પ્રાણી અને પિતૃનું પ્રિય થાય તેમ, યજ્ઞ કે સેવા, વિદ્યા, પરોપકાર અને શ્રાદ્ધાદિમાં શ્રદ્ધા અને સ્નેહથી ભાગ આપવો. કલ્યાણકારક કાલે સત્પાત્રને દાનાદિ દેવાં. પુણ્યસ્થલોનું સેવન કરવું. પ્રભુસેવન થતું હોય તે સ્થલ કલ્યાણકારક છે.

ભગવાન્ સૌમાં હોવા છતાં, ગુણોથી પાત્રતા જુદી જુદી પ્રકટ કરે છે. તપઃ, વિદ્યા, સંતોષસંપન્ન, સ્વાધ્યાયશીલ, પ્રભુપરાયણ બ્રાહ્મણ સૌને પાવન કરે છે.

અધ્યાય : ૧૫

ગૃહસ્થાશ્રમના મોક્ષપ્રદ વિશેષધર્મો : નારદજીના પૂર્વજન્મની કથા :

સુપાત્ર બ્રાહ્મણ - ગુરુજનની સેવા સૌને દોષમુક્ત કરે છે. દેવકાર્યમાં બે, પિતૃકાર્યમાં ત્રણ અથવા ઉભયમાં એક એક વિપ્રને ભોજન કરાવવું. આદર અને આદર્શ સચવાય, શ્રદ્ધા અને સ્નેહ વધે. વિસ્તાર કરવાથી માત્ર વ્યવહાર વધે, ધર્મ-વિક્ષેપ થાય.

ધર્મ યથાસંભવ પાળવો, અધર્મ સ્વલ્પ પણ ન આચરવો.

(૧) વિધર્મ - સ્વધર્મવિરુદ્ધનું કે ધર્મબાધક.

(૨) પરધર્મ - પોતાના વર્ણ કે આશ્રમ સિવાય અન્ય માટેનો ધર્મ.

(૩) આભાસ - ઉપરથી ધર્મ જેવો દેખાવ લાગે, પણ શાસ્ત્રસંમત ન હોય. પોતાના મનથી માની લીધેલો ધર્મ.

(૪) ઉપમા - પાખંડથી અન્યને છેતરવા માટે થતો ધર્મ. ઉપધર્મ.

(૫) છલ - શાસ્ત્રની આજ્ઞાઓના મનગમતા અર્થો શબ્દની રમતથી કરવા તે. આ પાંચ અધર્મની શાખાઓ છે. ધર્મજ્ઞે તેનો ત્યાગ કરવો.

ભગવદિચ્છાથી, પ્રારબ્ધાનુસાર ધન મળે તેમાંથી ધર્મકાર્ય કરવાં. અયોગ્ય રીતે ધન મેળવવા મથવું નહિ. "सदा सन्तुष्टमनसः सर्वाः सुखमया दिशः ।"- સદા સંતોષપૂર્ણ મનવાળાને સર્વત્ર સુખ

છે. જ્ઞાનપ્રદ ગુરુની કૃપાથી સઘળું સિદ્ધ થાય. ચંચલ મન સ્થિર કરવા સદા પ્રયત્નશીલ રહેવું. અધર્મ અન્યમાં દેખાય તો ઉપેક્ષા કરવી, અનુકંપા કરવી.

શરીરનો સદુપયોગ કરી પ્રભુને પ્રાપ્ત કરવા. શરીર રથ છે. ઈન્દ્રિયો અશ્વ છે, મન લગામ છે, વિષયો માર્ગ રૂપ છે, બુદ્ધિ સારથિ છે, સત્ત્વનિષ્ઠ ચિત્ત બેસવાનું સ્થાન છે, દશપ્રાણ અક્ષ-ધરી-છે. ધર્માધર્મ બે પૈડાં છે. અભિમાની જીવ રથી છે. તેનું ધનુષ્ય પ્રણવ છે. જીવ બાણ છે અને પરબ્રહ્મ જ લક્ષ્ય છે. રાગદ્વેષ, કામ-ક્રોધાદિ દુશ્મનો છે. મહાપુરુષોની ચરણસેવા તલવાર છે. તેનાથી વિજયી તથા સફલ થવું. અચ્યુત ભગવાનનું બલ મેળવી, દોષ રૂપ શત્રુઓનો સંહાર કરી, પ્રભુ પ્રાપ્ત કરવા. સાવધ ન રહે તો ઈન્દ્રિયરૂપ ઘોડા તોફાની બને, રથ ફેંકાઈ જાય, દેહ વ્યર્થ વેડફાઈ જાય. પ્રવૃત્તિ-નિવૃત્તિ રૂપ ધર્મો યોગ્ય રીતે આચરવા.

વસ્તુભેદ, કર્મભેદ અને સ્વભોગવૃત્તિ દૂર કરવા માટે અદ્વૈતનું અનુસંધાન કરવું. વસ્ત્ર કાર્ય રૂપ અને કારણ રૂપ તંતુ જુદાં નથી. તંતુ જ ચોક્કસ-ક્રમમાં ગોઠવાઈને વસ્ત્રરૂપ બન્યાં છે. આ સમજથી વસ્તુમાંથી ભેદબુદ્ધિ દૂર થાય, મોહ ન થાય. આ ભાવાદ્વૈત કહેવાય.

મન-વાણી-શરીરથી કરેલાં સઘળાં કર્મ અને ફલ પ્રભુને સમર્પણ કરવાં. તે ક્રિયાદ્વૈત ગણાય. કર્મભેદ ન રહે, અથવા દ્વેષાદિ દૂર થાય.

પોતે, પત્ની, સ્વજન સૌના દેહ પંચમહાભૂતના છે. જીવ ભગવાનનો અંશ છે. - આ સમજે સ્વભોગવૃત્તિ ટળે, આ દ્રવ્યાદ્વૈત છે.

"યુધિષ્ઠિર ! તમે પ્રભુ કૃપાથી અનેક આપત્તિઓમાંથી ઊગર્યા છો. હું ઉપબર્હણ ગંધર્વ હતો. સ્ત્રી- લંપટતાથી દેવસભામાં શાપ થયો. દાસીનો દીકરો થયો. સંતસેવાથી બ્રહ્મપુત્ર થયો. વિપ્ર - ગુરુજનની સેવાથી કૃપા થતાં કલ્યાણ થાય.

यूयं नृलोके बत भूरिभागा लोकं पुनाना मुनयोऽभियन्ति ।
येषां गृहानावसतीति साक्षाद् गूढं परं ब्रह्म मनुष्यलिङ्गम् ॥ (७५)

તમે મહાભાગ્યશાળી છો. તમારે ત્યાં સાક્ષાત્ ભગવાન્ વિરાજે છે, તેથી લોકપાવન કરનારા મુનિઓ સામે ચાલીને પધારવા કૃપા કરે છે !" - નારદે યુધિષ્ઠરને કહ્યું.

ગુરુની આજ્ઞા પ્રમાણેની શ્રીકૃષ્ણની સેવા સર્વ દોષો દૂર કરી, કૃપાપાત્ર બનાવી, કૃતાર્થ કરે છે. વાસનાઓનો સંપૂર્ણ નાશ થાય છે, સદ્ધર્મ સ્વાભાવિક થાય છે.

યુધિષ્ઠિરે પૂજન કરતાં નારદજી વિદાય થયા. કથા સાંભળીને યુધિષ્ઠિર પરમ વિસ્મિત થયા.

卐

શ્રીહરિઃ

શ્રીગોપીજનવલ્લભાય નમઃ ॥
विजयते श्रीबालकृष्णः प्रभुः ॥

શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ

અષ્ટમ-સ્કન્ધ

અધ્યાય : ૧

પ્રાકૃત-વાસનાઓના નાશ માટે પ્રાકૃત-સદ્ધર્મ કહેલો છે :
મુખ્ય ભગવદ્ધર્મ ત્રણ છે- ૧. આપત્તિમાં હરિસંસ્મરણ, ૨. સંપત્તિમાં દાન, ૩. વિપત્તિમાં સ્વોક્ત-નિર્વાહ :
પ્રપત્તિ રૂપ એક અધ્યાયમાં છે, - મત્સ્યચરિત ! :

ભગવાનની મન્વન્તરલીલાનો વિસ્તાર આઠમા સ્કન્ધમાં છે. મન્વન્તર સદ્ધર્મ રૂપ છે. સત્પુરુષોનો ધર્મ સદ્ધર્મ છે. ઈર્ષા વગરના સત્પુરુષોનો ધર્મ નિષ્કપટ હોય. અંતઃકરણની બધી જ વાસનાઓને તે દૂર કરે છે. વાસનાઓને દૂર કરનાર સદ્ધર્મ આઠમા સ્કન્ધમાં કહ્યો છે.

દ્વિતીય સ્કન્ધમાં લીલાક્રમ-ગણનામાં, ઊતિલીલા પછી મન્વન્તરલીલા છે. લક્ષણમાં મન્વન્તર પછી ઊતિ છે ! કર્મથી ઉત્પન્ન થયેલી પ્રાકૃત-વાસનાઓ સદ્ધર્મથી નાશ પામે છે ! એ તેમાં સંકેત છે; પછી ભક્તિ થઈ શકે, તે નવમ-સ્કન્ધમાં છે. પૂર્વમીમાંસામાં ધર્મવિચાર બાર અધ્યાયમાં છે. ફલભેદે તેના બે પ્રકાર ગણતાં, ચોવીસ ભેદ ચોવીસ અધ્યાયમાં અષ્ટમ-સ્કન્ધમાં છે. પૂર્વમીમાંસાના ઉત્તરષટ્કમાં અતિદેશથી સ્વાર્થકામ્ય- વૈકૃતનો વિચાર છે. તેની વાસના ૧ થી ૬ સુધીના સ્કન્ધમાં છે. ૭ થી ૧૨ સુધીના સ્કન્ધમાં આધ-ષટ્કની વાસના છે. મીમાંસાના વિચારે નિત્યકર્મ-માત્રથી આત્મસુખ લાભ થાય, પણ પ્રાકૃતવાસના જાય નહિ, તે માટે સદ્ધર્મ જરૂરી છે. તે મન્વન્તરલીલા રૂપ છે.

મનુ, મનુપુત્ર, દેવો, ઈન્દ્ર, ઋષિ અને ભગવદવતાર, - આ છ મન્વન્તરનાં અંગ છે. મનુ મન્વન્તરનું પાલન કરનાર ગણાય છે. દરેક મનુ પોતાનો કાલધર્મ ભગવદિચ્છાથી પ્રકટ કરે છે. તે ધર્મનું આચરણ તે કાલમાં કલ્યાણકારક છે. આ મન્વન્તર રૂપ સદ્ધર્મ પ્રાકૃત છે. દેહ, ઈન્દ્રિય, અંતઃકરણમાંથી તે ઉત્પન્ન થાય છે. પ્રાકૃત મૂલપદાર્થો ૨૪ છે. પ્રાકૃત વાસના ૨૪ પ્રકારની થાય. ૨૪ પ્રકારનો પ્રાકૃત-સદ્ધર્મ ૨૪ પ્રકારની પ્રાકૃત- વાસનાનો નાશ કરે છે. જીવમાં રહેલી વાસનાને તો જીવમાંથી થતો પૌરુષધર્મ-ભક્તિ-જ દૂર કરી શકે. પ્રાકૃત-વાસનાનું નિવારણ આઠમા સ્કન્ધના સદ્ધર્મથી કહીને, પછી નવમા સ્કન્ધમાં ભક્તિ કહી છે.

તામસ, સાત્ત્વિક, રાજસ ત્રણ પ્રકારનો સદ્ધર્મ છે. તેના વક્તા ભગવાન્ મત્સ્યનારાયણ છે. તે ધર્મો અને તેના વક્તા, મળીને આ સ્કન્ધનાં ૪ પ્રકરણ છે.

બ્રહ્માજીના એક દિવસમાં ૧૪ મનુ થાય. તે ૧૪ જુદા જુદા કાલધર્મો બતાવે, સ્થાનના પણ

ભિન્ન ધર્મો હોય. આ બધાના સારરૂપ ત્રણ ભગવદ્ધર્મ મુખ્ય છે ! (૧) આપત્તિમાં હરિ-સંસ્મરણ, (૨) સંપત્તિમાં દાન, (૩) વિપત્તિમાં પણ સ્વોક્તનિર્વાહ; - આ ત્રણનું નિરૂપણ ક્રમશઃ ૧ થી ૪, ૫ થી ૧૪ અને ૧૫ થી ૨૩ અધ્યાયોમાં છે. ૨૪મા અધ્યાયમાં મત્સ્ય-ચરિત અથવા પ્રપત્તિની કથા છે. હરિસંસ્મરણથી ચાર પુરુષાર્થ સિદ્ધ થાય, તેથી તેની કથા ચાર અધ્યાયમાં છે.

ગજેન્દ્ર આપત્તિમાં આવેલો. પૂર્વના સંસ્કારબલે હરિને અંતઃકરણના આર્તનાદથી પોકાર્યા. હરિસંસ્મરણ કર્યું. પ્રભુ પધાર્યા. ગજેન્દ્રનો ઉદ્ધાર કર્યો. પોતાનો પાર્ષદ બનાવ્યો. ચાર અધ્યાયમાં ચાર પુરુષાર્થ સૂચક કથા કહી.

પછીના ૧૦ અધ્યાયમાં સંપત્તિમાં માત્ર સંગ્રહ અને ભોગપરાયણ ન થતાં, દાનપરાયણ રહેતાં શીખવે છે. ભગવાને દેવોને અમૃતદાન કર્યું. દેવોએ અને દાનવોએ સમુદ્રમાંથી નીકળેલાં ૧૪ રત્નોમાંથી પહેલાં ગાયનું દાન ઋષિયોને કર્યું. પરસ્પર વિતરણ પણ કર્યાં. સંપત્તિ એકમાત્ર પોતે વાપરે તો ઉપભોગ થાય, અનેકનાં કામ સાધે તો ઉપયોગ થાય, પ્રભુ સ્વીકારે તો વિનિયોગ થાય. દાન, ભોગ અને નાશ ધનની ત્રણ ગતિ. સન્મતિથી તેનો ઉપયોગ દાનમાં કરે, તો આનંદ રૂપ અમૃતપાન મળે. દેવોને પ્રભુએ અમૃતપાન કરાવ્યું.

પછીના ૯ અધ્યાયમાં વચનપાલન છે. વિપત્તિમાં સઘળું છોડીને પણ, વચનને વળગી રહેનાર સત્યનિષ્ઠને સત્યાત્મક ભગવાન્ સંભાળે છે, અલૌકિક-વૈભવ મળે છે, બલિ અને તેનું આત્મનિવેદન નવ અધ્યાયમાં ગાયું.

સત્યવ્રતની રક્ષા કરતા, ધર્મવક્તા મત્સ્યનારાયણનું ચરિત સર્વાવસ્થામાં પ્રપત્તિ રૂપે એક અધ્યાયમાં ગાયું.

શરણ માટે સ્મરણ સૌ પ્રથમ આવશ્યક છે. જીવનમાં માનવ ત્રણ સ્થિતિ અનુભવે છે ! - આપત્તિ, સંપત્તિ અને વચનપાલનમાં વિપત્તિ ! આપત્તિ અકળાવે. સંપત્તિ સ્થિર ન રહેવા દે. વચનપાલનમાં વિપત્તિ વ્યગ્ર બનાવે. માનવનાં સાધનાદિથી તેમાં સ્વસ્થ રહેવું સરલ ન થાય. સ્વાભાવિક રીતે તે કોઈની સહાય શોધે છે. સહાય સમર્થની લેવાય. પોતે જ મુશ્કેલી અને મૂંઝવણમાં મુકાતો જીવ અન્યને સહાય કેટલી કરે ? જીવનું સામર્થ્ય પણ કેટલું ? સર્વ સ્થિતિમાં સંપૂર્ણ સહાય કરે, - સર્વસમર્થ શ્રીહરિ ! જીવ નિઃસાધનભાવે, અંતઃકરણની આતુરતાપૂર્વક, પ્રભુની પ્રપત્તિ કરે તો આપત્તિ, સંપત્તિ અને વચનપાલનની વિપત્તિમાં પણ સંપૂર્ણ સ્વસ્થ,- સલામત રહે, સર્વોત્તમ પ્રભુના બનાવતી જીવનની ઉત્તમ-અવસ્થા પ્રપત્તિ (શરણાગતિ) ચોથા પ્રકરણમાં કહી. પ્રપત્તિથી સત્પતિ પ્રભુમાં મતિની રતિપૂર્વક ગતિ થાય. પ્રપત્તિનો ઉપાય છે, - અંતઃકરણના આર્તનાદ સહિત હરિસંસ્મરણ ! દુઃખ હરીને સુખ દેવાનો સ્વભાવ હરિનો છે. શરણાગત સ્વાભાવિક રીતે આતુરતાથી સ્મરણ- પરાયણ હોય. સ્મરણ એટલે નામ કે રૂપની યાદ, - આવર્તન !

વિષ્ણુસહસ્રનામસ્તોત્રમાં પ્રભુના સ્મરણમાત્રથી જન્મ-મરણ અને અહંતા-મમતા-ના બંધનમાંથી મુક્તિ કહી છે. ભગવાનનાં રૂપસ્મરણ અને નામના ઉચ્ચાર માત્રથી તરત જ તપઃ, યજ્ઞ અને સર્વક્રિયાઓની અપૂર્ણતાઓ પૂર્ણ થઈ જાય છે. ભય આવતાં વિવશપણે ભગવદ્રૂપ કે

નામસ્મરણથી ભય અભય બની જાય છે ! અંતકાલે નારાયણસ્મરણ-માત્રથી પરમ જન્મલાભ લાધે. સ્મરણ યંત્રવત્, અભ્યાસમાત્રથી થાય તે પૂર્ણ ન ગણાય. સ્મરણ સ્નેહપૂર્વક થાય. તે સંસ્મરણ કહેવાય. એકાગ્રતા, અર્થ અને રૂપનું અનુસંધાન અને આદર સંસ્મરણમાં હોય. સ્નેહ બે પ્રકારનો, - શીતલ અને ઉષ્ણ. સંસ્મરણ શીતલભાવે થાય તે,- મર્યાદા ! ઉષ્ણભાવે થાય તે,- પુષ્ટિ રૂપ ! ભક્તની આતુરતાથી ભગવાન્ જલદી પ્રસન્ન થાય. પ્રસન્ન થયેલા પ્રભુ સર્વપુરુષાર્થ-ફલ- રૂપ છે.

પ્રસન્ન પ્રભુ સ્વાયંભુવ મનુના વંશમાં અવતાર લઈને પધાર્યા. તે કથા રાજા પરીક્ષિતે સાંભળી. અન્ય મનુઓની કથા સાંભળવાની ઈચ્છા થઈ. તેમાં પણ ભગવત્કથાશ્રવણલાલસા કથારસલોલુપ રાજાને છે. શ્રીશુકને વિનંતી કરી. શ્રીશુક સર્વજ્ઞ છે, સમર્થ દ્રષ્ટા છે, ભૂત, ભવિષ્ય અને વર્તમાનની કથાઓ જાણે છે, તેથી સૂચક - ''ऋषिरुवाच''- પદ મૂક્યું છે. શ્રીશુકે ઉત્તર આપ્યો.

સ્વાયંભુવ મનુના સમયમાં ભગવાન્ સુયજ્ઞ : સ્વારોચિષ મનુના સમયમાં ભગવાન્ વિભુ : ઉત્તમ મનુના સમયમાં ભગવાન્ સત્યસેન : તામસ મનુના સમયમાં ભગવાન્ હરિ :

અત્યારે શ્ર્વેતવારાહકલ્પ ચાલે છે. તેમાં સ્વાયંભુવ વગેરે છ મન્વન્તર પસાર થઈ ગયા. સ્વાયંભુવ મનુની કથા પહેલાં કહી છે. ધર્મ અને જ્ઞાનના ઉપદેશ માટે ભગવાન્ તેમના વંશમાં જન્મ્યા છે. મનુપુત્રી આકૂતિના પુત્ર ક્રિયાત્મા સુયજ્ઞ થયા. દેવહૂતિના પુત્ર જ્ઞાનાત્મા કપિલ થયા.

મનુ મહારાજ સઘળું છોડી વનમાં ગયા. સુનંદાના કિનારે તપઃ કર્યું. ૧૦૦ વર્ષ એક પગે પૃથ્વી પર ઊભા રહ્યા. ઉપનિષદની સંકલનાએ પ્રભુની સ્તુતિ કરી.

आत्मावास्यमिदं विश्वं यत् किञ्चिज्जगत्यां जगत् ।
तेन त्यक्तेन भुञ्जीथा मा गृधः कस्यस्विद्धनम् ॥ (१०)

ઈશાવાસ્યોપનિષદ્ની છાયા દીધી. મર્યાદારક્ષા માટે શબ્દ પરિવર્તન કર્યું ! વિશ્વમાં જે કાંઈ છે તે સર્વ, ઈશના (વડે) વાસસ્થાન રૂપ છે. પ્રભુ સર્વમાં સર્વત્ર વિરાજે છે. ત્યાગપૂર્વકના ભોગનો અદ્ભુત આદર્શ દીધો ! પુષ્ટિના ભોગ અને પ્રસાદનું સ્વરૂપ પણ તેમાં વણાઈ ગયું. અન્યના દ્રવ્યની અપેક્ષા ન રાખવાનું સૂચવીને સેવકધર્મ સૂચવ્યો. સર્વત્ર વિરાજતા ભગવાન્ સર્વદ્રષ્ટા છે. લોકો તેમને પ્રાકૃત નેત્રથી જોઈ શકતા નથી. ''स विश्वकायः पुरुहूत ईशः ।''- તે ભગવાન્ વિશ્વકાય છે. વિશ્વમાં તેમનું સ્વરૂપ છે. તેમના સ્વરૂપમાં વિશ્વ છે. વિશ્વ તેમનું સ્વરૂપ છે. રૂપવિભેદ અનેક છે, છતાં અભિન્ન છે. લીલા માટે પ્રભુ અનેક રૂપ થયા. નામ પોતે અનેક પ્રકટ કર્યાં. અનેક રૂપના નિયંતા - ''ઈશ''- રૂપ પણ પોતે છે. ''प्रभुं प्रपद्येऽखिलधर्मभावनम् ।''- સમસ્ત ધર્મપ્રણેતા પ્રભુ છે. મનુએ તેમની શરણાગતિ કરી. યાતુધાનો મારવા દોડ્યા. ભગવાન્ સુયજ્ઞે મનુની રક્ષા કરી. શરણાગતપરિપાલન ભગવદ્ધર્મ છે. મનુનું સંસ્મરણ સફલ થયું. તપઃ સાથે ઉપનિષત્પાઠ તેમનો મન્વન્તરધર્મ થયો.

બીજા મનુ અગ્નિના પુત્ર સ્વારોચિષ થયા. તેમણે બ્રહ્મચર્ય મન્વન્તરધર્મ રૂપે કહ્યું. વેદશિરા ઋષિને ત્યાં તુષિતા દ્વારા પ્રભુ "વિભુ" રૂપે પ્રકટ થયા. ત્રીજા મનુ પ્રિયવ્રત રાજાના પુત્ર ઉત્તમ થયા. સત્ય બોલવું, તે મન્વન્તરધર્મ થયો. ધર્મનાં સુનૃતા નામનાં પત્નીમાં ભગવાન્ પુરુષોત્તમે "સત્યસેન' નામે અવતાર લીધો. ઉત્તમના ભાઈ તામસ ચોથા મનુ થયા. વેદાભ્યાસ મન્વન્તરધર્મ થયો. હરિમેધાને

ત્યાં હરિણી-પત્નીમાં પ્રભુ "હરિ" રૂપે પ્રકટ થયા. ગજેન્દ્રને ગ્રાહના બંધનમાંથી છોડાવ્યો.

રાજા કથારસપિપાસુ છે. વિસ્તારથી તે કથા કહેવા વિનંતી કરી.

અધ્યાય : ૨

ત્રિકૂટ-પર્વત પરના સરોવરમાં બલવાન્ હસ્તિરાજને ગ્રાહે પકડતાં, થાકતાં, છેવટે નામ-રૂપના ઉલ્લેખ વગર ભગવાનની સ્તુતિ :

શ્રીશુકે કથા શરૂ કરી.

आसीद् गिरिवरो राजंस्त्रिकूट इति विश्रुतः ।
क्षीरोदेनावृतः श्रीमान्योजनायुतमुच्छ्रितः ॥ (१)

ત્રિકૂટ નામનો દશ હજાર યોજન ઊંચો પર્વતરાજ. ક્ષીરસાગરની મધ્યમાં આવેલો. લોઢાનું, રૂપાનું અને સોનાનું, - એમ એનાં ત્રણ શિખર હતાં. આ પર્વત ઉપર ખૂબ સમૃદ્ધિ હતી. સર્વ રત્ન અને ધાતુઓથી ઝળહળતો હતો. વિવિધ પ્રકારનાં વૃક્ષો અને લતાઓ હતાં. પુષ્પનો સમૃદ્ધ સંચય હતો. ત્યાં સુંદર સરોવરોમાં અપ્સરાગણ સ્નાન કરવા માટે આવતાં, વાદ્ય ઝંકાર થતા. પુષ્પોનો સુગંધ દિશાઓને સુગંધિત બનાવતો. એક વખત ઉનાળાનો સમય. સૂર્યના તાપથી પીડાયેલો એક હસ્તિરાજ પોતાના પરિજનો સાથે વિહાર કરતો આવ્યો. સુંદર જલ જોયું. અંદર ઊતર્યો. જલપાન કર્યું. સ્વાભાવિક રીતે જલક્રીડા શરૂ કરી. આ સમૃદ્ધિ હસ્તિરાજને સિદ્ધ થયેલા અર્થ-પુરુષાર્થને ઓળખાવે છે. વિહારમગ્ન હાથીને કોઈ પકડતું હોય તેમ લાગ્યું ! છોડાવવાનો પ્રયાસ કર્યો. ન છૂટી શક્યો. બલ વધાર્યું, છતાં પગ ન છૂટ્યો. મુખમાંથી ચિત્કાર નીકળ્યો. આસપાસ ઊભેલાં બધાં કિનારે ચઢી ગયાં. એકાકી ગજેન્દ્ર જલમાં ઊભો. પગ છોડાવવા ખૂબ જ પ્રયાસ કર્યો; ન છોડાવી શક્યો. હજાર વર્ષ ગયાં. ગજેન્દ્રને પોતાનું બલ ખૂટતું લાગ્યું. પ્રાણસંકટ હતું. છૂટવાનો કોઈ જ ઉપાય ન દેખાયો. આસપાસ ઊભેલાં સૌ લાચાર હતાં. ગજેન્દ્ર બલ, સ્વજન, સંપત્તિ, સત્તા, રસ-જ્ઞાનસમૃદ્ધ છે, પણ સ્વભોગરત છે, વાસનાગ્રસ્ત છે. વાસના સેવોપયોગી સમૃદ્ધિ અને સમયનો સર્વનાશ નોતરે છે. ગિરિવર જેવો મોંઘો, ઉત્તમ માનવદેહ શોભાસમૃદ્ધ છે. સાત્ત્વિક, રાજસ, તામસ - પ્રકૃતિના ત્રણ ગુણ રૂપ શિખરો છે. પ્રાકૃત-ગુણોથી અનેક વાસનાઓ, વૃત્તિયો ઉદ્‌ભવે છે. વાસનાભર્યો માનવ ક્ષીરસાગર શાં સત્સંગ, સેવા, સ્મરણનાં કાર્યોમાં રત રહે છે, પણ મનથી મગ્ન તો વિષયભોગાદિમાં છે. ઉનાળાના તાપ જેવા વાસના-સંતાપમાં તપીને તૃષ્ણારૂપ તૃષાથી વિષય-સરોવરમાં વિલાસ કરે છે. મોત પગ પકડે ત્યાં સુધી ભાન આવતું નથી. અંતે સદ્‌ભાગીને ભગવાન્ યાદ આવે છે !

ગજેન્દ્રને પૂર્વજન્મના સંસ્કારના બલે પ્રભુનું સ્મરણ થયું. નામ અને રૂપના ઉલ્લેખ વગર ભગવાનનું સ્તવન શરૂ કર્યું.

અધ્યાય : ૩

સ્તુતિ કરતા આર્ત-ભક્ત ગજેન્દ્ર પાસે હરિ પધાર્યા; ગ્રાહબંધનમાંથી ગજેન્દ્રને મુક્ત કર્યો :

ગજેન્દ્રે ૨૮ શ્લોકમાં ભગવાનની સ્તુતિ કરી. ૨૮ તત્ત્વોનાં મૂલ તત્ત્વમય, સર્વ દેવમય હરિનું સ્મરણ કર્યું. બલ, સ્વજન અને સમૃદ્ધિનું અભિમાન ઓસરી ગયું. વિષયનું વિષ ઊતરી ગયું. વિષાદ થયો, સામર્થ્ય શિથિલ થયું. અંતઃકરણનો આર્તનાદ થયો ! અશક્ય કે સુશક્યમાં પણ હરિની શરણાગતિ થાય. બ્રહ્માદિ-દેવો આકાશમાં ઊભા છે. ગજેન્દ્ર તેમને પોકારતો નથી. તેણે શરણાગતિ સર્વમય શ્રીહરિની કરી.

શરણાગતિ કરનારને શરણની અનન્યતા અને દૃઢતા જોઈએ. "શરણ" શબ્દ "ઘર" અને "રક્ષક"ના અર્થમાં છે. ઘરની દીવાલોની અંદર રહે, - મર્યાદામાં રહે તેને ઘરના આશ્રયનો લાભ મળે. રક્ષક પાસેથી રક્ષણ જોઈએ તો તેને અનુકૂલ રહેવું પડે. પ્રભુને અનુકૂલ રહે અને ભક્તિમાર્ગની મર્યાદામાં રહે, તેની શરણાગતિ દૃઢ બને. ભગવાન્ સિવાય અન્ય કોઈ વસ્તુ કે વ્યક્તિ કે દેવ પર આધાર ન રાખે, - તે અનન્યતા ! અચલ રહે તે સુદૃઢતા. વિશ્વાસ તેનું મૂલ છે. છેલ્લા શ્વાસે પણ વિશ્વાસ ન છોડાય, નિઃશ્વાસ ન મુકાય !

ગજેન્દ્રે કોઈની અપેક્ષા રાખ્યા વિના, નિર્વિશેષ ભગવાનને પોકાર્યા.

નમસ્કારથી આરંભી શરણાગતિ સૂચવી, - ''नमो भगवते तस्मै ।''- "ભગવાનના પરમ-પદને ઋષિયો કે દેવો પણ જાણતા નથી, તો માત્ર જીવવા મથતાં જંતુ જાણે કે પહોંચે કઈ રીતે ? જેનાં ચરણકમલની પ્રાપ્તિ દુર્લભ છે, તે ભગવાન્ મારી રક્ષા કરો ! મુનિજનો પ્રભુનાં દર્શન માટે આતુર થઈને, સર્વસંગમાંથી મુક્ત થઈ, વનમાં વિચરે છે, અસ્ખલિત ભગવદ્વ્રતાચરણ કરે છે; તે ભગવાન્ મારી ગતિ છે. મારા જેવા શરણે આવેલા વિવેક-રહિત, - વાસનાપૂર્ણ પશુને બંધનમાંથી મુક્ત કરનારા, અત્યંત દયાળુ ભગવાનને નમન ! ભગવાનના અનન્ય-ભક્તો કાંઈ જ ઈચ્છા વિના, ભગવાનનાં અદ્ભુત ચરિતો ગાય છે, આનંદસમુદ્રમગ્ન બને છે. વિષયવિષથી મૂર્છિત ઈન્દ્રિયોવાળાને જેનો માર્ગ મળતો નથી, તેવા શરણાગત-પરિપાલક ભગવાનને આદરથી નમન ! હું અગાધ માહાત્મ્યવાળા ભગવાનને શરણે છું !"

ગજેન્દ્રની સ્તુતિથી પ્રભુ પ્રસન્ન થયા. સર્વાત્મા શ્રીહરિ પ્રકટ થયા. ગુણાભિમાની દેવો દૂરથી દેખતા હતા. આર્ત-ગજેન્દ્રને રક્ષણની કામના હતી. કામપૂરક પ્રભુ પધાર્યા. વેદાત્મક ગરુડ પર વિરાજતા ચક્રધારી હરિ જલદીથી ગજેન્દ્ર પાસે ગયા. દીન ભક્તે ભગવાનને જોયા. સૂંઢમાં કમલ લીધું, મહાકષ્ટે બોલ્યો, ''नारायणाखिलगुरो भगवन् नमस्ते ।''- "હે નારાયણ ! હે અખિલગુરો ! હે ભગવાન્ ! આપને નમન !" સ્વજન શરીરના સંબંધી છે. કર્મવશ, સ્વાર્થવશ તેમનો સંબંધ છે. ભગવાન્ અંતઃકરણના સંબંધી છે. અંતઃકરણની આતુરતા તે સંબંધ સુદૃઢ બનાવે છે.

ભગવાને દુઃખી ભક્ત જોયો. દેવો દેખતા હતા. હરિ ઝટ ગરુડેથી ઊતર્યા. ગજેન્દ્રને કૃપાથી ગ્રાહ સાથે જલમાંથી બહાર ખેંચી કાઢ્યો. ચક્ર ચલાવ્યું. ગ્રાહનું મસ્તક છેદ્યું. ગજેન્દ્રને મુક્ત કર્યો !

અધ્યાય : ૪

ભગવાને કૃપાથી ગ્રાહને પુનઃ ગંધર્વ બનાવ્યો, ગજેન્દ્રને પોતાનો પાર્ષદ બનાવ્યો : ભક્તિ અને કૃપાનો વિજય :

અપરાધી ભક્તનાં ચરણ અપરાધ કરવા પકડવાથી પણ શાપમુક્ત થવાય, તો નિર્દોષ ભક્તનાં ચરણ સેવા-ભાવે પકડવાથી કયું ફલ ન થાય ? ! :

ભગવાન્ પર સૌએ પુષ્પવૃષ્ટિ કરી, પ્રશંસા કરી.

ગ્રાહ હૂહૂ નામનો ગંધર્વ હતો. હૂહૂ કાલરૂપ છે. ગંધર્વ તેનું પ્રલોભક-રૂપ છે. કાલ સાનુકૂલ, પ્રતિકૂલ, શુભ કે અશુભ વગેરે ગુણો પ્રકટ કરી, તેવા રૂપે ઓળખાય છે. વસંતાદિ માદક રૂપ પણ છે ! અસંયમી તથા ભગવદ્‌વિમુખને કાલની સાનુકૂલતા લોભાવીને વિલાસમાં પ્રેરે છે, પ્રતિકૂલતા ડરાવીને વ્યગ્ર બનાવે છે, સ્થિર થવા દેતી નથી !

સંધ્યારત, સંયમી દેવલને હૂહૂ ગંધર્વે પગ પકડી, પીડવા પ્રયાસ કર્યો. દેવલ ડર્યા નહિ, ડગ્યા નહિ. ગંધર્વને ગ્રાહ થવા શાપ દીધો. કાલનું વિલાસાત્મક, માદક, સાનુકૂલ રૂપ કે વિનાશાત્મક "વિકરાલ" પ્રતિકૂલ રૂપ સંયમી, સ્વધર્મરત, ભગવદભિમુખને ડરાવી કે ડગાવી શકે નહિ; સાનુકૂલતા ડગાવે છે. પ્રતિકૂલતા ડરાવે છે ! સાનુકૂલતા સમજી, સુખનો સમય જાણી, વૈભવ-વિલાસમાં ભાન ભૂલી ભોગરત બને, ભગવાનને ભજે નહિ, તેનો અંતે કાલની વિકરાલતા વિનાશ વેરે. સાનુકૂલતા અને પ્રતિકૂલતામાં જે અંતર્મુખ બને, ભગવદભિમુખ રહે, તે નિત્ય શાંતિ અને સુખ અનુભવે.

કાલરૂપ ચક્રથી મરતાં, હૂહૂ પુનઃ ગ્રાહમાંથી ગંધર્વ થયો. હરિને નમ્યો. સ્વધામ ગયો. પ્રભુના સ્પર્શથી ગજેન્દ્ર દોષમુક્ત થયો. અજ્ઞાન તેનું ગયું. ભગવાનનો પાર્ષદ થયો ! પ્રભુની પ્રસન્નતાથી મુક્તિ પણ સહજમાં મળે. દેહ છૂટતાં ગજેન્દ્રને વેદના ન થઈ, જાણ્યું પણ નહિ.

ગજેન્દ્ર પૂર્વજન્મમાં ઈન્દ્રદ્યુમ્ન રાજા હતો. એક વખત તે મૌનવ્રત લઈ પ્રભુની પૂજા કરતો હતો. ત્યાં અગસ્ત્ય મુનિ પધાર્યા. રાજાએ ઊભા થઈને આદર ન આપ્યો. અગત્સ્યજીને અપમાન લાગ્યું. અગસ્ત્ય શિવભક્ત છે. શ્રદ્ધા તદ્રૂપ બનાવનારી છે. શિવભક્ત અગસ્ત્ય શિવરૂપ છે. શિવ વેદમય છે, મર્યાદારૂપ છે. ભગવાને લોકમાં મર્યાદાસ્થાપન અને રક્ષણ માટે પ્રેરણા કરી, શાપ અપાવ્યો ! અગસ્ત્યે શાપ આપ્યો, – "અભિમાનથી પોતાની મસ્તીમાં આદરણીયનો આદર ન કરે તે હાથી જેવો છે, અવિવેકી છે. આને અજ્ઞાનરૂપ જન્મ મળો !"

રાજા હાથી રૂપે જન્મ્યા, છતાં પ્રભુપૂજાના પ્રભાવે તામસયોનિમાં પણ પ્રભુની યાદ રહી ! પૂર્વજન્મના પૂજનના પ્રભાવે હાથી રૂપમાં પણ તેને અર્થ અને કામ પુરુષાર્થ મળ્યા. રાજાએ નિષ્કામ પૂજા કરી હતી, સ્માર્તધર્મના વિરોધથી વિઘ્ન થયું, છતાં પ્રભુસ્મૃતિ રહી ! પ્રભુની શરણાગતિ કરી, સ્તુતિ કરી, તેથી ગજેન્દ્ર તરીકે ભગવાનની ભક્તિ કરી. પહેલાં ભક્તિ ન હતી, પૂજા માત્ર હતી. ભક્તિ કરનારને કોઈ વિઘ્ન નડે નહિ ! ભગવાન્ રક્ષા કરે. દુર્વાસાપ્રસંગમાં ભગવાને ભક્ત અંબરીષની રક્ષા કરી છે.

ગજેન્દ્રમોક્ષ-પ્રસંગે વેદાત્મક ગરુડજીને સાથે લાવીને, હરિએ ભક્તિની વિશિષ્ટતા બતાવી. ભક્તિ- પરાયણ માટે ભગવાન્ કૃપા-પરાયણ બને. પુષ્ટિ બતાવી. પુષ્ટિમાં મર્યાદા બાધક થતી નથી. ભગવાન્ ગરુડારૂઢ છે. મર્યાદાથી પર વેદાતીત પ્રભુ પ્રેમલક્ષણાભક્તિથી પ્રસન્ન થાય.

આ કથાના શ્રવણથી અને કીર્તનથી ખરાબ સ્વપ્ન આવતાં અટકી જાય, કલિકાલના દોષો

દૂર થાય.

પ્રભુએ સૌના સાંભળતાં, સર્વ પાપમુક્ત કરનાર, પોતાના સંબંધવાળાં સ્વરૂપો ગણાવ્યાં. ૧૭ થી ૨૫ શ્લોકમાં નામ-ગણના છે. ભક્તોનું સ્મરણ પણ પાપનાશક ગણાવ્યું છે.

તેમાં ''हुताशनं'', ''कालिन्दी'' અને ''पुण्यश्लोकांश्च मानवान्''થી ક્રમશઃ વૈશ્વાનરાવતાર શ્રીમહાપ્રભુજી, શ્રીયમુનાજી અને ૮૪, ૨૫૨ વગેરે વૈષ્ણવોને ગણી શકાય. ભક્તોના જીવન-પ્રસંગોમાંથી પ્રયત્નપૂર્વક પોતાના દોષ સમજવા અને ભગદદ્ધર્મ શિખવા.

સાવધાન થઈને વહેલી સવારે આ બધાં ભગવદ્રૂપોનું સ્મરણ કરે, તે બધાં પાપમાંથી છૂટે. "ગજેન્દ્રસ્તુતિ"થી અંતકાલે હરિ નિર્મલ બુદ્ધિ આપે. પ્રભુએ આપેલી નિર્મલ બુદ્ધિ પ્રભુ પાસે પહોંચાડે.

પ્રસન્ન પ્રભુએ શંખનાદ કર્યો, ભક્તિ અને કૃપાન્નો વિજય ગજાવ્યો ! વિદાય થયા.

અધ્યાય : ૫

દાનદાતા - મહાવિભૂતિ - ભગવાનની દેવોએ (અમૃત રૂપે અભયદાન), કાલાનુકૂલતા - માટે કરેલી સ્તુતિ :

આપત્તિમાં ઉદ્ધાર હરિસ્મરણથી થાય.

સંપત્તિમાં દાન દિવ્યતાનો અનુભવ આપે, આસુરભાવને આવતો અટકાવે. દાન, જ્ઞાન, ધ્યાન, સ્નાન અને કથારસપાન મોહ અને મલિનતાને દૂર કરે છે. શાંતિ, સ્ફૂર્તિ અને આનંદ તેનાથી અનુભવાય છે. જ્ઞાન અને સ્નાન દશ પ્રકારનું છે. ગુણભેદે ધ્યાન અને લીલાભેદે કથારસપાન પણ દશવિધ થાય. દાન પણ દશવિધ છે. ત્રણ ગુણોના મિશ્ર ભાવે નવ અને દશમું નિર્ગુણ.

દાન એ માનવને મળેલો તપ:સંદેશ છે. દેવ, દાનવ, માનવે ખૂબ તપઃ કર્યું. બ્રહ્માજી પ્રકટ થયા. વરદાનમાં જીવનસંદેશ રૂપે ત્રણેને "દ"કાર દીધો,- "દ-દ-દ" ! ત્રણેએ પોતાને સાનુકૂલ અર્થ તેમાંથી તારવ્યો. ભોગપરાયણ દેવોને થયું - અમને ઈન્દ્રિય-દમન દીધું. ક્રૂરતારત દાનવોને લાગ્યુ, - અમને દયા રાખવા કહ્યું. સંચયશીલ માનવને સૂઝ્યું, - અમને દાન દેવા સૂચવ્યું, સંપત્તિના અનર્થોમાંથી યશઃ અને પુણ્ય દઈને દાન ઉગારે છે.

ભગવાને પોતાની સદ્ધર્મલીલામાં દાનને વણી લીધું, તેમાં દાનના મૂલ (કારણ) રૂપ સાત્ત્વિક ભગવાન્ છે. તેમણે દેવોને અમૃત દીધું. રાજસ દેવો - અસુરોએ સમુદ્રમથન કર્યું. તામસ શંકર ભગવાને હલાહલ-વિષનું પાન કરીને વિઘ્ન દૂર કર્યું. ત્યાર પછી અમૃતદાન થયું. દોષ દૂર થાય તો જ દાન થઈ શકે ! પ્રભુ પ્રેરણા કરે તો, મન-બુદ્ધિના દેવ સાનુકૂલ થાય, વિઘ્ન ન કરે, પણ લોભ આપતાં અટકાવે. ઓછું આપવા દે. તે વિઘ્નરૂપ છે. કલ્યાણનો વિચાર શંકર છે. તેનાથી લોભ-વિઘ્ન-ટળે, પછી દાન સંભવે. દાન અનેક પ્રકારનાં થઈ શકે,- ભૂમિદાન, અન્નદાન, ગોદાન, વિધાદાન, કન્યાદાન, સુવર્ણદાન, વસ્ત્રદાન વગેરે.

પોતાની પાસેનો ઉત્તમ પદાર્થ પ્રભુપ્રીત્યર્થ, પુણ્યપ્રાપ્તિ માટે કે કોઈક અન્ય પ્રયોજન-પરવશ, આદરથી અન્યને અધીન કરવો તે દાન કહેવાય. સ્વસત્તા ઉઠાવી લઈ, અન્ય-સત્તા સ્થાપનને પણ દાન

કહેવાય. સમાજ, સંસ્થા, રાષ્ટ્ર, કુટુંબ અને વ્યક્તિનો ઉત્કર્ષ કરનારી આ ઉદાર વ્યવસ્થા છે ! ધનવાન અન્યના હિત માટે આદરથી ધન આપે, વિદ્વાન વિદ્યા આપે, કલાકાર કલા દે. પોતાના ક્ષેત્રના નિષ્ણાતો પોતાના અનુભવ અને જ્ઞાનનો લાભ દે. બદલામાં તેમાં અપેક્ષા ન રાખે, તો ઉત્કર્ષ દુર્લભ ન રહે. લેનાર પ્રત્યે આદર અને આપવાથી પોતાનું કલ્યાણ થાય છે, - તેવી સમજ દાનમાં હોય, તે ઉત્તમ ગણાય. સૌથી ઉત્તમ દાન છે,- અભયદાન ! મૃત્યુના ભયને દૂર કરનાર અમૃત અભયરૂપ છે. અભય - અમૃત - માત્ર ભગવાન્ આપી શકે છે. દેવો પણ તેની ઈચ્છા કરે છે, દાનવો પણ ઝંખે છે ! તે મેળવવાનું જ્ઞાન પણ માત્ર ભગવાનને છે ! મરેલાંને જીવાડવાનું કાર્ય પણ અમૃત કરે છે, અવસ્થાને સ્થિર રાખે છે. આ ઉત્તમ અભય રૂપ અમૃત દાનદાતા ભગવાન્ છે. ૫ થી ૧૪ અધ્યાયમાં તેની કથા છે.

ચાર મન્વન્તરની કથા પછી પાંચમા મન્વન્તરની કથા શ્રીશુકે શરૂ કરી. તામસના ભાઈ રૈવત પાંચમા મનુ થયા. તેમણે વ્રતોથી ભગવત્સેવાને મન્વન્તરધર્મ કહ્યો. તેમના સમયમાં શુભ્રને ત્યાં વિકુણ્ઠા- પત્નીમાં "વૈકુણ્ઠ" - નામનો ભગવાનનો અવતાર થયો. રમાદેવીનું પ્રિય કરવા માટે પ્રભુએ વૈકુણ્ઠની રચના કરી છે. "વ્યાપિવૈકુણ્ઠ" નિત્ય છે. બ્રહ્માજીએ તેનાં દર્શન કરેલાં, બીજા સ્કન્ધમાં વર્ણન છે. લક્ષ્મીજીની ઈચ્છાથી "રમાવૈકુણ્ઠ" રચાયું. ત્રીજા સ્કન્ધમાં તેનું વર્ણન છે.

છઠ્ઠા ચાક્ષુષ મનુ થયા. તેમણે સત્પુરુષોની સેવા મન્વન્તરધર્મ પણ ગણાવી. તેના સમયમાં વૈરાજનાં સંભૂતિ પત્ની દ્વારા ભગવાનનો "અજિત" નામનો અવતાર થયો. સમુદ્રમથન કરી તેમણે દેવોને અમૃત દીધું.

પરીક્ષિતે આ લીલાનો વિસ્તાર પૂછ્યો. શ્રીશુકે વર્ણન કર્યું. દુર્વાસાના શાપથી ઈન્દ્રની રાજ્યલક્ષ્મી ચાલી ગઈ. વ્યસન અને વિલાસમાં ફસાય તેની લક્ષ્મી, કીર્તિ અને સમૃદ્ધિ ટકે નહિ, સત્તા રહે નહિ. દુર્વાસા રૂપ માનવની દુર્વાસના છે, પલમાં ભભૂકી ઊઠે ! દુર્વાસનાથી વિલાસ અને અંતે વિનાશ મળે.

દેવો મૂંઝાયા. ગયા બ્રહ્માજી પાસે. વિનંતી કરી. સદ્ગુરુ મળે તો સાચો માર્ગ બતાવે, વિનાશમાંથી અવિનાશી પાસે લઈ જાય. "स्वानां स नो धास्यति शं सुरप्रियः ।"- આશ્વાસન છે. "સુરપ્રિય પ્રભુ નિજ જનનું કલ્યાણ કરશે !"

બ્રહ્માજીએ સંયમપૂર્વક દિવ્યવાણીમાં ૨૫ શ્લોકમાં ભગવાનની સ્તુતિ કરી. સર્વતત્ત્વના મૂલરૂપ અને કાલના પણ સ્વામીને કાલની સાનુકૂલતા માટે વિનવ્યા. સ્વરાટ્-વિરાટ્-વિરાજ-રૂપ મહાવિભૂતિની પ્રસન્નતા ઈચ્છી ! - "प्रसीदतां नः स महाविभूतिः ।"

અધ્યાય : ૬

સ્તુતિ કરતા દેવોને ભગવાને પોતાની શ્યામ-કાયાનાં દર્શન કરાવ્યાં ! :

ભગવાને સત્કાર્યની સફલતા માટે દેવોને દૈત્યો સાથે સંધિ કરવા પ્રેર્યા :

અમૃત-મથનનો ઉપાય બતાવ્યો : ભય-લોભ-રોષ-વગર સતત સન્નિષ્ઠ પ્રયત્નથી સફલતા મળે :

સ્તુતિથી પ્રભુ પ્રસન્ન થયા. દેવોએ દર્શન કર્યાં. પ્રભુના તેજઃ પાસે સૌ દેવો નિસ્તેજઃ થયા !

શંકર સાથે બ્રહ્માએ સ્વરૂપ જોયું,- "तां तनुम् ।"- અદ્‌ભુત સ્વરૂપને વર્ણવ્યું. તે કાયા દૈત્યોને માયા રૂપે દેખાવાની છે, મોહિની લાગવાની છે. છાયા તેની બતાવતું વર્ણન સ્ત્રીલિંગે કર્યું, છતાં દેવો તો તેને દેવ-ધન્વન્તરી-રૂપે જ દેખવાના છે! તેનો સંકેત દીધો - "तुष्टाव देवप्रवरः सशर्वः पुरुषं परम् ।"- શંકર સાથે બ્રહ્માએ પરમપુરુષની સ્તુતિ કરી.

"મહાનુભાવ, સર્વના કારણ રૂપ, પ્રભુનાં દર્શન દીર્ઘકાલથી ઈચ્છ્યાં હતાં, મળ્યાં, સુખ થયું. પ્રભુના દર્શનમાં સુખ સમાયેલું છે. તેનાથી સકલ સંતાપ શાન્ત થાય છે. "गजा दवार्ता इव गाङ्गमम्भः ।"- દાવાગ્નિથી દુઃખી હાથીને ગંગાજલથી સુખ મળે, તેવું સુખ દુઃખીને પ્રભુનાં દર્શનથી છે. જલ શીતલતા આપે, તૃષા શાન્ત કરે. ગંગાજલ શીતલતા, તૃષાશાંતિ, ઉપરાંત પવિત્રતા, દોષનિવૃત્તિ, સેવોપયોગિ-દેહ દે. ભગવાનનાં દર્શનથી આ સર્વ લાભ ઉપરાંત આનંદ મળે. ભગવાનને હૃદયની કંઈ વાતનું નિવેદન કરવાનું હોય? અમારું કલ્યાણ કરો!"

ભગવાને આજ્ઞા કરી, "सन्धिर्विधीयताम् ।"- "સંધિ કરો! કાલ હમણાં દૈત્યોને સાનુકૂલ છે. "अरयोऽपि हि सन्धेया सति कार्यार्थगौरवे ।"- ઉત્તમ સદ્ધર્મ રૂપ કાર્યની સફલતા માટે, કાર્ય પ્રત્યેના આદરથી, શત્રુ સાથે પણ સંધિ કરવી." સ્વાર્થ બુદ્ધિથી, લાભ લેવા, કપટવૃત્તિથી કરેલી સંધિ પુનઃ કલહ કરાવે. દેવોએ સ્વાર્થ માટે, પોતાની રાજ્યલક્ષ્મી પાછી મેળવવાના ઉપાય રૂપે, સમુદ્રમથનક્રિયા છે, - તેમ સમજીને સંધિ કરી. પરિણામે દેવાસુર સંગ્રામ-કલહ-થયો. અનેકનું હિત થાય તેવી કોઈ પ્રવૃત્તિમાં, શત્રુના સહકારની જરૂર પડે તો, પોતાની મોટાઈ મૂકી દઈ, કાર્યનું ગૌરવ વિચારી, કાર્યની સફલતા માટે સંધિ થાય; પોતાના સ્થાન, માન કે લાભના વિચારે નહિ! સ્વાર્થવૃત્તિ સંઘર્ષ કરાવે છે. સામાન્ય રીતે, પોતાનું કામ કઢાવી લેવાના ઉપાય તરીકે, શત્રુ સાથેની સંધિ લોકપ્રસિદ્ધ છે. તેવી લૌકિક - વાત ભાગવતમાં ન હોય; ભગવાન્ ન કહે, સદ્ધર્મ રૂપ સ્કન્ધમાં ન હોય. લોકો કામ કઢાવવા સંધિ કરે છે. ભાગવત ક્લેશ ટાળવા સંધિ શિખવે છે!

ભગવાને દેવોને અવિલંબે અમૃત માટે પ્રયત્ન કરવા કહ્યું. અમૃત અમર બનાવે. દેવોનું અમૃત તનને તન્દુરસ્ત રાખે. માનવ માટેનું કથામૃત મનને મધુર રાખે, - સ્વસ્થ રાખે. પ્રમાદ, નિષ્ક્રિયતા, અત્યંત વિસ્મૃતિ અને નિરાશા મરણ રૂપ છે. અમૃત તેને અટકાવે. અમૃતપ્રાપ્તિ એટલે અનેકનું હિત કરનારું કાર્ય, મરણનો અભાવ, ઈચ્છેલા કામની સિદ્ધિ, પ્રભુપ્રાપ્તિ, અભયલાભ, આદર્શનો અમલ. મનોમથન કે ધર્માધર્મ- ચિંતન તે,- અમૃતમથન! તેમાં વિલંબ ન થાય. "अमृतोत्पादने यत्नः क्रियतामविलम्बितम् ।"- ઉત્સાહની ક્ષણનો સદુપયોગ જીવનનું રક્ષણ કરે. ક્ષણ વ્યર્થ ન ગુમાવે, - તે વિચક્ષણ! સત્કાર્યમાં ક્ષણનો પણ વિલંબ ઉત્સાહનું ભક્ષણ કરે.

ક્ષીરસાગરમાં સઘળી વનસ્પતિ, ઔષધિ નાખીને મથન કરવાનું. મધુર, સ્નિગ્ધ (પ્રેમભર્યું) શીલસંપન્ન, પ્રભુમય, સાત્ત્વિક, ઉદારતાપૂર્ણ જીવન ક્ષીરસાગર કહેવાય. અમૃતોત્પાદન જેવા મહત્ત્વના પવિત્ર કાર્યમાં જીવનશુદ્ધિ જરૂરી છે. કટુતા, કઠોરતા, કપટ વગેરે દૂષણો તેમાં ન જોઈએ. જીવન દેહસ્થિતિ રૂપ છે. શરીર સત્કાર્યમાં સાધન છે. અન્ન-ઔષધાદિ આરોગ્ય આપે છે. શરીરની સ્વસ્થતા, સુદૃઢતા, ક્ષમતા પણ કાર્ય સફલતા માટે જરૂરી છે. સાત્ત્વિક આહાર તે માટે ઉપયોગી છે.

મથન માટે મંદરાચલ-રવૈયો-મથનદંડ છે. નિત્ય, નિયમિત, દઢ-પ્રયત્ન મંદરાચલ છે. અનિયમિત, શિથિલ, પ્રયત્નથી કાર્યમાં વિલંબ થાય. પ્રયત્નનું પરિણામ પલમાં ન આવે, ધીમે ધીમે દેખાય ! - ''मन्दं रातीति मन्दरः ।''સફલતા (ઉન્નતિ) વિધા, વિત્ત, કન્થા (ગોદડી), માર્ગ, પર્વતારોહણ ક્રમશઃ સંભવે, ધીમે ધીમે થાય. મુશ્કેલી, મૂંઝવણ, વિરોધ, ભય, પ્રલોભન, વિઘ્ન, પ્રતિકૂલતાઓ વગેરે સામે અણનમ અને અચલ પ્રયત્ન જોઈએ. વાસુકિ નેતરું-મથનરજ્જુ-છે. વાસુકિ એટલે વ્યવસ્થા ! પ્રયત્નની આસપાસ વ્યવસ્થા જોઈએ. અવ્યવસ્થિત પ્રયત્ન સફલ ન થાય. દોરડા વિના મથન થાય નહિ. વ્યવસ્થા વિના કાર્ય સફલ ન થાય. ''सहायेन मया''- ભગવાને પોતાની સહાય સ્પષ્ટ કહી. પ્રજ્ઞા અને પ્રયત્ન પુરુષનાં ! પ્રેરણા અને પરિણામ પ્રભુ દે ! પ્રભુમાં વિશ્વાસ રાખીને શરણાગતિપૂર્વક કાર્ય થાય તો અહંકાર અને આપત્તિમાંથી ઊગરી જવાય. પ્રભુની સહાય અનેક રૂપે પગલે પગલે ઉપકારક છે. ''कूर्म''- રૂપે પ્રભુ મંદરને પોતાની પીઠ પર ધારણ કરે છે. કૂર્મ કાર્યદક્ષતા અને ક્ષમતા છે. કૃપા વગર કાર્યદક્ષતા અને ક્ષમતા ન આવે. કાર્યદક્ષતા અને ક્ષમતા ઉપર સઘળા કાર્યનો,- પ્રયત્નનો, સફલતાનો આધાર છે. વલોણાની ગોળી નીચે “ઉઢરણી” ન હોય તો, ગોળી ગબડે - બધું બગડે. કૂર્મ વગર મંદર ડૂબે ! દક્ષતા (નિપુણતા, ચતુરાઈ) અને ક્ષમતા (સામર્થ્ય, યોગ્યતા) વિનાનો પ્રયત્ન તૂટે, છૂટે.

મંદરને સમુદ્ર સુધી લાવવામાં, મથન સમયે સ્થિર રાખવામાં (ઉપરથી પકડવામાં) અને મથન કરવામાં પણ પ્રભુની જ સહાય છે. જીવનમાં મહત્ત્વનાં કાર્યનો સંભવ, પ્રયત્ન અને અનુકૂલ પરિસ્થિતિ પ્રભુકૃપાથી જ થાય. પરિસ્થિતિને અનુકૂલ પ્રયત્ન તો સામાન્ય છે, - સૌ કરે. પ્રારંભેલા પ્રયત્નની અંત પર્યન્ત સ્થિરતા પણ પ્રભુકૃપાથી રહે છે. પ્રયત્નમાં પ્રબલતા પણ પ્રભુ પૂરે છે.

છેવટે, અમૃતદાન અને અમૃતપાન પણ પ્રભુ જ દે છે, સફલતા પ્રભુ દે. સરી ગયેલી સફલતાને પુનઃ પ્રાપ્ત પણ પ્રભુ કરાવે છે. ''अतन्द्रिताः''- આળસ-પ્રમાદ તો પોતાનાં દુશ્મન બને. આળસ અને અસાવધતા છોડીને પ્રયત્ન થાય. દેવને અમૃત મળે, સદ્‌ભાવનાવાળાને સફલતા મળે. દૈત્યને ક્લેશ મળે. વિષય, વાસના, કપટ, દોષ, દ્વેષ હોય ત્યાં ક્લેશ મળે. ''न संरम्भेण सिध्यन्ति सर्वेऽर्थाः सान्त्वया यथा ।''- સંઘર્ષથી સઘળાં કામ ન ઊકલે. સમજથી શાંતિ રહે, સ્નેહ સચવાય, સફલ થવાય !

કાલકૂટથી ગભરાવું નહિ. વિપરીત કાલ (પ્રતિકૂલતા), ક્લેશ, કંટાળો, કઠિનતા, કષ્ટ, આપત્તિ, લોકના દ્વેષ (ઝેર)થી ડરવું નહિ, - ડગવું નહિ. ''लोभः कार्यो न वो जातु रोषः कामस्तु वस्तुषु ।''- લોભ એટલે મળે, તેથી અધિક લાભની અપેક્ષા, તે ક્યારેય રાખવી નહિ. કશાનો ગેરલાભ લેવો નહિ. લાભ ન મળે, ધાર્યા કરતાં જુદું કે ઊલટું બને, તો પણ ક્યારેય ક્રોધ કરવો નહિ. વિજય-સફલતા- ઈચ્છનારે, અન્ય વસ્તુઓની અપેક્ષા-કામના-કરવી નહિ, નિર્ણીતધ્યેય કરતાં બીજું મેળવવા આથડવું નહિ. સંપૂર્ણ સફલતા મેળવવાની કાર્યપદ્ધતિ ભગવાને દેવોને સમજાવી દીધી. ભગવાન્ તિરોહિત થયા.

દેવોએ પ્રભુ-પ્રેરણાનુસાર કપટસંધિ કરી :

ભગવાને ગરુડજી દ્વારા મંદરાચલને ક્ષીરસાગર-તટે પધરાવ્યો :

દેવો દૈત્યો પાસે ગયા. મહામતિ ઈન્દ્રે મધુર વાણીમાં બલિને મનાવ્યા, - “તમે મોટાભાઈ ! અમે નાના ! મા જુદાં, પણ પિતા તો એક ને ! નાનાએ મોટાની સેવા કરવી જોઈએ. સત્તા કે સંપત્તિ

માટે સંઘર્ષ શોભે નહિ. સુયોગ્ય છે. સેવાનો લાભ આપો !"

બલિએ સ્વપક્ષના લોકો સાથે મંત્રણા કરી. મંજૂરી દીધી. કપટસંધિ થઈ. બુદ્ધિ અને બલનું સંયોજન સફલતારૂપ બને છે. અમૃતલાભ માટે ઈન્દ્રે સમુદ્રમથનનો પ્રસ્તાવ કર્યો. દૈત્યો સંમત થયા. મંદરાચલ લાવતાં સૌ પીડાયા. પ્રભુ પધાર્યા. કૃપાદષ્ટિથી દેવોની પીડા ટાળી. ગરુડની પાંખે પર્વત પધરાવ્યો. ગરુડ (વેદ) જ્ઞાનમય છે. પ્રયત્ન સમજપૂર્વક થાય. કાર્ય કરવું હોય તેના સંબંધી સઘળું જ્ઞાન પહેલાં મેળવવું જોઈએ. પ્રભુ-પ્રેરણાથી પ્રયત્ન થાય. ગરુડજી ભક્ત પણ છે. પ્રયત્નનો પ્રારંભ ભક્તોના આશીર્વાદ લઈને થાય. સફલતા ચોક્કસ મળે. ગરુડજી કાલરૂપ પણ છે. સાનુકૂલ-યોગ્ય-મંગલ-સમયે કાર્ય થાય.

સમુદ્રકિનારે પર્વત પધરાવ્યો. વાસુકિને વિઘ્ન ન લાગે માટે ભગવાને ગરુડને વિદાય કર્યા.

અધ્યાય : ૭

ભગવાને "કૂર્મ" રૂપે મંદરાચલને ધારણ કર્યો, "અજિત" રૂપે સ્વયં મથન કર્યું : મથનમાંથી પ્રકટેલા કાલકૂટ વિષનું શંકરે સર્વાત્મા પ્રભુની પ્રસન્નતા માટે પાન કર્યું, - "નીલકંઠ" થયા ! : અમૃતમાં આ કોઈએ ભાગ નથી માગ્યો ! :

નાગરાજ વાસુકિને ફલમાં ભાગ દેવાનો કહીને બોલાવ્યા. વ્યવસ્થાતન્ત્રમાં ગોઠવાયેલાને યશઃ અને ભાગ (લાભ) પણ દેવો જોઈએ. વાસુકિને પર્વતની આસપાસ વીંટાળ્યા.

ભગવાન્ મુખ તરફ દેવો સાથે ઊભા રહ્યા. દૈત્યોને પુચ્છભાગે ઊભા રહેવાનું આવતાં દૈત્યોએ વિરોધ કર્યો. વ્યવસ્થાતન્ત્રમાં મુખ-મુખ્ય-ભાગ (અગ્રસ્થાન અને માન) મેળવવા, આસુરભાવ-દુર્વાસના-મથે છે, વિરોધ કરાવે છે. ઉત્તમ કાર્ય કરવું બાજુએ મૂકીને, વ્યવસ્થાતંત્રને પણ નકામું બનાવે તેમ, પોતાના સ્થાન અને માન માટે ઝઘડનારા અસુર છે. અસુરોએ પોતાની યોગ્યતાનો દાવો કર્યો. અસહકાર શરૂ કર્યો. ભગવાન્ ઝઘડો ટાળવા દેવો સાથે પુચ્છભાગે ઊભા. જેને સત્કાર્ય કરવું છે, સફલતા જોઈએ છે, સેવા કરવી છે, - તે તો સ્થાન કે માનના લોભ વિના, કાર્યમાં સહકાર દઈને, મૂકસેવા કરે છે !

ભગવાને નાગમાં નિદ્રા રૂપે પ્રવેશ કર્યો. નિદ્રા એ વ્યવસ્થાતંત્રની શિસ્ત છે. નિદ્રા દેહને સુખદ છે. શિસ્ત વ્યવસ્થામાં સુખદ છે. મથન શરૂ થયું, પણ નીચે આધાર વિના પર્વત ડૂબવા માંડયો. "कृत्वा वपुः काच्छपमद्भुतं महत् प्रविश्य तोयं गिरिमुज्जहार ।" "विघ्नेशविधि"- શબ્દથી, કેટલાક ગણપતિને ગણે છે ! વિઘ્ન થયું. સત્ય-સંકલ્પવાળા સમર્થ ભગવાને અદ્ભુત કૂર્મરૂપ ધારણ કર્યું. લાખ યોજન વિશાળ પીઠ પર મંદરાચલ ધારણ કર્યો. પીઠમાં અધર્મ વસે છે. તેને મંદર-પ્રયત્ન-થી દબાવ્યો. અતિશય કાર્ય પરાયણ રહેવાથી મનને અધર્મમાં જવાનો અવકાશ ન મળે. કાચબાની પીઠ ખૂબ મજબૂત હોય. સફલ થવા ઈચ્છનાર પાસે પીઠબલ મજબૂત જોઈએ. દેવો અને દૈત્યો થાકતાં, પ્રભુએ સામર્થ્ય દીધું. નાગના મુખની વિષજ્વાલાઓથી અસુરો કાળા પડી ગયા ! મુખ્યસ્થાનમાં બેસનારનો યશઃ અવ્યવસ્થા રૂપ આક્ષેપોથી ઉજ્જ્વલ ન રહે.

સૌનો શ્રમ દૂર કરવા પ્રભુએ મેઘવૃષ્ટિ કરાવી. અજિત ભગવાને સ્વયં મથન શરૂ કર્યું. કૂર્મ-નારાયણની પીઠ પર મંદરાચલ ફરવા લાગ્યો. તેને પ્રભુએ મધુર નિદ્રામાં કણ્ડૂયન (ખણવાનું) સુખ માન્યું ! ભગવાન્ કૂર્મનારાયણના શ્વાસોચ્છ્વાસના પરિણામે આજે પણ સમુદ્રમાં તરંગો થયા કરે છે !

मेघश्यामः कनकपरिधिः कर्णविद्योतविद्युन्मूर्ध्नि भ्राजद्विलुलितकचःस्रग्धरो रक्तनेत्रः ।
जैत्रैर्दोर्भिर्जगदभयदैर्दन्दशूकं गृहीत्वा मथ्नन्मथ्ना प्रतिगिरिरिवाशोभताथो धृताद्रिः ॥ (१७)

મથન કરતા અજિતને વર્ણવ્યા. ભગવાન્ ભક્તો માટે મથન કરે છે. સઘળું કરવા છતાં અમૃત ભગવાને પોતે નથી લીધું, ભક્તોને-સુપાત્ર દેવોને-દીધું છે ! સહસ્રબાહુ ભગવાને ભક્તો માટે અનેક કાર્યશક્તિ પ્રકટ કરી. મથનમાંથી ભયંકર વિષ પ્રકટ થયું ! સમુદ્રનાં પ્રાણી પીડાવા લાગ્યાં. દેવ-દૈત્યો, પ્રજાજનો ત્રાસ્યાં. ભયંકર કાલકૂટ હલાહલ-વિષથી ગભરાયાં. આ કાલકૂટ પૂર્વકલ્પમાં ભગવાનના કાનના મલમાંથી ઉત્પન્ન થયેલા અસુર મધુ-કૈટભનું સ્વરૂપ છે. મધુ સામર્થ્ય હોવા છતાં દુષ્ટ-સ્વભાવથી દુરાચાર રૂપ છે. કૈટભ દુર્વિચાર રૂપ છે. કાર્ય-સફલતામાં સદાચાર અને સદ્‌વિચાર સાનુકૂલતા વધારે છે. દુરાચાર અને દુર્વિચાર દુઃખ-રૂપ બને છે. તેનો સ્વભાવ નાશ કરવાનો છે. સમુદ્રમાંથી ઉત્પન્ન થનારા પદાર્થો દૂષિત ન બને માટે તેને પહેલાં પ્રભુએ પ્રકટ કર્યું. પદાર્થ માત્રના આધિદૈવિક દોષરૂપ પણ તે ગણાય છે. ઝેર બહાર ન નીકળ્યું હોત તો, બધા પદાર્થો ઝેરી થઈ જાત, કાંઈ ઉપયોગમાં લઈ શકાત નહિ !

ગભરાયેલી પ્રજા ભગવાન્ સદાશિવ પાસે દોડી. સ્વસલામતી માટે દોડતા લોકોને કૂર્મ કે અજિતનો વિચાર ન આવ્યો ! લોકો પોતાની સલામતી અને સુખ શોધે છે. પ્રજાપતિઓએ શંકરની સ્તુતિ કરી. ''त्वं ब्रह्म परमं गुह्यम् ।''- ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનારાં ભગવાનનાં જ ત્રણ સ્વરૂપ બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રના નામે ઓળખાય છે. મૂલરૂપ પરબ્રહ્મ છે. તે રૂપ કહીને સ્તુતિ કરી.

શંકરે પાર્વતીજીની સંમતિ લીધી. સત્કાર્યમાં પત્નીની સંમતિ સહકાર-સૂચક છે. ''पुंस कृपयतो भद्रे सर्वात्मा प्रीयते हरिः ।''- “કોઈની પણ ઉપર દયા કરવાથી સર્વાત્મા ભગવાન્ પ્રસન્ન થાય છે !”

વસિષ્ઠે રામચન્દ્રજીને પણ ભણાવેલું, -

येन केन प्रकारेण यस्य कस्यापि देहिनः ।
सन्तोषं जनयेद्राम तदेवेश्वरपूजनम् ॥

ધર્માનુકૂલ કોઈ પણ રીતે, કોઈ પણ પ્રાણીને સંતોષ દેવો, તે પ્રભુપૂજન છે. સાધુપુરુષો પોતાના પ્રાણના ભોગે પણ અન્યના પ્રાણને રક્ષે છે.

સૌના કલ્યાણ માટે, કલ્યાણ કરનાર શંકર તત્પર થયા. કાર્યમાં સંઘર્ષ થતાં, અપવાદ બધો વહોરી લઈને, અપયશઃનું ઝેર પોતે પીએ, પણ સત્કાર્યને સુરક્ષિત રાખે, - તે શંકર રૂપ છે. તે પણ અમૃતમાં ભાગ નથી માગતા !

વ્યાપિ-વિષ શંકરના કરતલમાં સમાયું ! અપયશઃ કોઈ વહોરે નહિ, ત્યાં સુધી ફેલાય; સમાજ,

સંસ્થા કે રાષ્ટ્રને વિષાદમાં મૂકે, પણ એક જણ માથે વહોરી લે, તેની અંજલિમાં સમાય ! ચન્દ્રકિરણો જેવા ધવલ ભગવાન્ શંકરના કણ્ઠમાં વિષે સ્થાન લીધું. સાધુને તેણે માન દીધું. મહાદેવજી "નીલકણ્ઠ" થયા. યશઃ સૌએ ગાયો. અંજલિમાંથી નીચે ટપકેલું ઝેર પીનારાં વીંછી વગેરે ઝેરી થયાં. દોષ રૂપ કાલકૂટ અસુર, પેટમાં જઈને પચવા કરતાં, બચવા માટે કણ્ઠમાં બેઠો. શંકરે પ્રલયકાલ માટે સાચવ્યો !

અધ્યાય : ૮

ક્ષીરસાગર-મથનમાંથી પ્રકટેલાં દિવ્ય-રત્નો : લક્ષ્મીજી નારાયણ-ભગવાનને વર્યાં :
ધન્વન્તરિ-રૂપે ભગવાને અમૃતદાન કર્યું - સમુદ્રે નહિ ! :
સ્વતંત્રરૂપે અમૃતદાન-પાન-માટે ભગવાને મોહિની રૂપ પ્રકટ કર્યું :

આપત્તિ ટળતાં સૌ પુનઃ પાછા આવ્યા. મથન શરૂ થયું, - "हविर्धानी ततोऽभवत् ।" - ભગવાન્ આનંદમય છે. તે સર્વત્ર સૌને આનંદ આપે છે. સૌનું જીવન આનંદના અંશ માત્ર પર નિર્ભર છે. ભગવાન્ સચ્ચિદાનંદના સદંશ રૂપ દેહાદિ જડપદાર્થો છે. બાહ્ય-પદાર્થોના સંસર્ગથી તેને સુખ લાગે છે. ભગવાને તે માટે કામધેનુ વગેરેને પ્રકટ કર્યાં. આનંદનું તે આધિભૌતિક રૂપ છે ! "हविर्धीयतेऽस्यामिति हविर्धानी ।" - હવિરૂપ ઘી તેના દૂધમાંથી મળે, તેથી હવિર્ધાની કહી. વિશ્વના હિતરૂપ યજ્ઞાદિ-કાર્યમાં ઉપયોગી થાય, માટે બ્રહ્મવાદી ઋષિયોને કામધેનુ આપી.

પછી, ચન્દ્રધવલ ઉચ્ચૈઃશ્રવા અશ્વ પ્રકટ થયો. તે યશોરૂપ છે. બલિએ તે માગ્યો. ઈન્દ્રે અનુમતિ દીધી. યશઃ અન્યને આપવાથી અધિક લાભ થાય ! પછી, ઐશ્વર્યના પ્રતીક શો ઐરાવત હાથી પ્રકટ્યો. વગર માગ્યે ઈન્દ્રને મળ્યો ! (ઘોડાનો) લોભ છોડે, તેને (હાથીનો) લાભ થાય ! પુનઃ, મથન થતાં કૌસ્તુભમણિ પ્રકટ થયો. મુક્તજીવોના સ્થાન રૂપ, જ્ઞાન રૂપ, મણિ ભગવાને ધારણ કર્યો ! મોક્ષ અને જ્ઞાન સાત્ત્વિક ભગવાન્ વિષ્ણુથી સુલભ બને. આ કૌસ્તુભ-મણિ આધ્યાત્મિક-આનંદરૂપ છે. પછી, પારિજાત-વૃક્ષ પ્રકટયું. રાતી દાંડીવાળા શૃંગાર-પુષ્પની માલા પ્રભુની સેવામાં ઉપયોગી થાય. સઘળા મનોરથ પૂર્ણ થાય. પારિજાત અભિજાતનું પ્રતીક છે. જન્મથી ખાનદાન, સંસ્કારસંપન્ન, કલ્પતરુની જેમ સૌના મનોરથ પૂરે છે. પોતે જ્યાં હોય ત્યાં, સ્વર્ગ જેવાં સુખ-શાંતિ સર્જે છે. સ્વર્ગની શોભારૂપ હોવાથી સ્વર્ગને મળ્યું, બલિને થયું, - "મને મળ્યું; કારણકે હું સ્વાર્ગાધિપ છું." ઈન્દ્રને થયું, - "મને સ્વર્ગ મળશે. મારું થયું !" બંને રાજી થયા. પછી, અપ્સરાઓ પ્રકટ થયાં. અપ્સરા કલા રૂપ છે. સ્વર્ગના હતાં, - સ્વર્ગમાં ગયાં. "ततश्चाविरभूत्साक्षाच्छ्रीरमा भगवत्परा ।" - પછી, ભગવત્પરાયણ રમા પ્રકટ થયાં.

લોકો લક્ષ્મી શોધે છે. લક્ષ્મી તો પ્રભુપરાયણ છે ! દૈવીદ્રવ્ય જ પ્રભુપરાયણ છે. દૈવીદ્રવ્ય પ્રભુપરાયણને મળે. પ્રભુસેવામાં જ તે વપરાય. આધિદૈવિક આનંદરૂપ આ લક્ષ્મી છે, બ્રહ્માનન્દ રૂપા છે. "મહદ્બ્રહ્મ" રૂપ છે, અક્ષરબ્રહ્મથી ઉત્તમ, નિર્દોષ પુરુષોત્તમ તેના સ્વામી છે.

તેમને ઈન્દ્રે અદ્ભુત આસન આપ્યું. આધિદૈવિક બ્રહ્માનન્દ રૂપ લક્ષ્મીજી પ્રકટ થતાં, સરિતાઓ પણ સ્વરૂપ ધારણ કરીને આવ્યાં ! સુવર્ણકલશમાં, અભિષેક માટે પવિત્ર જલ લાવ્યાં. ભૂમિએ સકલ

ઔષધિ આપ્યાં. ગાયોએ દૂધ, ઘી, દહીં, ગોમય અને ગોમૂત્ર રૂપ પંચગવ્ય દીધું. ઋષિગણે વિધિપૂર્વક અભિષેક કરાવ્યો. વાદ્ય વાગ્યાં. આનંદ મનાવાયો. પછી, હસ્તમાં કમલ ધારણ કરતાં શ્રીદેવી પર દિગ્ગજોએ પૂર્ણકલશથી અભિષેક કર્યો. સમુદ્રે પિતા તરીકે પીળું પાનેતર દીધું. વરુણે વૈજયન્તી માલા, વિશ્વકર્માએ વિચિત્ર અલંકાર, સરસ્વતીએ હાર અને નાગોએ કુંડલ દીધાં. સ્વસ્તિ-વાચન થયાં. કરકમલમાં કમલમાલા લઈને કમલા સ્વયંવરમાં પધાર્યાં! વરવા યોગ્ય લક્ષણ વિચારતાં ગયાં. અનેક ગુણમાં એક દોષ હોય તો પણ નિર્દોષ ન ગણાય. તપઃ - કઠિનકાર્ય કરવા છતાં, ક્રોધ આવે તો દૂષિત બનાવે, તેને યશઃ સફલતા કે શ્રી ન મળે! જ્ઞાન દુઃસંગથી બગડે! મહત્તા-કીર્તિ-માં કામ દૂષણ બને છે! ઐશ્વર્ય હોવા છતાં, અસૂયા કરે તે પણ શોભે નહિ. ધર્મ હોવા છતાં, સૌનું હિત ન વિચારે તે દૂષણ ગણાય! મોક્ષ ન આપે તેવો ત્યાગ આદરણીય નથી! મૃત્યુભયમાંથી મુક્ત ન થાય તેવું સામર્થ્ય તો સામાન્ય છે. આસક્તિવાળું જીવન અને મંગલશીલ વિનાનું દીર્ઘાયુષ્ય વ્યર્થ છે! અલ્પજીવિ-માંગલ્ય પણ સુખદ નથી! દીર્ઘ અને દિવ્યજીવન છતાં, મંગલવેષ ન હોય તો પ્રીતિ ન ઉપજાવે! મંગલ હોવા છતાં, આકાંક્ષાથી અલ્પ બને તે અધૂરો કહેવાય! મધુર-સુમંગલ-સર્વમંગલ-નિત્યમંગલ શ્રીહરિ આકાંક્ષા પણ કરતા નથી! નિરપેક્ષ, મોક્ષદ, અભીપ્સિત, સર્વમંગલ નારાયણને લક્ષ્મીજી વર્યાં!

ભગવાનના કણ્ઠમાં ગુંજતા ભ્રમરવાળી નૂતન-કમલમાલા-વરમાલા-ધરાવી ! મુખે મધુર-મંગલ- મંજુલ સ્મિત શોભી રહ્યું. નિરપેક્ષ ભગવાને અપેક્ષાવાળાં લક્ષ્મીજીનો અંગીકાર કર્યો. જગતના જનક-જનની શ્રીલક્ષ્મીનારાયણજીને સૌએ પ્રેમથી વધાવ્યાં! જયજયકાર થયો. ઉત્સવ મનાવ્યો. સર્વત્ર મંગલ થઈ રહ્યું. ભગવાને લક્ષ્મીજીને વક્ષઃસ્થલે વાસ દીધો. ભગવાનને નિર્દોષ અને સર્વોત્તમ સમજીને, તેમને જ મેળવવાની ઈચ્છાથી, જીવ શરણાગત બને તો, ભગવાન્ જરૂર તેનો અંગીકાર કરે છે.

પ્રભુના વક્ષઃસ્થલમાં વિરાજી પોતાના કૃપાકટાક્ષોથી લક્ષ્મીજી સર્વલોકને પાવન કરે છે, સર્વસમૃદ્ધિની અભિવૃદ્ધિ કરે છે. પ્રભુકાર્ય કે વિશ્વહિતકાર્યમાં વપરાતાં લક્ષ્મી અને પદાર્થ પરિતુષ્ટ થાય, કલ્યાણ કરે, તેથી શુદ્ધિ અને વૃદ્ધિ થાય. શીલ વગેરે ગુણસંપન્નને લક્ષ્મીથી સુખ થાય. લક્ષ્મીનો ઉપયોગ વિલાસમાં કરે તે નિઃસત્ત્વ, લોલુપ, નિરુધમી બને, અસંયમી થાય, દૈત્ય રૂપ ગણાય. તેને પરિણામે લક્ષ્મીથી દુઃખ દેખાય.

વિવાહ પછી પણ પ્રભુ કર્તવ્યનિષ્ઠ રહ્યા. ''अथ''- શબ્દે લક્ષ્મીજીની મંગલકથાથી જુદો ક્રમ કહ્યો.

પછી, વારુણી પ્રકટ થયાં. પ્રભુની સંમતિથી અસુરોએ લીધાં. માદકદ્રવ્યોનું સેવન આસુર-ભાવ વધારે છે. વારુણીના ઉચ્ચારથી પણ આવેલી અશુદ્ધિ દૂર કરવા પુનઃ ''अथ''- શબ્દે મંગલ કરી, મંગલ રૂપ અમૃતની ગાથા ગાઈ! પુનઃ, મથન કરતાં પરમાદ્‌ભુત પુરુષ પ્રકટ થયા.

સર્વાંગસુંદર ભગવાન્ ધન્વન્તરિજીના શ્રીહસ્તમાં અમૃતપૂર્ણ કલશ હતો. ''धन्वन्तरिरिति ख्यात आयुर्वेददृगिज्यभाक्।''- આ ધન્વન્તરિ આયુર્વેદદ્રષ્ટા છે! નવમા સ્કન્ધમાં કહેલા દૈર્ઘતમસ્ ધન્વન્તરિ

આયુર્વેદપ્રચારક છે! ધન્વન્તરિના હાથમાંથી અમૃતકલશ ઝૂંટવી લઈને દૈત્યો દોડ્યા. દેવો ભગવાનને શરણે ગયાં. "भगवान्भृत्यकामकृत्"- સેવકના મનોરથ પૂરા કરનાર ભગવાને દેવોની દીનતા જોઈ. આશ્વાસન આપ્યું.

અમૃત લઈને દોડતા દાનવોમાં પરસ્પરનો કલહ થયો. પરસ્પરનો કલહ - અંદરની આગ-સર્વનાશ નોતરે, સુખ, શાન્તિ સ્વપ્ને ન દેખાય ! ભગવાને અદ્ભુત ઉપાય કર્યો. "सर्वोपायविदीश्वरः ।"- સમર્થ ભગવાનને સઘળા ઉપાયો આવડે છે. ભગવાને દૈત્યોના અંતરમાં વારંવાર કામ વધારતું, અત્યંત અદ્ભુત, મોહક મોહિનીરૂપ પ્રકટ કર્યું.

કામધેનુ વગેરે પદાર્થો, લક્ષ્મીજી અને અમૃત સમુદ્રમાંથી પ્રકટ થયાં. ભગવાને તેમાં સૌને સહાય કરી, છતાં સમુદ્ર તેનો દાતા નથી. ભગવાન્ તેના દાતા છે ! સ્વતંત્ર રીતે ભગવાનનું દાન સમજાય માટે, દૈત્યો અમૃત હરી ગયા. તે કથા અહીં કહી. ધન્વન્તરિએ પિતૃપ્રેમે અને મોહિનીનારાયણે માતૃવાત્સલ્યે દેવોનું હિત કર્યું ! અમૃતદાન અને અમૃતપાન થયું !

અધ્યાય : ૯

ભગવાને મોહિની રૂપે દાનવોને મોહ કરાવ્યો; શરણાગત દેવોને અમૃત-પાન કરાવ્યું :

અમૃતકલશ લઈને દોડતા, પરસ્પર ઝઘડતા દૈત્યોએ અદ્ભુત સ્ત્રીને આવતાં જોયાં, ભાન ભૂલ્યા. મોહિનીનો મોહ લાગ્યો. કોઈ પણ પદાર્થની મોહકતા મોહિની રૂપ છે. તે આંખ દ્વારા અંતઃકરણમાં ઊતરે છે; પછી અંતઃકરણમાં આકાંક્ષાની આગ લગાડે છે. તેની બળતરામાંથી બચવું કઠિન છે. આસુરભાવવાળાને મોહિની લાગે. દેવ-સદ્-ભાવવાળા-ને ભગવાન્ દેખાય. પરસ્ત્રી જોઈને અધીર બને, આંખ અને અંતરને અંકુશમાં રાખી ન શકે, મા-બહેન રૂપે આદર દઈ ન શકે, - તે અસુર ગણાય ! ચંચલતા કરે, પોતાની મહત્તા બતાવવા મથે, વિચિત્ર ચેનચાળા કરે, તે તેમની સ્વાભાવિકતા છે.

"वयं कश्यपदायादा ।"- "અમે કશ્યપના પુત્રો !" "कृतपौरुषाः"- "પુરુષાર્થ કરી ચૂકેલા છીએ," અમૃત મેળવ્યું છે. અસુરોએ પોતાની મોટાઈ બતાવી. સ્ત્રીને માન મળતાં મુગ્ધ બને, તેવી માન્યતાએ માન દીધું. - "એક વસ્તુ માટે અમે લડીએ છીએ. તમે ઉકેલ આપો. વહેંચી આપો !"

અક્લિષ્ટકર્માં નિર્દોષ ભગવાને ચેતવ્યા, - "कथं कश्यपदायादाः पुंश्चल्यां मयि सङ्गताः ।"- તમે કશ્યપના પુત્રો, પુરુષને ચલિત કરનાર મારામાં કઈ રીતે આસક્ત થયા ?" કશ્યપપુત્રો-ઋષિપુત્રો-તો સંયમી અને સુશીલ હોય, તેમ સૂચવેલો કટાક્ષ ન સમજાયો. દૈત્યો તેને માન માની બેઠા ! "સમજુ લોકો, મન બગાડે તેવાં સ્ત્રીનો વિશ્વાસ કરતા નથી." - ભગવાને સ્પષ્ટ કહ્યું. અસુરોએ તેને મશ્કરી માની, અમૃતપાત્ર આપ્યું.

ભગવાને શરત મૂકી, - "यद्यभ्युपेतं क्व च साध्वसाधु वा कृतं मया वो विभजे सुधामिमाम् ।"- "મારું યોગ્ય કે અયોગ્ય કરેલું સ્વીકારો, તેમાં દોષ ન ગણો, તો હું આ સુધા વહેંચું !" સ્પષ્ટ આત્મનેપદ વાપર્યું. પોતાનો લાભ સૂચવ્યો, પણ, મોહિત અસુરોને કાંઈ વિચાર ન આવ્યો. બોલી ન શક્યા. સંમત થયા !

ઉપવાસ કરી, સ્નાન કરી, હોમ કરી, દાન દઈ, સ્વસ્તિવાચન કરાવી, અલંકૃત થઈ, સૌ અમૃતપાન કરવા બેઠા. મોહિનીજીએ દેવ-દૈત્યોને જુદા બેસાડ્યા, દૈત્યોની પાસે ઊભા રહી મોહ વધાર્યો. દૂર રહેલા દેવોને અમૃતપાન કરાવ્યું. દૈત્યો મુગ્ધ થયા હતા. શરતભંગ કરી શકે તેમ ન હતા. ભગવાન્ પક્ષપાત નથી કરતા. દૈત્યોને યોગ્ય વારુણી તેમને ભગવાને પહેલી આપી છે ! દેવોને યોગ્ય અમૃત દેવોને પાયું ! વાસના, યોગ્યતા-રૂપ પણ બને છે.

સૂર્ય-ચન્દ્રની વચમાં અસુર રાહુએ પાનનો પ્રયત્ન કર્યો. અમૃતનો ગુણ બતાવવા ભગવાને તેને સ્વલ્પ પાન કરવા દીધું. સૂર્ય-ચન્દ્રે પ્રભુને ઈશારત કરી. ભગવાને ચક્ર ચલાવી તેનું મસ્તક કાપ્યું. પાનના પ્રભાવે શિર અમર થયું. ગ્રહણ વખતે તે વૈર સૂચવે છે.

પાન પૂરું થતાં, ભગવાને મોહિની રૂપ તિરોહિત કર્યું. પ્રભુકૃપાથી ભગવાનના ચરણાશ્રયથી, દેવોને અમૃતપાન મળ્યું. ભગવાનના આદરમાં સૌનો આદર સમાઈ જાય છે.

અધ્યાય : ૧૦

દેવાસુર-સંગ્રામમાં દેવોને કૃતઘ્ની ગણીને ચેતનરૂપ અમૃતે ઉપકાર ન કર્યો ! :

પ્રભુ પોતે પ્રકટ થયા :

અમૃતદાન અને પાન કરાવી પ્રભુ ગરુડારૂઢ થઈને પધાર્યા. દૈત્યોએ દેવો પર દ્વેષથી આક્રમણ કર્યું. દેવોના મનમાં અહંકાર થયો, - પોતે અમૃત પીધું છે ! પ્રભુએ દીધું છે, તે ભૂલી ગયા ! અમૃતને દેવો કૃતઘ્ની લાગ્યા. અમૃત આધ્યાત્મિક આનંદરૂપ છે. જીવોના આનંદ રૂપ છે, ચૈતન્યરૂપ છે. તેણે દેવો પર ઉપકાર ન કર્યો.

દેવોને યુદ્ધમાં માર પડવા માંડ્યો. પ્રચંડ દેવાસુર સંગ્રામ થયો. દૈત્યોની માયાથી દેવો પીડાયા. દયાળુ પ્રભુ પ્રકટ થયા. માયા દૂર થઈ. પ્રભુએ ચક્ર ચલાવ્યું. કાલનેમિને માર્યો. માલી-સુમાલી અને માલ્યવાનને માર્યા.

અધ્યાય : ૧૧

અમૃત અને ભગવદાશ્રયથી અમર-સફલ દેવોને નારદજીએ અસુરવધ કરતાં અટકાવ્યા :

પ્રભુની પરમ કૃપા થઈ. દેવોમાં સામર્થ્ય આવ્યું, સાવધ થયા. અમૃતે દેવો પર પ્રભુની કૃપા જોઈ. દેવો કૃતઘ્ની નથી, તેમ લાગ્યું. પોતાનો પ્રભાવ પ્રકટ કર્યો ! પ્રભુની કૃપા ભૂલીને જીવ પોતાની મહત્તા માને, તો ઉત્તમ વસ્તુથી પણ લાભ ન થાય.

દેવો અમર થઈ લડવા લાગ્યા. વિજયી થયા. ન મરતા નમુચિને ઈન્દ્રે વજ્ર માર્યું, છતાં ન મર્યો. આકાશવાણી થઈ. શુષ્ક કે આર્દ્ર નહિ તેવા સમુદ્રના ફીણથી માર્યો !

બ્રહ્માએ નારદને મોકલી યુદ્ધ અટકાવ્યું. નારદે સમાધાન કરાવ્યું. અમૃત અને આશ્રયથી અમર થયેલા દેવોને અસુરવધ કરતા અટકાવ્યા. સમર્થ અને સંપન્નથી પીડાતા હીનોને બચાવ્યા. દૈત્યોને શુક્રાચાર્યે સંજીવનીવિદ્યાથી જીવાડ્યા. વિચક્ષણ બલિ પરાજયથી ખિન્ન ન થતાં, પ્રયત્નપરાયણ થયો.

અધ્યાય : ૧૨

મહાદેવજી દૈત્યોને વિજયનો ઉપાય ન બતાવી દે, માટે ભગવાને તેમને મોહિત કર્યા :

ભગવાન્ શંકરે મોહિનીનારાયણનો પ્રસંગ સાંભળ્યો, ભગવાન્ મધુસૂદન પાસે મહાદેવજી આવ્યા, સાથે ધર્મરૂપ વૃષભ અને શક્તિરૂપ ઉમાને લાવ્યા ! પ્રભુને મોહિની રૂપનાં દર્શન કરાવવા વિનંતી કરી.

ભગવાને કહ્યું, – "દૈત્યોના કૌતુહલ માટે મેં સ્ત્રી-વેશ ધર્યો હતો. હું આપને તે દર્શાવું છું !" ક્ષણમાં અદ્‌ભુત રૂપમાં મોહિનીનારાયણનાં દર્શન થયાં. દિવ્યસ્વરૂપમાં મહાદેવજી મુગ્ધ થયા, પાર્વતી દેખતાં હતાં, છતાં પ્રભુને અનુસર્યાં. કામદાહક શંકર મોહિનીમુગ્ધ થયા, ક્ષુબ્ધ થઈ સાવધ થયા ! ભોળાનાથ દયાવશ થઈને દૈત્યોને સામર્થ્ય ન આપે તે માટે મોહિનીજીએ મુગ્ધ કર્યા.

ભગવાને મહાદેવજીને માન દીધું. – "को नु मेऽतितरेन्मायां विषक्तस्त्वदृते पुमान् ।" – "આપ વિના મારી માયાને પાર આસક્ત થયેલો ક્યો પુરુષ પહોંચે ?"

પ્રસન્ન થઈ, ભગવન્માહાત્મ્ય ગાતા શંકર સ્વધામ પધાર્યા. સંસારશ્રમને દૂર કરનારી મોહનિવારક આ કથા છે. શરણાગતના કામપૂરક પ્રભુને શ્રીશુકે વંદન કર્યાં.

असदविषयमङ्‌घ्रिं भावगम्यं प्रपन्नानमृतममरवर्यानाशयत् सिन्धुमथ्यम् ।
कपटयुवतिवेषो मोहयन्यः सुरारींस्तमहमुपसृतानां कामपूरं नतोऽस्मि ॥ (૪૭)

અધ્યાય : ૧૩

સાતમાથી ચૌદમા મનુ અને તેમના સમયના ભગવદવતારો :

વિવસ્વાનના પુત્ર શ્રાદ્ધદેવ – વૈવસ્વત – સાતમા મનુ થયા. તેમનો મન્વન્તર અત્યારે ચાલે છે. આ મનુએ વાસનાવિજય માટે પોતાના કાલમાં વ્રત પ્રકટ કર્યાં. એકાદશીવ્રત અને નૃસિંહ, વામન, રામ અને કૃષ્ણજયંતીનાં વ્રત. આ મન્વન્તરનો સદ્ધર્મ છે. આ વ્રતથી વાસનાનો નાશ અને પ્રભુની કૃપા થાય છે. સકામવ્રતમાં દશમી અને દ્વાદશીએ એક વખત ભોજન અને એકાદશીનો ઉપવાસ થાય. નિષ્કામવ્રતમાં માત્ર એકાદશીનો ઉપવાસ છે. દશમે અસુરો અને એકાદશીએ સુરો જન્મ્યા છે. જેનો જન્મદિવસ મનાવાય તેની વૃદ્ધિ કરે. ઉપવાસ અને ભગવત્‌કીર્તનાદિથી પવિત્ર રીતે તે વ્રત થાય, તેથી મનમાં સદ્‌ભાવ વધે. દ્વાદશી પ્રાયશ્ચિત્ત રૂપ છે. આ મનુના સમયમાં કશ્યપ-અદિતિને ત્યાં ભગવાન્ વામન રૂપે પ્રકટ થયા.

આઠમા મનુ સાવર્ણિ થશે. તે પુષ્ટિમાર્ગની રીતના ધર્મો મુખ્ય ગણશે. બલિરાજા ઈન્દ્ર થશે. દેવગુહ્યને ત્યાં સરસ્વતી દ્વારા "સાર્વભૌમ" નામે પ્રભુ પ્રકટ થશે.

નવમા મનુ દક્ષસાવર્ણિ થશે. યજ્ઞપ્રચુર મન્વન્તરધર્મ થશે. આયુષ્માનથી અંબુધારામાં ભગવાન્ "ઋષભ" નામે પ્રકટશે.

દશમા મનુ બ્રહ્મસાવર્ણિ થશે. લોકસુખપ્રદ મન્વન્તરધર્મ ગણાશે. વિશ્વસૃજથી વિષૂચિમાં ભગવાન્ "વિશ્વક્સેન" પ્રકટ થશે.

અગિયારમા મનુ ધર્મસાવર્ણિ થશે. આત્મશ્રદ્ધા સુધીના સ્માર્તધર્મ પ્રસારશે. આર્યકથી વૈધૃતામાં ભગવાન્ "ધર્મસેતુ" પ્રકટશે.

બારમા મનુ રુદ્રસાવર્ણિ થશે. આસક્તિ વગરના ધર્મો મુખ્ય થશે. સત્યસહથી સુનૃતા દ્વારા ભગવાન્ "સ્વધામા" પ્રકટ થશે.

તેરમા મનુ દેવસાવર્ણિ થશે. ઉપાસ્ય દેવતાના પોષકધર્મો ફેલાશે. દેવહોત્રથી બૃહતીમાં ભગવાન્ યોગેશ્વર "ઉપહર્તા" પ્રકટશે.

ચૌદમા મનુ ઈન્દ્રસાવર્ણિ થશે. જ્ઞાનનિષ્ઠ ભોગવાળા ધર્મો કહેશે. સત્રાયણથી વિતાનામાં ભગવાન્ "બૃહદ્ભાનુ" પ્રકટશે. આ ચૌદ મન્વન્તર છે. દેવો તેમાં ભગવાનના આવેશવાળા છે.

અધ્યાય : ૧૪

સિદ્ધ-ઋષિ-યોગેશ્વર-પ્રજેશ-વગેરે સર્વરૂપે ભગવાન્ જ જ્ઞાનાદિ સર્વનું દાન કરે છે :

મનુ, દેવો, મનુપુત્રો, ઈન્દ્ર, ઋષિયો અને ભગવાનનો અવતાર, - આ છ દરેક મન્વન્તરમાં હોય છે. તેમનાથી ધર્મ સિદ્ધ થાય છે. ભગવાન્ જ સર્વનું કાર્ય કરે છે. "ज्ञानं चानुयुगं ब्रूते हरिः सिद्धस्वरूपधृक् ।"- સિદ્ધ - ગુરુ રૂપે ભગવાન્ દરેક યુગમાં જ્ઞાનદાન કરે છે. ઋષિ રૂપે કર્મ પ્રકટ કરે છે. યોગેશ્વર રૂપે યોગ પ્રકટ કરે છે. પ્રજેશ રૂપે સર્ગ કરે છે. સર્વ રૂપે ભગવાન્ જ સર્વ કરે છે. આ ગુણાતીત-અધ્યાય છે. ભગવાન્ જ્ઞાનાદિનું દાન કરતા હોવાથી, દાન-પ્રકરણમાં તેનો સમાવેશ છે.

અધ્યાય : ૧૫

ભગવાનની વચન-પરિપાલન-પરાયણતા :

પુષ્ટિસ્થ બ્રાહ્મણ શુક્રાચાર્યજીની કૃપાથી બલિનો સ્વર્ગવિજય :

સમર્થ-ઐશ્વર્યપૂર્ણ ભગવાનની કૃપણની જેમ યાચના અને ઈચ્છેલું મળવા છતાં બલિને કરેલા બંધનથી આશ્ચર્ય પામેલા રાજા પરીક્ષિતે વામનચરિત પૂછ્યું. ૧૫ થી ૨૩ અધ્યાયમાં સ્વોક્તનિર્વાહ અથવા વચનપરિપાલન-પ્રકરણ છે.

સત્પુરુષોનાં વચન ક્યારેય વ્યર્થ ન હોય. રમત માત્રમાં બોલાયેલાં પણ સજ્જનનાં વચન તો શિલાલેખ જેવાં અચલ હોય. મન મલિન ન હોય, તો વચનપાલન થઈ શકે! દઢચિત્ત અને નિર્ણય વચનપાલનનું મૂલ છે! વચનપાલન માટે સત્પુરુષો સર્વસ્વ-ત્યાગને પણ સમર્પણ સમજે છે, - સહેલો ગણે છે. તે ત્યાગ પ્રભુ સાથે સંકલિત થતાં નિવેદન રૂપ બની જાય.

પોતાના આત્મા સહિત સર્વસ્વ સોંપી દેવું તે,- આત્મનિવેદન! પોતાનું છે તે ભૂલી, સઘળું પ્રભુનું છે, તેનો અંતઃકરણમાં અનુભવ-ચિંતન,-તે આત્મનિવેદન! "મારું" - માને ત્યાં સુધી બંધન છે, અહંકાર અકળાવે છે. "પ્રભુનું છે", "પ્રભુ માટે છે", - સમજાતાં દીનતા આવે. દીનબંધુ દયા કરે, પોતાનો બનાવે, આત્મનિવેદનનો અંગીકાર કરે. મમતા હોય ત્યાં સુધી ચિંતા થાય, ચિત્ત ચગડોળે ચઢેલું રહે! આત્મનિવેદનથી ચિંતા ટળે. પ્રભુચિંતનથી ચિત્ત પ્રસન્ન રહે.

બલિએ વચનપાલન સર્વસ્વભોગે કર્યું, છતાં અહંકાર હતો, મમતા હતી. વિદુષી

વિન્ધ્યાવલીના વચને - "સઘળું ભગવાનનું છે," - તેમ જાણ્યું. દીનતાથી આત્મનિવેદન થયું.

૧૫-૧૬-૧૭ ત્રણ અધ્યાયમાં સાધનપ્રકરણ છે. બલિએ પ્રભુ માટે વિશ્વવિજય કરી, સમર્પણ માટે સઘળું સંપાદન કર્યું. વિપ્રકૃપા સાધનરૂપ થઈ. પંદરમા અધ્યાયમાં તે કથા છે. સોળમા અધ્યાયમાં મા અદિતિને વ્રતકૃપા સાધનરૂપ થઈ. સત્તરમા અધ્યાયમાં વિભુ-કૃપા થઈ, પ્રભુ પુત્ર રૂપે માના ઉદરમાં પધાર્યા. વિપ્ર, વ્રત અને વિભુકૃપાના સાધનથી આ સાધન-પ્રકરણ થયું.

૧૮-૧૯-૨૦ ત્રણ અધ્યાયમાં દાન-પ્રકરણ છે. અધ્યાય ૧૮માં બલિ અજ્ઞાનથી દાન કરે છે. પછીના બે અધ્યાયમાં જ્ઞાન અને નિર્ણયપૂર્વક દાન છે. બલિએ પ્રભુને જાણ્યા વિના, બ્રાહ્મણબાલક જાણીને, દાન માગવા કહ્યું છે. તેમાં અહંકાર અને ઔદાર્ય છે, પછી પ્રભુને જાણીને જ્ઞાનથી વચનપાલનનો આગ્રહ છે.

૨૧-૨૨-૨૩માં દાનફલ-પ્રકરણ છે. અહંકારપૂર્વકના દાનને પરિણામે બલિને બંધન પ્રાપ્ત થયું. તે ૨૧મા અધ્યાયમાં છે. બાવીસમા અધ્યાયમાં મુખ્યદાન આત્મનિવેદન રૂપ છે. તે તો ફલરૂપ છે. બલિએ ઈચ્છ્યું છે. "સઘળું પ્રભુનું છે, -" તેમ સમજી દીનતાથી સર્વસમર્પણ - આત્મનિવેદન - કર્યું છે, પરિણામે ભગવાન્ બલિને વરદાન તથા નિર્ભયતાનું દાન કરે છે. અધ્યાય ૨૩માં ભગવાન્ ઈન્દ્રને સ્વર્ગ દઈ મા અદિતિની ઈચ્છા પૂરે છે.

પ્રથમ, આપત્તિમાં હરિસ્મરણ કહ્યું. તેમાં જીવનો સ્વાર્થ હોવાથી તે સામાન્ય છે. બીજું લક્ષ્મી અને અમૃતનું દાન પરમાર્થ રૂપ છે. ભગવાને અનેક દેવોની વચમાં અમૃત વહેંચ્યું છે, કોઈને સંપૂર્ણ આપ્યું નથી ! તે મધ્યમ છે. ત્રીજું બલિએ ભગવાન્ વામનજીને સર્વસ્વનું દાન કર્યું છે. તે ઉત્તમ સદ્ધર્મ રૂપ છે. ભગવાને તેની રક્ષા કરી.

શરણાગતિ, ઉત્તમ વસ્તુઓનું ભગવાનને સમર્પણ અને ભગવાનની ઈચ્છાનુસાર તેમના સેવકોની પણ સેવા, "સઘળું પ્રભુનું છે," - તેમ સમજીને આત્મા-સહિત સર્વસ્વનું દીનભાવે પ્રભુને નિવેદન તે - સદ્ધર્મ છે. સઘળી વાસનાઓનો તે નાશ કરે છે, ભક્તિયોગ્ય બનાવે છે. મળે તેમાં સંતોષ રાખવો, દીનતાપૂર્વક સર્વ પરિસ્થિતિનો પ્રેમથી સ્વીકાર કરવો, દ્વેષ કે કટુતા વિના પ્રભુ જે કરે તે સહન કરવું. આ ત્રણ જીવનમાં વણાઈ જાય તો વાસના જાય.

શ્રીશુકે પરીક્ષિતને કથા શ્રવણ કરાવી. બલિરાજા દૈવાસુર સંગ્રામમાં પરાજિત થયો, છતાં પામરતા ન બતાવી, નિરાશ અને નિષ્ક્રિય ન થયો. સર્વાત્મપણે બ્રાહ્મણ શુક્રાચાર્યને શરણે ગયો. બ્રાહ્મણકૃપા પતિતને પાવન કરે, પરાજિતને વિજયી બનાવે. શુક્રાચાર્યે બલિ પાસે વિશ્વજિત-યજ્ઞ કરાવ્યો. અગ્નિનારાયણે કૃપા કરી. સુવર્ણરથ, હરિત-વર્ણના અશ્વ અને સિંહના ચિહ્નવાળો ધ્વજ આપ્યાં. સમૃદ્ધિ, સામર્થ્ય અને સત્તાની સફલતાનાં પ્રતીક પ્રાપ્ત થયાં. સોને મઢ્યું ધનુષ્ય, બે અક્ષય-ભાથાં અને દિવ્યકવચ પણ મળ્યાં. કરમાય નહિ તેવાં પુષ્પની પ્રસાદી માલા ભક્ત પ્રહ્લાદે દીધી. વિજયમાલા થઈ. ભક્તની સન્નિધિમાં વિજય જ હોય.

શુક્રાચાર્યે શંખ આપ્યો. શુક્ર સામર્થ્યરૂપ છે, સંયમનો સંચય છે. સંયમશીલની સત્તા, આજ્ઞારૂપ શબ્દ, સર્વત્ર વ્યાપક બને, શંખનાદની જેમ ફેલાઈ જાય. વિવેકી બલિએ વહ્નિ, વિપ્ર વૃંદને વંદન

કરી વિજયપ્રસ્થાન કર્યું. સ્વર્ગને ઘેર્યું. બૃહસ્પતિએ કૃપાસંપન્ન બલિને જીતવો અશક્ય ગણાવ્યો. પ્રભુ વિના કોઈ તેનો પરાભવ ન કરી શકે. "બ્રાહ્મણના માનથી વિજયી થનાર, બ્રાહ્મણના અપમાને જ પરાજિત થશે !" - તે સાંભળીને દેવો ગુપ્તવેષે સ્વર્ગ છોડી ગયા. ગુપ્તવાસમાં વસ્યા. બલિ સ્વર્ગમાં વસ્યા. શિષ્યવત્સલ શુક્રે, અનુકૂલ શિષ્યના સુખસંરક્ષણ માટે ૧૦૦ અશ્વમેધયજ્ઞ કરાવ્યા. બલિ સુખથી સ્વર્ગમાં વસવા લાગ્યો.

અધ્યાય : ૧૬

દીકરાઓના દુ:ખે દુ:ખી મા અદિતિએ પતિ કશ્યપજી પાસેથી મેળવેલું પયોવ્રત :

સ્વર્ગ દેવો પાસેથી ગયું. તેનું દુ:ખ મા અદિતિને થયું. કશ્યપ મુનિએ ઉદાસ પત્ની જોયાં. આશ્રમમાં આનંદ ન દેખાયો. તેનું કારણ પૂછ્યું. સ્નેહથી અતિથિસત્કાર ન થાય તે ઘર તો, માત્ર શિયાળને રહેવાની બોડ જેવાં છે. સ્વધર્મની ક્રિયા સુખ સંપાદન કરનારી છે; છતાં અંત:કરણની ઉદાસીનતાનું કારણ પૂછ્યું. - "મારા પુત્રો પુન: સંપન્ન બને તેવી કૃપા કરો !" - માએ વિનંતી કરી.

કશ્યપે આને મોહ માન્યો, છતાં કૃપા કરી ! કામપૂરક ભગવાનના આરાધન રૂપ "પયોવ્રત" બતાવ્યું. બ્રહ્માએ કહેલું, પ્રભુ પ્રસન્ન થાય તેવું વ્રત વર્ણવ્યું. મહા વદ અમાસે પ્રાયશ્ચિત્તપૂર્વક સ્નાન કરી, ફાગણ સુદ એકમથી બાર દિવસ ભક્તિથી ભગવાનનું પૂજન કરવાનું. સ્વરૂપ, વેદિકા, સૂર્ય, જલ, અગ્નિ કે ગુરુમાં સાવધપણે પ્રભુનું પૂજન કરવું. વ્રત-વિધામાં કહેલા મંત્રો લેવા. ૨૯થી ૩૭ સુધીના ૯ શ્લોક છે. દ્વાદશાક્ષર- મંત્ર પાધાદિમાં લેવો. પાયસનો અગ્નિમાં હોમ કરવો. જપ કરવો. ઓછામાં ઓછા બે બ્રાહ્મણ અને શક્તિ હોય તો ૧૨, ૨૨, ૩૨, એમ પયોવ્રતના અંગ રૂપે જમાડવા. ૧૨ દિવસ પય:નું ભોજન કરવું. તેરશના દિવસે સમાપ્તિમાં વિધિપૂર્વક ભગવત્પૂજન કરવું. બ્રાહ્મણ-ભોજન કરાવવું. સૌને સંતુષ્ટ કરવાં. બ્રહ્મચર્ય, ભૂમિશયન, ત્રિકાલસ્નાનાદિ રાખવાં. હિંસા, અસત્ય વગેરેનો ત્યાગ કરવો. શ્રદ્ધા અને સ્નેહ વ્રતાદિમાં મુખ્ય છે, તેથી પ્રભુ પ્રસન્ન થાય, મનોરથ પૂર્ણ કરે.

અધ્યાય : ૧૭

પયોવ્રત અને પતિવ્રતના પ્રભાવથી પ્રભુ પ્રસન્ન થયા ! પુત્ર રૂપે પ્રકટવા વચન દઈને માના ઉદરમાં વિરાજ્યા ! :

અદિતિએ બાર દિવસ સુધી પ્રમાદ વિના વ્રત કર્યું. પ્રમાદ અને પ્રમોદ બે કાર્યસિદ્ધિનાં વિઘ્ન છે ! પ્રયાસ અને પ્રસાદ બે સિદ્ધિનાં સોપાન છે ! એકાગ્ર મને અદિતિએ ભગવાનનું ચિંતન કર્યું. ભગવાન્ આદિપુરુષ પ્રકટ થયા. અદિતિ આદરથી એકદમ ઊભાં થયાં. પ્રેમથી વિહ્વલ થયાં. પ્રભુને પ્રણામ કર્યાં. અંતરનો આનંદ આંખમાંથી આંસુ રૂપે ઉભરાતો હતો, છતાં આંખથી આનંદ રૂપ ભગવાનને અંતરમાં ઉતારતાં હતાં ! "आनन्दजलाकुलेक्षणा" અને "उद्वीक्षती सा पिबतीव चक्षुषा ।"- વિરુદ્ધધર્મ ભક્તોમાં બતાવ્યો. આંખમાંથી આંસુ બહાર નીતરે, તે જ વખતે આંખ દ્વારા પ્રભુ અંતરમાં ઊતરે ! ભગવાન્ પણ વામન છતાં વિરાડ્ રૂપનાં દર્શન દેવાના છે ને !

પ્રભુને ઓળખાવ્યા. "रमापति यज्ञपतिं जगत्पतिम् ।"- પ્રભુ બ્રહ્માનન્દ રૂપા રમાના સ્વામી છે. આનંદ અને મોક્ષપ્રદ છે. વૈકુણ્ઠનો વૈભવ દઈ શકે છે. આધિદૈવિક સંપત્તિદાતા કહ્યા. પ્રભુ યજ્ઞપતિ છે. સ્વર્ગલોકની સમૃદ્ધિ અને યશઃ દઈ શકે છે. યજ્ઞ દ્વારા બલિને સ્વર્ગ-સામ્રાજ્ય મળ્યું. યજ્ઞપતિ પ્રભુ અદિતિના પુત્ર ઈન્દ્રને પણ તે દઈ શકે છે. આધ્યાત્મિક - સંપત્તિ - પ્રદ કહ્યા. વિરાડ્-રૂપનો પણ આમાં નિર્દેશ છે. પ્રભુ જગત્પતિ છે. લૌકિક સર્વસમૃદ્ધિ દઈ શકે છે, સર્વસમર્થ છે. આધિભૌતિક સમૃદ્ધિદાતા કહ્યા. અદિતિએ સ્તુતિ કરી.

यज्ञेश यज्ञपुरुषाच्युत तीर्थपाद तीर्थश्रवः श्रवणमङ्गलनामधेय ।
आपन्नलोकवृजिनोपशमोदयाद्य शं नः कृधीश भगवन्नसि दीननाथः ॥ (૮)

યજ્ઞફલદાતા ! યજ્ઞ રૂપ ! અચ્યુત ! ચરણમાં તીર્થયુક્ત ! તીર્થ રૂપ કીર્તિવાળા ! શ્રવણ માત્રથી મંગલપ્રદ નામવાળા ! આપત્તિમાં આવેલા લોકોનાં દુઃખ દૂર કરવા અવતાર લેનાર ! આદ્ય ! ભગવન્ ! આપ દીનનાથ છો ! અમારું કલ્યાણ કરો ! "यज्ञपति"ને "यज्ञेश..।-"કહી એક શ્લોકમાં ગાયા. "जगत्पति"ને "विश्वाय...।"એ બીજા શ્લોકમાં ગાયા. "रमापति"ને "आयुःपरं वपुरभीष्ट-मतुल्यलक्ष्मी ।"- એ ત્રીજા શ્લોકમાં ગાયા.

પ્રભુ માત્ર પ્રસન્ન થાય તો બ્રહ્માનું આયુષ્ય, ઈચ્છેલું શરીર, અતુલ્ય-લક્ષ્મી, ત્રિલોક સમૃદ્ધિ, સકલયોગ-સિદ્ધિ, ધર્મ, અર્થ, કામ અને મોક્ષપ્રદ જ્ઞાન પણ મળે; તો શત્રુવિજય તો કેમ ન મળે ?

ભગવાને કહ્યું, - "દેવિ ! અસુરો પર વિપ્રકૃપા છે. કાલ સાનુકૂલ છે, ત્યાં સામર્થ્ય કામ ન આપે, છતાં મારું પૂજન નિષ્ફલ ન થાય. ઉપાય કરીશ ! અંશથી તમારા પુત્ર રૂપે પ્રકટીશ. પતિમાં મારી ભાવના કરજો. આ ગુપ્ત રાખજો !" પ્રિય હોવા છતાં પતિમાં પ્રભુ જોવા એ દામ્પત્ય-વિજય છે. કશ્યપમાં અંશ રૂપે પ્રભુ પધાર્યા. કશ્યપ દ્વારા માના ઉદરમાં વિરાજ્યા. બ્રહ્માજીએ ગુહ્યનામથી સ્તુતિ કરી, દેવોની શરણાગતિનો સંદેશ દીધો.

અધ્યાય : ૧૮

સ્તુતિ કરીને બ્રહ્માજીના ગયા પછી દિવ્યગતિવાળા નટની જેમ ભગવાન્ વામનજીનું પ્રાકટ્ય :

બ્રહ્માજી સ્તુતિ કરીને ગયા. ભગવાન્ પ્રકટ થયા. અવતાર વખતે સર્વત્ર બ્રહ્માજી સ્તુતિ કરવા પધારે છે. તેમના ગયા પછી પ્રભુ પ્રકટ થાય છે !

પ્રભુનાં દિવ્યદર્શન અદિતિના આશ્રમમાં થયાં. જીવનના શ્રમને હરનારા ત્રિવિક્રમ પધાર્યા. "अमृतभूः"- આનંદ રૂપ, નિત્ય સ્વરૂપ, જન્મ-મરણાદિ વિકારરહિત, પ્રભુ પ્રકટ્યા. ચાર પુરુષાર્થપ્રદ, ચતુર્ભુજ સ્વરૂપ હતું. શંખ, ચક્ર, ગદા કમલ ધર્યાં હતાં. પીતામ્બરધારી, કમલલોચન પધાર્યા હતા. શ્યામસુંદર સ્વરૂપ હતું. મકરાકૃતિ કુંડલ કર્ણમાં વિરાજતાં હતાં. તેના તેજઃથી મુખારવિંદ અધિક શોભાયમાન હતું. કણ્ઠમાં કૌસ્તુભ અને વક્ષઃસ્થલમાં શ્રીવત્સ-ચિહ્ન હતાં. કરમાં કંકણ, બાહુમાં બાહુબંધ, માથે મુકુટ, કટિમાં કટિમેખલા અને ચરણે નૂપુર ધર્યાં હતાં. ભમરાઓથી ગુંજતી વનમાલા ધરી હતી. પ્રજાપતિના ઘરના અંધકારને કૌસ્તુભમણિધારી સ્વતેજઃથી નષ્ટ કરતા હતા ! કુલદીપક

રૂપે પધાર્યા હતા. દિશાઓ પ્રસન્ન હતી. ઋતુઓ ગુણાન્વિત હતી. સૌનાં મન પ્રસન્ન હતાં. ગાયોના આંચળમાંથી દૂધની ધારાઓ થતી હતી. બ્રાહ્મણોનાં મુખમાંથી વેદમંત્રો નીકળતા હતા. પંખીઓ કૂજતાં હતાં. ભમ્મરાઓ ગુંજતા હતા. પર્વતોમાંથી ઝરણાં અને મણિ પ્રકટ્યાં હતાં. ભાદ્રપદ શુક્લ દ્વાદશી હતી. અભિજિત-મુહૂર્ત હતું. સવિતાનારાયણ મધ્ય- આકાશે વિરાજી પ્રભુના આવિર્ભાવને નિરખી રહ્યા હતા. દેવ - દુંદુભિ વાગતાં હતાં. પુષ્પવૃષ્ટિ થતી હતી. પ્રસન્ન અપ્સરાઓ નૃત્ય કરતાં હતાં. ગંધર્વો ગાન કરતા હતા. મુનિઓ સ્તવન કરતા હતા. સૌને ઉપકારક પ્રભુ પધાર્યા. સ્વાભાવિક આનંદ સૌને થયો. "**यक्षरक्षांसि**"થી - યક્ષો અને રાક્ષસો પણ રાજી થયા ! પ્રશંસા પ્રભુની કરવા લાગ્યા.

હર્ષભર્યાં અદિતિ વિસ્મિત થયાં. પ્રજાપતિ કશ્યપ વિસ્મય પામતાં - "જય" - બોલી ઊઠ્યા ! સર્વોત્કર્ષ કરનાર પ્રભુને ઉત્કર્ષવાચક "જય" શબ્દે વધાવ્યા ! - "**वभूव तेनैव स वामनो बटुः संपश्यतोर्दिव्यगतिर्यथा नटः ।**"

ભગવાન્ પ્રકટ કરેલા ચતુર્ભુજ સ્વરૂપથી જ માબાપના દેખતાં પોતે આઠ વર્ષના ઋષિ-કુમાર શા વામન બન્યા ! ભગવાનનું આ સ્વાભાવિક - સામર્થ્ય છે. દૃષ્ટાંત દિવ્યગતિવાળા નટનું દીધું ! ભગવાન્ કૃષ્ણાવતારમાં પણ મા-બાપના દેખતાં તરત જ ચતુર્ભુજમાંથી દ્વિભુજ થયા છે. "**पित्रोः सम्पश्यतोः सद्यो बभूव प्राकृतः शिशुः ।**"

જાદુગર - ઐન્દ્રજાલિક - જાદુ કરે, તે માયાજાળ ખોટી હોય. નટની પાસે તો કલા હોય, તે સાચી હોય. તેમાં કાંઈ છેતરવાનું, છુપાવવાનું ન હોય ! કુશલ નટને પણ વેશપરિવર્તન માટે સમય, સાધન અને સ્થાન જોઈએ. સર્વસમર્થ ભગવાન્ તો સ્વરૂપ-સામર્થ્યથી સર્વ કાંઈ કરી શકે - બની શકે. તેમાં અન્યની કાંઈ આવશ્યકતા ન પડે ! નટ પોતાને ભજવવાનું પાત્ર કે ખેલ પૂર્ણ થઈ જતાં, વેશ બદલે. પ્રભુ અવતાર લીલા સંપૂર્ણ કરીને તિરોહિત થાય. "**तं बटुं वामनं दृष्ट्वा मोदमाना महर्षयः ।**"- નાનકડા તેજસ્વી વિપ્રબટુને જોતાં મહર્ષિયોને હર્ષ થયો. બ્રાહ્મણના તેજસ્વી બાલકને જોતાં સંસ્કારસંરક્ષક, નિર્મત્સર, વિધાવૃદ્ધ, નિર્મલહૃદય, યથાર્થદ્રષ્ટા, વત્સલ વિપ્રોને સ્વાભાવિક રીતે હર્ષ થાય. સંસ્કૃતિરક્ષા તથા વિધાવલ્લરી (વેલ)ના વિકાસ અને સાચા પ્રકાશના આધાર રૂપ તે બાલક લાગે. પોતાના જીવનની સફલતાનું તેમાં મૂર્તિમંત સ્વરૂપ દેખાય. તેના ઉત્કર્ષમાં વાત્સલ્યથી પોતાનું સર્વસ્વ સીંચે. તેમાં પોતાની કૃતાર્થતા લાગે.

યજ્ઞોપવીત - સંસ્કાર પછી સમાવર્તન કરાવીને બ્રાહ્મણ ભગવાન્ વામનજી બલિરાજાના અશ્વમેધ-યજ્ઞમાં પધાર્યા ! અનેક તર્કોથી પણ ન ઓળખાયા ! :

સંસ્કાર-સમૃદ્ધ, જાગ્રત મહર્ષિઓ સંસ્કાર અને જાગૃતિ દઈ શકે. યજ્ઞોપવીત-સંસ્કાર બ્રાહ્મણના બાલકને બ્રાહ્મણ તરીકેનો અધિકાર આપે છે. બ્રહ્મણ્યદેવતા તેનામાં પ્રકટ થાય છે !

મહર્ષિઓએ પ્રજાપતિ દ્વારા સત્કર્મ કરાવ્યાં. ઉપવીત-સંસ્કાર થયા. સૂર્યદેવે ગાયત્રી આપી. ગાનારને તારે તે ગાયત્રી ! બ્રાહ્મણ માત્ર ગાયત્રીનિષ્ઠ બને તો પણ દુઃખરહિત બને છે. બૃહસ્પતિએ બ્રહ્મસૂત્ર આપ્યું. વેદ અને વેદમાતા ગાયત્રીનું પ્રતીક બ્રહ્મસૂત્ર છે. વેદાધ્યયન અને ગાયત્રી-જપનો

તે સંદેશ દે છે. પિતા કશ્યપે મુંજની મેખલા દીધી. મુંજ-ઘાસમાં અગ્નિતત્ત્વ છે. બ્રહ્મચર્યરક્ષણમાં તે ઉપકારક છે. ભૂમિએ કાળીઆર- (કૃષ્ણ) મૃગનું ચર્મ દીધું. વનવાસમાં પ્રત્યેક ઋતુમાં આસન અને વસન રૂપે તે ઉપયોગી છે. ચન્દ્રે ખાખરાનો દંડ દીધો. વનમાં ઝેરી પ્રાણી અને વીજળીથી બચવામાં ઉપયોગી છે. કૌપીન મા અદિતિએ આપ્યું. સુદૃઢ-સ્નેહ સર્વત્ર સંરક્ષક બને છે. ધૌએ છત્ર આપ્યું. સર્વને ઉપયોગી બનવા તે સૂચવે છે. વેદગર્ભ બ્રહ્માજીએ કમંડલુ દીધું. સૌના સુખધામ, વિદ્યાવારિધિ બનવાનો તેમાં સંદેશ છે. સપ્તર્ષિઓએ કુશ દીધાં, કર્મકુશલતા અને પવિત્રતાનો તેમાં સંકેત છે. તેજસ્વિતા અને અમૃતનું તે પ્રતીક છે. સરસ્વતીજીએ અક્ષમાલા આપી. તે અક્ષરમાલા રૂપ છે. યક્ષરાજ કુબેરે ભિક્ષાપાત્ર આપ્યું. ભગવતી સાક્ષાત્ ઉમા-અંબિકા-સતીએ ભિક્ષા આપી. "અન્નપૂર્ણા" - પદની કૃતાર્થતા થઈ! પ્રભુના ઉપકાર-સ્મરણે, સ્નેહથી અધિકારપદ સેવોપયોગી થયું. માધુકરી સર્વત્રથી સારસંચયની મધુરવૃત્તિનો સંદેશ આપે છે.

ભગવાને સમાવર્તન-સંસ્કાર કરાવી લીધા. બ્રહ્મતેજઃથી શોભતા વિપ્ર રૂપ વામને બ્રહ્મર્ષિઓના મુખે અશ્વમેધયજ્ઞના સમાચાર સાંભળ્યા.

श्रुत्वाश्वमेधैर्यजमानमूर्जितं बलिं भृगूणामुपकल्पितैस्ततः ।
जगाम तत्राखिलसारसंभृतो भारेण गां सन्नमयन्पदे पदे ॥ (२०)

પોતાને પ્રાપ્ત કરવા માટે ભક્તો સ્વલ્પ, પણ સાચો પ્રયાસ કરે છે, તે જાણીને પ્રભુ સામે ચાલીને ભક્ત પાસે પધારે છે! પ્રભુની આ ઉદાર કરુણા છે.

ભક્ત ભગવાનને સાંભળે, "શ્રવણ"થી સ્નેહ થાય, સુદૃઢ બને અને ભગવાન્ જે ભક્તનું સાંભળે, તેને સર્વથા સંભાળે છે. રુક્મિણીજીએ "श्रुत्वा गुणान्....।"- પ્રભુના ગુણો સાંભળીને સુદૃઢ સ્નેહ કર્યો. મનથી વર્યાં. આતુર હૃદયે પ્રભુ પધારે તેની રાહ જોવા લાગ્યાં. વ્યાકુલ થયાં. સંદેશ મોકલ્યો. ભગવાને પણ સાંભળીને રુક્મિણીજીમાં પ્રીતિ કરી. "तथाहमपि तच्चित्तो निद्रां न च लभे निशि ।"- પ્રભુની ભક્ત માટેની આ આતુરતા છે- "મારું ચિત્ત પણ તે રીતે રુક્મિણીમાં છે. મને રાત્રે નિદ્રા આવતી નથી!" ભક્ત-દુઃખે ભગવાન્ વ્યાકુલ છે.

સકલ સાર રૂપ ભગવાન્ પગલે પગલે પૃથ્વીને નમાવતા યજ્ઞમાં પધાર્યા. પધારવું તે અવતાર-કાર્ય છે. ભક્તના આત્મનિવેદનનો અંગીકાર કર્યો, બલિ પાસેથી તેનું સર્વસ્વ લઈ ઈન્દ્રને આપ્યું તે દેવકાર્ય છે.

નર્મદાકિનારે બલિરાજા અશ્વમેધયજ્ઞ કરતા હતા. છેલ્લો ૧૦૦મો યજ્ઞ ભરૂચ પાસે થતો હતો. ભૃગુકુલના બ્રાહ્મણો યજ્ઞ કરાવતા હતા. દૂરથી તેમણે વામનજીને પધારતા જોયા. તેજસ્વીઓના તેજોરૂપ પ્રભુમાં સૌનાં તેજઃ શાન્ત થઈ ગયાં. સૂર્યોદય થતાં દીપક ઝાંખા લાગે, તેમ સૌ ઝાંખા લાગ્યા! વિચારમાં પડ્યા. "કોણ આવે છે? સૂર્ય? અગ્નિ? ના ના, લાગે છે, સનત્કુમાર હશે!" - અનેક તર્ક કર્યા. ભગવાન્ તર્કથી ન ઓળખાય. ભગવાનની વાતો માત્ર બુદ્ધિથી ન સમજાય. તેમાં પોતાની બુદ્ધિ કે સમજશક્તિની મર્યાદા સ્વીકારી લેવાય; પણ શંકા, અશ્રદ્ધા કે આક્ષેપ ન થાય. ભગવાનની વાતો શ્રદ્ધાથી, ભક્તિથી, કૃપાથી સમજાય. ભગવાન્ બુદ્ધિથી ન સમજાય, હૃદયથી સમજાય! ઋષિયોને

પણ તર્કથી પ્રભુ ન ઓળખાયા. છત્ર, દંડ, કમંડલુ જોયાં. સનત્કુમાર તો ચાર હોય. દિગંબર હોય. "जटिलं वामनं विप्रं मायामाणवकं हरिम् ।"- જટાધારી, માયામાણવક વિપ્ર રૂપ હરિને વામન રૂપે જોયા. "માયામાણવક" - સર્વ બની શકવાના સામર્થ્યથી બાલક રૂપ પ્રભુ હતા. તેમાં બે ધર્મ પ્રકટ દેખાડ્યા. "વિપ્રત્વ" અને "હરિત્વ"- જટા અને વામનપણું તેમાં બંને પ્રભુએ વિપ્રત્વ સ્વીકાર્યું, તેનાં ચિહ્ન છે. જટા ધર્મસૂચક અને વામનત્વ સ્નેહસૂચક છે. સ્વજનના સંબંધનો સ્વીકાર તેમાં છે.

અધૂરાને પૂરા કરતા વિપ્ર વામનજીનું બલિરાજાએ સ્વાગત કર્યું :

બ્રહ્મા-શંકરથી વિશેષાધિકાર ચરણપ્રક્ષાલન અને જલ મસ્તકે ધારણ કરવાનો રાજાબલિને મળ્યો :

પહેલાં વિપ્રસંસ્કાર સ્વીકારીને પ્રભુ પધારે છે. "विशेषेण प्रातीति विप्रः ।" "प्रा–पूरणे"- ધાતુમાંથી આ શબ્દ બને. વિશેષ રીતે સૌને પૂર્ણ કરે તે-વિપ્ર ! પ્રકટ થઈને પ્રભુએ દેવ તથા માતાને આનંદથી પૂર્ણ કર્યાં. સંસ્કાર-પ્રસંગે સૌની ભેટ રૂપ સેવા લઈને સૌને સુખપૂર્ણ કર્યાં ! યજ્ઞમાં પધારી બલિને હર્ષપૂર્ણ કર્યો, પછી સ્વભાવાનુસાર "हरतीति हरिः ।"- હરિ થયા. પોતે બલિને ઈન્દ્રપદ આપ્યું છે. તે જ હરવા પધાર્યા છે. સર્વસ્વ બલિનું હર્યું ! પુનઃ, વિપ્રત્વ મુખ્ય અંગીકાર કર્યું હોવાથી, લીધું હતું તેના કરતાં અનેકગણું બલિને દીધું. ઈન્દ્રપદ લીધું ! ઈન્દ્રસેનપદ દીધું, સ્વર્ગ લીધું, સુતલ દીધું ! અભિમાન હરી લીધું, હૃદય ભક્તિભાવથી ભરી દીધું ! આ ચરિતનો સમાવેશ સંકેત માત્રથી કરી દીધો.

ઊભા થઈ સૌએ વામનજીનો સત્કાર કર્યો. બલિએ ભગવાનને ઉત્તમ આસને વિરાજાવ્યા. પ્રાદ- પ્રક્ષાલન કર્યું. જલ મસ્તકે ચઢાવ્યું. બલિ "ધર્મવિદ્" છે. સુમંગલ ચરણરજોયુક્ત જલ મસ્તકે ધરતાં શુદ્ધિ સંપાદન કરી, બુદ્ધિના બધા દોષ દૂર કર્યા. પ્રભુનાં ચરણસ્પર્શયોગ્ય મસ્તક થયું ! આસુરદેહ સેવોપયોગી ન થાય. ચરણરજથી દિવ્યતા થાય, સેવોપયોગી દેહ મળે, દોષ દૂર થાય. આત્મનિવેદન કરતાં જ પ્રભુ અંગીકાર કરે. ભગવાનનું ચરણામૃત નિત્ય લેવું જોઈએ.

બલિ સ્વધર્મ, ભગવદ્ધર્મ અને સેવાધર્મ જાણે છે. આ ત્રણની સમજથી સેવા યોગ્ય રીતે થઈ શકે. ધર્મવિદ્-બલિને મહાલાભ થયો. બ્રહ્માજીના પહેલાં ચરણપ્રક્ષાલનનું સૌભાગ્ય બલિને મળ્યું ! ચરણજલને શંકર પહેલાં મસ્તકે પધરાવવાનું મહાભાગ્ય બલિને મળ્યું ! ચરણજલને ગંગાજલ રૂપે વિશ્વ પાવન કરે, તે પહેલાં રાજા બલિને સુમંગલ જલે પાવન કર્યો !

अद्याग्नयो मे सुहुता यथाविधि द्विजात्मज त्वच्चरणावनेजनैः ।
हतांहसो वार्भिरियं च भूरहो तथा पुनीता तनुभिः पदैस्तव ॥ (૩૧)

બલિએ સ્વમુખે પોતે પાવન થયાનો નિર્દેશ કર્યો. પ્રભુનું ચરણામૃત બુદ્ધિની શુદ્ધિ કરે છે અને સદ્ભાવની વૃદ્ધિ કરે છે. પ્રભુ પધારતાં પ્રયાસ વગર પાવન થવાય ! પ્રભુ બલિ પાસે સામે પગલે પધાર્યા છે, વગર નિમંત્રણે આવ્યા છે. યજનથી નથી પધાર્યા. બલિનો યજ્ઞ આસુર હતો. યજ્ઞપતિ પ્રભુના પધારતાં યજ્ઞ આધિદૈવિક રૂપ થયો છે. ભજનમાં બલિ યોગ્ય ન હતો. ભગવાનને વધારે ભૂમિ માગવા કહેતાં, "न पुमान्मामुपव्रज्य भूयो याचितुमर्हति ।"- "મારી પાસે આવ્યા પછી માનવને ફરી વધારે માગવું ન પડે !" આ તેનું દાતા તરીકેનું અભિમાન છે. અભિમાનવાળાનું ભજન પ્રભુને

પ્રસન્ન ન કરે. યજન કે ભજનથી ન આવેલા પ્રભુ સ્વજન માટે આવ્યા છે! ભક્ત પ્રહ્લાદનો પૌત્ર બલિ પણ ભક્ત છે. અસુર હોવા છતાં પોતાનો છે! ભક્તો ભગવાનના સ્વજન છે. કૃપાપરવશ પ્રભુ માત્ર અનુગ્રહથી પધારે છે. મા અને દેવ પણ સ્વજન છે. તેમનું કાર્ય કરવાં પ્રભુ પધાર્યા છે. પ્રભુના સ્વજન બની જવું, પ્રભુ જરૂર પધારે!

આચાર્ય, ઋત્વિક, પરણવા આવેલ વર, રાજા, પ્રિયજન, સ્નાતક અને છ અર્ઘ્યના અધિકારી છે. આવે તો તેમનું આદરથી પૂજન કરવું જોઈએ. આ રીતે પણ વામનજી પૂજનના અધિકારી છે.

તર્કથી વામનજીને અર્થી-ગણીને ઉદાર ધર્મજ્ઞ બલિએ માગવા વિનવ્યા :

ધર્મજ્ઞ બલિ રાજાએ વામનજીને વિનંતી કરી.

यद् यद् बटो वाञ्छसि तत्प्रतीच्छ मे त्वामर्थिनं विप्रसुतानुतर्कये ।
गां काञ्चनं गुणवद्धाममृष्टं तथान्नपेयमुत वा विप्रकन्याम् ।
ग्रामान् समृद्धांस्तुरगान् गजान् वा रथांस्तथार्हत्तम सम्प्रतीच्छ ॥ (३२)

એક વસ્તુ માગવાની બલિ નથી કહેતા. અનેક વસ્તુઓ, ઈચ્છાનુસાર માગવા વિનવે છે! આપનાર પોતાની ઈચ્છાનુસાર આપે તે તો સામાન્યતા છે. લેનારની ઈચ્છાનુસાર નિઃસંકોચપણે ઉદારતાથી આપવું તે ધર્મ છે. આ ધર્મજ્ઞથી સંભવે!

વામનજી માગવા આવ્યા છે. તે તો ચતુર રાજા બલિ તર્કથી સમજી ગયા છે. મહાપુરુષ પણ માગવા જાય તો મુખાકૃતિ છાની ન રહે, વિકૃતિ તેમાં આવે! ભગવાન્ યાચના કરવા પધારે-ત્તે પણ તેમની કૃપા છે, ભક્ત-પરવશતા છે. બલિ ગાય, સોનું, સુંદર સદન, અન્ન, પેય દેવા તત્પર છે. પરણવું હોય તો વિપ્રકન્યા આપવા તૈયાર છે. પરણ્યા પછી પણ આજીવિકા માટે સમૃદ્ધ ગામ અને તેની તપાસ માટે ઘોડા, હાથી વા રથ માગવા વિનવે છે.

સામાન્ય માનવ સ્વાર્થે કે પરાર્થે માગે છે. ભગવાન્ તો સ્નેહ માટે માગે છે. ભક્તનો અંગીકાર તેથી થાય છે. ધર્મવિદ્-બલિ ધર્માનુકૂલ જીવે છે. ધર્માનુકૂલ જીવનારને પીડા ન થાય. પ્રભુ પણ તેની પાસેથી માગ્યા વિના ન લઈ શકે! પ્રભુ માગવા આવ્યા છે. માગેલું બલિ ન આપે તો મારીને લે! ધર્મજ્ઞ બલિ તો પ્રભુના માગતા પહેલાં આપવા ઉતાવળો થયો છે! પ્રભુને સ્વમુખે માગવાનો પ્રસ્તાવ કરવો પડે, તો બલિ ધર્મજ્ઞ (સેવક ધર્મવિદ્)ન ગણાય. સેવકનો ધર્મ તો સ્વામીને સુખ થાય તેમ, પોતાની સમજ પ્રમાણે, વગર માગ્યે દેવાનો છે! બલિ ધર્મજ્ઞ હોવાથી, પ્રભુના માગતાં પહેલાં સ્વામી પોતાનું ઈચ્છેલું માગી લે છે! પોતે જ આપવાનો પ્રસ્તાવ કરે છે. સેવકનું સૌભાગ્ય છે કે, - સ્વામી સ્વકીય ગણે તો સેવક પાસે માગે, માગીને સ્નેહ વધારે છે!

અધ્યાય : ૧૯

ઉદાર-યાચક-ભગવાને યજમાન બલિની કુલ-પરંપરાની પ્રશસ્તિ કરી! :

इति वैरोचनेर्वाक्यं धर्मयुक्तं स सूनृतम् ।
निशम्य भगवान्प्रीतः प्रतिनन्द्येदमब्रवीत् ॥ (१)

વિરોચન ઉદાર દાની હતા. તેમનો પુત્ર બલિ ઉદાર હોય તે સ્વાભાવિક છે. વંશપરંપરાના સંસ્કાર ક્રિયામાં દેખાય છે. બલિ બોલ્યા તે ધર્મસંમત છે. તે સાંભળીને ભગવાન્ પ્રસન્ન થયા. બલિને ધન્યવાદ દીધા. પ્રભુ યાચક રૂપે પધાર્યા છે. યાચકની વાણી દાતાના હૃદયને પાણી કરે તેવી હોય ! ભક્તો ભગવાનનાં ગુણગાન હમેંશાં કરે છે, પણ આજે યાચક રૂપે પધારેલા પ્રભુ ભક્તનાં અને તેના વંશનાં ગુણગાન કરે છે ! ભગવાને બલિની વાણીનાં વખાણ કર્યાં. સત્ય, કુલિનતા, ધર્મ અને યશસ્વિતા સુજનની વાણીમાં વણાઈ ગયેલાં હોય. -

“રાજન્ ! તમારા કુલમાં નિઃસત્ત્વ કે કૃપણ કોઈ થયો નથી. તમારા કુલમાં તો રાત્રિએ ચન્દ્ર શોભે તેમ પ્રહ્‌લાદજી શોભે છે !” અસુરકુલ તમોરૂપ-અંધકારમય-છે. તેને પોતાના સત્સંગ અને સહવાસની સાત્ત્વિકતાથી પ્રહ્‌લાદજી ઉજ્જ્વલ બનાવે છે. સંસારના અંધકારમાં ભક્તસંગ પ્રકાશ આપે છે, સંતાપમાં શીતલતા આપે છે. ભક્તિ મુખ્ય હોવાથી પ્રહ્‌લાદને પહેલા ગાયા. પ્રહ્‌લાદના પિતા અને કાકાને પછી ગાયા. હિરણ્યાક્ષ સામેના યુદ્ધનો અનુભવ યાદ કરીને પ્રભુ બોલ્યા, - ''नात्मानं जयिनं मेने...।''- “વરાહનારાયણ યુદ્ધ જીત્યા ખરા, પણ જીત સહેલી ન લાગી ! તેવો સમર્થ હિરણ્યાક્ષ હતો. હિરણ્યકશિપુ તો વૈકુણ્ઠ સુધી વિજય કરતો પહોંચ્યો. વૈકુણ્ઠનાથ પણ તેના હૃદયમાં વિરાજી ગયા, યુદ્ધ ન કર્યું !” ભક્તિ પછી શૌર્ય બતાવ્યું, પછી દેવોને ઓળખ્યા છતાં શરીરનું દાન કરનાર વિરોચનને ગાયા.

સ્નેહ, શૌર્ય અને સમર્પણ બલિના પૂર્વજોમાં છે. બલિમાં ત્રણે છે. આત્મનિવેદન માટે ત્રણે આવશ્યક છે. સ્નેહ ત્યાગનું સામર્થ્ય આપે છે. શૌર્ય રણમેદાનમાં તો કૌર્ય રૂપે દેખાય છે. ભક્તિમાં શૌર્ય સ્વભાવવિજય રૂપે વિલસે છે. ઉદારતા સમર્પણનું આવશ્યક અંગ બને છે.

“હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને;
પરથમ પહેલું મસ્તક મૂકે, તે પામે રસપીવા જોને.”

પોતાની જરૂરિયાત પૂરતું લેનારને દોષ ન લાગે ! : વામનજીએ પોતાનાં ત્રણ પગલાં માપીને પૃથ્વી માગી ! : જેના વિના જીવન ન નભે તે જરૂરિયાત ! બાકી તો જંજાળ ! :

तस्मात् त्वत्तो महीमीषद्वृणेऽहं वरदर्षभात् ।
पदानि त्रीणि दैत्येन्द्र संमितानि पदा मम । (१६)

“ઉદાર આપનાર તું છે; પણ તારી પાસેથી હું થોડી ભૂમિ માગું છું. મારા પગથી મપાયેલ ત્રણ પગલાં ભૂમિ માગું છું !” - ચતુરશિરોમણિ ભગવાને યાચના મૂકી, “માત્ર ત્રણ પગલાં” - ''पदानि त्रीणि''- બોલે તો, ગમે તેના ત્રણ પગલાં અર્થ થઈ શકે છે; તેથી ''संमितानि पदा मम ।''- “મારા પગથી મપાયેલ” - એવી શરત મૂકી. ''ईषद्''- કહીને, પોતે અધિક નથી માગતા, સ્વલ્પ જ માગે છે- તે તરફ બલિનું ધ્યાન દોર્યું. ''वरदर्षभात्'' અને ''दैत्येन्द्र''- કહીને બલિને તેના સ્થાન અને માનનું ભાન કરાવ્યું. પોતાની માગણીની સફલતા સુદૃઢ કરી. ''दैत्येन्द्र''- શબ્દમાં “ઈન્દ્ર” શબ્દ ઐશ્વર્યવાચક છે. ''इदि परमैश्वर्ये ।''- ધાતુપાઠ છે. તેમાં વામનજી વિલક્ષણ રીતે સૂચવે છે- “દૈત્યેન્દ્ર ! ઐશ્વર્ય છે, માટે આપવાની ઉદારતા કરો છો !” હોય અને આપે તે ઉદારતા છે, પણ ન હોય છતાં

યથાસંભવ આપ્યા વિના રહી ન શકે ! ત્યાં પ્રીતિ છે. આત્મનિવેદનમાં દાનની ઉદારતા નહિ, સ્નેહનું સમર્પણ હોય !

શ્રીનાથજીમાં અનન્ય પ્રીતિવાળા એક ભક્ત. ત્રિપુરદાસ તેમનું નામ. શ્રીનાથજી માટે અતિ-સુંદર વસ્ત્ર પ્રતિવર્ષ મોકલે. શીતકાલમાં ધરાય તેવું મોકલે. ભગવદિચ્છાએ કઠિન કાલ આવ્યો. અતિ-સુંદર વસ્ત્ર લાવી શકે તેવી આર્થિક સ્થિતિ ન હતી. પ્રભુને તો ઉત્તમ વસ્તુ અંગીકાર કરાવાય. મનમાં ખૂબ દુ:ખ થયું. પ્રીતિ હતી, ન રહેવાયું. પરિણામે રૂપાનું ખડિયાનું ઢાંકણ વેચીને સામાન્ય કાપડ લઈને મોકલ્યું ! શ્રીનાથજીના ભંડારમાં પહોંચ્યું. ખૂણામાં મુકાયું. શીતકાલમાં પ્રભુને સુયોગ્ય વસ્ત્ર ધરાવાયાં હતાં. સેવામાં શ્રીગુસાંઈજી હતા. પ્રભુએ "શીત લાગે છે !" - કહ્યું. અંગિઠી (અગ્નિપાત્ર-સગડી) સન્મુખ ધરી, વસ્ત્ર વિશેષ ધર્યા કર્યાં, છતાં શીત ન ઘટી. છેવટે ભંડારમાં પડી રહેલુ ત્રિપુરદાસનું સામાન્ય વસ્ત્ર આવ્યું. તાત્કાલિક વસ્ત્ર સિદ્ધ કર્યું. તે ધરતાં જ પ્રભુની શીત ગઈ; વસ્ત્રથી નહિ, ભાવની ઉષ્માથી ! પ્રેમવશપ્રભુ ! પ્રેમ પ્રતિકૂલતામાં પણ આપ્યા વિના રહી ન શકે. પ્રભુ તેને સ્વીકાર્યા વિના ન રહે !

બલિના કુલધર્મને વર્ણવતાં વામને સદ્ધર્મ પણ વર્ણવ્યો,- ''नैनः प्राप्नोति वै विद्वान्यावदर्थ प्रतिग्रहः ।''- સમજીને જરૂરિયાત જેટલું લેવામાં દોષ ન લાગે. જીવનને સાનુકૂલતાથી નિભાવે તેટલી જરૂરિયાત ગણાય. જરૂરિયાતથી વધારાનું મળતાં મોજ-શોખ આવે છે. મોજ મોતના મોંમાં ધકેલે છે. શોખ શોકના સાગરમાં ડુબાડે છે. મોજ-શોખ પ્રભુથી વિમુખ બનાવે છે. મોજ-શોખથી સદાચાર જતાં અનાચારથી મોત જેવી મૂંઝવણો ઊભી થાય. સદ્‌વિચાર જતાં, વ્યર્થ કુવિચારોથી શોક-સંતાપ થયા કરે. આજે મોજશોખ તરીકે વપરાતી વસ્તુ, ક્રમશઃ જરૂરિયાતની બની જાય છે. જરૂરિયાત વધારીએ તેટલી વધે છે. તેને પહોંચી વળવા આવક વધારવી પડે ! અશાન્તિ તેથી ઊભી થાય, અકળામણ થયા કરે. જીવન વ્યર્થ વેડફાઈ જાય, રળ્યા પછી પણ રળ્યા કરવું પડે !

બલિએ વામનની નાનકડી માગણી સાંભળી. દાતાની ઉદારતા અને યાચકનો સંતોષ, દાતાનો અધિક દેવાનો આગ્રહ અને યાચકનો અધિક ન લેવાનો નિર્ણય- એ મંગલ સંસ્કૃતિનું દર્શન છે ! બલિએ વામનને વધારે માગવા વિનવ્યા. ''अहो ब्राह्मणदायाद ।''- સંબોધને સ્નેહથી ઉપાલંભ આપ્યો, - "બ્રાહ્મણ-પુત્ર છો ! એટલે આટલું ઓછું માગો છો ! મારી પાસે આવનારને અન્યત્ર માગવું ન પડે. આજીવિકા જેટલી ભૂમિ લો !"

ભગવાને દૃઢતાથી ઉત્તર આપ્યો, "અજિતેન્દ્રિયને જગતભરનાં સુખ પણ સંતોષી ન શકે !" જરૂર પૂરતાં અન્ન, વસ્ત્ર અને વાસસ્થાન જીવનમાં આવશ્યક છે. તે ત્રણમાં જેને સંતોષ ન થાય, તેને સામ્રાજ્યથી પણ સુખશાંતિ ન મળે. સંતોષમાં સુખ છે. અસંતોષની આગ તો સદા બાળે છે !

यदृच्छालाभतुष्टस्य तेजो विप्रस्य वर्धते ।
तत् प्रशाम्यत्यसंतोषादम्भसेवाशुशुक्षणिः ॥ (૨૬)

"ભગવદિચ્છાથી જે મળે તેમાં સંતોષ રાખનાર વિપ્રનું તેજઃ વધે છે. જલથી અગ્નિ નષ્ટ થાય તેમ, અસંતોષથી તેજઃ નાશ પામે છે. મને ત્રણ પગલાંથી સંતોષ છે."

દાન-તત્પર, બલિને આચાર્ય શુક્રે સમજાવેલી શુક્રનીતિ :

બલિરાજા દાન દેવા તત્પર થયો. ગુરુએ શિષ્યને ચેતવ્યો- "एष वैरोचने साक्षाद् भगवान् विष्णुरव्ययः ।"- પ્રભુનો પરિચય કરાવે તે સદ્‌ગુરુ ! સમર્થ શુક્રાચાર્યે પરિચય તો કરાવ્યો, પણ અસુરસંગના દોષે પ્રભુના બનતાં અટકાવવા લાગ્યા !

"वैरोचने" - સંબોધનથી બલિને તેના પિતાનું અવિચારી દાન યાદ કરાવ્યું. "દેવોને દેહ પણ દાનમાં દેનાર પિતાનો પુત્ર દ્રવ્ય કેમ ન દે ?" - તેવો વિચાર થયો. શુક્રાચાર્યે ભગવાન્ સર્વસ્વ લઈ લેશે-તેમ સ્પષ્ટ સમજાવ્યું, - "न तद्दानं प्रशंसन्ति येन वृत्तिर्विपद्यते ।"- આજીવિકા મુશ્કેલીમાં મુકાય તેવું દાન પ્રશંસાપાત્ર નથી ! પોતાને જીવનનિર્વાહ માટે જોઈતું મળી રહે અને પછી વધારાનું હોય તેનું દાન થાય- તે તો શુક્રનીતિ છે. લોકો અજાણતાં પણ તેને અનુસરે છે ! પોતાને વાપરતાં વધારાનું હોય તે આપવું- તે તો ઉચ્છિષ્ટ ગણાય. પહેલાં, પ્રભુ કે સત્કાર્ય માટે શક્તિ કે ભાવ પ્રમાણે જુદું રાખીને-બાકીનામાંથી પોતાનું ગુજરાન ચલાવાય. પ્રભુના સુખ માટે, પલભરની પણ પ્રસન્નતા માટે, સર્વસ્વ દઈ દેવાનું આત્મનિવેદન કરનાર સ્નેહપૂર્ણ-ભક્ત માટે તો સ્વાભાવિક છે.

પ્રાચીનકાલમાં એક ભગવદ્‌ભક્ત. ઘરમાં ભગવાનની સેવા કરે. ઉષ્ણકાલનો સમય હતો. બજારમાં સુંદર સુગંધી ગુલાબ જોયું. માત્ર એક હતું. પ્રભુને લાયક લાગ્યું. મો માગ્યા મૂલ્યે પ્રભુ માટે લેવા તૈયાર થયો. માળીએ કિંમત કહી. ત્યાં તો કોઈ બાદશાહનો માણસ આવ્યો. તેને પણ ફૂલ ગમ્યું. બાદશાહ માટે લેવા વધારે પૈસા દેવા તૈયાર થયો, કિંમત પરસ્પર વધારતા ગયા. ભક્તે એક લાખ રૂપિયા એક ગુલાબના આપી દીધા ! ભગવાનના શ્રીમસ્તકે ગુલાબ ધર્યું અને ગિરિરાજજીમાં શ્રીનાથજીનું મસ્તક તેના ભારે નમી ગયું ! ભાર પુષ્પનો નહિ, ભક્તના ભાવનો હતો ! બ્રહ્માંડના આધારરૂપ ભગવાન્ ભક્તના ભાવના ભારે નમી પડયા. પ્રભુની પ્રસન્નતા માટે સર્વસ્વ સમર્પણ કરી દેવાનું સામર્થ્ય આત્મનિવેદન કરનાર સ્નેહસભર ભક્તમાં દેખાય છે.

ધર્મ, યશ:, ધંધો, ઉપભોગ અને સ્વજન માટે સરખા ભાગે ધનનો ઉપયોગ કરનાર મુશ્કેલીમાં મુકાતો નથી, આલોક અને પરલોકમાં સુખ મેળવે છે. સર્વત્ર અસત્ય બોલનારને અપયશ: મળે છે. તે જીવતો છતાં મરેલો છે; પણ, -

> स्त्रीषु नर्मविवाहे च वृत्त्यर्थे प्राणसंकटे ।
> गोब्राह्मणार्थे हिंसायां नानृतं स्याज्जुगुप्सितम् ॥ (૪૩)

સ્ત્રી, ઉપહાસ, વિવાહ, આજીવિકા, પ્રાણસંકટ, ગાય અને બ્રાહ્મણ - હિત અને હિંસા અટકાવવાના પ્રસંગોમાં હિતબુદ્ધિથી બોલાયેલું અસત્ય જુગુપ્સિત નથી. અસત્ય તો છે જ ! તેનું ફલ ભોગવીને પણ અસત્ય બોલે, તો નિંદનીય ન ગણાય. આ બધી શુક્રનીતિ છે.

અધ્યાય : ૨૦

અસત્ય જેવો કોઈ અધર્મ નથી : ભક્તોને તો અસત્ય અસહ્ય છે :
ભગવદ્ધર્મ જ મુખ્ય છે, સમાજ - શાસ્ત્ર - મર્યાદા તેમાં ગૌણ છે ! :

રાજા બલિએ ગુરુ શુક્રાચાર્યની વાત સાંભળી. ક્ષણ મૌન રહ્યા. ધર્મવિદ્-બલિએ નિર્ણય ક્ષણમાં કરી લીધો,

न ह्यसत्यात् परोऽधर्म इति होवाच भूरियम् ।
सर्वं वोढुमलं मन्ये ऋतेऽलीकपरं नरम् ॥ (૪)

અસત્યથી વધારે મોટો કોઈ અધર્મ નથી. જૂઠાણા વગર બધું સહ્ય છે. અસત્ય અસહ્ય છે. ભગવદ્ભક્તોમાં અસત્ય ન હોય, લોભ ન હોય. અસત્ય અને લોભનું પરિણામ દંભ છે. સંસારિભક્તોને દંભ સ્વાભાવિક લાગે છે. ભક્તોને તે અસહ્ય ગૂંગળાવનારો લાગે છે ! "ददामीति प्रतिश्रुत्य प्राह्लादिः कितवो यथा ।"- "આપવાની પ્રતિજ્ઞા કરીને પ્રહ્લાદનો પૌત્ર કપટીની જેમ ફરી જાય !" "प्राह्लादिः"- હૃદયને ઢંઢોળતો, સત્યને જગવતો શબ્દસ્પર્શ થયો !

એક તરફ ઉપકારક, વત્સલ, સમર્થ ગુરુની આજ્ઞા છે. તેનો અનાદર ન થાય. બીજી તરફ આપેલા વચનનો ભંગ ન થાય. અસત્ય મોટો અધર્મ છે. આજ્ઞાપાલન અને વચનપાલન પરસ્પર વિરુદ્ધ થયાં. વિચક્ષણ, ધર્મવિદ્-બલિએ ક્ષણમાં નિર્ણય કર્યો. -"હું "प्राह्लादिः"- ભક્ત પ્રહ્લાદનો પૌત્ર !" પ્રહ્લાદે ગુરુ અને પિતાની આજ્ઞા ધર્મ અને ભગવાનથી વિરુદ્ધ હોવાથી નથી માની ! ગુરુ અને પિતા ભગવદ્ભજન છોડવા કહેતા હતા. પ્રહ્લાદે ન છોડ્યું. સત્યને, ધર્મને, પ્રભુને પ્રહ્લાદ દૃઢતાથી વળગી રહ્યા. પિતા અને ગુરુ કરતાં ભગવદ્ધર્મને મુખ્ય ગણ્યો. પ્રહ્લાદ મર્યાદાભક્ત છે, છતાં તેમાં આ પુષ્ટિનો અંશ છે ! "पितृदेवो भव, आचार्यदेवो भव ।"- વેદમાં કહેલી મર્યાદાજ્ઞા છે. પ્રહ્લાદે પિતા સામે પ્રકોપ નથી કર્યો, વૈર કે દ્વેષ નથી રાખ્યાં, પણ તેમના ભગવદ્ધર્મવિરોધી વ્યવહારને વશ નથી થયા ! ભગવદ્ધર્મની મુખ્યતાથી મર્યાદાધર્મની ગૌણતા તે પુષ્ટિ-અંશ છે !

રામાયણ મર્યાદાધર્મની કથા છે. જીવનમંગલ કરતી કથા છે. રાણી કૈકેયીએ રાજા દશરથ પાસે બે વચન માગ્યાં. ભરતને રાજ્યતિલક થાય ! રામ ચૌદ વર્ષ ઉદાસ રીતે વનવાસ ભોગવે. મર્યાદા-પુરુષોત્તમ રામે દૃઢતાથી માતાપિતાની આજ્ઞાની મર્યાદા પાળી, પણ ભરતજીએ પોતાને રાજ્યતિલક ન કરવા દીધું ! "मातृदेवो भव"- એ શાસ્ત્રાજ્ઞા છે. મા-બાપ વગેરે બધાંની આજ્ઞાનો લોપ ભરતલાલે કર્યો ! એ સ્વચ્છન્દ નથી, ભગવદ્ધર્મની મુખ્યતા છે. મર્યાદાકથામાં પુષ્ટિ-અંશ છે ! પોતાના પ્રભુ રામચન્દ્રજી પ્રત્યેના આદરમાં - ભગવદ્ધર્મમાં - વિરોધ થાય તેવી આજ્ઞા ન માની, છતાં દોષ લાગ્યો નથી ! ભરતજી ઉત્તમ ભક્ત છે. વિભીષણે મોટાભાઈ રાવણની આજ્ઞા ભગવાન્ રામવિરોધી હતી, ન માની. રામનું શરણ લીધું. કૃતાર્થ થયા. દોષ નથી લાગ્યો ! જન્મીને વનમાં ચાલ્યા જતા પ્રભુપરાયણ શ્રીશુકે પણ પાછા ફરવાની વ્યાસ મહર્ષિજીની પિતૃ-આજ્ઞા નથી માની. શ્રીશુકને દોષ નથી લાગ્યો ! પ્રભુચિંતનપરાયણ હતા. નિર્દોષ રહ્યા.

યદુએ પિતા યયાતિની આજ્ઞા ન માની. પોતાની યુવાની પિતાને ન આપી. યુવાની આપે તો અધર્મ થાય અને ભગવાનની સેવા ન થાય. આ યદુને પુષ્ટિભક્ત ગણ્યા છે !

પ્રિયવ્રતે પણ મનુની રાજ્ય કરવાની આજ્ઞા નથી માની. ભગવદારાધન માટે વનમાં ગયા છે. તેમાં પ્રભુની મુખ્યતા ગણતાં દોષ નથી !

શ્રીગોપીજને પણ રાસના પ્રારંભમાં પાછા જવાની ભગવાનની આજ્ઞા નથી માની. ભગવાનની ઈચ્છાને ઓળખી છે. વનમાં રહ્યાં છે. દોષ નથી લાગ્યો. તે પુષ્ટિ રૂપ છે!

બલિએ ગુરુ શુક્રાચાર્યની દાન ન દેવાની આજ્ઞા ન માની. શાપ ગુરુએ દીધો, છતાં કૃતાર્થ બલિ થયો. તે પુષ્ટિ રૂપ છે!

આ બધા પ્રસંગોમાં સ્વાર્થ માટે કે સ્વચ્છન્દથી આજ્ઞાની અવજ્ઞા કરવાનો કોઈનો ઈરાદો નથી. પ્રભુ પ્રત્યેના પ્રેમની પ્રગાઢતા જ તેમાં પ્રેરક છે, તેથી સૌ નિર્દોષ ભક્તો છે.

પોતાનું માનેલું સત્ય સામા પર ન લાદતાં, પોતે જ દઢતાથી આચરતા સત્ય માટે સઘળું સહન કરતા, પ્રહ્લાદજી સાચા સત્યાગ્રહી છે!

ભક્ત પ્રહ્લાદે અસહ્ય યાતનાઓ પણ કટુતા વિના સહી લીધી. વિરોધ ન કર્યો! સત્યને દઢતાથી વળગી રહ્યા. હિરણ્યકશિપુ જેવા સમર્થ અને ત્રાસ વર્તાવતા ભીષણશાસકની સામે પ્રહ્લાદજીનો શાંત-પ્રસન્ન- નિર્વૈર-સ્વસ્થ-દઢ-સાચો-અહિંસક-નિર્ભય સત્યાગ્રહ હતો! પ્રહ્લાદજી યથાર્થ અહિંસક સત્યાગ્રહના પ્રણેતા છે. તેમણે અનેકને એકઠા કર્યા વિના, એકલા અને અણનમ રહીને દુષ્ટ સમ્રાટને પ્રભુબલથી નમાવ્યો, ગભરાવ્યો! તેમને પીડવાથી અસુર મર્યો. સામાને નુકસાન કર્યા વિના, તેનું અનિષ્ટ ઈચ્છ્યા વિના, પોતે પ્રસન્ન રહીને, ત્રાસ સહીને, પ્રતિકાર કર્યા વિના, પોતાના ધર્મને પ્રહ્લાદજી વળગી રહ્યા. સર્વ દુ:ખો સહન કરવાનું ધૈર્ય પ્રહ્લાદે બતાવ્યું. વિવેક, ધૈર્ય અને દઢ ભગવદાશ્રય તેમનામાં દેખાય છે. "प्रकृष्टो ह्लादः आह्लादः यस्यास्तीति प्रह्लादः।"- પ્રકૃષ્ટ આહ્લાદ એટલે પ્રહ્લાદ! પ્રતિકૂલતામાં પણ પ્રહ્લાદની પ્રસન્નતા પલભર ઘટી નથી, ઉગ્ર કે વ્યગ્ર થયા નથી. પ્રાણની પણ પરવા કર્યા વિના પ્રહ્લાદ પ્રસન્નતાથી સત્યને વળગી રહ્યા, પ્રભુપરાયણ રહ્યા. ભગવદ્ધર્મ હૃદયમાં હોય નહિ તો, સાચો અહિંસક સત્યાગ્રહ થઈ શકે નહિ! પિતા અને ગુરુનું ન માનવાનો દોષ પ્રહ્લાદને લાગ્યો નથી. "प्राह्लादिः"- શબ્દનો આ દઢતા દેનારો, સત્યમાં અને સન્માર્ગે સ્થિર રાખનારો, અદ્ભુત સ્પર્શ બલિના હૃદયને થયો. ધર્મવિદ્-બલિએ ધર્મનિર્ણય કરી લીધો.

પ્રહ્લાદજીના પૌત્રે રાજ્ય-લક્ષ્મી છોડીને લક્ષ્મીપતિને ઈચ્છેલું દેવાનો સુદઢ સંકલ્પ કરી દીધો : ભગવાન્ વામનમાંથી વિરાટ્ થયા! :

વિવેકભરી ભાષામાં ગુરુ શુક્રાચાર્યને પોતાનો દઢ નિર્ણય કહી દીધો. યુદ્ધમાં સામા મોંએ મરનારા તો બહુ મળે, પણ સુપાત્રને સર્વસ્વ દઈ દેનારા મળવા મુશ્કેલ છે!

मनस्विनः कारूणिकस्य शोभनं यदर्थिकामोपनयेन दुर्गतिः ।
कुतः पुनर्ब्रह्मविदां भवादृशां ततो बटोरस्य ददामि वाञ्छितम् ॥ (१०)

સુપાત્ર માગનારને ઈચ્છેલું દેતાં, દારિદ્રય રૂપ દુર્ગતિ મળે તે તો ઉદાર સત્ત્વશીલની શોભા છે, તો આપ જેવા બ્રહ્મજ્ઞને દેવામાં વાંધો શો? તેથી હું આ બટુકનું ઈચ્છેલું, તેને આપીશ. તે વિષ્ણુ વરદ હો કે મૃત્યુપ્રદ હો, બ્રાહ્મણ રૂપે પધાર્યા છે!"

શુક્રાચાર્યને આમાં અવજ્ઞા લાગી. રાજ્યલક્ષ્મીથી શીઘ્ર ભ્રષ્ટ થવાનો શાપ બલિને દીધો,

છતાં બલિ ચલિત ન થયો ! આદર અને અર્ચન માટે પાદ-પ્રક્ષાલન કરવા તૈયાર થયો. મહારાણી વિન્ધ્યાવલિજી પોતે સુવર્ણનાં ઝારીજીમાં જલ લાવ્યાં. પ્રભુનું વિશ્વપાવક ચરણજલ બલિએ મસ્તકે પધરાવ્યું. દેવોએ પુષ્ટવૃષ્ટિ કરી. મંગલવાદ્ય વાગ્યાં.

વામન રૂપ વધવા લાગ્યું. વિરાડ્રૂપ થયું ! વિશ્વરૂપ વિભુનાં દર્શન થયાં. બલિની પૃથ્વી એક પગથી મપાઈ ગઈ. બીજા પગે તો સ્વર્ગ મપાઈ ગયું ! ત્રીજા પગલા માટે અણુ પણ પૃથ્વી ન રહી ! ભગવાનનો ચરણ તપોલોકથી પણ ઉપર પહોંચ્યો !

અધ્યાય : ૨૧

ભગવાનના ચરણનખને બ્રહ્માજીએ ધોતાં વિશ્વપાવની ગંગાજી થયાં ! :

ભગવાન્ માગે તે કૃપા છે ! : પ્રભુ પોતાનો બનાવે તેને બાંધીને બધાથી જાુદો રાખે ! :

બ્રહ્માજીએ સત્યલોકમાં ભગવાનના નખચન્દ્રનાં દર્શન કર્યાં. નખચન્દ્રના તેજઃથી સત્યલોક પણ ઝાંખો લાગ્યો. વંદન કરીને બ્રહ્માજીએ બ્રહ્મર્ષિઓ સાથે પૂજન કર્યું.

धातुः कमण्डलुजलं तदुरुक्रमस्य पादावनेजनपवित्रतया नरेन्द्र ।
स्वर्धुन्यभून्नभसि सा पतति निमार्ष्टि लोकत्रयं भगवतो विशदेव कीर्तिः ॥ (४)

બ્રહ્માજીનું કમંડલુજલ ભગવાનના ચરણનખ અને રજઃના સંબંધથી વિશ્વને પાવન કરનાર ગંગાજલ રૂપ થયું ! ચરણજલ સેવોપયોગી દેહ દે છે, બાહ્યશુદ્ધિ કરે છે. ભગવાનનો યશઃ સેવોપયોગી સ્વાન્તઃ બનાવે, આંતરશુદ્ધિ કરે છે.

અસુરો યુદ્ધ કરવા આવ્યા. ભગવાનના પાર્ષદોએ રમત માત્રમાં અટકાવ્યા. નન્દ, સુનન્દ, જય, વિજય, પ્રબલ, બલ, કુમુદ, કુમુદાક્ષ, વિશ્વક્સેન, ગરુડજી, જયન્ત, શ્રુતદેવ, પુષ્પદન્ત અને સાત્વત - ચૌદ પાર્ષદોનાં નામ ગણાવ્યાં છે. તેમાંના જય-વિજય વ્યાપિવૈકુણ્ઠમાંના છે. બલિએ પોતાના યોદ્ધાઓને વિવેકથી અટકાવ્યા. સાનુકૂલ સમયની રાહ જોવા સમજાવ્યા.

પક્ષિરાજ ગરુડે ભગવદિચ્છા જાણીને બલિને વરુણપાશમાં બાંધ્યો. લક્ષ્મી જવા છતાં બલિનું લક્ષ્ય ન બદલાયું ! સમૃદ્ધિ ચલ હતી ગઈ. પણ બુદ્ધિ અચલ હતી,- રહી !

ભગવાને માગણી કરી, —

द्वाभ्यां क्रान्ता मही सर्वा तृतीयमुपकल्पय ।

"બે પગલાંમાં સઘળી પૃથ્વી લીધી. ત્રીજું પગલું લાવ !" ભગવાન્ સ્વમુખે માગે તે કૃપા છે. ભક્તના આત્મનિવેદનનો અંગીકાર છે, આત્મીયતાનું દાન છે !

૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં, પ્રાયઃ દરેક વાર્તામાં, "ભગવાન્ જોઈતું માગી લેતા !"- તે જોવા મળે છે. પ્રભુ પોતાનું માને તો માગીને માણે. આપ્તકામ અને પૂર્ણકામ પ્રભુ ભક્તની કૃતાર્થતા માટે પ્રેમવશ બનીને કામના અને યાચના કરે છે ! શ્રીનાથજી એક વખત મથુરા પધાર્યા. શ્રીગુસાંઈજીના પુત્ર શ્રીગિરિધરજીએ સર્વસ્વ સમર્પણ કર્યું. એક નાનકડી દીકરીના કાનમાં સોનાની વાળી રહી ગઈ. ભગવાને પ્રેમથી માગી લીધી ! કૃતાર્થ કર્યા.

ભગવાને બ્રાહ્મણ શુક્રાચાર્યનો શાપ સત્ય કરવા, બલિને પહેલાં અહંકાર હતો તે સંપૂર્ણ દૂર કરવા, બંધનથી દુઃખાનુભવ કરાવ્યો ! "બલિ" તો પૂજનપદાર્થ રૂપ છે. પ્રભુના પૂજનનો ઉપયોગી પદાર્થ બાંધીને જુદો રખાય છે. કંકુ વગેરે પૂજનપદાર્થ બજારમાંથી પોતાને ત્યાં બાંધીને લાવવામાં આવે છે. તેમ આત્મનિવેદનના પૂર્વમાં આ બંધન છે ! પોતાના ભક્તને સ્વલ્પ સજા ભોગવાવીને ભગવાન્ દોષ મુક્ત કરી દે છે. ક્યારેક તો સ્વપ્નમાં પણ સજા ભોગવાવી દે છે.

પ્રભુએ બલિને પોતાનો ગણ્યો. વિકાર તેમાં ન આવે તેમ તેનો સ્વીકાર કરવા બાંધીને બધાથી જુદો રાખ્યો ! તે કૃપા જ છે. ભગવાન્ જેને પોતાનો બનાવવા ઈચ્છે, તેને બધાથી જુદો પાડે છે !

અધ્યાય : ૨૨

વચન-પાલન-પરાયણ બલિએ પોતાનો અંગીકાર કરવા ત્રીજું ચરણ પોતાને માથે મૂકવા ભગવાનને વિનવ્યા :

બલિને બંધનનું દુઃખ ન થયું, વચન પળાયું નહિ તેનું દુઃખ થયું ! દીનભાવે પ્રભુને વિનવ્યા,-

यद्युत्तमश्लोक भवान् ममेरितं वचो व्यलीकं सुरवर्य मन्यते ।
करोम्यृतं तन्न भवेत् प्रलम्भनं पदं तृतीयं कुरु शीर्ष्णि मे निजम् ॥ (२)

"મારું વચન આપને અસત્ય લાગતું હોય, છેતરનારું લાગતું હોય, તો હું તે સત્ય કરું છું. મારા મસ્તકે આપનું ત્રીજું ચરણ પધરાવો !"

પ્રભુએ બે પગલાંમાં બલિનું સર્વસ્વ લીધું. "હું અને મારું", - બેમાં માનવનું સઘળું સમાઈ જાય છે. તે પહેલાં પ્રભુ લે. અહંતા-મમતા જાય, "સઘળું પ્રભુનું છે", - તેમ સમજાય, પછી પ્રભુ પ્રેમથી અંગીકાર કરે. પુષ્ટિમાર્ગીય આત્મનિવેદનના ગદ્યમન્ત્રમાં પહેલાં સર્વસ્વ-સમર્પણ છે, પછી આત્મસમર્પણ છે.

બલિના અંતઃકરણનો આમાં આર્તનાદ છે, - "નાથ ! સઘળું સ્વીકાર્યું, કૃપા કરી મારો પણ અંગીકાર ન કરો ? મસ્તકે ચરણ પધરાવો !" અહંતા-મમતા જાય પછી બુદ્ધિમાં પ્રભુનું શરણ અને ભગવાનને અનુકૂલ આચરણ આવે છે. ભક્ત પોતાને અનુકૂલ કે ગમતું નથી કરતો, ભગવાનને ગમતું કરે છે. તેની સમજ માટે "निज"- કહ્યું છે. ભગવદ્ધર્મ અને પ્રભુને અનુકૂલ આચાર રૂપ દાસધર્મની સમજ માગી છે, પણ "मे"- શબ્દ સ્વભાવવશ આવી ગયો. જીવ વસ્તુને પોતાની માને ત્યાં સુધી પ્રભુ ન સ્વીકારે ! "मर्त्यस्य गेहैः किमिहायुषो व्ययः ।"- મરણના પાશમાં પકડાયેલા માનવને ઘરનાં ધન-જન કેટલા ઉપયોગી થાય ? તેમાં આયુષ્યનો વ્યર્થ વ્યય માનવ કરે છે.

ભગવાને દીધેલું સામ્રાજ્ય ભગવાને લીધું, પ્રહ્લાદજીએ તેને જ યોગ્ય કૃપા કહી :

બલિ બોલતા હતા, ત્યાં તો ભક્ત પ્રહ્લાદ પધાર્યા. પહેલાં પ્રહ્લાદ પધારે ત્યારે બલિ વિવિધત્ પૂજન કરતા હતા. આજે બંધનમાં હતા. માત્ર વંદનનો વિવેક કર્યો. પ્રભુ પણ પાસમાં વિરાજતા હતા. તેમની મર્યાદા પાળી. ભગવાન્ અને ભાગવતની સન્મુખમાં બીજા કોઈનો ચરણસ્પર્શ વગેરે ન થાય. ભક્તો તો ભગવાનની કૃપા સમજીને સર્વ સ્થિતિમાં પ્રભુનો પ્રસન્નતાથી ઉપકાર માને

છે. પ્રહ્લાદે ઉપકાર કહ્યો :

त्वयैव दत्तं पदमैन्द्रमूर्जितं हृतं तदेवाद्य तथैव शोभनम् ।
मन्ये महानस्य कृतो ह्यनुग्रहो विभ्रंशितो यच्छ्रिय आत्ममोहनात् । (१६)

ઈન્દ્રપદ આપે આપ્યું. લઈને અંગીકાર પણ કર્યું. આપે તે ઉત્તમ કર્યું. અનુપમ અનુગ્રહ કર્યો. લપસાવનારી લક્ષ્મી લઈ લીધી. વિમુખ થતો બચાવ્યો !

ભગવાનનું ભગવાનને દેવાનું કહીને વિન્ધ્યાવલિજીએ બલિની બગડતી બાજી સુધારી :

બ્રહ્માજી બોલવા ગયા, ત્યાં તો પતિની મતિ જેવાં સતી વિન્ધ્યાવલિ પતિની ગતિ જોઈને રતિથી વિશ્વપતિને વિનવવા લાગ્યાં.

क्रीडार्थमात्मन इदं त्रिजगत् कृतं ते स्वाम्यं तु तत्र कुधियोऽपर ईश कुर्युः ।
कर्तुः प्रभोस्तव किमस्यत आवहन्ति त्यक्तह्रियस्त्वदवरोपितकर्तृवादाः ॥ (२०)

વિશ્વ વિભુનું છે. પોતાના વિહાર માટે વ્યક્ત કર્યું છે, વ્યક્તિને પોતાના વિલાસ માટે દીધું નથી. વિભુને વિનિયોગ કરાવીને વ્યક્તિએ તો ધન્ય થવાનું છે. જીવ પોતાને ભોક્તા માની બેસે, પોતે સ્વામી બની બેસે, તે કુમતિ છે. વિશ્વનું સર્જન કરનાર, પાલન કરનાર અને "अस्यतः"- ઉપસંહાર કરનારને જીવ શું દઈ શકે !? "અમે પ્રભુને આપીએ છીએ," - એમ માનનારાએ તો શરમ પણ છોડી દીધી છે. માયામાં ભાન ભૂલેલા છે. "મારું અંગીકાર થાય" - એમ માનીને સેવા કરનારાને આમાં સંકેતથી સૂક્ષ્મ સૂઝ છે. "હું પ્રભુનો છું. સઘળું પ્રભુનું છે," - તેમ સમજી પ્રભુનું પ્રભુને અંગીકાર કરાવીને જીવે તો સૌભાગ્યસંપન્ન થવાનું છે.

પતિની પૂર્ણતા પત્ની કરે છે. સેવામાં તે સહકાર સૂચવે છે. પુરુષને શ્રદ્ધા, સન્મુખતા અને સફલતા સ્ત્રીના સહકારથી સરલ બને છે. વિન્ધ્યાવલિએ બલિની બગડતી બાજી સુધારી ! બ્રહ્માજીએ ભગવાનને વિનવ્યા, - "સ્નેહથી સ્વલ્પમાં સન્તુષ્ટ થઈને, શ્રેષ્ઠ ગતિ આપ આપો છો ! બલિએ બળતરા વિના ત્રિલોક દીધા. ત્રિલોકનાથ ! તેને બંધન કેમ હોય ?"

ભગવાને અનુગ્રહ ઓળખાવ્યો :

ब्रह्मन् यस्यानुगृह्णामि तद्विशो विधुनोम्यहम् ।
यन्मदः पुरुषः स्तब्धो लोकं मां चावमन्यते ॥ (२४)

અનુગ્રહ ઓળખવો અઘરો છે. પોતાનો બનાવવો હોય તેને પારકો મટાડવા તેનું સર્વસ્વ હું સ્વીકારી લઉં ! અનર્થ કરતો અર્થ, વ્યર્થ ન વપરાતાં, પ્રભુના સ્વીકારથી કૃતાર્થ બનાવે છે. પૈસા વધે તો અભિમાનથી અપમાન સૌનું કરે !

जन्मकर्म वयोरूपविद्यैश्वर्यधनादिभिः ।
यद्यस्य न भवेत् स्तम्भस्तत्रायं मदनुग्रहः ॥ (२६)

કુલિનતા, સત્કર્મ, યૌવન, સૌન્દર્ય, સદ્‌વિદ્યા, સત્તા અને સંપત્તિ વગેરે સઘળી શ્રેષ્ઠતા મળવા

છતાં, મદોન્મત્ત ન બને ત્યાં મારી કૃપા છે ! પ્રભુપરાયણને પૈસો, પદ કે પ્રતિષ્ઠા મોહ કરાવતાં નથી.

બલિરાજા હવે પછીના મન્વન્તરમાં ઈન્દ્ર થશે. ''इन्द्रसेन महाराज''- ભગવાને બલિને સંબોધન કર્યું. પ્રભુએ ઈન્દ્રપદ લીધું, પણ ઈન્દ્રસેન પદ દીધું ! પ્રભુ લે છે તેથી અધિક દે છે. લૌકિક લઈને અલૌકિક આપે છે ! ''भद्रमस्तु ते''- કહીને કલ્યાણ થવાનો આશીર્વાદ આપ્યો. આત્મનિવેદન કરનારનું કલ્યાણ પ્રભુ કરે જ છે. બલિની આજ્ઞા ન માનનાર દૈત્યને સુદર્શન-ચક્ર મારે, બલિ સુતલમાં સદા ભગવાનનું દર્શન કરે તેવાં વરદાન પ્રભુએ દીધાં. ''ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ।''- પ્રભુની પ્રતિજ્ઞા છે. પ્રભુને પોતાનું સર્વસ્વ દેનારને પ્રભુ પણ પોતાનું સર્વસ્વ દે છે ! પ્રભુનું સર્વસ્વ તેમનું સ્વરૂપ જ છે. ભગવાન્ સદા દર્શન દેતા બલિ પાસે સુતલમાં વિરાજવા વચનથી બંધાયા ! ભક્ત વચનબદ્ધ થયો હતો. ભગવાન્ વચનબદ્ધ થયા ! ભક્તની પાછળ ભગવાન્ પધારતા હતા. અસુરોના સંગથી ભક્તમાં આવતો આસુરભાવ પોતાનાં દર્શન[illegible] ભાવવશ ભગવાન્ દૂર કરે છે. દર્શનથી દુષ્ટતા દબાય છે !

અધ્યાય : ૨૩

ભક્તકલ્પતરુ ભગવાને બલિના પ્રણામના પ્રયત્નને સફલ કર્યો :

બલિ પાસેથી સ્વર્ગ લઈ ઈન્દ્રને દીધું, બ્રહ્માજી પાસેથી પૂજન લઈ ગંગાજી રૂપે વિશ્વને દીધું, બલિને શરણે લઈને પોતાનું સન્નિધિ દીધું :-

બલિ પ્રેમમગ્ન થયો. પ્રભુનાં વાક્યોથી ધન્યતા શબ્દ રૂપે સ્ફુરી, –

अहो प्रणामाय कृतः समुद्यमः प्रपन्नभक्तार्थ-विधौ समाहितः ।
यल्लोकपालैस्त्वदनुग्रहोऽमरैरलब्धपूर्वोऽपसदेऽसुरेऽर्पितः ॥ (२)

“મેં તો આપને પ્રણામ કરવાનો પ્રયત્ન માત્ર કર્યો છે ! પ્રણામ પ્રેમોપહાર સહિત થાય. ત્રણ પગલાં પૃથ્વી ભેટ ધરવાનો મનોરથ કર્યો, પણ બે જ ધરાયાં. ત્રીજું તો બાકી રહ્યું, છતાં આપે કૃપા કરી. ઉધમ મેં કર્યો, અધૂરો રહ્યો, પણ મધુરો થયો. મનોરથ પૂર્ણ થયો. ''समुद्यमः''- થયો.” પોતાની શક્તિ પ્રમાણે, સદ્ભાવપૂર્વક, આજ્ઞાપાલન કે આદરનો પ્રયત્ન પણ આત્મનિવેદન રૂપ ગણાય. બાલકને વડીલ ''मृदमानय''- “માટી લાવ !” - આજ્ઞા કરે, બાલક પોતાની શક્તિ પ્રમાણે આદરપૂર્વક સાવધ રહીને, બે હાથે માટી લાવે, તે આજ્ઞાપાલન કે આદર તેના આત્મનિવેદન રૂપ છે.

બલિએ ત્રણ પગલાં પૃથ્વી ભેટ ધરી, વંદન કરી, વામનજીનો પ્રેમથી આદર કરવાનો મનોરથ કર્યો ! સઘળું બે પગલાંમાં જ સમાઈ ગયું. ઉધમ અધૂરો રહ્યો, છતાં યથાશક્તિ, સદ્ભાવપૂર્વકનો સાવધ પ્રયત્ન આત્મનિવેદન રૂપ બની ગયો ! સ્વર્ગ છોડીને સુતલ જવાની ભગવદાજ્ઞા આદરથી પાળી. પોતાનું સર્વસ્વ ભગવાને લઈ લીધું. ઈન્દ્રને દઈ દીધું,- એવું કોઈ માત્સર્ય (અસૂયા) બલિમાં નથી. તે આત્મનિવેદનની પ્રતીતિ રૂપ છે. ભગવાન્ વામનજીને વંદન કર્યાં, બલિ સુતલમાં જવા તૈયાર થયો. ભગવાને બલિ પાસેથી સ્વર્ગ લઈ ઈન્દ્રને દીધું, બ્રહ્માજી પાસેથી પૂજન લઈ, ગંગાજી રૂપે વિશ્વને દીધું. બલિને શરણે લઈ પોતાનું સન્નિધિ દીધું !

नेमं विरिञ्चो लभते प्रसादं न श्रीर्न शर्वः किमुतापरे ये ।
यन्नोऽसुराणामसि दुर्गपालो विश्वाभिवन्द्यैरपि वन्दिताङ्घ्रिः ॥ (६)

દેવને દુર્લભ દયા અસુર ઉપર કરી ! વિશ્વવન્ધ વિભૂતિઓના પણ વન્ધ વિભુ અસુરોના દુર્ગપાલ થયા ! ઈન્દ્રિયના દરવાજે પ્રભુ વિરાજે તો વિષય મનમાં અને તનમાં વ્યાપે નહિ. પ્રભુ-સંબંધથી વિષય પણ વિષરહિત બને,- પ્રસાદ રૂપ બને છે.

"दाक्षिण्यदृष्टिपदवीं भवतः प्रणीताः ।" - અસુરોને ઉદાર અનુગ્રહ નજરે નિહાળ્યા !

सर्वात्मनः समदृशो विषमः स्वभावो भक्तप्रियो यदसि कल्पतरुस्वभावः ॥

ભગવાન્ સર્વના આત્મા રૂપ અને સમદષ્ટિવાળા, છતાં વિષમ સ્વભાવવાળા ભક્તપ્રિય છે. ભક્તોને ઈચ્છેલું દેનારા કલ્પતરુ જેવા સ્વભાવવાળા છે.

"वत्स प्रह्लाद भद्रं ते....।" - ભગવાનનું વાત્સલ્ય ઉભરાયું. પ્રહ્લાદને "વત્સ" કહીને વરસાવ્યું ! "भद्रं ते"- "તમારું કલ્યાણ થજો ! સુતલમાં જાવ. મારું દર્શન નિત્ય થશે. તેના આનંદાનુભવથી કર્મબંધન તૂટશે !" પ્રહ્લાદ બલિ સાથે પ્રભુની પરિક્રમા કરી, પ્રણામ કરી, પધાર્યા.

ભગવાને શુક્રાચાર્યને કર્મપૂર્ણ કરવા કહ્યું. શુક્રાચાર્યે યજમાન પ્રતિનિધિ રૂપે કર્મ સંપૂર્ણ કર્યું. પ્રભુના ઉદાર અનુગ્રહથી શુક્રાચાર્ય પણ સદ્ભાવ-સભર થયા.

मन्त्रतस्तन्त्रतश्छिद्रं देशकालार्हवस्तुतः ।
सर्वं करोति निश्छिद्रं नामसंकीर्तनं तव ॥ (१६)

યજ્ઞાદિ-કર્મની સઘળી ન્યૂનતા ભગવાનનાં નામ-સંકીર્તનથી પૂર્ણ થાય છે. ભક્તકાર્યમાં સ્વયં ભગવાન્ વિરાજી રહ્યા.

ઉપેન્દ્ર ભગવાનને સર્વપતિ રૂપે સૌએ સ્વીકાર્યા. ઈન્દ્રે ઉપેન્દ્રને સ્વર્ગમાં પધરાવ્યા. નિર્ભય થયો.

ઉરુક્રમ ભગવાન્ વામનનું ચરિત નિર્મલ બનાવનારું છે.

क्रियमाणे कर्मणीदं दैवे पित्र्येऽथमानुषे ।
यत्र यत्रानुकीर्त्येत तत् तेषां सुकृतं विदुः ॥ (३१)

યજ્ઞ, શ્રાદ્ધ કે કોઈ પણ મંગલ-કાર્યમાં જ્યાં જ્યાં પ્રભુનાં ચરિત ગવાય, તે ક્રિયાની સંપૂર્ણતાનું સંપાદન કરે છે.

મંગલ-પ્રસંગોમાં ભગવાનનાં કીર્તનાદિ થવાં આવશ્યક છે. પ્રાચીન વૈષ્ણવોમાં તે રીતિ હતી.

અધ્યાય : ૨૪

ગુરુચરિત કરતા, પ્રલયજલવિહારી, ભગવાન્ મત્સ્ય-નારાયણનું ચરિત :

રાજા પરીક્ષિતે મત્સ્યચરિત કહેવા વિનંતી કરી. ધર્મની સૂક્ષ્મતા ભગવાન્ મત્સ્ય જાણે છે. સત્પુરુષના ત્રણે ધર્મો પણ મત્સ્યનારાયણ જાણે છે. ગુરુચરિત રૂપ તેમની કથા છે.

ભક્તકાર્ય માટે ભગવાન્ તામસ રૂપ પણ ધરે છે. ગયા કલ્પના અંતે નૈમિત્તિક લય થયો. બ્રહ્માના મુખમાંથી નીકળેલા વેદોને હયગ્રીવ દાનવ હરી ગયો. ભગવાને મત્સ્ય રૂપ ધારણ કર્યું.

સત્યવ્રત રાજા પરમ તપસ્વી હતા. આ કલ્પમાં તે વિવસ્વાન્ સૂર્યના પુત્ર શ્રાદ્ધદેવ થયા. ભગવાને મનુ બનાવ્યા છે. કૃતમાલા નદીના કિનારે એક દિવસ સત્યવ્રત જલતર્પણ કરતા હતા. તેમની અંજલિમાં જલ સાથે એક માછલી આવી. રાજાએ જલમાં પાછી મૂકી. માછલીને મંજુલ વાણી સ્ફુરી. મહાદયાળુ રાજાને, પોતાને મોટાં માછલાંથી બચાવવા વિનવ્યા. રાજાએ પાત્રમાં મૂકી. મત્સ્ય વધતું ગયું. રાજાએ છેવટે સમુદ્રમાં પધરાવ્યું. એક દિવસમાં સો યોજન વધેલા મત્સ્યને રાજાએ આશ્ચર્યથી વંદન કર્યાં. ભગવાનને જાણ્યા. પ્રપત્તિ કરી. પ્રભુએ સત્યવ્રતને શરણે લીધો. સુરક્ષા માટે સમજ દીધી. "સાતમે દિવસે પ્રલય થશે, સઘળું જલમાં ડૂબશે. તમારી પાસે વિશાલ નૌકા આવશે, તેમાં સર્વ બીજ, જંતુ, સપ્તર્ષિ - સહિત બેસજો. અંધકારમાં ઋષિઓનાં તેજઃ પ્રકાશ દેશે. હું આવીશ. વાસુકિ દ્વારા મારા શૃંગ સાથે નાવ બાંધજો. બ્રહ્મરાત્રિ સુધી હું તમને સાથે રાખીશ. તમને મારા દ્વારા બ્રહ્મજ્ઞાન થશે !" - કહીને પ્રભુ પધાર્યા. અંધકાર સર્વત્ર સર્વ પ્રકારે છવાય ત્યારે બ્રહ્મ-વેદ-જ્ઞાન અને બ્રાહ્મણ સૌને માર્ગદર્શન રૂપ પ્રકાશ આપે છે.

સર્વનાશમાંથી બચવા સુદૃઢ શરીર નૌકા છે. સંયમ અને સાત્ત્વિક-જીવન રૂપ સપ્તર્ષિ છે. માનવ સત્યવ્રત ધારણ કરે. બીજ-જંતુનો સાથ સર્વત્ર દયાસૂચક છે. વાસુકિ શરણાગતિ રૂપ છે. તેનાથી નાવ મત્સ્ય સાથે બંધાય. શરણાગતિથી પ્રભુસંબંધ સુદૃઢ થાય. ભવસાગર ભગવાનના આશ્રયથી તરી જવાય. નૌકાને મત્સ્ય ફેરવે તેમ ફરે. પ્રભુ રાખે તેમ સંસારમાં રાજી રહીને, પ્રભુને ઓળખવાના અને પ્રસન્ન કરવાના પ્રયત્નોમાં પરાયણ રહેવાય !

પ્રભુએ કહેલો સમય આવ્યો. ભગવદાજ્ઞાનુસાર રાજાએ સઘળું કર્યું. મત્સ્યનારાયણની સ્તુતિ ગુરુ રૂપે કરી.

अनाद्यविद्योपहतात्मसंविदस्तन्मूलसंसारपरिश्रमातुराः ।
यदृच्छयेहोपसृतायमाप्नुयुर्विमुक्तिदो नः परमो गुरुर्भवान् ॥ (૪૬)

ભગવન્માયામાંથી ભગવાને પ્રકટ કરેલી અવિદ્યાથી "હું-મારું" - રૂપ સંસારમાં સરતા, આત્મભાન ભૂલતા, પીડાતા, કેવલ કૃપાથી સન્મુખ થતા, જીવોને શરણાગતિથી પ્રાપ્ત થતા, મુક્તિપ્રદ આપ અમારા પરમગુરુ છો. આઠ શ્લોકમાં સ્તવન કર્યું. સ્વરૂપ-જ્ઞાન દેવા વિનંતી કરી.

હયગ્રીવ દાનવને મારી, સર્વોપયોગી વેદોદ્ધાર કરી, પ્રલયજલમાં વિહાર કરતા ભગવાન્ મત્સ્ય- નારાયણે સત્યવ્રતને જ્ઞાન દીધું.

જ્ઞાન લેવા માટે શિષ્ય ગુરુ પાસે જાય. ગુરુ ઊંચા આસને બેસીને જ્ઞાન આપે. શિષ્ય ગુરુની સેવા કરી જ્ઞાન મેળવે. આ સામાન્ય મર્યાદા છે. કરુણાકેતન ભગવાને પુષ્ટિ બતાવી, ઉદાર અનુગ્રહ કર્યો. શિષ્ય સત્યવ્રત પાસે સ્વયં સામે ચાલીને પોતે પધાર્યા. શિષ્ય ઉપર નાવમાં હતો. ગુરુ મત્સ્ય નીચે જલમાં વિરાજ્યા હતા. પ્રલયજલમાં ગુરુ શિષ્યની રક્ષા કરતા હતા. અનુપમ ઉદારતા પ્રભુની છે.

ચાક્ષુષ્-મનુના સમયનો આ પ્રલય માયિક ન હતો. બ્રહ્માની રાત્રિ તે સમયે હતી. ભગવાન્ મત્સ્યે સત્યવ્રતની રક્ષા કરી. સત્ય જેનું જીવન-વ્રત બને, તેની રક્ષા પ્રભુ કરે છે, સાચું જીવનમાર્ગદર્શન પણ આપે છે. આ સત્યવ્રત રાજા અત્યારના કલ્પના મનુ છે.

આ ચરિતના કીર્તનથી સઘળા મનોરથો સફલ થાય છે, પરમ ગતિ મળે છે. શ્રીશુકે ઉદાર ગુરુ રૂપ ભગવાન્ મત્સ્ય-નારાયણને વંદન કર્યાં.

प्रलयपयसि धातुः सुप्तशक्तेर्मुखेभ्यः श्रुतिगणमपनीतं प्रत्युपादत्त हत्वा ।
दितिजमकथयद् यो ब्रह्म सत्यव्रतानां तमहमखिलहेतुं जिह्ममीनं नतोऽस्मि ॥ (६१)

જિહ્મમીન ભગવાનને વંદન !

◆

श्रीहरिः

श्रीगोपीजनवल्लभाय नमः ॥
विजयते श्रीबालकृष्णः प्रभुः ॥

શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ

નવમ-સ્કન્ધ

અધ્યાય : ૧

ભગવાન્ અને ભગવાનને અનુસરનારા ભક્તોની કથા,- ઈશાનુકથા ! તે બધાં દુઃખો દૂર કરીને સુખ દે છે ! :

સદ્ધર્મની સફલતા એટલે ભક્તિલાભ ! પ્રભુની કૃપા દ્વારા ધર્મથી મોક્ષ મળે એ તો સામાન્ય ફલ ગણાય. પ્રભુની વિશેષકૃપાથી સદ્ધર્મ પ્રભુમાં પ્રીતિ કરાવે છે. પ્રભુમાં પ્રીતિ ન થાય ત્યાં સુધી, ધર્માચરણ પરિપક્વ ન ગણાય. લૌકિકલાભ કે પરલોકનાં સુખ તો તુચ્છ છે. તે ભક્તિનાં ફલ રૂપ ન ગણાય. પ્રભુમાં પ્રીતિ થતાં, "શ્રીકૃષ્ણ જ મારું સર્વસ્વ છે, સ્વામી છે." - તેવી ભાવના અંતઃકરણમાં દૃઢ થાય. ભક્તિ તેનાથી વધતી જાય. સદ્ધર્મના ફલ રૂપે થતી ભક્તિ નવમા સ્કન્ધમાં કહેલી છે, તેથી આઠમા અને નવમા સ્કન્ધને કારણ અને કાર્યરૂપતાનો સંબંધ થયો. ભાગવતમાં પૂર્વના સ્કન્ધ સાથે પછીના સ્કન્ધને કારણ-કાર્યનો સંબંધ છે. સદ્ધર્મથી મનની વાસના જાય. ભક્તિથી જીવગત વાસના દૂર થાય.

નવમ-સ્કન્ધમાં ભક્તિનું નિરૂપણ ભગવાન્ અને ભક્તોનાં ચરિતથી કરેલું છે. ભગવાનની આ લીલા "ઈશાનુકથા" છે. ઈશકથા અને ઈશને અનુસરનારની તે કથા,- તે અનુકથા ! ઉભયની કથા ઈશાનુકથા છે.

अवतारानुचरितं हरेश्चास्यानुवर्तिनाम् ।
सतामीशकथाः प्रोक्ता नानाख्यानोपबृंहिताः ॥

હરિના અવતાર અને તેમને અનુસરનાર ભક્તોનાં ચરિતસંબંધી વિવિધ કથાઓ તે ઈશાનુકથા છે. આ વ્યાખ્યામાં "હરિ અને ઈશ" - શબ્દો સૂચક છે. હરિનો સ્વભાવ દુઃખ હરવાનો છે. ઈશ સમર્થ છે, તે ઉત્કૃષ્ટ સુખ આપે છે. દુઃખ દૂર કરીને સુખ આપવું તે ભગવાનની સ્વાભાવિક્તા છે. ભગવાનના ભક્તો પણ ભગવાન્ જેવા જ હોય છે. અવતારદશામાં ભગવાન્ અને અનવતારદશામાં ભગવાનનાં સુચરિત તથા ભક્તો દુઃખ દૂર કરીને સુખ આપે છે. ત્રણ ગુણોના પરસ્પર મિશ્રભાવથી દુઃખ નવ પ્રકારનું છે. દુઃખ દૂર કરનારા ભક્તો પણ ગુણભેદથી નવ પ્રકારના છે. જ્ઞાનથી દુઃખ દૂર કરનારને ગણતાં દશ પ્રકાર થાય.

ભગવાનનું ચરિત કર્મ, જ્ઞાન અને ભક્તિથી ત્રિવિધ છે. તે પણ દુઃખનાશક છે. આમ,-

દુઃખનાશના તેર પ્રકાર થયા. સુખાનુભવ દશ ઈન્દ્રિય દ્વારા થાય છે. સુખ આપનારા ભગવાનના સેવકો પણ ૧૦ પ્રકારના છે. ભગવાનને પણ ગણતાં કુલ ૧૧ થાય. બંને મળીને, દુઃખ દૂર કરીને સુખ દેનારા કુલ ૨૪ પ્રકાર થયા. "ઈશાનુકથાલીલા" ૨૪ અધ્યાયોમાં કહેલી છે.

ભક્તોનાં મન - બુદ્ધિના નિયામક ભગવાન્, બંનેના અધિદેવતા ચન્દ્ર-સૂર્યના વંશમાં પ્રકટ થયા છે :

"સર્વનું મૂલકારણ ભગવાન્ શ્રીકૃષ્ણ છે." - તેમ સ્પષ્ટ સમજીને કૃષ્ણસેવા કરવાથી મનની મલિનતા દૂર થાય છે, આસક્તિ કે વાસના ક્રમશઃ નીકળી જાય છે, સઘળા સદ્ધર્મનો તે સાર છે. સંસાર પછી દુઃખદ થતો નથી. સદ્ધર્મથી પણ ભક્તિ ઉત્કૃષ્ટ છે. તે ઈશાનુકથાલીલામાં કહેલી છે. તેમાં જાણ્યે કે અજાણ્યે ભક્તોની સઘળી ક્રિયાઓ ભગવાનને અનુસરીને થાય છે. ભગવાન્ કૃપા કરીને તેવા જીવોને જન્મથી જ પોતાના સેવક બનાવવા માટે પોતાને અનુકૂલ બનાવે છે. સદ્ધર્મમાં જન્મથી આરંભીને સૌ પ્રભુને અનુકૂલ નથી પણ હોતા. પ્રભુ જ ભક્તોનાં મન અને બુદ્ધિના નિયામક બને છે. સંસારીઓને તેમની પ્રકૃતિ પણ પ્રેરે છે. મનના સ્વામી ચન્દ્ર છે. બુદ્ધિના સ્વામી સૂર્ય છે. ભક્તોનાં મન અને બુદ્ધિ પોતાને અનુકૂલ કરવા ભગવાને ચંદ્રવંશ અને સૂર્યવંશમાં પ્રકટીને બુદ્ધિની મુખ્યતાવાળી શાસ્ત્રાનુકૂલ મર્યાદાલીલા કરી. ભક્તો પણ તેમને અનુસરનારા થયા. મનનો ધર્મ છે,- પ્રીતિ ! પ્રીતિની મુખ્યતાવાળી લીલા-પુષ્ટિલીલા-પ્રભુએ ચંદ્રવંશમાં પ્રકટ થઈને કરી. તેમાં પણ ભક્તો અનકૂલ થયા. મર્યાદા દુઃખ દૂર કરે, પુષ્ટિ સુખાનુભવ આપે !

સૂર્ય નિયમિત હોય. સૂર્યાનુકૂલ કાલ દિવસ કહેવાય. સૂર્યકુલમાં પ્રકટેલા પ્રભુ સંયમશીલ ! તેમનું પ્રાકટ્ય મધ્યાહ્નને થયું. તેમની લીલાઓ પ્રાયઃ દિવસ-સંબંધિની છે. ચન્દ્ર રાત્રિના સમયે આહ્લાદ આપે, નિત્ય હોવા છતાં રાત્રે દેખાય, અમૃત અને શીતલતા વરસાવે. ચંદ્રવંશમાં પ્રકટેલા પ્રભુનું પ્રાકટ્ય મધ્યરાત્રિએ ! રાસાદિ - મુખ્ય - લીલાઓ પણ રાત્રિએ ! નિત્ય વિરાજે છતાં અવતાર સમયે દર્શન આપે છે. શુક્લપક્ષ- કૃષ્ણપક્ષમાં ચંદ્રની કલાઓ વધે-ઘટે. ભગવાન્ કૃષ્ણ સંયોગ અને વિયોગ આપે. સ્વરૂપાનન્દની શીતલતા આપે. સ્વરૂપસુધાનો અનુભવ અધિકારી ભક્તોને આપે છે.

પુરુષ બાર અંગવાળા છે. સૂર્ય બાર સ્વરૂપવાળા છે. તે લોકમાં તથા શાસ્ત્રમાં મુખ્ય મનાયેલા છે; તેથી પહેલા ૧૨ અધ્યાયોમાં સૂર્યવંશની કથા કહી છે. ચંદ્રવંશ તેનાથી ઊતરતો નથી, તેથી તેની કથા પણ ૧૨ અધ્યાયમાં કહી છે.

ભગવાનની સાથે અવતાર સમયના ભક્તોને જીવતાં સુખ અને અંતે મુક્તિ મળેલી. પ્રભુના પ્રમેય (સ્વરૂપ) બલથી તેમને ફલ મળ્યું. તે ભગવાન્ અને ભક્તોની કીર્તિ પણ સૌને પાવન કરે છે, મુક્તિ આપે છે. તેના શ્રવણકીર્તનથી ક્રમશઃ દોષો દૂર થતાં, ભક્તિનો ઉદય થાય છે. પ્રભુના પ્રાકટ્ય પહેલાં પણ, તે વંશના રાજાઓમાં ભક્તિ હતી.

કર્મથી દુઃખનિવારક ભક્તોની કથા પહેલા નવ અધ્યાયમાં કહી છે. તેમાં પહેલા ત્રણ સુદ્યુમ્ન, કવિ અને શર્યાતિ જ્ઞાન-વૈરાગ્યવાળા છે. તે શાસ્ત્રમાં શ્રદ્ધાથી ઉત્તમ-ભક્ત છે. નાભાગ, અંબરીષ, શશાદ વગેરે લૌકિક અને શાસ્ત્રમાર્ગના ભક્ત કરતાં પણ અધિક ઉત્તમ છે. હરિશ્ચન્દ્ર, સગર, ભગીરથ વગેરે સર્વના ઉદ્ધારનો પ્રયત્ન કરનાર મુખ્ય છે. દશમા અને અગિયારમા અધ્યાયમાં મર્યાદા-શિરોમણિ

ભગવાન્ રામચન્દ્રની કથા છે. બારમા અને તેરમા અધ્યાયમાં જ્ઞાનનિષ્ઠ ભક્તોને ગાયા છે.

બ્રહ્મવાદીઓની સભામાં પરીક્ષિતે પ્રભુનાં પરાક્રમકથા રૂપ ચન્દ્ર-સૂર્ય-વંશના ભક્ત રાજાઓની કથા પૂછી : આજનું આશ્ચર્ય-જાતિરૂપાંતર- પણ અહીં તો ભગવાનની લીલા જ છે ! : સુદ્યુમ્નનો સઘળો કામ દૂર કરવા તેને ભગવાને એક જ જન્મમાં સ્ત્રી અને પુરુષ-રૂપનો અનુભવ કરાવ્યો ! :

રાજા પરીક્ષિતે મન્વન્તર-કથાઓ સાંભળી. તેમાં પ્રભુનાં પરાક્રમ સાંભળી અંતરમાં આહ્લાદ થયો. સત્યવ્રત રાજા, વૈવસ્વત મનુ રૂપે થયા. તેમની કથા સાંભળવાની ઈચ્છાથી વિનંતી કરી. પુણ્યપુરુષોની કીર્તિ પણ પુણ્ય રૂપ હોય. સાંભળનાર પાપપૂર્ણ હોય તો પણ તેને તે નિષ્પાપ બનાવીને, પુણ્યના પુંજ શો બનાવે છે !

સૂતે પ્રસ્તાવ સુંદર કર્યો. પરીક્ષિતે પ્રશ્ન સંસારી કે દરબારીની સભામાં નથી પૂછયો. "सदसि ब्रह्मवादिनाम् ।"- બ્રહ્મવાદીઓની સભા છે. લૌકિક-રીતે, માત્ર કુતૂહલથી રાજાઓની કથા ત્યાં ન પુછાય. લૌકિક ઈતિહાસમાં બ્રહ્મવાદીઓને રસ ન થાય. એમ. એ. માં ભણનારને એકડીઆની વાતોમાં રસ કઈ રીતે સંભવે ? તેમની કક્ષાની કે તેથી અધિક ઉચ્ચ વાતોમાં તેમને અભિરુચિ થાય. બ્રહ્મવાદીઓને બ્રહ્મજ્ઞાનની વાતો કે તેથી ઉત્તમ ભગવદ્ભક્તિની વાતોમાં રસ થાય ! તેમની સભામાં તેવી વાતો ચર્ચાય. શ્રોતા રાજા પરીક્ષિત છે. સર્વત્ર ભગવાનને શોધવામાં તે અભિમુખ છે, ભગવદ્ભક્ત છે. તે લૌકિકવાતો ન જ પૂછે; અને વક્તા તો,- "भगवाञ्छुकः परमधर्मवित्" છે. ભગવદ્ધર્મ-ભક્તિથી ભગવદ્રૂપ શ્રીશુકદેવજી છે ! શ્રીશુક સંસારની લૌકિકવાતોમાં શોક ઉત્પન્ન કરાવી, પ્રભુની વાતોમાં રસ વધારનારા છે. "શુક્ શોકે"- લોકસંગ શોકપ્રદ છે,- તે સમજાવનારા છે. પરમ એટલે ભગવાન્. તેમના ધર્મને શ્રીશુક જાણે છે. પરમધર્મ-ભક્તિ છે ! ભક્તિનું સ્વરૂપ શ્રીશુક જાણે છે. તેમને લૌકિક રાજાઓની વાતો ન પૂછાય. વક્તા, પૃચ્છક અને શ્રોતાની કક્ષા બ્રહ્મજ્ઞાનથી પર ભક્તિની છે. તેઓ રાજાઓમાં રહેલી ભગવદ્ભક્તિ રૂપ ભગવાનની લીલાના રસાસ્વાદ માટે નવમ-સ્કન્ધમાં કહેલા રાજાઓના ચરિત વિચારે છે,- માત્ર વંશાવલિ કે રાજાઓની મહત્તાની કથા નથી. ભક્તોનાં ચરિત આપણી ભૂલોનું ભાન કરાવે છે, પ્રભુને પ્રસન્ન કરવાની રીત સમજાવે છે, ભગવાનમાં ભાવ વધારે છે, આપણા દોષો દૂર કરી સુખનો અનુભવ આપે છે, પ્રભુનો સુદૃઢ આશ્રય કરાવે છે.

શ્રીશુકે ભક્તોની કથા કહેવાની શરૂઆત કરી. મનુવંશનો વિસ્તાર તો સેંકડો વર્ષે પણ પૂરો ન થાય ! વૈવસ્વત મનુનો મહિમા સ્પષ્ટ સમજાવવા શ્રીશુકે ભગવાનથી તેની પરંપરા બતાવી. કલ્પના અંતે પ્રલયકાલે સર્વાત્મા ભગવાન્ જ હતા. વિશ્વ તેમાં તદ્રૂપ હતું. ભગવાન્ નારાયણની નાભિમાંથી સુવર્ણમય કમલકોશ પ્રકટ્યો. તેમાં ચતુર્મુખ બ્રહ્મા પ્રકટયા. તેમના મનમાંથી મરીચિ થયા. તેમના પુત્ર કશ્યપ થયા. દક્ષપુત્રી અદિતિ દ્વારા તેમને ત્યાં વિવસ્વાન્ - સૂર્ય પ્રકટ્યા. સંજ્ઞા પત્ની દ્વારા તેમને ત્યાં પુત્ર થયા ! શ્રાદ્ધદેવ મનુ,- તેમનાં પત્નીનું નામ શ્રદ્ધા !

સર્વાત્મા ભગવાનમાંથી પ્રવૃત્તિ રૂપ બ્રહ્મા પ્રકટ્યા ! તેમના મનમાંથી થયેલા મરીચિ સંકલ્પરૂપ છે. કશ્યપ કુશલતાનું પ્રતીક છે. કાર્ય માટે સંકલ્પ અને કુશલતા જરૂરી છે. કુશલતા માટે બુદ્ધિ આવશ્યક

છે. કશ્યપને ત્યાં બુદ્ધિના દેવતા સૂર્ય પ્રકટ થયા. તેમને ત્યાં જ્ઞાન રૂપ શ્રાદ્ધદેવ થયા. જ્ઞાન બુદ્ધિનો ગુણ ગણાય છે. જ્ઞાન માટે શ્રદ્ધા અનિવાર્ય છે. શ્રાદ્ધદેવનાં પત્ની શ્રદ્ધા થયાં. તેમને ત્યાં દશ પુત્રો થયા. ઈક્ષ્વાકુ તેમાં મુખ્ય હતા. ગીતાજીમાં પણ ભગવાને આ પરંપરા ગણાવી છે. તે માત્ર પુત્રપરંપરા જ નથી, જ્ઞાન-વિકાસ- પરંપરા પણ છે.

इमं विवस्वते योगं प्रोक्तवानहमव्ययम् ।
विवस्वान् मनवे प्राह मनुरिक्ष्वाकवेऽब्रवीत् ॥

ભગવાને સૂર્યને, સૂર્યે મનુને અને મનુએ ઈક્ષ્વાકુને પરંપરાથી "કર્મયોગ" કહ્યો છે.

પહેલાં મનુને સંતાન ન હતાં. સમર્થ કુલગુરુ વસિષ્ઠે મિત્રાવરુણની ઈષ્ટિ કરાવી. તેમાં શ્રદ્ધાએ કન્યા મળે તેમ ક્રિયા કરાવવા હોતાને વિનવ્યા ! યજ્ઞાદિ તો પ્રયોગસિદ્ધ વિજ્ઞાન છે. હોતાએ વિનંતી સ્વીકારી. પરિણામે કન્યા જન્મી ! ઈલા તેનું નામ. મનુને ખૂબ આશ્ચર્ય અને ખેદ થયો. ગુરુને વિનવ્યા. મંત્રભેદ થયેલો જણાવી, ગુરુએ ભગવાન્ આદિપુરુષનું આરાધન કર્યું. સ્વજનોમાં પરસ્પર વિચાર-વિનિમયપૂર્વક, સ્પષ્ટ નિર્ણય ન લેવાય તો, પરિણામે ક્લેશ થાય. સ્વજન, સંસ્થા, કુટુંબ કે રાષ્ટ્રમાં સર્વસંમતિથી કાર્યનિર્ણય થવો જોઈએ. વસિષ્ઠ પર પ્રભુ પ્રસન્ન થયા. "भगवान् हरिरीश्वरः"- ભગવાન્ સર્વસમર્થ છે. પુત્રીને પુત્ર બનાવી શકે છે ! હરિ દુઃખ હરનારા છે. પુત્રીના જન્મથી થયેલું દુઃખ હરે છે. ઈશ્વર સુખ દેનારા છે. તે પુત્રીને પુત્ર બનાવીને સુખ આપે છે ! પુત્રી ઈલામાંથી પુત્ર સુધુમ્ન થયો. આ તેજસ્વી પુત્ર એક વખત શિકારે ગયો. યૌવનકાલમાં વિકારના શિકાર બનવાનો સંભવ વધારે છે. સંયમના સ્વીકારથી જ વિકારના શિકાર થતાં બચાય.

ઈલાવૃત્ત પ્રદેશમાં, મેરુ પાસેના શિવશાપિત વનમાં સુધુમ્ન આવ્યો. પરિજન સાથે સ્ત્રી રૂપ થયો ! વનમાં ફરતા તેને જોઈને ચન્દ્રના પુત્ર બુધે તેનો સ્વીકાર કર્યો. તેમને ત્યાં પુત્ર થયો ! પુરુરવા તેનું નામ ! આમ સ્ત્રીરૂપે ફરતાં કંટાળ્યો. તેણે ગુરુ વસિષ્ઠને સ્મર્યા. વસિષ્ઠને ખૂબ દયા આવી. તેમણે શંકરને પ્રસન્ન કર્યા. શંકરે સુધુમ્ન માસ પુરુષ અને માસ સ્ત્રી રહે તેવી વ્યવસ્થા કરી !

વિજ્ઞાનદૃષ્ટિએ વિચારતાં, પ્રાચીન-ઔષધ કે શસ્ત્રક્રિયાનો આ અતિસફલ પ્રયોગ છે. સુવ્યવસ્થિત યજ્ઞના વિજ્ઞાનનો પ્રભાવ પુત્રને બદલે પુત્રી-જન્મથી દેખાયો. વસિષ્ઠે પુનઃ પુત્રીમાંથી પુત્ર બનાવ્યો. વર્તમાનકાલમાં આવા જાતિ-રૂપાંતરના આકસ્મિક-પ્રસંગો સંભળાય છે. અહીં તો સિદ્ધપ્રયોગકથા છે, આકસ્મિક નથી !

ભગવાને સુધુમ્નનો સઘળો કામ દૂર કરવા માટે, તેને સ્ત્રી અને પુરુષ રૂપનો એક જ જન્મમાં અનુભવ કરાવ્યો ! બ્રહ્માએ તેને આરંભમાં સ્ત્રી બનાવ્યો, પછી વિષ્ણુએ પુરુષ બનાવ્યો, પછી અર્ધનારી- નટેશ્વર ભગવાન્ શંકરે તેને સ્ત્રી-પુરુષ બંને રૂપ બનાવ્યો. પરિણામે તેને વૈરાગ્ય થયો, તેથી પ્રથમ અને ૧૪ થી ૨૪ અધ્યાયમાં ચન્દ્રવંશની કથા છે. ૨ થી ૧૩ અધ્યાયમાં સૂર્યવંશની કથા છે. મનુપુત્ર તરીકે સુધુમ્ન સૂર્યવંશી છે, તેથી ૧ થી ૧૩ સૂર્યવંશના પણ ગણાય. સુધુમ્ન ચંદ્રવંશમાં માતા અને સૂર્યવંશમાં પિતા રૂપ બન્યો છે ! તે ભગવાનની વિભૂતિ રૂપ છે. સુધુમ્નના કલ, ગય અને ઉત્કલ પુત્ર થયા. પુરુરવાને રાજ્ય દઈ સુધુમ્ન વનમાં ગયો.

અધ્યાય : ૨

સ્વાયંભુવ મનુને ભગવાને દશપુત્રો દીધા; ગોરક્ષક પૃષધ્ર વગેરે થયા તથા દિષ્ટના વંશમાં અદ્વિતીય-યજ્ઞ-કર્તા મરુત્ત-રાજા થયા :

સુદ્યુમ્ન જતાં, મનુએ યમુનાકિનારે સો વર્ષ તપ: કર્યું. ઈક્ષ્વાકુ, નૃગ, શર્યાતિ, દિષ્ટ, ધૃષ્ટ, કરુષ, નરિષ્યન્ત, પૃષધ્ર, નભગ અને કવિ નામે દશ પુત્રો પ્રભુએ દીધા.

પૃષધ્ર ગુરુ વસિષ્ઠની ગાયની સેવા કરતો હતો. એક રાત્રે ગોરક્ષા કરતો હતો. વીરાસન વાળીને બેઠો હતો. વર્ષા થતી હતી. ઓચિંતો વાઘ આવ્યો. ગાયો ગભરાઈ. ભાંભરવા લાગી. પૃષધ્રે તલવારથી પ્રહાર કર્યો. અંધકારમાં કપિલ-વર્ણની વાછરડી મરી ! વાઘનો કાન કપાયો. વાઘ ગભરાઈને જતો રહ્યો. સવારે વાછરડી મરેલી જોઈ. પૃષધ્ર ખૂબ દુ:ખી થયો. અજાણે પણ અપરાધ થયો. ગુરુએ તેને કર્મથી શૂદ્ર થવાનો શાપ દીધો. સેવા કરતાં શાપ થયો, છતાં શાંતિથી સ્વીકાર્યો. પોતાનો કોઈ બચાવ ન કર્યો ! ઈન્દ્રિય-સંયમ ગોરક્ષા છે. જ્ઞાન અને ભગવદ્‌ભાવ સંયમથી સચવાય. ગોરક્ષા વેદરક્ષા પણ છે. ગાય તો પૃથ્વી, વેદ અને દેવતાઓનું સ્વરૂપ ગણાય છે. પુષ્ટિમાર્ગમાં ગાયમાં વ્રજભક્તો, તથા ગિરિરાજની પણ ભાવના છે. કૃષ્ણને તો ગાય અતિપ્રિય છે. ગાય સરલતા, દીનતા અને પવિત્રતાનું પ્રતીક છે. વનમાં ફરતાં જ્ઞાનતૃપ્ત પૃષધ્રે દાવાગ્નિમાં પ્રવેશ કર્યો, બ્રહ્મગતિ પ્રાપ્ત કરી. કર્મ અને શાપથી અધમતા થઈ, છતાં જ્ઞાન રૂપ હોવાથી મુક્તિ મળી.

મનુના છ પુત્રો, ભગવાનના છ ધર્મ રૂપ હતા. તેમાં પૃષધ્ર જ્ઞાન રૂપ હતો. સૌથી નાનો પુત્ર કવિ વૈરાગ્ય રૂપ હતો. વનમાં જઈ કિશોરાવસ્થામાં તે મુક્ત થયો. મનુપુત્ર કરુષ કીર્તિ રૂપ હતો. તેનાથી કારુષ જાતિના ક્ષત્રિયો થયા. મનુપુત્ર ધૃષ્ટ વીર્યરૂપ છે. તેના વંશના બ્રાહ્મણ થયા. મનુપુત્ર નૃગ શ્રીરૂપ હતો. તેના વંશમાં છેલ્લે સ્ત્રી ઓઘવતીની કથા કહેલી છે. સ્ત્રી લક્ષ્મીનો અંશ ગણાય છે. મનુપુત્ર નરિષ્યન્ત ઐશ્વર્ય રૂપ હતો. તેના વંશમાં અગ્નિવેશ્ય નામથી અગ્નિ પોતે પ્રકટ થયા. તેનાથી અગ્નિવેશ્યાયન નામનું બ્રાહ્મણ-કુલ થયું.

મનુપુત્ર દિષ્ટનો પુત્ર નાભાગ કર્મથી વૈશ્ય થયો. દિષ્ટના વંશમાં ચક્રવર્તી મરુત્ત રાજા થયો. અંગીરાના પુત્ર મહાયોગી સંવર્તે તેને યજ્ઞ કરાવ્યો. "मरुत्तस्य यथा यज्ञो न तथाऽन्यस्य कश्चन ।"- મરુત્ત જેવો બીજાનો કોઈ યજ્ઞ થયો નથી. તેના યજ્ઞમાં સઘળાં સાધન સોનાનાં હતાં. યજ્ઞમાં સોમરસથી ઈન્દ્ર અને દક્ષિણાથી વિપ્રો પરિતૃપ્ત થયા. ઊંચકી ન શકાય તેટલી દક્ષિણા દીધી. બ્રાહ્મણો વધેલું દ્રવ્ય રસ્તામાં મૂકી દઈને ઘેર ગયા ! તેમાંથી તો ભગવાન્ શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરના ત્રણ અશ્વમેધયજ્ઞ કરાવ્યા હતા. મરુત્તના યજ્ઞમાં ભોજન વિવિધ હતાં. ભોજન કરનાર અસંખ્ય હતા. તેમને વેગથી પીરસીને પહોંચી વળવા માટે વાયુદેવોએ પીરસવાની સેવા કરી ! વિશ્વદેવો સભાસદ રૂપે પધાર્યા. આ મરુત્ત રાજા ધર્મી રૂપ હતો, ભગવદંશ હતો.

મરુત્ત રાજાના વંશમાં તૃણબિંદુ થયા. તેની સાથે અપ્સરા અલમ્બુષા વર્યાં. તેમને ત્યાં ઈડવિડા કન્યા થયાં. પુલસ્ત્યના પુત્ર વિશ્રવા તેને પરણ્યા. તેમને ત્યાં કુબેર જન્મ્યા. તૃણબિંદુના વંશના વિશાલ રાજાએ વૈશાલી નગરી વસાવી. તેમના વંશનો સોમદત્ત રાજા અશ્વમેધયજ્ઞ કરી, પ્રભુગતિને પ્રાપ્ત થયો.

અધ્યાય : ૩

મનુપુત્ર શર્યાતિના સુકન્યા ચ્યવન-ઋષિને વર્યાં : સ્થાપિત હિતોના વિરોધ છતાં પ્રણાલિકા યોગ્ય રીતે ફેરવી નાખે તે, - યુવાન્ ! : ચ્યવનપ્રભાવ ! :

મનુના પુત્ર શર્યાતિ વેદાર્થતત્ત્વજ્ઞ હતા. તેમણે અંગીરસના સત્રમાં બીજા દિવસે કરવાનું કર્મ બતાવ્યું ! શર્યાતિની કન્યા સુકન્યા હતી. તેને સાથે લઈને રાજા ચ્યવન ઋષિના આશ્રમમાં ગયા. તપોવનમાં ફરતાં સુકન્યાએ વૃક્ષની વચમાં જામેલા રાફડામાં કોઈ બે ચળકતા પદાર્થ જોયા. આગીઆ જેવા લાગ્યા. શૂળથી મુગ્ધભાવે વીંધ્યા. રુધિરનાં બિંદુ તેમાંથી ટપક્યાં. અવિરત રહ્યાં. તે જ ક્ષણથી રાજાના સૈનિકોનાં મલમૂત્ર બંધ થઈ ગયાં ! રાજા ગભરાયો. ઋષિનો કોઈએ અપરાધ કર્યો માનીને તપાસ કરી. ડરતી સુકન્યાએ પોતાનો અપરાધ કહ્યો. રાજાએ રાફડામાં ઢંકાયેલા ઋષિની ક્ષમા માગી. ઋષિની ઈચ્છાથી તેમની સાથે પોતાની કન્યા પરણાવી. કુતૂહલ પણ કોઈને કષ્ટ દે તેવું ન જોઈએ.

સુકન્યા ચ્યવન ઋષિને વર્યાં. સૈન્ય કષ્ટમુક્ત થયું. સુકન્યાએ સ્નેહથી પતિસેવા કરી. એક વાર અશ્વિનીકુમારો આશ્રમમાં આવ્યા. યજ્ઞમાં સોમપાન દેવાની શરતે ઋષિનો કાયાકલ્પ કર્યો. વૃદ્ધાવસ્થામાં પણ પુનઃ યૌવન દેતો આ કાયાકલ્પ-પ્રયોગ છે ! વિજ્ઞાનસિદ્ધ છે. જલવાસ કરાવી કુમારોએ યૌવન દીધું. જલમાંથી ત્રણે સમાન રૂપે બહાર આવ્યા. સતી પતિને ઓળખવા તે દેવોને શરણે ગયાં. તેના સતીત્વથી સંતુષ્ટ થઈ, દેવો પતિ દઈ વિદાય થયા.

શર્યાતિ એક વખત ઋષિના આશ્રમમાં આવ્યા. યુવાન જમાઈને જાણ્યા નહિ. પુત્રીએ પતિનો પરિચય કરાવ્યો. ચ્યવને ઉપકારક વૈદ્યવિદ્યાની પ્રતિષ્ઠા માટે યજ્ઞમાં પોતાના તેજઃથી અશ્વિનીકુમારોને સોમપાનમાં ભાગ દીધો. ઉપકારક અને ઉત્તમની પ્રતિષ્ઠા વિદ્વાન્ અને સત્તા દ્વારા થતા સન્માનથી થાય. કોઈ પણ ક્ષેત્રમાં પરિવર્તન કે પુનરુત્થાન કરવાનું સામર્થ્ય યૌવનમાં છે. દેવવૈદ્યોને સોમરસમાં ભાગ નહોતો મળતો. યુવાન્ ચ્યવને તે પ્રણાલિકા ફેરવી નાખી ! ઈન્દ્રે વિરોધ કર્યો, સ્થાપિત અને સંકુચિત સ્વાર્થી લોકો નવી તેજસ્વિતાનો-પ્રણાલિનો-વિરોધ સ્વાભાવિક રીતે કરે છે. ચ્યવને પોતાના પ્રભાવથી વજ્ર સાથે ઈન્દ્રને અટકાવી દીધો ! સૌએ અશ્વિનીકુમારનો સોમપાનમાં અધિકાર સ્વીકાર્યો.

શર્યાતિના પુત્ર આનર્ત થયા. તેના રેવત થયા. તેણે સમુદ્રમાં કુશસ્થલી નામનું નગર વસાવ્યું. જ્યાં પાછળથી દ્વારકા થયું. તેને કકુદ્મી વગેરે સો પુત્રો થયા. તેનાં રેવતી કન્યાને બ્રહ્માજીની આજ્ઞાથી બલરામજી સાથે પરણાવ્યાં, પછી રાજા બદરીકાશ્રમમાં ગયા.

અધ્યાય : ૪

પિતાને ભાગમાં નહિ, ભાગ્ય રૂપે સ્વીકારે તેને સંપત્તિ, સન્મતિ અને સર્વોત્તમ-સંતતિ મળે : નાભાગ-પ્રસંગ :

મનુપુત્ર નભગ હતા. તેના પુત્રોમાં નાભાગ સૌથી નાના હતા. ગુરુકુલમાં વિદ્યાભ્યાસ માટે ઘણો સમય રહ્યા. ઘેર ભાઈઓએ ભાગ પાડીને પિતાની મિલકત વહેંચી લીધી. પૈસા સૌએ લીધા, પણ પિતાને લેવા કોઈ તૈયાર ન થાય. પિતા પોતાના પુત્રોને પોષે, પણ પુત્રોને પોતાના પિતાને

પોષવામાં પ્રતિકૂલતા લાગે છે ! એ પણ કરુણતા છે. કોઈએ જેને પોતાનો ભાગ ન ગણ્યો તે,- નભાગ !

નાનો દીકરો ભણીને પાછો આવ્યો. તેણે પોતાનો ભાગ માગ્યો. મોટાઓએ ભાગમાં પિતા દીધા. ગુણિયલ પુત્રે ભાગ રૂપે નહિ, ભાગ્ય રૂપે ગણીને પિતાને પ્રણામથી સ્વીકાર્યા ! સેવા કરવા લાગ્યો. "ના"- પુરુષ-(પિતા) જેના ભાગમાં આવ્યા તે-નાભાગ. અર્જુને યુદ્ધમાં નિઃશસ્ત્ર ભગવાનને પોતાના પક્ષમાં સ્વીકાર્યા. વિજય તેને વર્યો. નાભાગે નિર્ધન પિતાને ભાગમાં ભાગ્ય રૂપ ગણીને વધાવ્યા. સમૃદ્ધિ તેને વરી ! પ્રભુ અને મા-બાપને આદર આપનાર ઉન્નત બને છે. તેને સંપત્તિ, સન્મતિ અને સર્વોત્તમ સંતતિ મળે છે.

પિતાએ ધન મેળવવાનો ઉપાય બતાવ્યો. આંગીરસ બ્રાહ્મણોને દ્વાદશાહ-યજ્ઞમાં છઠ્ઠા દિવસે બોલવાના વૈશ્વદેવનાં બે સૂક્ત બોલવાનાં કહ્યાં. પુત્રે પિતાની આજ્ઞાનુસાર યજ્ઞ પૂર્ણ કરાવ્યો. સ્વર્ગે જતાં બ્રાહ્મણોએ પ્રસન્નતાથી બધું દ્રવ્ય નાભાગને આપ્યું. નાભાગ દ્રવ્ય લઈને જતો હતો, ત્યાં કૃષ્ણદર્શન રુદ્ર પધાર્યા. યજ્ઞમાં વધેલા દ્રવ્ય પર પોતાનો હક્ક કહ્યો. પિતાને પૂછી જોવા સૂચવ્યું. નાભાગે પિતાને પૂછયું. પિતા અને પુત્ર પાસે સંપત્તિ ન હતી, પણ સન્મતિ હતી, સત્ય અને સન્નિષ્ઠા હતાં. સ્વર્ગે જતા બ્રાહ્મણોએ પ્રસન્નતાથી દ્રવ્ય પોતાને દીધું હતું, છતાં ઋષિયોએ પૂર્વે યજ્ઞોચ્છિષ્ટને રુદ્ર-ભાગ નક્કી કર્યું હતું, તેથી તે રુદ્રને આપી દેવા માટે પુત્ર પિતાને પૂછીને પાછો આવ્યો. પ્રણામપૂર્વક ક્ષમા માગી. કોઈનો હક્ક ક્ષણ પણ દબાવાય નહિ. સત્ય અને સન્નિષ્ઠાપૂર્વકના ત્યાગને જોતાં રુદ્ર રાજી થયા. બ્રહ્મજ્ઞાન દીધું અને સાથે પ્રસાદી રૂપે દ્રવ્ય પણ દીધું. સત્ય, સરલતા અને સન્નિષ્ઠાપૂર્વક સેવા હોય ત્યાં સર્વસમૃદ્ધિ વસે છે.

આવા પિતૃભક્ત, સત્યનિષ્ઠ, ત્યાગરત અને જ્ઞાની નાભાગને ત્યાં પુત્ર થયા,- મહાભાગવત રાજા અંબરીષ !

ભક્તિ કરનાર પાવન થાય તે તો સ્વભાવિક છે. ભક્તનાં સંબંધી પણ ભક્તિના સ્વભાવ અને ભક્તના સહવાસથી પાવન થાય છે. ભક્તના વંશજો પણ ભક્તિના પ્રભાવથી મુક્ત થાય છે. આવો પ્રભાવ પ્રકટ ન દેખાય તો, ભક્તિ માત્ર ધર્મરૂપ ગણાય. કૃપાપાત્ર હોવું, તદ્રૂપ થવું અને દેવના પણ સંતોષવર્ધક થવું,- આ ત્રણ ભક્તિમાં ક્રમશઃ ઉત્તમ ગણાય છે. નાભાગ રુદ્રના કૃપાપાત્ર થયા. રુદ્રને તેણે સંતુષ્ટ કર્યા. તેના પુત્ર અંબરીષ ભગવદ્ભાવથી ભગવદ્રૂપ હતા ! સાત દ્વીપનું સામ્રાજ્ય તેમનું હતું, છતાં રાજા તો રાજ્ય- સમૃદ્ધિને નરકદ્વાર જેવી ગણતા ! ભગવાન્ અને ભક્તોનો અત્યંતાદર કરતા. સત્તા અને સંપત્તિ આદર લે. પ્રાયઃ, અન્યને આદર દે નહિ. ભક્તિ તો જ્યાં ભક્તિ દેખાય ત્યાં નમતાં શીખવે છે. એક સંપન્ન બીજા સંપન્નને સાંખી ન લે, પ્રાયઃ દ્વેષ કરે, દૂર રહે. ભક્ત તો ભક્ત સાથે સ્નેહ કરે છે, સમાદર દે છે.

ભક્તવર અંબરીષનાં મન, તન અને ધનનો વિનિયોગ વર્ણવ્યો :

स वै मनः कृष्णपदारविन्दयोर्वचांसि वैकुण्ठगुणानुवर्णने ।
करौ हरेर्मन्दिरमार्जनादिषु श्रुतिं चकाराच्युतसत्कथोदये ॥ (१८)

તન અને ધનનો ઉપયોગ ભગવાનની સેવામાં થાય, તો ભગવાનનું જ્ઞાન થાય, સંસારનાં દુઃખ

ટળે, પછી મન ભગવાનમાં સ્નેહ થતાં સ્થિર થાય ! મન ભગવાનમાં મગ્ન રહે તે જ ભક્તિમાર્ગમાં મુખ્ય છે, તેથી અંબરીષ રાજામાં તેનો નિર્દેશ પહેલાં કર્યો. - "स वै मनः कृष्णपदारविन्दयोः ।"- શ્લોકમાં એક જ સ્થળે "वै" - શબ્દ મૂક્યો છે. રાજા કોઈ પણ ક્રિયા કરતા હોય, છતાં મન તો માધવમાં મગ્ન રહેતું. સેવામાં હાથ મંદિરમાર્જન કરે, છતાં ભોજન સમયે પોતાના દેહના ઉપયોગમાં પણ આવે. તેમ અન્ય-ઈન્દ્રિયો સેવા મુખ્ય-રીતે કરે, છતાં ગૌણ રીતે દેહાદિનું જીવનવ્યવહારકાર્ય પણ કરે, પણ મન તો કૃષ્ણનાં ચરણકમલ છોડીને ક્યાંય જતું ન હતું ! તે "वै" - શબ્દથી નિર્ણયાત્મક રીતે બતાવ્યું.

કૃષ્ણાવતાર પહેલાંની આ કથા છે, છતાં રાજાનું મન "કૃષ્ણનાં ચરણકમલમાં" હતું ! તે વાત કૃષ્ણની નિત્યતા સૂચવે છે. પ્રભુનાં ચરણ અરવિંદ રૂપ છે. "अरविमज्ञानं द्यतीति अरविन्दम् ।"- અજ્ઞાન, પ્રમાદ કે અસદ્ભાવને દૂર કરી, પ્રભુમાં તે પ્રીતિ કરાવનારાં છે. ભક્તિ માર્ગરૂપ ચરણકમલ છે. રાજાનું મન ભ્રમર જેવું ભક્તિરસલોલુપ છે. સદાનન્દ કૃષ્ણનાં ચરણમાં રહેતું મન પણ આનંદમગ્ન રહે છે. મન ભગવાનમાં સ્થિર રાખવા માટે તન અને ધનનો વિનિયોગ કૃષ્ણ સેવામાં કરવો. સ્વજનને પણ સેવામાં સાથે લેવાં. તન સેવામાં વપરાય - સેવકધર્મ કરે - તો અહંતા છૂટે. ધન અને સ્વજન સેવામાં વપરાતાં મમતા- મુક્ત થવાય. અહંતા-મમતા જતાં નિર્દોષ થયેલું મન નિર્દોષ ભગવાનમાં લાગે ! મન અને વાણી અન્યોન્યના ઉપકારક છે. મનની વાત વાણીથી વ્યકત થાય. વાણીની અસર મન પર પડે. મનની દૂતી વાણી છે. મનને પ્રભુમાં સ્થિર રાખવા વાણીથી ભગવાનના ગુણાનુવાદ કર્યા કરવા. કોઈ વિદ્વાન્ ભક્તના મુખેથી સાંભળ્યા પછી, તેને અનુસરીને પ્રભુના ગુણ ગાવા, તે ગુણાનુવાદ કહેવાય. જેણે પ્રેમથી પ્રભુની લીલાનો અનુભવ કરીને ગાયું હોય, તે ગાવાથી મનને તેની દૃઢ અસર થાય છે. બોલનારના હૃદયના ભાવની અસર શ્રોતાના મન પર અજાણતાં પણ થાય છે. "જલભેદ" - ગ્રન્થમાં શ્રીવલ્લભાચાર્યજીએ વક્તાના પ્રકાર ગણાવ્યા છે.

ભગવાનના મંદિરમાં મંદિરવસ્ત્રની સેવા (માર્જનાદિ) અંબરીષ જાતે કરતા. અનેક સેવકો તેની પાસે હતા; છતાં સેવા-સંબંધી નાનામાં નાનું કામ પણ પોતે જ કરતા !

"હું રાજા છું",- એ રાજપદની અહંતા, તનની સેવાથી દાસભાવે દૂર થાય. લૌકિકક્રિયા કાર્ય કહેવાય. પ્રભુના સંબંધથી કાર્ય પણ સેવા બની જાય. વાસણ ઘસવાં ઘરનું કામ છે, પણ પ્રભુના ઉપયોગનાં વાસણ માંજવા તે સેવા કહેવાય છે. વાસણ ઘસવાની ક્રિયા તો બંનેમાં છે. તેને કામ સમજવાથી કંટાળો આવે, ક્લેશ, થાય, કટુતા પણ ક્યારેક આવે. સેવા સમજવાથી આદર, ઉત્સાહ અને આનંદ લાગે. જરૂર છે,- માત્ર સમજ બદલવાની,- કાર્યને પ્રભુનું બનાવી દેવાની ! મન, વાણી અને કાયા ત્રણેનાં કર્મ પ્રભુ-સંબંધવાળા થયાં, સેવા બની ગયાં. પરોક્ષમાં કીર્તન કે ગુણગાન થાય તે સ્મરણ રૂપ પણ ગણાય. પ્રભુ-સન્મુખમાં કીર્તનાદિ થાય તે સેવા છે.

રાજાનું મન કૃષ્ણપદારવિન્દમાં છે. કૃષ્ણ સદાનંદ, ઉત્તમ ભક્તિદાતા છે. ભક્તિ પરમ પુરુષાર્થ છે. વાણી વૈકુણ્ઠ ભગવાનના ગુણાનુવાદ કરે છે. ભક્ત રમાદેવીની ઈચ્છા પૂરી કરવા રમાવૈકુણ્ઠ રચનારા પ્રભુ ભક્તેચ્છાપૂરક છે, સુખદાતા છે. હાથ હરિમંદિરનું માર્જન કરે છે. હરિ, દુઃખ-દોષ-

પ્રતિબંધાદિને હરનારા છે. કાન અચ્યુત ભગવાનની કથા સાંભળે છે. અચ્યુતની કથા પણ અચ્યુત રૂપ છે. મનને ભગવાનમાંથી ચ્યુત- ચલિત-થવા દેતી નથી. નૈત્ર મુકુન્દ સ્વરૂપનાં દર્શન કરે છે. દુનિયાનાં દશ્યો જોઈને આંખ ઈર્ષ્યા, આસક્તિ અને બહિર્મુખતા વધારે છે. મુકુન્દ મુક્તિદાતા છે. તેમનાં દર્શન અંતર અને આંખને ઈર્ષા, આસક્તિ અને બહિર્મુખતામાંથી મુક્તિ આપે છે.

સાક્ષાત્ ભગવાનને ભેટવાનું સૌભાગ્ય તો કોઈને મળે, પણ ભક્તોમાં ભગવાન્ વિરાજે છે. તે પરોક્ષ છે, સૌને દેખાતા નથી. તેથી અહીં પરોક્ષવાચક સર્વનામ "तत्"- કહ્યું. તે (ભગવાનના) ભક્તોને રાજા ભાવથી ભેટે છે. ભાવાવેશની આ નિર્દોષ ક્રિયા છે. દેહાનુસંધાન તેમાં નથી. "तत्"- તેનું ઉપલક્ષક ગણાય. ઘ્રાણ-નાસિકાથી ચરણકમલનાં સુગંધ લેવાથી દાસભાવ દૃઢ થાય છે. રસના (જીભ) સમર્પિત તુલસીનો રસ માણે છે. અસમર્પિત-અણપ્રસાદી-ખાનપાન વગેરેનો ત્યાગ ભાવની રક્ષા અને વૃદ્ધિ માટે જરૂરી છે. ચરણ હરિનાં (તીર્થ) ક્ષેત્રની યાત્રા કરે છે. યાત્રાનો શ્રમ, સ્મરણ અને દર્શનના આનંદથી હરિ ભગવાન્ હરી લે છે. હૃષીકેશ ઈન્દ્રિયપ્રેરક છે. બુદ્ધિ દ્વારા ઈન્દ્રિયો પ્રેરાય છે. ઈન્દ્રિયો વિષયરત ન બને, સેવાનુકૂલ બને, તે માટે બુદ્ધિયુક્ત શિર હૃષીકેશને ચરણે નમે છે.

રાજાને ઈચ્છા તો એક જ હતી, - "कामं तु दास्ये"- "तु" શબ્દ અન્ય ઈચ્છાઓ ન હતી, તે સૂચવે છે. ઈચ્છા હતી,- માત્ર ભગવદ્દાસ્યની ! ભોગાદિ પણ દાસ્ય-નિમિત્તે મળતા પ્રસાદ રૂપે કરતા. દાસ્યથી ભગવદ્ભક્તોમાં પ્રીતિ થાય. સેવકોના સંગથી સેવા કરતાં આવડે, દાસ્ય થઈ શકે, સંગ સ્નેહથી થાય. ભક્તોને "उत्तमश्लोकजन"- કહ્યા છે. ઉત્તમ યશઃવાળા ભગવાન્ ઉત્તમશ્લોક કહેવાય છે. ઉત્તમ લોકોથી સ્તુતિ કરાતા ભગવાન્ ઉત્તમશ્લોક છે. પવિત્ર કીર્તિવાળા પ્રભુના ભક્તો પણ પવિત્ર કીર્તિવાળા હોય, પવિત્ર હોય. તેમનો સંગ પવિત્ર બનાવે છે. પવિત્રતા સેવામાં આવશ્યક છે. પવિત્રતા વિના પ્રીતિ ટકે નહિ.

રાજાને ભગવાન્ અધોક્ષજમાં સર્વાત્મભાવ હતો. પ્રાકૃત ઈન્દ્રિયોથી જેનું જ્ઞાન ન થાય તે,- અધોક્ષજ ! પ્રભુ ઈન્દ્રિયજન્યજ્ઞાનથી પર છે. તે સર્વત્ર વિરાજે છે. સર્વમાં પોતાપણાની દૃષ્ટિ, સર્વમાં ભગવદ્ભાવ, ભગવાનમાં જ સર્વ પ્રકારનો ભાવ, આ સર્વાત્મભાવ છે. અંબરીષનો આ- મર્યાદા સર્વાત્મભાવ હતો. શ્રીગોપીજનનો પુષ્ટિસર્વાત્મભાવ શૃંગારરસપ્રગાઢ છે. સર્વાત્મભાવ થયા પછી સાક્ષાત્ આધિદૈવિક- સેવાનો લાભ મળે. સર્વાત્મભાવનું પ્રદાન પ્રભુ કરે, તો મળી શકે. રાજ્ય કરવા છતાં, રાજામાં સર્વાત્મભાવ હતો ! તે આશ્ચર્ય છે, તેથી "ह"- શબ્દ કહ્યો છે.

ભગવદ્ભક્ત બ્રાહ્મણ તો જીવન-નૌકાનો સફલ સુકાની છે :

બ્રાહ્મણોની આજ્ઞાનુસાર રાજ્ય ચલાવતા અંબરીષના અદ્ભુત - યજ્ઞો :

અંબરીષ રાજા ભગવદ્ભક્ત બ્રાહ્મણોની આજ્ઞાનુસાર રાજ્ય ચલાવતા હતા. ભગવદ્ભક્ત બ્રાહ્મણ સફલ સુકાની છે. જીવનનૌકાનું તે સલામત અને સરલ રીતે સંચાલન કરીને,- અંતે પ્રભુ પાસે પહોંચાડે છે.

સરસ્વતીના પ્રવાહને અભિમુખ રહી, નિર્જલ-દેશમાં રાજાએ અશ્વમેધયજ્ઞોથી પ્રભુનું પૂજન કર્યું. શાસ્ત્રાનુકૂલ જીવી, ભક્તિ કરી, શુષ્ક હૃદયવાળાને પણ રાજાએ ભક્તિરસ ચખાડ્યો. અંબરીષ

રાજાના યજ્ઞમાં દર્શન માટે અલંકૃત થઈને અનેક લોકો આવેલા. તે ત્યાંની શોભા જોઈને આશ્ચર્યમુગ્ધ થઈ ગયા. આંખની પાંપણનો પલકારો પણ માર્યા વિના જોઈ રહ્યા હતા. ત્યાં દેવો પણ સાક્ષાત્ આવેલા. દેવોની આંખને પણ પલકારા ન હોય, તેથી સૌ લોકો પણ દેવ જેવા દેખાતા હતા ! ભક્ત રાજાની ભક્ત પ્રજા સ્વર્ગના સુખની પણ ઈચ્છા કરતી ન હતી !

समर्द्धयन्ति तान् कामाः स्वाराज्यपरिभाविताः ।
दुर्लभा नापि सिद्धानां मुकुन्दं हृदि पश्यतः ।। (२५)

સિદ્ધિની કામના સિદ્ધોને થાય, પણ ભગવાને જેમને પોતાના બનાવ્યા છે, જે હૃદયમાં પ્રભુનાં દર્શન કરે છે, તેવા ભક્તોને દુર્લભ સિદ્ધિઓ પણ લલચાવી શક્તી નથી, હર્ષપ્રદ થતી નથી.

ભક્તિ, તપઃ અને સ્વધર્મ-પરાયણ રાજાએ ધીમેધીમે સૌનો સંગ છોડ્યો. "પ્રભુની પ્રસન્નતા" જ જેના જીવનનું લક્ષ્ય બને, તેના સર્વસંગ છૂટે છે ! પ્રસન્ન ભગવાને રાજાના રક્ષણ માટે સુદર્શનચક્રને નિયુક્ત કરી રાખ્યું હતું. અંબરીષ રાજાના સેવ્ય શ્રીદ્વારકાધીશજી, અત્યારે કાંકરોલીમાં વિરાજે છે. તેમની સેવામાં વર્ષે બાવન મણ મરી વપરાતાં,- તેમ કહેવાય છે. ભક્ત રાજા અંબરીષનાં રાણી પણ ભક્ત હતાં.

ભક્ત રાજા અંબરીષનું દ્વાદશી-વ્રત :
તેમાં અતિથિ દુર્વાસાને પોતાની ભૂલના ભાનરૂપ સુદર્શનનો ભય :

એક વખત રાજાએ વર્ષપર્યંત દ્વાદશી-વ્રત કર્યું વ્રતની સમાપ્તિ વખતે કાર્તિક માસમાં ત્રણ રાત્રિનો ઉપવાસ કર્યો. દશમે એક વખત ભોજન, એકાદશીએ ઉપવાસ અને દ્વાદશીએ એક વખત ભોજન કર્યું. યમુનાજીમાં સ્નાન કરી, મધુવનમાં પ્રભુનું પૂજન કર્યું. ૬૦ કરોડ ગાયોનું દાન બ્રાહ્મણોને દીધું ! બ્રહ્મભોજન કરાવ્યું. બ્રાહ્મણોની આજ્ઞાથી રાજા વ્રતનાં પારણાં કરવા તૈયાર થયા. ત્યાં તો ઋષિ દુર્વાસા આવ્યા. આમંત્રણ દીધું ન હતું. અણધાર્યા અતિથિ રૂપે પધાર્યા. તે રૂપે પ્રભુ પધાર્યા સમજીને રાજાએ યથોચિત સ્વાગત કર્યું ! ભોજન લેવા વિનંતી કરી. ઋષિએ આનંદથી નિમંત્રણ સ્વીકાર્યું. સ્નાન માટે યમુનાજીના કિનારે ગયા. ત્યાં બ્રહ્મધ્યાનમાં મગ્ન થઈ ગયા. પારણાંનો સમય વીતવામાં એક ઘડી બાકી રહી. રાજાને ચિંતા થઈ. પારણાં ન કરે તો વ્રત પૂર્ણ ન થાય. ઉપાય વિપ્રોને પૂછ્યો. બ્રાહ્મણ,- અતિથિને મૂકીને જમાય નહિ અને વ્રતવિધિ પણ ચુકાય નહિ ! બ્રાહ્મણોએ જલનું આચમન કરવાનું કહ્યું, "प्राहुरब्भक्षणं विप्राः ह्यशितं नाशितं च तत् ।"- જલપાન ભોજન રૂપ છે; અને ભોજન ન લેવા રૂપ પણ છે !

રાજાએ જલનું આચમન કર્યું. મનથી અચ્યુતનું સ્મરણ કરતા હતા. ત્યાં તો દુર્વાસા આવ્યા. રાજાએ પારણાં કર્યાં,- તે જાણ્યું. ખૂબ ગુસ્સે થયા. ભક્તવત્સલ ભગવાને ઋષિની બુદ્ધિ ફેરવી નાખી ! ભક્તરક્ષા કરી, તેથી દુર્વાસાએ વાણીથી શાપ દેવાને બદલે જટા ખોલી નાખી. તેમાંથી કૃત્યા પ્રકટ કરી, કાયિક શાપ દીધો. વિપ્ર વાણીથી શાપ આપે તે ખોટો ન પડે. બ્રાહ્મણ ભગવાનના મુખરૂપ છે. તેનું મન નિર્મલ હોય. તેનો શાપ કોઈ અટકાવી ન શકે, પણ ભક્તનું અનિષ્ટ ભગવાન્ ન કરે. પ્રભુ અચિન્ત્ય પ્રકારે ભક્તની રક્ષા કરે છે ! ભયંકર કૃત્યાને રાજાએ આવતી જોઈ. ભક્તને ભય ન લાગે.

ભગવાને તેમની રક્ષામાં રાખેલા સુદર્શનચક્રે કૃત્યાને બાળવા માંડી. કૃત્યા ગભરાઈ. તે દુર્વાસાને બાળવા દોડી. અભિચારકર્મ ભક્તને અસર ન કરે, કરનારને જ પીડે. ચક્રે કૃત્યાને બાળી.

દુર્વાસાએ દાહક ચક્રને જોયું, ગભરાયા, દોડ્યા. ક્યાંય શરણ ન મળ્યું. બ્રહ્માનાં ચરણ પકડ્યાં. બ્રહ્માએ ન બચાવ્યા. 'પોતે પ્રભુના આજ્ઞાપાલક છે, તેમ કહી દીધું. અંબરીષે બ્રાહ્મણોની આજ્ઞાથી જલપાન કર્યું હતું. તેનો દોષ ન હતો. બ્રહ્માએ બ્રાહ્મણોનો પક્ષ કર્યો. દુર્વાસાને સંકટમાંથી છોડાવ્યા નહિ!

કૈલાસવાસી શંકરના શરણે દુર્વાસા દોડ્યા. દુર્વાસા શંકરનું આધિભૌતિક રૂપ છે. ચક્ર આધ્યાત્મિક રૂપ છે! તે ભગવાનને વશ છે. તેમણે ભગવાનને શરણે જવાનું સૂચવ્યું. નિરાશ દુર્વાસા દોડ્યા. વૈકુણ્ઠમાં આવ્યા. વૈકુણ્ઠનાથને વિનવ્યા. સુદર્શને દુર્વાસાને ભાન કરાવી દીધું. "कृतागसं माव हि विश्वभावन ।"- દુર્વાસાએ પોકાર કર્યો, - "હે વિશ્વસર્જક ! મને અપરાધીને રક્ષો !" અંબરીષે જલપાન કર્યું, તે અપરાધ છે. પોતાનું અપમાન છે,- તેમ દુર્વાસાએ માનેલું. સામાની ભૂલ દેખાય, તે કુદર્શન - ખરાબ સમજ છે. પોતાની ભૂલ સારી રીતે સમજાય, તે સુદર્શન,- સાચી સમજ છે ! સુદર્શનના પ્રભાવે "कृतागसं"- બોલ્યા. અંબરીષે નહિ, પોતે અપરાધ કર્યો હતો, તેનું ભાન દુર્વાસાને થયું. "कृतं मयाघं भवतः प्रियाणाम् ।"- "મેં આપના પ્રિય ભક્તનું અપ્રિય કર્યું છે !"- અપરાધનો એકરાર કર્યો, ઉગારવા વિનંતી કરી. ભગવાને અદ્‌ભુત ઉત્તર આપ્યો !

સર્વતંત્ર સ્વતંત્ર ભગવાનની પૂર્ણતા તો સ્વેચ્છાથી ભક્ત-પરાધીનતાથી છે :

अहं भक्तपराधीनो ह्यस्वतन्त्र इव द्विज ।
साधुभिर्ग्रस्तहृदयो भक्तैर्भक्तजनप्रियः ॥ (६३)

હે દ્વિજ ! હું ભક્તપરાધીન છું. સાચે જ અસ્વતન્ત્ર જેવો છું ! સાધુ-ભક્તોએ મારું હૃદય લઈ લીધું છે. હું ભક્તજન-પ્રિય છું !

ભગવાન્ સર્વતન્ત્ર-સ્વતન્ત્ર છે. સામર્થ્ય, સત્તા, સંપત્તિ, સાધન વગેરેનો સમુદાય પણ સર્વસમર્થ શ્રીહરિને વશ ન કરી શકે, પણ પ્રભુ પરતન્ત્ર છે- પ્રેમ પાસે ! "सर्वधर्मोपपत्तेश्च ।"; "सर्वोपेता च तद्दर्शनात् ।"- બ્રહ્મસૂત્ર સમજાવે છે. સર્વધર્મો પ્રભુમાં યુક્ત છે. ભગવાન્ સર્વધર્મવાળા છે. તે દેખાય છે. તેથી પ્રભુ માત્ર સ્વતન્ત્ર જ રહે તો, પરતન્ત્રતા તેમનામાં ન હોવાથી, એટલી અધૂરપ રહેને ! પ્રભુએ પ્રેમ પાસે પરતંત્રતા સ્વીકારી, તે તો પૂર્ણતા પૂર્ણ થઈ ગઈ ! પ્રભુ તો પૂર્ણ જ છે ! સ્વતન્ત્રતા અને પરતન્ત્રતા વિરુદ્ધ ધર્મો પણ બ્રહ્મમાં શોભે છે. "उभयव्यपदेशात्त्वहिकुण्डलवत् ।"- બંને પ્રકારે બ્રહ્મનિરૂપણ છે. સાપના ગૂંચળાની જેમ ! ક્વચિત્ સાપ સીધો તો ક્વચિત્ વાંકો પણ તે થઈ શકે છે.

ભગવાનને પોતાના પૂર્ણાનન્દ-સ્વરૂપ કે બ્રહ્માનન્દરૂપા શરણાગત લક્ષ્મીજી કરતાં પણ ભક્તો - સાધુજનો અધિક પ્રિય છે.

ये दारागारपुत्राप्तान् प्राणान् वित्तमिमं परम् ।
हित्वा मां शरणं याताः कथं तांस्त्यक्तुमुत्सहे ॥ (६५)

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવદીક્ષા રૂપ બ્રહ્મસંબંધ વખતે દેવાતા ગદ્યમન્ત્રમાં ગણાવેલા પદાર્થોનો સમાવેશ આ શ્લોકમાં કહેલા પદાર્થોમાં થઈ શકે. દેહ, ઈન્દ્રિય, અંતઃકરણ અને તેના ધર્મોમાં પ્રાણની મુખ્યતા છે, તેથી "प्राणान्"- માં તેનો સમાવેશ થાય. પત્ની, ઘર, પુત્ર, સ્વજન, વિત્ત, આલોક અને પરલોક સ્પષ્ટ કહેલાં છે. આ બધાં અહંતા-મમતાસ્પદ છે. તેને દોષ રૂપ સમજીને તેમનો ત્યાગ થાય,- તે સામાન્ય છે, અનાત્મ રૂપ સમજીને ત્યાગ થાય,- તે મધ્યમ છે. સઘળું ભગવદ્રૂપ છે, ભગવાનનું છે,- તેમ સમજીને ભગવાન્ માટે તેમનો ત્યાગ (વિનિયોગ) ઉત્તમ છે ! સઘળું છોડીને ભગવાનને શરણે જનાર,- આત્મનિવેદન કરનાર, ભક્તનો ત્યાગ ભગવાન્ ક્યારેય કરતા નથી ! પ્રેમભરેલી પતિવ્રતા જેમ સુશીલ પતિને વશ કરે, તેમ પ્રભુમાં પ્રેમબદ્ધ હૃદયવાળા સાધુપુરુષો ભગવાનને વશ કરે છે ! ભગવાનની સેવામાં જ પૂર્ણતા છે. સેવાપરાયણ ભક્તો મોક્ષની ઈચ્છા કરતા નથી. પછી લૌકિક-ક્ષણિક-સુખની તેમને પરવા ક્યાંથી હોય ?

साधवो हृदयं मह्यं साधूनां हृदयं त्वहम् ।
मदन्यत् ते न जानन्ति नाहं तेभ्यो मनागपि ॥ (૬૮)

સાધુઓ મારે માટે હૃદય રૂપ છે. હું સાધુઓના હૃદય રૂપ છું. પ્રીતિથી પરસ્પર તદ્રૂપતા પ્રભુએ કહી ! ભક્તો ભગવાન્ સિવાય બીજું કાંઈ જાણતા નથી, કાંઈ પ્રિય લાગતું નથી. પ્રેમની પ્રબલતાથી વિશ્વનું વિસ્મરણ અને પ્રભુનું સંસ્મરણ સંતોને સ્વાભાવિક હોય. ભગવાન્ પણ તેવા ભક્તો સિવાય બીજું સહેજ પણ જાણતા નથી. પ્રભુ સર્વજ્ઞ હોવા છતાં, પ્રેમમગ્ન થઈ અજ્ઞ જેવા મુગ્ધ બને છે !

"मनाक्"- શબ્દ પ્રભુએ પોતાને માટે વાપર્યો. ભક્તને તો ક્યારેક બાહ્યાનુસંધાન સંભવે ! ભોજનાદિની પણ પ્રવૃત્તિ કરે. પ્રેમવશ પ્રભુ તો ભાવભર્યો ભક્ત ઈચ્છે ત્યારે, કોઈ પણ સ્થળે, કોઈ પણ વસ્તુ, કોઈ પણ રીતે આરોગે છે. ભગવાન્ તો ભક્ત સિવાય બીજું કાંઈ સ્વલ્પ પણ જાણતા નથી. ભક્તને ભગવાન્ અને ભગવાનને ભક્ત જ પ્રિય લાગે !

ब्रह्मंस्तद्गच्छ भद्रं ते नाभागतनयं नृपम् ।
क्षमापय महाभागं ततः शान्तिर्भविष्यति ॥ (૭૧)

સત્યનિષ્ઠ પિતાના પુત્ર અંબરીષ છે. ભગવાને "નાભાગપુત્ર" કહ્યા. ભક્તો સૌનું મંગલ જ કરે છે. "भद्रं ते"- માં અંબરીષ કલ્યાણ કરવાના જ છે, તે વિશ્વાસ છે; અને બ્રાહ્મણને બ્રહ્મણ્યદેવનું આશ્વાસન પણ છે ! અપરાધ જેનો કર્યો હોય તેની પાસે જ માફ કરાવાય. ક્ષમા સ્વભાવમાં વણાઈ જાય તો જીવન શાંતિમય બને.

ભગવાન્ બ્રાહ્મણનું હિત કરે છે; છતાં ભક્તનું વ્રત પૂર્ણ કરવા દુર્વાસાનો સંતાપ દૂર ન કર્યો. તપસ્વી બ્રાહ્મણના ગર્વને ઉતારવા ભગવાને ભક્તોનો મહિમા ગાયો ! ભક્તમાં ગર્વ ન હોય. તેની પરીક્ષા કરવા પણ પ્રભુએ દુર્વાસાને અંબરીષ પાસે મોકલ્યા !

અધ્યાય : ૫

કોમલ વૈષ્ણવતેજઃ પાસે કઠોર બ્રહ્મતેજઃ નમી પડ્યું !:

અંબરીષે દુર્વાસાને સંતાપમાંથી છોડાવી,- જમાડીને વર્ષ પછી પોતે ભોજન કર્યું !:

દુર્વાસા દોડતા અંબરીષ પાસે આવ્યા. પગે પડ્યા. અંબરીષને તેથી સંકોચ થયો. ચક્રની તેણે સ્તુતિ કરી, - "બ્રાહ્મણનું કલ્યાણ કરો ! તે અમારા પર આપની અનુકંપા છે. જો દાન, યજન, ધર્મ યથાર્થ રીતે કર્યાં હોય, અમારા કુલમાં બ્રાહ્મણ દેવરૂપ ગણાયા હોય, તો બ્રાહ્મણનો સંતાપ દૂર થાવ ! પ્રભુ પ્રસન્ન થયા હોય, તો બ્રાહ્મણ દુઃખમુક્ત થાવ !"

ચક્રનું તેજઃ શાન્ત થયું. દુર્વાસા દુઃખમુક્ત થયા. જેનો પોતે પ્રાણ લેવા પ્રયત્ન કર્યો હતો, તેણે પોતાના પુણ્યના પ્રભાવે પ્રાણની રક્ષા કરી ! દુર્વાસાનું દિલ દ્રવી ગયું.

अहो अनन्तदासानां महत्त्वं दृष्टमद्य मे ।
कृतागसोऽपि यद् राजन् मङ्गलानि समीहसे ॥ (१४)

"ભગવાનના દાસનો મહિમા આજે મેં જોયો. હું પ્રાણ લેવા મથ્યો. તું પ્રાણ દેવા તત્પર થયો ! અમંગલમાં પણ તેં મંગલ ભરી દીધું. અન્યના કલ્યાણ માટે સાધુપુરુષોને કાંઈ જ દુષ્કર કે દુસ્ત્યજ રહેતું નથી ! ભગવાનના દાસને કયું કલ્યાણ અલભ્ય હોય ? રાજન્ ! તમે દયાળુ છો. મારા પર કૃપા કરી !"

ઉપવાસી રાજા બ્રાહ્મણ દુર્વાસાની રાહ જોતા હતા. તેમને પ્રેમથી ભોજન કરાવ્યું ! દુર્વાસાએ ભોજન કરી રાજાને જમવાની આજ્ઞા આપી. ભક્તનાં દર્શન, સ્પર્શન, વાર્તાલાપે પોતાને ધન્ય ગણતા દુર્વાસા રાજાને નિર્મલયશઃનો આશીર્વાદ દઈ વિદાય થયા.

દુર્વાસાને જઈને આવતાં વર્ષ થયું હતું. ત્યાં સુધી અતિથિ-બ્રાહ્મણ-ભોજન કર્યા વગર ગયા હોવાથી, રાજાએ પણ ભોજન કર્યું ન હતું ! માત્ર મુનિની રાહ જોતાં જલપાન કરતા હતા. બ્રાહ્મણને સંતૃપ્ત કરી, પ્રભુના અદ્ભુત સામર્થ્યને સ્મરતાં રાજાએ ભોજન કર્યું. કથાનો આ ભાગ મતાંતર છે.

ભગવદ્ભક્ત રાજાને બ્રહ્મલોક પર્યન્તનાં સુખ પણ નરક જેવાં લાગતાં ! ભક્તિનો આ પ્રભાવ છે. ભગવાન્ તેમાં શોધવા ન પડે, પણ ભગવદ્ભક્તો જ શોધવા પડે ! સુદર્શનચક્રે પણ ભક્ત અંબરીષની રક્ષા કરીને સેવાધર્મ કર્યો. તપસ્વી બ્રાહ્મણ દુર્વાસા ભક્તના મહિમાને જોતાં ગર્વરહિત થયા.

ભગવદ્ભક્ત રાજા અંબરીષ સમાનશીલ પુત્રને રાજ્ય દઈ વનમાં ગયા. ભગવાનમાં મન પરોવી પ્રભુપદ પ્રાપ્ત થયા. ભક્તોની કથા શ્રવણ-કીર્તન-સ્મરણથી અન્યને પણ ભક્ત બનાવે છે.

અધ્યાય : ૬

મનુપુત્ર ઈક્ષ્વાકુના વંશમાં ઈન્દ્રને વાહન બનાવનાર સમર્થ ઈન્દ્રવાહ થયા !:

પુરુષ - યુવનાશ્વને બાલક જન્મ્યું,- માંધાતા !:

અંબરીષનાં વંશમાં અંગિરાએ બ્રહ્મતેજઃવાળા પુત્રો દીધા. તે આંગિરસ ગણાયા.

મનુને છીંક આવતાં ઘ્રાણમાંથી ઈક્ષ્વાકુ પ્રકટ થયેલા. તેના સો પુત્રો હતા. તેમાં વિકુક્ષિ મોટા. એક વખત અષ્ટકાશ્રાદ્ધ વખતે ઈક્ષ્વાકુએ તેને પવિત્ર પ્રાણી લાવવા વનમાં મોકલ્યો. (ગૌણ, ચાન્દ્ર) પોષ, મહા, ફાગણ અને આસોની કૃષ્ણપક્ષની અષ્ટમીનું શ્રાદ્ધ અષ્ટકા કહેવાય છે.

વનમાં વિકુક્ષિ ભૂખ-તરસથી પીડાયો. સૂચના ભૂલી ગયો. ઉચ્છિષ્ટ લાવીને પિતાને દીધું. ઋષિએ તે જાણ્યું. રાજાએ વિકુક્ષિને વનમાં વિદાય કર્યો. શશ (સસલા)નું અદન (ભક્ષણ) કર્યું હોવાથી, તે "શશાદ" - કહેવાયો ! ઈક્ષ્વાકુ પછી શશાદ રાજા થયો. યજ્ઞો દ્વારા તેણે ભગવાનનું પૂજન કર્યું. શશાદનો પુત્ર પુરઞ્જય થયો. ઈન્દ્રે અસુરો સામે યુદ્ધમાં તેની મદદ માગી. ભગવદાજ્ઞા થઈ. ઈન્દ્ર વાહન રૂપે વૃષભ થયો. તેની કાંધ પર બેસીને પુરઞ્જયે વિજય પ્રાપ્ત કર્યો. પ્રજાને પીડતાં અસુર તત્ત્વોને દબાવી દેવા માટે સંગ્રહશીલ, વિલાસપરાયણ, સત્તાલોલુપ લોકોને રાજ્યકર્તાઓ દૃઢતાથી વશમાં લઈને, કડક નિયંત્રણમાં મૂકી દેવા જોઈએ. પુરઞ્જય "ઈન્દ્રવાહ" - નામે પ્રસિદ્ધ થયો. વૃષભની કાંધે બેસવાથી "કકુત્સ્થ" - કહેવાયો. ભગવાનનું તેજઃ તેને મળ્યું હતું. તેના પુત્ર અનેના થયા. તેના પૃથુ, તેના વિશ્વરંધિ, તેના ચંદ્ર, તેના યુવનાશ્વ, તેના શાબસ્ત થયા. શાબસ્તી નગર વસાવ્યું. તેના બૃહદશ્વ, તેના કુવલયાશ્વ થયા. તેણે ઉતઙ્ક ઋષિનું પ્રિય કરવા ધુન્ધુ નામના અસુરને માર્યો. અસુરના મુખમાંથી અગ્નિ નીકળ્યો. રાજાના પુત્રો બળી ગયા. એકવીસ હજારમાંથી દૃઢાશ્વ, કપિલાશ્વ, અને ભદ્રાશ્વ બચ્યા ! રાજા "ધુન્ધુમાર" - તરીકે વિખ્યાત થયા. તેના પુત્ર દૃઢાશ્વના હર્યશ્વ, તેના નિકુંભ થયા. બર્હણાશ્વ, કૃશાશ્વ, સેનજિત્ અને યુવનાશ્વ તેના વંશમાં થયા.

યુવનાશ્વને સો રાણી છતાં પુત્ર ન હતો. ઐન્દ્રી-ઈષ્ટિ કરી. રાત્રે તરસ લાગી. ભૂલમાં મંત્રેલું જલ રાજાએ પીધું. રજોરૂપ પુંસવન જલથી ઉદરમાં બાલક થયું ! મંત્ર-વિજ્ઞાન-નિષ્ફલ ન થાય. દક્ષિણકુક્ષિ ચીરી બાલકને બહાર કાઢ્યું. પોષણ માટે ઈન્દ્ર આવ્યા. ''માં ધાતા''- "મને ધાવશે !" કહીને અમૃત સ્રવતી (અંગૂઠાની જોડેની) દેશિની આંગળી ધરી ! સંસ્કૃતમાં હાથની આંગળીઓનાં નામ પણ છે. અંગૂઠાને "અંગુષ્ઠ" કહે છે. તેની પાસેની આંગળી "તર્જની" કહેવાય છે. તે નિર્દેશ કે આદેશમાં પણ વપરાય છે, તેથી "દેશિની" પણ કહેવાય છે. તેની પછીની મોટી આંગળી "મધ્યમા" છે, તેની પછી "અનામિકા" છે. તેનાથી દેવપૂજાદિમાં તિલક થાય. સૌથી નાની આંગળી "કનિષ્ઠિકા" છે. ઈન્દ્રે ''માં ધાતા''- કહ્યું હોવાથી, આ બાલક "માંધાતા" નામે પ્રસિદ્ધ થયો. તેનું ઈન્દ્રે ત્રસદસ્યુ નામ પાડ્યું. રાવણાદિ દુષ્ટો તેનાથી ત્રાસતા ! ભગવત્તેજઃથી તેણે સાત દ્વીપનું સામ્રાજ્ય ભોગવ્યું. અનેક યજ્ઞો કર્યા. સૂર્ય જ્યાં પ્રકાશે ત્યાં સઘળે માંધાતાનું રાજ્ય હતું !

માછલાંના સંગથી પણ મુનિ સૌભરિનો ગૃહસ્થાશ્રમ, પશ્ચાત્તાપ-પૂર્વક પ્રભુભજનથી પાવન થયા :

તેના વખતમાં સૌભરિ નામના મુનિ હતા. યમુનાના જલમાં તપઃ કરતા હતા. એક દિવસ જલમાં તેમણે માછલાંની ક્રીડા જોઈ. સત્યયુગમાં પણ સમર્થ મુનિને આ દૃશ્ય જોતાં ગૃહસ્થ થવાની ઈચ્છા થઈ. આંખથી અયોગ્ય જોતાં આંખ બગડે, સંયમી પણ સ્વસ્થ ન રહી શકે. મુનિએ રાજા પાસે કન્યા માગી. ચતુર રાજાએ સ્વયંવરમાં જે કન્યા વરે તે દેવાની સંમતિ દીધી. નિર્ધન, વિરૂપ, વૃદ્ધને વરે કોણ ? ઋષિએ તપોબલથી દિવ્ય રૂપ પ્રકટ કર્યું ! આ વરને વરવા માટે માંધાતાની પચાસે

કન્યાઓમાં કલહ થયો. પચાસે ઋષિને વરી. ઋષિના ગૃહસ્થાશ્રમના વૈભવને જોઈને ચક્રવર્તી માંધાતાને પણ આશ્ચર્ય થયું કેટલાક કાલે સદ્‌ભાગ્યે ઋષિને ભૂલનું ભાન થયું. યોગને બદલે ભોગ કર્યો, તેનો શોક થયો ! અનુભવનો સાર બોલ્યા :

सङ्गं त्यजेत मिथुनव्रतिनां मुमुक्षुः सर्वात्मना न विसृजेद् बहिरिन्द्रियाणि ।
एकश्चरन् रहसि चित्तमनन्त ईशे युञ्जीत तद्व्रतिषु साधुषु चेत् प्रसङ्गः ॥ (५१)

મુક્તિ ઈચ્છનારે સંસારીઓનો સંગ દૃઢતાથી છોડવો. ઈન્દ્રિયોને બાહ્યવિષયોમાં આથડવા દેવી નહિ. સતત સંયમશીલ રહેવું. એકાકી રહેવું. એકાંતમાં સર્વવ્યાપક, સર્વસમર્થ ભગવાનમાં ચિત્ત પરોવી દેવું. જો પ્રસંગ પડે તો, ભગવદ્‌વ્રતવાળા સાધુઓનો જ સંગ કરવો. સત્સંગ પણ ભગવાન્ માટે જ થાય. પશ્ચાત્તાપથી પાવન થઈ સૌભરિ વિરક્ત થયા. વનમાં જઈ પ્રભુમાં લીન થયા. પતિના પ્રભાવથી તેમનાં પત્ની પણ મુક્ત થયાં !

અધ્યાય : ૭

સમર્થ-ગાયત્રીમંત્ર દૃષ્ટા-વિશ્વામિત્રે સદેહે સ્વર્ગમાં મોકલેલા ત્રિશંકુને પડતો અટકાવી રાખ્યો : સત્યવાદી હરિશ્ચન્દ્રને વત્સલ વિશ્વામિત્રે કૃપાથી ક્લેશમુક્ત કરી દીધો :

ચક્રવર્તી રાજા માંધાતાના પુત્ર પુરુકુત્સ, અંબરીષ અને મુચુકુન્દ થયા. અંબરીષને તેના પિતામહે સ્વીકાર્યા. પુરુકુત્સને સર્પોએ પોતાની બહેન નર્મદા પરણાવી. રસાતલમાં તેણે ભગવત્સામર્થ્યથી ગંધર્વોને હણ્યા. સર્પોએ તેને વરદાન દીધું. તેના સ્મરણે સર્પનો ભય ન રહે ! તેના વંશમાં ત્રસદસ્યુ, અનરણ્ય, હર્યશ્વ, અરુણ, ત્રિબંધન અને સત્યવ્રત થયા. સત્યવ્રત "ત્રિશંકુ" નામે પ્રસિદ્ધ થયો. તેને સંસારની કામના ન હતી. સદેહે તે સ્વર્ગમાં જવા ઈચ્છતો હતો. પિતાનો અસંતોષ, ગુરુની દૂધ દેતી ગાયનો વધ અને જલથી છાંટ્યા (ધોયા) વગરની (શાક વગેરે) વસ્તુનો ઉપયોગ, આ ત્રણ દોષ તેનામાં પૂર્વવાસનાથી આવેલા. ગુરુના શાપથી તે ચાંડાલ રૂપ થયેલો ! વિશ્વનું હિત કરનારા-મિત્ર-રૂપ-વિશ્વામિત્રે તેનું કલ્યાણ વિચાર્યું. વિશ્વામિત્ર એટલે પુરુષાર્થની પ્રતિમા, તપઃની પ્રતિભા ! ક્ષત્રિય રાજામાંથી બ્રહ્મર્ષિપદે તે પહોંચ્યા ! ગાયત્રીમંત્રના સમર્થ દ્રષ્ટા થયા ! દીન-હીન-ને પાવન કરનારા વિશ્વામિત્ર પુષ્ટિકાર્ય કરનારા છે ! વિશ્વામિત્રે ત્રિશંકુને સદેહે પોતાના સામર્થ્યથી સ્વર્ગમાં મોકલ્યો. ઈન્દ્રે તેને ઊંધે માથે નીચે નાખ્યો. વિશ્વામિત્રે પોતાના તપોબલથી અંતરીક્ષમાં તેને અટકાવી રાખ્યો. આજે પણ તે તારા રૂપે દેખાય છે !

ત્રિશંકુનો પુત્ર સત્યવાદી રાજા હરિશ્ચન્દ્ર થયો. સત્ય માટે સર્વસ્વ, પત્ની, પુત્રાદિનો પણ પરિત્યાગ તેણે કરેલો. વિશ્વામિત્ર-વસિષ્ઠનો સંઘર્ષ પણ તેને લીધે થયેલો. તેને પુત્ર ન હતો, ત્યારે નારદના ઉપદેશથી વરુણની યાચના કરી. પિતૃઋણમાંથી મુક્તિ અને સ્વમુક્તિ માટે તેનો આ ઉદ્યમ હતો. પુત્રથી નરમેધ કરવાની શરતે વરુણ પાસેથી પુત્ર મેળવ્યો, પછી આસક્તિથી યજ્ઞમાં વિલંબ કર્યો. વર્ષો વીત્યાં. તેને જલોદર થયું. રોહિત પ્રાણ બચાવવા વનમાં ગયો હતો. પિતાનું દુઃખ સાંભળી પાછો આવવા તૈયાર થયો. ઈન્દ્રે તેને અટકાવ્યો ! છ વર્ષ રોહિત વનમાં રહ્યો. ઈન્દ્રે ભાગ્ય-પરિવર્તન

માટે પરિભ્રમણ, પ્રયત્ન અને દૃઢતાનો તેને ઉપદેશ દીધો. વરુણે દીધેલો પુત્ર, રાજા વરુણને દેવા ઈચ્છતા હતા. પ્રભુની સઘળી વસ્તુઓ છે. પ્રભુને સુખ થાય તેમ પાછી સોંપી દેવી જોઈએ. વરુણ દૈત્યોના રાજા છે, તેથી ક્રૂર-કર્મનો આગ્રહ રાખ્યો. હરિશ્ચન્દ્ર સત્યવાદી ભક્ત છે, પુત્રને પણ દઈ દેવા તે તૈયાર છે.

એક વખત અજીગર્ત બ્રાહ્મણનો મધ્યમ પુત્ર શુનઃશેપ દ્રવ્યથી વેચાતો મળ્યો. ભક્તનું હૃદય અતિકોમલ હોય. ભક્તિરહિત હૃદય ક્રૂર હોય ! બાપે દીકરો દીધો. વિશ્વામિત્રે કૃપા વિચારી. યજ્ઞ કરાવ્યો. તેમાં વિશ્વામિત્ર હોતા, જમદગ્નિ અધ્વર્યુ, વસિષ્ઠ બ્રહ્મા અને અયાસ્ય ઉદ્‌ગાતા હતા. સઘળા કૃપાસંપન્ન હતા. પુષ્ટિપરાયણ વિશ્વામિત્રે શુનઃશેપને વરુણસૂક્ત શીખવીને મૃત્યુમાંથી બચાવ્યો ! યજ્ઞ પૂર્ણ થયો. દેવો પ્રસન્ન થયા. હરિશ્ચન્દ્રનું ધૈર્ય જોઈને વિશ્વામિત્રે તેને પરમાર્થ-જ્ઞાન દીધું, તેથી રાજા જીવન્મુક્ત થયો.

અધ્યાય : ૮

ઝેર સાથે જન્મેલા સગરના પુત્ર સાગરોએ ખોદેલો ખાડો છે, - સાગર !

સાગરો કપિલના કોપમાં બળી ગયા !:

હરિશ્ચન્દ્રનો પુત્ર રોહિત થયો. તેનો હરિત તેનો ચમ્પ થયો. ચંપાપુરી વસાવી. તેના વંશમાં સુદેવ, વિજય, ભરુક, વૃક, બાહુક થયા. બાહુકનું રાજ્ય દુશ્મનોએ જીતી લીધું. રાણી સાથે તે વનમાં આવ્યો. તેના મરતાં પાછળ સતી થતી રાણીને બ્રાહ્મણ ઔર્વે અટકાવી. રાણીના ઉદરમાં બાલક હતું. સપત્નીએ આ જાણતાં ખોરાક સાથે ઝેર દીધું. સમર્થ દીકરો ઝેર સાથે જન્મ્યો. ઝેરને સંસ્કૃતમાં "ગર" કહેવાય, તેથી તે "સગર" નામે પ્રસિદ્ધ થયો ! તે ચક્રવર્તી થયો. તેણે હીનજાતિના લોકોનો ગુરુની આજ્ઞાથી વધ ન કર્યો, પણ તેમને વિકૃતવેષવાળા બનાવ્યા ! તેણે અશ્વમેધયજ્ઞ કર્યા. ઔર્વ તેના ગુરુ હતા. રાજા સગરના યજ્ઞમાંથી ઈન્દ્ર ઘોડો ચોરી ગયો. સગરના ૬૦,૦૦૦ પુત્રો શોધવા ગયા. તેમણે ઘોડા શોધતાં ઘોડાનાં પગલાં જ્યાંથી દેખાતાં બંધ થયાં ત્યાં ખાડો ખોધો. તે સગરપુત્ર સાગરોએ ખોદેલો હોવાથી "સાગર" કહેવાયો ! આ સ્થિરકાર્યથી સગર ઉત્તમ ગણાય છે. દૈત્યો પહેલાં સમુદ્રમાં રહેતા. દેવોની પ્રાર્થનાથી મુનિ અગસ્ત્યે સમુદ્રનું પાન કર્યું, તેથી જમીન સુકાતાં તે લોકો બીજે જવા લાગ્યા ! દ્વીપમર્યાદાનું ઉલ્લંઘન થયું. આ સાગરથી પુનઃ મર્યાદાલોપ અટક્યો. "सह मुद्रया मर्यादया वर्ततेऽसौ समुद्रः ।"- મર્યાદા સાથે રહે તે સમુદ્ર ! તેના દ્વારા ૬૦,૦૦૦ સાગરો કપિલ પાસે આવ્યા. ત્યાં ઘોડો બાંધેલો જોયો. કોલાહલ કર્યો. ઋષિની આંખ ખૂલી. તેજઃ નીકળ્યું, બધા બળી ગયા !

સગર રાજાનાં બીજાં રાણીનો પુત્ર અસમગ્-જસ હતો. તે યોગી હતો, વંશ માટે પુત્ર અંશુમાનને મૂકીને તે વનમાં ગયો. અંશુમાન અશ્વની શોધમાં આવ્યો. મુનિને પ્રસન્ન કર્યા. "नमामहे त्वां पुरुषं पुराणम् ।"- ભગવાન્ કપિલને નમન કર્યા. કપિલે પ્રસન્ન થઈ અશ્વ દીધો. ૬૦,૦૦૦ સાગરોના ઉદ્ધાર માટે ગંગાજલ જ યોગ્ય ગણાવ્યું. અંશુમાન્ અશ્વ લાવ્યો. સગરનો યજ્ઞ પૂર્ણ થયો. રાજા વનમાં ગયા. બંધનમુક્ત થયા. ઔર્વના ઉપદેશથી ઉત્તમ ગતિ મળી.

અધ્યાય : ૯

અવિરત-દૃઢ-પ્રયત્ન-પરંપરા સફલતા દે છે; ત્રણ પેઢીના તપઃથી ભગીરથ-"ભાગીરથી"-ગંગા લાવ્યા! : નદીનો પ્રવાહ બદલી નાખ્યો ! :

ગંગાજીને લાવવા માટે અંશુમાને તપઃ કર્યું. પણ ગંગાજી ન લાવી શક્યો, પછી તેના પુત્ર દિલીપે પણ તપઃ કર્યું. તેના પુત્ર ભગીરથે પણ ગંગા માટે તપઃ કર્યું. ત્રણ પેઢીનાં સતત તપઃ થયાં, પવિત્ર, ભવ્ય અને સર્વતોભદ્ર કાર્યની સફલતા માટે અખંડ, અવિરત પ્રયત્નોની પરંપરા જોઈએ ! પ્રાણ રેડવાથી જ કાર્ય જીવંત બને છે. સર્વોપકારક આ ભગીરથ છે. ત્રણ પેઢીનું તપઃ તેની શુદ્ધિનું સૂચક છે. તેના નામ પરથી તો પ્રયત્નની દૃઢતા, સતતપણું, કઠિનતા અને સફલતા સૂચવતાં કાર્યને "ભગીરથ-પ્રયત્ન" કહેવાય છે. સ્વર્ગમાંથી ગંગાજીને ભૂતલ પર લાવવાનું અશક્ય જેવું કાર્ય તેણે શકય કર્યું !

આધુનિક-દૃષ્ટિએ વિચારીએ તો, ગંગાજીના પ્રવાહની દિશા બદલી નાખવાની અને સમગ્ર ભારતને પવિત્ર તથા ફલદ્રૂપ બનાવતી નહેરોની યોજના આ ભગીરથ રાજાની હતી. સિંચાઈનો શુભારંભ હતો. વૈજ્ઞાનિક-પદ્ધતિથી તેણે આ મહત્કાર્ય પરિપૂર્ણ કર્યું. તેના પરોપકારી સ્વભાવ અને પ્રયત્નના પ્રભાવથી ગંગાજી પ્રસન્ન થયાં. દર્શન દીધાં. વરદાન માગવા કહ્યું. રાજાએ ભૂતલે પધારવા વિનવ્યાં. ગંગાજીએ ભૂતલે આવતાં પોતાના વેગને ધારણ કરનાર શોધવા કહ્યું; નહિ તો અતિવેગને કારણે ભૂતલ તોડીને રસાતલ જશે, તેમ કહ્યું. પોતે સૌનાં પાપ દૂર કરે; પણ પોતે તે પાપ ક્યાં દૂર કરે ? તે પૂછ્યું !

ભક્તો તો ગંગાને પણ પાવન કરે છે ! : સમર્થ ભક્ત શંકરે ભગવાનના નખ-સંબંધવાળું પરમ-પવિત્ર જલ પોતાના માથે સાવધતાથી ધારણ કર્યું ! :

ગંગા મર્યાદા-ભક્તિમાર્ગની ઉત્તમ અવધિ છે. તેનામાં સૌનાં પાપ ગ્રહણ કરી લેવાનું સામર્થ્ય છે. ગંગામાં આવેલાં તે સર્વ પાપ ભગવાનના ભક્તો દૂર કરે છે. તીર્થયાત્રાના બહાને ભક્તો તો તીર્થની શુદ્ધિ કરે છે !

साधवो न्यासिनः शान्ता ब्रह्मिष्ठा लोकपावनाः ।
हरन्त्यघं तेऽङ्गसङ्गात् तेष्वास्ते ह्यघभिद्धरिः ॥ (६)

વિરક્ત, શાન્ત, પ્રભુપરાયણ, લોકપાવન સંતો સ્નાનાદિથી ગંગાનાં પાપ હરે છે. સંતોમાં સંતાપ અને સર્વપાપ હરનારા શ્રીહરિ વિરાજે છે.

ભગીરથે વિચાર્યું, શંકર સર્વનું કલ્યાણ કરનારા છે, ભગવદાજ્ઞાનુકૂલ છે. તે ગંગાના વેગને ધારણ કરશે. ભગીરથે શંકરને સંતુષ્ટ કર્યા. સર્વ-લોકહિતપરાયણ શંકર સંમત થયા. "दधारावहितो गङ्गां पादपूतजलां हरः ।"- સાવધ શંકરે પ્રભુનાં પવિત્ર ચરણજલ રૂપ ગંગાજીને ધારણ કર્યાં ! ગંગાને પોતાના દેહનો સ્પર્શ ન થાય,- તેમ શંકર સાવધ રહ્યા. અંગસ્પર્શથી ગંગાજી શિવનિર્માલ્ય રૂપ બને. સૌને ઉપયોગી ન રહે ! ગોદાવરી શિવનિર્માલ્ય થયાં, પછી વરાહક્ષેત્રમાં વરાહ-નારાયણના સંબંધથી

નિર્દોષ થયાં. ગંગાને તેમ ન થાય માટે માત્ર મસ્તકે ધારણ કર્યાં ! શંકરે આપેલી વિદ્યા જેમ મુક્તિપ્રદ બને છે, તેમ શિવે દીધેલાં ગંગા મુક્તિપ્રદ છે ! જેને દઢભાવ છે, તેને ગંગા કૃષ્ણના દાસ્યમાં રુચિ કરાવે છે. દેહભાવ દઢ ન હોય તો ગંગાતીરે સાયુજ્ય મળે.

સગરના ૬૦,૦૦૦ પુત્રો દૈત્ય રૂપ હતા. તેમની પણ મુક્તિ થઈ ! ભગીરથના સર્વોપકારને અંજલિ દેતાં ગંગાજી પોતે "ભાગીરથી" ગણાયાં ! ભગીરથના રથની પાછળ વેગથી સાગર પર્યંત પધાર્યાં. મોટાના નામે નાના ઓળખાય તે,- મર્યાદા ! નાનાને નામે મોટા ઓળખાવાનું સ્વીકારે તે કૃપા-પુષ્ટિ છે ! "गमयति प्रापयति ज्ञापयति वा भगवत्पदं सा गङ्गा ।"- પ્રભુપાદપદ્મને પ્રાપ્ત કરાવે અથવા તેનું જ્ઞાન કરાવે તે,- ગંગા ! શ્રદ્ધાપૂર્વક ગંગાસેવન કરનાર નિર્મલ મુનિઓ ભગવચ્ચરણ પ્રાપ્ત કરે છે. મર્યાદાભક્ત ગંગાકિનારે શ્રીભાગવતતત્પર રહે, તો કૃતાર્થ બને છે.

ગુરુકૃપાથી શસ્ત્રક્રિયા દ્વારા પુત્રજન્મ-અશ્મક ! :

આ ભગીરથના વંશમાં શ્રુત, નાભ, સિન્ધુદ્વીપ, અયુતાયુ, નલરાજાના મિત્ર ઋતુપર્ણ, સર્વકામ અને સુદાસ થયા. તેના પુત્ર સૌદાસ થયા. તેને મિત્રસહ, કલ્મષાઙ્ઘ્રિ પણ કહે છે. તેણે વનમાં એક રાક્ષસને માર્યો. તેના ભાઈએ વેર લેવા રસોઈઆના વેષે રાજાને ત્યાં જમવા આવેલા ગુરુને નરામિષ પીરસ્યું. તે જોતાં રાજાને બાર વર્ષ રાક્ષસ થવાનો શાપ ગુરુએ દીધો. અપેયનું પાન અને અભક્ષ્યનું ભક્ષણ આસુરભાવ ઉત્પન્ન કરે છે. રાક્ષસ રૂપે ફરતા ક્ષુધાર્ત રાજાએ એક બ્રાહ્મણને માર્યો ! તેની પત્નીએ રાજાને પત્નીસંગથી મૃત્યુનો શાપ દીધો, પછી તે બ્રાહ્મણ-સ્ત્રી સતી થઈ. રાજાનો રાક્ષસપણાનો શાપ પૂરો થયો. રાણી મદયંતીએ તેને વિપ્રસ્ત્રીનો શાપ યાદ કરાવ્યો. રાજાએ કુલગુરુ વસિષ્ઠને વિનંતી કરી. વસિષ્ઠે કૃપા કરી. પોતાના સામર્થ્યથી પુત્ર દીધો ! ૭ વર્ષ સુધી પ્રસવ ન થતાં, વસિષ્ઠે પથ્થર દ્વારા પ્રસવ કરાવ્યો ! ચિકિત્સાશાસ્ત્રમાં ચરક ઔષધનિપુણ અને સુશ્રુત શસ્ત્રક્રિયાનિપુણ ગણાય છે. પ્રાચીનકાલમાં પથ્થરનાં ઓજારો દ્વારા પણ શસ્ત્રક્રિયાઓ (ઓપરેશન) થતાં. આધુનિક સીઝેરીઅન ઓપરેશનનું આ પ્રાચીન રૂપ ગણાય !

ભક્તરાજાના વંશમાં બ્રાહ્મણ વસિષ્ઠની કૃપાથી જ્ઞાન ઉમેરાયું, "અશ્મા" - પથ્થર-થી જન્મેલો પુત્ર અશ્મક કહેવાયો. તેનો પુત્ર મૂલક થયો. પરશુરામે પૃથ્વીને નિઃક્ષત્રી કરતાં, આનાથી ક્ષત્રિયવંશ આરંભાયો. આ મૂલ-રૂપ હોવાથી "મૂલક" ગણાયો. સ્ત્રીઓએ તેની રક્ષા કરી, તેથી "નારીકવચ" નામ પણ પડ્યું ! તેના વંશમાં દશરથ, ઐડ્વિડ, વિશ્વસહ અને ચક્રવર્તી ખટ્વાંગ થયા.

ભક્ત ખટ્વાંગને બે મુહૂર્તમાં ભગવદ્ગતિ ! :

વીર ખટ્વાંગે દેવોને યુદ્ધમાં મદદ કરી, વિજયને વર્યા. પોતાનું આયુષ્ય મુહૂર્ત માત્રનું જાણીને પોતાના નગરમાં આવ્યા. બાલ્યાવસ્થાથી રાજાએ પ્રભુમાં પ્રીતિ કરી હતી ! દેવોના વરદાનની પણ સ્પૃહા ન કરી. દેવો - ભોગપરાયણ - લોકો, હૃદયમાં વિરાજતા ભગવાનને પણ જાણતા નથી ! દઢ નિશ્ચયપૂર્વક રાજાએ પ્રભુની શરણાગતિ કરી. જ્ઞાન અને ભક્તિ બંને તેનામાં હતાં. મુહૂર્ત માત્રમાં રાજા ભગવાન્ વાસુદેવને પ્રાપ્ત થયા !

અધ્યાય : ૧૦

એક જ રામનું ચાર-રૂપે પ્રાકટ્ય :

જ્ઞાન અને ભક્તિયુક્ત રાજા ખટ્વાંગના પુત્ર થયા દીર્ઘબાહુ. તે દિલીપ નામે પણ ઓળખાયા. તેમણે કુલગુરુ વસિષ્ઠની ગાયની સેવા કરી. કામધેનુના વંશની તે ગાયે વંશપ્રવર્તક પુત્ર થવાનું વરદાન દીધું. "સૂર્યવંશ" - "ઈક્ષ્વાકુવંશ"-નું નામ તે દિલીપના પુત્ર રઘુના નામ પરથી થયું - "રઘુવંશ" ! રઘુરાજાના પુત્ર થયા અજ. ઈંદુમતી તેમને સ્વયંવરમાં વર્યાં. તેમના પુત્ર થયા દશરથ. દશ દિશાઓમાં તેમનો શરીર રૂપ રથ સર્વના હિત માટે સદા દોડતો. તેનું સૂચક નામ છે,- દશરથ ! રામાયણમાં તેમના પ્રસંગો પ્રસિદ્ધ છે.

રાજા દશરથને ત્રણ રાણી. કૌશલ્યા - સર્વનું કુશલ કરનારાં કલ્યાણ રૂપા ! સર્વનું કલ્યાણ કરનારા પ્રભુ પણ તેમના પુત્ર રૂપે પ્રકટ્યા. સુમિત્રા - સર્વનું હિત કરનારા મિત્ર જેવાં સહકાર રૂપા ! તેમના બે પુત્ર લક્ષ્મણ અને શત્રુઘ્ન. સુમિત્રાએ કૌશલ્યા અને કૈકયીના પુત્રોની સેવામાં પોતાનો એક એક પુત્ર આપ્યો. ઉભયની સાથે સહકાર સાધ્યો. રામની સેવામાં લક્ષ્મણ અને ભરતના સાથમાં શત્રુઘ્ન દીધા ! કૈકેયી - કઠોર કર્તવ્ય રૂપા ! તેમણે રઘુનાથજીને વનમાં વિદાય કર્યા. કઠિન કેળવણી દીધી. લોકાપવાદ વહોરીને પણ પ્રિય પુત્ર રામનું ઘડતર કરવાના કાર્ય રૂપ યજ્ઞમાં પોતાનો યશઃ હોમી દીધો ! કૈકેયીના પુત્ર ભરત કઠિન-વ્રત- પરાયણ, સેવા-કાર્યરત થયા. પરોપકારમાં ત્રણ ઉપકારક - કુશલતા, સહકાર અને કર્તવ્યનિષ્ઠા !

રાજા દશરથને ત્રણ રાણી છતાં પુત્ર ન હતો ! કુલગુરુ વસિષ્ઠને વિનંતી કરી. વસિષ્ઠે ઉપાય બતાવ્યો. રાજા દશરથનાં પુત્રી શાન્તા રોમપાદ રાજાને ત્યાં ઊછરેલા ! રોમપાદને ત્યાં દુષ્કાળ થયો. ૧૨ વર્ષ વરસાદ ન થયો ! બ્રાહ્મણોએ વિભાંડક ઋષિના પુત્ર ઋષ્યશૃંગને વારાંગનાઓ દ્વારા મુગ્ધદશામાં નગરમાં પધરાવ્યા. વરસાદ થયો. રાજાએ શાન્તા-કન્યા તેમની સાથે પરણાવ્યાં. દશરથે ઋષ્યશૃંગને બોલાવ્યા. સરયૂનદીના ઉત્તરકિનારે પુત્રેષ્ટિ-યાગ કર્યો. અગ્નિનારાયણ પ્રસન્ન થયા. ચરુ દીધો. રાજાએ ચરુનો અર્ધો ભાગ કૌશલ્યાજીને દીધો. બાકીનામાંથી અર્ધો ભાગ કૈકેયીને આપ્યો. બાકીનાના બે ભાગ કર્યા. કૌશલ્યા અને કૈકેયીને દીધા. બન્નેએ સંમત થઈ સ્નેહથી તે ભાગ સુમિત્રાને દીધા ! રાજાના રાજ્યમાં સર્વત્ર મંગલ થયું. દિવસો વીત્યા.

એક દિવસ રાજાનો દરબાર ભરાયેલો. સૌ મંગલસમાચારની ઝંખના કરતા હતા. સંત તુલસીદાસે મંગલદિવસની નોંધ કરી,–

"નૌમી તિથિ મધુમાસ પુનીતા, શુકલપક્ષ અભિજિત હરિ પ્રીતા;
મધ્યદિવસ અતિ સીત ન ઘામા, પાવન કાલ સકલ લોક વિશ્રામા."

સૌ સભામાં આતુર બેઠા હતા. આકાશમાં દેવ-વિમાનો છવાયાં. પુષ્પવૃષ્ટિ થઈ. વનમાં પુષ્પ પ્રફુલ્લ હતાં, સુગંધ દિશાઓમાં ફેલાઈ રહ્યો હતો. સુગંધી વાયુ વાતો હતો. ભમરા ગુંજન કરતા હતા. પક્ષી કૂજન કરતા હતાં, દેવવાદ્ય વાગતાં હતાં, અપ્સરાઓ નાચતાં હતાં, પવિત્ર વાતાવરણ હતું. બ્રાહ્મણો વેદઘોષ કરતા હતા. બંદીજનો સ્તવન કરતા હતા. વેદીમાંથી અગ્નિ જ્વાળા રૂપે આદરથી

ઊભા થયા હતા. સંતોનાં મન પ્રસન્ન હતાં. પર્વતોએ મણિઓ ધારણ કર્યાં હતા. વગર ખોધે કે શોધ્યે મણિ જડતા હતા. સરિતાઓ રસધારા વહાવતી હતી. મંગલમગ્ન પ્રજાઓ હતી. મધ્યાકાશે દિનમણિ (સૂર્ય) પોતાના કુલમણિનાં દર્શન કરવા સ્થિર થઈને ઊભા હતા. સૌની ઉત્કંઠા ઉભરાતી હતી.

બ્રહ્માદિ દેવો સ્તવન કરીને વિદાય થયા. ત્યાં તો કૌશલ્યાજીના મહેલમાંથી દાસીએ શ્યામસુંદર પુત્રપ્રાકટ્યના મંગલ સમાચાર દીધા ! સંતની વાણીમાં વણાયા, -

"ભએ પ્રકટ કૃપાલા, દીનદયાલા, કૌશલ્યાહિતકારી,
હર્ષિત મહતારી, મુનિમનહારી, અદ્‌ભુત રૂપ વિચારી;
લોચન અભિરામા, તનુ ઘનશ્યામા, નિજ આયુધ ભુજચારી,
ભૂષણ વનમાલા, નયનવિશાલા, શોભાસિંધુ ખરારી."

"વિપ્ર ધેનુ સુર સંત હિત, લીન્હ મનુજ અવતાર;
નિજ ઈચ્છા નિર્મિત તનુ, માયા ગુણ ગોપાર."

સાથે કૈકેયીના મહેલેથી પણ શ્યામપુત્ર પ્રાકટ્યના સમાચાર આવ્યા ! સુમિત્રાને ત્યાંથી બે ગૌર પુત્ર પ્રાકટયની વધાઈ આવી ! રાજાએ ઉત્તમ વધામણી ઉદારતાથી આપી. નગરમાં ઉત્સવ મનાઈ રહ્યો. સુગંધી જલ છંટાયાં. મંગલવાદ્ય વાગ્યાં. રંગોળી પુરાઈ, ધૂપદીપ થયા. તોરણ - માલા - ચંદરવા બંધાયાં. મંગલ ગીત ગવાઈ રહ્યાં. અબીલગુલાલ ઊડવા લાગ્યાં. બપોરે પણ સાયંકાલ જેવી શોભા થઈ ગઈ. રાજાએ યથોચિત ઉદાર દાન દીધાં. સૌ ઉત્સવમગ્ન થયાં. ભગવાન્ સવિતાનારાયણ ઉત્સવરત થયા. માસ પર્યંત દર્શન કરતા મધ્યાકાશે ઊભા રહ્યા. લોકોએ જાણ્યું નહિ !

સાક્ષાત્ ભગવાન્ દેવોની પ્રાર્થનાથી પ્રકટ્યા હતા. પુરુષોત્તમનો હાસ્યાવતાર સૌને સુખનાં હાસ્ય દેવા થયો. ગુરુની આજ્ઞાથી નામકરણવિધિ રાજાએ કર્યો. કૌશલ્યાના પુત્ર પોતાના ગુણોથી સૌને રમાડે, આનંદ આપે, યોગિજનો તેનું ધ્યાન કરે, આખા જગતનો તે આરામ, સૌને લાગે અભિરામ, સકલ વેદનામાં તે વિરામ, તેથી તેનું નામ - રામ ! મુનિજનના મનનો તે કામ, સકલગુણધામ, સુંદરશ્યામ ! કૈકેયીપુત્ર જગતનું ભરણપોષણ કરે, ભાવથી સૌને ભરી દે, ભાઈમાં રત, તેનું નામ - ભરત ! સુમિત્રાના એક પુત્ર સકલ શુભ લક્ષણોથી યુક્ત તે - લક્ષ્મણ ! બીજા પુત્ર, યુદ્ધમાં સર્વ શત્રુઓને હરનારા વીર - શત્રુઘ્ન !

રામ બ્રહ્મ રૂપ છે. લક્ષ્મણ શેષાવતાર છે. ભરત શંખનો અવતાર અને શત્રુઘ્ન ચક્રનો અવતાર ગણાય છે. નામ ભિન્ન છે. સૌ પ્રભુના અંશાંશ રૂપ છે !

પરીક્ષિતે શ્રીભાગવત સાંભળતાં પહેલાં તત્ત્વદૃષ્ટા ઋષિયો પાસેથી અનેકવાર રામચરિત સાંભળ્યું છે ! :

तस्यानुचरितं राजन्नृषिभिस्तत्त्वदर्शिभिः ।
श्रुतं हि वर्णितं भूरि त्वया सीतापतेर्मुहुः ॥ (३)

રાજા પરીક્ષિતને શ્રીશુકે રામાયણની કથા કહેવી શરૂ કરી. રામાયણ માનવને ધર્માનુરૂપ

સામાજિક જીવન શીખવે છે. ભાગવત માનવને ભગવાનને અનુકૂલ બનીને જીવતાં શીખવે છે. રામાયણ ધર્મમય છે. ભાગવત ભાવમય છે. રામાયણના મર્યાદા-શાસ્ત્ર-ધર્મો જીવનમાં વણાઈ જાય, તો ભાગવતના ભગવદ્ધર્મો મળે, પ્રેમ પ્રભુમાં સ્થિર થાય. રામાયણ ઉદાત્ત સમાજજીવન શીખવે છે. ભાગવત ભગવાનમય જીવન આપે છે. ધર્મ જીવનનો પાયો છે. પ્રેમ તેના ઉપરનો મહેલ છે. રામાયણ અને ભાગવત જીવનમંગલ કરનારાં મંગલપુઞ્જ છે. ભગવાનનાં લીલાવિહારકુઞ્જ છે. પ્રભુના ધર્મવિહાર અને રસવિહારની કમનીય - મંગલ મંજુલ - ગાથાઓ તેમાં છે !

પરીક્ષિતે તત્ત્વજ્ઞોના મુખે રામચરિત વારંવાર ખૂબ સાંભળ્યું છે, તેથી શ્રીશુકે માત્ર કથાક્રમને કે ઈતિહાસવૃત્તને મુખ્ય ન રાખતાં, રામાયણનાં રહસ્યો કહ્યાં છે ! ભગવાન્ રામચન્દ્રજીના અદ્ભુત પૌરુષને ગાયું છે. કથા તો તત્ત્વજ્ઞોના મુખેથી સંભળાય, તો ધર્મ કે ભગવાન્ સમજાય. દશમા અને અગિયારમા અધ્યાયમાં સૂર્યવંશ (રઘુવંશ)માં પ્રકટેલા ઈશની કથા છે, ભક્તિમાં સ્થિરતા અને ક્રિયાશકિતનું વર્ણન છે. બારમા અધ્યાયમાં તેમને અનુસરતા વંશની કથા છે. તેરમા અધ્યાયમાં ભગવાનની જ્ઞાનશક્તિ સમજાવતી, રાજા જનકના વંશની કથા છે.

ભગવાન્ શ્રીરામનું અદ્ભુત બાલ-ચરિત : કૃષ્ણાવતારનાં બીજ અહીં પણ દેખાય છે ! :

રામચન્દ્રજી મધ્યાહ્‌ને પ્રકટ થયા. સૂર્યનું તેજ: પોતાનામાં સમાવી દીધું ! ઉગ્રતેજ:થી અધર્મનો સપરિકર નાશ કર્યો. રામચન્દ્રજીનું પ્રાકટ્ય ચૈત્ર સુદિ ૯ના દિવસે પુષ્ય નક્ષત્રમાં થયું, તે બલવાન્ નક્ષત્ર છે. છ ગુણ અને ચાર વ્યૂહ રૂપ પ્રભુનું આ પ્રાકટ્ય છે !

બાલવયમાં ભગવાને અનેક અદ્ભુત-લીલાઓ કરી છે. વિવિધ રામાયણમાં તે પ્રસિદ્ધ છે. મા કૌશલ્યાજીએ ભગવાનને ભોગ ધરતાં રામનું પોતે જ બાલ રૂપે આરોગવું, મુખમાં વિશ્વરૂપદર્શનાદિ અનેક લીલાઓ છે ! બાલ-રામ ધૂળમાં ખેલતાં અદ્ભુત દર્શન દેતા. સંતે ગાયું, —

“તનકી દૂતિ શ્યામસરોરુહ, લોચન કંજકી મંજુલતાઈ હરે;
અતિસુંદર સોહત ધૂરિ ભરે, છબિ ભૂરિ અંગનકી દૂરી કરે.”

આંગણમાં ઘૂંટણે ચાલતાં રિંગણલીલા કરતા. વાછરડાંનાં પુચ્છ પકડી દોડાવતા-દોડતા ! અવધપુરવાસીઓના ઘરમાંથી માખણ ચોરી કરતા ! મર્યાદા-પુરુષોત્તમના અવતારમાં આ સ્વાદનો આહ્‌લાદ અધૂરો લાગ્યો. મધુરો આહ્‌લાદ માણવા પુષ્ટિ-પુરુષોત્તમ રૂપમાં વ્રજમાં પધાર્યા. રામે ધર્મમર્યાદાપૂર્વક રસદર્શન દીધું. કૃષ્ણે રસમર્યાદા-સહિત રસદાન કર્યું ! રામમાં ધર્મમર્યાદા છે. કૃષ્ણમાં રસમર્યાદા છે ! મુખ્યત્વે રામ શાસ્ત્રાનુકૂલ છે. કૃષ્ણ પ્રેમાનુકૂલ છે ! રામ સાધુશિરોમણિ છે. કૃષ્ણ રસિકશિરોમણિ છે ! રામ હાસ્ય છે. કૃષ્ણ જીવનનું લાસ્ય છે ! રામને શ્રીશુકે “बद्धसेतुः”- “સેતુ બાંધનાર” કહ્યાં છે, કૃષ્ણને “भिन्नसेतुः”- સેતુ તોડનાર કહીને ગાયા છે. રામ મર્યાદાપાલક છે. કૃષ્ણ મર્યાદાના અતિક્રમથી પણ પુષ્ટિપાલક છે ! રામ અવતાર છે. કૃષ્ણ અવતારી છે ! રામાવતારમાં પુષ્ટિબીજ છે. કૃષ્ણાવતારમાં પુષ્ટિફલ છે !

એક શ્લોકમાં, સિંહાવલોકન-ન્યાયે, શ્રીરામચરિત :

વૈરાગ્યપૂર્ણ શ્રીશુકે રામચરિતના પ્રારંભે એક શ્લોકમાં, પુણ્યશ્લોક રામના ત્યાગમય જીવનને

અર્ઘ્ય દેતાં, ત્યાગમૂર્તિ કોશલેન્દ્ર રક્ષા કરે તેમ પ્રાર્થ્યું -

गुर्वर्थे त्यक्तराज्यो व्यचरदनुवनं पद्मपद्भ्यां प्रियायाः
पाणिस्पर्शाक्षमाभ्यां मृजितपथरुजो यो हरीन्द्रानुजाभ्याम् ।
वैरुप्याच्छूर्पणख्याः प्रियविरहरुषाऽऽरोपितभ्रूविजृम्भ-
त्रस्ताब्धिर्बद्धसेतुः खलदवदहनः कोशलेन्द्रोऽवतान्नः ॥ (૪)

કલાની કદર કલાકાર કરે, વિદ્યાની પરીક્ષા અને કદર વિદ્વાન્ કરે, સોનાની પરીક્ષા સોની કરે, ત્યાગની સમીક્ષા ત્યાગી કરે, વૈરાગ્યની વિશિષ્ટતાની પરીક્ષા વૈરાગ્યનિષ્ઠને હોય ! ભગવાન્ રામના જીવનમાંના ત્યાગ અને વૈરાગ્યની વિશિષ્ટતા ત્યાગમય અને દૃઢ વૈરાગ્યશીલ શ્રીશુકે ઓળખી! પોતાના ત્યાગ કરતાં રઘુનાથનો ત્યાગ અને વૈરાગ્ય વિશિષ્ટ લાગ્યો ! શ્રીશુક શંકર રૂપ હતા, ત્યાગ-વૈરાગ્ય જન્મસિદ્ધ હતાં, છતાં પોતાના ઈષ્ટ રામચન્દ્રજીનો ત્યાગ-વૈરાગ્ય મિષ્ટ લાગ્યો, અકિલષ્ટ લાગ્યો, અભીષ્ટ લાગ્યો, વિશિષ્ટ લાગ્યો અને તેથી - "कोशलेन्द्रोऽवतान्नः"- "કોશલેન્દ્ર અમને રક્ષો !" - પ્રાર્થ્યું !

શ્રીશુકે પોતાના ત્યાગ સાથે રઘુનાથજીના ત્યાગની તુલના કરી હશે ! :

(૧) શ્રીશુક શંકરનો અવતાર, ત્યાગ-વૈરાગ્ય સ્વરૂપ છે, ભગવત્સ્વરૂપ પણ છે.	(૧) શ્રીરામ રમાપતિ છે, છતાં વૈરાગ્ય તેમનો ગુણ છે.
(૨) શ્રીશુક ઋષિપુત્ર રૂપે પધાર્યા. ત્યાગ-વૈરાગ્ય-તપ: સ્વાભાવિક હોય. શ્રીશુક જ્ઞાનમય પિતા અને નાનકડી કુટિરનો વનમાં ત્યાગ કરીને, જન્મીને તરત સિદ્ધજ્ઞાન હોવાથી, સંગભયથી, સ્વ-કલ્યાણ માટે પધાર્યા. તેમાં સ્વાર્થ છે ! શ્રીશુક જન્મીને તરત અને પુન: ભાગવત ભણ્યા પછી પિતાનો આશ્રમ બે વખત છોડીને પધાર્યા છે !	(૨) શ્રીરામ રાજપુત્ર રૂપે પધાર્યા ! વૈભવ-વિલાસ સ્વાભાવિક ગણાય ! શ્રીરામ વત્સલ પિતા, મમતાભરી માતા અને પ્રેમભરી પ્રજાને છોડીને વનમાં પધાર્યા છે ! કિશોરાવસ્થામાં વિશ્વામિત્રની માગણીથી અને યુવાવસ્થામાં માતા કૈકેયીની માગણીથી, બંને વખત "गुर्वर्थे"- પિતા દશરથના વચનપાલન માટે, કોમલ રામ વનમાં પધાર્યા છે ! તેમાં સ્વાર્થ નથી, પરમાર્થ છે, ! દેવકાર્ય અને ભક્તકાર્ય કરવાં છે, વિશ્વકલ્યાણની વાંછના છે. દેવો પણ જેની સ્પૃહા કરે તેવી રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરીને પધાર્યા છે ! સાકેતધામ છોડીને અવતાર લીધો. લીલાના આરંભથી અંત પર્યંત સીતા વગેરેના ત્યાગે રઘુનાથ ત્યાગપૂર્ણ જીવન જીવ્યા છે !

(૩) શ્રીશુક એકાકી વનમાં પધાર્યા, સમાધિમાં સુખાનુભવ માણતા હતા.	(૩) શ્રીરામ સાથે જનકદુલારી સીતાજી અને લક્ષ્મણજી સાથમાં હતાં ! અનેકવિધ પ્રતિકૂલતાઓ રામે વનવાસમાં સ્વીકારી છે.
(૪) પિતાના પોકાર છતાં શ્રીશુક રોકાયા નથી, પિતાજી પાછળ પધાર્યા છે, વિવશ થયા છે !	(૪) શ્રીરામ પણ પિતાની વનમાં મોકલવાની અનિચ્છા છતાં પિતાના વચનથી વનમાં પધાર્યા છે ! પિતા મરણશૈયામાં છે. પ્રજા પાછળ આવે છે. પિતા તો પછી કાલવશ થયા છે !
(૫) શ્રીશુકને તો સ્વૈરવિહાર હતો. માત્ર સંગનો જ ભય લાગતો હતો !	(૫) શ્રીરામે "तापसवेष विशेष- उदासी ।" રહેવાનું હતું. ચૌદ વર્ષ કોઈ પણ નગરમાં જવાનું ન હતું ! કોમલ રામને અનેક ભયંકર રાક્ષસો સામે લડવાનું હતું ! છતાં ભય ન હતો. અભય દેતા હતા, સંગથી સૌને કૃતાર્થ કરતા હતા.
(૬) શ્રીશુકે પિતા કૃષ્ણદ્વૈપાયન વ્યાસજી પાસેથી ભાગવત ભણી, પરીક્ષિત દ્વારા અનેક સંસારીઓને સંભળાવી, દોષ ભરેલાઓનો ઉદ્ધાર કર્યો !	(૬) શ્રીરામ સામે ચાલીને વનમાં પધાર્યા. રીંછ, વાનર, તાપસ, ભિલ્લ, રાક્ષસ વગેરેનો ઉદાર કૃપાથી ઉદ્ધાર કર્યો ! પોતાનો સંગ દઈ સર્વ રીતે દુષ્ટ હતા તેમને પણ નિર્દોષ બનાવ્યા. અનેકના અભિલાષ પૂર્ણ કર્યા !
(૭) શ્રીશુક વિરક્ત હતા, છતાં કરુણા સંસારીઓ પર કરી છે !	(૭) શ્રીરામ ગૃહસ્થાશ્રમી હતા. ભક્તાનુરક્ત હતા, કૃપા સૌના પર કરી છે !

વિરક્ત શ્રીશુકને ગૃહસ્થ શ્રીરામનો ત્યાગ-વૈરાગ્ય અત્યુત્તમ, વિશિષ્ટ લાગ્યો. આદરમાં પોતાના અભીષ્ટ ભગવાન્ રક્ષા કરે તેમ યાચ્યું.- "कोसलेन्द्रोऽवतान्नः ।"

કઠોરતા-કટુતા-કપટ-વગરનો કમલકોમલ શ્રીરામનો આદર્શ - ત્યાગ ! :

કોશલેન્દ્રને શ્રીશુકે ઓળખાવ્યા,- "गुर्वर्थे त्यक्तराज्यः ।"- સ્વાર્થ માટે સંઘર્ષ ઉતરતા સંસારીને, ગુરુજનો માટે, પિતાની આજ્ઞાથી, રાજ્યત્યાગ કરતા શ્રીરામનો આદર્શ શ્રીશુકે ચીંધ્યો ! રામે ન્યાય નથી માગ્યો, હક્ક સામે નથી ધર્યો, કટુતા-કઠોરતા નથી કર્યાં. રાજ્યારોહણ પ્રસંગનું મંગલ-મધુર સ્મિત, વનવાસવિદાય વખતે પણ કમલકોમલ મુખ પરથી વિલાયા વિના વિલસતું હતું ! કમલકોમલ ચરણકમલ વનમાં કંટક અને કંકરથી વીંધાતાં હતાં, છતાં કોમલ હૃદય ક્લેશથી નહોતું વીંધાયું ! પોતાના દુઃખ-સમયે કોઈને નિમિત્ત ગણીને અપવાદ આપ્યો ન હતો. શ્રીરામચંદ્રજીનું આ

ધર્મમર્યાદા-પાલક સ્વરૂપ ઓળખાવ્યું.

શીલનિધાન કમલકોમલ રામભદ્રજી તો સેવકોના સુખ માટે શ્રમ વેઠીને પણ સેવા સ્વીકારે છે ! :

વનમાં વિચરતા શ્રીરઘુનાથજીનાં ચરણકમલની કોમલતા શ્રીશુકે બતાવી, - "प्रियायाः पाणिस्पर्शाक्षमाभ्यां पद्मपद्भ्यां ।"- વૈકુણ્ઠમાં લક્ષ્મીજી પ્રભુનાં ચરણકમલને પોતાના કોમલ ઊરુ ઉપર પધરાવી, કમલકોમલ કરનો સ્પર્શ ન કરાવતાં, તેની કાન્તિ માત્રથી વૈકુણ્ઠનાથની સેવા કરે છે ! લક્ષ્મીજી સીતાજી રૂપે પધાર્યાં. સેવાનો ક્રમ સાચવી રાખ્યો. પ્રભુની ચરણસેવા સીતાજી કરતા. રામનાં કોમલ ચરણ કમલ જેવાં છે. પ્રિયાજી-સીતાજીના કરકમલનો સ્પર્શ પણ તે સહી શકતા નથી ! સીતાજી તો પત્ની છે, છતાં પ્રેમપ્રગલ્ભતાથી તેમને 'પ્રિયા' - કહ્યાં છે. મર્યાદામાં પણ પુષ્ટિનું દર્શન છે. પત્નીમાં ક્વચિત્ પણ કઠિનતા દેખાય, પ્રેમમાં કઠિનતા પીગળી જાય તો પ્રિયા ગણાય. શ્રીરામનાં કોમલ ચરણ એક વનમાંથી બીજા વનમાં કંકર-કંટક અને કઠિનભૂમિનો સ્પર્શ સહતાં પરિભ્રમણ કરે છે. કોમલ ચરણારવિંદની સેવા કરીને તેનો માર્ગશ્રમ દૂર કરવાનું સૌભાગ્ય હનુમાન્, સુગ્રીવ અને લક્ષ્મણજીને મળ્યું ! સીતાજી લંકા પધારતાં આ નિત્ય થયું. પ્રિયાજીનો પણ કોમલ કરસ્પર્શ ન સહી શકતાં ચરણની સેવા વાનરવીર અને ક્ષત્રિયવીર કરે છે ! ! !

વાનરના હાથે તો તીક્ષ્ણ નખ હોય. ક્ષત્રિયના હાથે ધનુષ્યનાં આંટણ પણ હોય, કર્કશતા સ્વાભાવિક હોય. તેના સ્પર્શથી સુખ ન લાગે; છતાં પ્રભુ સેવકની કૃતાર્થતા માટે સેવા સ્વીકારે છે ! પ્રભુનો માર્ગશ્રમ મટે છે ! શ્રીરામચન્દ્રજીની આ ઉદાર કૃપાલુતા બતાવી,- "साहिब शीलनिधान ।" - તુલસીજીએ રામને શીલનિધાન સ્વામી કહ્યા છે. સ્વામી વૃક્ષ નીચે, સેવક વૃક્ષ ઉપર, મર્યાદા કોઈ ન સચવાય, રામે કૃપા કરી. વાનરને પણ સ્વસમાન બનાવ્યા. પુષ્ટિ (કૃપા) કરીને પણ મર્યાદા સાચવી !

મર્યાદાપુરુષોત્તમે સમુદ્ર પર સેતુ બાંધ્યો ! - સુખદ સ્વામી અને સન્નિષ્ઠ સેવક વચ્ચે સ્નેહસેતુ કૃપાથી રચ્યો ! :

વનવાસમાં રામ પંચવટીમાં વસતા હતા. ત્યાં શૂર્પણખા આવી. તેનાં નાક-કાન લક્ષ્મણ દ્વારા કપાવ્યાં ! પરિણામે તેણે રાવણને ઉશ્કેર્યો. છાયારૂપ સીતાજીનું અપહરણ થયું. પ્રશાન્ત રઘુનાથે શાન્તિ છોડી. પ્રિયા માટે સ્વાભાવિક સ્મિતનો પણ ત્યાગ કર્યો, સીતાવિયોગનાટ્ય કર્યું. કરુણ આક્રંદનું દર્શન કરાવ્યું ! લંકા જતાં માર્ગ ન દેતા સમુદ્રને પ્રિયાવિરહના રોષથી ખેંચાયેલા ભ્રમરયુક્ત દૃષ્ટિપાત માત્રથી ત્રાસ કરી દીધો ! કુપિત નજર માત્રથી સમુદ્રનાં પાણી ઊકળી ઊઠ્યાં. સમુદ્ર શરણે આવ્યો. કમલ-કોમલ રામની રણકર્કશતાને સ્વલ્પ પરિચય થયો. સમુદ્ર પર સેતુ બંધાયો ! સમુદ્રનું ઉલ્લંઘન ન થાય તે મર્યાદા. ભગવાન્ મર્યાદા- પુરુષોત્તમ રામે સેતુ બાંધ્યો. પોતે સમુદ્રનું ઉલ્લંઘન કર્યું, અનેક વાનરરીંછ સુભટોને પણ કરાવ્યું. પુષ્ટિ પ્રકટ કરી ! શ્રીરામે મર્યાદાલીલામાં પણ પુષ્ટિનાં કાર્ય કર્યાં છે. તેનો નિર્દેશ શ્રીશુકે કર્યો, - "बद्धसेतुः"- ધર્મમર્યાદા- ધર્મસેતુ - બાંધતા રઘુનાથે, સમુદ્ર પર સેતુ બાંધીને મર્યાદાનું પણ ઉલ્લંઘન કર્યું ! સમુદ્ર પર સેતુ બાંધ્યો. સેતુબંધ રામેશ્વર પ્રસિદ્ધ છે. સ્વામી અને સેવક વચ્ચે કૃપા (પુષ્ટિ)નો પુલ (સેતુ) - સ્નેહસંબંધ - શ્રીરામે બતાવ્યો.

રાવણ વગેરે ખલના વનમાં અગ્નિ રૂપ રઘુનાથજી છે. કોશલની પ્રજાને પરમૈશ્વર્ય સર્વ સુખ અને અંતે સાકેતધામ દેનારા કોશલેન્દ્ર રામ છે. ત્યાગમૂર્તિ કોશલેન્દ્ર પોતાની રક્ષા કરે,- તેમ શ્રીશુકે પ્રાર્થ્યું. - "कोसलेन्द्रोऽवतान्नः ।"- પાછળના શ્લોકોમાં પણ આ પદનો સંબંધ થઈ શકે છે. મુખ્ય રામચરિતરહસ્ય સંક્ષિપ્તમાં વર્ણવીને શ્રીશુકે શ્રીરામનું પૌરુષગાન કર્યું.

બે અધ્યાયમાં, વિહંગાવલોકન-ન્યાયે, શ્રીરામ-ચરિત ! શ્રીરામનું લૌકિક-વૈદિક-પૌરુષગાન !:

તાડકાવધ અને અહલ્યાના ઉદ્ધારની કથા શ્રીશુકે કહી નથી !:

રામ-વલ્લભા સીતાજી રાવણને ત્યાં પધાર્યાં જ નથી ! છાયા-સીતા હરાયાં છે ! આદિવાસીઓનો ઉદ્ધાર ઉદાર શ્રીરામે સહવાસથી કર્યો છે ! સમુદ્ર ઉપર સેતુ બાંધતાં સ્વદેશીય સમુત્કર્ષ કર્યો છે ! રામરાજ્યમાં ઈચ્છે નહિ તેને મૃત્યુ પણ ન હતું !:

એક વખત રાજા દશરથ પાસે સમર્થ મુનિ વિશ્વામિત્ર આવ્યા. મનમાં મનોરથ કરતા સરયૂમાં સ્નાન કરી રાજદ્વારે આવ્યા. પહોંચતાં વાર ન લાગી ! ભગવાન્ કૃષ્ણને લઈ જવા કાકા અક્રૂર રથમાં આવ્યા હતા, મનોરથમગ્ન હતા, મથુરાથી ગોકુલ પહોંચતાં સાંજ થઈ હતી. રામવલ્લભા સીતાજી રાવણને ત્યાં પધાર્યાં જ નથી ! છાયાસીતા હરાયાંછે ! આદિવાસીઓનો ઉદ્ધાર ઉપર શ્રીરામે સહવાસથી કર્યો છે !: સમુદ્ર પર સેતુ બાંધતાં સ્વદેશીય સમુત્કર્ષ કર્યો છે રામરાજ્યમાં ઈચ્છે નહિ તેને મૃત્યુ પણ ન હતું !: વિશ્વામિત્રે રાજા પાસે યજ્ઞરક્ષા માટે રામ-લક્ષ્મણ કુમારો માગ્યા. ઋષિ સમર્થ હતા, તપોબલ ખૂબ હતું; છતાં પ્રભુનો આશ્રય થાય તેમ ઈચ્છતા હતા. રામચન્દ્રજીને આશ્રમમાં પધરાવીને યજ્ઞરક્ષા ઈચ્છતા હતા, પોતાના પ્રભુનો યશઃ પ્રકટ કરવા ઈચ્છતા હતા. પોતે વિદ્યાદાન વગેરે દ્વારા પ્રભુની સેવા કરીને કૃતાર્થ થવા ઈચ્છતા હતા. રાજા દશરથે ગુરુ વસિષ્ઠની સલાહથી આંખની કીકી જેવા બે કુમારો ઋષિને દીધા. વચનબદ્ધ પિતા માટે રામે રાજ્યત્યાગ કર્યો ! લક્ષ્મણ તો તેના રામમાં જ સમાઈ રહ્યા છે. લક્ષ્મણના વનવાસને જુદો ન ગાવો પડે. રામની છાયા શા લક્ષ્મણજી છે !

વત્સલ પિતા, મૃદુલ માતા અને પ્રેમલ પ્રજાને છોડી રઘુનાથજી ઋષિજી સાથે વનવાસમાં પધાર્યા. આતુર અંતરે અને આંસુ ઊભરાતી આંખે સૌએ વસમી વિદાય દીધી. વિશ્વામિત્રજીના આશ્રમમાં રામ-લક્ષ્મણ પધાર્યા. સદ્ગુણી સંતાન સમાજની સંપત્તિ છે. સંકુચિત સ્વાર્થમાં જ સંતાનને પૂરી ન રખાય. સર્વના શ્રેયઃ માટે સ્નેહથી સોંપી દેવાય.

માર્ગમાં તાડકાવધની કથા શ્રીશુકે નથી કરી ! સ્ત્રીવધ સામર્થ્યદર્શક ન ગણાય. લક્ષ્મણજીના દેખતાં રામે મારીચ વગેરે રાક્ષસોનો વધ કર્યો. મરતા મારીચે મધુર મુખારવિંદ જોયું. મનમાં મનોરથ થયો, - "ફરીથી પણ આ મધુર મુખનું દર્શનસુખ માણતાં, કઠોર બાણથી પ્રાણ ભલે જાય !" અભિરામ રામે ઈચ્છા પૂરી કરી ! મારીચ રાવણના રાજ્યમાં જન્મ્યો. સુવર્ણમૃગ રૂપે આવ્યો. રામબાણથી પ્રાણ ગયા, પણ મુખ દેખતાં મર્યો. રામ પણ તેના મનોરથને પૂર્ણ કરવા કોમલ ચરણોથી વનની કઠોર ભૂમિ ઉપર પાછળ દોડતા હતા, શ્રમ સહન કરતા હતા, પણ બાણ મારવાની ઉતાવળ કરતા ન હતા. ઉદાર પ્રભુ મારીચને સમય દેતા હતા ! સાથે રાવણને પણ સીતાહરણનો સમય દેતા હતા ! ભગવાન્ અદ્ભુત છે. તેમની લીલા પણ અદ્ભુત છે !

વિશ્વામિત્રનો યજ્ઞ નિર્વિઘ્ને પૂર્ણ થયો. જનકપુરનો મંગલસંદેશ આવ્યો. સીતાસ્વયંવરનું નિમંત્રણ હતું. ઋષિની આજ્ઞાથી વશંવદ રામ લક્ષ્મણજી સાથે જનકપુર પધાર્યા. માર્ગમાં મંગલ-શકુન હતાં. અહલ્યાના ઉદ્ધારની કથા પણ શ્રીશુકે નથી કહી ! અકારણ કોઈની ન્યૂનતાની વાત કરતાં નિંદા થાય. રામ સર્વનો ઉદ્ધાર કરવા સમર્થ છે, પતિતપાવન છે. તે નિર્દોષ, શાપિત, આગંતુક-દોષવાળાં ઋષિપત્નીનો ઉદ્ધાર ન કરે ?! શિલારૂપ અહલ્યા તે જડ-મતિ ! ભગવાન્ કે ભક્તોના ચરણરજઃ પ્રભાવે જડમતિ પણ સન્મતિ રૂપ બને, શિલામાંથી સ્ત્રી બને !

જનકપુરમાં જનક રાજાની રાજસભામાં શ્રીરઘુનાથજી પધાર્યા. શ્રીશુકે સામાન્ય વર્ણન નથી કર્યાં. મુખ્ય પ્રસંગોનાં વિલક્ષણ વર્ણન કર્યાં છે ! ત્રણસો માણસો પૈડાંવાળી ગાડીમાં પ્રચંડ શિવધનુષ્ય લાવ્યા. જનકે, - "ધનુષ્યની પ્રત્યંચા ચડાવે તેને સીતા વરે !" - તેવી ઘોષણા કરી. કોઈની હિંમત ન થઈ. લક્ષ્મણ અકળાતા હતા. ત્યાં વિશ્વામિત્રની આજ્ઞાથી રઘુનાથ પધાર્યા. શિવધનુષ્યનો આદર કર્યો. હાથમાં રમતમાત્રમાં તેને ઊઠાવ્યું! પ્રત્યંચા ચડાવતાં નમાવ્યું! બાલ - મત્તગજરાજ શેરડીનો સાંઠો તોડે તેમ પ્રચંડ શિવધનુષ્ય ભાંગી નાખ્યું ! પ્રત્યંચા ચડાવીને ધનુષ્ય સજજ કરે તો, શિવની માત્ર સમાનતા ગણાય, ધનુષ્ય તોડીને રામે સર્વોત્તમતા બતાવી, વિજયને વર્યા.

વરમાલા લઈને સીતાજી પધાર્યાં. વરમાલા અને કરમાલા રઘુનાથજીની ગ્રીવામાં પધરાવી ! ગુણ, શીલ, વય, વપુ અને રૂપમાં અનુરૂપ શ્રીરામને સીતાજી વર્યાં. મુખ્યલગ્નમાં બીજાનાં લગ્ન સમાઈ જાય. શ્રીશુકે જુદાં નથી કહ્યાં ! રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન સાથે સીતા, ઊર્મિલા, શ્રુતકીર્તિ અને માંડવીનાં લગ્ન થયાં. જાનમાં આવેલા સૌને જનકે પ્રેમથી દીર્ઘકાલ રોક્યા. એક દિવસ કરિયાવર સાથે કન્યા-વરને વિદાય દીધી.

જનકપુરથી અવધપુર જતાં માર્ગમાં ભગવાન્ પરશુરામ મળ્યા. એકવીશ વખત પૃથ્વીને નિઃક્ષત્રિય કરનાર ભગવાન્ ભાર્ગવે કોપ કર્યો. શિવધનુષ્ય ભાંગનારની પૃચ્છા કરી. ''नाथ शंभुधनुष भंजनहारा । होइ हि कोउ एक दास तुम्हारा ।''- વિનમ્ર રામનો ઉત્તર તુલસીજીએ નોંધ્યો ! પરશુરામ પાસેના વિષ્ણુધનુષ્યની પ્રત્યંચા રમત માત્રમાં ચઢાવી. બાણ સાંધ્યું. પ્રરૂઢ દર્પ પરશુરામમાં હતો. બાણથી ગતિ કાપી, દર્પ ઉતાર્યો. ક્ષત્રિયોમાં રાક્ષસવિવાહ ઉત્તમ ગણાય છે. જનકે રામને સીતા પરણાવ્યાં છે. રામ એક પત્નીવ્રતી છે ! તેમનો વિવાહ ક્ષત્રિયોચિત ઉત્તમ પ્રકારનો ગણાય માટે પરશુરામનો પરાજય કર્યો. રામે પોતાનો અવતાર ગુપ્ત રહે માટે પ્રસિદ્ધ પરશુરામ સાથે પ્રકટ સંઘર્ષ કર્યો ! રઘુનાથજીએ સૂર્ય, વિશ્વામિત્ર, શંકર, પરશુરામનાં તેજઃ પોતાનામાં સમાવ્યાં, પુરુષોત્તમત્વ બતાવ્યું !

સૌ અવધપુરમાં પધાર્યા. જ્યાં કોઈ પ્રકારની ભાવનાનો વધ નથી તે,- અવધ ! પિતૃત્વ, માતૃત્વ, ભ્રાતૃત્વ, પુત્રત્વ, રાજત્વ તેમાં અખંડ છે. "ત્વ" - ભાવસૂચક છે. સૌનો પરસ્પરનો સંબંધોચિત-ભાવ ઘટતો નથી, મટતો નથી, એવી ભાવભદ્ર અવધપુરી છે ! પ્રભુ પરણીને ત્યાં પધાર્યા. સર્વત્ર આનંદ મંગલ થઈ રહ્યાં.

દશરથે પોતાની વૃદ્ધાવસ્થા જોતાં સુયોગ્ય શ્રીરામનો યુવરાજ્યાભિષેક વિચાર્યો. અદેખા દેવોને પોતાનું રાવણવધ રૂપ સ્વાર્થકાર્ય અધૂરું રહેવાનો ડર લાગ્યો. કુસરસ્વતીને પ્રેર્યાં ! કૈકેયીની દાસી

મંથરાની જીભે આવ્યાં, રામરત, વત્સલ કૈકેયીની મતિ બદલાઈ! દુર્બુદ્ધિવાળા સંસારીઓના સંગથી સ્નેહભર્યાં સ્વજન પણ સંઘર્ષરત બને છે. કૈકેયીએ રાજા દશરથ પાસે પૂર્વપ્રસંગનાં બાકી બે વરદાન માગ્યાં. ભરતને રાજ્યાભિષેક અને રામને ૧૪ વર્ષનો વનવાસ!

વરદાનનો આશય તો અદ્‌ભુત છે. ભાવરૂપ ભરતને રાજ્યતિલક-મુખ્યસ્થાન. રામને વનવાસ. વન સાત્ત્વિક છે. ૧૦ ઈન્દ્રિયો બહારની અને ૪ ઈન્દ્રિયો અંદરની,- કુલ ૧૪ ઈન્દ્રિયો છે. પાંચ કર્મેન્દ્રિય તથા મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર,- એ ચાર અંતઃકરણ-વૃત્તિ, કુલ ૧૪. બાહ્ય-ઈન્દ્રિયોથી વિષયભોગ થાય અને અંતઃકરણમાં વાસના ઉદ્‌ભવે - વધે. વિષય અને વાસના અંતઃકરણને મૃતપ્રાય કરી નાખે! ઉત્સાહ, દૃઢતા તેજસ્વિતાનો તે વિનાશ કરે. તેમાંથી બચવા સંયમ અનિવાર્ય છે. સંયમ માટે સાત્ત્વિકતા આવશ્યક છે. સાધુચરિત, સંયમ રૂપ, શીલનિધાન રામને ૧૪ વર્ષનો વનવાસ આ સૂચવવા આપે છે. સાત્ત્વિકસ્થાન વનમાં વસવાથી, ભોગાદિના ત્યાગપૂર્વક- "વિશેષ ઉદાસી" રહેવાથી, વિષય- વાસના દૂર થાય. તે સંદેશ સૌને માટે આમાં સમાયેલો છે!

રાવણ કામ રૂપ છે. તેને મારવાનું સામર્થ્ય સાત્ત્વિકતાથી આવે. પ્રભુકૃપાથી તે સરલ થાય. રાવણનાં દશ માથાં, દશ ઈન્દ્રિયોમાં વિષયની જ મુખ્યતા સૂચવે છે. કામ, સંયમથી-સાત્ત્વિકતાથી - દૂર થાય. "जहि शत्रुं महाबाहो कामरूपं दुरासदम्।"- ગીતામાં ભગવાને આજ્ઞા કરી છે. વિષયભોગ અને વાસના રૂપ કામ સૌના જીવનવિરામનો, સુખ-શાંતિ અને ભક્તિનો શત્રુ છે, જ્ઞાન-વિજ્ઞાનનો નાશ કરનારો છે, ભોગથી વૃદ્ધિ પામનારો છે, પાપમાં પ્રવૃત્તિ કરાવનારો છે. "रावयतीति रावणः।"- લોકોને રડાવે તે,- રાવણ! તે સૌને મૂંઝવે, અકળાવે, શોક કરાવે, પોક મુકાવે. વિષયના પરિણામે વિષાદ જ મળે છે! વિષય વિષની જેમ વ્યાપક બની વ્યથા કરાવે છે. ભગવાન્ જ તેનો વધ કરે. ભગવાનના બની જવાથી વિષયવિકાર પીડે નહિ. ઈન્દ્રિયો અને અંતઃકરણ એ ૧૪ના સંયમથી સાત્ત્વિક્તાનાં પ્રતિનિધિ રૂપ ૧૪ વર્ષ ગણાવ્યાં. રાવણનું જીવન પણ તેટલું જ બાકી હતું. સંયમ રૂપ રામ જીવન-વનમાં કે યૌવનવનમાં પધારે નહિ, ત્યાં સુધી કામ રૂપ રાવણ જીવે. રામ કે શ્યામ હૃદયમાં વસે તો નિષ્કામ થવાય!

વચન પિતાનું; પણ બંધાયા રામ! "स्त्रैणस्य चापि शिरसा जगृहे सभार्यः।"- કહીને શ્રીશુકે ઘણું બધું વણી લીધું. રાજા તો સ્ત્રીવશ-સ્ત્રૈણ- છે! સ્ત્રીને વશ થઈને સર્વોત્તમ સુપાત્ર પુત્રના વનવાસના દુઃખભોગમાં નિમિત્ત થયા. સિદ્ધાન્ત, સદ્ધર્મ કે શ્રીહરિને સાનુકુલ થઈને જીવે તેનું ઘર સ્વર્ગ જેવું બને, પણ માત્ર સ્ત્રીનું માનીને જીવે, ધર્મ કે પ્રભુનો વિચાર ન કરે, સદાચાર-પરાયણ ન બને, તેને ઘર અજગર જેવું બનીને ગળી જાય, ક્લેશ અને વિષાદ સ્વાભાવિક બની જાય. સુખ-શાંતિ તો લેશ પણ જોવા ન મળે. દશરથ સ્ત્રૈણ હતા, છતાં શીલનિધાન રામે કોઈનો દોષ ન જોયો, આદરથી આજ્ઞા સ્વીકારી! દશરથને અંતે સ્વર્ગ પણ દીધું! પુત્ર તો આજ્ઞા માને, પણ "सभार्यः"- પુત્રવધૂએ પણ આજ્ઞાનો આદર કર્યો! સીતાજીના મનમાં પણ કટુતા, કચવાટ, કઠોરતા, કપટ કાંઈ નથી આવ્યું. શ્રીશુકની આ અદ્‌ભુત રજૂઆત છે. પિતા સ્ત્રૈણ, સંતાન સુશીલ!

સત્તા, સંપત્તિ, સુખવૈભવ, સ્વજન અને સ્થાનનો ત્યાગ કરી રઘુનાથજી વનમાં પધાર્યા. સાથમાં

સ્નેહલ સીતાજી સિધાવ્યાં. ભાઈની છાયા જેવા લક્ષ્મણલાલ વગર કહો વનની વિકટતા વેઠવા વિદાય થયા ! રામાયણમાં સુમિત્રાજીએ સુંદર સંદેશ સર્વ લક્ષણસંપન્ન લક્ષ્મણને દીધો,- "મોટાભાઈને પિતા ગણાય. રામને દશરથ જાણજે. ભાભી માતા ગણાય. સીતાને સુમિત્રા રૂપે જોજે. ભાઈ-ભાભી વસે તે પિતૃગૃહ ગણાય. અટવીને અયોધ્યા જાણજે. બેટા ! સુખથી સિધાવો !"

અવધપુરનાં પ્રાણી માત્રને રડતાં મૂકી, પથ્થરને પણ પીગળાવે તેવાં કરુણ આક્રન્દ કરતાં મૂકી, રામ, સીતા અને લક્ષ્મણ વનવાસમાં વિદાય થયા. ચરણસ્પર્શથી ભૂમિને, સ્વરૂપદર્શનથી વનવાસીઓને, કૃપાકટાક્ષોથી પોતાના ભક્તોને, સાક્ષાત્કારનાં સંવેદનથી ઋષિવૃન્દને, સ્પર્શાદિથી વનસ્પતિ, વન્યપ્રાણી અને પાષાણાદિને પુલકિત કરતા રઘુનાથજી વનવિહાર કરતા હતા !

રામાયણમાં કેવટ કૃતાર્થ થયો. ભદ્ર ભરતજી પાદુકા લઈને પધાર્યા. નંદીગ્રામમાં કઠિન વ્રતપરાયણ થયા. રામ ચિત્રકૂટને ધન્ય બનાવી વનમાં આગળ પધાર્યા. મંદાકિની જેવી રામકથાથી ચિત્ત ચિત્રકૂટ બને, સ્નેહવનમાં રામસીતા વિહાર કરે ! અનસૂયાજીએ મલિન ન થાય તેવાં દિવ્ય વસ્ત્રો અને ભૂખતરસ-નિવારક- ગુટિકા સીતાજીને દીધાં ! અનેક ઋષિ-મુનિઓને રામભદ્રજીએ દર્શન દઈ કૃતાર્થ કર્યા, દંડકારણ્યના ઋષિઓને દર્શન દઈ, સ્વરૂપાનન્દના અનુભવનો અભિલાષ જગાડ્યો. તેમની વિનંતી સ્વીકારી કૃષ્ણાવતારમાં સુખદાનનો સંદેશ દીધો !

રામ પંચવટીમાં વસ્યા. શૂર્પણખાનાં નાક-કાન કપાવી વિરૂપ બનાવી, તેથી ખર-દૂષણ-ત્રિશિરા સૈન્ય સાથે આવ્યા. ૧૪,૦૦૦ ભયંકર રાક્ષસો હતા. સામે કમલ-કોમલ રામ એકલા હતા ! લક્ષ્મણજી સીતાજીને લઈ સુરક્ષિત સ્થાનમાં રામની આજ્ઞાથી ગયા હતા. રણકર્કશ રામે સૌને વીંધી નાખ્યા. કષ્ટપ્રદ વનવાસવિહાર સમજીને માણ્યો. અનેક અધર્મીની સામે ઊભેલા એક, પણ સદ્ધર્મનિષ્ઠાનું સામર્થ્ય સર્વોત્તમ છે. નિર્ભયતામાં સફલતા છે, તે સૌને સમજાવ્યું.

શૂર્પણખા-"શૂર્પનખા" છે ! અત્યંત લાંબા સૂપડા જેવા નખવાળી, વિચિત્ર વેષભૂષા, શરીરશોભા અને વિકારવૃત્તિ અને પ્રવૃત્તિનું તે પ્રતીક છે. તેણે રાવણને સતી સીતાની વાતોથી ઉશ્કેર્યો. કામ પરસ્ત્રીની વાતો અને વિચારોથી વધે, વિવેક ન રહે. રાવણ આવ્યો, સાથે મારીચને લાવ્યો. મારીચ મોહ છે. ભાન ભુલાવે છે. તે સુવર્ણમૃગ રૂપ થયો ! રામે તેને દર્શન-સુખ દીધું. સીતાની મૃગ મેળવવાની ઈચ્છા વધી, રામ પાછળ પધાર્યા, બાણથી તેના પ્રાણ લીધા. લક્ષ્મણ, રાક્ષસના પોકારથી સીતાના આગ્રહથી, પાછળ ગયા. રાવણે સમય સાધ્યો. સીતા હરાયાં. મારીચને મારી રઘુનાથ, લક્ષ્મણ સાથે પાછા આવ્યા. સીતા ન જોયાં. સ્ત્રીસંગનું પરિણામ પ્રકટ કરતાં સીતાવિયોગનાટ્ય બતાવ્યું. કરુણ ઘોર આક્રન્દ રઘુનાથજી કરવા લાગ્યા !

વાસ્તવમાં ભગવતી સીતાજી રાવણને ત્યાં પધાર્યાં જ નથી ! રામવલ્લભા સતી સીતાનો સ્પર્શ કરવાનું પણ સામર્થ્ય કામરૂપ રાક્ષસ રાવણમાં ન હોય. અપહરણના પ્રસંગ પહેલાં જ ગાર્હપત્ય-અગ્નિએ સીતાજીને પોતાની પાસે સુરક્ષિત રાખ્યાં છે. છાયારૂપ સીતા રામને દીધાં છે. રાવણે આ છાયાસીતાનું હરણ કર્યું છે ! રાવણને માર્યા પછી અગ્નિપરીક્ષાના બહાને રામે છાયાસીતા અગ્નિને પાછાં દીધાં છે. અગ્નિએ સુરક્ષિત રાખેલાં સાચાં સતી સીતા રામવલ્લભાજી રામને પાછાં મળ્યાં છે.

લીલા માટે આ બધું ગુપ્ત રાખ્યું છે !

સીતાશોધમાં રામ-લક્ષ્મણ વનમાં વિચરવા લાગ્યા. ઘાયલ જટાયુજી મળ્યા. ગીધ પણ પ્રભુકાર્ય કરીને કૃતાર્થ થયો. રાવણે સીતાહરણ કર્યાનો સંદેશ રામને દીધો. પ્રાણ છોડ્યા. રામે પિતાની જેમ તેના અગ્નિસંસ્કાર કર્યા ! કબંધ રાક્ષસને માર્યો. હનુમાન્ જેવા સન્નિષ્ઠ સેવકનો સ્વીકાર કર્યો ! સુગ્રીવનું સખ્ય સ્વીકાર્યું. સ્વામિ-સેવકનું પ્રથમમિલન ગાતા શંકર પણ તે સ્વસ્વરૂપ અને સુખ-સ્મરણ-રત થયા, સંવેદનમાં મગ્ન થઈ ગયા ! સંત તુલસીદાસજીએ ગાયું,- "**સ્વામી જાની પર્યો ગહિ ચરના ! સો સુખ ઉમા જાઈ નહિ બરના ।।**" સેવક થયા હોય તેને સ્વામીના પ્રથમ દર્શનનું સુખ સમજાય !

રામે સુગ્રીવ માટે વિઘ્નરૂપ વાલીનો વધ કર્યો. આદિવાસી, દીન, હીન, સ્ત્રી, શૂદ્ર અને રાક્ષસને પણ મર્યાદા-પુરુષોત્તમે અપનાવ્યાં. તેમની પાસે, તેમના વાસસ્થાનમાં થઈ, વચમાં વસી, કચડાયેલાંને પ્રફુલ્લતા - પ્રસન્નતા દીધી ! સમાજસેવાનું ક્ષેત્ર સ્પષ્ટ સમજાવ્યું. ઉપદેશ માત્રથી નહિ, આચરણથી દિશા દર્શાવી, દયા કરી. નૂતન પ્રદેશોના શોધનું સાહસ પણ રઘુનાથજીએ દર્શાવ્યું. લંકા પધાર્યા ! હનુમાનજી દ્વારા સીતાજીના સમાચાર મળ્યા. લંકાદહન કરી આવેલા મારુતિના સ્કંધે વિરાજી રામ-લક્ષ્મણ સમુદ્રકિનારે આવ્યા, સાગરને સંતુષ્ટ કર્યો.

નદી-સરોવરે કદાચ પુલ બંધાય, પણ સાગર પર સેતુ બાંધવાનું સામર્થ્ય અને વિજ્ઞાનનૈપુણ્ય, રઘુનાથે વાનરવીરોને દીધું ! સ્નેહ અને શિક્ષણના પ્રભાવે, અજ્ઞાન કે અવિકસિત જણાતા કે ગણાતા લોકો પણ, ઉત્તમ-અદ્ભુત-રચનાત્મક કાર્ય કરી શકે છે. સુષુપ્ત સંઘશક્તિને યોગ્ય માર્ગે વાળનાર, કુશલ, ચારિત્ર્ય- સંપન્ન, સન્નિષ્ઠ નેતા પછાત ગણાતા પ્રદેશોને પણ પ્રકૃષ્ટ બનાવી શકે છે. સેતુબંધ એ સાચા અર્થમાં સૌનો સહિયારો શ્રમયજ્ઞ છે ! લોકશક્તિ જ સાચી ઉન્નતિ સાધી શકે છે. સેતુબંધ માટે ધન-સાધન કાંઈ જ કોઈ પાસે માગવા ગયા ન હતા. મળી શકે તેમ હતાં તે સાધનનો જ ઉપયોગ કર્યો. પોતાની ઉન્નતિનાં સાધન શોધવા પરદેશમાં આથડવા ન જવાય, ઘેર કે દેશમાંથી જ સાધન ઊભાં થાય ! સમુદ્ર પર સેતુ બાંધ્યો. આ અદ્ભુત-કર્મ છે.

રાવણનો વધ તો રામચંદ્રજી અયોધ્યામાં રહીને પણ કરી શક્યા હોત ! રાવણની લંકામાં રહેતી રાક્ષસ-સ્ત્રીઓને પોતાના સ્વરૂપનું દર્શન કરાવીને કૃતાર્થ કરી છે ! તે પુષ્ટિલીલા છે. ભગવાને પોતાની કૃપા તેમના ઉપર પ્રકટ કરી. રાવણના વધ માટે ભગવાનનું એક જ બાણ પર્યાપ્ત છે. અનેક બાણ તેમને છોડવાં ન પડે ! રામચંદ્રજીએ દેવકાર્ય રૂપ અસુરવધ કર્યો. તેના અંતે, રાક્ષસ-સ્ત્રીઓએ જ એ કાર્યનો ન્યાય કરતાં, રાવણને જ નિંદ્યો છે, - "અરે રાવણ ! તું કામાસક્ત થયો. સીતા તરફ પણ સદ્ભાવ ન કર્યો ! અનેકને તેં પીડ્યા. તેને પરિણામે તું પીડાયો. લંકા નિરાધાર થઈ !"

ભગવાને વિજય કર્યો. શરણાગત ભક્ત વિભીષણને લંકાનું રાજ્ય દીધું. અગ્નિપરીક્ષાના બહાને સાચાં સીતા પાછાં લીધાં. સમર્થ રાક્ષસકુલના નાશનું કારણ શ્રીશુકે ગૂઢ રૂપે કહ્યું,- "**सीताभिमर्शहतमङ्गलरावणेशान्** ।- સતી, નિર્દોષ, ભક્ત, સન્નિષ્ઠ કે પરસ્ત્રી તરફ કરેલી વિકારદૃષ્ટિ પણ જીવનના મંગલનો નાશ કરી દે છે, પરિવાર-સહિત પતન કરાવે છે. સીતાના સ્પર્શમાત્રથી સમર્થ રાવણનું રાક્ષસકુલ અને દ્રૌપદીના સ્પર્શમાત્રથી સમર્થ દુર્યોધનનું કૌરવકુલ નાશ પામ્યું !

નિર્વૈર રામે રાવણ વગેરેની ઉત્તરક્રિયાઓ પિતૃમેધવિધાનથી વિભીષણ પાસે કરાવી. ભગવાન્ રામચંદ્રજી સીતા, લક્ષ્મણાદિ સાથે પુષ્પક-વિમાનમાં વિરાજ્યા. સૌએ રામને વધાવ્યા. વાનર સુભટોને વિદાય કરી, રામ નંદીગ્રામમાં પધાર્યા. ગૌમૂત્ર અને જવથી જીવન ટકાવતા વ્રતસ્થિત ભરતજીને ભેટયા. પાદુકા પધરાવી સેવા કરતા ભરતજીને સાથે લઈ ભગવાન્ અયોધ્યામાં પધાર્યા.

ચૌદ વર્ષ પછી અયોધ્યામાં ઉત્સવ થયો ! ભરતજીએ પાદુકા ધારણ કર્યાં. વિભીષણે ચામર લીધાં. હનુમાનજીએ શ્વેતછત્ર ધર્યું. શત્રુઘ્ને ધનુષ-બાણ ધર્યાં. જાંબવાને સ્વર્ણચર્મ લીધાં. અંગદે હાથમાં ખડ્ગ લીધું. સીતાએ તીર્થકમંડલુ લીધું. સૌ સ્વજન મળ્યાં. અત્યંત આહ્લાદ થયો. સર્વત્ર મંગલ મનાવાયાં. બંદીજનો સ્તવન કરતા હતા. ઋષિયો અભિષેક કરતા હતા. ગંધર્વો ગાન કરતા હતા. સર્વત્ર આનંદમંગલ પૂર્વક રાજ્યાભિષેક થયો.

ભગવાન્ રઘુનાથજી જ્યારે રાજ્ય કરતા હતા ત્યારે, કોઈને કાંઈ જ દુઃખ ન હતાં. "मृत्युश्चानिच्छतां नासीद्रामे राजन्यधोक्षजे ।"- ઈચ્છતા ન હતા, તેમને મૃત્યુ પણ આવતું ન હતું ! રામરાજ્યની પ્રજા સર્વત્ર સુખી હતી, પોતાના ધર્મને ઉચિત રીતે પાળતી હતી. ભગવાન્ રઘુનાથજી પણ ધર્મસંસ્થિત હતા. સાનુકૂલ સીતાજી સુખપ્રદ હતાં. શ્રીશુકે સર્વને કૃતાર્થ કરવા લૌકિક-ભાષામાં રામચરિત ગાયું છે. લૌકિક અને વૈદિક-પ્રકારે ભગવાન્ રામચન્દ્રજીનો નિર્મલ-યશઃ ગાયો છે.

અધ્યાય : ૧૧

પ્રજાપાલક કર્તવ્યનિષ્ઠ રામ સીતાજીને વનમાં વિદાય પણ કરે છે !:

સ્વધામ જતાં સીતાજીએ સંતાનો રામજીને નહિ, બ્રાહ્મણને સોંપ્યાં છે.

સ્મરનારના હૃદયમાં ભગવાન્ રામે દંડકારણ્યનાં કંટકથી વિદ્ધ પાદપલ્લવ પધરાવ્યાં છે !:

એક સમયે અશ્વમેધયજ્ઞ કરતાં, રઘુનાથજીએ પોતાનું સર્વસ્વ બ્રાહ્મણોને દાનમાં દઈ દીધું. નિઃસ્પૃહ બ્રાહ્મણ સર્વસ્વને યોગ્ય છે. પ્રભુએ સર્વને કૃતાર્થ કર્યાં. ૧૧૦૦ અશ્વમેધ રામે કર્યા ! દાન અને જ્ઞાન દીધાં.

પ્રજાવૃત્તાન્ત સાંભળતાં રામે એક રાત્રે વિચિત્ર વાત સાંભળી ! પ્રજાને સદ્ધર્મ-શિક્ષા મળે એટલા માટે લક્ષ્મણજી સાથે સીતાજીને વનમાં વિદાય કરી દીધાં ! સીતાજી પ્રાચેતસ મુનિ વાલ્મીકિજીના આશ્રમમાં આવ્યાં.

તેમના પૂર્વાવતારમાં, સીતાજીએ બાલ્યાવસ્થામાં, રમત રમતાં પોપટ અને મેના પકડ્યાં હતાં. તેમાંથી મેના મરી ગઈ. પોપટે શોકથી શાપ આપ્યો,- "તારો પણ પતિ ત્યાગ કરશે !" આ પોપટ મર્યો. તે અયોધ્યામાં ધોબી થયો. તેણે સીતાનો ત્યાગ કરાવે તેવાં વચન પોતાની પત્નીને કહ્યાં ! આના નિવારણ માટે ભગવાન્ રામે સીતાત્યાગ રૂપ લીલા કરી. ઉપરથી દુઃખદ લાગતી, છતાં પણ સુખદ આ લીલા છે ! તે વાસના અને દોષ દૂર કરીને નિર્દોષ કરે છે. ભગવાન્ પણ લૌકિક-રીત પ્રકટ કરે, તો લૌકિક-લોકો ભક્તિ કરી શકે !

સંપૂર્ણ, શુદ્ધ, સદાચારપરાયણ સ્વામીના ગુણો રામચન્દ્રજીમાં છે. નિર્દોષતા તેમનામાં સંપૂર્ણ

છે. સૌને સમાન સુખપ્રદ છે. લોકો રાજા રામચન્દ્રજીનો અનન્ય આદર કરતા હતા. પ્રજામાં સદાચાર સુદૃઢ બને અને પોતાના દૃષ્ટાંતથી, તેના અજ્ઞાનથી, કોઈ અન્યથા માર્ગે ચાલ્યો ન જાય માટે, પ્રજાવત્સલ ભગવાન્ રઘુનાથજીએ અતિ પ્રિય સીતાજીનો પણ ત્યાગ કર્યો ! વનમાં મુનિના આશ્રમમાં સીતાજીએ લવ અને કુશ બે પુત્રોને જન્મ દીધો. તે વાલ્મીકિજી પાસેથી રામાયણ ભણ્યા, વીરોચિત સામર્થ્ય સંપાદન કર્યું.

એક વખત ભગવાન્ રઘુનાથજીને રામાયણ-કથા સંભળાવી. સીતાજી તેમાં પધાર્યા. પૂર્વે જેમ પૃથ્વીમાંથી પ્રકટ થયાં હતાં, તેમ પૃથ્વીમાં સમાઈ ગયાં ! પધારતી વખતે પતિનો પણ વિશ્વાસ ન કરતાં, સીતાજીએ બ્રાહ્મણનો વિશ્વાસ કર્યો ! પ્રજાપાલક નૃપતિ રામ, પોતાની જેમ પોતાનાં સંતાનનો પણ ત્યાગ કરે તો ? - એ ડરે વાલ્મીકિજી મહર્ષિના હાથમાં બાળકોને સોંપ્યાં !- "मुनौ निक्षिप्य तनयौ...।"

ભગવાન્ રઘુનાથજી ત્યાર બાદ સ્વનગરમાં પધાર્યા. તેર હજાર વર્ષ અખંડ અગ્નિહોત્ર ધારણ કર્યું. સાકેતધામમાં પધારતાં પોતાની સાથે અયોધ્યા નગરીનાં સઘળાંયે વાસીઓને પોતાની સાથે લઈ ગયા !

स्मरतां हृदि विन्यस्य विद्धं दण्डककण्टकैः ।
स्वपादपल्लवं राम आत्मज्योतिरगात् ततः ॥ (१९)

સ્મરણ કરનારના હૃદયમાં, દંડકારણ્યના કાંટાઓથી વિંધાયેલાં પોતાનાં ચરણકમળ પધરાવીને, ભગવાન્ રઘુનાથજી સ્વધામ પધાર્યા ! ભગવાને રાજ્યાસનારૂઢ પોતાનાં ચરણ નથી પધરાવ્યાં, પણ વનવાસમાં કાંટાથી વિંધાયેલાં ચરણ પધરાવ્યાં ! ભરતે ચિત્રકૂટમાં જઈને રઘુનાથજીનાં પાદુકાઓ પધરાવ્યાં. ભાઈને પાદુકાઓ આપ્યા પછી, રઘુનાથજીએ ચરણમાં બીજાં પાદુકાઓ પરિધાન નથી કર્યાં ! પૃથ્વીને પોતાના ચરણસ્પર્શ કરાવી કૃતાર્થ કરવા માટે, વિશ્વને સ્નેહ અને કર્તવ્યનો સંદેશ લેવા માટે, ખુલ્લા પગે વનમાં ભ્રમણ કર્યું છે. દંડકારણ્યના કાંટાઓથી વિંધાયેલાં ચરણકમલ, સ્મરનારના હૃદયમાં પધરાવી રઘુનાથજીએ પોતાનું સ્નેહમય, કરુણામય, કર્તવ્યનિષ્ઠ સ્વરૂપ - તે તે ગુણોની પ્રાપ્તિ માટે પધરાવ્યું.

ભગવાને ભક્ત વાનરાદિની સહાય તો તેમની સેવાના સ્વીકાર માટે જ લીધી છે. જેનો નિર્મલયશ: સર્વત્ર ગવાય છે. "रघुपतिं शरणं प्रपद्ये ।"- થી શ્રીશુકે શરણાગતિ કરી. - "હું રઘુપતિના શરણે જાઉં છું !"

પરીક્ષિતે પ્રજાનું વર્તન પૂછ્યું. શ્રીશુકે પ્રજાનાં સંપૂર્ણ સ્નેહ, આદર અને ઉત્કર્ષનું વર્ણન કર્યું. આદર્શ રામરાજ્યમાં અખંડ-આનંદ સૌને થયો છે.

અધ્યાય : ૧૨

રઘુવંશમાં દેવો પણ સેવા માટે અવતરે છે ! :

ભગવાન્ રઘુનાથજીના પુત્ર કુશ થયા. તેના વંશમાં હિરણ્યનાભ થયા. તે જૈમિનિના શિષ્ય

હતા, યોગાચાર્ય હતા, યોગનો તે બોધ કરતા. તેની પાસેથી કૌશલ્ય યાજ્ઞવલ્કયે અધ્યાત્મયોગ પ્રાપ્ત કર્યો. તેના વંશમાં મરુ રાજા થયા. તેણે યોગનું આચરણ કર્યું, યોગસિદ્ધ થયા. અત્યારે તે યોગીઓના કલાપ નામના ગામમાં રહે છે ! કલિયુગના અંતે તે સૂર્યવંશનો પુનઃ આરંભ કરશે.

શ્રીશુકે ભૂતકાલ તથા ભવિષ્યકાલના રાજાઓ પણ ગણાવ્યા. આ વંશમાં છેલ્લો સુમિત્ર રાજા થયો, પછી વંશ વિરામ પામ્યો.

સૂર્યવંશના અહીં ત્રીસ રાજા ગણાવ્યા. આ બધા રાજાઓ દેવો છે. ભગવાન્ અવતાર લઈને પધારે ત્યાં દેવો સેવા માટે જન્મ લે છે. દેવમાં સત્ત્વગુણ છે. સત્ત્વગુણથી જ્ઞાન થાય. આ અધ્યાય તેથી જ્ઞાન રૂપ છે.

અધ્યાય : ૧૩

ભક્ત નિમિ નયનમાં વસીને "નિમેષ" થયા;
મૈથિલ-રાજાઓ ગૃહસ્થાશ્રમી છતાં યાજ્ઞવલ્કય-કૃપાથી આત્મવિદ્યાનિપુણ હતા ! :

જ્ઞાનવાળી ભક્તિ મુખ્ય છે. તે દર્શાવતાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિવાળા નિમિ રાજાની કથા કહે છે. સૂર્યવંશના રાજાઓ ભગવાનના ભક્ત છે. ઈક્ષ્વાકુથી કૃતિ સુધીના રાજાઓનું વર્ણન સેવક તરીકે કર્યું છે.

મનુના પુત્ર ઈક્ષ્વાકુ, ઈક્ષ્વાકુના પુત્ર નિમિ રાજા. નિમિ યજ્ઞ કરતા હતા. તેમાં કુલગુરુ વસિષ્ઠને નિમંત્ર્યા; છતાં ગુરુ ઈન્દ્રના યજ્ઞ માટે ગયા. ત્યાંનું નિમંત્રણ પહેલું મળ્યું હતું. ગુરુની આજ્ઞા વિના યજ્ઞનું ફલ ન થાય. રાજા તે જાણતા હતા, છતાં દેહ તો ક્ષણભંગુર છે, સત્કાર્યમાં વિલંબ ન કરવો જોઈએ, તેમ સમજી યજ્ઞ બીજા પાસે કરાવ્યો ! માત્ર કર્તવ્ય રૂપે યજ્ઞ કરતા હતા, ફલની અપેક્ષા ન હતી, વૈરાગ્ય હતો. યજ્ઞ પૂરો થતાં વસિષ્ઠજી આવ્યા. યજમાનને યજ્ઞ કરતો જોયો. શાપ આપ્યો. રાજાને દેહત્યાગ કરાવ્યો. રાજાએ પણ ઋષિને સામે દેહત્યાગ થવાનો શાપ આપ્યો. યજ્ઞના ઋષિયોએ રાજાએ પુનઃર્જીવન દેવા દેવોને પ્રાર્થ્યા. નિમિએ વિનંતી કરી, - "મારે શરીર જોઈતું નથી !" શરીર તો દુઃખ દેનારું છે. શરીરધારીને મૃત્યુનો ભય છે ! દેવોએ નિમિને દેહધારીઓનાં નેત્રોના પલકારામાં વાસ દીધો, તેથી પલકારા - "નિમિષ" કહેવાય છે. પ્રભુદર્શનમાં વિઘ્ન તેનાથી થતું હોવાથી તે દોષ રૂપ પણ છે.

મહર્ષિ વસિષ્ઠે પણ રાજાના શાપથી શરીર છોડ્યું. મિત્રાવરુણઋષિ અને ઉર્વશી દ્વારા પુનઃ પ્રકટ થયા ! ભક્તિની પ્રબલતાથી મુક્તિમાં વિઘ્ન ન થયું.

નિમિ રાજાના શરીરનું મથન ઋષિયોએ કર્યું. અરાજકતા ટાળવા કુમાર પ્રકટ કર્યો ! મથનથી ઉત્પન્ન થયો, તેથી તે "મિથિલ" કહેવાયો. વંશ ચલાવનાર હોવાથી તે "જનક" કહેવાયો. તેણે મિથિલા નગરી વસાવી. તેના વંશમાં સીરધ્વજ રાજા થયા. યજ્ઞ માટે હળથી ભૂમિ ખેડતાં હળના અગ્રભાવથી (સીરાગ્ર-થી) સીતાજી પ્રકટ થયાં. રાજાનું નામ તેથી સીરધ્વજ થયું. જ્ઞાનપૂર્ણ જનકના વંશમાં થયેલાં સીતાજી પ્રભુની જ્ઞાનશક્તિ રૂપ છે ! નિમિથી જનક સુધીના રાજાઓ જ્ઞાનનિષ્ઠ છે. જનક પછીના

કૃતિ સુધીના રાજાઓ લૌકિકકર્મમાં શ્રદ્ધાવાળા છે. આ મૈથિલ-રાજાઓ ગૃહસ્થાશ્રમી હતા, છતાં યાજ્ઞવલ્ક્યની કૃપાથી સુખ-દુઃખ વગેરે દ્વન્દ્વોથી પર હતા, આત્મવિદ્યા-નિપુણ હતા !

અધ્યાય : ૧૪

ચન્દ્રનો પુત્ર બુધ અને સ્ત્રી બનેલા સૂર્યવંશના સુદ્યુમ્નથી જન્મેલા પુરૂરવા અને ઉર્વશી-પ્રસંગમાં ત્રણ અગ્નિ પ્રકટ્યા ! : ઉર્વશી મા છે,- ભક્તિ ! તેના બે પુત્ર જેવાં ઘેટાં છે, - જ્ઞાન અને વૈરાગ્ય ! :

''अथातः श्रूयतां राजन् वंशः सोमस्य पावनः ।'' - ચંદ્રવંશની પુણ્ય રૂપ કથા આરંભે છે. ઉત્તમ ભક્તોની કથાનું મંગલાચરણ ''अथ''- શબ્દથી કર્યું. સૂર્યવંશમાં મર્યાદાભક્તોની ગાથા ગાઈ. પુષ્ટિમાર્ગના ભક્તોની કથા ચંદ્રવંશમાં કહેલી છે. જન્મ અને કર્મથી શુદ્ધ ભક્તો પુષ્ટિમાર્ગીય સેવકો બને છે !

ભગવાનના નાભિકમલમાંથી બ્રહ્મા થયા. બ્રહ્માના પુત્ર થયા અત્રિઋષિના આનંદાશ્રુમાંથી ચન્દ્ર થયો ! કલ્પભેદથી તેની કથા જુદી જુદી છે. નેત્ર જ્ઞાનાંગ છે. તેનાથી થયેલો પુત્ર જ્ઞાનના અંશરૂપ હતો. ભવિષ્યનું તેને જ્ઞાન હતું. પુષ્ટિભક્ત રૂપે તે પ્રથમ છે ! ખૂબ આનંદ આપે તેવો આ પુત્ર હતો. જ્ઞાન અને આનંદ અમૃતમય છે. આ પુત્ર અમૃતમય થયો. બ્રહ્માએ તેને વિપ્ર, વનસ્પતિ અને નક્ષત્રોનો રાજા બનાવ્યો. ચન્દ્રે ત્રિભુવન વિજય કર્યો. જન્મથી તેનામાં બ્રાહ્મણત્વ છે. રાજસૂયયજ્ઞ કર્યો. આ યજ્ઞથી ક્ષત્રિયત્વ છે. ચન્દ્રમાં ભગવાનનો આવેશ હતો. તેણે લક્ષ્મીના આવેશવાળાં તારા દ્વારા બુધ નામનો પુત્ર પ્રાપ્ત કર્યો. વિચિત્ર લાગે તેવી છતાં નિર્દોષ કથા છે ! ગંભીર બુદ્ધિવાળો આ પુત્ર બુધ કહેવાયો.

મનુપુત્ર સુદ્યુમ્ન શિવશાપિત ઈલાવૃતમાં સ્ત્રી રૂપે થયેલો. તેની સાથેના બુધના પ્રસંગથી પુરૂરવા નામનો પુત્ર થયો. નવમ-સ્કન્ધના પહેલા અધ્યાયમાં તેની કથા કહી છે. ચન્દ્રમાં ક્ષત્રિયપણું હતું. તે બુધમાં પ્રકટ્યું, તેથી ક્ષત્રિયવંશ થયો ! તે વંશના પુરુરવા રાજાની શ્રેષ્ઠતાનું વર્ણન ઈન્દ્રસભામાં દેવર્ષિ નારદે કર્યું. ચન્દ્રના ક્ષત્રિયપણાનું પરાક્રમ અને રસાલતા, બુધની સત્યનિષ્ઠા અને બુદ્ધિમત્તા પુરૂરવામાં હતાં. બુધ વિષ્ણુ રૂપ છે. તેને ત્યાં બ્રહ્મા રૂપ પુરૂરવા જન્મ્યો છે. પુરૂરવામાં વેદનો આવેશ છે.

ભગવાન્ નારાયણે પોતાના ઊરુમાંથી પ્રકટ કરેલી અપ્સરા ઉર્વશીને પુરૂરવા રાજામાં પ્રીતિ થઈ. ઉર્વશી ભક્તિ કે કૃપા રૂપ છે. સેવામાં તે સાનુકૂલ છે. ઉર્વશીને મિત્ર અને વરુણ દેવોનો શાપ હતો. વિરાટ્‌ના વૃષણરૂપ તે દેવો ભોગસ્થાનના અધિષ્ઠાતા છે. દેવોની ભક્તિ ઉત્તમ હોવા છતાં, ભોગાસક્ત બનાવે છે. ભક્તિ કરતાં ભોગમાં રુચિ થાય, તો ભગવાન્ ન મળે. લૌકિકભોગ ભક્તિમાં પ્રતિબંધ રૂપ છે. મિત્રાવરુણદેવોએ અવજ્ઞા કરતી ઉર્વશીને મનુષ્ય રૂપ થવાનો શાપ દીધો. ભોગરત દેવોની ભક્તિ કરતાં, સંયમશીલ મનુષ્યની ભક્તિ ઉત્તમ ગણાય ! ઉર્વશી ભક્તિ રૂપ હોવાથી વૈરાગ્યપરાયણ છે. તેણે માત્ર શાપ દૂર થાય અને પુનઃ ઐશ્વર્યાદિ છ દિવ્ય ગુણ પ્રકટ થાય, માટે છ પુત્રોની જ ઈચ્છા કરેલી. સંયમશીલ જ્ઞાનિભક્તને પ્રભુની ભક્તિ મળે છે, કૃપાથી ભગવાનના છ ગુણો પ્રાપ્ત થાય છે. ઉર્વશીએ રાજા સાથે શરત કરી : (૧) પોતાના પ્રિય જ્ઞાન-વૈરાગ્ય રૂપ બે પશુની

રક્ષા. ભક્તિથી જ્ઞાન-વૈરાગ્ય મળે, ભક્તિને બંને અનુસરે, તેથી ઘેટાં કહ્યાં છે ! પુત્ર જેવાં તે ઉર્વશીને પ્રિય છે. (૨) પોતે માત્ર ઘીનું જ ભોજન કરશે. ઘી તેજો રૂપ છે. તે જ્ઞાનરૂપ પ્રકાશને પોષનારું છે. (૩) ગૃહસ્થધર્મ વિના રાજાને પોતે નિર્વસ્ત્ર-દશામાં જોશે નહિ.

વિલાસમાં વર્ષો વીતતાં વાર ન લાગે, વિકાર વધતો જાય, વિહાર અટકે નહિ. પુરૂરવા વિલાસમાં ડૂબ્યો ! ઈન્દ્રને ઉર્વશી વિના સ્વર્ગમાં રુચ્યું નહિ. તેણે ગન્ધર્વોને પ્રેરણા કરી. તેમણે રાત્રે ઘેટાં ચોર્યાં. ઉર્વશીએ જાણ્યું. રાજાને પોકાર કર્યો. રાજા શૈયામાંથી ઊઠીને દોડ્યો. ગંધર્વોએ પ્રકાશ કર્યો. ઉર્વશીએ રાજાને નિર્વસ્ત્ર-દશામાં જોયો. ઉર્વશી ચાલી ગઈ. રાજા વિકલ થઈ ગયો. બધે ભટકવા લાગ્યો. ઉર્વશી કુરુક્ષેત્રમાં મળી. રાજાને ભોગપરાયણ સ્ત્રીથી દૂર રહેવા ઉપદેશ દીધો. વર્ષ પછી મળવા વચન દીધું, તેથી પુત્રો થયા. ગંધર્વોએ રાજાને અગ્નિ-પાત્ર આપ્યું. રાજાએ તેને ઉર્વશી માની, ભાન થતાં પાત્ર વનમાં મૂકી ઘેર ગયો. ત્રેતાયુગમાં વેદત્રયી રાજાના મનમાંથી પ્રકટ થઈ. વનમાં અગ્નિપાત્રના સ્થાને પીપળાનું વૃક્ષ થયું. તેની બે અરણી (યજ્ઞ માટે મથનનું લાકડું) તૈયાર કરી ઘર્ષણ કર્યું. તેનાથી અગ્નિ પ્રકટ થયો. તે આહવનીય, ગાર્હપત્ય અને દક્ષિણાગ્નિ ત્રણ રૂપવાળો થયો. રાજાએ તેને પુત્ર રૂપ ગણ્યો. રાજાએ તેનાથી ભગવાનનું યજન કર્યું.

સત્યયુગમાં લોકો સત્ત્વગુણની મુખ્યતાવાળા હતા, તેથી કર્મમાર્ગ ગુપ્ત હતો. પ્રણવમંત્ર વેદ રૂપ હતો. માત્ર નારાયણ દેવ હતા. અગ્નિ એક જ હતો. લોકોનો વર્ણ માત્ર હંસ હતો. ત્રેતામાં રજોગુણવાળા લોકો થતાં, કર્મમાર્ગમાં પ્રવૃત્ત થયા. રાજા પુરૂરવા અગ્નિથી (કર્મમાર્ગે) ગંધર્વલોકમાં ગયો.

પુરૂરવા રાજાની મુક્તિની કથા, મુક્તિલીલામાં, અગિયારમા સ્કન્ધમાં કહેલી છે. ઉર્વશીમાં વૈરાગ્ય હતો. રાજામાં પણ વૈરાગ્ય થયો. ભક્તિથી મુક્તિ પામ્યો.

અધ્યાય : ૧૫

કન્યા માટે સામર્થ્ય- શ્રેષ્ઠતા સિદ્ધ કરે તે, - વર ! :

ઋષિના વચને બ્રાહ્મણ છતાં ક્ષાત્ર-ધર્મ-યુક્ત પરશુરામજી ! સત્તર અક્ષૌહિણીસેના સાથે સમર્થ-સહસ્રાર્જુનને એકલા પરશુરામજીએ રણમાં રોળ્યો ! :

ભક્તનું ચરિત કહીને ઈશ્વરનું ચરિત કહે છે. બે અધ્યાયમાં ભગવાન્ પરશુરામજીનું ચરિત છે. પરશુરામજી બલથી ભક્તોના દોષ દૂર કરે છે. ક્ષત્રિયવધ જેવું ક્રૂર કર્મ કરવા છતાં તે ઈશ્વર છે !

પુરૂરવા રાજા ઈલાના પુત્ર હોવાથી ઐલ નામે પણ ઓળખાય છે. તેમને ત્યાં ઉર્વશી દ્વારા છ પુત્રો થયા. આયુ, શ્રુતાયુ, સત્યાયુ, રય, વિજય અને જય. તેમાં વિજયનો પુત્ર ભીમ થયો, એનો કાંચન, એનો હોત્રક, એના જહ્નુ. આ જહ્નુએ ગંગાનું ગંડૂષમાત્રમાં પાન કર્યું; પછી જમણા કાનમાંથી બહાર કાઢયાં, તેથી ગંગાનું નામ "જાહ્નવી" પડ્યું ! જહ્નુના પુત્ર થયા પૂરુ, તેના બલાક, તેના અજ, તેના કુશ, તેના કુશામ્બુ, તેના ગાધિ થયા. ગાધિની સત્યવતી નામની કન્યા થઈ. ભૃગુકુલોત્પન્ન મહર્ષિ રુચિકે આ કન્યાની યાચના કરી ! ગાધિને વર યોગ્ય ન લાગ્યો. એક તરફ

શ્યામ-કર્ણવાળા હજાર અશ્વ માગ્યા. ઋષિ વરુણ પાસેથી અશ્વો લઈ આવ્યા. કન્યાનો સ્વીકાર કર્યો.

જૂના જમાનામાં વર પાસે આ રીતે માગણી થતી. વર કન્યાનું પોષણ કરી શકે તેમ છે કે નહિ ?- તેની પરીક્ષા માટે આવાં મૂલ્ય લેવાતાં હતાં. વરની યોગ્યતા માટે શરતો નક્કી થતી. મૂલ્ય વરના પિતાને ક્યારેય ભરવાનું નહોતું! વરે પોતે જ ચૂકવવાનું રહેતું! રામચંદ્રજીનું ધનુર્ભંગ, અર્જુનનો મત્સ્યવેધ વગેરે આવાં જ ઉદાહરણો છે. આજના જમાનામાં કન્યાને દેવાતાં અલંકાર, વસ્ત્ર વગેરે વરે પોતાની કમાઈમાંથી દેવાનાં હોય. વરના પિતાને તેની વ્યવસ્થા કરવી પડે- એ તો વરની ન્યૂનતા અને કુરિવાજ છે! પ્રાચીનકાલમાં સમર્થ રાજાઓનાં સંતાનોને પણ લગ્ન પહેલાં, કન્યાને વરવા માટે, જુદી જુદી રીતે પોતાના સામર્થ્યને પ્રદર્શિત કરવું જ પડતું! તંદુરસ્ત સમાજની આ સુવ્યવસ્થા હતી.

ઋષિ રુચિકે સત્યવતી અને પોતાની સાસુની યાચનાથી બે ચરુ તૈયાર કર્યા. ઋષિ સ્નાન કરવા ગયા. માને થયું,- દીકરીનો ચરુ ઉત્તમ હશે, તેથી તેની માગણી કરી. દીકરીનો ચરુ પોતે ખાધો અને પોતાનો ચરુ દીકરીને ખવડાવ્યો ! ઋષિએ જાણ્યું, બોલ્યા, - "ઘણો અનર્થ કર્યો. અમારે ત્યાં બ્રાહ્મણ અને તમારે ત્યાં ક્ષત્રિય દીકરો થાય તેવો ચરુ હતો. તેને બદલે હવે, અમારો દીકરો ક્ષત્રિય થશે અને તમારો દીકરો બ્રાહ્મણ થશે !" પત્નીએ ક્ષમા માગી. મહર્ષિજીએ કહ્યું, - "તમારા દીકરાનો દીકરો ક્ષત્રિય જેવો થશે !" ઋષિને ત્યાં દીકરા થયા,- જમદગ્નિ ! સત્યવતી કૌશિકી નદી રૂપ થયાં !

જમદગ્નિની પત્ની રેણુકા. તેમના નાના પુત્ર પરશુરામ. ચરુના પ્રભાવે અને ઋષિના વચનથી તેમનામાં ક્ષત્રિયદેવતા પ્રકટ હોવાથી તે ક્ષત્રિય રૂપ છે, ભગવાનનો અવતાર છે. તેમણે ભૂમિના ભાર રૂપ ક્ષત્રિયોનો ૨૧ વખત નાશ કર્યો !

હૈહયોનો રાજા સહસ્રાર્જુન હતો. તેણે સેવાથી દત્તાત્રેયજીને પ્રસન્ન કર્યા. હજાર હાથ, સંપત્તિ, સમૃદ્ધિ, સામર્થ્ય ખૂબ મેળવ્યાં, કૃપાથી ખૂબ ઉન્નત થયો. એક વખત તે નર્મદા નદીમાં વિહાર કરતો હતો. પોતાના હાથથી તેણે પાણીનો પ્રવાહ પણ અટકાવી દીધો ! આજે પણ આ સ્થળ "સહસ્રધાર" નામે ઓળખાય છે, મધ્યપ્રદેશમાં છે. પ્રવાહથી પાણી અટક્યાં, ચારે બાજુ ફેલાયાં. તેનાથી અકળાયેલો રાવણ આવ્યો. સહસ્રાર્જુને રમત માત્રમાં તેને કેદ પકડયો. વાનરની જેમ માહિષ્મતી નગરીમાં બાંધી રાખ્યો, પછી છોડ્યો. સહસ્રાર્જુનના સ્મરણ માત્રથી ખોવાયેલી વસ્તુ જડે, તેવો તે પ્રભાવશાળી હતો !

પૃથ્વી પરનો સ્થાવર-જંગમ ભાર વધ્યો હતો. મરુત્ત રાજાના યજ્ઞમાં અતિહોમથી અગ્નિને અજીર્ણ થયેલું. બ્રહ્માએ બંનેનાં દુ:ખ દૂર કરવા વિચાર્યું. સહસ્રાર્જુનનાં બાણમાં પ્રવેશીને વન બાળવાનો ઉપાય અગ્નિને બતાવ્યો. વન બળવા માંડ્યું. પૃથ્વીનો ભાર અને અગ્નિનું અજીર્ણ દૂર થવા લાગ્યાં, ત્યારે થોડાં બાણ વસિષ્ઠના વનમાં પડ્યાં. વસિષ્ઠે સહસ્રાર્જુનના હાથ કપાઈ જવાનો શાપ દીધો. ભગવદિચ્છાથી એક વખત રાજા સહસ્રાર્જુન વનમાં આવ્યો, જમદગ્નિએ અદ્‌ભુત-ઐશ્વર્યથી તેનું આતિથ્ય કર્યું ! રાજાએ વૈભવ દેનારી કામદૂધા ગાય જોઈ. લેવાની ઈચ્છા થઈ. ઋષિ સંમત ન થયા. રાજાએ અભિમાનથી વાછરડા સાથે ગાય હરી લીધી. ગાય દૂધ-ઘી વગેરે દેનારી છે. બ્રાહ્મણ જમદગ્નિ મંત્ર રૂપ છે. બંને યજ્ઞમાં ઉપયોગી છે. પરશુરામ યજ્ઞ રૂપ છે, તેથી ગાય પાછી લેવા વનમાંથી આવીને તરત ચાલ્યા. પ્રચંડ પરશુ લઈને પરશુરામ માહિષ્મતીમાં પધાર્યા. એકલા ભગવાન્ પરશુરામે ૧૭

અક્ષૌહિણી ભયંકર સેનાનો નાશ કર્યો ! સમર્થ સહસ્રાર્જુનના બાહુ છેદ્યા, મસ્તક ઉડાવી દીધું. રાજાના પુત્રો પ્રાણ બચાવવા નાસી ગયા. વિજયી પરશુરામ વાછરડા સાથે ગાયને લઈને આશ્રમમાં પાછા આવ્યા. પોતાનું પરાક્રમ પિતાને સંભળાવ્યું. બ્રાહ્મણ પિતાએ ક્ષમાધર્મ સમજાવ્યો !

क्षमया रोचते लक्ष्मीर्ब्राह्मी सौरी यथा प्रभा ।
क्षमिणामाशु भगवांस्तुष्यते हरिरीश्वरः ॥ (४०)

ક્ષમાથી બ્રાહ્મણની શોભા વધે છે. શરણાગતનાં દુઃખ હરી લઈને સુખ દેનાર ભગવાન્ ક્ષમાશીલ પર શીઘ્ર પ્રસન્ન થાય છે.

ભગવાનમાં ચિત્ત રાખી, તીર્થયાત્રા કરી, વધનો દોષ દૂર કરવા વત્સલ પિતાએ - શાસ્ત્રનિષ્ઠ ઋષિએ - પુત્રને પ્રેરણા કરી !

અધ્યાય : ૧૬

ભક્તિ તો ભગવાનની જ થાય ! : બ્રાહ્મણસુરક્ષા માટે પરશુરામજીએ પૃથ્વીને ૨૧વાર નિઃક્ષત્રિય કરી : ક્ષત્રિય વિશ્વરથમાંથી બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર થયા ! "શુનઃશેપ" ને "દેવરાત" બનાવ્યો ! :

પિતાની આજ્ઞા પરશુરામે પ્રેમથી પાળી. વર્ષ પર્યંત તીર્થયાત્રા કરી. આશ્રમમાં પાછા આવ્યા.

એક વાર માતા રેણુકાજી જળ લેવા ગયેલાં. નદી-કિનારે કમલમાલાધારી ચિત્રરથ ગંધર્વને જોયો. ઋષિપત્નીનું મન મુગ્ધ થયું ! હોમનો સમય વિસરી ગયાં. ઋષિએ આ જાણ્યું. કુદ્ધ થયા. રેણુકાનો વધ કરવાની આજ્ઞા પુત્રોને કરી. કોઈએ તે ન માની. વનમાંથી રામ આવ્યા, ઋષિએ તેમને સૌનો વધ કરવાની આજ્ઞા કરી.

આ કથામાં અન્યથાભાવ કાંઈ નથી. ભગવાન્ જે માતાને ત્યાં પુત્ર રૂપે પધારે, તેના મનમાં અયોગ્ય વિચાર કાંઈ હોય જ નહિ. ચિત્રરથ ગંધર્વ ભગવાનની વિભૂતિ રૂપ છે. તેનામાં ભગવાનનો આવેશ છે. આવેશથી ભગવાનની જેમ તેણે કમલમાલા ધરી છે. રેણુકા આધિદૈવિક ભક્તિ રૂપા છે. ભક્તિને ભગવાનની સ્પૃહા સ્વાભાવિક હોય ! નિર્દોષતા હોવાથી ૧૩મા શ્લોકમાં રેણુકા માટે "सती"- શબ્દ છે. મન મોહ પામ્યું. ગંધર્વની કાંઈક ઈચ્છા કરી,- "किञ्चिच्चित्ररथस्पृहा ।" "सोमः प्रथमं विविदे"- એ વાક્ય પ્રમાણે કન્યાને પ્રથમ સોમની પ્રાપ્તિ થાય છે. ચંદ્રથી સ્ત્રીમાં આંતર ફેરફારો થતા જાય છે. ગંધર્વથી બાહ્ય ફેરફારો થતા જાય છે. ચંદ્ર આંતરરસો ઉત્પન્ન કરે છે, પછી ગંધર્વ સ્ત્રીને બાહ્યરૂપનું દાન કરે છે. તે કથા અહીં છે. ચિત્રરથ ગંધર્વમાં ભગવાનનો આવેશ રેણુકાએ જાણ્યો. પોતે ઋષિપત્ની છે, કર્મપરાયણ છે. તેને કર્મની આસક્તિ છોડી, ભક્તિથી ભગવાન્ પ્રાપ્ત કરવાની સ્પૃહા થઈ છે !

જમદગ્નિ ચરુના પ્રભાવથી ક્ષત્રિય રૂપ પણ છે. ક્ષત્રિયમાં ક્રોધ સ્વાભાવિક હોય, વધની આજ્ઞા કરી. મુનિનો પ્રભાવ રામ જાણતા હતા. તેમણે આજ્ઞા પાળી. ઋષિ રાજી થયા. પરશુરામે મા તથા ભાઈઓ જીવતાં થાય અને વધનું સ્મરણ ન રહે તેવું વરદાન માગ્યું. સૌ ઋષિના પ્રભાવથી જીવતાં થયાં ! આશ્રમમાં આનંદ થયો.

એક વખત સહસ્રાર્જુનના પુત્રોએ વૈર લેવા લાગ શોધ્યો. રામ વનમાં ગયા હતા. તે દરમિયાન ધ્યાનસ્થ ઋષિ જમદગ્નિનો વધ કર્યો. સતી રેણુકા શોકથી રડવા લાગ્યાં. રામ આવ્યા. ક્રુદ્ધ થયા. પ્રચંડ પરશુ પુન: પકડ્યો. માહિષ્મતીમાં આવ્યા. ક્ષત્રિયોનો સંહાર કર્યો. બ્રાહ્મણોની રક્ષા માટે, દુષ્ટ ક્ષત્રિયોની ઉદ્દંડતા તોડવા માટે, પરશુરામે સાત વખત રાજસ, સાત વખત તામસ, અને સાત વખત સાત્ત્વિક, આમ કુલ એકવીસ વખત, ક્ષત્રિયોને હણ્યા ! ઐશ્વર્યાદિ છ ગુણો અને ભગવાન્ મળીને સાત છે. તે સાત રૂપે તામસ, રાજસ, સાત્ત્વિક ક્ષત્રિયોનો નાશ કર્યો, તેથી કુલ ૨૧ વાર પૃથ્વીને નિ:ક્ષત્રિય કરી, પછી નિર્ગુણ (ભક્ત) ક્ષત્રિયો રહ્યા. દુષ્ટ ક્ષત્રિયોનો ભગવાને નાશ કર્યો. બ્રાહ્મણોની સુરક્ષા કરી. વિધાના માર્ગમાં વિઘ્ન કરતા સત્તા અને સંપત્તિવાળા લોકોને દૂર કરવામાં આવે તો સમાજ ઉન્નત બને !

પરશુરામે ક્ષત્રિયોના રુધિરના ધરા કુરુક્ષેત્રમાં - સ્યમંત-પંચકક્ષેત્રમાં-કર્યા. યજ્ઞમાં પિતાને સજીવન કર્યા ! યજ્ઞમાં બ્રાહ્મણોને પોતાના સર્વસ્વનું દાન પરશુરામજીએ કર્યું. ભક્તિમાર્ગમાં ભગવાનને સર્વસ્વનું સમર્પણ કરવાનો માર્ગ બતાવ્યો. પરશુરામ શુદ્ધ થઈ પોતાના આશ્રમમાં વિરાજ્યા. મહેન્દ્રપર્વત ઉપર આજે પણ પ્રશાન્ત રૂપે પરશુરામજી વિરાજે છે !

રામપૂજિત જમદગ્નિ સપ્તર્ષિમાં સ્થાન પામ્યા. હવેના મન્વન્તરમાં પરશુરામ પણ વેદપ્રવર્તક સપ્તર્ષિમાંના એક થશે. પરશુરામજીએ તપ:થી પુન: બ્રહ્મતેજ: પ્રાપ્ત કર્યું. નિર્ગુણ-ભક્તિનું સ્થાપન ભગવાને કર્યું. આ ઈશ્વરકથા કહી.

પુન:, ગાધિની કથાથી ભક્તકથા શરૂ કરી. ગાધિરાજાના દીકરા થયા,- વિશ્વરથ ! તેમણે તપ:થી ક્ષત્રિયત્વમાંથી બ્રાહ્મણત્વ પ્રાપ્ત કર્યું ! વિશ્વરથમાંથી બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર થયા ! વેદમાતા ગાયત્રીમંત્રના દ્રષ્ટા થયા ! ઋષિએ જલોદરથી પીડાતા હરિશ્ચન્દ્ર ઉપર કૃપા કરી. વિશ્વામિત્ર પુષ્ટિમાં છે ! આવા બધા અર્થોમાં પુષ્ટિ એટલે માત્ર કૃપા. તેમની કૃપાથી વરુણના કોપનો ભોગ બની જલોદરમાં ફસાયેલા હરિશ્ચન્દ્ર રાજા મુક્ત થયા. ભૃગુકુલના અજિગર્ત બ્રાહ્મણના મધ્યમપુત્ર શુન:શેપને યજ્ઞપશુ રૂપે લીધો. વરુણનાં સૂકતો ભણાવ્યાં. વરુણને પ્રસન્ન કર્યા. હરિશ્ચન્દ્રને રોગ મુક્ત કરાવ્યા. આ શુન:શેપને વિશ્વામિત્રે પોતાના પુત્ર તરીકે સ્વીકાર્યો ! વિશ્વામિત્રના સો પુત્રો હતા; તેમાંથી પચાસ તેને સ્વીકારવા તૈયાર ન થયા. ઋષિએ તેમને મ્લેચ્છ બનાવ્યા ! બાકીના પચાસે સ્વીકાર્યા, તેમને આશીર્વાદ આપ્યો. દેવે દીધેલા દીકરા દેવરાતને મુખ્ય તરીકે સ્થાપ્યો. શુન:શેપ દેવરાત થયો. વિશ્વામિત્રના પુત્રોથી અનેક ગોત્રો થયાં.

અધ્યાય : ૧૭

અમૃતદાતા ધન્વન્તરિજી જુદા આયુર્વેદ-પ્રવર્તક ધન્વન્તરિજી ! :

પુરૂરવાના પુત્ર આયુ હતા. તેમના પુત્ર નહુષ, ક્ષત્રવૃદ્ધ, રજી, રમ્ભ અને અનેના થયા. ક્ષત્રવૃદ્ધના પુત્ર સુહોત્ર થયા. તો કાશ્ય, કુશ અને ગૃત્સમદ થયા. ગૃત્સમદના શુનક થયા. અને તેના શૌનક પુત્ર થયા. ઋગ્વેદના નિષ્ણાત ઋષિ તે થયા. કાશ્યના પુત્ર કાશિ, તેના રાષ્ટ્ર, તેના દીર્ઘતમા થયા. તેના પુત્ર આયુર્વેદ- પ્રવર્તક ભગવાન્ ધન્વન્તરિજી થયા. આ વંશમાં ભક્તોની નિર્દોષતા

જણાવવા ભગવાનનો અવતાર થયો. અમૃતદાતા ધન્વન્તરિથી આ જુદા છે.

તેમના વંશમાં અલર્ક રાજા થયા. ૬૬૦૦૦ વર્ષ યુવાવસ્થા ભોગવી તેણે રાજ્ય કર્યું. સમર્થ રજીએ તો ઈન્દ્રને પણ આશ્રય આપ્યો. અહીં વૈદિક અને ભોગરત ભક્તો ગણાવ્યા છે.

અધ્યાય : ૧૮

શુક્રાચાર્યનાં પુત્રી દેવયાની દૈવયોગે રાજા યયાતિને વર્યાં ! :

પુત્ર પૂરુએ યુવાની પિતા યયાતિને દીધી, ભોગમાં સંતોષ સુલભ ન થાય ! :

આ ગાથા ગાયા પછી નહુષની કથાનો આરંભ કર્યો. નહુષના પુત્ર થયા યતિ, યયાતિ, સંયાતિ, આયતિ, વિયતિ અને કૃતિ.

સમર્થ નહુષ રાજાને ઈન્દ્રાસન મળ્યું, પણ ભાન ભૂલ્યા. ઈન્દ્રપત્ની શચિને પ્રાપ્ત કરવા જતાં મુનિ અગસ્ત્યના શાપથી અજગર થયા !

રાજ્ય યયાતિને મળ્યું. યતિ વિરક્ત થઈને ચાલ્યા ગયા હતા. યયાતિ રાજાએ શુક્રાચાર્યની પુત્રી દેવયાની સાથે લગ્ન કર્યું. વૃષપર્વા દાનવની પુત્રી શર્મિષ્ઠાનો પણ સ્વીકાર કર્યો. ક્ષત્રિય હોવા છતાં, બ્રાહ્મણકન્યા સાથે વિવાહ કર્યો !

ઋષિ શુક્રાચાર્યજી કૃપામાર્ગમાં છે. તેમણે પોતાની કન્યા રાજાને પરણાવી. યયાતિ રાજામાં આ પુષ્ટિ છે ! શુક્રાચાર્યનું વચન હતું, શર્મિષ્ઠાનો સ્વીકાર ન કરવાનું, છતાં ભગવદિચ્છાથી શાસ્ત્રાનુસાર રાજાએ શર્મિષ્ઠાનો સ્વીકાર કર્યો. તે મર્યાદા છે. આમ યયાતિમાં પુષ્ટિ અને મર્યાદા બંને છે ! દેવયાનીના યદુ વગેરે દીકરા થયા. તે પુષ્ટિરૂપ થયા. શર્મિષ્ઠાના પુરુ વગેરે દીકરા થયા. તે મર્યાદા રૂપ થયા.

દાનવનો રાજા હતો વૃષપર્વા. તેની પુત્રીનું નામ શર્મિષ્ઠા. સખીઓ સાથે ઉદ્યાનમાં ફરવા ગઈ, સાથે ગુરુ શુક્રાચાર્યની પુત્રી દેવયાની હતી. ગાનતાનમાં સૌ મગ્ન હતાં. જલાશય જોયું. સ્નાનની ઈચ્છા થઈ. વસ્ત્ર કિનારે મૂક્યાં ! જલમાં સૌ રમવા લાગ્યાં. એટલામાં શંકર-પાર્વતીને પસાર થતાં જોયાં. મોટાની મર્યાદા સાચવવી જોઈએ. સૌ ઉતાવળે બહાર નીકળ્યાં. ઝડપથી કપડાં પહેરવા લાગ્યાં. શર્મિષ્ઠાએ અજાણતાં દેવયાનીનાં વસ્ત્ર પહેરી લીધાં. દેવયાનીએ તે જોયું. ગુસ્સે થઈ. કપડાં પહેરવામાં પણ મોટાની મર્યાદા સાચવવી જોઈએ. વૈષ્ણવો ઉત્સવમાં કેશરી એક વસ્ત્ર ધરે છે. આચાર્યવંશજ બધાં વસ્ત્ર કેશરી ધરે છે. મર્યાદા સાચવવા વૈષ્ણવ બધાં વસ્ત્ર કેશરી ધરતા નથી.

ગુસ્સે થયેલી ગુરુપુત્રીએ રાજકુમારી શર્મિષ્ઠાને ખૂબ ધમકાવી. શર્મિષ્ઠાએ સામે અપમાનભર્યા શબ્દો કહ્યા. ગુરુ અને શિષ્યના સંબંધમાં મર્યાદા અને સ્નેહ સુદૃઢતા આપે છે. મર્યાદા તૂટતાં માર્ગ ન મળે. સ્નેહ તૂટતાં શ્રેયઃ ન સધાય. મર્યાદા સન્માર્ગ સુઝાડે છે. સ્નેહ સર્વસ્વનું સમર્પણ કરાવી, શ્રેયઃ સાધી, જીવન સફલ બનાવે છે. ઉભય અનિવાર્ય છે.

ગુસ્સામાં ભાન ભૂલેલી શર્મિષ્ઠાએ દેવયાનીને કૂવામાં ફેંકી દીધી ! વસ્ત્ર લઈને પોતે ઘેર ગઈ. ભગવદિચ્છાથી, શિકારે નીકળેલો યયાતિ રાજા તરસ્યો થયો. કૂવે આવ્યો. દેવયાનીને જોઈ. પોતાનું ઉત્તરીયવસ્ત્ર દીધું ! દયાથી હાથ પકડીને બહાર કાઢી. દેવયાનીએ હાથ પકડનારને હવે, હાથ

ન છોડી, નાથ થવા વિનંતી કરી. જીવનમાં તેનો સાથ માગ્યો. બૃહસ્પતિના પુત્ર કચે દેવયાનીને બ્રાહ્મણ વર ન મળવાનો શાપ આપ્યો હતો, તે કથા કહી. સતી પતિથી કાંઈ ન છુપાવે, તો મતિ શુદ્ધ રહે, પરસ્પર રતિ થાય, જીવનની ગતિ સાનુકૂલ થાય.

યયાતિએ પ્રભુની ઈચ્છા જાણી. પોતાનું મન શુદ્ધ સંયમી હતું; છતાં દેવયાનીમાં મુગ્ધ થતું જોયું, તેથી દેવયાનીની વાત સ્વીકારી ! રાજા વિદાય થયો. દેવયાનીએ રડતાં રડતાં બધી વાત શુક્રાચાર્યને કહી. વત્સલ પિતા પુત્રીના દુઃખે દુઃખી થયા. અસુરોનો ત્યાગ કરીને જવા લાગ્યા. વૃષપર્વાએ તે જાણ્યું. તેણે પોતાના કુલનું હિત વિચાર્યું. દીકરીને દેવયાનીની દાસી રૂપે દીધી. શુક્રાચાર્યને સંતોષ્યા. સમાજના કલ્યાણ માટે સ્નેહ કે સ્વાર્થનું સમર્પણ કરી દીધું. શુક્રાચાર્યે દીકરી દેવયાનીને યયાતિ સાથે વરાવી. શર્મિષ્ઠાને સખીઓ સાથે દાસી રૂપે દીધી. ભગવદિચ્છાથી ઉભયને ત્યાં પુત્રો થયા. યદુ અને તુર્વસુ દેવયાનીના પુત્ર થયા. દ્રુહ્યુ, અનુ અને પૂરુ શર્મિષ્ઠાનાં પુત્ર થયા.

પતિએ શર્મિષ્ઠાને પત્ની રૂપે સ્વીકારેલી જાણતાં દેવયાની ગુસ્સે થઈ. શુક્રાચાર્ય પાસે આવી. રાજાએ મનાવી છતાં ન માની. શુક્રાચાર્યે ભોગરત કરનારું યૌવન રાજા પાસેથી લઈ લીધું. શાપ દીધો. રાજા વૃદ્ધ થયા. શુક્રાચાર્યજીને વિનંતી કરી. આચાર્યે કોઈ વૃદ્ધાવસ્થા લે તો યૌવન મળે તેમ સૂચવ્યું. અંગપરિવર્તનની શસ્ત્રક્રિયા રૂપે પણ આ વિચારી શકાય !

રાજાએ પુત્રોને કહ્યું. યદુએ,- “ભોગાનુભવ વગર વૈરાગ્ય દૃઢ ન થાય !” - તેમ કહી યૌવન ન દીધું. બીજાઓએ પોતે સુખ માણવા યૌવન ન દીધું. નાના પૂરુએ પ્રેમથી યૌવન દીધું.

उत्तमश्चिन्तितं कुर्यात् प्रोक्तकारी च मध्यमः ।
अधमोऽश्रद्धया कुर्यादकर्तोच्चरितं पितुः ॥ (४४)

પિતાનું ઈચ્છેલું કરે તે ઉત્તમ પુત્ર, કહેલું કરે તે મધ્યમ, અશ્રદ્ધાથી ન છૂટકે કરે તે અધમ, કહ્યા છતાં ન કરે તે તો મલ રૂપ છે.

રાજાએ યૌવન મેળવી કામનાનુસાર વિહારો કર્યા. પિતાની જેમ પ્રેમથી પ્રજાનું પાલન કર્યું. યજ્ઞથી ભગવાનનું આરાધન કર્યું. ધર્મ, અર્થ અને કામ યૌવનમાં સિદ્ધ કર્યાં. હજારો વર્ષો ક્ષણની જેમ વીત્યાં, છતાં સંતોષ ન થયો. ભોગમાં સંતોષ સુલભ નથી !

અધ્યાય : ૧૯

રોગ સૌ અટકાવવા મથે, ભોગ તો મેળવવા મથે ! : યયાતિએ દેવયાનીને વૈરાગ્ય દેવા યત્ન કર્યો ! :

રાજા યયાતિ ભોગપરાયણ છે, છતાં તે ભગવદ્‌ભક્ત છે. તેનું મન શુદ્ધ છે. તેને મનમાં સત્ય સ્પષ્ટ રીતે સમજાય છે. આ ભક્તિનો પ્રભાવ છે ! રાજા ઋષિના જમાઈ છે, તે પણ ઉત્તમપણું છે, છતાં પુત્ર સાથે યુવાવસ્થાનો બદલો કર્યો હોવાથી, યયાતિ મધ્યમ પ્રકારના ભક્ત છે. ભોગ ભોગવતાં રાજાને ભક્તિના પ્રભાવથી વૈરાગ્ય આવ્યો.

રાજાએ બકરા અને બકરીના રૂપે પોતાનો અને દેવયાનીનો પ્રસંગ સંભળાવ્યો. દેવયાનીમાં વૈરાગ્ય ઉત્પન્ન કરવા યત્ન કર્યો. ભોગ ભોગવવા છતાં તૃપ્તિ થઈ ન હતી. મોહ ભાન ભુલાવે છે.

સઘળી સમૃદ્ધિ હોવા છતાં, વિલાસપરાયણનું મન શાન્ત-પ્રસન્ન કે નિર્મલ રહેતું નથી.

न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥ (૧૪)

માનવની ઈચ્છાઓ ઉપભોગથી શાન્ત થતી નથી, વધતી જાય છે. અગ્નિમાં ઘી હોમતાં ભડકો થાય, તેમ વાસનાઓ વખત મળતાં વિકાર રૂપે દેખાય છે, ભોગથી શાંત થવાને બદલે વધે છે, પરિણામે અશાન્તિ અને દુઃખ મળે છે! રોગ અને ભોગ બન્ને તન, મન અને ધનનો નાશ કરે છે, શોક કરાવે છે. રોગ સામે તો સૌ સાવધ થઈને ઉપચાર કરે છે; પણ ભોગ તો સૌ જાણીને ભોગવે છે. તેમાં આનંદ માને છે. ભોગને અટકાવવાનો ઉપાય કરતા નથી, પણ ભોગ માટે જીવનભર મથે છે, જીવન વ્યર્થ વેડફે છે, છતાં અંતે સુખ કે શાન્તિ મળતાં નથી! કોઈનું અમંગલ ઈચ્છે નહિ તેને શાન્તિ મળે, સર્વત્ર સુખ મળે. સુખ જોઈએ તો તૃષ્ણાનો ત્યાગ કરવો. તન દુર્બલ થાય છે; પણ મનની તૃષ્ણા દુર્બલ થતી નથી. તૃષ્ણા દુઃખી કરે છે. મનમાં રહેલી તૃષ્ણા અણધારી ક્રિયામાં દેખાય છે, ઈન્દ્રિયોને વિષયમાં ઘસડી જાય છે. સાધુપુરુષે પણ સંયમશીલ રહેવું. ઈન્દ્રિયોનો વિશ્વાસ કરવો નહિ!

યયાતિ રાજાએ તૃષ્ણાત્યાગનો નિર્ણય કર્યો. મન પ્રભુમાં પરોવ્યું. દીકરાઓને રાજ્ય દીધું. અગ્નિકોણનું રાજ્ય દ્રુહ્યુને, દક્ષિણનું યદુને, પશ્ચિમનું તુર્વસુને અને ઉત્તરનું અનુને દીધું. પુરુરાજાને સમગ્ર ભૂમંડલનું રાજ્ય દીધું. વનમાં ભગવદ્ભજન કરીને રાજાએ સાયુજ્ય-મુક્તિ મેળવી. દેવયાની પણ કૃષ્ણમાં મન પરોવીને મુક્ત થઈ.

શ્રીશુકને "कृष्ण"- શબ્દ બોલતાં ભગવાન્ યાદ આવ્યા. કરુણાકેતન કૃષ્ણને વંદન કર્યાં!

नमस्तुभ्यं भगवते वासुदेवाय वेधसे ।
सर्वभूताधिवासाय शान्ताय बृहते नमः ॥ (૨૯)

અધ્યાય : ૨૦

રાજા દુષ્યન્ત અને શકુંતલાના સમર્થ પુત્ર રાજા ભરત ભગવાનની માયાને તરી ગયા!:

પિતૃભક્ત રાજા પૂરુનો વંશ શ્રીશુકે વર્ણવ્યો. પૂરુએ પિતાની આજ્ઞા પાળી. તે તેની ઉત્તમતા છે, છતાં તેણે યૌવન દેવાની યોગ્યાયોગ્યતા વિચારી ન હતી! તે દોષ છે, તેથી તે મધ્યમ-પ્રકારનો ભક્ત છે.

તેના વંશમાં વૈષ્ણવો અને બ્રાહ્મણો પ્રકટ થયા. સૌ ભગવદ્ભક્ત થયા. તેના વંશમાં રૌદ્રાશ્વ રાજા ધૃતાચિ અપ્સરાને વર્યા. તેના દશ પુત્ર થયા. તેમાંના ઋતેયુના વંશમાં પ્રસિદ્ધ રાજા દુષ્યન્ત થયા. મૃગયા કરતાં કણ્વઋષિના આશ્રમમાં આવ્યા. ત્યાં વિશ્વામિત્ર અને મેનકાની પુત્રી શકુંતલાને જોઈ. ઋષિ કણ્વે તેને પોષી હતી. કન્યા સર્વાંગ સુંદર હતી. તેને જોતાં રાજાનું સંયમશીલ મન પણ મુગ્ધ થયું! ગાન્ધર્વલગ્ન થયું. રાજા નગરમાં આવ્યો. શકુંતલા વનમાં રહી. યોગ્ય સમયે સુંદર-સમર્થ કુમાર જન્મ્યો. કણ્વે સંસ્કાર કર્યા. શકુંતલા પુત્રને લઈ પતિ પાસે આવી. રાજા તો ભૂલી ગયો. પત્ની અને પુત્રનો સ્વીકાર કરતો ન હતો. આકાશવાણી થઈ. રાજાને પત્ની અને પુત્રની અવજ્ઞા કરતાં અટકાવ્યો. શકુંતલાની સત્યતામાં સાક્ષી આપી!

આ સમર્થ પુત્ર ભગવાનના અંશ રૂપ ભરત થયા. ચક્રવર્તી થયા. તેના જમણા હાથમાં ચક્ર અને ચરણમાં પદ્મનું ચિહ્ન હતું. ભરતે મમતાના પુત્ર દીર્ઘતમસ ઋષિને પુરોહિત બનાવીને ગંગાકિનારે ૫૫ અશ્વમેધયજ્ઞ કર્યા, પછી યમુનાકિનારે ૭૮ અશ્વમેધયજ્ઞ કર્યા. ૧૩૦૮૪ ગાયોનું એક બદ્ધ કહેવાય. હજાર બ્રાહ્મણોને બદ્ધબદ્ધ ગાયો દાનમાં દીધી. ૩૩૦૦ અશ્વો આરોહણ માટે બાંધ્યા. ભગવાનના ભજનથી ભરત ભગવાનની માયાને તરી ગયા !

મષ્ણારતીર્થમાં, મષ્ણારકર્મમાં ભરતે ધોળા દાંતવાળા, સુવર્ણથી અલંકૃત, મૃગજાતિના ૧૪ લાખ શ્રેષ્ઠ હાથી દાનમાં દીધા. ભરતે સર્વત્ર દિગ્વિજય કર્યો. દુષ્ટોને દંડ દીધો. પ્રજાને સુખસમૃદ્ધ કરી, ૨૭૦૦૦ વર્ષ ભરતે રાજ્ય કર્યું. તેનુ શ્રેષ્ઠ બંધારણ ટક્યું તેમ કહી શકાય ! ભરત ભગવદ્‌ભક્તિથી ભગવદ્‌ગતિ પામ્યા. તેનો વંશ ચલાવવા મરુતોએ યજ્ઞમાં, બૃહસ્પતિ અને મમતાના પુત્ર ભરદ્વાજને પુત્ર રૂપે આપ્યો. તે વિતથ નામે પણ વિખ્યાત થયો.

અધ્યાય : ૨૧

પરોપકાર-પરાયણ રાજા રન્તિદેવ, સૌનાં દુઃખ માગી લઈ, સૌને સુખી કરવા ઝંખે છે ! :

સમર્થ ભરતના દેવે દીધેલા પુત્ર વિતથનો પુત્ર નર થયો. તેના સંસ્કૃતિ, તેના પુત્ર રાજા રન્તિદેવ થયા.

ધૈર્યમાં સર્વોત્તમ રાજા રંતિદેવ છે. તેના વખતમાં દુષ્કાળ પડ્યો. પ્રજાનું પોષણ કરતાં રાજાનું દ્રવ્ય વપરાઈ ગયું. મળે તે પણ રાજા દુઃખીને દેતો. પોતાના પરિવાર સાથે રાજા દુઃખી થયો. ૪૮ દિવસ સુધી પાણી પીવા ન મળ્યું !

એક દિવસ સવારે ઘી, પાયસ, ખીર અને જલ ક્યાંકથી મળ્યાં. ભોજન કરવા રાજા કુટુંબ સાથે તૈયાર થયો. પ્રાણ પરાણે ટકયા હતા. શરીર કંપતું હતું. દુઃખ અસહ્ય હતું; છતાં રાજાએ ધીરજ ગુમાવી ન હતી. ભોજન-સમયે કોઈ બ્રાહ્મણ અતિથિ આવ્યો. રાજાએ આપત્તિમાં પણ આદર દીધો. શ્રદ્ધાથી સત્કાર કર્યો ! બ્રાહ્મણને ભોજન કરાવ્યું; પછી રાજા પ્રસાદી-અન્ન લેવા બેઠો; ત્યાં તો કોઈ શૂદ્ર અતિથિ આવ્યો. તેને પણ રાજાએ પ્રભુરૂપ જાણ્યો. સ્નેહથી સત્કાર્યો. ભોજન કરાવ્યું. પોતે ભૂખ્યો રહ્યો ! વધેલું લેતાં, કોઈ બીજો અતિથિ કૂતરા સાથે આવ્યો. તેને પણ રાજાએ આદર દીધો, ભોજન કરાવ્યું. વંદન કર્યું. કંટાળો કટુતા કે કઠોરતા રાજામાં ન આવ્યાં, કાંઈ કપટ ન કર્યું ! માત્ર એક જણ પી શકે તેટલું, વધેલું પાણી રાજા પીવા તૈયાર થયો. ત્યાં તો કોઈ દીન-હીને પાણી પીવા માટે પોકાર કર્યો. રાજાએ રાજી થઈને પાણી પણ આપી દીધું ! પરોપકારપરાયણ રાજા રન્તિદેવ બોલી ઊઠ્યા :

न कामयेऽहं गतिमीश्वरात् परामष्टर्द्धियुक्तामपुनर्भवं वा ।
आर्तिं प्रपद्येऽखिलदेहभाजामन्तः स्थितो येन भवन्त्यदुःखाः ॥ (૧૨)

“હું પ્રભુ પાસે મુક્તિ નથી માગતો, યોગસિદ્ધિ નથી ઈચ્છતો, સુખસમૃદ્ધિની કામના કરતો નથી. સૌનું દુઃખ હું માગી લઉ છું. સૌના હૃદયમાં રહીને દુઃખની વસમી વેદના હું સહી લઉં, જેથી સૌ દુઃખ રહિત બને,- સુખી બને !”

રાજા તન અને ધનથી દુઃખી હોવા છતાં, મનથી દુઃખી થયા ન હતા. પોતે દુઃખી હોવા છતાં સૌનું દુઃખ માગી લેતા હતા ! પોતાને દુઃખે જ સામાના દુઃખની સમજ આવે, સ્વાભાવિક દયા થાય. સૌના સુખ, સંતોષ કે શાંતિ માટે સર્વસ્વસમર્પણ અને સર્વ દુઃખસહન, તો સાધુપુરુષોના સ્વભાવમાં હોય. ઉત્તમ કે અધમનો વિચાર કર્યા વિના, માત્ર જીવ છે તેમ જાણીને, રાજાએ દયા કરી. પરીક્ષા માટે આવેલા બ્રહ્મા, વિષ્ણુ, શંકર પ્રસન્ન થયા. દર્શન દીધાં. રાજાએ ભગવાનમાં મન પરોવ્યું. રાજા નિઃસંગ અને નિઃસ્પૃહ હતા ! કાંઈ માગ્યું નહિ, ભક્તિરત થયા, જીવન્મુક્ત થયા. તેના વંશજો પ્રભુપરાયણ થયા. પિતાના પુણ્યથી પરિવાર પણ પ્રભુપરાયણ બને.

વિતથના બીજા પુત્ર બૃહત્ક્ષત્ર હતા. તેના પુત્ર હસ્તી રાજા થયા. તેણે હસ્તિનાપુર વસાવ્યું. તેના પુત્ર અજમીઢના વંશમાં થયેલા નીપ રાજા, છાયાશુકની પુત્રી કૃત્વી સાથે વર્યા ! તેનો બ્રહ્મદત્ત પુત્ર થયો.

અજમીઢને અન્ય રાણી દ્વારા થયેલા પુત્ર નીલના વંશમાં મુદ્‌ગલ વગેરે થયા. મુદ્‌ગલને ત્યાં જોડકાંમાં દિવોદાસ અને અહલ્યા જન્મ્યાં. અહલ્યા ગૌતમ સાથે પરણ્યાં. તેના પુત્ર શતાનન્દ થયા, તેના શતધૃતિ ધનુર્વેદનિપુણ થયા. તેના પુત્ર શરદ્વાન્ થયા. તેને ત્યાં જોડકામાં કૃપાચાર્ય અને કૃપી જન્મ્યાં. કૃપી દ્રોણનાં પત્ની થયાં.

અધ્યાય : ૨૨

સૌને નીરોગી કરતા શંતનુના પુત્ર ગંગાજી દ્વારા થયા-ભીષ્મ ! :
ભગવાને ભક્તવંશ રૂપ પરીક્ષિતની રક્ષા કરી :

દિવોદાસના વંશમાં રાજા દ્રુપદ થયા. તેમની પુત્રી દ્રૌપદી થયાં અને ધૃષ્ટદ્યુમ્ન વગેરે પુત્રો થયા.

અજમીઢના બીજા પુત્ર ઋક્ષ હતા. તેના પુત્ર સંવરણ સૂર્યકન્યા તપતી સાથે પરણ્યા. તેના પુત્ર કુરુ રાજા થયા. તેના પુત્ર સુધુમ્નના વંશમાં બૃહદ્રથ થયા. તેની એક પત્નીને બે ટુકડા રૂપે બાલક જન્મ્યું ! તેને જરા રાક્ષસીએ સાંધીને "જીવ-જીવ" -કહ્યું. બાલક જીવતું થયું. જરાસંધ નામ પડ્યું.

કુરુરાજાના બીજા પુત્ર જહ્‌નુના વંશમાં પ્રતીપ રાજા થયા. તેના દેવાપિ, શન્તનુ અને બાહ્‌લીક નામે પુત્રો થયા. દેવાપિ રાજ્ય છોડી વનમાં ગયા. શન્તનુ રાજા થયા. તેમના હાથના સ્પર્શમાત્રથી વૃદ્ધો યુવાન્-નીરોગી-સમર્થ થતા હતા ! "शं सुखं कल्याणं तनुते इति शन्तनुः ।"- શરીરસ્વાસ્થ્ય ધર્માચરણમાં ખૂબ જરૂરી છે. રાજા સૌને સ્વાસ્થ્ય દેતા હતા. તેના વખતમાં બાર વર્ષ સુધી વૃષ્ટિ ન થઈ. સૃષ્ટિ પીડાવા લાગી. બ્રાહ્મણોને રાજાએ કારણ પૂછ્યું. મોટાભાઈ હોવા છતાં, તેને મૂકીને લગ્ન, અગ્નિહોત્ર કે રાજ્યાદિભોગ કરે,- તે પરિવેત્તા કહેવાય. તે દોષથી વરસાદ થતો નથી, તેમ બ્રાહ્મણોએ કહ્યું. મંત્રીઓએ દેવાપિને છલકપટથી છેતરીને વેદની નિંદા કરાવી, તેથી તેને અધિકાર રહ્યો નહિ. શન્તનુ રાજ્યયોગ્ય થયા. વરસાદ વરસ્યો. દેવાપિ યોગિલોકોના કલાપ નામના ગામમાં રહે છે ! કલિયુગના અંતે સત્યયુગમાં ચન્દ્રવંશની સ્થાપના કરશે.

શન્તનુ રાજા ગંગાદેવીને વર્યા. તેમના પુત્ર સર્વધર્મજ્ઞ સમર્થ, પરમભક્ત દેવવ્રત ભીષ્મ થયા. ગુરુ પરશુરામજીને પણ તેમણે યુદ્ધમાં સંતુષ્ટ કર્યા ! શન્તનુને સત્યવતી દ્વારા ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય પુત્રો થયા. વિચિત્રવીર્ય કાશી રાજાની બે પુત્રીઓ અંબિકા અંબાલિકાને પરણ્યા. વિચિત્રવીર્યના મરતાં માતાની આજ્ઞાથી મહર્ષિ વ્યાસે કૃપા કરી, પુત્રો દીધા, ધૃતરાષ્ટ્ર અને પાંડુ થયા. ભક્ત દાસીને ત્યાં વિદુરજી થયા. ધૃતરાષ્ટ્રને ત્યાં સો પુત્રો થયા, કૌરવ કહેવાયા. દુર્યોધન તેમાં મુખ્ય હતો. દુઃશીલા નામની પુત્રી પણ હતી. પાંડુ રાજાને કુન્તી અને માદ્રી પત્ની. ધર્મ, વાયુ, ઈન્દ્રની કૃપાથી કુંતીને યુધિષ્ઠિર, ભીમસેન અને અર્જુન નામે પુત્રો થયા. અશ્વિનીકુમારોની કૃપાથી માદ્રીને નકુલ, સહદેવ થયા. પાંચે પાંડવ કહેવાયા. તેમને ત્યાં દ્રૌપદી તથા અન્ય પત્નીઓ દ્વારા પુત્ર થયા. કૃષ્ણનાં બહેન સુભદ્રા સાથે અર્જુન પરણ્યા. તેના દ્વારા પુત્ર અભિમન્યુ થયા. તેના પરીક્ષિત થયા. ભગવાને બ્રહ્માસ્ત્રતેજઃથી બળતાં બચાવ્યા ! તેના પુત્ર જનમેજય વગેરે થયા. તેના વંશમાં થયા નેમિચક્ર. હસ્તિનાપુર ગંગામાં ડૂબી જતાં, તેણે કૌશામ્બી નગરીમાં નિવાસ કર્યો. આ વંશનો છેલ્લો રાજા ક્ષેમક, પછી કલિયુગમાં વંશ વિરામ પામશે. મગધના ભાવિ-રાજાઓ પણ શ્રીશુકે કહ્યા !

અધ્યાય : ૨૩

નરાકાર ભગવાન્ કૃષ્ણ જેમાં પ્રકટ થયા, તે યદુવંશની કથા :

શ્રીશુકે યયાતિના પુત્ર અનુના વંશનું વર્ણન કર્યું. તેના વંશમાં રાજા રોમપાદ થયા. તેને પુત્ર ન હતો. તેમના મિત્ર દશરથ રાજા હતા. દશરથે પોતાની શાન્તા નામની કન્યા તેમને આપી. રોમપાદના રાજ્યમાં વરસાદ ન વરસ્યો ! બ્રાહ્મણોએ વિભાંડક ઋષિના પુત્ર ઋષ્યશૃંગને નગરમાં આણ્યા. ઋષિએ ઈષ્ટિ કરાવી. વરસાદ વરસ્યો. રાજા રોમપાદે ઋષિને શાન્તા કન્યા પરણાવી. ઋષિજીએ રોમપાદને પુત્ર દીધો તથા રાજા દશરથને પણ પુત્રેષ્ટિ કરાવી. શ્રીરામ વગેરે પુત્રો થયા.

રોમપાદના વંશમાં અધિરથ થયા. તેને ગંગાકિનારે પેટીમાંથી કુન્તાનો ત્યજેલો પુત્ર કર્ણ મળ્યો. તેણે પોતાનો પુત્ર ગણાવ્યો.

યયાતિના પુત્ર દ્રુહ્યુના વંશમાં ૧૦૦ પ્રચેતસ થયા. તેઓએ મ્લેચ્છ દેશોમાં પણ રાજ્ય સ્થાપ્યું !

યયાતિના પુત્ર તુર્વસુના વંશમાં મરુત થયા. તેને પુત્ર ન હતો. તેણે પુરુવંશમાં જન્મેલા રાજા દુષ્યન્તને પોતાના પુત્ર તરીકે સ્વીકાર્યો. પુરુવશને મુખ્યરાજ્યાધિકાર યયાતિએ દીધો છે. રાજ્યેચ્છાથી દુષ્યન્તે પુરુવંશ પુનઃ સ્વીકાર્યો !

યયાતિના મોટા પુત્ર યદુરાજાનો વંશ શ્રીશુકે કહેવાની શરૂઆત કરી. મહાપુણ્ય રૂપ, પાપ હરનારો તે વંશ છે. યદુરાજાના વંશમાં સર્વને પાવન કરનારા ભગવાન્ શ્રીકૃષ્ણનો આવિર્ભાવ થયો. નરાકૃતિ ભગવાન્ પ્રાદુર્ભૂત થયા ! યદુરાજાના પુત્ર સહસ્રજિત્. તેના વંશમાં સહસ્રાર્જુન થયો. ભગવદાવતાર દત્તાત્રેયની કૃપાથી સપ્તદ્વીપાધિપતિ થયો. યદુવંશમાં હોવા છતાં, ભગવાને દત્ત રૂપે કૃપા કરી અને પરશુરામ રૂપે રણમાં રોળ્યો ! ભગવાનની લીલા આશ્ચર્યકારક છે. તેના વંશમાં મધુના પુત્ર વૃષ્ણિ થયા. બીજા અનેક પુત્રો હોવાથી મધુ, વૃષ્ણિ વગેરે કુલ થયા, બધા યદુપુત્રો હોવાથી યાદવ કહેવાયા.

યદુના બીજા પુત્ર ક્રોષ્ટા હતા. તેના વંશમાં શશબિંદુ થયા. તે મહાયોગી હતા. તેમની પાસે ચૌદ મહારત્નો હતાં,. હાથી, ઘોડા, રથ, સ્ત્રી, બાણ, ભંડાર, પુષ્પ, વસ્ત્ર, વૃક્ષ, શક્તિ, પાશ, મણિ, છત્ર અને વિમાન. તે ચક્રવર્તી થયા. તેમને ત્યાં દીકરા થયા - પૃથુશ્રવા, તેના ધર્મ. તેના સો અશ્વમેધ કરનાર ઉશના થયા. તેના રુચક, તેના જ્યામધ. તેની પત્ની શૈબ્યા હતી. રાજા દુશ્મનકન્યાને હરી લાવ્યા. રાણીએ પૂછ્યું, - "કોને માટે લાવ્યા ?" રાજાએ કહ્યું, - "આપણા દીકરા માટે ?" પિતૃદેવોએ આનું અનુમોદન કરતાં પુત્ર થયા વિદર્ભ. તેની સાથે આ કન્યા વરાવ્યાં !

અધ્યાય : ૨૪

"આનક-દુંદુભિ"- વસુદેવજીને ત્યાં દેવકીજી દ્વારા અદ્‌ભુતલીલાઓથી સૌને કૃતાર્થ કરતા ભગવાન્ કૃષ્ણ પ્રકટ થયા ! : તે લીલા-સેવા-કથાથી કૃતાર્થ કરે છે ! :

વિદર્ભને આ ભોજ્યા વર્યાં. તેના વંશમાં સાત્વત થયા. તેના પુત્ર દેવાવૃધ, તેના બભ્રુ. બંનેના પ્રભાવથી ૧૪૦૬૫ પુરુષો મુક્ત થયા.

સાત્વતના સાત પુત્રો હતા. તેમના વંશમાં સાત્યકિ, અક્રૂર, ઉગ્રસેન દેવક વગેરે થયા.

સાત્વતના પુત્ર અંધકને ત્યાં કુકુર, વહ્નિ, વિલોમા, કપોતરોમા, અનુ, અંધક, દુંદુભિ, દરિદ્યોત, પુનર્વસુ, આહુક એ પુત્રપરંપરા થઈ. આહુકના ઉગ્રસેન અને દેવક થયા. ઉગ્રસેનના કંસાદિ પુત્રો થયા. કંસા વગેરે પાંચ પુત્રીઓ થઈ. વસુદેવજીના ભાઈને પરણી.

સાત્વતના પુત્ર અંધક, તેના ભજમાન, તેનો વિદુરથ, તેના શૂર, તેના ભજમાન, તેના શનિ, તેના સ્વયંભોજ, તેના હૃદીક, તેના દેવમીઢ, તેના શૂર અને તેના દશ દીકરાઓમાં મુખ્ય વસુદેવજી. આ વસુદેવજી જ્યારે જન્મ્યા ત્યારે, દેવોનાં આનક અને દુંદુભિ વાગેલાં, એટલા માટે પ્રભુના સ્થાનરૂપ વસુદેવનું નામ- "આનકદુંદુભિ" પણ પડ્યું. - "वसुदेवं हरेः स्थानं वदन्त्यानकदुन्दुभिम् ।"

વસુદેવને પૃથા વગેરે પાંચ બહેન. પૃથાને શૂરે કુન્તિરાજાને પુત્રી રૂપે આપી, તેથી તેનું નામ "કુન્તિ" પડ્યું.

વસુદેવજી દેવકપુત્રી દેવકીજી વગેરે સાથે પરણ્યા. એમને પૌરવી, રોહિણી, ભદ્ર, મદિરા, ઈલા વગેરે પણ પત્ની હતાં. વસુદેવજીને બલ, ગદ, સારણ વગેરે પણ પુત્રો રોહિણીજીના થયા. દેવકીજીના કીર્તિમાન્ વગેરે આઠ પુત્ર થયા. તેમાં સાતમા સંકર્ષણ અને આઠમા સ્વયં ભગવાન્ થયા; અને કન્યા સુભદ્રાજી પણ થયાં !

શ્રીકૃષ્ણ ભગવાને આવિર્ભૂત થઈને અનેક પ્રકારની લીલાઓ કરી, ભક્તોનું રક્ષણ કર્યું. ભગવાનની કૃપા જીવને સંસારમાંથી મુક્ત કરી દે છે. કલિયુગમાં પણ ભક્તોને કૃતાર્થ કરવા નિર્મલ યશઃ પ્રકટ કરતી, અનેક પ્રકારની લીલાઓ કરી. પૃથ્વીનો ભાર ઉતાર્યો. સંકર્ષણ સાથે વિરાજી અનેક અદ્‌ભુત લીલાઓ કરી.

यस्मिन् सत्कर्णपीयूषे यशस्तीर्थवरे सकृत् ।
श्रोत्राञ्जलिरुपस्पृश्य धुनुते कर्मवासनाम् ॥ (६२)

ભગવાનનો યશઃ તો શ્રેષ્ઠતીર્થરૂપ છે. તેમાં નિર્મલ અંતઃકરણવાળા ભક્તો માટે કથામૃત રૂપ જલ ભરેલાં છે. કાનરૂપ અંજલિ દ્વારા, માત્ર એક વખત આચમન પણ કરીને માનવ બધી કર્મવાસનાઓને દૂર કરી દે છે !

यस्याननं मकरकुण्डलचारुकर्णभ्राजत्कपोलसुभगं सविलासहासम् ।
नित्योत्सवं न ततृपुर्दृशिभिः पिबन्त्यो नार्यो नराश्च मुदिताः कुपिता निमेश्च ॥ (६५)

સુંદર સ્વરૂપથી ભગવાન્ સૌને આનંદ આપે છે. શ્રીશુકે સ્વરૂપનું વર્ણન કર્યું. મુખ્ય ફલ રૂપ મુખારવિન્દનું વિશેષ ગાન કર્યું ! મકરકુંડલથી શોભતા મનોહર કર્ણ અને તેજસ્વી ગાલથી સુંદર, વિલાસ હાસ્યવાળા, નિત્યોત્સવ રૂપ જેના શ્રીમુખનું દર્શન કરતાં હર્ષ પામેલાં નર-નારીને સંતોષ ન થયો. દર્શનમાં વિઘ્ન કરતા, પલકારામાં વસતા, નિમિ પર કુપિત થયા !

જેના સુંદર શ્રીમુખનું દર્શન કરતાં, નરનારી નિત્ય ઉત્સવ મનાવતાં, નેત્રરૂપ પાત્ર દ્વારા શ્રીમુખના લાવણ્યનું પાન કરતાં, અંતઃકરણમાં સ્વરૂપને ઉતારીને કૃતાર્થ થતાં હતાં, તે પુરુષોત્તમ શ્રીકૃષ્ણ પિતૃગૃહેથી વ્રજમાં પધાર્યા. સૌ પુરુષાર્થરૂપ પોતે થયા. દૈત્યોને તેમણે માર્યા. પત્નીઓનો અંગીકાર કર્યો. પુત્રો દીધા. લોકમાં યથાર્થ વેદમાર્ગ, ભક્તિમાર્ગ પ્રકટ કર્યો. આંતરકલહ કરાવી પૃથ્વીનો ભાર ઉતાર્યો. યુદ્ધમાં વિજયનો યશઃ ભક્ત અર્જુનને દીધો. ઉદ્ધવજીને આત્મજ્ઞાન દીધું અને ભગવાન્ નિત્યલીલામાં વિરાજ્યા !

ભક્તિના અંતે ભગવાનનો આવિર્ભાવ થાય એ જ ફલ છે. નવમો સ્કન્ધ ભક્તિરૂપ છે; તેના અંતે ભગવાનના સ્વરૂપનું નિરૂપણ કર્યું. ભક્તિમાર્ગમાં (પુષ્ટિમાં) ભગવાનનું સ્વરૂપ એ જ ફલ છે ! સ્વરૂપ સિવાય બીજું કોઈ જ ફલ નથી. સ્વરૂપના સંબંધથી જ બીજાં ફલ કહેવાય છે. કથાના શ્રવણ-કીર્તન-સ્મરણથી પણ સ્વરૂપમાં પ્રીતિ થવી જોઈએ.

શ્રીશુકે ભગવાનની જ્ઞાન અને ક્રિયાશક્તિનું વર્ણન કર્યું. લૌકિક અને વૈદિક-કાર્ય કહીને રાજાના મનને ભગવાનમાં અનુસરણવાળું કર્યું, - સ્થિર કર્યું !

卐

श्रीकृष्णं परमानन्दं दशलीलायुतं सदा ।
सर्वभक्तसमुद्धारे विस्फुरन्तं परं नुमः ॥